# શ્રી સિદ્ધચક્ર

!!! વં....દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशा
मोक्षाध्वालम्बनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ॥२॥


શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટ: ૨૫, ૨૭ ]

વર્ષ ૧૨ ] [ અંક ૧ લો

વિક્રમ સં. ૨૦૦૧, વીર સં. ૨૪૭૧. તા. ૧૭-૧૦-૪૫ બુધવાર.

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨॥ આના

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

(લેખકઃ—પુષ્પાવર્ષી)

૧૧૮. નહિં બનવાનું બની જાય છે અને બનેલું બગડી જાય છે એ સંબંધમાં વિચાર્યું છે.

૧૧૯. ડુબતી જીવન સ્ટીમરને બચાવવા શાસ્ત્ર દોરડાને પકડો.

૧૨૦. હાલની વ્યાખ્યાનમાળાઓ પર્યુષણ પર્વ અંગે ગોઠવાય છે તે જૈન-જનતાને અવળે રસ્તે દોરવનારી છે.

૧૨૧. જેને મંદિર અને મૂર્તિ, ઉપાશ્રય અને ગુરૂ, શાસન અને શાસ્ત્રની પરવા નથી તેવાઓને જૈન સમાજને સ્પર્શતી વાતોમાં લેશભર બોલવાનો અધિકાર નથી.

૧૨૨. આવડત વગરના અનભિજ્ઞો શાસન-સેવાના બ્હાને શાસનને મલીન કરે છે.

૧૨૩. સમ્યગ્જ્ઞાનના સુંદર ફળને પામ્યા વગર જ્ઞાનની અપૂર્વ વાતો કહેનારા રખડી પડયા એ સમજવા જેવું છે.

૧૨૪. પ્રતિ લેખનાદિ ક્રિયામાં રક્ત-શ્રમણ ભગવન્તો પ્રતિ 'ચીંથરા ચુંથનારા છે' એવા અપશબ્દ પ્રયોગ કરનારા કહેવાતા જ્ઞાનીઓ પણ અજ્ઞાની છે.

૧૨૫. ચીંથરા ચુંથનારા શાશ્વતધામમાં પહોંચી ગયા અને અપૂર્વ વાતો કહેનારા-ઠેકેદાર જ્ઞાનીઓ ચાર ગતિના ચક્કરમાં ચઢી ગયા એ સમજવું સહેલું નથી.

૧૨૬. મોક્ષ માર્ગદર્શક, મોક્ષમાર્ગ અને મોક્ષની કિંમત સમજતાં શીખો.

૧૨૭. 'દર વર્ષે કલ્પસૂત્ર વાંચવાથી રસવૃત્તિ વધવાને બદલે નીરસતાને વેગ મળે છે' આવાં આવાં અનેક બ્હાના તળે વ્યાખ્યાનમાળા શરૂ કરીને પૂર્વાચાર્યોની પુનીત પ્રણાલિકા ઉપર કુઠારા ઘાત કરેલો છે.

૧૨૮. જે કલ્પસૂત્ર દ્વારાએ આસન્નોપકારીના વિસ્તૃત જીવન પ્રસગોથી દરવર્ષે જૈન સમાજ ભીંજાતો રહે, ત્યાગવૃત્તિ આદિ અનેક હિતકર વૃત્તિઓ પોષાતી રહે તેનાથી વિમુખ રાખવાને વ્યાખ્યાનમાળાઓએ નુકશાનકારક પ્રબંધની રચના કરી છે એ બેને બે ચાર જેવી સીધી અને સરળ વાત છે.

૧૨૯. પૂર્વાચાર્યોએ શ્રમણ ભગવાન્ શ્રી મહાવીરના જીવન વૃત્તાંતોને અને શ્રમણ ભગવંતોના આચારોને કલ્પસૂત્ર દ્વારાએ કાયમી દરેક વર્ષે સંભળાવવાનો પ્રબંધ જો ન કર્યો હોત તો આપણે અને આપણી ભાવિ પ્રજા પણ પૂર્વાચાર્યો પર અનેક વિધ દોષોનો આરોપ કર્યા વગર રહેત નહિ.

૧૩૦. તીર્થંકર પ્રણીત શાસનમાં પ્રાચીન પ્રણાલિકાને ફેરવનારાઓ લાભને બદલે પારાવાર નુકશાન કરે છે એ નવાઇનો વિષય નથી.

૧૩૧. ન્યાયની નીતિ રિતિનું ઉલ્લંઘન કરી ન્યાયાધીશ બનનારાઓ ન્યાય-નિતિનું ખૂન કરનારા છે એ બુદ્ધિને બંધ બેસતો વિષય છે.

૧૩૨. અધિકારનો સદુપયોગ અને દુરૂપયોગ કરનારાઓ અનુક્રમે આશીર્વાદ અને ધિક્કાર પામે એ નવાઇ નથી.

૧૩૩. વ્યાખ્યાનમાળાઓ શરૂ કરનારને પૂછજો કે તમે પણ પુરેપુરૂં કલ્પસૂત્ર શ્રવણ કર્યું નહિ હોય, અને કર્યું હોય તો તમારા છોકરાં-છોકરીઓ અને ભાવિ પ્રજાને કલ્પસૂત્રથી વિમુખ રાખવા આ ઉદ્યમ કર્યો છે કે શું ?

૧૩૪. શાસન રક્ષણના ઓઠાં નીચે શાસન રક્ષણની બુમ મારનારાઓ અને કાગળીઆ કાળાં કરનારાઓજ શાસનની હેલના કરે છે એ આશ્ચર્ય સાથે અતિ ખેદનો વિષય છે.

૧૩૫. શાસનની મલીનતા કરનારાઓએ શાસન માલિન્ય વર્જન અષ્ટક વાંચવું, વિચારવુ અને પરિશીલન કરવું જરૂરીનું છે.

૧૩૬. સર્વ પ્રકારના પ્રયત્નપૂર્વક શાસનની થતી મલિનતાઓ દૂર કરવી એ જરૂરી છે પરન્તુ મલિનતા દૂર કરવાની નીતિ રિતિનું ભાન નહિ હોવાથી શાસનની વધુ મલિનતા કરવી એ પણ અજ્ઞાનજનક પાપનું પ્રધાન સાધન છે.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૧૨ ] આશ્વિન [ અંક ૧ લો


## નૂતન વર્ષ પ્રવેશ

આ અંકથી આ પત્ર બારમા વર્ષમાં પ્રવેશે છે તે સમયે કેવા સંજોગોમાં અને કયા ધ્યેયથી આ પત્રની શરૂઆત થઇ અને આજસુધીમાં એ ધ્યેયને પહોંચી વળવા શું શું કર્યું અને આજે શું પરિણામ આવી શક્યું છે તે વિગેરે અતિ ટુંકમાં જણાવીએ છીએ.

આજથી લગભગ દોઢ દાયકા પૂર્વે, જ્યારે દેવ-ગુરુ-ધર્મ તત્ત્વોની આરાધનાના પાયાને જાણે જડમૂળથી ઉખેડી નાંખવાની બદદાનતથીજ ન ઉપજ્યો હોય તેવો, જડવાદના ઝેરી વાતાવરણ વડે વ્યાપ્ત, સુવ્યવસ્થિત રીતે અનેક જાતનાં કુઠારાઘાત જેવાં ભાષણો અને લેખો વિગેરે દ્વારા થયેલ પ્રયત્નોના સમૂહરૂપ વંટોળીઓ વાયો હતો; જે સમયે જૈન સંસ્કૃતિને નાશની ગર્તામાં ધકેલી દેવાના પ્રયત્નો જોરશોરથી ચાલી રહ્યા હતા; તેવા અતિ દુઃખદ સમયે જૈન સંસ્કૃતિના રક્ષણ-ટકાવ માટે શાસનોન્મૂલકોનો સર્વદેશીય પ્રતિકાર કરવા, આપણા શ્રી જૈનધર્મના અતિગૂઢ વિશાળ સિદ્ધાંતોનું-આગમરહસ્યોનું પ્રતિપાદન કરવા અને શ્રી સંઘમાંની કોઇપણ વ્યક્તિને કોઇપણ જાતની ઉપજતી શંકાનું સમાધાન પૂજ્ય ગીતાર્થદ્વારા આપવા એક પત્ર નિયમિત પ્રગટ કરતા રહેવાની જરૂરિયાત પૂજ્ય શાસન સંરક્ષણૈક તત્પર આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી **આનંદસાગરસૂરીશ્વરજી** મહારાજજીને જણાઇ અને તેથી વિ. સં. ૧૯૮૮ના ચાતુર્માસ દરમિયાન આ પત્ર શરૂ કરવામાં આવ્યું.

આ જગતમાં દેવ ગુરુ ધર્મ એ ત્રણ તત્ત્વો સિવાય કોઇપણ અન્ય આરાધ્ય તત્ત્વો નથીજ અને આ ત્રણે તત્ત્વોમય શ્રી સિદ્ધચક્ર હોવાથી સર્વશ્રેષ્ઠ એવું આ સિદ્ધચક્ર રૂપી અણમોલું રત્ન જે કોઇપણ ભવ્યાત્માને સાંપડે તે અવશ્ય આ જગતની સર્વોત્કૃષ્ટ સંપદાઓ પામીને છેવટે અખંડ અવ્યાબાધ શાશ્વત મોક્ષસુખ પામેજ. આમ શ્રી સિદ્ધચક્રની તીવ્ર જરૂરિયાત નિર્વિવાદ સિદ્ધ હોવાથી તથા શ્રી સિદ્ધચક્રની આરાધનાની આડે આવતા કંટકો

કોઇપણ હિસાબે દૂર થાય અને ભવ્ય જીવો શ્રી સિદ્ધચક્રના આરાધકો બને, ટકે અને વધે તેવા આગમાનુસારી સાહિત્યનોજ સર્વાંગી પ્રચાર કરવાનો શુભ જરૂરી ઉચ્ચતમ ધ્યેય હોવાથી એ ધ્યેયને અનુસરતું ગુણનિષ્પન્ન **'શ્રી સિદ્ધચક્ર'** નામ આ પત્રને આપવામાં આવ્યું.

**યથા નામા તથા ગુણાઃ** એ પ્રાચીન ઉક્તિ અનુસાર આ પત્ર ખરેખર સિદ્ધ એવું ચક્ર-ચક્રરત્નજ જાણે કેમ ન હોય તેવી રીતે શાસન-રક્ષાનું કાર્ય બજાવતું રહ્યું છે. નિશ્ચિત ધ્યેયની દિશામાં પ્રયાણ કરતા તેને અનેકવિધ વિઘાતકોનો પ્રબળ સામનો કરતા રહેવું પડયું છે.

આજથી લગભગ દસેક વર્ષ પૂર્વે એક એવો નુતન પંથ નીકળ્યો કે જેણે તિથિ સંબંધીની શાસ્ત્રીય માન્યતાઓ ઠોકરે મારી નવીજ પદ્ધતિ કાઢી કે જેમાં કેટલીક વખત ધર્માનુષ્ઠાનોની આરાધના પણ ઉડી જાય. આ પોતાના નવા પંથના અનુયાયીઓ વધારવા ગમે તેવું મનસ્વિ વર્તન ચલાવે રાખ્યું છે. તેણે પંથની પોકળતાની સંઘને જાણ કરવા અને પરંપરાગત શાસ્ત્રાનુસારી તિથિ નિર્ણયની સત્યતાની ખાત્રી કરાવવા વખતોવખત શાસ્ત્રીય પૂરાવાઓ આ પત્રમાં રજુ થયા કર્યા છે. તે તિથિચર્ચા સંબંધિ સત્યનિર્ણય માટે છેવટે ડૉ. પી. એલ. વૈદ્યની નીમણુંક થઇ હતી ત્યારે તેમની પાસેથી પોતાની તરફેણમાં નિર્ણય લાવવાને નુતન પંથ આપણા પૂજ્ય શાસ્ત્રોને શાસ્ત્રાભાસ લખાવવા સુદ્ધાં સમ્મત થયો. આમ એક પોતાની જીદ ખાતર તેણે શાસ્ત્રોને ઉત્થાપવામાં કંઇપણ કમીના નથી રાખી. આ આખી ચર્ચા દરમિયાન દસ વર્ષમાં વખતોવખત શ્રી સંઘને સત્યથી વાકેફગાર કરતા રહેવાની અનન્ય ફરજ નિડરપણે આ પત્રે એકધારી બજાવીજ છે.

આ તો એક વિઘાતકની સામે કરેલા પ્રતિકારની વાત થઇ. એવા તો સ્થાનકવાસી, દિગંબર, તેરાપંથી વિગેરે કેટલાયની સામે ઉભા રહેવું પડયું છે. આ પત્રે નિશ્ચળ રહી આવા સર્વ પ્રતિકારો કરી શાસનરક્ષાના કાર્યમાં યથાશક્તિ ભાગ લીધો છે. નુતન વર્ષપ્રવેશ વખતે એક વિનમ્ર નિવેદનરૂપે જણાવીએ છીએ કે શાસનરક્ષાની ઉપાડેલી જવાબદારી અદા કરવામાં ગત વર્ષો દરમિયાન આ પત્રે શક્ય બધુંજ કર્યું છે. દોઢ દાયકા પૂર્વેના સમય કરતાં આજે શાસનની જાહોજલાલી સુવિશેષ છે એ સત્ય આપણે સૌ કોઇ જોઇ શકીએ છીએ. અને ભવિષ્યમાં પણ શાસનની જાહોજલાલી વૃદ્ધિ પામતી રહે તેવા પ્રયત્નો હમારા છેજ.

આ પત્રના વાંચકોએ એ ધ્યાનમાં રાખવા જેવું છે કે આ પત્રનો એક એક અંક જેટલો આજે ઉપયોગી છે તેટલોજ-બલ્કે તેથી પણ વધુ-પચીસ કે પચાસ વર્ષો પછી પણ રહેવાનોજ. તે વખતે આજે આ અંકો જેટલી સહેલાઇથી મળી શકે છે તેટલી સહેલાઇથી તો નજ મળી શકે એ તો ખરૂંજ પરંતુ તેવે વખતે તો મળે કે ન પણ મળે, માટે આવા નિરંતર ઉપયોગી રહેનાર ધર્મસંસ્કારના અંગભૂત સાહિત્યનું વાંચન આપનાર પત્રના ગ્રાહક થવુંજ અને ગ્રાહક હોય તો ચાલુ રહેવું એટલુંજ નહિ પણ દરેક અંક વાંચીને સાચવી રાખી વર્ષને અંતે તે અંકોની ફાઇલિ બંધાવી લેવી. એજ અભ્યર્થના.

卐 ૧૨

# આગમોદ્ધારકની અમોઘદેશના

દેશનાકારઃ—આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ સ્થળ—સુરત.

[નોંધ—દેશના અવસરે દેશનાકારના વ્યાખ્યાનોનો સારભૂત સંચય **પં. શ્રી હેમસાગરજી મહારાજે** કરેલો છે. તે વ્યાખ્યાનો તેઓશ્રી પાસેથી મેળવી પ્રેસકોપી તૈયાર કરાવી અને વાંચકો સારી રીતે વાંચી શકે તે રીતિએ **પંન્યાસપ્રવર પૂ. શ્રી ચંદ્રસાગરજી** મહારાજ પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે, છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદ્દલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ૦ **તંત્રી.**]

**વ્યાખ્યાનનાં સારભૂત અવતરણો—**

**૧. લાડવો ખાઈને દવા ઢોળનારા છોકરા હાંસીપાત્ર છે તેમ શ્રીપાળની કથા સાંભળીને શ્રીપાળની કથાના રહસ્યને ભૂલવાવાળા વધુ જવાબદાર છે.**

**૨. જીવ પદાર્થ દેખ્યા પિછાણ્યા વગર જીવ શબ્દ ઉચ્ચારી શકાતો નથી.**

**૩. જીવ શબ્દનું પ્રથમ ઉચ્ચારણ કરનારા સર્વજ્ઞો.**

**૪. તીર્થંકરોની ઠકુરાઇ એ લીલાના પડદા નથી.**

**૫. જન્મ-મરણની પરંપરા સમજનારને જન્મ-મરણ કલ્યાણક કેમ?**

**૬. માલની કિંમતના હિસાબે વેપારીની મહત્ત્વતા તેવી રીતે સિદ્ધપણાના માલના હિસાબે અરિહંતોની અમૂલ્યતા.**

**૭. મોક્ષમાર્ગ દેખાડનારની, અને મોક્ષમાર્ગની કિંમત સમજનારને મોક્ષની કિંમત સમજવી પડશે.**

**૮. મુસાફરોએ માર્ગ દેખાડનાર પ્રત્યે બહુમાન રાખીને માર્ગ તો નજ ભલવો જોઇએ.**

**૯. અગ્નિ એ બાળનાર અને પેટના અગ્નિને રસોઇદ્વારા એ વપરાતો અગ્નિ ઠારનાર ખરો કે નહિ?**

**કર્મરોગને કાઢવા નવપદ-રહસ્ય રુપ કડવી દવા.**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ **રત્નશેખર** સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે શ્રી શ્રીપાલ ચરિત્ર રચતાં થકાં સૂચવી ગયા કે—શ્રીપાલની કથા નવપદના ગુણો સાંભળ્યા સિવાય સાંભળવામાં આવે તો 'ભરતીયું મારી પાસે છે માલ ભલે ગયો' તેની કિંમત શી? તેમ શ્રીપાલચરિત્ર સાંભળનાર અને કથા કહેનાર નવ પદનો મહિમા ભૂલી જાય તો માલ વગરનું ભરતીયું છે. ચરિત્ર કહેનારાઓએ એમની ઋદ્ધિ સમૃદ્ધિને અંગે ચરિત્ર કહ્યું નથી. ચરિત્ર કહેનારનો મુદ્દો એ કે તમે નવપદના આરાધક બનો. નવપદ તરફ લક્ષ્ય ન રાખે તો કહેનારનો મુદ્દો જળવાયો નહીં. લાડવો ખાઇ ગયો ને દવા ઢોળી નાંખી. માબાપે કડવી દવા ન લે તેથી લાડવો જોડે આપ્યો. દવા ઢોળી નાંખી ને લાડવો ખાઇ ગયો અને કહે કે છોકરો સમજે શું? માબાપને ઠગ્યા તેમાં હેરાનગતિ કોની? આખું ચરિત્ર સાંભળીએ નવપદના મહિમા વખતે ઊંઘીએ રાજ્યની રિદ્ધીની વાતમાં ટટ્ટાર રહીએ. લાડવો મીઠો લાગે છે પણ તે રોગ કાઢનાર નથી. દવા કડવી છે પણ રોગ કાઢનાર ચીજ એ છે. ચરિત્રમાં જે ઋદ્ધિ

સિદ્ધિ કહેવામાં આવી છે. તે ભવાભિનંદીને ઘણી મીઠી લાગે અને નવપદના સ્વરૂપમાં ઉતરવું પડે તે કડવું લાગે છે. આપણે બાળક પેઠે કડવું ન લઇએ માટે ચરિત્રરૂપી લાડવો આપ્યો છે. નવપદના વર્ણન વખતે સ્તબ્ધ થઇયે તો સમજ્યા પછી આપણી મૂર્ખાઇને હસીએ. બચ્ચું સાંજે પેટમાં દુઃખે તો તરત યાદ આવે કે દવા ન પીધી તો પેટમાં દુઃખ્યું. તે વખતે આપોઆપ પોતાની ભૂલનો પશ્ચાતાપ ભલે બાળક ન કરે પણ માતા તો કરે છે. આપણે ક્ષયોપશમના માર્ગે ચઢવું જોઇએ તેમાં વધીએ નહિં, સેંકડો વખત ચરિત્ર–રાસ સાંભળીએ છતાં નવપદની પ્રભા આપણા પર પડે નહિં તો તેનો મહિમા જણાવતાં પ્રથમ અરિહંત પદને માટે જણાવી ગયા કે—

## અતીન્દ્રિય પદાર્થની પિછાણ કરાવનારા સર્વજ્ઞો

જે વખતે જગતમાં આત્માને અંગે ઘોર અંધારૂં હતું. આત્મા ચીજ કોઈના ખ્યાલમાં ન હતી હું છું પણ તું કેવો છે તે આને ભાન નથી. હીરા મોતીને રાખનારાઓને પણ પોતાની કિંમતી ચીજની કિંમતનું પોતાને ભાન નથી આપણે પણ જડના ભાઈજ છીએ. હું કોણ છું કોણ હતો સ્વરૂપે કેવો છું તેનો ખ્યાલ નથી દારૂડીયો પડયો હોય તો તે પોતાની ભૂતકાળની અવસ્થાનું અને ભવિષ્યકાળની અવસ્થાનું શાહુકારીની લાઇનનું ભાન ધરાવે નહિં તેમ આ જીવ મોહદારૂમાં મસ્તાન થએલો હું કોણ છું કેવો હતો કેવો થઇશ તે માટે શું કરવું તે બાબતનું ભાન ન હતું. જીવતો માત્ર શ્વાસ લે છે. આપણે શ્વાસને અંગે દરેક ભવે જીવતા રહ્યા છીએ. ખાણમાં રહેલો હીરો એ તો ભૂમિ જાણનારાજ કહી શકે. ભૂમિનું જ્ઞાન નથી તે ખાણમાં રહેલા હીરાને કહી શકતા જાણતા નથી. તેમ આત્માને જાણનાર કોણ? જે અતીન્દ્રિય રૂપી અરૂપી દ્રવ્યોને જાણનાર એવા જ્ઞાની આત્માને જાણી શકે છે. સર્વજ્ઞે એ પદાર્થને દેખ્યો તેનો ચેતના ગુણ દેખ્યો તેથી જગતમાં ચાલ્યું કે ચેતનાવાળો જીવ કહેવાય. ચેતના માત્ર અનુભવવામાં આવે છે, દેખવામાં આવતી નથી તો તે ગુણવાળો જીવ કયાંથી દેખવામાં આવે? પ્રથમ જીવ શબ્દ શરૂ કર્યો હોય તો તે સર્વજ્ઞ ભગવાનેજ શરૂ કર્યો. સર્વજ્ઞ ભગવાન સિવાય જીવ શબ્દ શરૂ કરનાર તો કોઇ નથી. પદાર્થ ઉપર પદાર્થનું નામ. પદાર્થ અનુભવમાં ન આવે તો તેનું નામ કોઇ પાડતું નથી. પ્રથમ જગત જીવ રૂપ છતાં જીવને જાણનાર ન હતું. જગતને જીવથી વાકેફ કોણે કર્યું? અંદર જીવ પદાર્થ છે, ચેતના એ જીવનો ગુણ છે જીવ ને જીવનો ગુણ આ બે જાણે કોણ? જીવ પદાર્થ ન માને તો કોઇ વ્યવહાર અટકતો નથી. જીવ ન બોલે તો કોઇ વ્યવહાર અટકતો નથી. જીવ શબ્દ ઉચ્ચારણ કર્યો કોણે? જીવ શબ્દ ઉચ્ચારણ કર્યો તેણે જીવ વસ્તુ દેખીને શબ્દ કહ્યો કે દેખ્યા વગર? તો સાક્ષાત દેખનારાએ જીવ શબ્દ કહ્યો. તે આપણે તો લઇ બેઠા છીએ. કેવળજ્ઞાની સિવાય શબ્દ સાક્ષાત્ દેખીને કહેનારા કાંઇ નથી અર્થાત્ કેવળજ્ઞાનીજ છે. અનુભવવાળાએ જીવ શબ્દ વાપર્યો. આપણને જીવ શબ્દનું ભાન તેના પ્રભાવે છે. કેવળી મહારાજે કેવળજ્ઞાનથી જીવ પદાર્થ દેખ્યો ન હતે તો આપણે પણ જાણી શકવાના ન હતા. પલ્યોપમને ક્રોડ પૂરવની જીંદગી ગાળીએ પણ સર્વજ્ઞશાસનની વાસનામાં આવ્યા ન હોઇએ તો પણ આપણે જાનવર જેવા છીએ. જુગલીઆઓનું જંગલીપણું ન હતે તો યુગલાધર્મ નિવારક કહીએ તો તે અવગુણ ગાનવો પડે. યુગલાધર્મ જંગલી સ્થીતિમાં મૂકે. આત્માની અપે-

ક્ષાએ જંગલી સ્થિતિ છે. ઋદ્ધિ સિદ્ધિની વાત બાજુ પર મૂકો. મંદકષાય હોવાથી દેવલોકે જાય છે. અંદર રહેલાને જીવ નામથી ઓળખાવ્યો તે સર્વજ્ઞ ભગવાને. સર્વજ્ઞ ભગવાન ન થયા હતે તો આપણે જીવ નામે પણ આત્માને ઓળખી ન શકતે.

## સામાન્ય કેવળીઓ કરતાં તીર્થંકરની અદ્વિતીયતા

હું જીવ છું તે તરીકે ભાન કરાવનાર મહાપ્રભુ. હુંનું ભાન હતુંજ નહિં. સર્વ કેવળીઓ જીવ જાણનાર જીવના ધર્મને જાણનારા છે છતાં મુંગાએ ખાધેલો માર કે માલ તેમાં વળે શું? કેમ મુંગા કહું છું. તીર્થંકર સિવાયના જે કેવળજ્ઞાનીઓ તે કેવળજ્ઞાને સરખા છે છતાં એ તો ચોક્કસ છે કે જગતને જીવ પદાર્થનું ભાન કરાવનાર તીર્થંકરજ છે. તે બીજાથી બનતું નથી. આજ કારણથી આખું પદ રજીષ્ટર કર્યું. અરિહંતપદ તીર્થંકરને આધીન કેમ રાખ્યું? કોઇપણ કેવળી કેમ ન રાખ્યા? બાર ગુણ, આઠ પ્રાતિહાર્ય બધા કેવળીને ન હોય-પૂજાતિશય, વચનાતિશય સર્વ કેવળીને ન હોય પરન્તુ સર્વ કેવળીઓને કેવળાતિશય, અપાયાપગમાતિશય હોય. હવે બાર ગુણવાળાને અંગે અરિહંતપદ રજીષ્ટર કર્યું તો તમામ કેવળીના આત્મા સરખા છે. જે ભગવાનની પૂજા ન માને તેમને સામાન્ય કેવળી કરતાં તીર્થંકર કેવળી તારી અપેક્ષાએ કોડીના છત્ર ચામર ઢળાવે રાજા મહારાજાની ઠકુરાઇ ભોગવે તે ઉત્તમ? સામાન્ય સારા તીર્થંકર કરતાં ત્યાગી બહુ. આ તીર્થંકર તો ભોગી છે. આરંભ પરિગ્રહ કશું થતું નથી. આ તીર્થંકરને જન્મતાની સાથે મેરુપર્વત પર લાખો કળશો ઢોળે, એટલુંજ નહિં પણ દીક્ષા મોક્ષ વખતે પણ આ બધી પંચાત. સામાન્ય કેવળી વખતે પુરું ત્યાગીપણું લપ્પન છપ્પનમાં ન પડે તેવા હોય તો સામાન્ય કેવળી છે. અરિહંતપદ માનીએ તેની આ બધી ઉપાધિ-બીજા કેવળી કરતાં એમને ઉત્તમ માનવા પડે. શુદ્ધ આત્માને પ્રથમ પદમાં ન નાંખ્યા ને મેલા આત્માને પહેલા પદમાં કયાંથી ઘાલ્યા? રત્નના સિંહાસન ચામર, દેવતા ઢાળે પણ ઢાળે તો તીર્થંકરને ને? તમારે તો બીજો ભક્તિ કરે તો ભગવાનનું ભગવાનપણું જાય છે ને? કહો છોને ભોગી બની જાય છે. જો તેમ ભગવાનપણું ચાલ્યું જાય તેમ કહો છો તો ભગવાન તો ત્યાં રહે છે. વીતરાગમય દશાનું ભાન કરાવવું તે ઓછું થાય છે? જગતને વિષે જે ચ્યવન, જન્મ તથા મોક્ષ કલ્યાણક માનશે તે જન્મ-મરણની ઉપાધિ નહીં સમજે માટે મોક્ષ ચ્યવનનું કલ્યાણક માનવું ન જોઇએ. જો કે ચ્યવન ત્રણ લોકના નાથનો જન્મ તે હલકી છતાં તેમનું ચ્યવન ઉત્તમ. જન્મ ઉત્તમ માનીએ છીએ મરણ જેવી ભુંડામાં ભુંડી ચીજ કલ્યાણ આપી શકે તો વીતરાગની ભક્તિ જન્મ, ચ્યવન, ગરણ, કલ્યાણ આપી શકે તો ભગવાનની કઈ ચીજ કલ્યાણ નહીં આપે? બધાં સાધનો કલ્યાણદાયક છે.

## તીર્થંકરોની ઠકુરાઇ અને લીલાની લહેરોનું અંતર

ખરી વાત એ છે કે એમને પ્રાતિહાર્યો કેવળીપણામાં છે માટે તીર્થંકરો તો ત્યાગીજ નથી. આઠે પ્રહર ચામર ઢળાતા રહે. ચાલે તો સિંહાસન જોડે ને જોડે. છત્ર ધરાવે, રત્નના સિંહાસન પર બેસે તે વખતે ત્યાગી શી રીતે માનો છો? દેવાંગના નાટક કરે તે વખતે ત્યાગીપણું માનશો કે નહિં? ત્યાગીપણું કબુલી ચાલીએ તો દેવાંગના નાટક કરે તો પણ ત્યાગી છે. ચામર, છત્ર, રત્નના સિંહાસન હોય તો પણ

ત્યાગી છે પછી ચુક્તિમાં જાવ કે સુધરેલી લીલા કેમ નહિં ? લીલામાં લીલાવાળાને કરવાનું છે નહિં કે ભક્તોને ? લીલાવાળાઓને ભગવાન પોતે એમ કરે છે. પોતે જરા માંગે તો તુચ્છ દુનીયા જશ દે તે ગણાય ઉત્તમ. અમે લીલામાં લહેર માની રહ્યા છીએ કે લીલા ન હોય તો લીલા લગાડવી છે. જેને રાગદ્વેષ મોહ માયા નથી તેવા સુધરેલી લીલા કરે છે. તે કહેવાની જીભ કેમ ચાલે છે ? કહો લીલાની લહેરને લીધે જેમનો આત્મા સ્વચ્છ છે. પરોપકારની દ્રષ્ટિએ કામ કરે છે. ત્રણે લોક જેના ગુણ ગાય છે તેમના માટે લીલા કોણ કહે ? જસને માટે કરે છે એમ કોઇ નહીં કહી શકે. એમના વીતરાગ સર્વજ્ઞ ક્ષીણમોહપણાને વિચારે તે કદી કહી ન શકે કે એ લીલા કરે છે. એમને તેવા માન્યા પછી ભક્તોને ન ખસેડયા તો કહેવું પડે કે ન ખસેડવું તે સારૂંજ હોવું જોઇએ. એથીજ મનને જાણનારા દેવતા નાટકનું પૂછે છે ભગવાન મૌન રહે તો નાટક શરૂ કરે છે. નિષેધ નથી કરતા એનું આ કારણ માટે નાટક કરૂં છું. ત્રણ જ્ઞાનવાળા પ્રશ્ન કર્યા પછી પ્રવૃત્તિ કેમ કરે છે ? ચાલો નિષેધ ન કર્યો છતાં ઉઠી કેમ ન ગયા ? વિરોધી વર્તન વખતે સામાન્ય મનુષ્યને દાક્ષિણ્યપણું રખાતું નથી. જો ભગવાને દાક્ષિણ્યતા રાખી તો વીતરાગ નથી શાસ્ત્રની મર્યાદા નહીં માનનારાને ડગલું પણ અસ્ખલિતપણે ચાલવાનો વખત નથી.

## પુણ્યના પરાકાષ્ઠાએ પહોંચેલા સાધનો તીર્થંકરો પાસે છે

જીવ શબ્દ ધર્મની ગંગા વહેવડાવનાર હોય તો ચોવીસ મહાપુરૂષોજ છે. ૨૪ ન હોય તો ભલે બીજા કેવળી હોય પણ એ જગતમાં જીવને જાહેર કરવો ધર્મની ગંગા વહેવડાવવી એ બીજા કેવળીથી બનતું નથી. લશ્કરનો કમાન્ડર આખું રાજ્ય મેળવે છે. આખા લશ્કરનો કાબુ છે છતાં નશીબ કોનું દોડે છે ? રાજાનું. પુણ્ય અને મહેનત–બુદ્ધિ કમાન્ડરની-જનરલની છે પણ નશીબ રાજાનું અને જય પણ રાજાનો. વધારે મહેનતવાળો છતાં નશીબ તેવું ન હોવાથી રાજા તેવી મહેનત ન કરવાવાળો છતાં નશીબના યોગે બીજો જીતી રાજ્ય આપે છે. હિંદુસ્તાન લેવા મહારાણીએ અહીં પગ પણ મૂકયો છે ? જવાબમાં ના કહીશું છતાં તૈયાર કરેલી રસોઇ ઇષ્ટ ઇંડીયા કંપનીની છે. દુનીયામાં શૂરવીરતા ન છતાં અન્ય શૂરવીરતા ધારણ કરનારા શૂરવીરોના બળે પુરી નશીબદારીથી માલીકી આવી જાય તો ત્રણ લોકના નાથને નશીબદારી હોવાથી ત્રણે જગતની પૂજ્યતા આવે તો આશ્ચર્ય નથી.

## શાશ્ર માલને દેખાડનારા અરિહંતો

વેપારીની શ્રેષ્ઠતા માલની શ્રેષ્ઠતા ઉપર છે. માલ શ્રેષ્ઠ ન હોય તો વેપારી લબાડ ગણાય છે. વેપારી માલ હલકો આપે તો વેપારીની શ્રેષ્ઠતા ન રહે. તીર્થંકરો ત્રણ જગતને પૂજ્ય પણ ત્રિલોકની નાથતા પૂજ્યતા એ કેવળ સિદ્ધપદ પર નિર્ભર છે. અરિહંતો પાસે માલ હોય તો સિદ્ધપદ છે. વેપારી માયાજાળી નથી પણ સ્પષ્ટ કહેનાર અરિહંતનું ઉત્તમપણું સિદ્ધપદ ઉપર છે. આથી કહેવું પડે કે વેપારીની ઉત્તમતા માલની ઉત્તમતા ઉપર છે. અરિહંત ઉપગારી-જગતના ઉપગારી. પણ સિદ્ધપણાના માલ ઉપર ઉપગારી તમારી પાસે એવો માલ આવ્યો કે જેની દલાલી ક્રોડ રૂપીઆ આપ્યા તો માલની કીંમત કેટલી હોવી જોઇએ ? મોક્ષનો માર્ગ બતાવે તેને અંગે ઉપગારી. માર્ગ દેખાડનારા–જે મોક્ષનો માર્ગ દેખાડનારાની આટલી કીંમત તે મોક્ષ માર્ગ

દેખાડ્યો તેથી. તો ખુદ મોક્ષની કિંમત કેટલી? તીર્થંકર મોક્ષ વસ્તુ તેનો માર્ગ તેના કહેનારા. કર્મક્ષય થવો તે મોક્ષ. સમ્યગ્દર્શનાદિક મોક્ષમાર્ગ તેને આ દેખાડનારા વધામણી કહેનારને કરોડો કોણ દે? કહો કે પરાર્ધોનો અગર અગણિત સ્થાવર–જંગમ મિલ્કતનો માલીક હોય તે. તેમ અહીં **તીર્થંકરો માત્ર મોક્ષના વધામણીયા** 'આ રસ્તે મોક્ષે જવાશે.' આ વાક્ય સિવાય બીજું કંઇ છે? આ રસ્તે મોક્ષે જવાશે આ સિવાય બીજું કંઇ નહિં.

## મુસાફરે તો માર્ગ દેખાડનાર પ્રત્યે ભક્તિ અને માર્ગ પ્રત્યેનું પણ લક્ષ્ય રાખવું જોઇએ

મોક્ષમાર્ગ આપણે લેવાનો છે. કર્મક્ષય આપણે આપણી મેળે લેવાનો છે. આ રસ્તે મોક્ષે જવાશે એમ બતાવનારા તેમની આટલી કીંમત. મોક્ષમાર્ગ બતાવ્યો એટલે આંગળી ચીંધી. વિચારો જે તરફ આંગળી બતાવે તેમાં મહાપુન્ય તો તે સ્થાનની કિંમત કેટલી? તેજ બીજું પદ સિદ્ધપદ જે તરફ આંગળી બતાવવાથી તીર્થંકર કિંમતી થયા. માલ લેવા દેવા નથી તેવા વેપારીની જેવી હાંસી તેમ સિદ્ધપદ ન હોય તો તીર્થંકરની હાંસી થાય. સિદ્ધપદને અંગે તીર્થંકર તરફ લાગણી ઉત્તમતા છે. તે કાંઇ આપી દેતા નથી. પત્થરની ગાય દૂધ દેશે એ કહેનારા મૂર્ખા છે. ગાય પોતાનું દૂધ આપી દે છે પોતે ખાલી બને છે તેમ તીર્થંકર કેવળ આપી ખાલી થતા નથી. તે દ્રષ્ટાંત દેનારા ખોટું સમજાવે છે. મોક્ષનો રસ્તો બતાવ્યો એટલે જીવને આંગળી ચીંધી. હવે આંગળી ચીંધનારની કિંમત ગણીએ ને મૂળસ્થાનની કિંમત ન ગણીએ તો? માટે બીજું પદ શું? તે જે મૂળ પદ તે મગજમાંથી ખસવું ન જોઇએ. જવાનું ગામ તેનું નામ ભૂલી જાવ તો રખડી મરો તેમ અરિહંતની ભક્તિ કર્યા છતાં જો સિદ્ધપદ તરફથી લક્ષ્ય ખસી ગયું તો રખડી મર્યા. માર્ગ દેખાડ્યો તેથી ભક્તિ હતી. માર્ગનું ધ્યાન ન રાખ્યું તો મુસાફરનું શું થાય? માર્ગના ફળ તરીકે આરાધવાના હોય તો સિદ્ધભગવાન. અરિહંત જેમના માર્ગદર્શક તો જે મોક્ષમાર્ગ તેનું સાધ્ય મુસાફરને કેવું જબરજસ્ત હોવું જોઇએ?

## સિદ્ધ દશાનો વાસ્તવિક ખ્યાલ કરો

આઠ કર્મ ભૂતકાળમાં, વર્તમાનકાળમાં કે અનાગતકાળમાં ખસેડયા નથી તેવા બધા કર્મોને ખસેડે તો સિદ્ધ ભગવાનજ. અરિહંત હોય તો ચાર કર્મ હોય. આઠે કર્મોથી રહિત ત્રણ જગતમાં હોય તો કેવળ સિદ્ધ પદાર્થજ છે. સિદ્ધપદમાંજ આઠકર્મરહિતપણું છે. શત્રુને હણ્યા તે આઠે કર્મના બળને તોડ્યા અર્થાત્ હણ્યા છે. પહેલાના છે તેટલા ભલે ભોગવાઇ જાય. ઝાડ કાપ્યું તેનું પરિણામ જેટલા ઉગેલા છે તે કરમાઇ નાશ પામવાના. તેમ નામ, ગોત્ર, આયુષ્ય, વેદનીય તે પહેલાનાં ભોગવશે હવે નવા બંધાવાના નથી. તેમ અહીં વેદનીય, આયુષ્ય, નામ-ગોત્ર, એ ચાર પહેલાનાં બાંધેલા ભોગવાય છે. હવે નવા બંધાવાના નથી. ઘાતિકર્મ લાકડા ન હોય તેમ કપાયું છે. અઘાતિ વેદનીય બંધમાં છે. નામ, ગોત્ર, આયુષ્ય એ ત્રણ ઉદય ઉદીરણા સત્તામાં છે. ફક્ત બંધ તૂટી ગયો છે. એ અપેક્ષાએ આઠ તોડી નાંખ્યાં તેમ કહીએ તો અડચણ નથી. સંપૂર્ણપણે આઠ તોડી નાખ્યા હોય તો ફક્ત સિદ્ધ ભગવાને. ચક્ષુની આડા પાટો બાંધે કેટલી અમુંઝણ થાય? તો દારૂડીયો ન હોય તેને

અમુંઝણ થયા વગર રહે નહિં. જો ખરેખર ચેતનાવાળો જીવ હોય. તો તેને આઠે કરમના લાગેલા પાટા ખરાબ લાગ્યા સિવાય રહે નહિં. માટે આઠેકર્મ એક જાતનું આત્માને આવરણ. વેદનીય આદિ અસલ નાશ ન કરે પણ તે આવરણ રૂપ છે. આઠ કર્મ કહો તે સ્વરૂપ રોકનાર છે તે કહો તો તે પણ શોભે પણ દુષ્ટ શબ્દ વાપરવો તે શાસ્ત્રકારને શોભતો નથી.

## પ્રશસ્ત દ્વેષની રહસ્યતા

દુષ્ટ શબ્દ ધિક્કારની લાગણી વગર ઉચ્ચારાતો નથી. તો શાસ્ત્રકાર પોતાનું વીતરાગપણું જણાવે છે તે આવો શબ્દ વાપરે તે ઉચિત નથી. ધ્યાન રાખવું કે દ્વેષ સારો ને ખોટો દ્વેષ પણ સારો છે એકલો ખોટો છે તેમ નહિં. મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ આ તરફ થતો દ્વેષ તે પ્રશસ્ત દ્વેષ છે. દ્રષ્ટાંત તરીકે અગ્નિ એ ધાણુ કાઢનાર ગણાય છતાં રસોઈમાં આવ્યો હોય તો શેકવામાં ઉપયોગ લાગે તો અગ્નિ સારો ખરો કે નહિં ? સળગાવવું આગ લાગે તે ભુંડું તો તેથી ચૂલાનો પણ અગ્નિ ભુંડો ગણવો ? એ સળગાવવામાં લાકડાં તો બાળવાનાજ છે. બળવા જેટલું નુકશાન થવાનું પણ ભોજન તૈયાર થાય તે ફાયદો ગણાય. માટે સળગાવવું છતાં સારૂં ગણાય. દ્વેષ વસ્તુતાએ ખરાબ ગણાય છતાં મિથ્યાત્વાદિ તરફ થતો દ્વેષ તે સારો છે કારણ કે ચારિત્રમોહના ચાળામાં પણ તે દ્વેષને પ્રશસ્ત દ્વેષ ગણ્યો છે વીતરાગ થએલાને પ્રશસ્ત દ્વેષ પણ હોતો નથી. ચારિત્ર મોહનીયનો ચાળો છતાં ફાયદો કરનાર હોવાથી પ્રશસ્ત ગણ્યો તેમ કર્મો તરફ દ્વેષ ધિક્કારની નજર કરવાની ફરજ છે તેમ કરી જણાવે છે. તેમ ન હોય તો 'નમો અરિહંતાણં' નિરૂક્તિ રૂપે બોલી શકો નહિં જો કર્મને અંગે શત્રુ શબ્દ શોભશે તો કર્મને અંગે દુષ્ટતાનો શબ્દ કેમ નહિં શોભે ? આખા ઉપદેશનું તત્ત્વ એ છે કે કર્મને દુષ્ટ ગણો. એને છેદો, બાળો, કાપો. કર્મની દયા ખાવાનું કોઇ દિવસ અરિહંત નહીં કહે કારણ કે એ દુષ્ટ છે માટે સરાગી હોય તો ધિક્કારની નજર કરે પણ વીતરાગ પરમાત્મા દ્વેષથી ન કહેતાં સ્વરૂપ નિરૂપણ કરતાં કહે છે. એક જસત–સીસાનું મિશ્રણ તે પિત્તળ કહેશે પરંતુ તેમાં રાગદ્વેષ નથી.

## સિદ્ધપણું એ સ્વાભાવિક આત્મદશા છે કે બંધન

આપણે આત્મ સ્વરૂપ જડ સ્વરૂપના માલવાળા તીર્થંકર મહારાજ ઝવેરી ચોકસી. તે તો માલ પારખી આપે તેમ અહીં કર્મનું દુષ્ટપણું હોવાથી દુષ્ટપણું જણાવે તેમાં તીર્થંકરને દ્વેષ નથી. દુષ્ટ આઠ કર્મના આવરણથી છુટેલા અને ફરી આઠ કર્મો એને ઝપટી શકે–પકડી શકે નહિં. તેવા રૂપે આઠ કર્મોની સોબતમાં હતો ત્યારે તો દેવતા ધર્મગુરૂની ઉપાસના કરતો હતો અને આ આઠ છોડયા એટલે જંગલમાં ગયા તેમ નથી પણ પોતાનું રાજ્ય સંભાળે છે. સર્વકાળ માટે સંપૂર્ણ કેવળજ્ઞાન તેમને આધીન છે. સંપૂર્ણ કેવળ દર્શન અનંતુ સુખ વીર્ય તેમને આધીન છે. આ ચાર અનંતી લક્ષ્મીઓનો ભોગવટો કરી શકતો નથી. જે જે વસ્તુ આધેય હોય તે આધારમાં રહેલી હોય અહીં સિદ્ધોનો આધાર કયો ? ચૌદ રાજલોકનો અગ્રભાગ અહીં સિદ્ધ થાય. સિદ્ધોને તે સ્થાનથી બહાર નિકળવાનું બંધ છે તો તે બંધન છે. પણ નિકળવા ધારે તો પણ ન નિકળી શકે તે બંધન. તુંબડું જળમાં ઉપર આવ્યું તેને બંધન કહેવાય ? કહો કે જવાની ઇચ્છા હોય ને ન જવાય તોજ બંધન કહેવાય. સ્વભાવે રહે તે બંધન ન ગણાય. ચૌદ રાજલોકની ટોચે તેઓ ગએલા છે. માટે સર્વ લોક તેનો અગ્રભાગ તેના સ્થાનને પામેલા તે સિદ્ધોને મનમાં હમેશાં ધ્યાવો. ધ્યાન મનમાંજ થાય કાયા વચનમાં–ધ્યાન થતું નથી મનમાં કહેવાની જરૂર શી હતી ? કાયા મન વચનથી ધ્યાન માન્યું છે. ભાંગાવાળા શાસ્ત્રને ગણો તો ત્રણ પ્રકારના ધ્યાનમાં છે માટે વિકલ્પોવાળું શ્રુત ત્રીવિધે ધ્યાનમાં હોય તેથી મન એકલું ધ્યાનનું સ્થાન એમ કહી શકાય નહિં. તેથી ચૌદમે ગુણઠાણે મન વચન નથી તેથી ધ્યાન મનાશે નહિં. અરિહંત, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ મૂર્તિમાન છે તેથી પ્રતિબિંબોના આલંબનથી ધ્યાન કરી શકશો. સિદ્ધ મૂર્તિમાન ન હોવાથી પ્રતિબિંબ નહીં. સિદ્ધની મૂર્તિ બનાવશો તો બેડોળ દેખાશે માટે સિદ્ધની મૂર્તિ ભવના શરીરના આકારને લઇને. તેથીજ અરિહંતની મૂર્તિ બે આકારનીજ. કાં તો પલ્યંકાસનને કાં તો કાઉસ્સગ્ગ ધ્યાન બે આસનમાંથી એક આસને તીર્થંકરો મોક્ષે જાય તેથી બે આકારે મૂર્તિ. શરીર વગરનો આત્મા. મનથી ધારી ધ્યાન કરો તે પણ ક્ષણ પણ વિલંબ વગર, સતતપણે સિદ્ધનું ધ્યાન કરો. હવે આત્મા ઉત્તમ જાણે છે. ઉત્તમ માને છે છતાં દોરાવામાં કેમ અટકે છે ? ઉપદેશકના વચન તરફ પુરું લક્ષ્ય દોર્યું નથી માટે. તેમાં મુખ્ય પદ આચાર્ય તેનું વિવેચન અગ્રે વર્તમાન.

# આગમોદ્ધારકની અમોઘ દેશના

## ઈષ્ટ—વસ્તુ—કઈ ?

સંગ્રાહકઃ—સ્વ. મુનિ મહારાજ મહેન્દ્રસાગરજી

### ઈષ્ટનું બહુમાન શાથી ?

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય સોમપ્રભસૂરિ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ દેતા થકાં સૂચવી ગયા કે-આ સંસારમાં દરેક વિવેકી જનને ધર્મ ઇષ્ટ છે. કારણ જગતમાં સામાન્ય નિયમ છે કે જે વસ્તુ ઇષ્ટ હોય તેના જુઠા શબ્દો પણ સારા લાગે. અનિષ્ટના જુઠા શબ્દો પણ ખરાબ લાગે. ધનાદિ ઇષ્ટ છે તેથી કોઇ આશીર્વાદ દે કે તું ચિરંજીવી, કુટુંબ, ધનવાળો થાતો તેથી સંતોષ માને છે. કહેનારના કહેવાથી થવાનું નથી. 'ધનાઢય થા' તેથી ધનાઢય થઇ જતો નથી. પણ તે વખત આંખ લાલ થતી નથી. આ શબ્દો પર તત્વ નથી. અમર થા કહે તોયે એ શબ્દોમાં સત્યતા નથી. એના કહેવાથી ચિરંજીવી કે અમર થવાના નથી. તેમ કોટિધ્વજ થવાનું કહ્યું, તે કહેવાથી થઇ જવાતું નથી છતાં આંખમાં મીઠાશ કયાંથી આણી ? ઇષ્ટ વસ્તુના જુઠા શબ્દો સાંભળવાથી અનિષ્ટ લાગે છે. કોઇ ગાળ દે કે નખોદ જાય. તે વખત આંખ લાલ કેમ થાય છે ? અનિષ્ટ વસ્તુના જુઠા શબ્દો ઇતરાજી કરે છે. આ વાત લઇને ધર્મમાં આવીએ.

### ધર્મ ઇષ્ટજ છે એમ કેમ ગણવો ?

ધર્મ આખા જગતને ઇષ્ટ છે. ધર્મી હોય કે ન હોય પણ ધર્મી કહે તો કલેજે ઠંડક વળે છે. "अप्पसक्खओ हु धम्मो" ધર્મ આત્માની સાક્ષીએ છે. બીજો ધર્મ થયેલો જાણે કે ન જાણે તેની જરૂર હોતી નથી. ધર્મ એ આત્માની સાક્ષીવાળી ચીજ છે.

### ચક્રવર્તી નરકેજ જાય ? એ વાતનો પરમાર્થ

ચક્રવર્તી સરખો નરકનો દૂત કેમકે બીજાને અંગે નરકનો નિયમ નહિં પણ ચક્રવર્તી અને વાસુદેવ નિયમા નરકે જાય.

શંકાઃ—ભરત સનત્કુમાર વિગેરે સદ્ગતિએ ગયા છે. નરકે તો ફક્ત બેજ ચક્રીઓ ગયા છે. સુભૂમ અને બ્રહ્મદત્ત. ૧૦ ચક્રવર્તીમાં કેટલાક દેવલોકે અને કેટલાક મોક્ષે ગયા છે તો આ નિયમ કેમ બાંધો છો કે નરકે જાય.

સમાધાનઃ—અક્કલથી વિચારીએ તો માલમ પડે કે બે વચનમાંથી એક ખોટું હોવું જોઇએ. અક્કલનો ઉપયોગ કરીએ તો માલમ પડે. ચક્રવર્તી કોને ગણીએ ? ચક્રથી જે વર્તે ચક્રવર્તીપણું છોડી દીધું. પછી ચક્રવર્તી કયાં રહ્યો ? કોઇકે ૨૫-૫૦ વરસ લગી વિષયાદિકમાં પ્રવૃત્તિ કરી પછી ત્યાગી થઇ દેવલોક ગયો, તો તે ફળ શાનું ? વિષયાદિકનું કે ત્યાગપણાનું ?

**તેનું કારણ ?**

મુખ્યતાએ બાળપણમાં ત્યાગી થાય તે નિર્લેપ. આથમ્યા પછી અસુર શું ? લૂંટાયા પછી ભો શો ? તેમ નહીં પાછળ પણ છેલ્લી અવસ્થામાં પણ જેને એ વિવેક અંગે પાઘડી અને ઓતાણું તેમાં ફરક કેટલો ? તાલો હો કસબી છેલ્લો ભાગ આખું સુતર કસબ પાંચ છ આંગળમાં પણ તે પાઘડીએ કસબ નહોય તો ઓતાણું તેમ અહીં જીંદગીમાં છેલ્લા ભાગે જો ધર્મની આરાધના કરી શકયો તો સદ્ગતિ મેળવી. આખા દસ્તાવેજમાં સહી નથી તો દસ્તાવેજ નહિં. તેમ છેવટ સુધી આરંભાદિકમાં રહ્યા તો નરકના દસ્તાવેજમાં સહી થઇ ગઇ. છેવટનો ભાગ સુધારી લીધો તો સદ્ગતિ મેળવી શકે છે.

**ધર્મનો મહિમા**

બાર વરસ સુધી ઘોર યુદ્ધ કરનારા રોજ સાત સાત આદમી મારનારા અર્જુન માળી અને રોજ ચાર હત્યા કરનારા એવા પણ તર્યા શાથી ? રોગનો સદ્ભાવ ઔષધને મનાઇ કરનારો ગણાય ખરો ? ઘણા વરસના રોગનું ઓસડ સાવચેતીથી કરવું એ લેવાય કે ઓસડ લેવું નહીં એ અર્થ લેવાય ? જેને પોતાની જીંદગીમાં વિષયાદિકમાં વધારે પ્રવૃત્તિ કરી હોય તેને પવિત્ર થવાને ધર્મની વધારે જરૂર ધર્મ એ એક અપૂર્વ ચીજ છે કે આ તો અમુક વર્ષોની થાય પણ લાયકાત ક્રોડ પૂર્વના આયુષ્યવાળાને છે. પાળો કરવા માત્રથી ધર્મને અંગે નાલાયકી ગણી લઇએ તો ધર્મની શકિત કઇ ? ધર્મની શકિત એટલી માનવી છે કે લાખો ભવોના કર્મોને મથી નાંખે. ગયા ભવમાં સહી સિક્કા થઇને સીલ થએલા આ ભવને અંગે રસ્તો લઇ શકીએ. જેને અંગે ક્રોધ કર્યો હોય તેની માફી માંગીએ તો આ ભવને અંગે સહી સિક્કા થયા નથી, પણ પહેલાના ભવના વેર વિરોધો ચોરી ક્રોધો તે સીલ થઇ ગયા છે. આ ભવનું પાપ કૃત્ય સીલ વગરનું છુટું છે. ગયા ભવના પાપો સીલ થઇ ગયાં છે. પણ ધર્મના પ્રભાવથી આ ભવના પાપ તોડે એમાં નવાઇ નથી. પણ **લાખો ભવના સીલ શિક્કાવાળા પાપો તોડવાની તાકાત ધર્મમાં છે.**

**मुत्तागओ अन्नन्नमणो**

**"એક દિવસંપિ જીવો પવજજ નઇ નવિ પાવઇ મુક્ખો અવસ્સ વેમાણીઓ હોઇ."** એક દિવસ (એટલે વધારે ન કરવું એમ નહીં ) પણ આટલો કરેલો ધર્મ તાકાતવાળો છે એમ જણાવે છે. 'अपि' શબ્દનો અર્થ એજ કે એક દિવસનો પણ ધર્મ-ગૃહસ્થનો ધર્મ કયો ? **ખાળે ડુચા અને દરવાજા ખુલ્લા** ગૃહસ્થ બાર વ્રત ધારી પણ તે કીડીની વિરાધના ન કરે. મંકોડા સરખાની વિરાધના ટાળવા કુમારપાળ મહારાજા સરખા ચામડી કાપી નાંખે. તેજ મુખ્ય બાયડી છોકરાનાં કેસ વખતે બચાવવા જાય કે શિક્ષા થવા દે ? પોતે માત્ર કાયાથી દયા પાળી પણ આખા સંબંધીઓને અંગે પોતે ખોટો બચાવ કરવા તૈયાર છે. પોતે પાંચસોનું નુંકશાન હોય તો જુઠું ન બોલે પણ છોકરો ખોટી રકમમાં પકડાયો તો બચાવવા ઉભેલોજ છે. ખોટી સાક્ષીમાં ભાઇભાંડુ સપડાયા હોય તો બચાવવા ઉભો રહે. માત્ર પોતાના શરીરે પોતે ન

કરવું. સંસારમાં જ્યાંસુધી રહેવાનો ત્યાંસુધી એ ફરજ આવી પડવાની. અઢાર પાપસ્થાનકનું રાજીનામું તેનાથી બનતું નથી. પોતાની કાયાથી પોતે ન કરે તો માત્ર જાળવે પોતાને બ્રહ્મચર્ય હોય છોકરાએ સાક્ષાત્ કાર્ય કર્યું પોલીસે પકડયો તો કેમ બચાવું? અધિકારીને ફોડું, સાક્ષીઓ કરૂં. સંસારની જાળમાં રહેલો પાપસ્થાનક છોડે તે બાજે ડુચા તરીકે છે. તે નકામા નથી કારણ તેને થાય છે કેઃ—"આ ખોટું થાય છે. મોહને લીધે કરૂં છું છોકરાએ અપકૃત્ય કર્યું છે પણ કુટુંબની આબરૂને અંગે આ કરવું પડે છે." અંદરની જડ કપાએલી રહે છે. તે ધર્મ સમજે તેને રહે છે. એ માટે **જ્યાંસુધી સંસારની કમીટીમાંથી રાજીનામું આપ્યું નથી ત્યાંસુધી તેને અંગે જવાબદાર છે.** પેઢી ખોલી તેમાં ફાયદા નુકશાનના જવાબદાર જોખમદાર તમે છો. તેમ અઢાર પાપસ્થાનક કંપનીના ભાગીદાર છો. તેમાંથી રાજીનામું ન આપો ત્યાંસુધી ભાગીદાર છો. "अगाराओ अणगारीयं पव्वइयं" ઘરથી નીકળવું, નીકળીને સાધુપણું લેવું એ વાત કહેવી પડે છે.

શંકાઃ—અણગારીપણું લીધું એટલે ઘર છોડયું આવી ગયું, છતાં અહીં બે વાત શા માટે કહેવી પડી? પહેલાં રાજીનામું દે અને પછી નવી કંપનીમાં દાખલ થાય. જ્ઞાન દર્શન ચારિત્ર અંગીકાર કરવાના અને સાવદ્ય યોગ ત્યાગ કરવાના બે પચ્ચકખાણ રાખીએ છીએ. ઘરથી નીકળી દીક્ષા અંગીકાર કરે તીર્થંકરમાં બે વાત જણાવવી પડી. એમ સમજી અઢાર પાપસ્થાનકમાંથી નીકળી એક દિવસ પણ તે કંપનીમાંથી નીકળ્યો, વળી **જેનું મન અનન્ય હોય.**

## ચારિત્રમાં કઈ બુદ્ધિ રહેવી જોઇએ?

અભવ્ય જીવો મિથ્યાદૃષ્ટિ જીવો દ્રવ્ય ચારિત્રના ફળ તરીકે નવ ગ્રૈવેયક સુધી મેળવી શકે છે ત્યાં કર્મક્ષયની બુદ્ધિ નથી. પૂજાની માનતાની દેવલોકાદિકની ઇચ્છાએજ સાધુપણું લે તેવા સાધુપણાથી તે જીવો નવ ગ્રૈવેયક સુધી પહોંચી શકે છે. લાંબો પ્રવ્રજ્યાપર્યાય હોય અજ્ઞાને કરેલું પાપ, અન્ય ઇચ્છાએ કરેલું પાપ, અણસમજથી વિરૂદ્ધ ઇચ્છાએ કરેલું પાપ પણ જીવને ભોગવવું પડે છે. વગર ઇચ્છાએ બળાત્કારે કરેલું અણજાણપણે કરેલું અબ્રહ્મ, વ્રતનો નાશ ને દુર્ગતિ દે છે. તેથી સત્ પુરૂષોને જીવનના ભોગે બ્રહ્મચર્ય પાળવું છે. બીજો ફોસલાવી પતિત કરી નાખે તો પતિતપણું ન થયું તેમ નહીં. અગર પાપ બળાત્કારે અજ્ઞાનતાથી કે લાલચથી થાય તો પાપ લાગે છે. ને તેનું ફળ ભોગવવું પડે છે. તો પાપનો પરિહાર એ અન્ય ઇચ્છા હોય તો પણ તે આત્માને ફાયદો કરે છે. અભવ્ય મિથ્યાદ્રષ્ટિ ચારિત્રપાલન કરે પણ પૂજા માનતા રિદ્ધિ સમૃદ્ધિની ઇચ્છાથી; મહાવ્રતની અપેક્ષાએ એ વિરૂદ્ધ ઇચ્છાએ કરેલો પાપનો ત્યાગ નવ ગ્રૈવેયકની સ્થિતિ આપે છે જીભ ચાવીને પણ અબ્રહ્મનો વખત આવે તો મરવું. અને તેમ મરીને અનંતા મોક્ષે ગયા. કારણ? બળાત્કારે થતા અબ્રહ્મમાં આટલો દોષ માન્યો હોય ત્યારે આવું વિધાન કર્યું ને? અભવ્ય ચારિત્ર પાલન કરે પણ ઇચ્છા અન્ય છે. તેની મોક્ષની, કર્મક્ષયની, કે ચઢતા ગુણસ્થાનની ઇચ્છા નથી. એકજ ઇચ્છા છે. બાળકને 'દવા પી જાય તો લાડવો આપું.' એ વખતે તેનું મન

ઓસડમાં નથી. ઓસડમાં ક્રિયા છે તેમ અભવ્ય જાણે કે ક્રિયામાં ગડબડ થઇ તો દેવલોક નહીં મળે. વિરૂદ્ધ ઇચ્છિાએ કરે તો નવ ગ્રૈવેયક મળે. અનિચ્છામાં અકામ નિર્જરા, એ દેવપણાનું કારણ શું ? સરાગ સંયમા.

### દેવાયુબંધનો હેતુ શો ?

આ દેવતાના આયુષ્ય બાંધવાના કારણોમાં 'મારા કર્મ ક્ષય થાય' એ બુદ્ધિ ન હોય, એટલુંજ નહીં પણ વિરૂદ્ધ ઇચ્છા મને ખાવાનું મળે શુલપાણી યક્ષનું દ્રષ્ટાંત લો, ત્યાં બળદ શું ધારી રહ્યો છે ? આ ખાવાનું આપશે, આ પાણી આપશે. અહીં ભૂખ તરસ સહન કરે છે પણ મન કયાં છે ? આમને ઘાસ નાંખશે ને આ પાણી પાશે; આવી રીતની સહન શકિતથી અકામ નિર્જરા થાય ને દેવલોક થાય. આપણે નિગોદથી નીકળ્યા તે શાથી ? અકામ નિર્જરાના પ્રતાપે. બાદરમાંથી ત્રસમાં આવ્યા મનુષ્યમાં આવ્યા તે મુખ્યતાએ અકામ નિર્જરાના પ્રતાપથી. અકામ નિર્જરા શુભ ન કરતી હતે તો કોઇ મનુષ્યમાં આવી શકતે નહીં. કેવળ અકામ નિર્જરાથી ઉંચા આવે છે. જો પરિણામ ખરાબ ગણીએ તો ઉંચો આવતે નહીં. અકામ નિર્જરાએ જે મેળવીએ તે કોડી, એટલુંજ જો સકામ નિર્જરાએ કરીએ તો ક્રોડ, પણ વાત જમેની છે, ઉધારની નહીં હો ? આથી ફલિતાર્થ એ થયો કે વિરૂદ્ધ ઇચ્છા કે વગર ઇચ્છાએ બન્નેથી પણ કરેલો પાપનો પરિહાર તે પણ ફાયદો કરે છે.

### અજ્ઞાને કરેલ પાપ પણ દુર્ગતિમાં શાથી નાંખે છે !

હવે અજ્ઞાનમાં આવીએ અજ્ઞાને પણ પાપ ન થાય તો કર્મ ન થાય, અને કર્મ ન થાય તો કર્મરાજાની તાકાત નથી કે તમને દુર્ગતિમાં મોકલી દે. એકેંદ્રીય કે વિકલેંદ્રીય નરકમાં જાય ખરા ? કેમ નહીં ? ન જવાનું કારણ શું ? શું જ્ઞાન થયું છે ? મહારંભ પરિગ્રહ છોડયા છે ? તેની શક્તિ નથી, જ્ઞાન નથી પણ ન કરે તેથી ન જાય. "नरकहेतुनां तेषु अभावात्" એકેંદ્રિય વિકલેંદ્રિયમાં નરકના કારણો નથી. પાપ ન કર્યું તો દુર્ગતિ રોકાઇ, અજ્ઞાન અશક્તિથી પાપ નથી કર્યું તેથી આપણે તો જ્ઞાન દશા કયાં કામ કરનારી છે. મોહનીયની સીત્તેર કોડાકોડીની સ્થિતિ તેમાં જ્ઞાન દશા એક ક્રોડાક્રોડની અંદર કામ કરે. ઓગણોસીત્તેર કોડાકોડી સ્થિતિ અજ્ઞાન દશા તોડે. યથાપ્રવૃત્તિ એટલે અજ્ઞાનપ્રવૃત્તિ મોક્ષ છે તે મેળવવો છે તે વિચાર કે જ્ઞાન હોતું નથી. કર્મ, જીવ, મોક્ષનું સ્વરૂપ એ સંબંધી જ્ઞાન ઓગણોસીત્તેરમાં હોતું નથી. તેથી યથા પ્રવૃત્તિને અનુપયોગ એના ભોગકરણ માનીએ છીએ. ૬૯ ક્રોડા ક્રોડી તુટી તે અજ્ઞાને પણ કર્મના કારણોથી દુર રહ્યો. અજ્ઞાને પણ ધર્મના કારણોમાં પ્રવર્ત્યો. તે યથાપ્રવૃત્તિ કરણ કરે તે કરણથી ૬૯ ક્રોડાક્રોડ તોડી નાખે, જીવ, તેનું સ્વરૂપ, કર્મ, મોક્ષ તેના સ્વરૂપનો ઉપયોગ નથી. તે ઉપયોગ થયો તો આગળ થયો. જ્ઞાન એ તો સડક ઉપરનો દીવો છે. અજવાળું કરે અમુંઝણ ઓછી કરે. જંગલમાં વગર દીવે ભટકોને આવેલો સડક ઉપરના દીવાની કિંમત કેટલી કરે ? એ માટે શંકા કેમ છે ?

શંકા—અનુપયોગે ૬૯ તુટી ગયાં તો એક રહ્યું છે તો તુટી જશે. આગડ બાગડ શી ? અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ, સમ્યગ્દર્શન,

દેશવિરતિ, સર્વવિરતિ, તપસ્યા, વિનય, વૈયાવચ્ચ વિગેરે લફરા શું કામ ઘાલો છો?

સમાધાનઃ—એક રહી છે વાત ખરી પણ મહાનુભાવ! રાત્રિના આઠ વાગ્યાથી અંધારૂં ખસવા માંડયું. સાડા પાંચ સુધી ખસ્યું હવે સૂર્યોદયને પા કલાક છે. પણ અનુક્રમે અજ્ઞાન પ્રવૃત્તિથી, ૬૯ તૂટી પણ તે વખત આપોઆપ સમ્યક્ત્વનો વખત; સમ્યક્ત્વ થયું એટલે જ્ઞાન થયું એ બે થયા તો ચારિત્ર તરત મળે. સતનું અંધારૂં જવાથી અરુણોદય, તે થયો એટલે સૂર્યોદય સૂર્યોદય પહેલાં અરુણોદય જરૂર હોય તેમ કેવળ અગર ક્ષાયિક ગુણ થવા પહેલાં બીજા જ્ઞાન અને ગુણો જરૂર થાય. તેની જરૂર એમ માની છે કે પાછળના કર્મ ખસેડવા બહુ મુશ્કેલ છે, ૬૯ ખસેડવા સહેલા છે તે અનંતી વખત ખસ્યા અને આવ્યા પણ એક કોડાકોડમાંથી કંઇ ખસે તો પછી આવવાનો વખત નથી. એ ખસેડવા માટે ગ્રંથી ભેદ શબ્દ છે. તે ચીજ શી? ગ્રંથીભેદ ત્યારેજ સમ્યક્ત્વ તે બધા જાણે છે. ગ્રંથીભેદ ચીજ એજ કે દુનિયાદારીની આખી બાજી પલટાવો તેજ ગ્રંથી ભેદ. અનાદિથી આ જીવ વિષયોમાં પૌદ્ગલીક સુખોમાં લીન તેમાં સુખ બુદ્ધિ તેના વિયોગમાં દુઃખ બુદ્ધિ આ બધું પલટી જાય. સમ્યક્ત્વ થવાની વખત થયા પછી વિશ્રામનું સ્થાન ઇચ્છવા લાયક આરાધવા લાયક ફક્ત દેવ ગુરૂ અને ધર્મ અંતઃકરણથી સુખનું કારણ દેવાદિકનું આરાધન. હવે દુનિયા વેઠ તરીકે ગણે જેને અનાદિથી તત્ત્વ ગણે તેને વેઠ ગણે. આ સ્થિતિએ ગ્રંથીભેદ દેવાદિકને તત્વ ગણે. આ પરમપદ સિવાય એકે ધ્યેય નહીં તેથી તેનેજ સાધ્ય ગણે. મૂળ વાતમાં આવીએ. એવું સમ્યક્ત્વ ૬૯ તુટી તે અજ્ઞાનમાં તુટી સમજે શું? તેનો સવાલ ક્યાં છે? ગામડીયા કાયદામાં શું સમજે? તેથી કાયદા વિરૂદ્ધ ન વર્તે તો શિક્ષા કરો ખરા? ગુન્હા રહિત કાર્યોથી દુર રહે તો સજાથી બચી જાય. વકીલો, બેરીસ્ટર ગુન્હાથી બચે તો નહીં સમજનારા ગુન્હાથી બચે તેને શિક્ષા થતી નથી. તો ઝવેરી સીવાય બીજા પાસે ઝવેરાત હોય તે ફેંકાવી દેવું? એ ઝવેરાતમાં શું સમજે? સમજવાથી ફાયદો છે. તેમાં ના નહીં પણ અણસમજનો અર્થ એ નથી કે પાપનો પરિહાર નકામો છે. પાપના પરિહારથી ફાયદોજ છે. શાલીભદ્રનો જીવ, કયવન્નાજીનો જીવ બાળક છે. ઢોર ચારનાર એણે શાલીભદ્રપણું શામાં મેળવ્યું? દેવતાને ચાકરી કરવી પડે. શ્રેણિકને રિદ્ધીથી આશ્ચર્ય થવું પડયું શાથી? આપણે પુણ્ય મેળવીએ તેમાં કર્મની વર્ગણા કેટલી જાણી અજ્ઞાનતાનો અર્થ એ નથી કે ખોટું છોડાતું હોય તે નહીં છોડવા દેવું. જ્ઞાન મેળવવાની જરૂર પણ જ્ઞાન જોઇએ એનો અર્થ એ નથી કે જ્ઞાન વગર પુણ્યનું કાર્ય ન કરવું તેમ નહીં અજ્ઞાનપણે કર્મના કાર્યોમાં પ્રવૃત્તિ થઈ હોય તો લાભ જરૂર છે. હવે વિરૂદ્ધ ઇચ્છા ઉપર આવીએ. વિરૂદ્ધ ઇચ્છાએ કરેલું ધર્મ કાર્ય સદ્ગતિ આપે છે. શ્રીયકનો દાખલો લઇએ. સ્થુલભદ્રના નાના ભાઇનો. સંવત્સરીનો દહાડો છે. યક્ષા મોટી બ્હેન છે. ભાઇ આજ નવકારશી કર. પરાણે પુરી કરી. હમણે દહેરે જઇ આવીએ પોરસી થઇ જશે. હવે સાંજનો વખત થયો. આમ કરી ખેંચ્યો ઉપવાસ પ્રાણ ગયા. શ્રીયક તેજ રાત્રીએ મરી

ગયો. એકજ ઉપવાસની વાત છે. એને કરવાનો વિચાર નથી, યક્ષાએ કરાવ્યો છે. પોતે લેવા જાય છે તેથી સાધ્વીને માનવું પડયું કે મેં ઋષિ હત્યા કરી છે. મંદીરસ્વામીએ ઋષિ હત્યા નથી કહી. જો અંત્ય અવસ્થા જેવું દેખે તોજ ખાવા આપવાનું. અહીં સુધારવા માંગીએ છીએ કે માટે છેલ્લી અવસ્થાએ રજુ કરવું નહીં તો નિર્યામણા કરાવનાર સાધુ રાખવા. ગોચરી મોકલવા અજ્ઞાનપણે અનિચ્છાએ વિરૂદ્ધ ઇચ્છાએ કરેલો પાપનો ત્યાગ દુર્ગતિથી બચાવે છે. બળાત્કારે પણ કરેલું ધર્મનું કાર્ય સદ્ગતિ મેળવી આપે છે. તેથી વગર મને કરેલી દીક્ષા વૈમાનિક આપે છે. અનન્ય મને કેમ કહ્યું? દીર્ઘકાળ પાપનો પરિહાર ધર્મનો સંચય તે વગર ઇચ્છાદિકનો હોય તે સદ્ગતિ મેળવી આપે પણ એક દિવસમાંજ પાપનો પરિહાર અનન્ય મનવાળો હોય તોજ સદ્ગતિ મેળવી આપે. દીક્ષા સિવાય બીજી બાજુ મન નહીં અહીં ગાથામાં મુખ્ય પક્ષે મોક્ષે ગૌણ પક્ષે વૈમાનિકપણું લેવું છે. મોક્ષ એવી ચીજ જરૂર છે કે અન્ય મનમાં મળેજ નહીં. ઉત્સર્ગ પક્ષમાં વિધાન કરવા માટે અનન્ય મન મૂકવું પડયું. બે ઘડી પણ પ્રવ્રજ્યાને પામ્યો હોય તો મોક્ષ પામે અગર વૈમાનિક જરૂર થાય. ભાવસ્તવથી અંતર્મુહૂર્તમાં મોક્ષ છે પણ અપવાદ પદમાં સામાન્ય દેવતાપણું નથી લેવું પણ વૈમાનિકપણું લેવું છે.

અનન્ય પદ મોક્ષ માટે અને એક દિવસ વૈમાનિક માટે છે. સંભાવના કરીએ કે મોક્ષ ન પામે તો વૈમાનિક જરૂર થાય. આથી એક દિવસની દિક્ષા જીંદગીના પાપના પોટલાને પલાયન કરાવી દેતો ચક્રવર્તીઓ ચક્રવર્તીપણું છોડી દિક્ષા લે તો પાપના પોટલાને પલાયન કરાવે તેમાં નવાઇ શું? ચક્રવર્તી કહેવાય નરકનો દૂત, પણ તે પણ જ્યાં નિખાલસ થયો. પુદ્ગલને દુઃખમય અનિત્ય માનવા લાગ્યો. તે વખત ધર્મવૃક્ષ આત્મામાં ઉભું થયું. ધર્મ એ આત્મસાક્ષી. બીજો ધર્મી કહે તેથી આપણે ધર્મી બની જતા નથી. પણ બીજો ધર્મિષ્ઠ કહે તો આંખો તો નીચી જાય. અને પુરેપુરો ધર્મ કરતા હોઇએ ને બીજો અધર્મી કહેતો પણ આંખો લાલ થઇ જાય છે. ઇષ્ટ લાગેલી વસ્તુના જુઠા શબ્દો ઇષ્ટ લાગે છે. આ સિદ્ધાંતથી તપાસીએ તો બધાને ધર્મ ઇષ્ટ છે તો ધર્મના રસ્તે જતા કેમ નથી? મન મંદરાચલ દોડયું છે પણ પગ થાકેલ છે તેમ અહીં દરેક જીવને ધર્મની ઇચ્છા. પાપથી ડરનારો ધર્મ કરવા માગે છે પણ તેમાં ટાંટીયા ભરાઇ જાય છે. આ પાંચ ઈંદ્રિયો વચમાં નડે છે, પાંચ ઈંદ્રિયોથી નિરપેક્ષ હોય તો લગીર પણ મોક્ષ મેળવવામાં અડચણ આવે નહીં. નીતિમાં એક પણ ઈંદ્રિયને આધિન પડયો તો નીતિ ઘેર ગઇ. અપકૃત્ય લાગે ખરાબ નહીં કરવાલાયક માને. જ્યાં પાંચ ઈંદ્રિયની ગુલામીમાં ઉતર્યો તેને વિવેક બધો સારો લાગે વિવેકથી ઈચ્છા રહે જ્યાં સુધી ઇંદ્રિયોના વિષયોગમાં રાચ્યો નહીં હોય ત્યાં સુધી તપની નિષ્ઠા, પ્રતિષ્ઠા, અપકૃત્ય

કરવા લાગ્યો બધું છતાં વિપદાને આપે. આ સંસારમાં દુઃખો ભોગવ્યાં, ભોગવે છે, અગર ભોગવશે તો તેનું કારણ પાંચ ઇંદ્રિયો છે. આથી સોમપ્રભ આચાર્ય કહે છે કે જગતમાં દોષોનું સ્થાન હોય તો ઇંદ્રિયોનો સમુદાય છે, અગ્નિને દૂર રાખ્યા ન પાલવે ખોળામાં રાખ્યા ન પાલવે તેને સગડીમાં રાખી પાલવે. તેમ ઇંદ્રિયો વગર તમે રહેવાના નથી. તે તમારા વગર રહેતી નથી, પણ ઇંદ્રિયો જરૂર રહેવાની. તમારે તેના વગર નહીં ચાલે પણ તારે આધિન કર. ત્હારી ઇચ્છાએ ઇંદ્રિયો પ્રવર્તે. તું ઇંદ્રીયોને આધિન ન થા. મારૂં મન આમ થયું છે એ બધું ગુલામીપણું છે એને તું આધિન કર. આ સમજી પાંચ ઇંદ્રિયો આધિન કરશે તે આ ભવ પરભવ કલ્યાણ મંગલિક માળા પહેરી મોક્ષ સુખને વિષે બીરાજમાન થશે. અજ્ઞાનતાથી વિરૂદ્ધ ઇચ્છાએ બળાત્કારથી પણ પાપનો પરિહાર દુર્ગતિથી બચાવે છે અને સદ્ગતી આપે છે.

---

## ગ્રાહકોને વિનંતી.

ગયા અંકની સૂચના મુજબ બીજો અંક વી. પી. કરવામાં આવશે, જેમને સિદ્ધચક્ર નહિ અપનાવવું હોય તેમણે એક પોસ્ટ કાર્ડ દ્વારા લખી જણાવવાથી બંધ કરવામાં આવશે, પણ પછીથી વી. પી. પાછું ફેરવી નાહક સમીતિને ખોટા ખર્ચમાં ઉતારશો નહિ.

તંત્રી.

## આદીશ્વર ભગવાનનું સ્તવન.

ભવભયહારા સુખ કરનારા, ઋષભજિન ભગવાન્;
પ્રભુ પારસવલ્લી જિનસુખવલ્લી, આદીશ્વર ભજ ભવ્ય. ૧
જિન ચરણાંબુજ ભૃંગસમા મુઝ, ચિત્ત રહે અહનિશ;
તારેગા નિજ સેવકકો પ્રભુ, યહ વિશ્વાસ સુગેશ રે.
પ્રભુ૦ ૨

અવગુણમય નિજ જીવન દેખત, સતત રહેત ઉદાસ;
તુમ સરખે ગુણરત્નાકરકો, પાય ધરું ઉલ્લાસ રે. પ્રભુ૦ ૩
કાલ અનાદિસેં વનમેં રહેતે, પ્રથમ લીયા નરદેહ;
દીયા તબભી કેવલ માતકું, હમકો કયોં સંદેહ રે. પ્રભુ૦ ૪
વર્ષ લગે અભિમાન ધરકે આપસેં જો રહે દૂર;
ભેજકે દુહિતા કેવલ દીના, કયોં નહિં હમકો હજુર રે.
પ્રભુ૦ ૫

તુમ અર્ચનસેં ચિત્ત લગાતે, ચક્રપૂજન ધરે ચિત્ત;
દીયા જ્ઞાનછોડ જગત ચરણમેં, રહેત કયોં ન પવિત્ર રે
પ્રભુ૦ ૬

દીન દયાકર ઠાકર દર્શન, તુજ લહી યાચું એક;
આનન્દદાયક મુજ હૃદયે પ્રભુ, અવિચલ રહો થિર ટેક રે.
પ્રભુ૦ ૭

卐

## સંભવનાથ જિનનું સ્તવન

આયા હું પ્રભુ સંભવ ચરણોમેં, શરણે રહા હજુર,
ભવભય ભ્રાંતિ ભય સબ દૂરો, રહે તિમિર જિમ સૂર;
દર્શન તુમ લહિ પ્રભુ શુભ નૂરો, વાધે મન મુદ પૂર રે.
જિન૦ ૧

લહિ બુધ સુર મહીરુહ અંકુરો, બાલક પિંડ ખજુર;
નરપતિ તુરગેશ્વરથી સનૂરો, તિમ પ્રભુ તુમ પદ ભૂર રે.
જિન૦ ૨

ભાગ અસંખ્યાંગુલ તનુ તોરો, તબ શતમખથલ ધૂર;
જન્મે સુરપતિ નિજ સુર પૂરો, જણાવતા દઈ તૂર રે.
જિન૦ ૩

વર્ષ પ્રથમ દીક્ષાસેં સુરો, દાન દીએ અઘચૂર;
કેવલ કમલા લહત પંડુરો, ગાવે ગુણ સુર હુર રે.
જિન૦ ૪

કર્માષ્ટક કરી જિન ચકચૂરો, સંભવ સુખ ભરપૂર;
કલ્યાણક પંચકસેં પૂરો, આનન્દ પદ સુપુર રે. જિન૦ ૫

卐

## અભિનંદન જિન સ્તવન

જિન અભિનંદનજી કાજ સુધારો પ્રભુ માહરો જિન;
ધર્મ ભેદ પ્રભુ તુમ ચઉ દાખો, નિત્ય ઉદારપણે ધર રાખો,
ભાખો શિવપદ કાજ રે.

જન્મ કરમ કરતો યહ જીવો, કાલ અનાદિ દુઃખ સયકીવો,
દીવો વચન સમાજ રે.

નિજવેદન ભવચક્રે ભમતો, સમય સમય બહુધા પરિણમતો,
ખમતો દુઃખ અકાજ રે.

કૃતકર્મોદો જો અનુભવતા, શિવપથ લહિ નિવૃત્તિ પદ ધરતા,
વદતા જ્ઞાન અસાજ રે.

ચેતન રહિત અજીવ જણાયો, આશ્રવદ્વાર કરમ ઉડાયો,
પાયો સંવર વાજ રે.

કર્મ વિયોગે નિર્જર તત્વો, આતમ કર્મબંધ ગણુ સત્વો,
તત્વપદ શિવસાજ રે.

ધર્મે નવપદ નવહિ વિધાનો, સમભવે એ સુરપતિ રાણો,
જાણો આનન્દ રાજ રે.

## સુમતિનાથ જિન સ્તવન

સુણતાં હો પ્રભુ સુણતાં સુમતિ ગુણ રાચ્યો રે,
પ્રભુ રાચ્યો મન એક તાનથીજી.

લેશે હો પ્રભુ લેશે કવિ તુજ સેવ દેવે હો,
પ્રભુ દેવે ફલ અણુમાનથીજી.

સુષમા હો પ્રભુ સુષમા તુજ ઉપકાર શોભે હો,
પ્રભુ શોભે દુષમા સમો નહિંજી.

મેરૂ હો પ્રભુ મેરૂ સુરતરૂ વૃંદ, પામે હો પ્રભુ પામે,
શોભા મરૂ સમીજી.

કલિયુગ હો પ્રભુ કલયુગ સુધી ઉપદેશ,
શ્રોતા હો પ્રભુ શ્રોતા જો યુગસમ મીલેજી.

રાજે હો પ્રભુ રાજે શાસન તુજ કલિમાં હો,
પ્રભુ કલિમાં પણુ એક છત્ર શીલેજી.

કાલી હો પ્રભુ કાલી કસોટી સુવર્ણ,
પરખે હો પ્રભુ પરખે કવિ તુમ રાગનેજી.

ભમીયો હો પ્રભુ ભમીયો સતયુગમાંહિ,
પામ્યો હો પ્રભુ પામ્યો ન ગુણ ભાગનેજી.

દોષે હો પ્રભુ દોષે ભર્યો આ કાલ સેવા હો,
પ્રભુ સેવા લહી મણિ સમફણીજી.

તુજ ગુણ હો પ્રભુ તુજ ગુણ, અહનિશ ચિત્ત ધરતાં હો,
પ્રભુ ધરતાં આનન્દરસ ઘણીજી.

## પદ્મપ્રભુ જિન સ્તવન

પદ્મપ્રભુ તુજ ગુણો સુણીજી, રીઝયો શ્રવણને ચિત્ત;
રાચ્યો માલતિ પુષ્પમાંજી, જિમ ષટપદ શુભ રીત.
સૌભાગી પ્રભુજી૦

જગધણી જિન તુમ એક, નિરાગી પ્રભુજી તુમ વિણ
દેવ ન છેક. ૧

મોહ સપ્તને ભેદવાજી, તુમ ગુણ તોપ મહંત;
કામસુભટને રોકવાજી, તુજ સ્મૃતિ વિદ્યુત જંત.
સૌભાગી૦ ૨

વિષયકિંપાકને છેદવાજી, તુમ દર્શનહી કુઠાર;
પ્રભુવાણી રસ ઝીલતાંજી, હોવે કરમદલ ઠાર.
સૌભાગી૦ ૩

સ્યાદવાદ મન ધારતાંજી, ન રહે મિથ્યા વિકાર,
અષ્ટાપદ જિહાં ખેલતોજી, તિહાં નહિં માતંગચાર.
સૌભાગી૦ ૪

રૂપચરિત વચનાકૃતિજી, ચિંતવતો એક રૂપ;
તુજ ગુણ બિન તારે તરૂંજી, લહિ આનન્દ અનૂપ.
સૌભાગી૦ ૫

# આત્માભિમુખ–પ્રવૃત્તિ

પરમ ગીતાર્થ આચાર્ય શ્રી મલધારી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ઉપદેશમાળા (પુષ્પમાળા)માં દર્શાવે છે કેઃ—

સંસારમાં આ જીવનો કોઇપણ ભવ ઉદ્યમ વિનાનો ગયો નથી દરેક ભવમાં પ્રયત્ન કર્યેજ જાય છે છતાં ધારેલું ફળ મેળવી શકયો નથી. જીવો દરેક ભવમાં સુખને માટે પ્રયત્નો કરવા છતાં સુખ મેળવી શકયા નથી.

**સુખ માટે અનાદિ કાળથી પ્રયત્નો**

આપણે અનાદિકાળથી સુખ માટે પ્રયત્નો કર્યા છતાં સુખ કેમ ન મળ્યું ? એ સુખ મેળવવા માટે આત્માને બદલે જીવ પુદ્ગલમાં રાચ્યો. કસ્તુરીમૃગની નાભિમાંજ કસ્તુરી હોય છે, તેને પવનથી પ્રસરેલી સુગંધી આવે છે. તેના તરફ તે દોડયોજ જાય છે. જ્યાં ત્યાં સુંઘે છે. ફરી પવનથી સુગંધ આવે ને દોડે. કયારે એને કસ્તુરી મળે ? કસ્તુરીઓમૃગ નાભિગંધે દોડયો જાય પણ કસ્તુરી મેળવી શકે નહિ તેમ આ જીવ આત્મામાં રહેલુ સ્વાભાવિક સુખ ન સમજ્યો પણ પુદ્ગલદ્વારાએ વેદન થાય તેથી પુદ્ગલમાં સુખ સમજ્યો. ચેતનમાં ( આત્મામાં ) સુખ રહેલું છે. કસ્તુરીમૃગની નાભિમાં ગંધ રહેલી છે—આપણને મુખમાં બગાડો થયો હોય તો હવા બહાર કાઢીએ ત્યારે માલુમ પડે. જ્યાં સુધી ગંધને પવનમાં ન નાખીએ ત્યાં સુધી પેટમાં રહેલી ગંધ માલુમ પડતી નથી. એ ખરાબ ગંધ પેટની છે, છતાં ખબર પડતી નથી, જ્યાં સુધી વાછૂટ ન થાય ત્યાં સુધી ચાહે તેવી ગંધ હોય તો પણ ખબર નથી પડતી. તેવી મુખની ગંધ પવન દ્વારાએ માલુમ પડે. તેથી પવનમાં ગંધ છે એમ સમજાય છે. ચેતન હોય તેજ ચેતનદ્વારા સુખ માને. અનાદિથી જીવે પ્રયત્નો કર્યા, દોડાદોડ કરી પણ એ બધી દોડદોડ ને પ્રયત્નો જીવે સ્વાભાવિક સુખને છોડીને પુદ્ગલમાં રાચવા માટેજ કર્યા. કુતરાઓ કેટલીક વખત કસાઇખાનેથી હાડકાં લાવીને કરડે છે. જેમ જેમ જોરથી કરડે તેમ તેમ તાળવામાં લાગે ને લોહી નીકળે. તેને ચાટે, તે તો હાડકાંનું લોહી સમજીને ચાટયાજ કરે છે. તેમ આ જીવ પોતાનો સુખ સ્વભાવ પુદ્ગલમાં દેખે છે.

અનાદિથી સુખને માટે પુદ્ગલ સામે પ્રયત્નો કર્યા, તેને માટે દોડ કરી આત્મા સામી દોડ કરીજ નહિ. જેમ કસ્તુરીમૃગને પોતાની નાભિની કસ્તુરી સુઝી નહિ. તેમ આ જીવને હું સુખસ્વરૂપ છું તે સુઝયું નહિ. આ જીવને પુદ્ગલમાં સુખ લાગ્યું તેથી તેને માટે દોડાદોડ કરી. કુતરૂ હાડકાં કરડે તેથી વળે શું ?

અનાદિકાળથી પુદ્ગલો માટે પ્રયત્નો કર્યા હવે તો સમજો. અનાદિથી ભૂલ્યા છો હવે તો વિચાર કરો. પુદ્ગલ તરફ અનંતા ભવો સુધી દોડ કરી ચૂકયા પણ ન વળ્યું. હવે વાનગી ખાતર તો આત્મા માટે દોડ કરો. જોવા માટે પણ દોડ કરો. પણ દોડ કોણ કરે ?

**ભવ્ય સ્વરૂપ**

ભવ્ય હોય તેજ દોડ કરી શકે. ભવ્ય વિના આત્માના સ્વરૂપને જોવા માટે બીજો દોડ કરી શકે નહિ. "મારે આત્માનું સુખ અનુભવવું છે તે મેળવવા આત્મા તરફ દોડું એમ ભવ્યનેજ બુદ્ધિ ઉપજે, પણ અભવ્યને તો પુદ્ગલમાંજ સુખ છે" એવી બુદ્ધિ નિત્ય રહ્યા કરે.

તપાસ ખાતર પણ આત્મા તરફ ધસવાવાળો ભવ્ય હોય છે. જેને માર્ગ મેળવવાની કે ગામ જવાની ઇચ્છા હોય તેજ માર્ગ તપાસવા જાય છે. તેમ આત્માનું સુખ મેળવવું છે એ તો નિશ્ચય છે, પણ તે મેળવવાનો માર્ગ આ છે કે નહિ તેવી શંકા તેને થાય. એવી શંકાઓની પ્રવૃત્તિ ભવ્ય સિવાયનાને ન હોય.

**રાગનાં રીસામણાં**

સાધુપણું પાળનારને જ્ઞાન ન ચઢે અને ક્રિયા ચોકખી ન થાય તો કંટાળે. પ્રેમ હોય ત્યાં રીસાવાનું હોય. છોકરો સગી મા પાસે રીસાય ઓરમાન મા પાસે તેને રીસાવાનું ન હોય. મોક્ષની પ્રીતિવાળાને એવો વિચાર થાય છે કે, સ્ત્રી પુત્રાદિ પરિવાર છોડયો, હાટ હવેલી છોડી છતાં મારા આત્માને હજુ ધર્મમાર્ગે જવું કેમ રુચતું નથી. રીસામણાં રાગનાં હોય. આટલો પ્રયત્ન કરૂં છું, શાસ્ત્રો વાંચું છું, ને વ્યાખ્યાન સાંભળું છું છતાં ધર્મપ્રવૃત્તિ નથી.

**અભવ્યત્વની શંકા**

કદાચ અભવ્ય તો નહિ હોઉં ? આવી શંકા થાય તેજ રાગનાં રીસામણાં. આવી શંકા ભવ્યત્વના ઘરમાંજ હોય. જેની ઉપર રાગ હોય તેની ઉપર રીસાવાનું હોય. શત્રુ પાસે કોઇ રીસામણાં લેતો નથી. જેને ભવ્યપણું હોય તેનેજ રીસામણું હોય.

મહાનુભાવ ! તું નક્કી ભવ્ય છે. કોઈ કહેશે કે-અભવ્યપણાની શંકા થાય તેમાં ભવ્યપણું કયાંથી આવ્યું ? જે જીવ ભવ્ય ન હોય તેને 'હું ભવ્ય હઇશ કે અભવ્ય' એવી શંકાજ થતી નથી. શાસ્ત્રકારોએ આવો નિયમ બાંધ્યો શા ઉપરથી ? હવે જરા શાંતિથી તે પર વિચાર કરો—બે વસ્તુઓ જાણ્યા, માન્યા વિના, એમાંથી એકની ભયાનકતા લાગ્યા વિના ભય ન ઉપજે. દૃષ્ટાન્ત જેમ સાપ અને દોરડું એ બંને વસ્તુઓ જાણવામાં આવે, પછી બંને વસ્તુઓ માનવામાં આવે. આવો તો સાપ હોય અને દોરડું પણ એવુંજ હોય. સાપના ભયંકરપણાનો ખ્યાલ આવે ત્યારે દોરડાને પકડતાં ભય લાગે. જેણે સાપનું ભયંકરપણું જાણ્યું નથી. તેને તો સાક્ષાત્ સાપ દેખીને પણ ભયથી કુદકો મારવાનું મન થતું નથી. તો દોરડાને દેખીને ભય લાગેજ શાનો ? મોક્ષ અને ભવ એ બન્નેને જાણે માને. પછી મોક્ષે જવાને લાયક હોય તેજ ભવ્ય, જે લાયક ન ન હોય તે અભવ્ય—આ બંને જાણ્યા પછી જીવને અભવ્યપણાનું ભયંકરપણું લાગ્યું મોક્ષે જવાને પોતે લાયક ન હોય એવું ભયંકરપણું લાગ્યું. તેનું ભયંકરપણું લાગવાથી તેને શંકા થાય છે કે 'રખેને હું અભવ્ય હોઉં ? આવી શંકાને જ્યાં સ્થાન હોય ત્યાં એમ નક્કી થાય છે કે પોતે ભવ્યત્વ અને અભવ્યત્વમાં માનનારો છે. મોક્ષ મેળવવાની ઇચ્છા છે માટેજ શંકા થઈ. અભવ્યપણાની શંકા કરનાર જરૂર મોક્ષને માનનારો છે. મોક્ષ ન માનનારને મોક્ષ નહિ મળે એવો વિચારજ શાનો આવે ? અભવ્યપણાની શંકા થઇ એટલે ભવ્યપણું છે એમ નક્કી થયું.

**અભવ્ય આઠ તત્ત્વ માને**

અભવ્ય આઠ તત્ત્વો માને પણ મોક્ષ તત્ત્વને ન માને. અભવ્ય જીવતત્ત્વને માને છે. દેવલોક મેળવવા માટે ચારિત્રપણું લે. જીવતત્ત્વને ન માને તો ચારિત્ર લેવાનો પ્રસંગ ન આવે. અજીવતત્ત્વ તો સ્પષ્ટ છે. જીવ માને તો પુણ્ય પાપ માનવુંજ પડે, કર્મોનું રોકવું અને તોડવાપણું પણ માનવું પડે. સર્વજ્ઞપણાના ભરોસે દેવલોકની વાત અભવ્યો માને નહિ.

કેટલાક, વૈદ્યની હરડે અને નેપાળાની વાત સાચી માનીને તેમના ઉપર ભરોસો કરતા નથી અને કેટલાક કરે પણ છે. મોક્ષ માટેના વચનો ઉપર અભવ્યોને વિશ્વાસ નથી. જિનેશ્વર દેવો મોક્ષ બતાવે છે તેમાં તેમને ભરોસો નથી. પણ દેવલોક બતાવે છે તેમાં તેમનો ભરોસો હોય છે. માણસને સર્વથા જુઠો માનતા હો. પણ તેની બે ચાર પ્રતીતિની વાતો તો માની શકો. દાખલો મળી જાય તો તે વાતને સાચી માન્યા સિવાય છુટકો નથી હોતો. જેમ આ આ ડાબડી કાળી છે, મેં બાજઠ ઉપર જોઇ છે. ભલે તે માણુસ જુઠો હોય. પણ તેની ડાબડી વિષેની વાત તો સાચીજ છે. તેમ મોક્ષની બાબતનું તીર્થંકર દેવો નિરૂપણ કરે તેમાં શ્રદ્ધા ન રાખે પણ દેવલોકની વાતો કરે તેમાં શ્રદ્ધા રાખેજ. તે પણ પહેલા, બીજા દેવલોકે ગયેલો માનવી પ્રત્યક્ષ આવે અને દેખાય તેથીજ માને. દેવલોક માને તો આઠ તત્ત્વ સુધી આવવું પડે. પણ અભવ્યની માન્યતામાં મોક્ષ આવે નહિ. જ્યાંસુધી જાણે નહિ ત્યાંસુધી માને નહિ, અને માને નહિ તો મેળવવાની ઇચ્છા પણ ક્યાંથી થાય ?

આત્મા માટે મોક્ષ મેળવવાની ઇચ્છાએ તો પ્રવૃત્તિ કરો. પુદ્ગલો તરફ અનંતા ભવ સુધી પ્રવૃત્તિ કરી, હવે અજમાયશ માટે પણ પ્રવૃત્તિ કરો પણ અભવ્યો તે માટે પ્રવૃત્તિ કરી શકે નહિ. અનંતાભવો સુધી પુદ્ગલ તરફ પ્રયત્નો કરવા છતાં છેડો આવ્યો નથી તો હવે આ બાજુ તો પ્રયત્ન કરો. તે ભવ્ય સિવાય બીજાને થાય નહિ.

## મોક્ષ માટે ક્રમશઃ પ્રયત્નના ઉપાય

ચાલતાં ચાલતાં અનેક માર્ગો આવે. થોડું તો વગર જાણ્યે ચાલવું પડે. તેમ આત્માનું સુખ મેળવવું હોય તો ચાર રસ્તે ચાલવું પડશે. તે ચાર રસ્તે ચાલશો તોજ મોક્ષનો રસ્તો મળશે.

## દાન—મમતાત્યાગ

એ ચાર પ્રવૃત્તિમાં પહેલી પ્રવૃત્તિ દાનની છે. મમત્વભાવ જીવને ફસાવનારી વસ્તુ છે. જ્યાંસુધી મમત્વભાવ ન છુટે ત્યાંસુધી પુદ્ગલ તરફજ પ્રવૃત્તિ રહેવાની. મમતાનું ઓસડ કરો. દ્રષ્ટાન્ત—એક શેઠને રોગ થયો તેની સાથેજ કુપથ્યની ટેવ પડી. વાયુનો રોગ થયો હોય ત્યાં વાલ ખાવાની ટેવનું પરિણામ શું આવે ? વૈદ્યે તેને કહ્યું વાલ, ચણા વિગેરે બંધ કરવું પડશે. તેથી રોગી દવા લેતો નથી. બીજા વૈદ્યે તેના રોગને જોઇને વિચાર્યું કે આ કુપથ્ય એકદમ બંધ કરાવવું જરૂરી છે. વૈદ્યે કહ્યું તમે વાલ કેટલા ખાઓ છો ? શેઠે જવાબ વાળ્યો 'શેર'. વૈદ્યે જણાવ્યું શેરથી વધારે હવેથી ન લેતા. આ પ્રયોગ પછી શેઠને ચૂંક ઓછી થઇ. પછી દરદીએ વૈદ્યને ચૂંક ઓછી થવા વિષે જણાવ્યું. ત્યારે વૈદ્યે કહ્યું—હવે શેરમાંથી કંઇક ઓછા વાલ ખાજો. શેઠ ફાયદો દેખીને વાલ ખાવાનું ઘટાડતા ગયા. બીજે દિવસે ઘણો ફાયદો થયો. અંતે ફાયદો દેખી કુપથ્ય વાલ ખાવાનું બીલકુલ છોડી દીધું.

શાસ્ત્રકારોએ જણાવ્યું છે કે—આ જગતમાં કેટલાય મનુષ્યો મમત્વ ભાવમાંજ મરી રહ્યા છે. ભવ્ય જીવોએ તો મમત્વ ભાવને 'વોસિરે, વોસિરે' કરવોજ જોઇએ. પણ જે પેલા શેઠીયા જેવા હોય તે મમત્વને છોડી ન શકે. ધર્મ થતો હોય તો થાય ને ન[1] થતો હોય તો ન થાય; પણ મને મારૂં કુટુંબ વિગેરે છોડવું પાલવતું નથી. જેમ વૈદ્ય મળ્યો હતો તેમ જિનેશ્વરે દેખ્યું કે આ બિચારો આત્મા તરફ

ટળશે નહિ તેથી આનું શું થાય ? દવા આપવા દો. જો ફાયદો દેખશે તો તે આપોઆપ છોડશે. ફાયદો જોવા માટે પણ ધર્મ કરવો જોઈએ. દાન દેવું જોઈએ. તમારી પાસે ૧૦૦ ચીજ છે. તેમાંથી પ્રથમ એકની મમતા છોડવી જોઈએ. ફાયદો જણાય તો પ્રતિદિન મુઠીએ મુઠીએ છોડાવનાર **દાનધર્મ** છે. માટે પ્રથમ દાનધર્મની જરૂર છે. તે દાનધર્મના ત્રણ પ્રકાર છે. ૧ અભયદાન, ૨ જ્ઞાનદાન, ૩ ધર્મોપગ્રહદાન.

**અભયદાન**

એ ત્રણ પ્રકારના દાનમાં પ્રથમ અભયદાન કેમ ? અભયદાન કરનારજ જ્ઞાનદાન અને ધર્મોપગ્રહદાન દઇ શકે. જ્ઞાનદાન દઇ શકે કોણ ? હયાત જીંદગીવાળો.

જ્ઞાનદાન ખરી રીતે ચિત્રામણ છે. જ્યારે અભયદાન એ ભીંત સમાન છે. ભીંત ઉપરજ ચીતરામણ હોય. તેમ સર્વ ગુણો અભયદાનથીજ ટકી શકે. એક મનુષ્ય ચૌદ વર્ષ સુધી ભણ્યો છે. તે અત્યારે કોઇના મારી નાખવાથી કાળ કરે તો ચૌદ વર્ષો તેનાં પાણીમાં ગયાં કહેવાય. પણ એક અભયદાન હોય તો બધુંય ટકે.

## હિંસાની સુક્ષ્મ વિચારણા.

જ્યારે આ વાત આપણે ધ્યાનમાં રાખીએ. ત્યારે દુનિયામાં હિંસાની જે વ્યાખ્યા છે તેના કરતાં શાસ્ત્રકારોએ તેની જુદી વ્યાખ્યા કરી. દુનિયાએ મનુષ્ય–જીવો ઉપર દૃષ્ટિ રાખી જ્યારે શાસ્ત્રકાર મહારાજાઓએ ગુણનાશ ઉપર વધારે દૃષ્ટિ રાખી. ગુણ ઉપર હિંસાનું ધોરણ રાખ્યું છે. એક મનુષ્યને મારવાનું કોઇએ ધાર્યું હોય તો તેમાં દશ પ્રાણ અને છ પર્યાપ્તિ નાશ થાય. પણ પાણીનું બિંદુ લો. તેમાં અસંખ્યાતા જીવો છે. એક પાણીના બિંદુ કરતાં મનુષ્યને મારો તો વધારે દુર્ગતિ થાય. અસંખ્યાતા જીવો ચાર ચાર પ્રાણવાળા જીવો છે. તેની શક્તિ કરતાં મનુષ્યની સ્પર્શ, રસ વિગેરે શક્તિઓ વધારે છે. દુનિયાભરના અસંખ્યાતા જીવો મનુષ્યને પહોંચે તેમ નથી. પંચેન્દ્રિયની હિંસા કરનારને નરકનું કારણ જણાવ્યું છે. જીવપણું સરખું છતાં અભયદાનમાં ગુણ ઉપરજ લક્ષ્ય અપાય છે. જેમ જેમ ગુણમાં અધિક તેમ તેમ હિંસાના પાપનું અધિકપણું સમજવું જોઇએ. જેમ કોઇની ખોટી સાક્ષી પૂરી એ પણ એક જાતનું અસત્ય છે. એવા અસત્યમાં નુકશાન અને ફાયદાના પરિણામ ઉપર ધ્યાન દેવાય છે તેમ જીવો બધા સરખા છે પણ જેમ જેમ ગુણમાં અધિક તેમ તેમ હિંસાનું પાપ અધિક ગણાય. એકેન્દ્રિયની હિંસા કરતાં પંચેન્દ્રિયની હિંસા વધુ નુકશાનકારક હોય છે. સાધુમાં ગુણે વધ્યા તેથી સાધુની હિંસામાં વધુ પાપ. સમ્યગ્દર્શનાદિવાળા મનુષ્યને મારવાથી વધુ પાપ થાય છે. તેની હિંસાને ટાળવાની પ્રથમ જરૂર છે. તેથીજ અભયદાનને સર્વ દાનોમાં શ્રેષ્ઠ ગણાવ્યું છે. જડ જીવન એકલાનેજ કિંમતી ગણવા જાય તો ન ચાલે તેથીજ જીવ જીવનની કિંમત સમજવી પડે. જડજીવન અને જીવજીવનનો વિવેક તો જ્ઞાનીજ કરી શકે.

**જ્ઞાનદાન.**

બીજો નંબર જ્ઞાનદાનનો. જ્ઞાન દેવાવાળો કેવો હોય ? વરસાદનું પાણી લીંબુડીમાં થઈને આવે તો તે કડવું હોય છે. પણ આંબામાં થઇને આવે તો તે મીઠું હોય છે. સર્વજ્ઞ ભગવાનનું વચન જ્ઞાનદાનમાં દેવાનું છે છતાં તેને દેવાવાળો જેવો લાયક હશે તેવું જ્ઞાન થશે. માટે જ્ઞાનદાનને દેવાવાળો કેવો હોવો જોઇએ ? તેના લક્ષણો કયા હોય તે હવે જણાવીશું.

(અપૂર્ણ)

# પ્રભુ શ્રી મહાવીરનો યતના-ધર્મ

જૈન ગ્રન્થની પ્રાકૃત-કથાનું અવતરણ

અવતરણકાર—પં. શ્રી હેમસાગરજી.

(ગતાંકથી ચાલુ)

કોઇ રાજાને સમગ્ર લક્ષણવાળો એક અશ્વ (ઘોડો) છે. તે અશ્વના પ્રભાવથી તે રાજાની સર્વ સંપત્તિ દિનદિન વૃદ્ધિ પામવા લાગી. આથી ઇર્ષ્યાને આધીન બનેલા અન્ય રાજાઓ પોતપોતાની રાજસભામાં કહેવા લાગ્યા કે અરે! તમારામાં એવો કોઇ બહાદુર પુરૂષ છે કે જે પેલા રાજાના જાત્યવંત અશ્વનું હરણ કરી લાવે. આ વાત સાંભળીને કેટલાક ચરપુરૂષો કહેવા લાગ્યા કે હે રાજન્! તે અશ્વને હરણ કર્યા પછી હમારે તો સદાય માટે પીંજરામાં પુરાઇને જીંદગી પુરી કરવાની માટે અમે હરણ કરી શકીએ તેમ નથી. આ વાત સાંભળીને એક પુરૂષે કહ્યું કે હે રાજન્! હું એ અશ્વનેજ મારી નાંખું તો કેમ? રાજાએ કહ્યું કે તેમ તો તેમ કરો પણ એ રાજાને ત્યાં તો એ અશ્વ ન રહેવો જોઇએ. રાજાની એ આજ્ઞા મસ્તક ચડાવીને તે અનુચર તે અશ્વના સ્થાને ગયો. પરંતુ એ અશ્વનું દર્શન પણ તેને ન થયું એક દિવસ દૂરથી તે અશ્વને તેણે દેખ્યો. એ વખતે તેણે વિચાર કર્યો કે 'આ અશ્વ આમ સહજમાં હાથમાં આવશે નહિ અને તેથી મરશે નહિં માટે એવો કોઇ એવો બીજો ઉપાય શોધી કાઢવો કે જેથી કરીને તેના શરીરમાં શલ્ય થાય અને દિવસે દિવસે અશ્વ દુબળો થઇ મરણ પામે.' આવો દુષ્ટ ઉપાય ચિંતવીને તેણે અવસર પામીને તે ઉત્તમ જાત્યવંત તેજસ્વી ઘોડાને ગોખરામાં કાંટા વડે કોઇપણ પ્રકારે વીંધ્યો તેથી અશ્વ પણ સુક્ષ્મ શલ્યવડે પીડા પામવા લાગ્યો. અશ્વના શરીરમાં આ રીતનું શલ્ય હોવાથી ઘણા યવ વિગેરે સુંદર ધાન્ય ખાવા છતાં સુકાતો જતો હોવાથી ચિંતાતુર બનેલા રાજાએ વૈદ્યને બોલાવીને તે અશ્વની અપૂર્વ ચિકિત્સા કરાવી. નિપુણ વૈદ્યે પણ ઉત્તમ ચિકિત્સા કરીને કહ્યું કે હે રાજન્! અશ્વને કોઇપણ જાતનો ધાતુનો પ્રકોપ થયો નથી. પરંતુ નજીવું એવું કંઇપણ શલ્ય જણાય છે. એ મુજબ વાત કર્યા બાદ નિદાનના જાણ એવા દીર્ઘદર્શી વૈદ્યે અશ્વના સમગ્ર શરીરે પાતળા કાદવથી એકી સાથે ઝડપબંધ લેપ કર્યો. લેપ કરતાંની સાથે જે સ્થાને એ અશ્વનું કાંટાનું શલ્ય હતું તે સ્થાને વેદનાને અંગે ઉષ્ણતા હોવાથી દેહના બીજા સ્થાન કરતાં શલ્યવાળું સ્થાન તુરત સુકાઇ ગયું. એ પછી તે સ્થાને તપાસ કરતા સૂક્ષ્મ શલ્ય દેખાયું એ પછી પ્રમુદિત થયેલાં વૈદ્યે તે શલ્યને કાઢીને અશ્વને નિઃશલ્ય સ્વસ્થ બનાવ્યો શલ્યવાળો આ અશ્વ જેમ સુખે જીવી શકતો નહતો તેમ આત્મા પણ શલ્યવાળો હોય તો કર્મનો જય કરવા સમર્થ નથી. આ દ્રષ્ટાંતનો ઉપનય છે.

બીજું દ્રષ્ટાંતઃ—

કોઈ તાપસ કુમાર ફળ લેવા માટે વનમાં ગયેલ છે. કોઇક દિવસે તેણે વનમાં રહેલી નદીના કાંઠા ઉપર મરેલું શુષ્ક માછલું દેખાયું ચારે તરફ આગળ પાછળ

નજર ફેંકતા વન નિર્જન દેખ્યું. એટલે નિર્ભય-પણે તે મત્સ્યનું ભક્ષણ કરી ગયો. પરંતુ પછીથી વ્યાધિથી સપડાયો. વૈદ્યોએ પુછયું કે તેં એવું કંઇપણ અપથ્ય ખાધું છે કે શું? એવી રીતે વારંવાર વૈદ્યે પુછયું પરંતુ તે તાપસ-કુમાર શરમથી સત્ય વાત પ્રગટ કરતો નથી. એટેના બીજા ભદ્રિક તાપસ મુનિઓએ વૈદ્યને કહ્યું કે અમે તો ફળાહારી છીએ. જેથી કદાચ તેવા કોઇક અજાણ્યા ફળ આ તાપસકુમારથી ખવાઇ ગયા હશે જેથી બોલતો નથી. ત્યારપછી વૈદ્યે તે કુમારને ખુબ ઘી પાયું એમ કરવાથી ઉલટો વ્યાધિ વધ્યો. વૈદ્યે પુનઃ આગ્રહથી પૂછયું કે સાચું બોલ મરણાંત કષ્ટમાં આવી પડેલા તે કુમારે જ્યારે સાચી વાત જણાવી એટલે વૈદ્યે પણ ઉત્તમ નિદાન કરવા પૂર્વક ઝાડા ઉલટી કરાવીને વ્યાધિ રહિત કર્યો.

એવી રીતે પોતાના અતિચાર કે અપરાધ આડુંઅવળું બોલીને છુપાવે કે અપલાપ કરે તેની શુદ્ધિ તો ગુરુ મહારાજ પણ ન કરી શકે. પોતાના અપરાધોને નિખાલસ દીલે ગુરુ મહારાજ પાસે ખુલ્લા કરવામાં આવે તોજ તાપસકુમારની માફક અપરાધરૂપી વ્યાધિથી મુક્ત બની શકાય.

દંડ-પ્રાયશ્ચિત લઇને શુદ્ધ થયેલ આત્મા જલદી શાશ્વત મોક્ષસ્થાન પામે છે. જ્યારે પ્રાયશ્ચિત ન લેનાર આત્મા સંસારવૃદ્ધિ કરે છે. જગતમાં દંડ સહેજે સહેજે થઇ જાય છે. તેથી હું દંડાયો એમ અધૃતિ ન કરીશ. પ્રાયશ્ચિત્તરૂપી આ દંડ સહેજે મળે તેમ નથી. એ તો મળવો દુર્લભ છે. કારણ કે હે આત્મન્! આ દંડ એતો ખરાબ દંડને નિવારણ કરનાર છે. તેં આ પ્રમાણે પાપ કર્યું છે તેથી તેની શુદ્ધિ માટે સર્વજ્ઞ પુરૂષોએ જે દંડવડે શુદ્ધિ દેખી છે તે દંડ ગુરુ મહારાજ તરફથી અપાય છે. આ લોકમાં કરેલા પ્રત્યક્ષ પાપોને અંગે રાજ સત્તાદિ અજ્ઞાન સત્તાદ્વારા મળતા દંડથી અથવા કાવાદાવાથી કદાચ અહીંથી તું છુટી જઇશ. પરંતુ ભવાંતરમાં તારા શેષ પાપકર્મથી તું છૂટી શકવાનો નથી. આ બધું સમજીને હે રૂપ્પિ! હે વત્સ! બાલ્યકાળથી લઇને અત્યાર સુધીના બધા પાપો તું આલોવ અને એ રીતે તું શુદ્ધ થઇને પછી સુખેથી સંલેખના કર. ગુરુ મહારાજનો એ મુજબનો પરમ હિતકર ઉપદેશ સાંભળીને રૂપ્પિ પણ 'ઇચ્છામિ' એમ કહી ગુરુનું વચન અંગીકાર કરે છે.

હવે તે રૂપ્પિકુમારી સાધ્વી ગુરુમહા-રાજને વંદન કરીને સર્વ દર્પાદિથી જે કંઇ પાપકર્મ કર્યા છે તેના સર્વ અતિચારો આલોવે છે. પરંતુ પેલો રાજસભામાં દૃષ્ટિ-વિકાર કર્યો હતો તે વાત બોલતી નથી. ત્યારપછી ગુરુમહારાજ બોલે છે કે "હે વત્સે! તે વખતે રાજસભામાં ઘણા લાંબા વખત સુધી મારા તરફ રાગવાળી દૃષ્ટિ કરીને જોઇ રહી હતી તે ભૂલી ગઇ કે શું? મને દેખીને વિકાર-વાળી દૃષ્ટિ કરીને મારૂં ચિંતવન કર્યું હતું તે વિસ્મરણ થયું કે શું?"

રૂપ્પિકુમારી કહે છે કે—"હે ગુરૂમહારાજ! ત્યારે મેં સરાગ દૃષ્ટિ કરી હતી તે વાત સત્ય છે પણ તે તો આપની પરીક્ષા કરવા માટે કરી હતી. આમ હોવાથી એમાં શું આલોવવાનું હતું? અથવા તો સર્વપ્રકારે શુદ્ધ એવી મને તે વખતે જો તેમજ હોય તો આલોવવામાં પણ શું વાંધો છે?" આમ સાંભળીને સંવેગ ગુણના સમુદ્ર એવા તે આચાર્ય મહારાજે વિચાર્યું કે-"ખરેખર સ્રીસ્વભાવને ધિક્કાર થાઓ કારણ કે સાધુપણામાં પણ સદાકાળ સંયમરસમાં ઝીલવાપૂર્વક જેણે આટલો વખત પસાર કર્યો, તીવ્ર તપશ્ચર્યાદિક કર્યા અને વર્તમાનમાં સંલેખના કરવા માટે તત્પર હોવા છતાં પણ એની માયા (કપટ) હજુ સુધી જતી નથી. ખરેખર રૂપ્પિ રૂપ અગ્નિમાં ગુરૂ મહારાજનો ઉપદેશ ઓસરી ગયો. એ રૂપ્પિએ ભણેલા સૂત્રો તેમજ તેણે એકઠું કરેલું પુન્ય નાશ પામ્યું."

આમ છતાં પણ કરૂણાના સમુદ્ર એવા એ તારક ગુરુ મહારાજે રૂપ્પિને સમજાવીને તેનો ઉદ્ધાર કરવા માટે ફરીથી પ્રયત્ન કરતાં લક્ષ્મણાનું દ્રષ્ટાંત આપીને જણાવ્યું કે—લક્ષ્મણા નામની સાધ્વી જે રાજપુત્રી હતી તેની વાત હે વત્સ તે નથી સાંભળી? મનથી વિચારેલ અતિચાર, પોતાની લઘુતા થશે એમ ધારીને ગુરુમહારાજને ન જણાવી તે નજ જણાવી. પરિણામે શું થયું? તે અતિચારની શુદ્ધિ માટે તીવ્ર તપશ્ચર્યા કરવા છતાં સંસારરૂપી અરણ્યમાં ખૂબજ ભટકી ને! આ વાત સાંભળી રૂપ્પિ સાધ્વીજી કહે છે કે હે ભગવંત! તે સાધ્વી કોણ હતી? ત્યારે ગુરૂ મહારાજ કહે છે કે—હે આર્યે? વૈરાગ્ય ઉત્પન્ન કરાવનાર એવા તેના ચારિત્રને તું સાંભળ.

આ હુંડા અવસર્પિણી પૂર્વે ૮૪ ચોવીસી પહેલાં અવસર્પિણી કાળમાં જ્યારે સાત હાથની કાયાવાળા ચોવીશમા તીર્થંકર મહારાજ વિચરતા હતા ત્યારે **ધરણીપ્રતિષ્ઠિત** નગરમાં **જંબૂદાડિમ** નામનો રાજા હતો તે રાજાને **શ્રીમતી** નામની રાણી હતી. તે રાજાને પુન્યના બળે અનેક પુત્રો હતા પરંતુ એક પણ પુત્રી ન હતી. તેથી તે શ્રીમતી રાણી રાજાની સાથે પુત્રીને માટે ઘણી માનતાઓ કરે છે એમ કરતાં તેણીએ એક પુત્રીને જન્મ આપ્યો જેનું નામ લક્ષ્મણા પાડયું. દેવાંગના સમાન સ્વરૂપવાળી તે લક્ષ્મણા અનુક્રમે યૌવનાસ્થા પામી. કોઈક અવસરે તે કુંવરીનો પિતા લક્ષ્મણાને યૌવનવતી અને રૂપલાવણ્યમાં તેમજ ગુણમાં સહુથી ચડીયાતી દેખીને સભામાં કહે છે કે હે મંત્રીઓ! સામંતો! આ કુંવરીનો યોગ્ય વર કોણ છે? એમ સાંભળીને તેઓએ કહ્યું કે હે રાજન્! સ્વયંવર કરો. ત્યારપછી રાજાએ શુભ મુહૂર્તે સ્વયંવરમંડપ કરાવ્યો. જુદા જુદા દેશના રાજા અને રાજપુત્રો ઉપર સ્વયંવર માટે પ્રેમપૂર્વક આમંત્રણો મોકલ્યા. ઘણા રાજાઓ તથા રાજકુમારો સ્વયંવરમંડપમાં આવીને બેઠેલા છે તે અવસરે લક્ષ્મણા રાજપુત્રી શ્વેતવસ્ત્ર ધારણ કરીને સુંદર આભૂષણો તથા શ્વેત પુષ્પોની માળાથી શોભતી શ્વેત છત્ર તથા ચામરે કરીને વીંજાતી સ્વયંવરમંડપમાં આવી પહોંચી. ત્યાં આગળ જંબુદાડિમ રાજાની

આજ્ઞાથી અંતઃપુરનો પ્રધાન પુરૂષ લક્ષ્મણાને નામ અને ગોત્ર જણાવવા પૂર્વક દરેક આવેલ રાજપુત્રોને ઓળખાવે છે. પરિણામે એક કુંવરના ગુણગાનથી હર્ષવાળી થઈને તે કુંવરીએ રાજકુંવરના કંઠ પ્રદેશમાં વરમાળા પહેરાવી.

નૃપતિએ પણ તેણીનું તે કુમાર સાથે લગ્ન કર્યું. પરંતુ ભવાંતરમાં બાંધેલા કોઈક તીવ્ર અશુભ કર્મના ઉદયથી તે રાજકુમાર લગ્નની ચોરીમાંજ મૃત્યુ પામ્યો. વરકન્યા બંનેના શ્વસુર પક્ષમાં એ અવસરે ઘણોજ કરૂણ કલ્પાંત થયો. પરિવાર વર્ગે તે મૃતકુમારનો શોક સહિત અગ્નિ સંસ્કાર કર્યો. લક્ષ્મણા રાજપુત્રી પણ પોતાના પતિના મૃત્યુથી અત્યંત આક્રંદ કરવા લાગી ત્યારે પિતાએ કહ્યું કે "વત્સે ! ચક્રવર્તી કે ઇંદ્રનો પણ પુરુષાર્થ મૃત્યુ આગળ નિરર્થક છે તો કુંપળ—નવીન પાંદડા સરખા પરાક્રમ વગરના અમારા જેવાની મૃત્યુ આગળ શી ગણતરી ? એમ સમજીને સમજુ અને વિવેકી પુરૂષો જે શુભાશુભ કર્મ આવી પડે છે તેને દીનતા વગર સહન કરે છે માટે હે પુત્રી ? ધીરજ ધારણ કરી દૈવયોગે આવી પડેલી દુઃખી સ્થિતિને તું પ્રશાંત મનથી સહન કર. હંમેશા જિનમંદિરોમાં જિનબિંબોની સ્નાત્ર વિલેપનાદિક અષ્ટ પ્રકારી પૂજા કર. યથાશક્તિ વિવિધ તપ કર. અનિદાનપણે દાન કર. વૈરાગ્ય અને સંવેગ વૃદ્ધિ કરનાર શાસ્ત્રોનું અધ્યયન કર. શુભ શીલવાન સજ્જન માણસોનો સંસર્ગ કર. કારણ કે સતી સ્ત્રીઓના, જેનો પતિ પરદેશ ગયો હોય તેના, વિધવાઓના, ઉત્તમ સાધ્વીઓના દિવસો ધર્મમાં રક્ત રહેવાથી આનંદપૂર્વક ચાલ્યા જાય છે. પિતાની એ વાત રૂચિકર થઇ છે જેને તેવી તે પુત્રીને પિતાએ ત્યારપછી જિનમતમાં નિપુણ એવા અંતઃપુર રક્ષક વૃદ્ધ પુરૂષને સોંપી. ત્યારપછી તે લક્ષ્મણા દેવી પણ શ્રાવક ધર્મને સુંદર રીતે આરાધવા લાગી.

કોઇ એક દિવસે ત્યાં આગળ **જયભૂષણ** નામના તીર્થંકર ભગવંત સમવસર્યા ત્યાં આગળ પ્રવચન વિધિથી દેવતાઓએ સમવસરણ વિકુર્વ્યું. તેમાં બેસીને દેવતા મનુષ્યોની પર્ષદા સમક્ષ પ્રભુ ધર્મ સંભળાવે છે એટલામાં ઉદ્યાનપાલકે રાજાને વધામણી આપી કે હે રાજન્ ! શ્રી તીર્થંકર પરમાત્મા બહાર ઉદ્યાનમાં સમવસર્યા છે. એ સાંભળી પ્રસન્ન થયેલ રાજા તુષ્ટિદાન આસીને સ્વજન પરિવાર અને સર્વ રૂદ્ધિ સહિત જિનેશ્વર ભગવંતને વંદન કરવા માટે સમવસરણમાં આવી પહોંચ્યો. સમવસરણમાં પ્રવેશ કરીને આ પ્રમાણે તે સ્તુતિ કરવા લાગ્યોઃ—

અસુર અને સુર સમુદાય તેમજ કિન્નર અને નરના સમુદાયો વડે સેવન કરાયા છે ચરણ કમળ જેમનાં તેમજ અજ્ઞાનરૂપી અંધકારના સમૂહને દૂર કરવા સૂર્ય સમાન હે દેવ ! આપ જય પામો. નિર્મળગુણગણરૂપ સમુદ્રને ઉલ્લંઘન કરવામાં ચંદ્ર સમાન કમળના પત્ર અને નાળ સરખાં કોમળ છે કર જેના તેમજ ઇંદ્રિયોરૂપી તુરંગ—ઘોડાને દમન કરનારા હે દેવ ! આપ જય પામો. હે દેવ ! કરૂણારસના સમુદ્ર ! સંદેહસમુહને ટાળનારા ! બાળ સૂર્યના કિરણ સરખા લાલ છે ચરણ કમળ જેમનાં અને ઉત્તમ કમળ સરખા વદનવાળા ! આપ જય પામો.

(અપૂર્ણ)

# સુધા-સાગર

૧. જગતમાં સ્વભાવે કરીને આત્માના પરિણામ કરનારી ઊંચામાં ઊંચી વસ્તુ હોય તો તે માત્ર સરલતાજ છે.

૨. મોટા મોટા રાજાઓને પણ મહાત્મા પુરૂષો એ વસ્તુ જણાવે છે કે મહારાજા? આ ત્રણ વસ્તુઓ સંત પુરૂષોએ હંમેશાં વર્જવા લાયક છે.

(૧) પોતાની પ્રશંસા પોતાને મુખે કરવી.

(૨) કોઇપણ આત્માના છતા કે અછાતા દોષો કહી નિંદા કરવી.

(૩) અજ્ઞાનમય એવી સાંસારિક અવસ્થામાં જે કામક્રીડા થઇ હોય તેનું સ્મરણ કરવું.

૩. મનુષ્યોને માટે કર્મ બંધનનું અને કર્મથી છુટી મોક્ષે જવાનું કારણ ફકત ચિત્ત મનનું અશુદ્ધપણું અને શુદ્ધપણુંજ છે. માટે તેજ મનુષ્યે આત્માનો બચાવ કર્યો છે જેઓએ પોતાના ચિત્ત—મનનું કર્મોના બંધનોથી દૂર રાખીને સંવર અને નિર્જરામાં રાખી રક્ષણ કર્યું છે.

૪. જગતમાં સત્પુરૂષપણું આપવાથી કે લેવાથી આવતું નથી. પણ સત્પુરૂષોનાં લક્ષણો આવવાથી સત્પુરૂષપણું આવે છે, અને સત્પુરૂષોનું ખરૂં લક્ષણજ એ છે કે તેઓએ સંસાર સમુદ્રથી તરવા અને અન્ય ભવ્ય જીવોને તારવાવાળા સદ્‌ગુરૂનાં વિનય વૈયાવચ્ચ આદિ કરવાંજ જોઇએ.

૫ જ્ઞાનદષ્ટિથી દેખનારને આ સંસાર ગતિ જાતિ આદિ અનેક પ્રકારના રૂપોથી ભરેલો હોવાથી નાટક રૂપજ લાગે અને એ નાટકમાં જો કે ચૌદ રાજલોકના જીવો પાત્રરૂપ છે. તો પણ તેમને નવા નવા દેવનારકાદિ રૂપોમાં જવા અને રહેવાની ફરજ પાડનાર કોઈપણ હોય તો તે માત્ર કર્મપરિણામ નામનો સકલ જગતમાં વ્યાપેલો રાજાજ છે. એ રાજા સ્વયં સર્વ ઉથલ પાથલો કરાવવામાં જે શકિત ધરાવે છે. તેમાં ખરેખર સામર્થ્ય તો જગતની મર્યાદા એવા નામની જે તે રાજાની બ્હેન છે, તેનુંજ છે. કર્મ પરિણામ પણ લોક સ્થિતિના હુકમ મુજબજ ચાલે છે.

૬. જગતના જીવોએ ધ્યાન રાખવાની જરૂર છે, કે કોઈપણ પ્રકારનું દુઃખ થાય એ પ્રતિકુલ છે પરંતુ તે દુઃખ આવે ત્યારે ખિન્ન થવું એ વ્યર્થ છે. કારણ કે દુઃખ માત્ર પોતેજ કષાય અને ઇંદ્રિયને આધીન થઇને પૂર્વકાલમાં બાંધેલાં કર્મોનુંજ પરિણામ છે. પોતાના હૃદયની જવાબદારી અને જોખમદારી સમજનારને દુઃખ આવે ત્યારે પોતાની ભૂલનું ભાન થાય પણ ખેદ ન થાય.

૭ જગતમાં એવી કોઇ સારી વસ્તુ છે કે જે સજીવવસ્તુ સાર અને અસારનો, વર્તમાન અને ભવિષ્યનો તથા ભવનું કારણ કે મોક્ષનું કારણ છે. એવો વિચાર કરીને પ્રવર્તનારને ન મળે? અર્થાત્ વિચારપૂર્વક વર્તનારને સર્વ ઇષ્ટ વસ્તુ મળે છે.

૮. સત્પુરુષના સમાગમથી સાક્ષાત્ અને પરંપરાએ થતા ફાયદાઓનું જગતમાં સ્પષ્ટપણે કથન કરવાને અને પ્રત્યેકની કિંમત કરવાને કોણ સમર્થ છે.

૯ આત્માને ગુણોની પ્રાપ્તિ થવી અને તે દ્વારાએ મહાનદપદને મેળવવા ઇચ્છનાર મનુષ્યો સર્વક્ષેત્ર અને સર્વકાલે પૂજ્યતાનું ગુણો સિવાય બીજું નથી

૧૦. કચરા આદિમાં ઉત્પન્ન થએલાં કમલો આદિને ધારણ કરવા આદિ ઉપયોગમાં લેવાય અને પોતાના શરીરમાંજ ઉત્પન્ન થએલ મલમૂત્રાદિને છોડી દેવાય છે. તે ઉપરથી નક્કી થાય છે કે જગતમાં પૂજ્યતા પ્રાપ્ત કરવામાં કેવલ ગુણોજ કારણ છે. પૂજ્યતામાં જન્યજનકભાવ કે એવો કોઇ પણ સંબંધ કામ લાગતો નથી.

મુદ્રક : **મુલચંદ કસનદાસ કાપડીયા** “જૈન વિજય” પ્રીં. પ્રેસ—ગાંધીચોક, સુરત.
પ્રકાશક : **શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી**, શ્રી.સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

## સંવત ૨૦૦૨નું પાંચ માસનું જૈન પંચાગ

વીર સં. ૨૪૭૨
સને ૧૯૪૫-૪૬

### દિવસનાં ચોઘડીયાં.

| રવિ | સોમ | ભોમ | બુધ | ગુરૂ | શુક્ર | શની |
|---|---|---|---|---|---|---|
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાલ |

### રાત્રાનાં ચોઘડીયાં.

| રવિ | સોમ | ભોમ | બુધ | ગુરૂ | શુકર | શની |
|---|---|---|---|---|---|---|
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |
| અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ |
| ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ |
| રોગ | લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત |
| કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ |
| લાભ | શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ |
| ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ | શુભ | ચલ | કાળ |
| શુભ | ચલ | કાળ | ઉદ્વેગ | અમૃત | રોગ | લાભ |

### વાર્ષિક જૈન પર્વો

**કાર્તિક**

સુદ ૧ પ્ર. સોમ શ્રી ગૌતમસ્વામી કેવલજ્ઞાન નવીન વર્ષારંભ વીર સંવત ૨૪૭૨ વિ મ સંવત ૨૦૦૨

સુદ ૫ શનિ જ્ઞાનપંચમી

સુદ ૬ રવિ ચૌમાસી અઠ્ઠાઈ બેઠી

સુદ ૧૪ રવિ ચૌમાસી ચૌદશ

સુદ ૧૫ સોમ શ્રી સિદ્ધાચલ યાત્રા

વદ ૧ મંગળ રોહિણી

**માગશર**

સુદ ૧૧ શનિ મૌન એકાદશી

સુદ ૧૫ મંગળ રોહિણી

વદ ૧૦ શનિ પોષદશમી શ્રી પાર્શ્વનાથ ભગવાન જન્મ કલ્યાણક

**પોષ**

સુદ ૧૨ સોમ રોહિણી

વદ ૧૩ ગુરૂ મેરૂ તેરસ શ્રી આદિશ્વર ભગવાન નિર્વાણ કલ્યાણક

**મહા**

સુદ ૯ રવિ રોહિણી

સુદ ૧૦ સોમ શ્રી ભોયણી મલ્લિનાથજી વર્ષગાંઠ

વદ ૨ સોમ આગમમંદિર અંજનશલાકા સં. ૧૯૯૯

| કારતક | | | માગશર | | | પોષ | | | મહા | | | ફાગણ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| સુદ ૧ બે સુદ ૧૦નો ક્ષય | | | સુ. ૧૩નો ક્ષય વદ ૯ બે | | | સુદ ૯નો ક્ષય વદ ૧૨ બે | | | સુદ ૩ ક્ષય | | | સુદ ૭ ક્ષય વદ ૪ બે | | |
| તિથિ | વાર | તા. | તિથિ | વાર | તા. | તિથિ | વાર | તા | તિથિ | વાર | તા | તિથિ | વાર | તા |
| સુ૧ | સોમ | ૫ | સુ૧ | બુધ | ૫ | સુ૧ | શુક્ર | ૪ | સુ૧ | રવિ | ૩ | સુ૧ | સોમ | ૪ |
| ૧ | મંગળ | ૬ | ૨ | ગુરૂ | ૬ | ૨ | શની | ૫ | ૨ | સોમ | ૪ | ૨ | મંગળ | ૫ |
| ૨ | બુધ | ૭ | ૩ | શુક્ર | ૭ | ૩ | રવિ | ૬ | ૪ | મંગળ | ૫ | ૩ | બુધ | ૬ |
| ૩ | ગુરૂ | ૮ | ૪ | શની | ૮ | ૪ | સોમ | ૭ | ૫ | બુધ | ૬ | ૪ | ગુરૂ | ૭ |
| ૪ | શુક્ર | ૯ | ૫ | રવિ | ૯ | ૫ | મંગળ | ૮ | ૬ | ગુરૂ | ૭ | ૫ | શુક્ર | ૮ |
| ૫ | શની | ૧૦ | ૬ | સોમ | ૧૦ | ૬ | બુધ | ૯ | ૭ | શુક્ર | ૮ | ૬ | શની | ૯ |
| ૬ | રવિ | ૧૧ | ૭ | મંગળ | ૧૧ | ૭ | ગુરૂ | ૧૦ | ૮ | શની | ૯ | ૮ | રવિ | ૧૦ |
| ૭ | સોમ | ૧૨ | ૮ | બુધ | ૧૨ | ૮ | શુક્ર | ૧૧ | ૯ | રવિ | ૧૦ | ૯ | સોમ | ૧૧ |
| ૮ | મંગળ | ૧૩ | ૯ | ગુરૂ | ૧૩ | ૧૦ | શની | ૧૨ | ૧૦ | સોમ | ૧૧ | ૧૦ | મંગળ | ૧૨ |
| ૯ | બુધ | ૧૪ | ૧૦ | શુક્ર | ૧૪ | ૧૧ | રવિ | ૧૩ | ૧૧ | મંગળ | ૧૨ | ૧૧ | બુધ | ૧૩ |
| ૧૧ | ગુરૂ | ૧૫ | ૧૧ | શની | ૧૫ | ૧૨ | સોમ | ૧૪ | ૧૨ | બુધ | ૧૩ | ૧૨ | ગુરૂ | ૧૪ |
| ૧૨ | શુક્ર | ૧૬ | ૧૨ | રવિ | ૧૬ | ૧૩ | મંગળ | ૧૫ | ૧૩ | ગુરૂ | ૧૪ | ૧૩ | શુક્ર | ૧૫ |
| ૧૩ | શની | ૧૭ | ૧૪ | સોમ | ૧૭ | ૧૪ | બુધ | ૧૬ | ૧૪ | શુક્ર | ૧૫ | ૧૪ | શનિ | ૧૬ |
| ૧૪ | રવિ | ૧૮ | ૧૫ | મંગળ | ૧૮ | ૧૫ | ગુરૂ | ૧૭ | ૧૫ | શની | ૧૬ | ૧૫ | રવિ | ૧૭ |
| ૧૫ | સોમ | ૧૯ | | | | | | | | | | | | |
| વ૧ | મંગળ | ૨૦ | વ૧ | બુધ | ૧૯ | વ૧ | શુક્ર | ૧૮ | વ૧ | રવિ | ૧૭ | વ૧ | સોમ | ૧૮ |
| ૨ | બુધ | ૨૧ | ૨ | ગુરૂ | ૨૦ | ૨ | શની | ૧૯ | ૨ | સોમ | ૧૮ | ૨ | મંગળ | ૧૯ |
| ૩ | ગુરૂ | ૨૨ | ૩ | શુક્ર | ૨૧ | ૩ | રવિ | ૨૦ | ૩ | મંગળ | ૧૯ | ૩ | બુધ | ૨૦ |
| ૪ | શુક્ર | ૨૩ | ૪ | શની | ૨૨ | ૪ | સોમ | ૨૧ | ૪ | બુધ | ૨૦ | ૪ | ગુરૂ | ૨૧ |
| ૫ | શની | ૨૪ | ૫ | રવિ | ૨૩ | ૫ | મંગળ | ૨૨ | ૫ | ગુરૂ | ૨૧ | ૪ | શુક્ર | ૨૨ |
| ૬ | રવિ | ૨૫ | ૬ | સોમ | ૨૪ | ૬ | બુધ | ૨૩ | ૬ | શુક્ર | ૨૨ | ૫ | શનિ | ૨૩ |
| ૭ | સોમ | ૨૬ | ૭ | મંગળ | ૨૫ | ૭ | ગુરૂ | ૨૪ | ૭ | શની | ૨૩ | ૬ | રવિ | ૨૪ |
| ૮ | મંગળ | ૨૭ | ૮ | બુધ | ૨૬ | ૮ | શુક્ર | ૨૫ | ૮ | રવિ | ૨૪ | ૭ | સોમ | ૨૫ |
| ૯ | બુધ | ૨૮ | ૯ | ગુરૂ | ૨૭ | ૯ | શની | ૨૬ | ૯ | સોમ | ૨૫ | ૮ | મંગળ | ૨૬ |
| ૧૦ | ગુરૂ | ૨૯ | ૯ | શુક્ર | ૨૮ | ૧૦ | રવિ | ૨૭ | ૧૦ | મંગળ | ૨૬ | ૯ | બુધ | ૨૭ |
| ૧૧ | શુક્ર | ૩૦ | ૧૦ | શની | ૨૯ | ૧૧ | સોમ | ૨૮ | ૧૧ | બુધ | ૨૭ | ૧૦ | ગુરૂ | ૨૮ |
| ૧૨ | શની | *૧ | ૧૧ | રવિ | ૩૦ | ૧૨ | મંગળ | ૨૯ | ૧૨ | ગુરૂ | ૨૮ | ૧૧ | શુક્ર | ૨૯ |
| ૧૩ | રવિ | ૨ | ૧૨ | સોમ | ૩૧ | ૧૨ | બુધ | ૩૦ | ૧૩ | શુક્ર | *૧ | ૧૨ | શનિ | ૩૦ |
| ૧૪ | સોમ | ૩ | ૧૩ | મંગળ | *૧ | ૧૩ | ગુરૂ | ૩૧ | ૧૪ | શની | ૨ | ૧૩ | રવિ | ૩૧ |
| ૩૦ | મંગળ | ૪ | ૧૪ | બુધ | ૨ | ૧૪ | શુક્ર | *૧ | ૩૦ | રવિ | ૩ | ૧૪ | સોમ | *૧ |
| | | | ૩૦ | ગુરૂ | ૩ | ૩૦ | શની | ૨ | | | | ૩૦ | મંગળ | ૨ |
| *ડીસેમ્બર ૩૧ | | | * જા. ૧૯૪૬ | | | * ફેબ્રુ. ૨૮ | | | * માર્ચ ૩૧ | | | * એપ્રીલ ૩૦ | | |

વદ ૫ ગુરૂ આગમમંદિર પ્રતિષ્ઠા સં. ૧૯૯૯

**ફાગણ**

સુદ ૬ શનિ ચૌમાસી અઠ્ઠાઇ

સુદ ૮ રવિ રોહિણી, નવ્વાણુ વાર આદિશ્વર ભગવાન સિદ્ધાચલ આવ્યા

સુદ ૧૩ શુક્ર સિદ્ધાચલની ૭ ગાઉની પ્રદક્ષિણા

સુદ ૧૪ શનિ ચૌમાસી ચૌદશ

વદ ૮ મંગળ વર્ષીતપની શરૂઆત, કેશરીઆજીનો મહોત્સવ

(૧) રામટોળીએ ફાડેલા વેદ્યના લખાણમાં પણ આઠમ ચૌદશ પર્વ તિથિના ક્ષયની વખતે સાતમ અને તેરશને આઠમ અને ચૌદશ કરવાનું સ્પષ્ટ રીતે કહેલું છે

(૨) શ્રી નિશીથ ચૂર્ણિ, દશા શ્રુતસ્કંધ ચૂર્ણિ, શ્રી ભગવતીજી, ઠાણાંગજી આદિ પરમ માન્ય શાસ્ત્રોને જુઠા, અસિદ્ધ અને અપ્રમાણ માનનારી આ રામટોળીજ છે.

(૩) રામટોળી સિવાય તમામ સંવેગી ચતુર્વિધ સંઘ પૂનમના ક્ષયે તેરશનો ક્ષય કરી ચૌદશ અને પૂનમને કાયમ રાખતા આવ્યા છે અને રાખે છે વળી તેજ શાસ્ત્રસિદ્ધ છે માટે-

**માગશર સુદી ૧૪ સોમવારે તથા માગશર સુદી ૧૫ મંગળવારેજ આરાધવી.**

# શ્રી સિદ્ધચક્ર

!!! વં....દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः

सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः

आचार्या धर्मधुर्याः श्रुतगणपतयो वाचकाः सन्मुनीशा

मोक्षस्यालम्बनाः श्रद्धतिमतिचरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।

चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ॥२॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટ: ૨૫, ૨૭ ]

વર્ષ ૧૨ ] [ અંક ૩ જો

વિક્રમ સં. ૨૦૦૨, વીર સં. ૨૪૭૨. તા. ૧૭-૧૨-૪૫ સોમવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨॥ આના

# યાત્રા સંબંધી સુવચનો

નમસ્કાર સરખો મંત્ર, શત્રુંજય સમાન ગીરી, એ ત્રણ ભુવનમાં અજોડ છે. ઘણાંએ પાપ કરનાર અને સેંકડો જંતુને હણનાર એવા તીર્યંચો પણ આ તીર્થને પામીને દેવલોકમાં ગયા. શત્રુંજય તીર્થની સ્પર્શના કરવાથી ગીરનારજીને નમસ્કાર કરવાથી ને ગજેન્દ્ર કુંડમાં સ્નાન કરવાથી ફરી જન્મ હોતો નથી. જે દેખવાથી પાપને હણે છે. નમસ્કારથી એ દુર્ગતિને હણે છે. તે વિમલાચલ તીર્થ જયવંતુ વર્તો. આનું મહત્વ શું કહીએ? જેના વડે પ્રથમ તીર્થંકરના પૌત્રોએ પણ આના ઉપર ચઢીને લોકના અગ્રભાગને (શિવપદ) હસ્તગત કર્યું. આ સિદ્ધાચલજી યુગની આદિમાં છે. મહાન્ અત્યંત સુકૃતોદયનો ઢગલો હતો. ભવ્ય પ્રાણીઓ વડે સુકૃત ગ્રહણ કરવાથી આ કલિકાલની અંદર દુર્બલ થઇ ગયો. ધ્યાન કરવાથી હજાર પલ્યોપમનું, અભિગ્રહથી લાખ પલ્યોપમનું અને માર્ગમાં જવાથી સાગરોપમનું પાપ નાશ થાય છે. સિદ્ધાચલ ઉપર જિનેશ્વર મહારાજના દર્શનથી બે દુર્ગતીનો નાશ થાય છે. અને પૂજા સ્નાત્ર કરવાથી હજાર સાગરોપમનું પાપ નાશ પામે છે. મિથ્યાત્વરૂપી વીષનો ઓડકાર અને સમ્યક્ત્વરૂપી અમૃતરસ એ એમાં રૂષભદેવ ભગવાનને વંદન કર્યે. છતે પહેલો ક્ષીણ થતો જાય છે. અને બીજો વૃદ્ધિ પામતો જાય છે. સુકૃતની હમેશા શુભ ધ્યાન, અસાર લક્ષ્મીનું ફલ, ચાર પ્રકારના સુકૃતની પ્રાપ્તિ, અત્યંત તીર્થની ઉન્નતિ, તીર્થંકર પદની પ્રાપ્તિ એ તીર્થયાત્રા થતા ફાયદાઓ છે. આ જગતમાં મનુષ્યો તીર્થ યાત્રિકના રજથી કર્મરસથી રહિત થાય છે. અને તીર્થોમાં ગમન કરવાથી ભવમાં ભમતા નથી. તીર્થ સ્થાનમાં લક્ષ્મીનો વ્યય કરવાથી સ્થિર સંપત્તિવાળા થાય છે. અને પ્રભુને પૂજન કરનાર પૂજનિક થાય છે.

યાત્રા ફલ—પાપમય આરંભોની નિવૃત્તિ, ધનની સફલતા, સંઘવાત્સલ્ય, સમકિતની અત્યંત નિર્મલતા, સ્નેહીજનનું હેત, જીર્ણોદ્ધારનું કાર્ય, શાસનની ઉન્નતિ, જિનવચનનું સમ્યગ્ રીતે પાલવાપણું એ યાત્રાનું ફળ છે. તીર્થંકર નામ કર્મનો બંધ, મુકિતનું નજીક હોવું, દેવ અને મનુષ્યની પદ્વી એ તીર્થયાત્રાનું ફલ છે. તીર્થયાત્રા વડે શરીર પાવન કર, ધર્મની અભિલાષા વડે મનને પવિત્ર કર. પાત્રને દાન દેવાથી ધનને પવિત્ર કર, અને સારા આચરણોએ કરીને કુલ પાવન કર.

શેત્રુંજે જઇને રૂષભદેવ તીર્થંકર ભગવંતની પૂજા કરવામાં તેજ આ જન્મનું ફલ છે અને વૈભવનો સાર છે. ચઉવિહાર છઠ કરીને જે શત્રુંજયની સાત જાત્રાઓ કરે છે તે ત્રીજે ભવે મોક્ષપદને પામે છે. અન્ય તીર્થોને વિષે સુવર્ણભુમી અને આભુષણના દાન વડે જે પુન્ય ફલ પમાતું નથી તે શત્રુંજયને વિષે પૂજા અને ન્હવણવડે પમાય છે.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૧૨ ] માગશર [ અંક ૩ જો

## આગમોદ્ધારકની અમોઘદેશના

# શ્રી સૂયગડાંગ સૂત્ર.

### પુંડરીકાધ્યયનમ્

**युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥**

(સંગ્રાહકઃ—સ્વ પં. કાન્તિલાલ ગૌતમદાસ)

**મનની પાછળ યુક્તિને દોરનાર પક્ષપાતી છે**

ગણધર ભગવાન્ શ્રીમાન્ સુધર્માસ્વામીજી મહારાજા શ્રી જંબુસ્વામીજીને સૂયગડાંગના, બીજા શ્રુત સ્કંધના નિરૂપણના ઉપક્રમમાં જણાવે છે કે હું જે કહું છું તે 'શ્રુત' છે. ભગવાન્ પાસેથી જે શ્રવણ કર્યું છે તે છે.

શ્રી સર્વજ્ઞ શાસનમાં કલ્પનાને અવકાશ નથી.

પ્રશ્ન થશે કે—"જ્યારે युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः જેનું વચન યુક્તિવાળું તેનો પરિગ્રહ અર્થાત્ તે માન્ય આ જો મુદ્રાલેખ હોય તો પછી આવી પરાધીનતા શા માટે? "સાંભળેલુંજ કહેવું એવો આગ્રહ શા માટે?" યુક્તિ ત્રણ ખુણાવાળી ટોપી જેવી ચીજ છે. ત્રણ ખુણાવાળી ટોપીને જેમ મૂકવી હોય તેમ મૂકાય તેવી રીતે યુક્તિ પણ મગજમાં રહેલા પદાર્થને પોષે છે. તેમજ મગજ યુક્તિ પાછળ ચાલનારૂં હોય છે. નીતિકારો કહે છે કે.—

આગ્રહી મનુષ્ય પોતાનું ધારેલું બીજાને ઠસાવવા ઇચ્છે છે તે પણ યુક્તિ રહિત તો બોલતોજ નથી. યુક્તિબાજો તો કહે છે કે– 'જુઠું લાવો પણ જુગતું (ઘટતું) લાવો.' અર્થાન્તરથી સમજી શકાય છે કે દુનિયા પણ અજુઠું (સાચુ) પણ અજુગતું (અણઘટતું) માનવા તૈયાર નથી. ગામવાળા મનુષ્ય માટે કોઇ એમ કહી દે કે–'તે આવીને ગયો,' તો, ભલે તે ન આવ્યો હોય છતાં સંભવિત હોવાથી માને પરંતુ તે એમ ડીંગ હાંકે કે 'એક અમેરિકન આવીને ગયો' તો? તે કોઇ નહિ માને! કેમકે સંભવિત નથી જુગતું નથી.

જુઠું બોલનારાઓ પોતાની ઇચ્છા પરત્વે યુક્તિને ખીંચે છે. પોતાના મન્તવ્યનું સમર્થન કરનારાઓ યુક્તિનો આશ્રય શોધે છે–યુક્તિને ઇચ્છાનુસાર ગોઠવે છે. પક્ષપાત રહિત તે કહેવાય કે જે યુક્તિને, સ્વેચ્છાનુસાર ન વાપરે પણ સત્યાનુસાર અર્થાત્ સત્ય પ્રત્યે વાપરે.

દરેક મનુષ્ય પોતાને પક્ષપાત રહિત મનાવવા ઇચ્છે છે, પોતાને તેવો જણાવે છે પણ તેની પરીક્ષા કઇ? પરીક્ષા સ્પષ્ટ છે કે પોતાના મન્તવ્ય તરફ યુકિતને ખીંચી જાય તે પક્ષપાતી છે, આગ્રહી છે. યુકિત તરફ મન કે મન્તવ્યને ખીંચવું તે અપક્ષપાતીપણાનું લક્ષણ છે.

**युक्तिमद् वचनं यस्य, तस्य कार्यः परिग्रहः**

આ સૂત્રાનુસાર યુક્તિવાળાં વચનો, પદાર્થો માનવાના છે પણ તે યુકિત તેવી હોવી જોઇએ કે જેની પાછળ મન દોરાય. યુકિત પાછળ મન, પક્ષપાત રહિતનું દોરાશે. ત્યાં મનની પાછળ યુકિત દોરાશે નહિ. મનની પાછળ યુકિતને દોરનાર પક્ષપાતી છે.

**કેવળ શ્રદ્ધાગમ્ય તત્ત્વો યુકિતગ્રાહ્ય નથી.**

શ્રી સર્વજ્ઞ ભગવાનનાં અતિન્દ્રિય પદાર્થના વિવેચનવાળાં વચનોમાં યુકિત કામ લાગી શકે નહિ. તથા કેટલાક પદાર્થોમાં સાદ્યંત યુકિત લગાડી શકાય.

હવે જીવ ન હોત તો–'મેં સુંઘ્યું, મેં જોયું, મેં ચાખ્યું, હું અડકયો અર્થાત્ મેં સ્પર્શ કર્યો; મેં સાંભળ્યું' એમ કોણ બોલત? ઈંદ્રિયોના પાંચે વિષયોને પારખનાર તેજ જીવ છે. તેજ આત્મા છે. ઇંદ્રિયો અલગ અલગ, તેના વિષયો અલગ અલગ છતાંય દરેકમાં 'હું' અથવા 'મેં' કેમ બોલાય છે? સ્પષ્ટ છે કે પાંચે ઈંદ્રિયોનો (તેના તમામ વિષયોનો) અધિષ્ઠાતા એકજ છે. તેમ ન હોત તો તમામમાં એકજ 'કર્તા' ન હોત. અહિં આ રીતિએ યુક્તિ વડે આત્મા માની શકયા. શ્રી સર્વજ્ઞ ભગવાને આત્મતત્વ પ્રરૂપ્યું છે, દર્શાવ્યું છે.

શ્રી સર્વજ્ઞ ભગવાને આત્માને જ્ઞાનવાળો, ચેતનાવાળો જણાવ્યો છે. શરીરમાંથી આત્મા ચાલી નીકળે છે ત્યારે (શબમાં) જ્ઞાન, બુદ્ધિ, ચેતના હોતાં નથી. જે શરીરમાં આત્મા ત્યાં જ્ઞાન, બુદ્ધિ, ચેતના પ્રત્યક્ષ છે. જેના અસ્તિત્વથી જે ચીજ પ્રત્યક્ષ અનુભવાય તથા જેના જવાથી જે ચીજ ન દેખાય તે ચીજ તેની સમજવી. આ રીતિએ આત્મા ચૈતન્યવાળો સિદ્ધ થાય છે. શ્રી સર્વજ્ઞ ભગવાનના વચનથી આત્માને તેવો માનવો તે શ્રદ્ધાગમ્ય અથવા આજ્ઞાગ્રાહ્ય, તેમજ યુકિતથી માનવો તે યુકિતગમ્ય કે તર્કગ્રાહ્ય!

આંગળીમાં છરી મારવાથી વેદના શાથી થાય છે? તે વેદના આત્માના પ્રદેશોને લઇને થાય છે. બે આંગળીની વચ્ચેના પોલાણમાં છરી રાખવાથી, નાખવાથી કે ખોસવાથી વાગતું નથી કારણ કે ત્યાં આત્મા નથી. આથી આત્મા શરીરમાંજ વ્યાપેલો છે. શરીર બહાર નથી એમ સિદ્ધ થાય છે. આત્મા શરીર વ્યાપી છે. તે પણ આજ્ઞાથી તેમજ યુકિતથી; ઉભયત સિદ્ધ છે.

શ્રી સિદ્ધ ભગવાનો અનંત સુખવાળા છે. તે અતીન્દ્રિય વિષય છે. આ વાત કેવલ શ્રી સર્વજ્ઞ ભગવાનના કથનથીજ–આજ્ઞાથીજ માની શકીએ માટે આજ્ઞાગ્રાહ્ય ગણાય. શ્રદ્ધાગમ્ય ગણાય તે યુક્તિગ્રાહ્ય નથી.

મહીને સો રૂપીએ આઠ આના તરીકે પાંચસેં રૂપીઆનું પાંચસેં રૂપીઆનું વ્યાજ કેટલું થાય એ નાના છોકરાને શી રીતે સમજાવાય? એ સમજાવવા ત્રિરાશી કે પંચરાશીનો ઉપયોગ જરૂરી છે અને ત્રિરાશી કે પંચ રાશી, તે છોકરાનો વિષય નથી છતાં આગળ ઉપર ભણશે એટલે જાણશે એમ ત્યાં માનવામાં આવે

છે અને તે છોકરો પણ વ્યાજના ત્રીશ રૂપીઆ થાય એવો વડીલનો જવાબ સાચો માને છે. પોતાને તે ગણિતનું જ્ઞાન નથી માટે તે જાણતો નથી. જેને જે જે વિષયનું જ્ઞાન હોય તે તે તે વિષયો જાણી શકે. આત્મા નિરંજન છે, નિરાકાર છે, તે કોઇપણ ઇંદ્રિય ગોચર પદાર્થ નથી તેમ મનનો પણ વિષય નથી તેવીજ રીતે સિદ્ધના આત્માનું સ્વરૂપ અને તેનું અનંત સુખ પણ, પણ ઇંદ્રિય કે મનના વિષયથી પર છે. અહિં યુક્તિ નકામી છે.. આ તત્ત્વ યુક્તિ ગ્રાહ્ય નથી; આજ્ઞાગ્રાહ્ય છે.

**યુક્તિમદ્ વચનં યસ્ય**—એટલે-જેનું વચન યુક્તિવાળું છે અર્થાત્ જેના નિરૂપણ કરેલા પદાર્થો યુકિતથી બાધિત નથી તેવા બન્ને પદાર્થો યુક્તિગ્રાહ્ય અને આજ્ઞાગ્રાહ્ય છે. જેમ આત્મા છે તે યુકિતથી અને વચનથી પણ મનાય છે. શરીર, ચેતના આદિ બન્નેથી મનાય છે. પણ 'સિદ્ધ' છે તે તથા સિદ્ધાત્માને અનુભવાતું સુખ ફક્ત શ્રદ્ધાગમ્ય છેઃ એ વાત માત્ર આજ્ઞા ગ્રાહ્ય છે. તત્ત્વો, દ્રવ્યો કે પદાર્થો યુકિતથી વિચારવામાં વાંધો નથી, તેની વિચારણામાં યુક્તિના ઉપયોગમાં પ્રતિબંધ હોઇ શકે નહિ પણ તે ઉપયોગ, શ્રી સર્વજ્ઞ ભગવાનનાં વચનોનો ખ્યાલ રાખીને કરવાનો છે.

**યુક્તિવાળો તે કે જે પદાર્થોનુ અનુસંધાન કરે.**

નીતિકારો કહે છે કે જે મનુષ્ય તર્ક કરે તે પદાર્થોનું અનુસંધાન કરે. તે ખરેખર તર્કવાળો છેઃ યુકિતવાળો તે કહેવાય.

બધા પદાર્થ યુકિતગ્રાહ્ય નથી. આજ્ઞાગ્રાહ્ય પદાર્થ સર્વ છે..જે પદાર્થો માત્ર આજ્ઞાગ્રાહ્ય છે તે તે રીતે સ્વીકાર્યા બાદ, શ્રદ્ધામાં સ્થિત કર્યા બાદ યુકિતથી વિચારવાની જરૂર છૂટ છેઃ માટે તો શ્રી સુધર્માસ્વામિજી શ્રી જંબુસ્વામીજીને પ્રથમ કહે છેઃ—"હું જે કહું છું તે શ્રી સર્વજ્ઞ પાસેથી શ્રવણ કરેલું કહું છું. મારી મતિ કલ્પનાથી કહેતો નથી." અતીન્દ્રિય પદાર્થોનો કલ્પનાદ્વારા નિશ્ચય થતો નથી, વ્હાય દક્ષિણમાં જાઓ કે ઉત્તરમાં, વ્હાયે પશ્ચિમમાં જાઓ કે પૂર્વમાં પણ કયાંઇ કોઇ બે દુ પાંચ નહિ કહે, તેમ બે દુ ચારમાં બે મત નથી, ત્યાં વિવાદ નથી.

ધર્મ, પરલોક, આત્મા આદિમાં બે મત છે તેનું કારણ શું ? કારણ એકજ છે. ઇંદ્રિયના વિષયો અને વ્યવહારના વિષયોમાં વાદવિવાદ હોતો નથી. અતીન્દ્રિય પદાર્થોમાં વાદવિવાદ હોય છે. દ્રષ્ટાન્ત તરીકે બજારમાં કોઇને તેજી સૂઝે છે તો કોઇને મંદી સૂઝે છે તેનું કારણ શું ? બધાને તેજીજ કે મંદીજ એમ એક સરખું કેમ બેસતું નથી ? કહો કે એ વાત ઇન્દ્રિય બહારની છે. બુદ્ધિથી પર છે. બે દુ ચારમાં ભાગલો પાડવાનું રહેતું નથી કારણ કે તે વ્યવહારની વાત છે. આત્મા, પુણ્ય, મોક્ષ વગેરે પદાર્થો, તત્વો ઇંદ્રિયનાં વ્યવહારથી પર છે માટે તેમાં બે મત હોય. તેમાં નવાઇ શી ? વ્યવહારૂ પ્રત્યક્ષ વિષયમાં મતભેદ ન હોય એ સ્વાભાવિક છે. જે વિષય વ્યવહારનો ન હોય, ઇંદ્રિયથી પર જે વિષય હોય તેમાં મતભેદ હોવામાં લેશ પણ આશ્ચર્ય નથી. હજારો માઇલોથી સમાચાર મંગાવવા, ત્યાંના વાતાવરણથી માહિતગાર રહેવા ટેલીગ્રામ આદિનો ઉપયોગ કરવામાં આવે છે તેવી રીતે અતીન્દ્રિય પદાર્થોનો નિશ્ચય કરવામાં શ્રી સર્વજ્ઞ ભગવાનનાં વચનોજ પરમ સાધન છે. ટેલીફોન, ટેલીગ્રામ, વાયરલેસ, રેડીઓ આ બધામાં તો સ્ખલના છે, ત્યાં ભૂલો પણ થાય જ્યારે શ્રી સર્વજ્ઞોનાં

વચનોમાં તો શંકાને સ્થાનજ ક્યાં છે? વચનો સર્વજ્ઞનાં અને ત્યાં શંકા?

**ભગવાનની વાણી આત્મ કલ્યાણાર્થીઓ માટે છે. છે અખિલ વિશ્વ માટે પણ રૂચે છે માત્ર તેમને!**

આ જગતમાં જીવો બે પ્રકારના છે. આત્માર્થી અને પુદ્ગલાર્થી, પુદ્ગલાર્થીને ભવાભિનંદી કહેવામાં આવે છે. જે જીવો આત્માર્થી છે તેઓ પુણ્ય તથા નિર્જરાના માર્ગને પસંદ કરે છે, પ્રાધાન્ય આપે છે, તેઓનો એજ માર્ગ છે, જ્યારે પુદ્ગલાર્થીઓ, ભવાભિનંદીઓને વ્યવહારના માર્ગો ગમે છે. ભગવાનની વાણી, આગમ વચનો આત્મ કલ્યાણાર્થીઓ માટે છે માટે તેમાં કલ્પનાને સ્થાન નથી.

શ્રી સુધર્માસ્વામીજી મહારાજા શ્રી જંબુસ્વામીજીને 'શ્રુતમ્' એ પદથી એમ સ્પષ્ટતયા જણાવે છે કે—"હું જે કહીશ તે ભગવાન્ શ્રી મહાવીર દેવ પાસેથી સાંભળેલું કહીશ. સાંભળેલું છે તેટલુંજ કહીશ."

આગળ પાછળ કલ્પનાઓના તરંગો યોજાય તો મૂલ વચન ઉડી જાય એ ખુલ્લું છે. આટલું ધ્યાનમાં આવે તો સૂત્રના અર્થ કરનારાઓ વ્યાજબી વસ્તુ સમજી શકે.

દશવૈકાલિકનું પ્રથમ અધ્યયન લઈએ. (तेण वुच्चंति साहूणो इति बेमि 'આવા આવા લક્ષણવાળાને સાધુઓ કહેવાય એમ હું કહું છું.' 'इति बेमि' 'હું એમ કહું છું.' એટલું બધાને બોલવાનું પ્રયોજન? 'सुयं मे' ભગવાને આવી રીતે કહેલું તે સાંભળ્યું છે માટે હું કહું છું. આ આશય જણાવવો એજ પ્રયોજન છે. દરેક સૂત્રના છેડા ઉપર આવો આધાર–આવું પ્રમાણ છે. વાકયનો સંબંધ આ રીતિએ હોવાથી ટીકાકારો પણ કહે છે કે–इति ब्रवीमि न स्वमनीषिया 'सुयं मे' એ પદના આધારથી, કલ્પનાદિ તમામનો નિષેધ આપોઆપ થઈ જાય છે. આ ઉપરથી એ વાત નક્કી થઈ કે દરેક અંગ–શ્રુત સ્કંધ–શાસ્ત્ર આદિમાં કહ્યું કે ન કહ્યું હોય તો પણ 'सुयं मे आउ' દરેકમાં લઈ લેવું અર્થાત સમજી લેવું. એ અંગીકાર કરવાનું છે માટે તો 'इति बेमि' એમ બોલવામાં આવે છે. જેઓ 'सुयं मे आउ' એમ પદ કે વાકયને આદિમાં મૂકે તેઓજ इति बेमि ના અર્થને લગાડી શકે. શ્રી સુધર્માસ્વામીજી મહારાજાએ આથીજ 'श्रुतं' પદ મૂકયું. ભગવાને જે કહ્યું તે તેમણેજ સાંભળ્યું કે અખિલ જગતે? ભલે જગતે સાંભળ્યું પણ તે બધાની જવાબદારી તેમને શિરે નથી પોતે શ્રવણ કર્યું તેનીજ જવાબદારી પોતાને શિરે છે તેથી सुयं मया એમ કહેવું પડે છે.

શ્રવણ તો કર્યું પણ કેવી રીતે? છીંકા ઉપર દુધનું પાત્ર છે. બીલાડી ત્યાંથી સીધું દુધ પી શકતી નથી પણ પાત્રને પટકે છે, દુધને ઢોળે છે અને પછી ભૂમિ ઉપર ઢોળાયેલા દુધને ચાટે છે. પીએ છે. જોષ્ઠામાહીલ સીધું ગુરૂ પાસેથી ભણનો ન હોતો. યાદ કરનાર યાદ ક, તે તે શ્રવણ કરે અને ભણે. આ પણ એક પ્રકાર! શ્રી સુધર્માસ્વામીજી મહારાજાએ આ રીતે પ ાક્ષ (Indirectly) શ્રવણ કર્યું નથી પણ ભગવાન-સ્વયં ભગવાન્ પાસેથીજ પ્રત્યક્ષ (iaectly) શ્રવણ કર્યું છે. अक्खयं

શ્રી ભગવાન્ના ચરણકમળની સેવા કરતાં તેઓશ્રીએ જે ફરમાવ્યું તે શ્રી સુધર્માસ્વામી મહારાજાએ શ્રવણ કર્યું છે.

# હરિયાલીસંગ્રહને અંગે

આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રીઆનન્દસાગરસૂરિએ પૂર્વે પત્રવ્યવહાર દ્વારા અને હાલમાં સાક્ષાત્ મારા પ્રશ્નોના ઉત્તરો આપી મને આભારી કર્યો છે અને આજે પણ તેઓ એમ કરે છે. એના સ્મરણચિહ્ન તરીકે હું કોઈ કૃતિ એમને અર્પણ કરવાનો વિચાર કરતો હતો. એવામાં એક બાજુ મારે હાથે હરિયાલીઓ એકત્રિત થતી હતી અને બીજી બાજુ આ સૂરિજી અસ્તવ્યસ્ત હાથપોથીઓનાં છૂટાછવાયાં પાનાં તપાસી તેને વ્યવસ્થિત સ્વરૂપ આપતા હતા. એમ કરતી વેળા એમને મળેલી હરિયાલીઓ તરફ એમણે મારું લક્ષ્ય ખેંચ્યું અને એ રીતે મારો **હરિયાલા-સંગ્રહ** સમૃદ્ધ બન્યો. આથી આ "હરિયાલી-સંગ્રહ" પ્રસિદ્ધ થાય તો એ એમને સાદર અર્પણ કરવાનું મને મન થયું. તદનુસાર મેં એક હરિયાલી રચી અને એનું "અભિનવ હરિયાલી" એવું નામ પાડ્યું. આ હું અહીં રજૂ કરું તે પૂર્વે આ સૂરિજીના ભક્ત જનોને તેમજ હરિયાલીરૂપ સાહિત્યના રસિક વર્ગને હું વિનવું છું કે ગુજરાતીમાં, પાઇય (સં. પ્રાકૃત)માં તેમજ સંસ્કૃતમાં રચાયેલી હરિયાલીઓ–હિયાલીઓ–પ્રહેલિકાઓ પૈકી જે અપ્રસિદ્ધ દશામાં હોય તે મને પૂરી પાડવા અને તેમ ન બને તો તે ક્યાંથી કેમ મળી શકશે તે સૂચવવા કૃપા કરે. મારે શેની જરૂર છે તેનો સ્પષ્ટ ખ્યાલ આવે તે માટે અત્યાર સુધીમાં મેં જે હરિયાલીઓ એકત્રિત કરી છે તેનો હું નિર્દેશ કરું છું:—

## [1]ગુજરાતી

(૧) લેખકના તેમજ કર્તાના પણ નામ વિનાની ત્રીસ હરિયાલીઓ. આ તમામ ગુજરાતીમાં છે. એને મેં "હરિયાલી-સંદોહ" એવું નામ આપ્યું છે.

(૨-૩) પં. **નંદિસહજ**ગણિના શિષ્ય કે ભક્ત **અભયપ્રભ**ગણિએ લખેલી પણ અજ્ઞાતકર્તૃક તેત્રીસ હરિયાલીઓ. આને મેં "હરિયાલી-સમુચ્ચય" એ નામે ઓળખાવી છે. આના અંતમાં **અભયપ્રભ**ગણિએ રચેલી એક હરિયાલી છે. આમ જે ૩૪ હરિયાલીઓ છે તેમાં ત્રણ સંસ્કૃતમાં, બે પાઇયમાં અને બાકીની ૨૯ ગુજરાતીમાં છે.

(૪) **ભોજવિજયે** લખેલી અને કર્તાના નામ વિનાની ચોર્યાસી હરિયાલીઓ. આમાં બે હરિયાલીઓનો અંક ૩૭ નો અપાયેલો છે. એટલે ખરી રીતે ૮૫ હરિયાલીઓ છે. એને મેં "હરિયાલી-કદંબક" એ નામ આપ્યું છે. એમાં એક હરિયાલી સંસ્કૃતમાં છે; બાકીની ગુજરાતીમાં છે.

(૫) **હર્ષવિજયે** લખેલી અને **મોહન** નામની કોઈ વ્યક્તિએ રચેલી ૪૪ મી હરિયાલી જે વાસ્તવિક રીતે ૪૩મી ગણાય એ હરિયાલીઓ. આને મેં "હરિયાલી-પ્રકર" એવું નામ આપ્યું છે.

(૬) લેખક કે કર્તા કોણ છે એના નિર્દેશ વિનાની ૨૫ હરિયાલીઓ. એના પછીની એક હરિયાલી એ જ પાનામાં એ જ હસ્તાક્ષરમાં લખાયેલી હોય એમ જણાય છે. ત્યારબાદ જેની પાસે આ પાનું હશે તેણે આમાં સંસ્કૃતમાં એક હરિયાલી નોંધી છે. આ હરિયાલીઓને મેં "હરિયાલી-નિકર" એવું નામ આપ્યું છે.

(૭) પ્રકીર્ણક હરિયાલીઓ. જુદી જુદી હાથપોથીમાંથી જે છૂટીછવાઈ અને કર્તાના નામ વિનાની હરિયાલીઓ મને મળી છે તેને માટે મેં આ નામ યોજ્યું છે.

(૮) કવિ **દેપાલ**કૃત હરિયાલી. "વરસઈ કાંબલી"-થી એ શરૂ થાય છે. એમાં એકંદર ૭ પદ્યો છે એનો ટબ્બો મને મળ્યો છે. **દેપાલે** આ ઉપરાંત બીજી હરિયાલીઓ રચી હોય એમ લાગે છે. એનો મને ખપ છે.

(૯-૧૧) **શુભવિજય**ગણિના શિષ્ય પંડિત **વીરવિજયે** રચેલી ત્રણ હરિયાલીઓ. આ ત્રણે સજ્જનસન્મિત્રની પ્રથમ આવૃત્તિમાં છપાયેલી છે

(૧૨) **બ્રહ્મ**મુનિકૃત પાંચ હરિયાલીઓ.

(૧૩) ન્યાયાચાર્ય **યશોવિજય**ગણિકૃત 'ચેતના'-હરિયાલી. આના ઉપર એમણે જાતે ટબ્બો રચ્યો છે એમ ઉલ્લેખ જોવાય છે. આ ટબ્બો મને મળ્યો નથી,

[1] આની મુખ્યતા સમજવાની છે.

પરંતુ વિ. સં. ૧૮૦૨ એવા લિપિકાળના નિર્દેશવાળો ટબ્બો મને મળ્યો છે.

(૧૪) **જિનચંદ્ર**ના શિષ્ય **દેવચંદ્રે** રચેલી હરિયાલી.

(૧૫) **આનંદઘનજી**કૃત હરિયાલીઓ.

(૧૬) **પદ્મવિજય**કૃત હરિયાલી. આની એક પ્રતિ લીંબડીના ભંડારમાં છે. તે મારે મેળવવી બાકી છે.

(૧૭) **લાવણ્યસમય**કૃત હરિયાલી. આની પણ એક પ્રતિ લીંબડીના ભંડારમાં છે અને એ પણ મારે મેળવવાની બાકી છે.

(૧૮) લીંબડીના ભંડારના સૂચીપત્રમાં 'અજ્ઞાત-કર્તૃક' તરીકે ઓળખાવાયેલી હરિયાલીઓ મને હજી મળી નથી.

(૧૯) **કુશલલાભ**કૃત "માધવાનલકથા"માંની હરિયાલી.

(૨૦) **જ્ઞાનવિમલ**સૂરિએ રચેલા "અશોક-રોહિણી-રાસ" માંની હરિયાલી તેમજ બીજી કેટલીક.

(૨૧) **ઋષભદાસે** રચેલા "કુમારપાલરાસ"માંની હરિયાલી.

(૨૨) **વિનયવિજય**ગણિકૃત "શ્રીપાલ રાજાનો રાસ"માંની હરિયાલી.

(૨૩) **ભાવપ્રભ**સૂરિએ રચેલી હરિયાલીઓ.

(૨૪) **હીરાનંદ**સૂરિકૃત "વિદ્યાવિલાસપવાડુ"માંની હરિયાલીઓ.

(૨૫) **શામળભટ્ટ**કૃત છપ્પારૂપ સમસ્યાઓ તેમજ એના કૃતિ "નંદબત્રીસી" અને "પદ્માવતી-આખ્યાન" માંની હરિયાલીઓ.

(૨૬) **દયારામે** રચેલ "ચાતુરીચિત્તવિલાસ".

(૨૭) ઉખાણાંઓ-કોયડાઓ-વરતો.

## પાઇય

(૨૮) **જયવલ્લભ**કૃત હિયાલી-વજ્જા. આમાં ચૌદ પદ્યો છે અને એ પાઇયમાં રચાયેલી છે.

(૨૯) **લક્ષ્મણ**ગણિકૃત "સુપાસનાહચરિય"ગત પહેલિયા.

(૩૦) **ધનેશ્વર**સૂરિકૃત "સુરસુંદરીકહા"માંની વિનોદાત્મક પહેલિયા.

## પાઇય—સંસ્કૃત

(૩૧) **જ્ઞાનવિમલ**સૂરિકૃત "શ્રીપાલચરિત્ર"માંની સંસ્કૃત તેમજ પાઇય હરિયાલીઓ.

## સંસ્કૃત

(૩૨) કલિકાલસર્વજ્ઞ **હેમચન્દ્ર**સૂરિકૃત "કાવ્યાનુ-શાસન"ગત પ્રહેલિકા.

(૩૩) **રત્નશેખર**સૂરિએ રચેલા "આચારપ્રદીપ"-માંની હરિયાલીઓ.

(૩૪) **દંડીએ** રચેલા "કાવ્યાદર્શ"માં અપાયેલી સોળ પ્રહેલિકા.

(૩૫) "સરસ્વતીકંઠાભરણ" અને એવા બીજા ગ્રંથોમાં અપાયેલી પ્રહેલિકા.

(૩૬) "સુભાષિતરત્નભાંડાગાર"માં અપાયેલી ૩૯ પ્રહેલિકાઓ.

આ ઉપરાંત હિન્દીમાં રચાયેલી કેટલીક "પહેલિયાં" મારી પાસે છે.

વળી ઍંગ્લો-સેક્સન ભાષામાં ગુંથાયેલી અને ઈ. સ. ના છઠ્ઠાથી દશમા સૈકામાં રચાયેલાં રિડલ (riddle) પૈકી કેટલાંકનો અંગ્રેજીમાં અનુવાદ થયેલો છે. આ સંગ્રહ પણ મારી પાસે છે. વિશેષમાં આવાં રિડલ, શરાડ (charade) અને કોનનડ્રમ (conundrum) જે ફારસી ભાષામાં જોવાય છે તેનો એક સંગ્રહ મારી પાસે છે. અરબી ભાષાની પણ કેટલીક હરિયાલી છે. ગણિત સંબંધી કોયડાઓ પણ છે. આમ ભિન્ન ભિન્ન ભાષામાં જુદા જુદા લેખકોની કૃતિઓ મેં એકત્રિત કરી છે એટલુંજ નહિ પણ મેં કેટલીક હરિયાલીઓ ગુજરાતીમાં રચી છે. આ પૈકી પહેલી અહીંના "પ્રતાપ" (સાપ્તાહિક)ના તા. ૧-૧૨-૪૫ ના અંકમાં પ્રસિદ્ધ થઈ છે. બીજી હરિયાલી અહીંના સાપ્તાહિક નામે "ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ"ના તા. ૬-૧૨ ૪૫ના અંકમાં છપાઈ

છે, અને ત્રીજી હરિયાલી જે એ બે પહેલાં રચાઇ હતી તે નીચે મુજબ છે:—

## અભિનવ હરિયાલી

વસુધામાં જે ગિરિવર રાજે, તેના જમાઇરાજે રે,
કટિએ કંઠે રાખ્યા ઉમંગે, જેને ભૂષણ કાજે રે;
તે સૌ ભાગે વાહન ભાળ્યે, કામણગારા સુરનું રે,
રત્ન જે એનું એક અક્ષરનું તેને અગ્રે મૂકવું રે ૧

અંક સ્વરનો હસ્તપ્રમાણે, યોજો એની સંગે રે,
અક્ષર બીજો રૂડો લાધ્યો, છે ઉપસર્ગ જોકે રે;
આર્હત શાસ્ત્રે સ્થાન જેટલે, જિનવરકર્મ બંધાયે રે,
તે સંખ્યાનો સ્પર્શ મળતાં, ત્રીજો વર્ણ ઘડાયે રે. ૨

શિર પર એના શોભે ચન્દ્રક, મહાદેવને શરમાવે રે,
આમ બનીને અક્ષર ત્રીજો, આગળ નામ લંબાવે રે;
નંદને ગુણતાં નેત્રથી આવે, અંક જે વર્ણવાચી રે
તે સ્થાને છે સ્પર્શ શોભતો, એ છે ચોથો સાચી રે. ૩

ઊષ્માક્ષરના ચોકડા માંહે, જે છે અગ્રિસ્થાને રે,
કરમાં એને અર્પો દંડો, પાંડવ પાંચ શું જાણે રે;
ક્ષીરસાગરનું મંથન કરતાં, રત્ન ચતુર્દશ પામે રે,
પેખી એકને અસુર વિમાસે, સુરો શીશ નમાવે રે. ૪

એહનું કીધું પાન આનંદે, સાર્થક કીધું નામ રે,
એહ રતનનો પર્યાય જોડ્યે, થાય સંપૂરણ નામ રે;
પદવી ભૂરિ એમને રૂડી, લાધી વિદ્યા સાધી રે,
બુદ્ધિ ઉપસ્થિત વયમાં પરિણુત, સૌને આનંદકારી રે. ૫

હતો પરોક્ષે પરિચય પૂરો, શંકાછેદન કાજે રે,
દર્શન પામ્યો શંકા ભાંગી, તર્ક આગમે સાચે રે;
પ્રણમી અર્પી આ **હરિયાલીસંગ્રહ** અર્થગંભીર રે,
ચંદ્રારસિકના સુતે સુરતે, નિરખી ત્રિરતિહીર રે. ૬

વિજયાદશમી, ભૌમ, } નવકોણ
વીરસંવત ૨૪૭૦. }

## સુ....ભિ....ક્‌....ખુ

દીક્ષા લઈ બુદ્ધ તણાં વિચારી
વેણો, બને જે સુસમાધિયુક્ત,
થાતો કદાપિ વશ ના રમાને,
વમેલ ચૂસે નવ, એ 'સુભિક્‌ખુ'. ૧.

ખોદાવનો ભૂમિ ન ખોદતો વા,
પીતો ન પાતો જળ વા સચિત્ત,
જાળે જળાવે નવ તીક્ષ્ણ શસ્ત્ર,
અગ્નિરૂપી જે, કહાએ 'સુભિક્‌ખુ'. ૨.

ખાયે ન પંખો ખવડાવતો વા,
જે વાયુ કાજે, ન લીલોતરીને
કાપે કપાવે, નવ બીજ ચાંપે,
સચિત્ત આહાર તજે 'સુભિક્‌ખુ'. ૩.

જીવો ત્રસાદિ સ્થિત ભૂમિ માંહે,
કાષ્ઠે તૃણે, નક્કી હણાય રાંધ્યે;
એથી જ ઉદ્દિષ્ટ ન અન્ન ખાયે,
પીએ ન પાએ જળ, તે 'સુભિક્‌ખુ'. ૪.

શિક્ષા ગમે **વીર**ની 'જ્ઞાત' કેરા,
ષટ્કાયને આત્મસમા ગણે જે,
પાળે મહાયામ, સદા નિરોધે,
જે સંવરે આસ્રવ, તે 'સુભિક્‌ખુ'. ૫.

કષાય ચારે નિતના વમેલા,
વેણે થયેલો સ્થિર, બુદ્ધ કેરા,
સોનું ન રૂપું નિજનું કંઇ ના
સંસર્ગ આગારી થકી, 'સુભિક્‌ખુ'. ૬.

દષ્ટિ સદા સાચી અને અમૂઢ,
જ્ઞાને તપે સંયમને વિષે ને,
પાપો પુરાણાં તપથી હઠાવે,
ત્રિગુપ્તિ પાળે નિત, તે 'સુભિક્‌ખુ'. ૭.

જે પેય નાના, અશનો અનેરાં,
ખાદિમ સ્વાદિમ મળ્યાં, ન તેને,

રાખે રખાવે, કંઈ કામ આવે,
કાલે કદી વા પછી, તે 'સુભિક્ખુ'. ૮.

જે પેય નાના, અશનો અનેરાં,
ખાદિમ સ્વાદિમ મળ્યાં વિવિધ
ખાયે નિમંત્રી સમધર્મી સાધુ,
સ્વાધ્યાયમાં રક્ત રહે 'સુભિક્ખુ'. ૯.

કથે કથા ના કદી ક્લેશકારી,
કોપે ન, ગોપે કરણો, પ્રશાન્ત,
જે સંયમે છે સ્થિર, યોગયુક્ત,
કો'ની અવજ્ઞા ન કરે, 'સુભિક્ખુ'. ૧૦.

સહે ખલોનાં વળી ગામ કેરાં,
આક્રોશ ને તર્જન ને પ્રહારો
નાદો તથા ભૈરવ અટ્ટહાસ્યો,
દુઃખે સુખે વા સમ તે 'સુભિક્ખુ'. ૧૧.

સ્મશાનમાં જે ગ્રહીને પ્રતિમા
પામે ન ભીતિ ભય-ભૈરવોથી,
સેવે તપો જે અતિલાભકારી,
દૈહિક વાંછે સુખ ના, 'સુભિક્ખુ'. ૧૨.

શરીર છોડી, તજી એની ચિન્તા,
આક્રોશ વા તાડન વા પ્રહારો
સહે યમી પૃથ્વીસમા, વિહીન,
નિદાન ને કૌતુકથી 'સુભિક્ખુ'. ૧૩.

પરીષહો કાયથી જિતી, આત્મા,
રક્ષે સદા જન્મ તણા પથેથી,
જાણી ભયો છે નકી જન્મ મૃત્યુ
શ્રામણ્યરાગી, તપરાગી, 'ભિક્ખુ'. ૧૪.

કલ્યાગરાં છે કરપાદ જેનાં,
વાણી અને ઇન્દ્રિય પાંચ સાચે
અધ્યાત્મસંગી, સુસમાધિયુક્ત,
સૂત્રાર્થ જાણે બહુ, તે 'સુભિક્ખુ'. ૧૫.

આસક્તિ ગૃહિ ઉપધિ વિષે ના,
અજ્ઞાન રૂપે ગ્રહી ગોચરીને;
ઉદાત્ત, શુદ્ધ, ક્રયવિક્રયે ના,
ના સંગ્રહે વા રતિ જેની, 'સુભિક્ખુ'. ૧૬.

તૃષ્ણા વિનાનો, વળી લોભહીન,
ભિક્ષા ગ્રહે, જીવન ના જ ઇચ્છી,
ત્યજે સમૃદ્ધિ બહુમાન પૂજા,
આત્મા વિષે સ્થિર રહે, 'સુભિક્ખુ'. ૧૭.

કહે નહીં જે પરને કુશીલ,
કિંવા ચડે જે થકી ક્રોધ એને,
પ્રત્યેક જાણી વળી પુણ્ય પાપ,
હાંકે બડાઈ નહિ, તે 'સુભિક્ખુ'. ૧૮.

માની ન જન્મે, નથી રૂપથી વા,
જ્ઞાને ન લાભે, કદી યે જરાયે,
આઠે મદોને તજી, ધર્મધ્યાન
ધ્યાયે નિરાંતે, ગણીએ 'સુભિક્ખુ'. ૧૯.

મહાયમી આર્ય પદો પ્રરૂપે,
ધર્મી બનાવે પરને સુધર્મી,
દીક્ષા ગ્રહી, છોડી કુશીલ ચિહ્નો,
છે કૌતુકે હાસ્યથી મુક્ત, ભિક્ખુ'. ૨૦.

દેહે ત્યજી વાસ અનિત્ય પૂતિ,
કલ્યાણ સાધે નિજ જે સદા યે,
જન્માદિપાશો સહુ છેદી ભિક્ખુ,
જતો, ન આવે ફરી જ્યાંથી પાછો. ૨૧.

દસવેયાલિયે અન્તે અજ્ઝયણ 'સુભિક્ખુ' છે,
પદ્યાનુવાદ એનો આ ચન્દ્રિકાનન્દને કર્યો. ૨૨.

એમ. ટી. બી. કૉલેજ, સુરત. } પ્રો. હીરાલાલ ર. કાપડિયા
એમ. એ.

# આગમોદ્ધારકની અમોઘ દેશના

સંગ્રાહકઃ—સ્વ. મુનિ મહારાજ શ્રી મહેન્દ્રસાગરજી

શાસ્ત્રકાર મહારાજા સોમપ્રભ આચાર્ય ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ દેતા થકાં આગળ જણાવી ગયા કે આ સંસારમાં દરેક જીવ સુખની ઇચ્છા કરે છે. કોઈપણ જીવ તપાસીએ તો એકજ વસ્તુની ઇચ્છા કરે છે. બીજી ઇચ્છાઓ બનાવટી કે દુનિયાની શીખાયતની છે. દુનિયાની શીખાયત થાય ત્યારે બીજી ઈચ્છાઓ થાય છે. દુન્યવિ પદાર્થો તરફ તેવી પ્રવૃત્તિ કરતા નથી નાનાં બચ્ચાને મોતીના ઢગલા પર બેસાડયો હોય ત્યાં તે મુતર પેશાબાદિક કરે છે. દુનિયાએ જે પદાર્થ માન્યો તે કિંમતીપણાની કિંમતની કુંક હજુ તેને મળી નથી. જગતની કુંકોથી બીજા પદાર્થ તરફ રાગદ્રષ્ટિ થાય છે. સુખનું સાધન જે ભાસે તે લેવા તૈયાર, દુઃખનું સાધન છોડવા તૈયાર. ગર્ભમાં બચપણમાં જુવાન કે વૃદ્ધમાં આ એકજ સુખની ઇચ્છા ને દુઃખથી દૂર રહેવું, તો દરેક જીવ સુખ પામી કેમ શકતા નથી ? દુઃખથી દૂર કેમ રહી શકતા નથી ? ઈચ્છા માત્ર કાર્ય સિદ્ધ કરનાર હોય તો દરેક સુખ પામી જાત પણ ઇચ્છા માત્રથી કાર્યસિદ્ધિ થતી નથી. કારણો મળે તો ઇચ્છા સિદ્ધ થાય. આ વાત ધ્યાનમાં રાખીએ તો નિશ્ચય થશે કે કાર્ય કરનાર માત્ર કારણ. આથી નીતિકારે નિયમ રાખ્યો કે કાર્ય કારણ વગર બને નહીં.

ન્યાયાધિક વૈષીયીકો એ ઇચ્છા માત્ર છે. હજુ શુભ કાર્યમાં ઇચ્છા માની શકીએ પણ કારણ માત્રમાં ઇચ્છા જોઇએ. એ બને નહિં. કોઇને રોગી થવાની ઇચ્છા હોતી નથી, ને રોગી તો બને છે. તો નિયમ શો થયો ? શુભ કાર્ય એ ઇચ્છા વગર બનતું નથી. અશુભ કાર્ય ઇચ્છા વગર પણ બને છે. હવે શાસ્ત્રમાં આવીએ જે મેં ડાભડી મેળવી એ ડાભડી જો પાપના ઉપયોગમાં આવી તો પાપનું કારણ હોય તો પાપનો વિચાર ન કરૂં, તો પણ પાપ લાગે. અશુભ કાર્ય ઇચ્છા વગર પણ થાય. પાપની ઇચ્છા ન કરીએ તો વોસરાવ્યું નહીં એટલે લાગવાનું. ધર્મ ક્યારે લાગે ?

જ્યારે હું ડાભડીને ધર્મને રસ્તે જોડું. માત્ર ઇચ્છા પણ એ હોય કે ડાભડી ધરમના રસ્તે જોડાય તો મને ધરમ લાગે. પાપ વગર ઇચ્છાએ લાગ્યું અને ધર્મ વગર ઇચ્છાએ ન થયો. શુભ કાર્યમાં ઇચ્છાની જરૂર. અશુભમાં ઇચ્છાની જરૂર નહીં. શાસ્ત્રકારો એ એક વાત કરી તે મુશ્કેલ મગજમાં ઉતારવી પડે છે. વિરતિ ન કરીએ તો અવિરતિના કરમ લાગ્યા કરે. સમ્યક્ત્વ ન પામીએ ત્યાં સુધી મિથ્યાત્વના કરમ લાગ્યા કરે. એકેંદ્રિય વિગેરે જીવો સમ્યક્ત્વ મિથ્યાત્વ સમજતા નથી.

પંચેંદ્રિય પણ એવા કેટલાક તે સમજતા નથી. કષાય, અકષાય, વિરતિ, અવિરતિ, તે વિચાર પણ નથી. તેવા તે કર્મ કયાંથી લગાડો છો ? સમ્યક્ત્વ ન પામો ત્યાંસુધી મિથ્યાત્વની કરણી કરો અગર ન કરો તો કર્મ લખાએલાં છે. અવિરિત ટાળો નહિં, વિરતિ કરો નહિં ત્યાંસુધી

અવિરતિના કર્મ લલાટે લગાડેલા છે. પંચેદ્રિય જીવો પણ સમ્યક્ત્વ મિથ્યાત્વનો વિચાર કોણ કરે છે. હજુ આર્યક્ષેત્રમાં વિચાર હોય પણ આર્યક્ષેત્ર માત્ર બત્રીસ હજારમાં સાડી પચ્ચીસ આર્યક્ષેત્ર હજારમાં ભાગ કરતાં ઓછા. એટલા ક્ષેત્રમાં વિરતિ અવિરતી સમ્યક્ત્વ મિથ્યાત્વનો વિચાર આવે બાકીના ક્ષેત્રમાં વિચારનો અવકાશ નથી. પછી ક્યાંથી લાગી જાય ?

જે બાબતનો વિચાર ઉચ્ચાર પ્રવૃત્તિ નથી. છતાં તમે એ નિયમ રાખ્યો. બીજાએ ન્હાય તેટલું પુન્ય નિયમ રાખ્યો છે. તમારા હિસાબે અવળું છે. દેવાદાર હોઇએ દીધું એટલું ન્હાયા નહિં પણ બાકી રહ્યું તેટલું વેઠવાનું. જેમ લાખનું દેવું કર્યું હોય પચોતેર હજાર આપી દઇએ તો પચ્ચીસ હજારનો ખટકો રહ્યો. તેમ અવિરતિ જેટલી તેનો ખટકો. વિરતિ કરી તેનો ઉત્કર્ષ નહિં. વિરતિ એ તો આત્માનો સ્વભાવ હતો ને થઇ ગયો. શરીરે સો ગુંમડા તેમાં પચ્ચીસ ગુમડામાં આરામ થયો તો પંચોતેરની વેદના. વેદનાની ચેન ક્યારે, એક પણ ગુમડું ન રહે ત્યારે મટયાની મના નથી.

વિરતિ કરો એમાં તો આત્માનો ધર્મ પણ વિરતિ ન કરો તે ગુંમડાં છે. આ લક્ષ્યમાં લ્યો તો ન્હાયા એટલું પુન્ય એમ નહિં બોલાય પચ્ચીસ ગુમડાં મટી ગયાં તો લીલા લહેર એમ નથી ગણતાં તેમ અવિરતિનો અંશ રહે ત્યાંસુધી લીલા લહેર ન માને. આત્મા ગુમડાં રહેલાં માને શાસ્ત્રકાર કહે છે કે શ્રાવક આ ભવમાં તો શું પણ મરીને દેવલોક જાય ત્યાં બળતરા શ્રાવકના જીવને દેવતાપણામાં પણ બળતરા. અરર ! સાધુપણું લીધું નહિં. તપસ્યાદિકે કરીને કર્મક્ષય કર્યો નહિં. આ બળતરા દેવલોકમાં જાય ત્યાં પણ કરે. દેવલોકમાં વિચાર કામ લાગતા નથી. સાગરોપમ સુધી એવી બળતરા રહે. પણ રજભાર પ્રવર્ત્તવાનું કાર્ય થતું નથી. તો જે વખતે કાર્ય નથી થવાનું એ ચોક્કસ છતાં પણ બળતરા મટતી નથી. જેમાં કર્ત્તા નહિં થવાનું નિશ્ચય છે. દેવતાપણામાં કંઇપણ મારાંથી થવાનું નથી, તો બળતરા શી ?

ગતં ન શોચ્યં બુધૈઃ મનુષ્ય જીંદગી ગઇ ન લેવાયું તો હવે દેવતાપણામાં લેવાવાનું છે ? નવકારશીનું પણ જે ત્યાં થતું હતું તે પણ અહીં થતું નથી.

હવે ગયા ભવની બળતરા શા કામની ? દુનિયાદારીની દ્રષ્ટિથી નકામી બળતરા લાગે. સાગરોપમ સુધીની બળતરા નકામી લાગે છે. મનુષ્ય ભવ ગયો હવે દેવતાના ભવમાં કશું બનતું નથી. તો બળતરા શા કામની ?

દુનિયાદારીમાં છોકરો કદી મરી ગયો. બાળ વિધવા સ્ત્રી રહી તેમ અફસોસ કરો. અગર ન કરો, રૂવો અગર ન રૂવો તો પણ પેલો પાછો આવવાનો છે ? દુનિયા તો રોવા સરજેલી છે. એને તો બન્ને વખત રોવું છે. ઉભા કે આડે પગે જાય તો પણ રોવું છે. એ તો રોવા માટેજ જોડાયા છે. બેમાં ફરક કેટલો ? ઉભે પગે જવામાં જવાવાળો સાંભળે છે. રોવું કકળવું દેખાવમાં છે. પણ આડે પગે બધો તેનું શું ?

ચાહે તેટલું રોવો તેમાં તે શું સાંભળે ? એમને તો બેમાંથી કોઇપણ પ્રકારમાં રોવું છે. ચાહે રાજીનામું દઇને કે રજા લઇને જાઓ તેમને તો રોવું એ રજીસ્ટર્ડ છે, ત્યારે સરવાળામાં શૂન્ય દેખ્યાં છતાં પ્રવૃત્તિ કેમ થાય

છે? કહો કાળજું રહેતું નથી. સગર ચક્રવર્તી બ્રાહ્મણને શીખામણ દે છે. સંસાર અનિત્ય છે બધું કહે છે જે વખતે બ્રાહ્મણ કહે છે કે ત્હારા સાઠ હજાર મર્યા, તે વખતે સગર ચક્રવર્તીની શી દશા થાય છે?

પોતાને ત્યાં આવે તે વખત સહન થઈ શકતું નથી. સ્નેહને લીધે સમજણમાં શૂન્ય મેલાઇ ગઇ. જે સગર ચક્રવર્તી બ્રાહ્મણને શીખામણ દે છે તે શીખામણમાં શૂન્ય સ્નેહથી મેલાઇ એ વાત બાઇઓ સારી પેઠે સમજે છે. આ ઘેર આજે કોઇ મરણ થયું તે વખત આ પોક મેલે. જોડેવાળી ચાર જણ પોક મેલવા આવે દશ મિનિટમાં જોડે વાળી બંધ થઇ પેલીને સમજાવે સંસાર અનિત્ય વિગેરે સમજાવે. એમ કરતાં કરતાં પા અર્ધો પોણો કલાકે શાંત રહે. હવે કોઈ વખત આને ઘેર મરણ થયું. ત્યારે તે તેને સમજાવે. પણ એ બાઇ તુચ્છ જાતની ગણાય. હલકી બુદ્ધિની ગણાય પણ એવી એકે નથી કે રાંડ બેસને તારે ઘેર હતું ત્યારે કેમ બોલતી હતી. તેમ બોલતી નથી આશ્વાસન દેવા આવેલા મનુષ્યને કોઇ એમ ન કહે કે તું કેમ તે વખત થયો હતો.

કહે છે એ ખરૂં છે ને મારાથી રહેવાતું નથી. આ વાત મગજમાં છે એટલે એ કહેવાનો વખત નથી. તેથી એ કહેનારા એજ સાભળ નારા મોહનો ઉધામો સમજુને પણ થાય. પણ સમજુ સમજણના ઘરમાં હોય તો એમ ન બોલે કે તારે ત્યાં આવે તો તું કેમ કરે છે?

કદાચ એમ બોલતો રાંડ કરતાં અક્કલ ગઇ વસ્તુ સમજવી જોઇએ. રહેવાય નહીં પોક મેળવી વ્યાજબી નથી. તેથી કશું વળવાનું નથી. પણ મ્હારૂં હૃદય ભરાયું છે, તેથી રહેવાતું નથી એટલી સમજણને લીધે કલેશ કરે છે પણ લડાઇ કરતી નથી. તેમ સગરે બ્રાહ્મણને ખૂબ સમજાવ્યો. પણ બ્રાહ્મણે સાઠ હજાર પુત્રો મરી જવાનું કહ્યું તે વખતે સમજણમાં સગરને શૂન્ય મેલાઇ ગઇ. વસ્તુ સ્થિતિથી હૃદયનો પ્રેમ શોકમાં પરિણમ્યા વગર રહેતો નથી. જેટલો પ્રેમ તેટલોજ શોક. શોકનું પ્રેમ ગુણ સાથે પુન્ય સાથે નથી. શોકનું પ્રમાણ તમારા સ્નેહની સાથે છે. સ્નેહ કેમ શોક કરાવે છે? હજુ તમે ખોટા રૂપે કહી શકો કે અમારા બાળ બચ્ચા પાળશે પોષશે. મરી ગયો તો અમારા સામું જોશે કોણ?

આ તો શોક કરો તેમાં એક બ્હાનું છે. ખરૂં જોતાં એની પર રાગ છે તે રોવડાવે છે. કુતરીના કુરકુરીયા કુતરીને કેટલા પાળવા પોષવાના? ગાયના વાછરડા ગાયને પાળવા પોષવાના છે? ભેંસના પાડા તેને પાળતા પોષતા નથી. તો તેને મરતાં હશે તો તે કુતરી ગાય ભેંસને કશું થતું નથી ને? તમે નજરે જોઇ શકો છો. ત્રણ દહાડા સુધી આંસુ સુકાતાં નથી. ખોરાક લેતાં નથી. જાનવર બચ્ચાંના વિયોગને લીધે આંસુ પામે છે. શોક કરે છે તો એને કયું પાલણ પોષણ છે? તો કેવળ મમત્વભાવ શોક કરાવે છે. શોકનું મૂળ મમત્વ. મારા- પણાની હયાતી હતી ત્યાં શોક ખરી રીતે શોક કરાવનારી ચીજ મારાપણું. એ મારાપણાના અંગે અફસોસ કરીએ છીએ.

અફસોસ વસ્તુનો નથી. મમત્વનો અફસોસ છે રાજાને કુંવર પ્રત્યે ભાવ હોય તો અફસોસ. ખરી વાત કઇ થઇ? અફસોસ કરાવનાર શોકની જડ હોય તો મમત્વ ભાવ તો દુનિયાદારીના મમત્વ ભાવથી સરવાળે શૂન્યતા વાળો અફસોસ

થયા વગર રહેતો નથી, દુનિયાના સામાન્ય વસ્તુ તરફ રાગ અફસોસ કરાવ્યા વગર રહેતો નથી તો જેને વિરતિ ઉપર રાગ હોય તે રાગવાળો દેવલોકમાં ગયો તો સરવાળે શૂન્ય દેખે તો અફસોસ થયા વગર રહે કેમ ?

લાંબોકાળ સાધુપણું ન મળ્યું તેનો અફસોસ. સમ્યગ્દૃષ્ટિનો વિરતિ ઉપર કેવો અનહદ પ્રેમ હોય ? આ દાખલો પ્રેમ જમાવવા માટે કહ્યો છે. સાગરોપમ સુધી અફસોસ ટળતો નથી, તે પ્રેમ કઇ હદનો હોય ? આપણે રાંડયા પછી એવું ડહાપણ આવશે. દેવલોકની બળતરા તે રાંડયા પછીનું ડહાપણ એ કામ ન લાગે પણ રાંડવા પહેલાં વિચાર કરવો જોઇએ. માટે આપણે સર્વવિરતિના રસ્તે ન ગયા પાપથી દૂર ન રહ્યા. પછી દેવલોકમાં જઇ સાગરોપમ સુધી ઝુર્યા કરવાના ? પણ તે ઝુર્યામાં કશું વળે નહીં રાંડયા પછી ફલાણા હકીમને ન બોલાવ્યો તેમાં વળવાનું શું ? તેમાં એ માટી જીવતાં તે દવાનું દુર્લક્ષ્ય કરે અને રાંડયા પછી દવાની વાતો કરે તે બાઇને કેવી ગણીએ ? મરી જાય પછી ડાકટર ન આવ્યો વિગેરે રડે તો તેને કેવી ગણવી ? તેમ આપણે વિરતિ પરિણામને જીવાડવાને તાકાતવાળા છોએ તે વખતે આપણે ચામડી મુંથનારા લોહીની લાગણીવાળા સર્વ વિરતિમાં હાડકાં હરામ નડે છે. ચામડાને લોહી નડે છે. નહીતર સર્વ વિરતિમાં બીજી ચીજ કઇ ચીજ છે ? વિરતિ પરિણામને સજીવન કર ત્યાં તો હાડકાની હરામી આગળ આવે છે. પછી દેવલોકમાં જઇએ ત્યારે સાગરોપમ સુધી મેં ન કર્યું.

મનુષ્યભવ હારી ગયો. આ રાંડયા પછીનું ડહાપણ ને મહોકાંણમાં શું વળે ? જૈન શાસનમાં વિરતિ કરી એટલી ફાયદાકારક એ વિશ્વાસને વચનને સ્થાન નથી. સ્થાન કોને છે ? આટલી અવિરતિ ટળી કેમ નહીં તેને સ્થાન છે. આપણામાં કહેનારા છે કે બાર વ્રત પ્રતિમા વહી પછી સાધુપણું લેવું જોઇએ. દરેક અફીણ છોડનારાએ લહરકામાં રવાજ જોઇએ. આ કહેનારની અક્કલ કેટલી ? લહરકા મારીને છોડવું એ નિયમ પણ કોને એ નિયમ ? જેને દારૂ અફીણ ગળે વળગ્યા હોય તેને પણ એકે એ રીતે છોડયા તેથી ત્રીજાને પણ તેમજ છોડવું લહરકા વગર છોડે તે નકામું છે. એમ ગણો છો ? જ્યારે અફીણ દારૂ છોડવાનો રસ્તો છે. તો વગર રસ્તે છોડનારા નકામા છે ? રસ્તો કોને માટે ? ગળે વળગ્યા હોય તેને માટે બધા માટે એ રસ્તો નહીં. તેમ જે વિષય કષાયમાં ફસ્યા હોય તેને નીકળવા માટે અગીયાર પ્રતિમારૂપી લહરકા દેવાના છે. અગીયાર પ્રતિમામાં કયો વિષય લીધો. દંસણ સમ્યક્ત્વ વ્રત પૌષધ અનુક્રમે દુનિયાદારીની વૃત્તિ ઘરાવી છે. સંસારનો પ્રતિબંધ ઓછો કરવો છે. પણ સંસારનો પ્રતિબંધ છે નહિં. તેને ઘસીને ઓછો કયાં કરવાનો ?

ભગવાન્ હરિભદ્રસૂરિએ જણાવ્યું છે કે બીજા કાળની વાત દૂર રહી. આ દુઃષમકાળમાં દિક્ષા લેનારે પ્રતિમા વહન કરવીજ જોઇએ. આમ પંચાશકમાં આમ નિયમ કર્યો છે. ચોથા ત્રીજા આરાની વાત દૂર પણ આ દુષ્કમકાળમાં જરૂર પ્રતિમા વહી સાધુપણું લેવુંજ જોઇએ. જો હરિભદ્રસૂરિને માનો છો તો તમારે તે પ્રમાણે કરવાનું ફરજીયાત ખરૂં કે નહીં ? તે નાકબુલ નથી. પ્રતિમાનો અભ્યાસ કરી સાધુપણું લેવું તે વાતમાં ના પડાય તેમ નથી. આ

ત્રણે વસ્તુ હરિભદ્રસૂરિના વચનથી કબુલ કરો છો તો નવાને જુનામાં ફરક કયાં રહ્યો ?

અગીયાર પ્રતિમા વહન કરો એટલે સાડા પાંચ વરસની વાત છે. હરિભદ્ર દિક્ષાના ઉમેદવારને સાડા પાંચ વરસ પહેલા ઘટો વગાડવાનું કહે છે. અમે તો યુવકો મહીનો બે મહીના કહીએ છીએ. માટે તમે ડાહ્યા કે અમે ડાહ્યા કે હરિભદ્રસૂરિ ડાહ્યા ?

શાસ્ત્રના વાકયો યથાસ્થિત ન સમજે તે કઈ સ્થિતિમાં આવે જીવ બે પ્રકારના ભવ્ય અને અભવ્ય આમ ભેદ ચાલતા હતા તેમાં ભવ્ય શબ્દ સાંભળ્યો. અભવ્ય વાત સાંભળવી રહી ગઈ. વ્યાખ્યા કરતાં ભવ્ય મોક્ષે જવા લાયક તે શબ્દ ઉંઘમાં ગયો ને અભવ્ય એટલે મોક્ષે જવા લાયક નહીં તે સાંભળ્યો એટલે એ કે શબ્દ બોલ્યા નથી તેમ નહીં. પણ ભવ્યની વ્યાખ્યા ઉંઘમાં ગઇ. અભવ્યની ? વ્યાખ્યા ભવ્યના અર્થમાં સાંભળી વચલો અર્થ ઉડી ગયો. વચલા શબ્દો કાઢી નાખ્યા તેનું શું ? આ બે ઇમાની કુટ નીતિક હો તેમ અહીં પહેલાં તો હરિભદ્રસૂરિએ કોને માટે કહ્યું છે ?

તેઓને માટે જેને પહેલાં દેશવિરતિ ધર્મરૂપ અંગીકાર કર્યો હોય શ્રાવકધર્મ અંગીકાર કરવાનું કોને ? જે સર્વ વિરતિ લેવાનું મન કરે પણ સર્વ વિરતિમાં પોતાની શક્તિ નથી. દુનિયાનો આસક્તિથી કરી શકું તેમ નથી. રક્ત આરંભ પરિગ્રહે. આરંભ પરિગ્રહમાં રક્ત હોવાથી મારાથી બની શકે તેમ નથી.

આસક્તિને લીધે સર્વ વિરતિમાં અશકત બને તેવાને પ્રતિમાનો નિયમ રાખ્યો છે. સાડા-પાંચ વરસનો ઘંટ કોને માટે ? દીક્ષીત માત્ર માટે કે આસક્તિથી રહેલો હોય તેને ? કેમ શક્તિમાન થવું તેવો વિચાર હોય તેને માટે ? આથી આસક્તિ ઘટતી ન હોય તેવાને ક્રમસર આસક્તિ ઘટાડવાનો અગીયાર પ્રતિમાએ રસ્તો છે. બીજી બાજુ એજ શ્રાવકની પ્રતિમાનો કાળ કયો કહ્યો છે ? કાણી હાથણી જેવા એકજ વસ્તુ દેખી શકયા. જોડે હરિભદ્રે લખ્યું છે કે છે કે જઘન્ય કાળ કાચી બે ઘડીનો છે. એક એક પ્રતિમાનો જઘન્ય કાળ કેટલો ? કાચી બે ઘડી ૧૧×૨=૨૨ ઘડી એ કેમ ન દેખ્યું ? અને બચારાને ૬૬ મહિના દેખાયા પણ ૨૨ ઘડી ન દેખાઇ. એજ હરિભદ્રસૂરિએ દિક્ષાની જઘન્ય વય કેટલી કરી ?

જઘન્ય વયમાં અગીયાર પ્રતિમાનો વખત કયાં રહેવાનો ? જઘન્ય વયમાં સમજે શું ? જઘન્ય વય જણાવી તેમાં હરિભદ્રસૂરિ લે છે ? પરિણામનો સદ્ભાવ અને પરિભવનો અભાવ, દિક્ષાના પરિણામનો સદ્ભાવ અને પરિભવનો અભાવ પરાભવ એટલે જયાં પોતાની મેળે શરીરનું શૌચ કરી શકતો નથી. જેને અહીં બેસજે એટલા માત્રથી બેસી રહે નહીં, રોકયો રહે નહિં એવાને પરિભવનું સ્થાનક માન્યું છે. હવે આઠ વરસનો છોકરો શરીર ચોકખું ન કરી શકે તેવું અક્કલમાં આવે છે ?

હાથે પાણી રેડવું, હાથે સાફ કરવું તે કંઇ ઉમર સુધી ? માતા પિતાની માફક એની સુશ્રુષા કરવી પડે માટે નાનપણમાં દીક્ષા નહીં પાંચ છ વરસનો થાય પછી બેસાડો તો બેસી શકે. ન જઇશ તો નથી. જતો નથી જતો, કહ્યા પ્રમાણે રહી ન શકે. વાર્યો ન રહે. શીખામણ

ન સમજી શકે તો તે બાળક પર.ભવનું સ્થાનક ગણાય, અત્યારે હમે વર્જીએ પણ જ્યાં રોગી થાય તે વખત શરીર ધોવું પડે કે નહીં ? વૃદ્ધ થાય તે વખત કરવું પડે કે નહીં ?

એટલે પરાભવનું સ્થાનક છે માટે નહીં દેવી તે સામાન્ય હેતુ છે. મુખ્ય હેતુ નથી. તો માંદો ઘરડો થાય તો પાંજરાપોળે મુકવો પડે. આવો સિદ્ધાંત માનવો પડે. તે તો હમે કરતા નથી, તો એ હેતુ મજબુત નથી. ચારિત્ર લેવુ છે એવા પરિણામવાળો થતો નથી. આ મુખ્ય હેતુ છે. પેલા સામાન્ય હેતુ છે, વાત ખરી પહેલા પરાભવના કારણમાં મુદ્દો કયો જણાવ્યો ?

સાધુને ભણવા ગણવામાં અંતરાય પડે. તદ્દન નાની ઉંમરમાં દેવામાં આવે તો માતાને હાથમાં પકડી રાખવો પડે છે. શંધવું હોય તો મુશ્કેલી પડે છે. સાધુ એવા નાનાં ને દિક્ષિત કરે તો પુસ્તક પાનાને પરદેશ મોકલવા પડે. બાળ બચ્ચાંવાળાની માતાની દશા સાધુની થાય. સ્વાધ્યાયનો વ્યાઘાત નુકશાન. ધ્યાન તપસ્યાનું નુકશાન તરીકે છે.

છતાં એ ક્ષંતવ્ય છે. નહિં તો માંદો થાય તો પાંજરાપોળે મોકલવાનો સિદ્ધાંત કાઢવો પડે. સ્વાધ્યાય તપ ધ્યાનના વ્યાઘાતને મુખ્ય ગણવામાં આવે તો બીમાર વૃદ્ધ સાધુનો વૈયાવચ્ચનો વખત રહે નહીં. માટે આ ક્ષંતવ્ય છે. એક મનુષ્યના ચારિત્ર રક્ષણ કરતાં આપણું અમુક ટાઇમનું ધ્યાન સ્વાધ્યાય તપ વધી ગયું ગણાય નહિં પેલા ચારિત્ર કરતાં વધારે ચઢતી કોટીનું હોય. પરાભવનું સ્થાન તે સામાન્ય હેતુ. ખરો હેતુ એવી નાની ઉંમરવાળાને ચારિત્ર લેવાનો વિચાર થાય નહિં, મજબુત હેતુ કયો ? એક પછી બીજો હેતુ કયારે મેલવવો પડે ?

બીજામાં મજબુતી વધારે લાગે ત્યારે ઘણાં ભાગે ચારિત્રના પરિણામ નાની ઉંમરમાં થતા નથી. ભાગ્યશાળીને થાય તેમાં અમે રોકવા બેસતા નથી. માટે પ્રાયઃ શબ્દ કહ્યો છે. હરિભદ્રસૂરિએ ઘણા ભાગે શબ્દ કહ્યો છે. વધારે ભાગે નાની ઉંમરમાં વિરતિના પરિણામ ન થાય ! શ્રાવકપણાની વિરતિ પણ જોડે લીધી છે. સ્વતંત્ર થતા નથી. એજ હરિભદ્રસૂરિ એક બાજુ પ્રાયઃ શબ્દની સામે નાની ઉંમર યોગ્ય માને બીજી બાજુ પ્રતિમાનો નિયમ કરે તે બે વચન સંગત કરવા પડશે.

જેઓ વિષય કષાયમાં દોરાયા હોય તેવાએ છુટવું હોય તેવાએ આ રસ્તે ચાલવું પડે. લહરકા એ છુટવાનો રસ્તો રીતિ નહીં. એ રિતિએ ગયો એજ છુટયો એમ નહીં. એમ અગીયાર પ્રતિમા હરિભદ્રે કહી તેનો જઘન્ય કાળ કહ્યો. બીજી બાજુ એ રીતિ નહીં પણ રસ્તો. રાજ્ય વિરૂદ્ધ ચોર એવાની દિક્ષાની મનાઈ બીજી બાજુ એવાની દિક્ષા માન્ય કરી વંદન કરે. ભગવાન મહાવીરના પિતા રૂષભ અત્યંત વૃદ્ધિપણામાં દિક્ષા લીધી તે વંદનીય કેમ ગણાય ?

આર્ય રક્ષિતને અંગે શિષ્ય ચોરી. અગીયારમાં પિતાની રજા સિવાય દીક્ષા અપાઈ તે યોગ્ય કબુલ કરે તેને વંદન કેમ કરે છે?

શિષ્ય ચોરીથી દિક્ષિત થએલાને મુનિ ગણ્યા. આચાર્ય યુગપ્રધાન ગણી વંદન કર્યાં તે કેમ બને? એક બાજુ દુષણ એનેજ ઉપકારી માની વંદન કરો આ એ કેમ? કારણ એકજ વસ્તુ અયોગ્ય ન હતી. રસ્તે રીતિ અયોગ્ય હતી. રીતિ રસ્તાથી વસ્તુ અયોગ્ય થતી નથી. દિક્ષાની અયોગ્યતા કહેનારો જૈન શાસન સમજતો નથી. સતી કુટુંબના સંતોષથી શીલ પાળે, કાંતો ખંજર ભોંકી શીલ પાળે. શાણી સમજાવી શીલ પાળે તે ઉત્તમ પણ કદી પ્રસંગે ખંજર ભોંકી શીલ પાળ્યું તેથી શીલ અયોગ્ય થતું નથી. વસ્તુ અયોગ્ય નથી. શીલની કિંમત છેતરપીંડી કરીને પાળેલું શીલ બન્નેમાં અમુક યોગ્ય શીલ અમુક અયોગ્ય શીલ બોલી શકાય નહીં આથી વસ્તુ અને રસ્તો રીતિ અગીયાર પ્રતિમા વહેવી જોઈએ.

એ સંસારમાં લુબ્ધપણું ન છુટતું હોય તેને છોડવાનો આ રસ્તો બતાવ્યો છે. તેથી વસ્તુની અયોગ્યતા કહેવાય નહીં. આથી સાડા પાંચ વરસની મહેતલ રાખી છે. આ વાત સમજ્યો નથી. છુટે તેને મેકવાનું છે નહિ સર્વથા ત્યાગ એ મૂળ ધ્યેય તો માણ્યા એટલું પુન્ય એ કહેવાનો વખત નથી. જેટલી અવિરતિ રહી એટલું નુકશાન. દેવતાના ભવમાં પણ તેમની લ્હાય ઓલાતી નથી. ધ્યેય ત્યાં છે એટલી પણ અવિરતિ કેમ રહી?

લ્હાયા એટલું પુન્ય એ સંસ્કાર ન રાખ્યો. રહ્યાં એટલા ગુંમડાં રૂઝયું એટલું કલ્યાણ એમ નહીં પણ રહ્યા એટલા ગુંમડાં અહિં જેટલી વિરતિ થઈ પણ બાકી અવિરતિ રહી તે ગુંમડાં છે. એ બુદ્ધિ ઉપર આવશે એટલે મિથ્યાત્વ અવિરતિ કષાયનો વિચાર ઉચ્ચાર પ્રવૃત્તિ નથી તો પણ તે નહીં જાય ત્યાંસુધી કર્મ લાગવાના છે. માનવા પડે પણ મગજમાં હજુ ઉતરતી નથી.

જે બાબતમાં સંકલ્પ કર્યો નથી, વચન કહ્યું નથી, પ્રવૃત્તિ કરી નથી. જેનો સ્વપ્ને વિચાર નથી. તેના કર્મ મ્હને લાગી જાય તે શી રીતે માનવું? અહીં ગુમડું થયું તેમાં રસી ભરાવાનો સંકલ્પ. વચન પ્રવૃત્તિ કરી ન હતી તો રસી કેમ ભરાય? એકજ વિકાર ઉભો થએલો છે. એ વિકાર મટે નહીં ત્યાંસુધી મન, વચન, કાયા ન હોય તો પણ એ રસ્તે કામ થવાનું. તેમ આત્મામાં મિથ્યાત્વાદિક વિકાર રૂપે હોવાથી મનાદિક ન હોય તો પણ કર્મને ખેંચવાના જ્યાંસુધી વિકાર મટાડો નહિં ત્યાંસુધી મિથ્યાત્વ અવિરતિ, વિકાર મટાડો નહીં ત્યાંસુધી એ સંબંધી સંકલ્પ ન હોય તો પણ વિકાર થવાનો. ગુમડું રૂઝાઈ જાય તોજ રસી મટે તેમ મિથ્યાત્વ અવિરતિ ચાલી જાય તોજ આપણા કર્મથી બચો. હવે મૂળ વાતમાં આવો. દરેક સુખની ઈચ્છા કરે છે પણ આ વિકાર કેમ બાધક છે. તે રસ્તો લેવાતો નથી. ઈચ્છા માત્રથી કાર્ય સિદ્ધિ થતી નથી. માત્ર તે બાધક પ્રયત્ન થવો જોઈએ. આટલી વાત ધ્યાનમાં લેવી. જિનેશ્વરના ચરણનું પૂજન વિરતિવાળાનું વંદન અધર્મમાં બુદ્ધિ થએલી હોય તેવાની સંગતમાં જવું નહિં, પાત્રમાં ધન વાપરવું, ઉત્તમને અનુસરવું અંતર શત્રુને જીતવા તે માટે પંચ પરમેષ્ઠિ સ્તવન કરવું. એ કરનારો મોક્ષ સુખને હાથમાં કરી લે છે. આથી આ શ્રેણીએ ચઢશે તે મોક્ષ સુખને વિષે બીરાજમાન થશે.

# પ્રભુ શ્રી મહાવીરનો યતના-ધર્મ

જૈન ગ્રન્થની પ્રાકૃત-કથાનું અવતરણ.

અવતરણકાર—પં. શ્રી હેમસાગરજી.

(ગતાંકથી ચાલુ)

હવે આ દાસી મરી એટલે તેના કલેવરને છેદીને ખંડ ખંડ ટુકડા કરી નિર્દયપણે કુતરાને ફેંકે છે. એટલામાં તેનો પતિ કુલ પુત્રક ઘેર આવ્યો અને આ પ્રકારની સ્થિતિ દેખીને વિચારવા લાગ્યો. ધિક્કાર થાઓ આવા વિષયમોહિત સ્વાર્થી માણસોને જેઓ પોતાના અલ્પ સુખ ખાતર બીજાના નિર્દયપણે પ્રાણ લેતા પણ અચકાતા નથી. આમ સંસાર સ્વરૂપ વિચારતાં તેને વૈરાગ્ય થયો.

વિષયરૂપી માંસના ટુકડામાં ગૃદ્ધ થયેલા ગીધ સરખા પુરૂષને કોઇપણ પાપ કરવું દુષ્કર નથી. જે આપણે તો દેખી પણ શકતા નથી તો પછી તે દુઃખ સહન કરવાની તો વાતજ શી કરવી ? તે મુનિઓને ધન્ય છે જેઓ સારી રીતે કૃતાર્થ થયેલા છે. વિષયોથી સદા પરાઙ્મુખ થયેલા છે. એમ ચિંતવતો કે કુલપુત્ર મુનિ પાસે પહોંચ્યો. તે મુનિને વંદન કરીને અને પોતાને ઘેર બનેલ વૃત્તાંત જણાવીને ક્ષમાવાન્, ઇંદ્રિયોને દમવાવાળો. નિરારંભ થઇને મુનિ પાસે દીક્ષા અંગીકાર કરી. તપસ્યા સંયમાદિ તલ્લીન નિરતિચાર ચારિત્ર પાળીને કર્મગ્રંથી ખપાવી મહા સત્ત્વશાલી તે સિદ્ધિસુખ પામ્યો.

હવે પેલી લક્ષ્મણા સાધ્વીનો જીવ કેટલોક વખત ચતુર્ગતિમાં ભટકીને ચક્રવર્તીના સ્ત્રી રત્ન તરીકે ઉત્પન્ન થયો. ત્યાંથી મરી છઠ્ઠી નારકીમાં ઉત્પન્ન થઇ ત્યાં ઘણા તીવ્ર દુઃખો અનુભવી કુતરાપણે ઉત્પન્ન થયો. કોઇક વખતે મૈથુનક્રીડામાં આસક્ત થયેલો છે જેને દેખીને કોઇક ગોવાળીઆએ ગુહ્યપ્રદેશમાં બાણથી વીંધી નાંખ્યો. તે ઘામાં ઘણા કીડા પડયા. છેવટે ઘણી વેદના ભોગવી વેશ્યાની કુક્ષીમાં પુત્રીપણે ઉત્પન્ન થયો પરંતુ ગર્ભમાંજ મૃત્યુ પામ્યો. એવી રીતે નવાણું ભવ સુધી ગર્ભનું તથા મૃત્યુના દુઃખ અનુભવી છેવટે દારિદ્રય યુક્ત મનુષ્ય થયો. જન્મતાંની સાથે બે મહીનામાં તેની માતા મરી ગઇ એટલે પિતાએ મહાકષ્ટે જીવાડી ગોવાળોને અર્પણ કર્યો. ત્યાં આગળ નાના વાછરડાંઓને છેતરીને તેની માતાનું દૂધ પોતે પી જવા લાગ્યો. કરૂણા વગરનો લાજશરમ વગરનો તે ઘણા કર્મો ઉપાર્જન કરીને, મરીને કોડાકોડિ ભવો સુધી ભવાટવીમાં રવડયો. તે ભવાટવીમાં ખાવાને પુરૂં ધાન્ય પણ નથી મળતું. ભૂખ, તરસ, વ્યાધિની વેદનાથી ઘણો દુઃખી દુઃખી થયેલો તેમજ કોઇક વખત વધ, બંધન, અતિશય ભાર, પરોણાનો માર ઇત્યાદિક સર્વત્ર તીવ્ર દુઃખ ભોગવતો ભોગવતો કોઇક વખત બ્રાહ્મણપણે ઉત્પન્ન થયો. ત્યારપછી કુબડી દેવી. ત્યારપછી કરીથી બ્રાહ્મણ, ત્યાંથી ચામુંડા દેવી, ત્યારપછી બિલાડો. ત્યાંથી મરી નરકમાં ત્યાંથી નીકળી સાત ભવ સુધી પાડો થયો. પછી મનુષ્ય, પછી મત્સ્ય, ત્યાંથી નરકમાં, નરકમાંથી નીકળી ક્રૂરમતિવાળા પશુ મારનાર કસાઇપણે, ત્યાંથી મરી છઠ્ઠી નારકીમાં, ત્યાંથી નીકળી કોઢરોગી મનુષ્ય, ત્યાંથી સાતમી નરકે, ત્યાંથી મરી વંધ્યા ગાયપણે ગાયના ભવે કોઇક વખત પારકા ખેતરના ખળામાં પેસી અનાજ ખાઇ જતી હશે ત્યારે ખેતરના માલીકે કોઇક કાદવના સ્થાન તરફ તગડાવી. જેથી તે બિચારી કાદવમાં એવી તો ખુંચી ગઇ કે બહાર નીકળી ન શકી. અને કાગડા ગીધ ઘુવડ વિગેરે જાનવરોએ મળી બિચારીને ફોલી ખાધી. ત્યાથી મરી મારવાડમાં દૃષ્ટિવિષ સર્પ થયો. ત્યાંથી મરી પાંચમી નરકે, ત્યાંથી ઘણા ભવ ચારે ગતિમાં ભમી, ત્યારપછી શ્રેણિક રાજાનો જીવ **પદ્મનાભ** તીર્થંકર વિચરશે ત્યારે કોઇ દરિદ્ર કુળમાં કુબડી દુર્ભાગી પોતાના પિતામાતાને ઉદ્વેગ કરાવનારી થશે.

(અપૂર્ણ.)

# સંઘપતિ સંબંધી સુવચનો

**આજ મારા પીતાની આજ્ઞા સફલ થઈ,**

જે તમામ યુગાદિ જિનેશ્વરના—યાત્રિક લોકની ખેદરહિત હું સેવા કરૂં છું. સંસારમાં આ જીવે મનુષ્ય અને દેવ સંબંધી અનેક પ્રકારની લક્ષ્મીઓ મેલવી અને અત્યંત કીર્તીવાળું મહાન સામ્રાજ્ય સેંકડો વખત ઉપાર્જન કર્યું. અનેક પ્રકારના દેવગણોએ કરીને સેવનીય સ્વરાજ્ય પમાયું પરંતુ કદી પણ ઉત્કૃષ્ટ પુણ્યમય સંઘપતિપણું પમાયું નહિ જે શત્રુંજય વિગેરે તીર્થોની યાત્રાને વિષે ઉદ્યમ વાળા હોય છે તેઓએ પોતાના આત્માને પવિત્ર કર્યો છે, પોતાનું કુલ નિર્મલ કર્યું છે. સંસાર રૂપી મહાન કુવામાં પડતાંઓને હસ્તરૂપી આલંબન દીધું છે. અને જન્મનું ફલ મેલવ્યું છે. અને દુર્ગતિના દ્વારનો રોધ કર્યો છે. જે વિધિમાં તત્પર થઈને તમામ અંગોએ કરીને આ તીર્થયાત્રાને કરે છે તેઓએ ચંદ્રને વિષે પોતાનું નામ લખ્યું. પૃથ્વી પાવન કરી. તેજ (સત્પુરુષો) વંદ્ય અને કૃતકૃત્ય અને તેજ પુણ્ય શાલીઓ વંશનું આભૂષણ છે. તેજ મહાન વિભવ વાળા જયવંતા વર્તે છે અને તે કલ્યાણનું ઘર છે. જે માતાપિતાનો ભક્ત હોય, સ્વજન પરિજનને આનંદ દેનારો. શાંત સ્વભાવી. શ્રદ્ધાવાળો, નિર્મલ બુદ્ધિવાળો. અહંકારને કલેશથી રહિત શીલવાળો. દાનની (ઉદાર) વૃત્તી-વાળો. નિડર મોક્ષગામી. બીજાના ગુણ અને વિભવના ઉત્કર્ષથી ખુશી થનારો દયાલુ આવા પ્રકારનો મનુષ્ય સાક્ષાત્ દેવજ ન હોય તેવો માણસ સંઘપતિપણમાં અધિકારી થાય છે.

**સંઘ સંબંધી સુવચનો**

જેણે મોક્ષ સુખને વશ કરનાર એવા સંઘની આવી રીતે પૂજા કરી તેણે પોતાનું સ્થાન પવિત્ર કર્યું, કુલ નિર્મલ કર્યું. જાતી અજવાળી દુર્ગતીનું દોરડું છેદ્યું. ચંદ્ર મંડળમાં નામ લખ્યું. દુઃખને જલાંજલી દીધી અનુપમ સ્વર્ગ સુખની સ્થાપન કરી.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રી. પ્રેસ—ગાંધીચોક, સુરત.
પ્રકાશક :—શા. માનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# શ્રી અરિહંત પદ, વીસસ્થાનક તપની આરાધના વિના સાધ્ય નથી.

## વીસસ્થાનકતપની શ્રેષ્ઠ તરીકે ગણના કઈ દ્રષ્ટિએ ?

તપ અનેક પ્રકારનાં છે. દાન, શીળ તથા ભાવના ભેદો નિયમિત છે, મર્યાદિત છે, તેની સંખ્યા અલ્પ છે. તેમને દેશ, કાલના ભેદે ભિન્નતા સ્પર્શતી નથીઃ તપને તે સ્પર્શે છેઃ તપના ઉદ્દેશો, વિધિઓમાં ભિન્નતા હોઇ શકે છે, થઇ શકે છે.

શ્રી ઋષભદેવજી ભગવાનથી લઇને શ્રી પાર્શ્વનાથજી ભગવાનના શાસન સુધીમાં નહિં થયેલો અઠ્ઠમ તે ભગવાન્ શ્રી મહાવીરદેવના વખતમાં ચંદનબાળાનો થયો તો તે અઠ્ઠમ તપમાં ન ગણવો ? ગણાયજ ! સ્વરૂપમાં ભિન્નતા થતી નથી. દિવસે ઉપવાસ તથા રાત્રિએ પારણું એમ સ્વરૂપ પલટાતું નથી.

કૌશામ્બી જેવી નગરી અને પાત્ર સ્વયં ભગવાન્ શ્રી મહાવીર દેવ ! છતાં અઠ્ઠમના પારણામાં શું ? ચંદનબાલાના અઠ્ઠમના પારણામાં બાકળા વહોરાવવનું અનુકરણ તે ચંદન-બાલાના નિમિત્તજ છે. કાલ તથા દેશ ભેદે તપમાં ભિન્નતા હોઇ શકે છે; સ્વરૂપ એકજ હોવું જોઇએ.

તપશ્ચર્યા અનેક પ્રકારે છે પણ કોઈપણ તપશ્ચર્યા વીસસ્થાનક તપશ્ચર્યાની તુલનામાં આવી શકતી નથી.

શ્રી વર્દ્ધમાન આયંબીલ તપ લાગટ કરે તો પણ ચૌદ વર્ષે પણ પુરો થતો નથી, અને તેમાં તો આયંબિલોનું મોટું પ્રમાણ છે જ્યારે વીસસ્થાનક તપની મુદત ચારસો દિવ-સની છે. છતાં વીસસ્થાનક તપનું મહત્વ શાથી ?

કાલની અપેક્ષાએ, તપની દષ્ટિએ, રસાસ્વાદ ત્યાગ જોતાં શ્રી વર્દ્ધમાન આયંબીલ તપનું મહત્વ વધારે સ્વીકાર્ય છેઃ અસ્ખલિતપણે જગતના ઉદ્ધારનો સંકલ્પ શ્રી વીસસ્થાનક તપમાં હોઈ તેનું મહત્વ તપ માત્રથી અધિક છે. અરિહંત પદ સિદ્ધ પદ, આચાર્ય પદ, ઉપાધ્યાય પદ, સાધુપદ આ પાંચ પદમાં અરિહંત પદવી, વીસસ્થાનક અગર તેમાંથી એકની પણ આરાધના વિના સાધ્ય નથી.

# શ્રી સિદ્ધચક્ર

!!! વં....દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशा
मोक्षाध्वालम्बनाः श्रद्धतिमतिचरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ॥२॥

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ વનજીસ્ટ્રીટ: ૨૫, ૨૭ ]

વર્ષ ૧૨ ] [ અંક ૮ મો.

વિક્રમ સં. ૨૦૦૨, વીર સં. ૨૪૭૨. તા. ૧૭-૧-૪૬ ગુરૂવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨॥ આના

# પ્રશ્નપિયૂષ-પયોનિધિઃ

**આગમોદ્ધારક પૂ. આચાર્યદેવેશશ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ દેશના દેવાના-અવસરમાં વિષયની વધુ છણાવટ માટે ઉઠાવેલ પ્રશ્નરૂપ પિયૂષ-બિંદુઓ અને સમાધાન રૂપ સુધા-બિંદુઓનો સંચય અત્ર (આ કોલમમાં) આપવામાં આવશે.**

સંચયકાર:—**પૂ. પં. ચંદ્રસાગરજી ગણિવર.**

પ્રશ્ન—૭૧. મિથ્યાત્વ એ મહાન્ અવગુણ છે છતાં તે ગુણ સ્થાનકની ગણત્રીમાં કેમ ગણાયો છે?

**સમાધાન—**સંસારમાં પરિભ્રમણ કરનાર જીવોને શાસ્ત્રોની અપેક્ષાએ ગુણઠાણા વગરનો માન્યો નથી અવ્યવહાર રાશિમાં પણ મિથ્યાત્વ ગુણઠાણું સ્વીકારેલું છે. આ સમાધાનમાં કેટલાક શાસ્ત્રકારો યથાભદ્રકપણાને અને વ્યક્ત મિથ્યાત્વની પ્રાપ્તિને ગુણઠાણું ગણે છે.

પ્રશ્ન ૭૨. તીર્થંકર નામ કર્મ બાંધવું અને તીર્થંકર નામ કર્મને નિકાચવું તે બંન્ને અવસરે આત્મ પરિણુતિ એક સરખી હોય ખરી?

**સમાધાન—**ના. તીર્થંકર નામ કર્મ બાંધવા અવસરે અપ્રતિપાતિ સમ્યક્‌ત્વનો નિયમ નથી, પરન્તુ તીર્થંકર નામ કર્મની નિકામના અવસરે અપ્રતિપાતિ સમ્યક્‌ત્વ હોય છે. આથીજ તીર્થંકર ભગવન્તોના ભવ ગણત્રી અવસરનું મનાતું સમ્યક્‌ત્વ અને તીર્થંકર નામ કર્મની નિકાચના અવસરના સમ્યક્‌ત્વને સ્પષ્ટપણે જુદુંજ જણાવ્યું છે. તીર્થંકર નામ કર્મની નિકાચના અવસરને અપ્રતિપાતિ સમ્યક્‌ત્વ હોય છે અને તે સમ્યક્‌ત્વને વરબોધિ કહેવાય છે.

પ્રશ્ન—૭૩. તીર્થંકર નામ કર્મ નિકાચના કરવાના મુખ્ય સાધન કયા?

**સમાધાન—**અરિહંતાદિવીશ-સ્થાનકની આરાધના.

પ્રશ્ન—૭૪. વીશસ્થાનક પદોને તીર્થંકર નામ કર્મની નિકાચનામાં મુખ્ય સાધન તરીકે કયા શાસ્ત્રમાં જણાવ્યા છે?

**સમાધાન—**ચૌદ પૂર્વધર શ્રી વિરચિત આવશ્યક સૂત્ર-નિર્યુક્તિ અને જ્ઞાતાસૂત્રાદિ ગ્રન્થો છે.

પ્રશ્ન—૭૫. સિદ્ધચક્રમાં આવતા નવે પદોમાં વીશ સ્થાનકના બધા પદની આરાધના આવી જાય છે એ વાત સાચી છે?

સમાધાન—હા, એ વાત સર્વથા સાચી છે. બુદ્ધિપૂર્વક વિચારણા કરવાથી વીશ સ્થાનકના બધા પદો સિદ્ધચક્રમાં અંતર્ગત થાય છે

પ્રશ્ન—૭૬ સિદ્ધચક્રમાં આવેલા અરિહંત પદને આરાધનારો તીર્થંકર થઈ શકે ખરો?

સમાધાન—આરાધકનો ઉદ્દેશ અને રૂચિને અનુસરીને કહી શકાય. કારણ કે જગતભરના જીવોને નિગ્રન્થ-પ્રવચનના રસિક બનાવવા માટે સઘલી સામગ્રી અને શક્તિવાળો થાઉં, એવા સંજોગો ખડા કરૂં કે સઘળા જીવો શાસન રસિક બનો; આવી વધતી રૂચિમાં અરિહંતપણું પામે તેમાં નવાઈ નથી. પરન્તુ કેવળ કર્મ-ક્ષયના મુદ્દાથી આરાધના કરે તો અરિહંત થયા વગર પણ મોક્ષે જઈ શકે છે. એટલે સિદ્ધચક્ર-સ્થિત નવ-પદની આરાધના કરનાર નિયમિત અરિહંત પદ પ્રાપ્ત કરે એવો એકાન્ત નિયમ બાંધી શકાય નહિં.

પ્રશ્ન—૭૭. તીર્થંકર નામ કર્મની નિકાચના કરનાર દેવલોકમાં જાય તો ત્યાં રાગી બને કે નહિ?

સમાધાન—નિકાચના કરીને તીર્થંકરનાં જીવો દેવલોકમાં જનારા હોય તો પણ સંસારનું વર્ધન કરે તેવો રાગ તો હોયજ નહિ.

પ્રશ્ન—૭૮. તીર્થંકર નામ કર્મની નિકાચના પછી સંક્લેશજનક રાગ તીર્થંકરોને હોતો નથી તો તદ્‌ભવ મોક્ષ ગામિને હોય ખરો?

સમાધાન—જુઓ, ભરત મહારાજા તદ્‌ભવ મોક્ષગામી છે. ચક્રરત્ન અટક્યું એટલે આજ્ઞાનું કહેણુ અને સાથો સાથ બાર વર્ષનો સંગ્રામ ખેલવો પડયો. આ સ્થળે સંક્લેશજનક રાગ માનવો પડશે. પરન્તુ તીર્થંકરો રાજા મહારાજા કે ચક્રવર્તી થાય, દેવલોકમાં જાય કે નરકમાં જાય પણ તેઓને સંક્લેશજનક રાગ હોતોજ નથી.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૧૨ ] પોષ [ અંક ૪ થો.


# આગમોદ્ધારકની અમોઘદેશના

દેશનાકારઃ—આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ. સ્થળ—સુરત.

[નોંધ—દેશના અવસરે દેશનાકારના વ્યાખ્યાનોનો સારભૂત સંચય પં. શ્રી હેમસાગરજી મહારાજે કરેલો છે. તે વ્યાખ્યાનો તેઓશ્રી પાસેથી મેળવી પ્રેસકોપી તૈયાર કરાવી અને વાંચકો સારી રીતે વાંચી શકે તે રીતિએ પન્યાસપ્રવર પૂ. શ્રી ચંદ્રસાગરજી મહારાજ પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે. છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ૦ તંત્રી.]

**જ્ઞાનપંચમી વ્યાખ્યાનનાં સારભૂત અવતરણો.**

૧. નંદીનું નિયમિત કથન.

૨. સમ્યગ્જ્ઞાનની સાધન દશા.

૩. સાધ્ય-સાધનની ભૂલ-ભુલામણી અને ચોખવટ.

૪. વ્રત વગરના જ્ઞાની અને ગધેડામાં ફરક નથી.

૫. જ્ઞાન આવ્યા છતાં ફળ ન બેસે તો જ્ઞાન એ અજ્ઞાન છે.

૬. જ્ઞાનને અજ્ઞાન કહેનાર શ્રી જિનભદ્રગણિ ક્ષમા-શ્રમણ.

૭. સર્વારાધક—જ્ઞાન કહેનારાઓ શાસ્ત્રના સિદ્ધાંત સમજ્યા નથી.

૮. જ્ઞાન કરતાં ક્રિયાની સાધકતા.

૯. જ્ઞાન ભાડે મળે છે પણ ક્રિયા ભાડે મળતી નથી.

૧૦. મોક્ષના પારિણામિક કારણો કયા ?

૧૧. દાનાદિ ચાર અને દર્શનાદિ ત્રણમાં ફરક શો ?

૧૨. રત્નત્રયીના ધ્યેયપૂર્વકનાં જૈન તહેવારો.

૧૩. પર્વતિથિ અને અપર્વ-તિથિમાં ફરક શો ?

૧૪. સમ્યગ્ જ્ઞાનનો વેગ વધારનારાઓની જવાબદારી.

'नाणं पंचविहं पन्नतं आभिणिबोहिय नाणं' इत्यादि.

**નંદીનું નિયમિત કથન.**

શાસ્ત્રકાર મહારાજા શ્રુત-કેવળી-ભગવાન્ ભદ્રબાહુ સ્વામી, મહારાજ ભવ્ય પ્રાણીઓના

ઉપગારને માટે દશ શાસ્ત્ર ઉપર નિર્યુક્તિ કરતાં થકાં પ્રથમ આવશ્યક સૂત્ર ઉપર નિર્યુક્તિ કરે છે. શાસ્ત્ર માત્રની આદિમાં શાસ્ત્રકારોએ પાંચ જ્ઞાનોનું વ્યાખ્યાન નિયમિત કર્યું છે. દરેક શાસ્ત્રની વ્યાખ્યા કરતાં નંદી કરવોજ જોઇયે. નંદી એટલે શું ? નંદી એનુંજ નામ છે કે પાંચ જ્ઞાનનું વર્ણન. પાંચ જ્ઞાનોનું વર્ણન તેનું નામ નંદી હોવાથી દરેક શાસ્ત્રની આદિમાં તેનું ઉચ્ચારણ કરીને પછી ઉદ્દેશ સમુદ્દેશ અનુજ્ઞા કરવી પડે છે. કોઈપણ શાસ્ત્ર સંબંધમાં કોઇપણ વિધિ કરવો હોય તો પ્રથમ નંદીને સ્થાન મળે છે. આખા નંદી સૂત્રનું અમુક વખતે વર્ણન કરવામાં છે. આવે પરંતુ સર્વ અનુયોગની અનુજ્ઞા હોય તે વખતે નંદીની વ્યાખ્યા અનુયોગ લેનારને કરવી પડે છે. દરેક સૂત્રના અનુયોગ અવસરે પણ પાંચ જ્ઞાનરૂપ નંદી જરૂર કરવો પડે છે. નંદીના વ્યાખ્યાનનું અનિયમીત છતાં નંદીના કથનનું અનિયમીત-પણું નથી. અનુયોગ-સૂત્રના ટીકાકાર મલધારી શ્રીહેમચન્દ્રસૂરિ દરેક શાસ્ત્રની આદિમાં નંદીનું અનિયમીતપણું જણાવે છે, તે વ્યાખ્યાનની અપેક્ષાએ જણાવે છે. પાચ જ્ઞાન કથન કરવા-રૂપ નંદીનું અનિયમીતપણું કોઈપણ સ્થળે છેજ નહિં. કથનરૂપી નંદી દરેક શાસ્ત્રની આદિમાં નિયમીત છે. વ્યાખ્યાનની અનિયમીતતા છે. વ્યાખ્યા પ્રાયિક છે છતાં નંદીનું કથન પ્રાયિક નથી. નંદીનું કથન નિયમીત છે. કોઇપણ શાસ્ત્રની વ્યાખ્યા પહેલાં ઉદ્દેશાદિક પહેલાં નંદીનું કથન નિયમીત થવુંજ જોઇએ. આ શાસ્ત્ર વિધિ સમજવાવાળાને અને માનવાળાઓ માટે નંદીનું કથન નિયમીત કર્યું. તેમ છતાં શાસ્ત્ર વિધિથી અનિયમીત વર્તવાવાળા હોય તેવા માટે શાસ્ત્રકાર કંઇપણ કહી શકતા નથી. લજ્જા નામનો ગુણ પણ દેખવાવાળાને છે. આંખો નથી તેને લાજ કઇ ? આંધળાને આંખની શરમ ન હોય, તેમ શાસ્ત્રની વિધિથી બેદરકાર હોય તેવા માટે આ શાસ્ત્રીય કથન નથી. જેઓ શાસ્ત્રની વિધિ તરફ આદરવાળા હોય તેવાને શાસ્ત્રકારોએ એજ વિધિ રાખ્યો છે કે દરેક સૂત્રની શરૂઆતમાં નંદીનું કથન કરવું. કદાચ નંદીનું વ્યાખ્યાન ન કરો પણ નંદીનું કથન તો જરૂર કરવું જોઇએ. નંદીસૂત્રમાં જ્ઞાનનું વર્ણન હતું છતાં ભદ્રબાહુસ્વામીને આવશ્યકની નિર્યુક્તિની-શરૂઆતમાં નંદીનું નિરૂપણ શા માટે કરવું પડયું ? સમગ્ર જ્ઞાનનું વ્યાખ્યાન નંદીસૂત્રમાં હતું તો આવશ્યકની નિર્યુક્તિ કરતાં ભદ્રબાહુ સ્વામીને સ્વતંત્ર જ્ઞાનનું વર્ણન કરવું પડયું કારણ એ છે કે નંદીની વ્યાખ્યા નિયમીત ન હતી. જ્ઞાનનું કથન પાયે નિયમીત હતું. તેથીજ નંદી સૂત્રમાં સંપૂર્ણ વિવેચન છતાં આવશ્યક નિર્યુક્તિ કરતાં પાંચ જ્ઞાનનું કથન કરવું પડયું. નંદીનું કથન નિયમીત છે. જ્ઞાનનું કથન નિયમિત અને વ્યાખ્યા અનિયમીત હોવાથી અહીં જ્ઞાનની વ્યાખ્યા પણ કરવી પડી અને કથન પણ કરવું પડયું.

## જ્ઞાનની સાધન દશા.

એટલું બધું જ્ઞાનનું મહત્વ શું ?, જૈન શાસ્ત્રમાં જ્ઞાન એ સાધ્ય નથી, પરંતુ જ્ઞાન એ સાધન છે. જ્ઞાન સાધનરૂપે રાખ્યું છે પણ સાધ્યરૂપે રાખ્યું નથી. ज्ञानस्य फलं विरतिः બોલીએ છીએ. અર્થાત્ વિરતિ ન આવે તો જ્ઞાન નિષ્ફળ, જ્ઞાન સ્વતંત્ર ફળ રૂપ હોત તો તેના ફળ સુધી દોડવું પડત નહિં. કોઈ દિવસ

ફળનું ફળ પુછવું પડતું નથી. જ્ઞાન એજ ફળ હોત તો જ્ઞાનનું ફળ કયું ? આ પ્રશ્નને અવકાશ રહેત નહિં. પણ અહીં પ્રશ્નનો અવકાશ છે તેથીજ જ્ઞાનનું ફળ કયું ? એમ પૂછાય છે અને તેનો ઉત્તર પણ **ज्ञानस्य फलं विरतिः** જ્ઞાનનું ફળ વિરતિ છે એમ દેવાય છે. જ્યારે ફળ વિરતિ છે તો પછી એ ચોક્કસ સમજાય છે કે જ્ઞાન એ વિરતિરૂપી ફળનું સાધન હોવાથી જ્ઞાન સાધન કીંમતી છે. આ વાત મગજમાં લેશો એટલે **पढमं नाणं तओ दया** એ પદ સમજાશે. પઢમં નાણં તઓ દયાં આ શબ્દો હરકોઇ બોલે છે, પણ એ વાકયમાં તત્વ કયું છે ? તે સમજતા નથી. એજ તત્વ બતાવ્યું કે જ્ઞાન એ સ્વતંત્ર ફળ દેનાર ચીજ નથી. સ્વતંત્ર સાધ્ય પણ નથી અને ફળ નથી. જ્ઞાન પછી દયા, એટલે સંજમ વિરતિ વ્રત પચ્ચખાણ આવે ત્યારેજ જ્ઞાનનાં ફળ આવ્યાં કહેવાય. જ્ઞાન આવ્યું છતાં પણ જ્ઞાન એ સાધ્ય કે ફળ નથી. ફળ તરીકે સાધ્ય કઇ ચીજ ?, તો જવાબમાં દયા કહેવી પડશે. તે માટે **पढमं नाणं तओ दया** પહેલું જ્ઞાન અને પછી દયા કેમ કીધી ? તો સમાધાનમાં સમજવું જોઇએ જોઇએ કે જગતમાં પહેલાં કારણ હોય પછીજ કાર્ય હોય. જ્ઞાન પહેલું એટલે જ્ઞાનની કારણ દશા. પછી દયા=સંયમ અથાત્ સંયમ કાર્ય દશા. જગતમાં પણ પહેલો ચૂલો સળગાવવો પડે અને પછી રસોઈ થાય. પહેલાં લગ્ન ને પછી પુત્ર, પહેલાં વૃક્ષને પછી ફળ, પહેલાં ચૂલો અને પછી રસોઇ કહેવાથી એકલા ચૂલાને વળગવાવાળો ભૂખે મરે. ફળની ઇચ્છાવાળો ઝડની ડાળીને મરડીને ફલ તોડનારો તે પણ બીજને ભૂલતો નથી. એકલા ઝાડને ઉભું રાખનારો સુજ્ઞ ગણાતો હોય તો પણ પહેલાં કહ્યું તેનો અર્થ કયો એ સમજવું જોઇએ. જ્ઞાન એ સાધન દશા છે. વિરતિ સાધ્ય દશાની ચીજ છે. ચૂલો સળગાવવામાં ૧૦૦ ચૂલા સળગાવે. એકે ચૂલે રસોઇ ન કરે તે સળગાવનારની કીંમત કેટલી ? ફળ તરફ દરકાર ન રાખનારો જ્યારે ચૈતર વૈશાખમાં આંબો વેડાઇ જાય છે તેની તો દરકાર-કરે નહિં અને મારો આંબો સ્થીર રહેવો જોઇએ આવું કહ્યા કરે એની અક્કલની કિમ્મત કેવી ગણવી ? રસોઇ વગર ચૂલાનું સળગાવવું, કેરીને ભૂલીને એ કલા આંબાનું રક્ષણ એ ફોગટ મજુરી છે. સાધ્ય શૂન્ય હોવાથી કેવળ કષ્ટ રૂપ છે તેવી રીતે અહીં "પઢમં-નાણું" કહી શાસ્ત્રકારો ખુલ્લા શબ્દોમાં કહે છે કે વિરતિ વ્રત પચ્ચખાણ વગરનું જ્ઞાન કેવળ કષ્ટ રૂપ છે.

**વ્રત વગરના જ્ઞાની અને ગધેડામાં ફરક નથી.**

આ વાત લક્ષ્યમાં લેશો ત્યારે શાસ્ત્રકારોએ વ્રત વગરના જ્ઞાનીને ગધેડાની ઉપમા આપી છે. કઇ અપેક્ષાએ ? તો સમાધાનમાં એકલા ચૂલા સળગાવનાર પણ જો રસોઇ ન કરનાર હોય તો તેને મૂર્ખ શિરોમણિ ગણાય અર્થાત્ અક્કલ વગરના ગણાય તેથીજ શાસ્ત્રકારો ચારિત્ર વગરના જ્ઞાનવાળાને ગધેડા જેવાજ ગણે છે. કોઇ કહેશે કે ચારિત્રને ચઢાવી દેવા કહો છો. તો કહેવું કે ના. શાસ્ત્રમાં આ પ્રમાણે કહેવાય છે—

जहा खरो चंदण भारवाही,
भारस्स भागी न हु चंदणस्सः ॥
एवं खु नाणी चरणेन हीणो ।
नाणस्सभागी न हु मोक्ख सुखस्स ॥१॥

જેમ ગધેડો ચંદનનો ભારો વહે છે. ગધેડાને ચંદન અને બાવળમાં ફરક કયો ? અર્થાત્ બંન્ને સરખાં. ચાહે શરીર ઉપર ચંદન કે બાવળનો બોજ નાખો તો તેને બન્નેજ બોજાજ છે. જેમ ગધેડો ભલે ચંદનનો ભાર વહે તો પણ તે તો બીચારો માત્ર ભારનો ભોગવટો કરનાર છે, ચંદનનો ભોગવટો કરનાર નથી. આવી રીતે દુનીયાનું દૃષ્ટાંત જણાવીને શાસ્ત્રકાર નિશ્ચયપૂર્વક કહે છે કે એવો કોણ? તો કહે છે કે નાણી-જ્ઞાની. જ્ઞાની જ્ઞાનનો ભાર વહે છે એટલે એ પણ ધોળો ગધેડો છે. આથી જ્ઞાનનું અપમાન કે નીંદા કરતા નથી, સાધન તરીકે રહેલા જ્ઞાનની પૂજના કરીએ છીએ પણ નિંદા કરતા નથી. જેને જ્ઞાન સાધ્ય ગણ્યું છે અને ચારિત્ર સાધ્ય નથી એના માટે આ કહેવાય છે. તેથી **चरणेन हीणो** ચારિત્રે શૂન્ય એવો જ્ઞાની કયો ?, ચારિત્રે શૂન્ય એવો જ્ઞાની એ ચંદન વહેનાર ગધેડા જેવોજ છે. અહીં ભાર કઈ ચીજ ને ફળ કઇ ચીજ ? તે સમજાવતાં **नाणस्स भागी** તે જીવ જ્ઞાન રૂપી ભારનો ભાગી છે. નિર્યુક્તિકાર ભદ્રબાહુ સ્વામીજી ચારિત્ર વગરનું જ્ઞાન તેજ ભાર, ચારિત્રવાળું જ્ઞાન તે ચંદનનો ઉપભોગ. કારણ કે ચારિત્ર વગરના જ્ઞાન વાળો તે માત્ર જ્ઞાનનો ભાર વહન કરે છે, પણ એ સદ્ગતિનો ભાગી નથી. અર્થાત આ કથન સાફ સાફ જણાવી દે છે કે **पढमं नाणं तओ दया** તે પ્રથમ શબ્દ માત્ર જ્ઞાનની સાધનતા જણાવવા માટે છે. અને **तओ** શબ્દ તે જ્ઞાનથી વિરતિજ જણાવે છે. **ततः** શબ્દથી વિરતિનું ફળ જણાવે છે. બન્ને વસ્તુનું તત્ત્વ શું ?, **ज्ञानस्य फलं विरतिः** શાસ્ત્રકારો તે જ્ઞાનને જ્ઞાન કહેવા તૈયાર નથી, કારણ કે **तओ** એટલે **पश्चात् काल मात्रे** જ્ઞાન=કારણ વિરતિઃ=કાર્ય ન થાય તો કારણ નકામું છે.

## સાધ્ય સિદ્ધિ ન થાય તો તે જ્ઞાન-અજ્ઞાન છે

દશ-વૈકાલિક આવશ્યક અને પ્રશમરતિના વાકયથી જ્ઞાનને કારણ ગણી કંઇક ધારણા રાખી હતી પણ વિશેષાવશ્યકકાર શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજી આગળ વધ્યા છે. જ્ઞાનનું કાર્ય ન હોય તે જ્ઞાનને જ્ઞાન ન કહેતાં અજ્ઞાનજ કહેવું. દશવૈકાલિક આવશ્યક તથા પ્રશમરતિકારે જ્ઞાનને કારણ ગણ્યું. ત્રણ જગો પર કારણની વાત લક્ષ્યમાં રાખી કાર્યનો ઉદ્ભવ કથંચિત થાય તે અપેક્ષાએ જ્ઞાન કહ્યું **नाणी चरणेन हीणो** ત્યાં જ્ઞાની કહ્યો પણ ભાષ્યકાર જીનભદ્ર ગણિક્ષમાશ્રમણ પૂર્વની ગાથા લઇને ફળ સિદ્ધિ વગરના જ્ઞાનીને અજ્ઞાની કહે છે. પૂર્વમાં રહેલી ગાથા લઇને કહે છે કે જ્યાંસુધી જ્ઞાનનું ફળ આવે નહિં, ત્યાંસુધીનું જ્ઞાન તે અજ્ઞાન ગણવું. કારક સમ્યકત્વવાળાની અપેક્ષાએ રોચક સમ્યકત્વવાળા શ્રેણિક પ્રમુખ મિથ્યાત્વી છે. સો હાથ કાપડ ભરે છે પણ તસુ કાપડ ફાડતા નથી, કારક સમ્યકત્વની અપેક્ષાએ રોચક સમ્યકત્વવાળા મિથ્યાત્વી છે. નિશ્ચયવાળો ચોકખું બોલે છે કે ચારિત્રનો વધ થયો તો જ્ઞાનદર્શનનો વધ છેજ. કાચમાં બધી સુંદરતા દેખાય તેથી તેને રત્ન ન કહેવાય. ભીંત કરતાં કાચ સુંદર છે. પાંજરાપોળ કરતાં અશકતાશ્રમ એ જુદો છે. સર્વ વિરતિરૂપ સશકત આશ્રમમાં ન જાય ત્યાંસુધી દેશવિરતિવાળા અશકતાશ્રમવાળા છે. ત્રણ ગ્રન્થકારોએ કારણ ધ્યાનમાં રાખી જ્ઞાન

શબ્દ પણ વાપર્યો. પૂર્વધર મહારાજે કારણુની કિંમત તેટલી ન ગણતાં અજ્ઞાન કહ્યું. જ્ઞાનનું ફળ નથી તેથી મિથ્યાદ્રષ્ટિ છે, અને તેથી અજ્ઞાની છે. કોઠારનું અનાજ તેને અંકુરાનું કારણ નૈગમ સંગ્રહ માને ઋજુ સૂત્રવાળો અંકુરો થવાની નજીકમાં દાણો તૈયાર છે. ત્યારે અંકુરાનું કારણ દાણો ગણે છે અર્થાત જે વખતે અંકુરો થવાની તૈયારી છે તે વખતનું બીજ તે અંકુરાનું કારણ. તેમ દશવૈકાલિકકાર વિગેરે ત્રણ આચાર્યો કારણપણું માની દૂરનું કારણ માની તેને જ્ઞાન કહે છે. જ્યારે પૂર્વધર મહારાજા દૂર કારણને કારણ ન માનતા કુર્વંત રૂપત્વ બીજમાં કુર્વંદ રૂપત્વ હોય તો (એટલે તદ્દન નજીક હોય તો) બીજ અંકુરાનું કારણ ગણે બીજા બધાને બીજને અંકુરાનું કારણ ન ગણે. બીજ વાવ્યું વરસાદ થયો. હવા આવી પછી અંકુરો થવાની તૈયારીમાંજ કારણ ગણે પૂર્વધરો જ્યાં ફળ નથી ત્યાં જ્ઞાન માનવા તૈયાર નથી. આ જ્ઞાનનું વિવેચન સાંભળી કેટલાકને એમ થશે કે અહીં ચારિત્રને શિખરે ચડાવ્યું. જ્ઞાનની દશા ચારિત્રના ચાકર તરીકે છે. વિરતિના અણુવર તરીકે જ્ઞાન માત્ર ગણાવ્યું છે. સૂત્રથી સિદ્ધ થએલી વાસ્તવિક અવસ્થાની વાત માનતા ખટકો લાગે છે. વિરતિ લોઢાના ચણા ચાવવા જેવી કઠણ ને નિરસ લાગે છે. સંયમ સામા પુરે તરવા જેવું દૂષ્કર લાગે છે, તેથી જ્ઞાન માત્રમાં જેઓને કીંમત કરાવવી છે, તો જ્ઞાન કેમ ઉડાડી દ્યો છો ?, જવાબમાં સાં. ગળો.

## સર્વારાધક-જ્ઞાન.

શાસ્ત્રકાર જ્ઞાનને સર્વ આરાધક કહે છે. આજે જ્ઞાનનું સર્વ આરાધક પણું વાસ્તવિક નહિં પણ ઉપચરિત છે. વાસ્તવિક શું છે? દેશ વિરાધકપણું. જ્ઞાનવાળો દેશ વિરાધક અને ક્રીયાવાળો દેશ આરાધક, જ્ઞાન અને ક્રિયા બન્ને બરોબર હોય તો સર્વ આરાધક એકે ન હોય તો સર્વ વિરાધક. આ ચાર ભાંગા લક્ષ્યમાં લેવા. એકલી ક્રિયાવાળાને જ્યારે દેશ આરાધક ગણ્યા ને એકલા જ્ઞાનવાળાને દેશ વિરાધક ગણવામાં આવ્યા છે. દેશ આરાધક ને દેશ વિરાધક શબ્દ વિચારો. જ્ઞાનવાળાને દેશ આરાધક ન કહ્યો દેશ આરાધક કહેવું હતું ને? તે કેમ ન કહ્યું ? જ્ઞાનવાળો ત્યારે કે એની દ્રષ્ટિએ નથી બનતું તેટલી વિરાધના કરી રહ્યો છું. ચાર આની વિરાધના બને છે તે ઉપર લક્ષ્ય હોય તેથી એકલા જ્ઞાનવાળાને વિરાધક કહ્યો. વિરતિના લક્ષ્ય વગરનાને વિરાધક ગણ્યો એકલી ક્રિયા કરવાવાળાને સર્વનું જ્ઞાન નથી શું મારૂં કર્તવ્ય આત્મ સ્વરૂપ સંપૂર્ણ સ્થાન આરાધન કયું તે લક્ષ્ય નથી. આટલું હું કરૂં છું. ક્રિયાવાળાને આટલું કરૂં છું ને જ્ઞાનવાળાને આટલું ઓછું કરૂં છું તે લક્ષ્ય છે, જ્ઞાનવાળાને લક્ષ્ય સંપૂર્ણ પર છે. આટલી મારામાં ઓછાશ છે. તે જ્ઞાની માને, ક્રિયાવાળો સંપૂર્ણ દૃષ્ટિએ પહોંચ્યો નથી. આટલું કરૂં છું તે કલ્યાણ. કુવાના દેડકા માફક સર્વ આરાધકને ઉપચરિત કેમ કહ્યું ? દેશ વિરાધક જ્ઞાન કહેવું હતું ને? છતાં કેમ ત્યાં દેશ વિરાધક જ્ઞાન કેમ ન બોલાયું ? તો અહીં જ્ઞાન કયું લીધું ? તેજ જ્ઞાન લીધું છે, કે જેમાં ચારિત્રની નિસરણી માંડી છે. ચડવા માંડયું છે. ચડવા પુરતીવાર છે. એવો જ્ઞાની લેવાનો છે, ચારિત્રની ભાવનાએ વધેલો અને ચારિત્ર તરફ ધસેલો પણ ચારિત્ર મેળવી શક્યો નથી. ભરત મહારાજા

આરીસા ભુવનમાં હતા, વીંટી મુગટ અને હાર વાળા હતા. તે વખતે અનિત્ય ભાવના ભાવતાં વિરતિ તરફ ધસ્યા છે. તે સર્વ આરાધક બને તેમાં નવાઇ નથી. ચારિત્રના ચક્કરે ચડે છે. હજુ ચડી ગયો નથી. ચડવા માંડેલો છતાં પણ ચડયો નથી તેવો જ્ઞાનવાળો સર્વ આરાધક ગણી શકાય તેમાં આશ્ચર્ય નથી. આથી શંકાકારે એ જણાવ્યું કે જ્ઞાન સર્વ આરાધક ચીજ તેની કીંમત કેમ ઘટાડાય છે? સર્વ આરાધક પણું ચારિત્ર રૂપી ફળની અપેક્ષાએ ગણ્યું છે. અહીં ચારિત્રથી વિમુખ થએલાને આરાધકપણું હોય નહિ. અજ્ઞાની મિથ્યા દૃષ્ટિ તે ચારિત્રના ચક્રથી અન્ય દિશામાં ગએલા હોય છે તેથી તેને અજ્ઞાની ગણ્યો છે. ચારિત્રમાં રહેલાને અજ્ઞાની ગણવામાં આવ્યો નથી. હવે ચારિત્ર ફળ રૂપ સાધ્યરૂપ અને કાર્યરૂપ ત્રણે વાકયથી જ્ઞાન સાધન તરીકે કબુલ્યું. પણ કેટલાક જ્ઞાનને સાધ્ય ગણવાવાળા હતા તે માટે આ બધું જણાવ્યું.

## જ્ઞાન કરતાં ક્રિયાની અધિકતા.

જ્ઞાનને સાધ્ય ગણવાવાળા નથી એવાઓ તો જ્ઞાનને કરવું શું? જ્ઞાન ભાડેથી મળે છે અને ક્રિયા ભાડેથી મળતી નથી. દુનીયામાં મીલકત ઘરની કામ લાગે. વકીલ બારીસ્ટર ફીથી મળે છે. દસ્તાવેજ કારકુન કે વકીલ પાસે લખાવી શકાય છે. પણ ઘર મીલકત વકીલ પાસેથી ન લેવાય. મીલકત પોતાનીજ કામ લાગે. માત્ર ફી ખરચીને વકીલ પાસેથી અક્કલજ લેવાય, તેમ જ્ઞાન એ ભાડે મલવાવાળી ચીજ હોવાથી જ્ઞાનીની નિશ્રાએ રહેલા અજ્ઞાનીને પણ ચારિત્ર માન્યું. શાસ્ત્રકારોએ વિરતિવાળાની નિશ્રાએ રહેલા અવિરતિવાળાને વિરતી ન માની. અવિરતિવાળો હોય ને વિરતિવાળાની નિશ્રાએ રહેતો વિરતિવાળો થઇ જાય એમ નથી, પરંતુ અજ્ઞાની જ્ઞાનીની નિશ્રાએ રહે તો જ્ઞાની ખરો. આથી બીજાના આત્મામાં રહેલું જ્ઞાન કામ લાગે છે પણ પોતાના વિરતિ સંયમ ક્રીયા બીજાને કામ લાગતી નથી. સમકિત પામીએ તે આપણા આત્માના જ્ઞાને કે પારકા આત્માના જ્ઞાને? જીનેશ્વરે જ્ઞાનથી જાણ્યું ને કહ્યું તેને तहत्ति માનીએ તો સમકીત. તેમાં જેટલા પદાર્થો જાણીએ તેટલું માનીએ એમ નહિ. જીવ સાક્ષાત જોઇએ તો પછી જીવ માને તો સમકીત એવું કથન શાસ્ત્રનું છેજ નહિં, સમ્યકત્વના સ્વરૂપમાં કહ્યું કે અસંખ્યાત પ્રદેશી આત્મા છે, કર્મનો કર્તા, આત્મા નિત્ય છે, અને ભોકતા છે, મોક્ષ છે; અને મોક્ષનાં સાધન છે તે માન્યું તો સમકીત. કોના જ્ઞાને આ માન્યું? કહેવું પડશે કે જીનેશ્વરોના જ્ઞાને જીવને કર્મ કરતો આપણે દેખી શકતા નથી. મોક્ષને અને તેના ઉપાયોને આપણે દેખી શકતા નથી. કેવળી મહારાજે જાણ્યા ને કહ્યા તે આધારે અમે માનીએ તો સમકીતિ કહો ભાડુતી જ્ઞાન. એમ ચારિત્ર માની લઇએ તો ચારિત્રી ખરા? ચારિત્ર આચરણનો વિષય, આચરણ સ્વતઃ થવું જોઇએ. જીવાદિક તત્વો પ્રત્યે શ્રદ્ધા અને જ્ઞાનનો વિષય તે બીજાથી સાંભળીને સદહી શકાય પણ ચારિત્ર પોતેજ આચરવું પડે. જ્ઞાન બીજામાં રહેલું બીજા આત્મામાં કામ કરે નહિં. ચારિત્ર ભાડાની ચીજ નહિ. મીલકત પોતાની જોઇએ. દસ્તાવેજ વકીલ કરી દે પણ મીલકત વકીલ ન આપી દે. એમના વચનો વારંવાર યાદ કરો તો જ્ઞાન-

થાય પણ ચારિત્ર પોતેજ આદરે તો થાય. પોતાના આદર્યા વગર ચારિત્ર થઇ શકતું નથી.

## સાધનનો સદુપયોગ

દરદીને ઠંડા પદાર્થો વાપરવામાં વાયુ થાય અને ગરમ ખાવામાં લોહી પડે. તેમ કેટલાકને જ્ઞાનની કિંમત ઓછી કરી તેથી એમાં શું? એમ કહેનારે લક્ષ્યમાં લેવું કે આંખ સાધન ચીજ છે કે સાધ્ય ચીજ? કહેવું પડશે કે સાધન શત્રુ, મીત્ર, લાલ, લીલું, સોનું, પીત્તલ ઓળખવા તે બધામાં આંખ સાધન છે. સાધન હોવાથી કદી નકામી ગણો આંખ પદાર્થ માત્રને લાવનારી ચીજ નથી. લાવવાનું કામ હાથ કરશે તેટલા માત્રથી આંખ નકામી ચીજ ન ગણી. આખા જીવનને અંગે આંખ સાધન છતાં જરૂરી છે. તેમ જ્ઞાન સાધન છે. આંખથી મોતી જાણે ને કાંકરો જાણે છતાં મોતી ફેંકી દે ને કાંકરો કોથળીમાં નાંખે તો આંધળો ન હોય તો પણ તેને આંધળો ગણીએ તેમ અહીં જે આત્મા જ્ઞાનરૂપી સાધન પામ્યો ને પછી અવિરતિ આત્મામાં ભરે ને વિરતિથી છેટો રહે તો દેખતી આંખે દેખોને બેવકુફી કરનારા આંધળા ગણાય. તેથી જગતના જીવોની અપેક્ષાએ આંખની કીંમત ઓછી થતી નથી. અવિરતિથી ડરતા નથી તેવાનું જ્ઞાન ભલે નકામું ગણાય. તેટલા માત્રથી જ્ઞાન બીનજરૂરી છે તેમ કહી શકાય નહિં. આંખ સાધન હોવાથી નકામી ન ગણાય તેમ જ્ઞાન સાધન હોવાથી નકામું ન ગણાય, પરન્તુ અહીં જે અવિરતિથી નહીં ડરનારા વિરતિની ઉત્તમતા નહીં જાણનારા ને એવાને જ્ઞાન ચક્ષુ ભલે નકામી હોય પણ જૈન શાસનમાં તેવું જ્ઞાન ચક્ષુ સમાન ઉપયોગી ગણ્યું છે. તેટલા માટે દરેક અનુયોગની શરૂઆતમાં જ્ઞાનની વ્યાખ્યા કરવાની પ્રાથિક નિયમીતતા રાખી છે. અને કથનનો નિયમીત નિયમ રાખ્યો છે. તેથી ભદ્રબાહુ સ્વામીને પાંચ જ્ઞાનનું નિરૂપણ કરવું પડયું છે. બળદ ગાડામાં જોડાય, ધોંસરૂં ઉંચુ કરે તેથી ખાંધ નાંખી દે. સાંઢ ગાડુ દેખી ભાગે તેથી સારો ન ગણાય. જે સૂત્રની વિધિને અનુસરનારા હોય તે વ્યાખ્યા કરવાની રીતિ પ્રમાણે વર્ત્તે અને કરે તે પરાધીનતા છે એવું અક્કલવાળો ગણે નહિં. આથી જ્ઞાનનું કથન ને વ્યાખ્યા આવશ્યક નિર્યુક્તિની ગાથામાં કરવી પડી.

## મોક્ષના પરિણામિક કારણ અને અપેક્ષા કારણનું વ્યવસ્થિત વર્ણન

જૈનોએ આત્માના સ્વભાવ ત્રણ માન્યા છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્ ચારિત્ર એ ત્રણેને આત્માના સ્વભાવ માન્યા છે. તેથી નક્કી થયું કે મોક્ષનું પરિણામી કારણ સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર છે. દાનશીલ તપ અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ છે. તે ચારેને મોક્ષના કારણો પણ કહેવાય ખરા, પણ તે કયા કારણો? પારિણામિક કારણ નહિં પરંતુ અપેક્ષા કારણો. દાન મોક્ષનું કારણ છે, અને શીલ તપ ભાવ એ મોક્ષનું કારણ ખરૂં પણ પારિણામિક કારણ નહિં. ત્યારે શું? અપેક્ષા કારણો છે, પણ પરિણામિક કારણ નથી. પરિણામિક કારણ કયું? भावो भावानां जनयति એક અવસ્થા બીજી અવસ્થા ઉત્પન્ન કરે છે.

મોક્ષ અવસ્થા ઉત્પન્ન કરનારી આત્માની કઇ અવસ્થા ? સમ્યગ્ દર્શન જ્ઞાનને ચારિત્ર અવસ્થા તે ત્રણ મોક્ષપણે પરિણમાવવાવાળી ચીજ છે. દાન, શીલ, તપ, ભાવ તે મોક્ષપણે પરિણમનારી ચીજ નથી, પરન્તુ સમ્યગ્ દર્શન જ્ઞાન ને ચારિત્ર છે. આથી દાન, શીલ, તપ, ભાવ તે મોક્ષમાં ન માન્યા. દાનની લબ્ધિ ભલે ક્ષાયિકના ઘરની થઇ તોપણ શાસ્ત્રકારે તેને સાદિ સાંત કહી દાનાદિક ક્ષાયિક લબ્ધિ સાદિ સાંત થાય છે. અને સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રની ક્ષાયિક લબ્ધિ સાદિ અનંત માની સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર સાદિ અનંતના ભાંગામાં માન્યા છે. શીલરૂપ ચારિત્ર ભવના અંતવાળું હોય, પણ વિતરાગરૂપ ચારિત્ર ભવના અંતવાળું નથી. ચારિત્ર એટલે વીતરાગત્વ. વીતરાગત્વને ચારિત્ર ન માનો તો સંજવલન કષાય માનવાની જરૂર નથી. સંજવલન કષાય વીતરાગત્વનો ઘાત કરે છે. મોક્ષે જનારાઓને સંજવલનના ઉદયવાળા માન્યા છે. સંજવલનના ઉદયવાળાને સંજવલન જવાથી વિતરાગપણું આવે છે. અપ્રત્યાખ્યાની કષાયને અને પ્રત્યાખ્યાની કષાયને જવાથી દેશ વિરતિ સર્વવિરતિ માનીએ છીએ.

## દેશ વિરતિ એ બાળ વર્ગ

જે દેશ વિરતિ સર્વ વિરતિનું સાધન છે. દેશ વિરતિ એટલે બાળવર્ગ. બાળ ધોરણ સ્કૂલોમાં છે તે શા માટે ?, મોટી સ્કૂલોમાં નિશાળમાં ભરતી કરવા માટે. તેમાં પાસ થાય તે મોટી નિશાળમાં જાય. સર્વ વિરતિ તે પણ વીતરાગતા પામવાનો બાળ વર્ગ. જે મુખ્ય વીતરાગપણાના સાધન હતા અને છે. વીતરાગપણું સાધ્ય હતું તે ટકે છે તેથી સિદ્ધોને વીતરાગ કહીશું. સર્વ સિદ્ધોમાં વીતરાગપણું ત્યાં ટકેલુંજ છે. વીતરાગપણું હંમેશ માટેનું છે.

## પારિણામિક કારણો પારિણામિક કાર્યરૂપે પરિણમે છે

વીતરાગપણું સર્વકાળ સિદ્ધોમાં રહેવાનું. કેવળજ્ઞાન અને કેવળ દર્શન ક્ષાયિક ભાવે સર્વદા રહેવાના છે. કારણ કે તે કાર્ય રૂપે પરિણમે છે તેથીજ તે પારિણામિક કારણ છે. સમ્યગ્ દર્શનાદિ મોક્ષના પારિણામિક કારણ છે. દાન, શીલ, તપ, ભાવ ચાર કારણ છે તે અપેક્ષા કારણ છે. પારિણામિક કારણો પૈકી સમ્યગ્ દર્શનાદિ ત્રણ કારણ છે, તેમાં પ્રથમ કારણ કયું ખુલ્લે ?, સમ્યગ્ ચારિત્ર પ્રથમ ખુલતું નથી પણ સમ્યગ્ દર્શન ખુલે છે. સમ્યગ્ દર્શનની જેમ સમ્યગ્ જ્ઞાન પણ ખુલતું નથી. પહેલા દર્શન ખુલે. આરાધનામાં જ્ઞાન શબ્દ વાપરીએ છીએ. જગતમાં કોઇપણ ધર્મ તહેવાર વગરનો નથી. દરેક ધર્મ તહેવારવાળા છે. તે તે દર્શનના તહેવારનું તત્વ ને જૈન ધર્મના તહેવારનું તત્ત્વ જુદું છે. તે તે દર્શનના તહેવારનું તત્વ જુઓ તો જુગાર, રાસ, રામ–લીલા, રંગ-ક્રીડા, ભોગ-મંગળાના દર્શનાદિ. એ લોકોનાં તહેવારમાંથી એકપણ તહેવાર સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્રને પોષનાર નહીં નીકળે. ચાહે બ્રાહ્મણ, વૈષ્ણવ, મુસલમાન કોઇ પણ ધર્મના તહેવારો સમ્યગ્ દર્શનાદિના રસ્તે જોડનાર તહેવાર નથી. રંગ અને રાસ-લીલામાં

જાહેર માનનારાઓ ચારિત્રને ચકડોળે ચડાવે. જીનેશ્વરને દેવ માનનારા ચારિત્રને ચકડોળે ચડાવે તે ન પાલવે. લુચ્ચો ચોર જેમ ચોરી કરી નિકળે પછી પોતેજ ચોર ચોર કહી દોડે તેમ આ પીળા ચાંલ્લા રૂપમાં મેશનાં ચાલ્લાં કરનારા ચારિત્રનો ચુરો કરી નાંખે છે. પોતે શાસનની હેલના કરે ને પાછળથી શાસનની હેલના થાય છે એમ કહે છે. તે બધા ચોર જેવા છે. પોતાને હેન્ડબીલથી છાપાથી કાર્યોથી શાસનની વગોવણી કરવી છે. અને ચકોર ચોર માફક શાસનની હેલનાની બુમ મારીને વાતો કરવી છે. અહીં શાસનની હેલનાની બૂમો મારનારા શાસનની હેલના કરનારા છે. હેલના કહેનારાજ હેલના કરનારા છે. એક નાનું દૃષ્ટાન્ત તપાસો. એક છોકરાના લગ્ન થવાની તૈયારી હતી. છોકરાને વૈ નથી આવતી એવું એક ડોશીએ કીધું. મે વૈ આવે છે એમ કયારે કહ્યું હતું ? લુચ્ચી ઘરડી પાડોશણ આમ કહી વિવાહ રોકાવે છે. તેવી રીતે ધર્મની વાતમાં સુધારકોના કથન ધર્મીઓ સમજતા નથી. જેઓ વિષયાનંદમાં બ્રહ્માનંદ માની રહ્યા હોય તેવાઓને જૈન દર્શનના સમ્યગ્દર્શનાદિ પોષનારા–પર્વોના કાર્યો ન રૂચે તે સ્વાભાવિક છે. પણ જૈન કૂળમાં જન્મેલાને સમ્યગ્દર્શનાદિ ન રૂચે તેવાને શું કહેવું ? જૈનના પર્વો ત્રણુ રત્નનું પોષણ કરનારા છે.

## રત્નત્રયીના સેવનના ધ્યેય પૂર્વકનો જૈન તહેવાર.

એક પર્વ તહેવાર સમ્યગ્ દર્શનાદિના ધ્યેય સિવાયનું નથી. મોક્ષનું પારિણામિક કારણ એ સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર છે. એમાં ત્રણેના કારણ તરીકે જ્ઞાન જરૂરી છે. પકખી ચોમાસી સંવત્સરીનું તપ ન કરનારને ગુન્હેગાર ગણ્યો. તેમ જ્ઞાન પંચમીનું તપ ન કરનારને મહા નિશીથમાં ગુન્હેગાર ગણ્યો. નાણુ પંચમી=જ્ઞાન પંચમી વિગેરેમાં તપ ન કરે તે ગુન્હેગાર. શિક્ષાપાત્રને દંડ દેવો જોઇએ. જ્ઞાનના પર્વમાં તપસ્યા ન કરનારને શિક્ષા પાત્ર ઠરાવ્યો. કયારે શિક્ષાપાત્ર ઠરાવ્યો હશે ?, જૈન શાસનના પર્વને ઉત્તમ માન્યા વગર શાસ્ત્રકારથી શિક્ષાપાત્ર ઠરાવાય ખરો ? આ વાત લક્ષ્યમાં લેશો તો જૈન શાસ્ત્રકારે જ્ઞાનને કેટલી ઊંચી હદે રાખેલું છે ! જ્ઞાનની ઉત્તમતા કેટલી માનેલી છે કે તે માટે નિયત કરેલો દિવસ આટલો બધો ઉત્તમ ગણાયો. તો તે દિવસે તપસ્યા ન કરે તો શિક્ષા પાત્ર.

## પર્વ તિથિ અને અપર્વ તિથિમાં ફરક શો ?

કેટલાક એવા છે કે આજે ઉપવાસ કરો તો લાભ અને આવતી કાલે કરે તો શી અડચણ ?, ત્રીસે દહાડા સૂર્ય સરખો ઉગે છે. એમાં આઠમને પાંચમ વળી શી ?, ચોવીસે કલાક ઘડીઆળ સરખી ચાલે છે. તો ઉધરસનું ખુંખું રાત્રે કેમ કરો છો ?, ત્રીસે દહાડા સરખા તો માંદા માટે ચૌદશ અને અમાસ ભારે કેમ ગણો છો ? ચાર દહાડા સરખા તો ચોથીયાએ તે દહાડો ચમકારો કેમ બતાવ્યો ?, શરીરની પ્રકૃતિમાં વિકાર કરવામાં કાળ એક વિચિત્ર સાધન છે. શરીરની પ્રકૃતિના વિકારમાં વખત તીથી ટાઇમને સાધન માનો છો તો પછી જગતના બનાવમાં શું એ સાધન નથી ? આજે મૃગશિર નક્ષત્ર છે માટે વરસાદ આવે તો

જીવોની ઉત્પત્તિનો પાર નહિં રહે. મઘાનું પાણી કેમ સંઘરાય છે ?, ટાંકા મઘામાં કેમ ખુલ્લા મેલાય છે ?, નક્ષત્ર ઉપર તમે આધાર રાખ્યો. ૨૭ નક્ષત્ર સરખા ગણવા હતા ને ? પાણી ઉપર નક્ષત્ર ઉપર જીવોત્પત્તિ માટે જુદા નક્ષત્રનું જુદું ફળ કેમ ગણ્યું. તેમ અહીં આત્મામાં આયુષ્યને લાયકની સામગ્રી તીથિને દહાડે ઘણે ભાગે થાય છે. માટે તિથિ પાળવાની જરૂર છે. જેમ આંખે લાલાશ ન થઇ હોય તે વખતે તેની છાયામાં નુકશાની છે. વિરાધના વર્જનીય છે. વિરાધના તિથી સિવાયની મોટી હોય અને તે વિરાધના જેટલી નુકશાન કરશે તે કરતાં તિથીના દિવસે અલ્પ આરંભ મોટું નુકશાન કરશે. તિથીને દહાડે એક લીલોતરીની વિરાધના તે પણ આત્માની ગતિ બગાડનાર થાય છે. તિથી પાલન કરવીજ જોઇએ. તેને અંગે જ્ઞાન પંચમી માટે આજ ટાઇમ પસંદ કર્યો છે. ખુબ વિચારીને તપાસો તો પુસ્તકને ભંડારમાંથી બહાર કાઢવાનો ટાઇમ આ છે. હવા ભીનાશ કાઢવા માટે આ ટાઇમ છે. શ્રુતજ્ઞાન–આરાધન કરવા માટે પુસ્તક કાઢો. પૂજન–આરાધન કરી બરોબર પુસ્તક બાંધો. બરૂ કાગળ લાવી જ્ઞાન આરાધન કરો.

## સમ્યગ્જ્ઞાનનો વેગ વધારવા માટે જવાબદારીનું ભાન નથી.

જ્ઞાન આરાધનને અંગે વસ્તુપાળ તેજપાળ સરખાએ કરોડો સોનૈયા ખરચી જ્ઞાનના ઉદ્ધાર કર્યા. જ્ઞાન સાચવવાનું કેટલું સૂઝયું ? માસ્તરના અભાવે તમને છોકરાની કેટલી લાગણી થઇ ? તમારી જવાબદારી કઇ વધી છે ? તે સમજો જગો જગોપર બોલો છો કે દીક્ષાનો ડંકો વાગ્યો. બાળદીક્ષા હોય તો શાસન ટકે. તમારા શબ્દો તમારી જવાબદારી વધારે છે. બોલેલા શબ્દો નકામા નથી. પણ એ શબ્દોને અંગે જવાબદારી આવી પડી છે, લોકોનાં બચ્ચાંને દીક્ષિત કરીને ભવિષ્યમાં હીરા ન બનાવો તો તે જવાબદારી તમારા માથે છે. બાળદીક્ષિતો કર્યા એટલે સાધુ અને શ્રાવક બન્ને શાસનમાં હીરા પાકશે એ હિસાબે દીક્ષિત થયા. સાધનો પુરા પાડવાની જવાબદારીમાંથી તમે નિકળી શકો તેમ નથી. એક ગામમાં ૧૫૦ ભણનાર હોય તો ફરજીયાત સ્કૂલ ખોલવી પડે. ૬૦૦ સાધુને અંગે સવડ કઇ કરી છે ? તમે ઉજમણાં ઓચ્છવ કરો છો હજારો તમે ખરચો છો પણ દીક્ષા કેમ ભૂલી જવાઇ છે ? તમારા છોકરાને ધાર્મિક ભણાવવા માટે—જીલ્લે જીલ્લે જૈન શાળાઓ છે, પણ સાધુ સાધ્વીને અંગે શું છે ? મુંબઇ, સુરત, અમદાવાદ ગમે તે ગામમાં જૂઓ અને તે ગામવાળાને કહો. દશ વરસની જવાબદારીમાં શું જવાબ આપશો ? તમે હીરા કરવાની જવાબદારી લીધી છે. તેનો ખ્યાલ તો કરો. શાસનના રાગીને અંગે તે જવાબદારી લેવાની જરૂરી છે. આજકાલ રાંડોરાંડના રૂપીઆની સ્થીતિ કઇ કરો છો ? જ્ઞાનની વિરાધના કરતા મટો. જ્ઞાનનો પૈસો જ્ઞાનને રસ્તે ન ખરચો તેજ જ્ઞાનની વિરાધના છે. તમારી જોખમદારી યાદ કરો. સ્વતંત્ર મોટર ડ્રાઇવર રાખો તો રૂ. ૧૫૦ નો પગાર આપવો પડે. સાધુ માટે પંડિત કોણે રાખ્યા ? કોઇપણ સાધુ આવે તે માટે કઇ સવડ કરી ? એ માટે શાસ્ત્રકારે પચમી જ્ઞાનપંચમી કહી તેવી શ્રુત પંચમી કહી છે. તે શ્રુતને આધારેજ શાસન છે. તે તરફ લક્ષ્ય ન જાય તો આરાધન શું ગણવું ? **દીવાળીથી**

**ગૌતમનું કેવળ જ્ઞાન પછી સુધર્મા સ્વામી પાટે બેઠા પછી પ્રથમ પર્વ જ્ઞાન પંચમી.** તે માટે જ્ઞાનનું લક્ષ્ય બિન્દુ બરોબર રહે તે જ્ઞાન પંચમી–આખો તહેવાર નક્કી કર્યો. હવે જ્ઞાન કયું ? તો કે મતિ–શ્રુત અવધિ મનઃપર્યયને કેવળજ્ઞાન. આ પાંચ જ્ઞાનો કલ્પિત નથી. **અ બ ક ડ** જેવા કલ્પિત નથી. આ પાંચે ચીજો આત્માના ધરમ રૂપે છે. તેથી તેને રોકનારા કર્મો માની શકીએ છીએ, માટે પાંચ પ્રકારનું જ્ઞાન વાસ્તવિક ચીજ છે. જ્ઞાનનું વર્ગીકરણ લ્યો. તમારા સાધનોથી તમને એક જ્ઞાન થાય તે પ્રથમ હંમેશાં દરેક જીવને જન્મની સાથે સ્વભાવિક જ્ઞાન કરવાની સત્તા છે. તે મતિજ્ઞાન ઈંદ્રિયને મનથી થતું જ્ઞાન તે સાહજીક જ્ઞાન–સ્વાભાવિક જ્ઞાન. બીજા જ્ઞાનાદિ બીજાના સંકેતથી થનારૂં જ્ઞાન. સંકેતથી થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન ઈંદ્રિય મનથી થતું જ્ઞાન તે સાહજીક જ્ઞાન સ્વાભાવિક જ્ઞાન બીજું બીજાના સંકેતથી થનારૂં જ્ઞાન અગર સંકેતથી થતું જ્ઞાન તે શ્રુતજ્ઞાન. ઈંદ્રિય મનથી થતું જ્ઞાન તે સ્વાભાવિક મતિજ્ઞાન. બહારના સાધનો વગર દૂરની વસ્તુ જાણે તે અવધિજ્ઞાન. તેમ દુર કે નજીક રહેલા મનુષ્યો કે જાનવરના વિચારનું જ્ઞાન તે મનઃપર્યવ જ્ઞાન. રૂપી કે અરૂપી સર્વ જે જ્ઞાનદ્વારાએ જણાય તે કેવળજ્ઞાન. આમ વસ્તુ સ્વરૂપે જ્ઞાનના પાંચ વિભાગ પાડયા છે. આત્મામાં સ્વભાવ રૂપે એવા આ જ્ઞાનો છે. પાંચે જ્ઞાનો દરેક સૂત્રની આદિમાં કહેવાજ પડે છે. તેજ રીતિએ શ્રી ભદ્રબાહુ સ્વામીજીએ પાંચ જ્ઞાન કહ્યા છે. હવે તેનું આરાધનં કરવા માટે દરેકે ઉદ્યમવંત થવું, એજ જ્ઞાન પંચમી—શ્રુત પંચમીનું આરાધન છે. હવે આગળ શાસ્ત્રકાર શું જણાવે છે તે અગ્રેવર્તમાન.

## શ્રીચન્દ્રપ્રભ જિન સ્તવન.

( રાગ–સાંભળો રે...બાલપણનાં સંભારણાં )

રચયિતાઃ—**કુમારશ્રમણ.**

દર્શ દ્યો હે......ભવ અટવી સંગ્રામમાં,
જાણે.........મોક્ષપુરીના હું ધામમાં.
હે......ભવ અટવી સંગ્રામમાં.

નર્ક તિર્યંચમાં બહુ અમે ભમતાં, કષ્ટ બહુ ત્યાં સહેતાં,
સહેતાં'તાં, વહેતાં'તાં, ત્યાં દુઃખ બહુ દેતાં'તાં.
ઝીલતાં'તાં બોજો સંસારનો. હે...ભવ૦

દાસ ઉપર પ્રભુ મહેર કરીને, સેવક કરવો પડશે,
ભક્તિથી અરજીથી, સ્વામી થઇ રહેવું પડશે.
ધરજો પ્રભુ વિનતિ આ ધ્યાનમાં. હે...ભવ૦

**આનન્દથી** સાગર જયું ડોલે, **ચન્દ્ર** પૂર્ણિમા જોતો,
તેનાથી પ્રભુ મુખડું, જોતાં પાપોને ખોતો.
તારો આ **ચન્દ્રપ્રભ** દાસને. હે...ભવ૦

# પ્રભુ શ્રી મહાવીરનો યતના-ધર્મ

જૈન ગ્રન્થની પ્રાકૃત-કથાનું અવતરણ

અવતરણકાર—પં. શ્રી હેમસાગરજી.

(ગતાંકથી ચાલુ)

એટલે ગામના લોકો તે વરાકીને ગધેડા પર બેસાડી મેશગેરૂની માટી વડે શરીર કાળું કરીને ખરાબ ડિંડિમ શબ્દ કરતાં વગાડતાં આખા નગરમાં ફેરવીને જંગલમાં છોડી મેલશે. ત્યાં પણ કંદ ફળ મૂલાદિના આહારથી ભમતી હશે ત્યારે છછુંદર કોઇ વખત આવી તેની નાભિમાં બચકું ભરશે. એટલે આખા શરીરમાં તેને ખરજવાનો વ્યાધિ ઉત્પન્ન થશે. તેને ખણુતી ખણુતી તીવ્ર વેદના ભોગવશે.

હવે કોઈક વખતે ત્યાં ભમતી હશે ત્યારે સમસ્ત દુઃખ ક્ષય કરવામાં સમર્થ એવા જિનેશ્વર પરમાત્મા ત્યાં સમોસરશે. એટલે 'પ્રભુની વિહાર ભૂમિના સ્થાનમાં લોકોના દીર્ઘ-કાળના વ્યાધિઓ ક્ષણવારમાં નાશ પામે છે' તેથી આનો રોગ પણ સર્વ નાશ પામશે.

નિરોગી થઇ જિનેશ્વર ભગવંતને વંદન કરીને પૂર્વ ભવના દુષ્કૃત્યો પૂછશે અને ભવ-ભ્રમણથી કંટાળેલી તે દીક્ષા અંગીકાર કરશે. પાપ આલોવી નિઃશલ્ય થઈ તીવ્ર તપચરણથી સર્વ કર્મમલ ક્ષય કરી તે કુબડીનો જીવ મોક્ષ પામશે.

માટે હે વત્સા! જે કોઇ માન અહંકાર કે પોતાની લઘુતા થશે એમ ધારી અલ્પ પણ પાપ ન આલોવે તે લક્ષ્મણા સાધ્વીની માફક અતિ દારૂણ દુઃખ અનુભવે છે. માટે હે પુત્રિ! આ લક્ષ્મણાઆર્યાની વાત સાંભળી વિધિપૂર્વક સમ્યગ્ આલોયણા લઇ તારા આત્માને સદ્ગતિમાં સ્થાપન કર. તે અત્યાર સુધીમાં તીવ્ર તપસ્યાઓ કરી ઉત્તમ ચારિત્ર પાળ્યું. ઘણા સૂત્ર અને અર્થો ભણી હવે શલ્ય છૂપાવીને શા માટે દુર્ગતિમાં જાય છે. અરણ્યનું રૂદન, અંધકારમાં નૃત્ય જેમ નિર્થક જાય છે તેમ આ તારૂં તપચરણ નિર્થક ન થાઓ. વર્ષો અને મહીનાઓ સુધી ધૂળમાંથી ધમી ધમી સોનું એકઠું કર્યું તેને એક ફૂંકમાં શા માટે ઉડાડી મૂકે છે? કાચ માટે હાથમાં આવેલું ચિંતામણિ રત્ન કેમ છોડી દે છે? ચિંતામણીથી પણ અધિક કિમતી દુર્લભ તપ અને ચારિત્ર પ્રાપ્ત કરીને હે મૂર્ખ! થોડા માટે શા માટે બહુ હારી જાય ને?

આ પ્રમાણે ગુરૂ મહારાજે કહેલું સાંભળીને રૂકમી સાધ્વી કહેવા લાગી કે—હે ગુરૂજી! આપની સમક્ષ શું વળી કોઇ જુઠું બોલતું હશે ખરૂં? આખો સમુદ્ર તરીને શું કોઇ ખાબોચીયામાં ડુબી મરતું હશે. આટલી હકીકત આપની પાસે પ્રગટ કરી હવે શું આટલા માટે છુપાવતી હશે? હજુ ગાઢ માયાને પરવશ થયેલી કહે છે કે હે ભગવંત! તે વખતે રાગદૃષ્ટિથી આપને જોયા નહતા પરંતુ સીલ-સન્નાહ એવું નામ છે તે પ્રમાણે ગુણો છે કે નહિ? તેની પરીક્ષા કરવા માટે તમારા તરફ કટાક્ષ ફેંકયા હતા. એ પ્રમાણે માયાશલ્ય ન

છૂટવાથી ગાઢ સ્ત્રીવેદ બાંધીને મૃત્યુ પામી. ત્યાંથી **વિદ્યુત્કુમાર** નિકાયમાં નોળીયાના વાહનપણે ઉત્પન્ન થઇ. ત્યાંથી દુર્ભાગ્ય ગ્રહથી પીડાયેલ દુઃખી કુળમાં જન્મી યૌવનાવસ્થા પામી છતાં કોઇ પુરૂષ તેની ઇચ્છા કરતો નથી. મરીને તિર્યંચ ગતિમાં, ફરીથી મનુષ્ય ભવમાં, ફરી તિર્યંચ ગતિમાં છેદાતી, ભેદાતી, વ્યાધિથી પીડાતી, ભૂખ તરસની વેદના ભોગવતી અનેક દુઃખથી સંતાપ પામતી સંસારમાં રખડી.

**રૂકમી** સાધ્વીના ભવથી ત્રણ ભવ ન્યૂન એવા એક લાખ ભવો ભમીને ત્યાંથી ધર્મ કરીને આચાર્યના ભવ સુધી આવ્યા. સૂત્રોક્ત વિધિથી ગચ્છનું પાલન કરી તે આચાર્ય ભગવંત પૂર્વભવમાં કરેલી માયાને યોગે ઇન્દ્ર મહારાજની અગ્રમહિષી થઇ. ત્યાંથી ચ્યવી **સંબુક્ક** બ્રાહ્મણની ભાર્યા થઇને જાતિ સ્મરણ પામી પ્રતિબોધ પામી ચારિત્ર અંગીકાર કરી મોક્ષે ગઇ.

હવે **ગૌતમસ્વામી** ભગવંતને પૂછે છે કે હે ભગવંત! શું ચારિત્ર પામેલી સાધ્વી સાત આઠ ભવથી વધારે સંસારમાં ભમે? ત્યારે **વીરભ**ગવંત જણાવે છે કે હે **ગૌતમ**! તે વખતે **સીલસન્નાહસૂરિ**એ ઘણું સમજાવી છતાં ભવ વેતડીના મૂલ સમાન એવી માયા એણે ન છોડી. તે કર્મના વિપાકથી-ફળથી એક લાખ ભવ સુધી દુઃખ વિટંબણા ભોગવી જો તેણીએ માયા ન સેવી હોત તો નજીક કાળમાં મોક્ષ પામતે.

આ **રૂકમી** સાધ્વીનું ચરિત્ર સાંભળી જે આત્માઓ પોતાનું અલ્પપણ શલ્ય નહીં ઉદ્ધરશે તે પાર વગરના ઘોર સંસાર સમુદ્રમાં રવડશે. દહીંનો સાર માખણ, ભાલામાં ઉપરની અણીનો અગ્ર ભાગ સારરૂપ છે તેમ જિનેશ્વરના ધર્મમાં શલ્યરહિત આલોયણા સારભૂત છે.

હવે આ **સીલસન્નાહ**સૂરિ આવા પ્રકારનું **રૂકમી**નું વિલસિત દેખીને પોતાના જન્મથી માંડી આજસુધીના શલ્યો ચૈત્યવંદન કરવા પૂર્વક ઉદ્ધાર કરવા લાગ્યા. ત્યાં આગળ શુદ્ધ નિર્મળ જમીન પડિલેહણ પ્રમાર્જન કરીને ઘણા સાધુગણ સહિત સંપલિયંક-પદ્માસને બેઠેલા આવી રીતે આરાધના કરે છે.

'ત્રણ જગતને પૂજ્ય એવા જિનેશ્વર મહારાજને નમસ્કાર થાઓ. સર્વ પ્રકારે કૃતકૃત્ય એવા સિદ્ધ ભગવંતોને નમસ્કાર થાઓ. પંચાચારમાં નિરત એવા આચાર્ય મહારાજને નમસ્કાર થાઓ. ઉત્તમ શિષ્ય સમુદાયને સૂત્રને સૂત્રનું દાન કરનારા એવા ઉપાધ્યાય મહારાજને નમસ્કાર થાઓ. સમભાવે રહેલા અને મોક્ષ માર્ગમાં સહાય કરનારા સર્વ પ્રકારના લોકમાં રહેલા તમામ સાધુઓને મારો ભાવપૂર્વક નમસ્કાર થાઓ? ત્યારપછી ચાર કષાયના મલરહિત ચારે પ્રકારના અહારનો ત્યાગ કરે છે. અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળીએ કહેલા ધર્મનું શરણ સ્વીકારી સર્વ જીવોની સાથે રાગદ્વેષ, મોહ, અજ્ઞાન કે કષાય પ્રમાદથી થયેલા અપરાધો વૈર વિરોધો ખામે છે, ખમાવે છે. પાદ પોષ ગમઅનશન એક મહીનાની સંલેખના કરી તે **સીલસંનાહ**સૂરિ બીજા સાધુઓની સાથે કેવળજ્ઞાન પામી ભવરહિત થઇ શિવપદ પામ્યા.

હવે **ગૌતમ** પ્રભુ ભગવંતને પૂછવા લાગ્યા કે હે ભગવંત! જે વખતે ગોવાલણ દહીં વેચવા આવી હતી અને જાતિસ્મરણ થવાથી શેઠ શેઠાણીએ દીક્ષા લીધી તે વખતે પેલી ગોવાલણ

તથા સુજ્ઞસિરીએ દીક્ષા લીધી કે નહિ? ભગવંતે કહ્યું કે હે ગૌતમ! હવે તે વખતે સુજ્ઞસિરી કન્યા લોકોની સાથે ચાલી જતી હતી ત્યારે દહીં વેચનારી ગોવાલણે વચમાં પકડીને કહ્યું કે અરે! મારૂં દહીં ખાઈ ગયા હવે તું કયાં જઈશ? માટે શેઠાણીએ કહેલા ચોખા અગર બીજું મૂલ્ય આપ, પછી જા, જો તારી પાસે કંઈપણ આપવાનું મૂલ્ય ન હોય તો હમણા મારી સાથે ચાલ. ત્યાં ગોકુળમાં તને આનંદ પડશે માટે હે ભદ્રે! જો તું મારા પ્રત્યે વિનયભાવથી વર્તીશ તો તને પુત્રી માફક પાળીશ. ત્યારપછી સુજ્ઞસિરી ગોકુળમાં તેને ઘેર ગઇ અને દેવાંગનાના રૂપથી અધિક રૂપવાળી તે અનુક્રમે યૌવન વય પામી. હવે દુકાળ નાશ પામ્યો. સુકાળ થવાથી દરેક દેશમાં શાંતિ થઈ ગઈ છે. માર્ગો પણ ચોર લૂટારૂના ભય વગરના થયા છે અને ભિક્ષુકો સુલભતાથી ભિક્ષા મેળવે છે. આમ દરેક પ્રકારની શાંતિ દેખીને સુજ્ઞસિરીનો પિતા સુજ્ઞશિવ પોતાના સ્વદેશ તરફ જવા નીકળ્યો. માર્ગમાં ચાલતાં ચાલતાં અનુક્રમે તેજ ગોકુળમાં આવી પહોંચ્યો, જ્યાં પોતાની પુત્રી આવેલી છે. જંગલમાં ગોકુળમાં ભોજન નિમિત્તે ભમતો પ્રથમ યૌવનવય પામેલી સુજ્ઞસિરીને દેખીને કામદેવના બાણથી વિંધાઇ ગયું છે હૃદય જેનું એવો તે બ્રાહ્મણ તેને કહે છે. હે ભદ્રે! જો તારો પિતા તને મારા સાથે પરણાવે તો તને સો પલ પ્રમાણ સુવર્ણ આપું અને તારા સ્વજનોને પણ ઘણું દ્રવ્ય આપું. ત્યારે તે કન્યાએ ગોકુળમાં જઈ ગોવાલણ વિગેરેને આ હકીકત જણાવી ત્યારે તેઓ કહે છે કે ધન કયાં છે? ત્યારે તે બ્રાહ્મણે પણ ઘણી કન્યાઓને ચોરી વેચીને ધન ઉપાર્જન કર્યું છે તેના રત્નો એકઠા કર્યા છે તે રત્નો બતાવ્યા. તે દેખીને ગોવાળે કહ્યું કે આવા પંચિકા એટલે છોકરાને રમવાના સફેદ પત્થરના નાના સુંવાળા ટુકડા તેને અમો શું કરીએ? ત્યારે સુજ્ઞશિવે કહ્યું કે આ રત્નો છે. સામાન્ય કાંકરા નથી. એનો પ્રભાવ જુદીજ જાતનો છે. ચાલો, નગરમાં આ તમારા માનેલા પાંચિકાનું મહાત્મ્ય તમોને દેખાડું. એટલે બધા નગરમાં ગયા. તેણે પણ મોટા મોટા રત્નની પરીક્ષા કરનારા ઝવેરીઓ હતા તેને બતાવ્યા. તે ઝવેરીઓએ તે રત્નો રાજાને બતાવ્યા ત્યારે રાજાએ કહ્યું, હે રત્ન પરીક્ષકો! જેવી રીતે રત્નના સ્વામીને નુકશાન ન થાય. હું પણ યોગ્ય મૂલ્યથી ખરીદી શકું તેવી રીતે તેની પરીક્ષા કરો. ત્યારે ઝવેરીઓએ કહ્યું કે એક રત્નનું મૂલ્ય પણ અમે કરવા સમર્થ નથી તો પછી પાંચ પ્રવર રત્નની કીંમત તો શી રીતે કરી શકીએ? ત્યારપછી રાજાએ સુજ્ઞશિવને બોલાવી કહ્યું કે હે ભાગ્યશાળી! આ રત્નના બદલામાં શું આપું? તેણે કહ્યું કે આપ પ્રસન્ન થઈ જે આપો તે ખુશીથી લઇ લઇશ. ત્યારે રાજાએ દસ કોટિ દ્રવ્ય આપ્યું. તે પણ દ્રવ્ય લઇને સુજ્ઞશિવે ફરીથી રાજાને કહ્યું કે આ પર્વતની નજીકમાં પાંચ જોયણ ભૂમિ પ્રમાણ અમારૂં ગોકુળ છે તેનો કર બંધ કરી આપો. રાજાએ તે માંગણીનો સ્વીકાર કર્યો. તે દ્રવ્ય લઇને સુજ્ઞશિવ તથા સર્વે ગોકુળમાં આવી સુજ્ઞસિરી સાથે લગ્ન કર્યા. બંનેને પરસ્પર અતિશય પ્રીતિ થઇ અને વિષય સુખમાં મસ્ત રહી ઘણો કાળ પુરો કરે છે. કોઇક દિવસ ગોકુળમાં ગોચરી કરતાં બે મુનિઓને દેખી એકદમ રડવા માંડી. તેના પતિએ કહ્યું કે હે પ્રિયા! શું થયું? ત્યારે પેલી કહે છે કે હે

સ્વામિ! બાળવયમાં અનુભવેલું આજ મને સાંભરી આવે છે. મારી શેઠાણી આવા સાધુઓને અનેક પ્રકારના જુદા જુદા સુંદર ભોજન વડે કરી પ્રતિલાભતી અને પંચાંગ નમસ્કાર કરતી હતી. તે આ મુનિ યુગલને દેખી પૂર્વની તમામ હકીકત યાદ આવી અને યાદ આવવાથી રડવું આવી ગયું. ત્યારે ભ્રાંતિપૂર્વક તેણે સુજ્ઞસિરીને ફરીથી પૂછયું કે તારી શેઠાણી કોણ હતી? ત્યારે પોતાનું પહેલેથી આજસુધીનું સમગ્ર ચારિત્ર કહી સંભળાવ્યું ત્યારે સુજ્ઞશિવે જાણ્યું કે આ સુજ્ઞસિરી તો મારી પોતાની પુત્રી છે. આ વાત જાણીને સુજ્ઞશિવ વિચાર કરે છે કે દુર્ભાગ્યયોગે પુણ્ય રહિત એવા મને આ શું થયું?

હવે આ મારો પાપી આત્મા અતિ ચીકણાં અને ઘોર પાપ પંકથી ભરાઇ ગયો છે. જલતા અગ્નિમાં પડીને શું મારૂં શરીર બાળી મૂકું? કે કરવતથી આ શરીરને કાપી તલ તલ જેટલા ટુકડા કરી નાંખું અથવા તો યજ્ઞના અગ્નિમાં ઘીનું હવન કરે તેની માફક મારા શરીરને હોમી દઉં કે ઉંચા પર્વતના શિખર પર ચડી મારા આ પાપી શરીરને ગબડાવી મુકું? અથવા તો લોઢાને જેમ ઘણથી ટીપાવે તેમ ટીપાવું? અથવા તો ઘણા તીક્ષ્ણ દાંતાવાળા કરવતથી લાકડા ફાડે ચીરે તેમ ચીરાવું? અથવા અંગારાના સરખા લાલ રંગવાળા તાંબાના તપેલા રસને મુખમાં રેડાવું? અથવા તો બાળી નાંખે તેવા ખાર (તેજાબ) શરીરે ચોપડીને આ શરીરને બાળી મૂકું? અથવા તો જેમાં ઘણાં મત્સ્યો મગરો ગળી જાય તેવા જળ જંતુઓ ભરેલા હોય તેવા સમુદ્રમાં પડું?

ઇત્યાદિ મરવાના અનેક વિચારો કરી પોતાના મનમાં નિશ્ચય કર્યો કે ધગધગતા અગ્નિ સિવાય મારા પાપને કોઇ નહીં બાળે એમ ચિંતવીને ત્યાં આગળ રહેલા લોકોને કહ્યું કે હે લોકો? આ સુજ્ઞસિરી મારીજ પુત્રી છે. હું તેજ સુજ્ઞશિવ જેણે આ પુત્રી ગોવિંદ શેઠને ત્યાં વેચી હતી. અરર! નિર્ભાગી મેં દુર્ભાગ્યે તેની સાથે લગ્ન કર્યું. તેથી કરીને હે લોકો! તેમજ લોકપાળો? મારૂં વચન તમો સાંભળો કે જગતમાં મારા જેવો બીજો કોઇ પાપિષ્ઠ નથી. જગતનો સામાન્ય વ્યવહાર લોકસ્થિતિ આવા પ્રકારની છે કે ઉત્તમ પુરૂષો કન્યાની જાતિ કુળ શીલની તપાસ કરીને પછી વિવાહ કરે છે. નહિંતર માતા, બ્હેન, પુત્રી વિગેરેની સાથે ભવિતવ્યતાના યોગે આજ ભવમાં વિષયાસક્ત જીવોનો સમાગમ થઇ જાય છે. અરેરે! મેં પાપીએ આવું ઘોર પાપ કરીને દારૂણ દુઃખનું સ્થાન જે નરક તેમાં કયાં ફેંકયો? હવે હે લોકો! અતિ દારૂણ પાપપંકથી ખરડાયેલા મારા શરીરની શુદ્ધિ અગ્નિમાં પ્રવેશ સિવાય બીજી નથી એમ કહીને બહારના ભાગમાં લાકડાની મોટી ચિતા કરાવી. તેના ઉપર સમક્ષ આત્મ નિંદા કરતો બળી મરવા ચઢયો. ચિતા સળગાવી ત્યારપછી મધ ઘી વિગેરે ચિતામાં નાંખ્યા તો પણ ચિતા સળગતી નથી. ત્યારે લોકોએ કહ્યું કે હે પાપી! દુષ્ટ, કઠોર, ધીઠા, જોકે અત્યારે શત્રુ મિત્ર તરફ સરખો ભાવ તારો છતાં મોટો પાપનો ઉદય હોવાથી અગ્નિ પણ તને બાળતો નથી. એ પ્રમાણે ધિક્કારી તેની સ્ત્રી સહિત તેને ખૂબ માર્યો ત્યારપછી લોકસમુદાયે તેને ત્યાંથી કાઢી મૂકયો. ગૌતમસ્વામી ભગવંતને પૂછે છે કે હે ભગવંત! ચિતા કેમ ન સળગી? ભગવંતે

કહ્યું કે હે ગૌતમ! ભવિતવ્યતાથી તે ચિતા પણ એવા દ્રવ્યથી બનાવી કે જેને અગ્નિ બાળી ન શકે?

હવે તે સુજ્ઞશિવ ત્યાંથી નાસીને જતો હતો. રસ્તામાં પેલું મુનિ યુગલ મળ્યું. તેની પાછળ તે ચાલ્યો. તેની સાથે ઉદ્યાનમાં પહોંચી દેવતા અને અસુરોએ નમસ્કાર કર્યો છે જેના ચરણુ કમળમાં એવા ચાર જ્ઞાનના ધણી જગદાણુંદ નામના આચાર્ય મહારાજ દેખે છે. તેમને દેખીને ઉલ્લાસ થયો છે જેને એવા તે સુજ્ઞશિવને વિચાર થયો કે નિર્મોહી આ મુનિવરને મારી પાપ શુદ્ધિનો ઉપાય પૂછું. સુજ્ઞશિવ પોતાની પ્રિયા સહિત નમસ્કાર કરીને ત્યાં બેઠા. એટલે મનઃ પર્યવ જ્ઞાનથી તેનો વિચાર જાણી સૂરિ મહારાજે કહ્યું—હે ભદ્ર! આ સંસારમાં વિચિત્ર કર્મવશવર્તિ એવા આત્માઓને તે કોઇ પાપ કે પુણ્ય નથી જે ન સંભવી શકે. હવે કોઇપણુ પ્રકારે કર્મવશર્તિ પ્રાણીઓને કદાચ અહીં તેવી સ્ખલના થઇ જાય તો ગુરૂ મહારાજ પાસે તે ધીર પુરૂષોએ રૂડી શુદ્ધિ કરવી જોઇએ. જેવી રીતે અશુચિમાં ખરડાયેલો પત્ર પાણી વડે કરીને ધોઇ નંખાય છે તેવી રીતે પાપ કર્મથી મલિન જીવ આલોચણુ રૂપી પાણી વડે કરીને સાફ કરી શકાય છે. રાગદ્વેષ મોહ પ્રમાદ વડે કરીને જે પાપમલ બાંધ્યું હોય તે સંયમ યુકત તપવડે કરીને અગ્નિથી જેમ સુવર્ણ તેની માફક શુદ્ધ થાય છે. માટે કરીને ભય, લજ્જા, ગારવાદિ છોડીને તારૂં સર્વ પાપ વૈદની પાસે જેમ રોગી પોતાનો રોગ પ્રકટ કરે તેમ તું પણુ જલ્દી પ્રગટ કર. જેથી તારો જલ્દી ઉદ્ધાર કરીએ.

ત્યારપછી પરમ શ્રદ્ધા પામેલા તેણે સર્વ પોતાનું પાપ ગુરૂ મહારાજ પાસે પ્રગટ કર્યું. જે મારી પુત્રીને મારી ખાઉં અથવા તો તેનું માંસ વેચી અનાજ લાવી ખાઉં. તેને શેઠને ત્યાં વેચી દીધી, જે લોકોની કન્યા હરણુ કરી, પુત્રી સાથે લગ્ન કર્યું, તે સિવાય જે જે બાળપણથી આજસુધીમાં પાપ કર્યા હતા તે સર્વ બાળ માફક સરળતાથી કહી દીધા. ત્યારપછી અતિશય જ્ઞાની એવા ગુરૂ મહારાજાએ તેનો સંવેગ જાણીને વીતરાગોએ કહેલું પ્રાયશ્ચિત્ત આપ્યું. ત્યારપછી ગુરૂ મહારાજાએ આપેલું તપ અને ચરણુ કરવાનું શરૂ કર્યું. અને ગુરૂભક્તિ યુક્ત તે પોતાના આત્માને શુદ્ધ થયેલો માનવા લાગ્યો. તે તપની પૂર્ણાહૂતિ થઇ એટલે ગાઢ સંવેગ પામેલો તે સુજ્ઞશિવ કહેવા લાગ્યો હે ભગવંત! મારા ઉપર પ્રસન્ન થઇને પ્રિયા સહિત મને દીક્ષા આપો. ત્યારે ગુરૂ મહારાજાએ કહ્યું કે અત્યારે તારી પ્રિયા ગર્ભવંતી હોવાથી ચારિત્ર અને પ્રાયશ્ચિત્તને અયોગ્ય છે. હવે સુજ્ઞશિવને ગુરૂ મહારાજાએ દીક્ષા આપી. બંને પ્રકારની શિક્ષા આપી. એટલે હવે સરળભાવે અતિદુષ્કર આ પ્રમાણે તપ કરવા લાગ્યો. શરીરની બીલકુલ ટાપટોપ કરતો નથી. અગ્લાનિપણે અપ્રમાદીપણે ગુરૂ મહારાજ સાથે વિચરતો છ મહીના તપસ્યા કરતો હતો. છવીસ વરસ તેર દિવસ સુધી ચારિત્ર પાળી પાદોપગમન અનશન કરીને કર્મ ખમાવીને મોક્ષે ગયો.

(અપૂર્ણ.)

૧૭૨. પ્રતિષ્ઠાના પૂજારીઓ પ્રતિષ્ઠા પાછળ ધર્મને તિલાંજલિ આપી શાસનને પણ નુકશાન કરે છે તેમાં નવાઇ નથી.

૧૭૩. માની લીધેલી મોટાઇ અને મમત્વમાં સનાતન સત્ય સમજાતું નથી.

૧૭૪. થયેલી ભૂલને ભૂલ સમજ્યા પછી પણ સુધારો ન થાય એજ માનવ જીવનની કમનશીબી છે.

૧૭૫. આત્મિક તન્દુરસ્તી સાચવનારે ગમ ખાતાં શીખવુંજ જોઇએ.

૧૭૬. જેટલો શત્રુ પ્રત્યે તિરસ્કાર તેટલો અગર તેથીએ વધુ તિરસ્કાર કર્મ પ્રત્યે હોવોજ જોઇએ.

૧૭૭. મિથ્યાત્વમાં મુંઝાયેલાઓને શાસ્ત્રએ શસ્ત્ર, દીક્ષાએ દાવાનળ અને તપ એ તપાવનાર લાગે છે.

૧૭૮. જૈન શાસનમાં જીવ માત્રનો કટ્ટો શત્રુ કર્મ છે.

૧૭૯. પંચ પરમેષ્ઠિઓની પરમપદે બિરાજવાની પ્રભૂતા સમ્યગ્‌દર્શન જ્ઞાન ચારિત્ર અને તપને આભારી છે.

૧૮૦. આત્મ કલ્યાણના અર્થિઓને શાસ્ત્ર અને શાસ્ત્ર વિહિત તપોધર્માદિ–અનુષ્ઠાનો એ અમોઘ આનંદના દાતા તથા પરમાનંદ ધામ ભાસે છે.

૧૮૧. ધાર્મિક શબ્દથો સંબોધન કરાતી સઘળી સંસ્થાઓએ ધર્મનું રક્ષણ કરવું એજ હિતાવહ છે.

૧૮૨. ધર્મનું રક્ષણ જે સંસ્થામાં થતુંજ નથી તેને ધાર્મિક સંસ્થા કહેવાય નહિ.

૧૮૩. જે સંસ્થામાં દેવ, ગુરૂ, ધર્મની હાંસી, ઠઠ્ઠા, મશ્કરી કરાતી હોય અગર થતી હોય તે ધર્મની વિઘાતક સંસ્થાઓ છે.

મુદ્રક :- મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

( લેખક:—ગુણાનુરાગી. )

૧૬૪. ગુન્હેગાર ગુન્હાનું પ્રાયશ્ચિત કરે, ગુન્હાનો પશ્ચાતાપ કરે અને ફરી ગુન્હેગાર ન બને એવાં પ્રકારના હિતકારી પ્રબંધ કર્યા વગર મનસ્વિ શિક્ષાઓ અને મનઘડંત કલ્પનાઓ દ્વારાએ ગુન્હેગારનું સર્વસ્વ લુંટીને પરેશાન કરવો એજ દ્વેષની પરાકાષ્ઠા છે.

૧૬૫. કહેવાતા ગુન્હેગાર સામે કાદવ ઉડાવનારાઓએ ગુન્હેગારનુ હિત સાધ્યું નથી; અને જૈન જનતાનું પણ હિત સાધ્યું નથી; પરન્તુ કેવળ પોતાનું અહિત કર્યું છે. એટલુંજ નહિ પણ શાસનને પારાવાર નુકશાન કર્યું છે.

૧૬૬. જૈન શાસનની પ્રભાવના થાય તો જરૂર તન, મન, ધનાદિદ્વારા એ કરજો, પરંતુ પ્રભાવના ન થાય તો અનાઉપયોગે પણ મલીનતા તો ન થાય તેની સાવધાની રાખજો.

૧૬૭. શાસનની મલીનતા કરનારા કરાવનારા અને પીઠ થાબડનારાઓને ભવાન્તરમાં જૈન શાસન પામવું અત્યંત દુર્લભ છે.

૧૬૮. તમારા વિચારો અને વર્તન મૈત્રી આદિ ચાર ભાવનાને સ્પર્શતા ન હોય તો અધર્મજ થાય છે, એ નિર્ણય મગજમાં સદાકાળ સ્થીર રાખજો.

૧૬૯. દ્વેષ-દાવાનળથી દાઝેલાઓને મૈત્રીભાવની મઝા અને કારૂણ્ય ભાવની કરૂણ-કહાણીઓ સમજાતી નથી એજ ખેદનો વિષય છે.

૧૭૦. મૈત્ર્યાદિ ભાવનાથી ભાવિત થયેલા આત્માઓથી જગતભરના તમામ જીવોનું ભલુંજ થાય છે

૧૭૧. માની લીધેલી મોટાઇ અને મગરૂરી જાળવવા મૈત્રી અને કરૂણાભાવને દેશવટો દેનારાઓ પોતાનું અને પરનું અહિત કરે છે અને કરશે.

( વધુ માટે જુઓ ટાઇટલ ૩ જું )

[illegible]

# શ્રી સિદ્ધચક્ર

!!! વં....દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशा
मोक्षाध्वालम्बनाः श्रद्धतिमतिश्चरणैः मत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ॥२॥


શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટ: ૨૫, ૨૭ ]

વર્ષ ૧૨ ] [ અંક ૫ મો.

વિક્રમ સં. ૨૦૦૨, વીર સં. ૨૪૭૨. તા. ૧૭-૨-૪૬ રવિવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨।। આના

# પ્રભુ શ્રી મહાવીરનો યતના-ધર્મ

**જૈન ગ્રન્થની પ્રાકૃત-કથાનું અવતરણ.**

અવતરણકાર—**પં. શ્રી હેમસાગરજી.**

(ગતાંકથી ચાલુ)

હવે ગૌતમસ્વામી પ્રભુને પૂછે છે—હે ભગવંત! તેવા પ્રકારનું મહા પાપ તે ભવમાં કરીને અંતગડ કેવળી શી રીતે થયો? ભગવંત ઉત્તર આપે છે—હે ગૌતમ! એણે ગુરૂ મહારાજે આપેલું પ્રાયશ્ચિત્ત વિશુદ્ધ-પણે-આલોચ્યું હતું. હે સ્વામિ! સુજ્ઞસિરીનું શું થયું? તો ભગવંત જણાવે છે કે તે તમાદિ નરક પૃથ્વીમાં મૃત્યુ પામીને ગઇ. હે ભગવંત! કયા એવા પાપકર્મથી એ બિચારી ત્યાં ગઈ? પ્રભુ કહે છે કે અતિ રૌદ્ર અધ્યવસાય થવાથી પ્રસૂતિકાળ નજીક આવતા એણીએ એવું ચિંતવ્યું કે સવારે જુદા જુદા પ્રકારના ખરાબ અધ્યવસાય મનવાળી ગર્ભના ઉપર દુષ્ટ ચિંતવન કરતી હતી તે વખતે પ્રસૂતિ થઇ. પુત્રને જન્મ આપી મરીને છઠ્ઠી નરકે ગઇ.

તત્કાળ જન્મેલા બાળક ઉપર ઓર વિંટાયેલી હતી. તેને માંસ બુદ્ધિથી જન્મનાંની સાથે કોઈક કુતરો મોંમાં પકડીને કુંભારના ચક્ર ઉપર મૂકયો. જેટલામાં ભક્ષણ કરવા કુતરો જાય છે. તેટલામાં ત્યાં કુભાર આવી પહોંચ્યો તે ગ્રહણ કરીને પોતાની ભાર્યાને તેણે અર્પણ કર્યો. હે પ્રિયા! અપુત્રિયા, ભકિત કરનારા આપણને કુલદેવીએ પ્રસન્ન થઇને પુત્ર અર્પણ કર્યો, ત્યાર પછી તે પુત્રનો મોટા વિસ્તારથી જન્મોત્સવ કરીને સુસઢ એવું નામ પાડે છે. જ્યારે તે યૌવનાવસ્થાને પામ્યા છે. એટલામાં તે નગરમાં નિર્મળ જ્ઞાનાતિશય ગુણસંપન્ન કોઈક મુનિ મહારાજ પધાર્યા. તેમની પાસે લોકોને ધર્મોપદેશ આપતા હતા તે સાંભળીને સંવેગ થયો. અને ભવથી કંટાળી દીક્ષા અંગીકાર કરી. છઠ્ઠ, અઠ્ઠમ, ચાર, પાંચ, માસખમણ, અર્ધમાસ ખમણાદિ દુષ્કર તપ કરતો ભક્તિયુક્ત તે ગુરુમહારાજની પાસે રહે છે. હવે કાળાંતરે સંયમમાં કંઇક શિથિલતા આવી ગુરુમહારાજ વારંવાર સારણાવારણાદિક કરે છે. હિત શિખામણ આપે છે છતાં આંખ આડા કાન કરે છે તપ અને ચારિત્ર સિવાય કંઇપણ બીજું સંયમ માનતો નથી. ત્યારે ગુરુમહારાજે કહ્યું કે હે વત્સ! આ ભવ અરણ્યમાં સુવિશુદ્ધ જયણારહિત તપ અને ચારિત્ર શરણભૂત થતું નથી. અંધ પાસે નૃત્ય, બ્હેરા પાસે મધુર ગાયન નકામું છે તેમ સર્વ જીવોના જયણા રહિત તપચરણ તે પણ નિષ્ફળ છે એ પ્રમાણે ગુરુ મહારાજે અનેક પ્રકારે મધુર વચનથી સમજાવ્યો છતાં પણ ગુરુમહારાજનું વચન અંગીકાર કરતો નથી અને જયણા રહિત તપ તથા ચારિત્ર વિશેષ પ્રકારે કરવા લાગ્યો. ફરી વળી ગુરુમહારાજે કહ્યું કે હે ભદ્ર! તું આટલું દુષ્કર અને દેવતાઓને વિસ્મય પમાડે તેવું આકરૂં તપાચરણ કરે છે પરંતુ જો જયણા સહિત અને આલોયણ જલથી ધોવાઈ ગયો છે મેલ જેનો તેવા તપચરણ ગુરુમહારાજની આજ્ઞા સહિત અલ્પ પણ જો તપ કરે તો હે સૌમ્ય! તું નક્કી આ લોક અને પરલોકમાં સર્વ દેવતા અસુરો, કિન્નર ખેચર મનુષ્યો તેમજ મુનિઓને વંદનીય થઈશ. ગુરુ આજ્ઞાથી નિરપેક્ષ સ્વચ્છંદતાથી પોતાની ઇચ્છામાં આવે તેમ ગમે તેટલી દુષ્કર તપસ્યા કર તો પણ આકાશ પુષ્પની માફક નિષ્ફળ છે.

[ અપૂર્ણ ]

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી

વર્ષ ૧૨ ] મહા [ અંક ૫ મો.


# આગમોદ્ધારકની અમોઘદેશના

દેશનાકારઃ—આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ. સ્થળ—સુરત.

[નોંધ—દેશના અવસરે દેશનાકારના વ્યાખ્યાનોનો સારભૂત સંચય પં. શ્રી હેમસાગરજી મહારાજે કરેલો છે. તે વ્યાખ્યાનો તેઓશ્રી પાસેથી મેળવી પ્રેસકોપી તૈયાર કરાવી અને વાંચકો સારી રીતે વાંચી શકે તે રીતિએ પન્યાસપ્રવર પૂ. શ્રી ચંદ્રસાગરજી મહારાજ પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે. છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ૦ તંત્રી.]

**જ્ઞાનપંચમી વ્યાખ્યાનનાં સારભૂત અવતરણો.**

**૧. એકેન્દ્રિયોને પણ ક્ષયોપશમની અપેક્ષાએ શાસ્ત્રકારોએ પંચેન્દ્રિયો માન્યા છે.**

**૨. શિક્ષા, ઉપદેશ, ભાષા અને શિખામણના સંસ્કાર પડે છતાં તે બધા વાસ્તવિક સંજ્ઞી નથી.**

**૩. આત્માના ધ્યેય વગરના બધા અસંજ્ઞી છે.**

**૪. મડદામાં અને જીવતા શરીરમાં ફરક શો ?**

**૫. જડ જીવનના સાધનભૂત પ્રાણો ગયા બાદ કિંમતી શરીર બાળવા લાયક છે.**

**૬. જડજીવન ચાલ્યું ગયું તો બાળવા લાયક અને જીવ જીવન ચાલ્યું જાય તો પછી આત્માની શી દશા ?**

**૭. એક સ્થળે મુશ્કેલ ગણાતી ચીજ બીજે સ્થળે સરળ અને સહેલી ગણાય છે.**

**૮. કર્મસિદ્ધાંતથી ગણાતો સંજ્ઞી ધર્મસિદ્ધાંતે અસંજ્ઞી છે.**

**૯. તીર્થંકરો કરતાં તીર્થંકરના વચનોની વિશિષ્ટતા.**

**પુણ્યાઇના પગથીઆં**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મરત્ન પ્રકરણને કરતાં થકાં ધર્મરત્નને લાયક કેવી રીતે બની શકાય તે જણાવે છે. ધર્મરત્નને યોગ્ય જીવોએ મેળવવા જોઇતા શ્રાવકના ૨૧ ગુણ ને તેનું સ્વરૂપ, દૃષ્ટાંત વિગેરે આગળ જણાવી ગયા. તે સાંભળવાથી જીવને શ્રવણભૂમિકા અને જ્ઞાનભૂમિકા સ્હેજે પ્રાપ્ત થાય. આપણે પૂર્વ અવસ્થા યાદ કરીએ તો

એકેન્દ્રિયપણામાં અનંતો કાળ રખડયા ત્યાં જિહ્વા ઘ્રાણ ચક્ષુ ન હતી તો શ્રોત્ર કયાંથી હોય? દ્રવ્ય ઇંદ્રિય ભલે ન હોય પણ ક્ષયોપશમરૂપ ભાવ ઇન્દ્રિય એકેન્દ્રિયને પણ હોઇ શકે છે. તેથી ક્ષયોપશમની અપેક્ષાએ બકુલવૃક્ષ એકેન્દ્રિય છતાં પાંચે ઇંદ્રિયવાળો માન્યો છે. પણ દ્રવ્યથી પાંચ ઇંદ્રિય ન હોય ત્યાંસુધી તેને પંચેન્દ્રિય કહેવાય નહિં. પાંચે ઇંદ્રિયો નામકર્મથી પ્રાપ્ત થાય ત્યારે પંચેંદ્રિય કહેવાય. તે કેટલા પુન્યથી મળે છે તે લગીર વિચારી લ્યો. અનંતા એકેન્દ્રિય એકઠા થાય તો પણ રસ જાણવાની તાકાત હોતી નથી. નિગોદીયા જીવો એકેન્દ્રિય છે. સ્પર્શન ઇન્દ્રિયવાળા છે. અનંતાનો તે ક્ષયોપશમ એકઠો મળ્યો તો પણ રસ જાણી શકયા નહિં. ઝાડ વિગેરેને કડવું, ખાટું, ખારું પાણી સીંચો તે લઇ લે છે. જીહ્વાનો રસ કડવા તરફ ન જતાં મીઠા તરફ જાય છે. સાકરનું પાણી ઢોલાયું તો કીડીનો ઢગલો. કડવું તમાકુનું પાણી ઢોલાયું તો કીડીઓ હોય તો એ ભાગી જાય. અનંતા એકેન્દ્રિય અને અસંખ્યાત એકેન્દ્રિયનો ક્ષયોપશમ એકઠો થાય તો પણ રસ જાણવાની તાકાત તે જીવોમાં નથી. તેમ અસંખ્યાત રસનાવાળા જીવો કરતાં પુણ્યાઇ વધે ત્યારે જીવ ઘ્રાણ ઇંદ્રિયવાળો બને છે. અસંખ્યાત ઘ્રાણવાળા જીવો કરતાં પુણ્યાઈ વધે ત્યારે ચક્ષુ ઇંદ્રિયવાળો જીવ થાય. એ ચક્ષુવાળો થયો છતાં પોતાની જાતવાળા અસંખ્યાત જીવો એકઠા થાય તો શબ્દ સાંભળવાની તાકાત મળતી નથી. અસંખ્યાતા ચઉરિન્દ્રિયની પુણ્યાઇ કરતાં પુણ્યાઇ વધે ત્યારે શ્રોત્ર ઇંદ્રિયની પ્રાપ્તિ થાય તે છતાં મનની તાકાત નથી. ચિંતવન સ્મરણ શકિત દેનારી મન સંજ્ઞા એ પણ જેને ન હોય તેવાઓ અસંખ્યાત એકઠા થાય તેના કરતાં પુણ્યાઇ વધે ત્યારે સંજ્ઞી પંચેન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે. અસંખ્યાતા તિર્યંચો કરતાં પુણ્યાઇ વધે ત્યારે મનુષ્યપણામાં આવીએ. અત્યારે આપણે કેટલી પુણ્યાઇવાળા છીએ તે વિચારી લેજો.

## આત્મધ્યેયવાળો સંજ્ઞી

એ મનુષ્યપણામાં આવ્યા છતાં શાસ્ત્રકાર વિચારશૂન્ય કહે છે. વિચારશૂન્યપણું આપેક્ષિક રહે છે. સંજ્ઞી પંચેન્દ્રિય જેટલા છે તે મનુષ્ય દેવતા, નારકી, તિર્યંચ હોય તે બધા વિચારવાળા છે. છતાં શાસ્ત્રકારો વિચારશૂન્ય કહે છે. દેવતા નારકી, તિર્યંચને ને મનુષ્યને અમે વિચારશૂન્ય કહીએ છીએ. જેમ મન મલ્યું નહતું તેવા એકેન્દ્રિય, બેઇંદ્રિય. તેઇંદ્રિય, ચઉરિન્દ્રિય અસંજ્ઞી પંચેંદ્રિય તે વિષયોને અંગે વિચારવાળા હતા છતાંની અપેક્ષાએ વિચાર વગરના ગણ્યા નહીંતર કીડી દોડતી ત્યાં આવે તો કહો કે વિચાર વગર આવી? અહીં જેમ સાકર ફેરવો તેમ કીડી ફર્યા કરે શાથી? વિચારથી. વિચાર માત્ર ઇંદ્રિયના. ઉપદેશ શિક્ષા કે ભાષાના સંસ્કારનો વિચાર નથી. અશોભનસંજ્ઞી હોવાથી અસંજ્ઞી કહીએ છીએ. વિષયોના વિચારો બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચઉરિંદ્રિયને અસંજ્ઞીને બધાને રહેલા છે, છતાં એને વિચારશૂન્ય કહીએ છીએ; કારણ વિષયોના વિચાર કરવામાં આવે તે શિક્ષા ઉપદેશ આલાપના વિચાર ન હોય તો તે રદ્દ બાતલ છે. તમારા કરતાં એના વિચારો વિષયો પ્રત્યે જબરજસ્ત છે. એક સાકરનો ગાંગડો મુઠીમાં રાખી સભાને પુછીએ તો કહી ન શકે. પણ કીડી દરમાં રહેલી સાકર

જાણી શકે છે. કીડીની તાકાત ઉપર એક વખતે પોલીસે ચોરી પકડી. કહેવાનું તત્વ એ છે કે વિષયની જે તાકાત અસંજ્ઞીની છે. તે તાકાત મનુષ્ય કરતાં પણ જબરી છે. તેથી કીડીને યોજનગંધી કહીએ છીએ. આવી જાતને વિચારશૂન્ય કેમ કહો છો? એકજ કારણ જેને શિક્ષા ઉપદેશ શિખામણ ભાષા ત્રણના સંસ્કાર ન જામે તેવા ઇંદ્રિયના સંસ્કાર ચાહે તેટલા જામેલા હોય તે બધા હિસાબમાં નથી અને તેથીજ તેને હેતુવાદોપદેશિકી સંજ્ઞા રાખીએ છીએ. ઇંદ્રિયોના વિષય સિવાય બીજી તેમની ગતિ નથી. માટે ઇંદ્રિયોના વિચારવાળા છતાં તે અસંજ્ઞી છે. શિક્ષા ઉપદેશ આલાપના વિચાર ન હોવાથી વિચાર શૂન્ય કહીએ છીએ. આ વાત કર્મની થીયરીની અપેક્ષાએ છે. ધર્મના સિદ્ધાંતની અપેક્ષાએ વાત કરીએ ત્યારે જેઓ વિષયોને અંગે વિચારવાળા હોય અને શિક્ષાદિકના વિચારવાળા હોય છતાં આત્માને અંગે વિચારવાળા ન હોય તે બધા અસંજ્ઞી છે. વિકલેંદ્રિયને અસંજ્ઞી કહ્યા છે. વિષયોને અંગે વિચારવાળા છતાં કર્મ સિદ્ધાંતની અપેક્ષાએ અસંજ્ઞી ગણાયા તેમ શિક્ષાદિકના વિચારવાળા છતાં આત્માના વિચારવાળા ન હોય તો તેને વિચારશૂન્યમાં ગણે છે. એટલે અસંજ્ઞી તે માટે દ્રષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા આત્મતત્વને ગવેષવાવાળી સંજ્ઞા છે. તે સંજ્ઞાએ કરી ધર્મસિદ્ધાંતની અપેક્ષાએ આત્માના ધ્યેયની જે સંજ્ઞા હોવી જોઇએ. જેઓ સંજ્ઞા વગરના છે તે ભલે વિષયોની સંજ્ઞાવાળા હોય શિક્ષા ઉપદેશને આલાપની સંજ્ઞાવાળા હોય છતાં ધર્મ સિદ્ધાંત તેને સંજ્ઞી માનવા તૈયાર નથી. ધર્મ સિદ્ધાંત કોને સંજ્ઞી માને છે? સંખ્યાતા ગર્ભજ મનુષ્યો સંજ્ઞી પંચેંદ્રિય અસંખ્યાત દેવતા તિર્યંચ નારકીને સંજ્ઞી માનવા તૈયાર નથી. તેમાંથી જેટલા આત્માના ધ્યેયવાળા છે તેટલાને વિચારવાળા માનવા તૈયાર છે.

## જડ જીવન અને જીવ જીવના ફરક સમજો.

આટલા મનુષ્યો દેવતા તિર્યંચ અને નારકીઓ બધા શિક્ષા ઉપદેશ ને ભાષાને જાણવાવાળા પ્રવર્તાવવાને પ્રવર્તવાવાળા પાંચે ઇંદ્રિયોના વિષયોને અંગે વિચાર કરનારા છતાં શાસ્ત્રકાર અસંજ્ઞી કહે છે. મડદામાં ને જીવતાના અંગોપાંગના શરીરમાં ફરક હોતો નથી. મડદાને હાથ પગ કાન માથું શું નથી? બધું છે. સર્વ અંગોપાંગ છતાં પણ તેજ અંગોપાંગને તેજ શરીર દહન ક્રિયાને લાયકનું ગણવામાં આવે છે. જે શરીર કીંમતી ગણવામાં આવતું હતું તેજ અંગોપાગને શરીર દહન ક્રિયાને લાયક ગણ્યું? કારણ જીવન ચાલ્યું ગયું. જડ જીવન ચાલ્યું જાય તો જડ શરીર બાળી નાંખવા લાયક. તો જ્યાંથી જીવ જીવન ચાલી જાય તેવા જડ જીવનને હિસાબમાં લેવું શી રીતે? જેઓને જીવ જીવનનો હિસાબ હોય અને જડ જીવનના હિસાબ ઉપર મુસ્તાક ન હોય તેજ સંજ્ઞી છે. ઇંદ્રિય પ્રાણો એ પણ જડ જીવન છે. શિક્ષા, ઉપદેશ, આલાપ અને એના વિચારો મન પ્રાણની અપેક્ષાએ પણ જડ જીવન અર્થાત્ એ પણ એજ કુંડીનો કકડો. ઇંદ્રિયો જેમ જડ જીવન તેમ મન એ પણ જાતે તો જડ. તેના આલંબને ભાવ મન થાય તેથી આત્મા વિચાર કરે પણ જડ જોઇએ તો મન જડ છે. જડ જીવન ચાહે જેટલું જબરજસ્ત હોય જ્યાં જીવ જીવનનું લક્ષ્ય ન હોય. જડ જીવન ધારણ કરે

તો પણ વિચારશૂન્ય છે. કર્મસિદ્ધાંતની અપેક્ષાએ શિક્ષાદિકને જાણનારો છતાં તે વિચારવાળો ગણાય છે. પણ સિદ્ધાંતની અપેક્ષાએ તે અસંજ્ઞી છે. વિચારશૂન્ય છે. જ્યારે એ બે બાજુ વિષયના વિચારને અને શિક્ષાદિ વિચારને ઓળંગીએ ત્યારે શ્રવણમાં ને જ્ઞાનમાં આવીએ. તે અપેક્ષાએ શ્રવણ ને જ્ઞાન ભૂમિકા તે બે પણ મળવા મુશ્કેલ છે. છતાં તે મુશ્કેલી ઇતર જીવોની અપેક્ષાએ, આપણા પૂર્વકાળની અપેક્ષાએ, સજ્ઞી પંચેંદ્રિય પણે વર્તમાન આપણું જીવન તે અપેક્ષાએ શ્રવણ અને જ્ઞાન મુશ્કેલ નથી.

## એક સ્થળે મુશ્કેલ ગણાતી ચીજ બીજી સ્થળે સરળ અને સહેલી

એક વાત અમુક જગોએ મુશ્કેલ હોય તે વાત બીજી જગોએ સહેલી ગણવામાં આવે છે. દૃષ્ટાંત તરીકે પૂજાને અંગે, માન્યતાને અંગે, દુર્ગતિથી ડરવાને અંગે ને સદ્ગતિ મેળવવાને અંગે **નમો અરિહંતાણં** નો નકાર અગર કરેમિ ભંતેનો કકાર પુદ્ગલ પરાવર્તોએ મલ્યો છે. એજ વાત ધર્મ સિદ્ધાંતની અપેક્ષાએ વિચારીએ તો અનંતી વખત આ જીવ પૂર્વધર થઇ ગયો. એ વાતમાં વિરોધ નથી. ઇતર જાતિની અપેક્ષાએ ઇતર પુદ્ગલ પરાવર્તની અપેક્ષાએ નકાર કકાર મુશ્કેલીવાળો. મનુષ્ય જાતિની અપેક્ષાએ અનંતી વખત આવી ગયા તે સુલભ. તેમ ઇતર જાતિની અપેક્ષાએ આપણા પૂર્વકાળની અપેક્ષાએ શ્રવણ જ્ઞાન મળવા ઘણાજ મુશ્કેલ પણ વર્તમાન કાળની અપેક્ષાએ શ્રવણને જ્ઞાન સહેલામાં સહેલી ચીજ. સ્વજાતિને વર્તમાન કાળની અપેક્ષાએ સુલભ કહું છું. આપણે એવી જગો-પર જન્મ્યા છીએ કે ઇચ્છાએ કે વગર ઇચ્છાએ કાનમાં શબ્દ આવે આવે ને આવેજ. ઘરમાં તમે ભાવથી સ્તવન બોલો પણ આડોશી-પાડોશી વગર ઇચ્છાએ પણ સાંભળે. સંજ્ઞી પંચેંદ્રિય હોવાથી અનાયાસે વગર પ્રયાસે સાંભળવાનું બને છે. આથી રોહિણીયા ચોરને પણ ગાથા મળી ગઈ હતી. શબ્દનો વ્યાપક સ્વભાવ ન હતે તો રોહિણીયાને ગાથા મળવાનો વખતજ ન હતો. શ્રોત્રનો ગ્રાહક સ્વભાવ ન હતે તો રોહિણીયાને સાંભળવાનું મળત નહીં. એના બાપે ભગવાનનું વચન સાંભળવાની મનાઈ કરી હતી. ચોરને ધાસ્તી ચોરી ટળાવનારની રહે. ચોરના કુટુંબને ચોરી ટળાવનારનો શબ્દ સાંભળવો નહિં એવો બંદોબસ્ત કરવો પડે. તારે મહાવીરનું વચન ન સાંભળવું તેમ રોહિણીયા ચોરને તેના બાપે મનાઈ કરી. તે કાળમાં થઈ ગયું ને આ કાળમાં નથા તેમ નથી. આ કાળમાં પણ ફલાણી જગોએ ઠરાવ કર્યો કે વખાણમાં જવું નહિં. રોહિણીયા ચોરના બાપ પાસેથી કંઇ શીખી લાધું હતું. પેલાને ચોરી મટી જાય તે ડર હતો. અને પોતાનો કકકો ભુસાઇ જવાનો ડર હશે. પણ રોહિણીયાના બાપે જે કબુલ કરાવ્યું હતું તે પોતા તરીકે આજકાલના બિચારા ધરમથી પતિત થએલા પવિત્રતાના નામે પવિત્ર વસ્તુના પ્રાણ કાઢે છે. મૂળ વાત પર આવો. રોહિણીયા ચોરને બાપના હુકમ ખાતર સાંભળવું ન હતું પણ શબ્દ વ્યાપકસ્વભાવવાળો હોવાથી ને શ્રોત્રનો ગ્રાહકસ્વભાવ હોવાથી સંભળાઇ ગયું. શ્રવણ ઇન્દ્રિયની અપેક્ષાએ સહેલું છે, પણ પર ઇન્દ્રિયને મુશ્કેલ છે. વર્તમાન જીંદગીની અપેક્ષાએ શ્રવણને જ્ઞાન ભૂમિકા મુશ્કેલીવાળી

નથી. સ્હેલથી મળનારી છે. મુશ્કેલ ત્રીજી ભૂમિકા છે. વિજ્ઞાનભૂમિકા તેમાં શું છે? જેમ મુશ્કેલી છે.

## ધર્મસિદ્ધાંતથી સંજ્ઞીપણું

ધર્મસિદ્ધાંતની અપેક્ષાએ તેનેજ વિચારવાળા ગણવામાં આવે છે કે જે વિજ્ઞાન નામની ભૂમિકાએ ચઢેલા હોય. વિજ્ઞાન ભૂમિકા બહાર છે તે ભલે શિક્ષાદિ જાણનારા હોય પાંચે ઇંદ્રિયોના વિષયો જાણનારા હોય છતાં વિચાર શૂન્ય છે. કર્મસિદ્ધાંતથી જેને વિચારવાળા ગણીએ છીએ તેને ધર્મસિદ્ધાંત વિચારશૂન્ય ગણે છે. ત્રીજી ભૂમિકાએ ચડેલા હોય: આ વાત દંડકને જાણનારા સંજ્ઞાના ત્રણ ભેદો ગોખી ગોખી તૈયાર કરનાર સમજી ન શકે કે અમે તે વિચાર શૂન્ય કે વિચારવાળા? પોતાના આત્માને અંગે પોતે વિચારવાળો છે કે વિચાર શૂન્ય છે. તે સમજે નહિં તો સંજ્ઞાના ભેદો પોકારી પોકારી શું કર્યું? સંજ્ઞાના ત્રણ ભેદો બીજાને સમજાવ્યા પણ સમજુના હાથમાં દર્પણ ચાટલું દીલનો ડાઘ કાઢશે પણ વાંદરાના હાથમાં આવેલું ચાટલું દાંતીયું કરી ચાટલું ફોડાવશે. સંજ્ઞાના ત્રણ ભેદ ઓળખવા તે ચાટલું છે. ડહાપણ હોય તો ચાટલાનો ડાઘ કાઢવામાં ઉપયોગ કરો વિચાર આવે ત્યારે વિચાર કરો કે હેતુ દીર્ઘકાલિકી કે દ્રષ્ટિવાદોપદેશિકીનો વિચાર? વિચારનું ફળ સુંદર લાગે તો પોષણ કરો ખરાબ લાગે તો ખસેડો તો હેતુવાદોપદેશિકી સંજ્ઞાના રસ્તે ચાલ્યો કે દીર્ઘકાલિકીના કે દ્રષ્ટિવાદોપદેશિકીના રસ્તે ચાલ્યો? તે સમજે જ્યારે દુષ્ટ દૂર ન થાય. સુંદરની સજાવટ ન થાય હમે ભણ્યા છીએ તેટલું ગણવા માટે કામમાં લેવાય તો દર્પણનો ઉપયોગ શી રીતે થયો તે સમજી લ્યો. વિષયોના વિચારો વિચારશૂન્યના દરજ્જાના છે. શિક્ષા આલાપ ને ઉપદેશના વિચાર પણ તેવા છે. જીવ જીવન તરફ ઝુકે ત્યારેજ સંજ્ઞી કહે છે.

## તથાભવ્યત્વ

ત્રીજી ભૂમિકાએ આવેલો જીવ પગથીયે ચડયો. મોડો આવવાની વાર છે પણ પગથીયે ચડયો છે. ૨૧ ગુણનું સ્વરૂપ તેના દ્રષ્ટાંત તેનો ફલિતાર્થ શાસ્ત્રકારે કહ્યો તેથી અનાયાસે તમને શ્રવણ કરવાનું મલ્યું. જ્ઞાન થયું પણ વિજ્ઞાન ભૂમિકા મળવીજ મુશ્કેલ છે. સર્વથા મુશ્કેલ શ્રવણ જ્ઞાન કથંચિત મુશ્કેલ. પણ આ ત્રીજી વિજ્ઞાન ભૂમિકા એ તો સર્વથા મુશ્કેલ શ્રવણ જ્ઞાન કથંચિત મુશ્કેલ પણ ત્રીજી વિજ્ઞાન ભૂમિકા એ તો સર્વથા મુશ્કેલ તીર્થંકરોના વચન પ્રહારો આની આગળ નકામા ગયા. ઘંટા લાલાનું લોહ તે ઉપર ઘા મારવા જાય તો આમને તેમ ખસી જાય. તેમ અનંતા તીર્થંકર ને ગણધર કેવળીઓના સમાગમમાં આ જીવ આવ્યો. પણ ઘંટાનો લોલક આમ આવે તો આમ રવડી જાય આને કોઇક તેવી ભવિતવ્યતા મદદ કરે ને તથા ભવ્યત્વા દશા પરિપકવ થાય તોજ ત્રીજી ભૂમિકા મળવાનું થાય. સાધન છે પણ એ સાધન સાધ્યની સિદ્ધિ કરનાર કયારે થાય? યોગ્ય અવસ્થા થાય ત્યારે. યોગ્ય અવસ્થા થાય ત્યારે અનંતા તીર્થંકરાદિકના યોગે નહીં બનેલું તે બની જાય. જે અનંતા તીર્થંકર ગણધર કેવળીના સંસર્ગે એ વસ્તુ નથી થઇ તે અત્યારે કેમ બનવાની? તે માટે તથાભવ્યત્વ કહેવું પડે છે. ભવ્યત્વ અનાદિકાળની ચીજ છે. પણ અહીં તથાભવ્યતા તેવા પ્રકારનું વિશિષ્ઠ ભવ્યત્વ. ચૂલે ચોખા ન

ચડયા તે ચૂલેથી ઓલે મૂકયા તો ચડી ગયા. ચૂલે ચડાવા જાય તો ગોતું થઇ જાય. ચૂલે અમુક સ્થિતિ સુધી ચડે. પછી અમુક સ્થિતિ થાય પછી ઓલે ચડે. કારણ કે ચોખાનો સ્વભાવ તેવો છે. આ જીવને તેવો કોઇ તથાભવ્યત્વ સ્વભાવ છે કે જે સ્વભાવને લીધે અનંતા તીર્થંકરાદિકના સંયોગે જે વસ્તુ મેળવી નહિં તે વસ્તુ તેમની આ દોરડી મેળવી આપે છે.

## તીર્થંકર કરતાં તીર્થંકરના વચનની વિશિષ્ટતા.

સાક્ષાત તીર્થંકરથી ન થયું તે તેમના વચનોથી શું થવાનું? કેટલીક વખત ખુદ શાહુકાર કરતાં શાહુકારના અક્ષરની વધારે કિંમત હોય છે. શેઠ યાત્રાએ નિકલ્યા અને મુડી ખુટી. આડતીયાને ત્યાં ગયો વાત કરી અહીં રૂપીયાની જરૂર છે. પહેલાંએ કહ્યું કે વિચાર કરીશ પણ વિચારનો અર્થ લેવા દેવાનો હતો. શાહુકાર સમજી ગયો કે મને ઓળખ્યો નથી. પેલાએ કહ્યું કે વિચાર કરજે હું જાઉં છું. બહાર જઇ હુંડી લઇ ગયો ને પોતાના મુનીમને જાતે લઇ મકાનમાં આવ્યા. વિચારજો કિંમત શેઠની કે શેઠના અક્ષરની. આ તો દાખલો છે. દુનીયામાં ૧૭ ઓલો પણ લખી ન આપો તો કોઇ માનતું નથી. ખડીયામાં લેખણ બોળ. તમારા કરતાં તમારા અક્ષર વધ્યા. તો અહીં તથાભવ્યતા છે. તેથી તીર્થંકરના સંજોગે ન થઈ શકયું તો તેના વચનને આધારે થઇ શકે છે. હેમચંદ્રાચાર્ય સૂરીશ્વરજી મહારાજ કહે છે કેઃ- **सुषमातो दुषमायां कृपा फलवती तव,** હે ભગવાન સૂષમા કાળમાં આપ પાસે આવ્યો તો અથડાયો ટીચાયો તો મહેરબાની ન થઇ. ને આ દૂષમ કાળમાં મહેરબાની થઈ. તેનીજ કીંમત ગણું છું. કેમ તો કે **मेरुतो मरुभूमो हि श्लाघ्या०** મેરૂ પર્વત ઉપર લાખો ને કરોડો કલ્પવૃક્ષ હોય ત્યાં કલ્પવૃક્ષની કિંમત નથી પણ મરૂભૂમિ એટલે મારવાડમાં એકજ કલ્પવૃક્ષ હોય તે કિંમતી થાય છે. જે મારવાડમાં કલ્પવૃક્ષ કિંમત પામે તેનો છાંટો પણ મેરૂનું કલ્પવૃક્ષ પામતું નથી. કોઇક વિદ્યાધર મળી આવે તો ચોથા આરામાં તીર્થંકર, ગણધર, કેવળી એક બાજુ બેસી ગયા. ચોથો આરો કલ્પવૃક્ષનો મેરૂ હતો. જ્યાં લાખો કરોડો કલ્પવૃક્ષ હોય ત્યાં એક કલ્પવૃક્ષ છેદાયો તો શું ને ન છેદાયો તો પણ શું? ત્યાં ઝાઝી દરકાર ન હોય. ચોથા આરામાં ચૌદ પૂર્વલબ્ધિવાળા લાખો કરોડો હતા પણ દૂષમકાળ તે મરૂધર ભૂમિ છે ત્યાં આ એકજ કલ્પવૃક્ષ છે. (આગમ રૂપ કલ્પવૃક્ષ છે.) ચોથા આરામાં આલંબનનો પાર ન હતો. આ દૂષમા કાળ રૂપી મરૂધર ભૂમિમાં આ તમારી કૃપા તેજ ફળવાળી થઈ. કરોડો કલ્પમાં નશીબ ન ખોલી શકયો તે આ કથનારૂપી કલ્પવૃક્ષને ખીલવી શકે છે. તથા ભવ્યત્વના પરિપાકે વિજ્ઞાનભૂમિકામાં પ્રવેશ કરવાનું તીર્થંકરાદિકના વખતમાં બન્યું નથી તે આ૦ ઉ૦ અને સાધુઓના વખતમાં બને છે. આ જીવની તથા કોઈ ભવ્યત્વદશા કે જેના લીધે તીર્થંકર વખતે તેમની જ્યોત સહન ન થઇ, તે આમંદ-જવાલાથી ખરેખર વખત જીરવાયો નહિં. પણ જેને મંદ તેજ હોય સૂર્યનું તેજ આંખ મીંચાવી દેતું હોય તેણે છાયામાં રહી દેખી લેવું જોઇએ. તેજ મંદ છે. તેથી જગજગાતીમાં ન દેખે તે છાયામાં દેખે. તેમ ભવ્યત્વ દશા હોવાથી જગજગાટી વખત જાગી શકયો નહિં. ઉપરનું તેજ રોકે ત્યારે જોઇ શકે. આ જીવ તથાભવ્યત્વવાળો, જ્યાં સુધી મંદ આલંબન મળે નહિં ત્યાં સુધી માર્ગે

ચડે નહિં, અનંતા કેવળી તીર્થંકર ગણધરના સંબંધે કંઈ કર્યું નથી તે આમાં શું કરવાનો છે. તે મનમાં લાવવાનું નથી. પુરૂષાર્થ ફળવાળો તથાભવ્યત્વવાળાને અંગે ફળીભૂત થાય છે. તથા ભવ્યત્વ પુરૂષાર્થથી પરિપકવ થાય છે. વધારે જ્યોતથી ન દેખ્યું પણ છાયે આવ્યો તો પણ દેખ્યું. અજવાળાથી આમાં અત્યારે લાગણી થઇ. તેમાં કારણ કોણ? બીજ કોણ? અનંતા દ્રવ્ય-ચારિત્રો બધાં આનાં બીજ છે. કોરટના ત્રણસેં પગથીયા ચઢે ત્યારેજ દરવાજો છે. અનંતા દ્રવ્ય ચારિત્રો ભાવચારિત્રના પગથીયા છે. ભુંસેલા આંકડા સ્થિર એકડાનું કારણ છે. અનંતી વખત દ્રવ્ય સંયોગો મલ્યા હતા તેના પ્રતાપેજ આ તથા ભવ્યતા પરિપકવ પામી છે. મૂળ વાતમાં આવો. જે વિજ્ઞાનભૂમિકા જીવ જીવન તરફ મુકવું તે તીર્થંકરાદિના સંયોગે નથી બન્યું તે અત્યારે આ વચન રજ્જુથી બને છે. આ વાત ખ્યાલમાં લેશો તો ખ્યાલ આવશે કે તીર્થંકર સિવાયના વખતમાં આચાર્યાદિક ઉપાધ્યાય સાધુ શ્રાવકો જીવનનો ભોગ કેવી રીતે આપતા હશે? ઝાંખી આંખવાળાનું દષ્ટાંત વિચારી લેજો.

## ધર્મને અમૂલ્ય રત્ન ગણનારા અને તે સિવાયને કાંકરા ગણીને પ્રવર્તન કરવામાં વિજ્ઞાનભૂમિ

તીર્થંકરના વચનને તીવ્ર માનવાવાળા થાય તેથી સમગ્ર કર્તવ્ય કરનારા થાય છે. તીર્થંકર, ગણધર, મનઃપર્યવજ્ઞાની, અવધિજ્ઞાની ચૌદ પૂર્વીના સંજોગે ન બનેલું છતાં તેમના વચન સંયોગે બની શકે છે. આથી મહાવીર મહારાજા ગૌતમસ્વામી સરખાને કહે છે કે બોધિ દુર્લભ છે પણ શ્રવણ જ્ઞાન દુર્લભ નથો. જીવ જીવનની ઝાંખી વિજ્ઞાનભૂમિકા આત્માનું સાધ્ય થઈ દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા આવવી મુશ્કેલ છે, આવ્યું ક્યારે? તમે જરૂર પુછશો કે આ જીવ વિજ્ઞાન ભૂમિકા પર આવ્યો છે કે નહિં? આ પ્રશ્ન પુછો તો તેનો ઉત્તર તમારે ત્યાંજ મારે ભળવાનો તમારા આત્માને પુછો કે ધર્મનેજ રત્ન ગણે છે કે નહિં ધર્મ રત્નજ છે. આ ગણે છે કે નહિં? આ બે તમારૂં અંતઃકરણ સાંભળી હાકારમાં ઉત્તર આવે કે હું ધર્મ સિવાય કોઇને ઉત્તમ ગણતો નથી ધર્મ અસંખ્યાત યોગમાં એક યોગ કીંમતી ગણું છું. સ્વપ્નામાં વાંઝણીને છોકરો આવે તો આનંદી અને મહાતી થાય છે. તો આપણને ધરમ કર્યાથી આનંદ થતો નથી. પારકા આત્માના કેવળ જ્ઞાનની વાત સાંભળી મહોત્સવ અહીં સાક્ષાત્ ચક્રરત્નનો મહોત્સવ છતાં તે વાતના વડા આગળ વસ્તુના વડાની સરખાવટમાં મૂકયા તો છાતી ચમકી ગઇ. ચક્રવર્તી ચક્ર પાછળ ચાલે. ચક્રવર્તીને દોરનાર જય ધ્વજા ફરકાવનારૂં એવું ચક્રરત્ન. આ કેવળજ્ઞાન તે વાતના વડા કરવા છે. આ કરૂં કે આનો મહોત્સવ કરૂં એટલી વિચારણા છાતી તોડી નાખનાર થઇ જ્યાં સરખામણીની શંકા થઇ જાય ત્યાં છાતીના પાટીયા તુટી જાય છે. તો તમારો આત્મા વિજ્ઞાનની ભૂમિકાએ આવ્યો છે કે નહિં તેમાં એજ પ્રશ્નના ઉત્તર અંતઃકરણમાંથી લયો. હવે તે ધર્મરત્ન કેવા પ્રકારનું છે તેનું વિશેષ સ્વરૂપ જે બતાવશે તે અગ્રે વર્તમાન.

# નારકી ગતિ અને તેના દુઃખો.

વ્યાખ્યાનકારઃ—પં. શ્રી હેમસાગરજી.

અનંત જ્ઞાની વીતરાગ પરમાત્માએ આ સંસારને ચાર ગતિ સ્વરૂપ જણાવતાં પ્રથમ નારકી ગતિ જણાવે છે. બીજી ગતિઓ તિર્યંચ, મનુષ્ય અને દેવતા રૂપ ત્રણ ગતિ તો પ્રત્યક્ષ છે. જ્યોતિષ મંડળ સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારાઓ સાક્ષાત્ દેખાય છે. તેમજ ભગવંતના સમોસરણમાં પણ દેવતાઓ આવે છે. તેથી પ્રત્યક્ષ પણ આપણે જોઇ કે જાણી શકીએ છીએ. પરંતુ નારકી સંબંધી શ્રદ્ધા માન્યતા પરોક્ષ અનુમાન અને આગમ પ્રમાણ સિવાય કર્યા સિવાય છુટકો નથી. યુકિતથી વિચાર કરીએ તો જે કંઇ પણ શુભાશુભ કર્મ આજીવ કરે છે, તેનું ઓછામાં ઓછું ૧૦ ગણું ફળ તો દરેક જીવને અનુભવવું પડેજ. અને ઉત્કૃષ્ટ તો આપણું મગજ કામ ન કરે તેવું અનંતગણું ફળ પણ ભોગવવુંજ પડે. હવે વિચારો કે જગતમાં પણ એક ગુનેગાર પુરવાર થયો. તેને સજા ગુના કરતાં વધારેજ હોય છે. છતાં સજા તેના આયુષ્યના ભોગવટા દરમ્યાનજ ભોગવવાની હોય. સજાની મુદત પુરી થયા પહેલાં જો ગુનેગાર મરણ પામે તો રાજ્ય સત્તાની સજા અધુરી રહી, પણ કર્મસત્તાની સજા કદાપિ અધુરી રહેતીજ નથી. કર્મસત્તાની સજા તો ચાહે ત્યાં આ જીવ હોય ત્યાં વહેલી કે મોડી ગમે તે પ્રકારે ભોગવ્યા સિવાય છુટકોજ નથી. તેમાં ચાહે તેવો પરાક્રમી, પુન્યશાળી તીર્થંકર. ચક્રવર્તી કે વાસુદેવ હોય, તો પણ તેમાંથી બાકાત રહી શકતા નથી.

એક મનુષ્ય અહીં એવું પાપ કર્મ કરે છે જેથી અનેક જીવોનો એકી સાથે સંહાર, અનેક જીવોને ત્રાસ-દુઃખ થાય છે; એટલુંજ નહિં પરંતુ વર્તમાન કાળમાં અણુબોંબના શોધકની વિચારણા કરીએ, તો એ શોધકની શોધ જ્યાં સુધી પૃથ્વીપર અસ્તિત્વ રહેશે ત્યાં સુધી તે બોંબ દ્વારા ભવિષ્યકાળમાં અનેક જીવોનો સંહાર ત્રાસ આદિ હૃદયને કમકમાટી ઉપજાવનાર ઉપદ્રવો થવાના. તે તમામ આત્માઓને જે ભય, દુઃખ, ત્રાસ ઉપદ્રવો થશે તેનું મૂળ કારણ મૂળ શોધકજ ગણાશે. હવે અહીં એ વિચારવાની જરૂર છે કે રાજ્યસત્તા એક વખતના ખુનની સજા વધારે તો કરી શકતી નથી. રાજ્ય સત્તાની તાકાત નથી. માટે તેવીજ રીતે વધારે ખુન કરનાર ગુનેગારને પણ એક વખતજ ફાંસીની સજા કરે. કેમકે ત્યાં રાજસત્તાની વધારે સજા કરવાની તાકાત નથી. હવે ગુનેગાર કદી ચોરી પ્રપંચાદિથી રાજના ગુનાથી છટકી પણ જાય અગર વકીલ બેરીસ્ટરોની બુદ્ધિથી નિર્ગુનેગાર જાહેર થાય, તો પણ કર્મ સત્તાની સજાથી કોઇપણ ભલભલો પરાક્રમી કે સત્તાશાળા પણ બચી શકતો નથી. હવે એક જીંદગીમાં અનેકના ખુન કર્યા અનેક જીવોને ત્રાસ ઉપદ્રવ ભયભીત બનાવ્યા. તે ગુનાની શિક્ષા ગુના કરતાં અનેકગણી ભોગવવાનું સ્થાન એક એવું માનવું પડશે કે જ્યાં મરણાધિક દુઃખ અનેક વખત અનુભવવું પડે. અને આયુષ્ય પણ એવું લાંબુ ત્યાંનું માનવું પડે કે જેથી તમામ શિક્ષાઓ ત્યાં પુરી કરી શકાય. એવી જ રીતે શુભ કર્મનું ફળ પણ ઉત્તમ અને

દીર્ઘકાળ સુધી ભોગવાય તેવા સ્થાનો પણ સાથે સાથે માનવાજ પડે.. તેવા સ્થાનો દેવલોકનાં છે.

હવે પ્રસ્તુત આપણો અધિકાર નારકી વિભાગ સંબંધી હોવાથી આગળ ચાલીએ. દરેક મતના શાસ્ત્રોમાં નારકી તો મનાયેલીજ છે. તેમાં સર્વજ્ઞ ભગવંતોએ યથાર્થ નારકીનું સ્વરૂપ જણાવેલ છે. તે સંબંધી શાસ્ત્રોમાં કયાં કયાં શું શું વર્ણન જણાવેલું છે તે જેટલું જેટલું જયાંથી જાણવા મળેલું છે તેનો ટુંકો આછો મારી બુદ્ધિ અનુસાર પરિચય આપવા પ્રયત્ન કરીશ.

नारकदेवानामुपपात: तत्वा. अ. २ सू. ३५)

नारकसंमूर्छिनो नपुंसकानि (२–५०)

नारकाणां च द्वितीयादिषु (४–४३)

बह्वारंभ परिग्रहत्वं च नारकस्यायुष: (६–१६)

ઉપરોકત તત્વાર્થ સૂત્રોમાં જણાવ્યા પ્રમાણે ઘણી જગો પર નારક શબ્દ આવે છે.

હવે નરક શબ્દના નિક્ષેપા વિચારીએ નામ. સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એમ ૭ નિક્ષેપાએ જણાવ્યા છે. નામ સ્થાપના તેમજ દ્રવ્યના કેટલાક નિક્ષેપા ચાલુ પ્રકરણમાં તેટલા ઉપયોગી ન હોવાથી ઉપેક્ષા કરી જરૂરી માત્રનો વિચાર કરીએ. દ્રવ્ય નારક તેને કહેવાય કે અહીં મનુષ્યગતિ કે તિર્યંચગતિમાં જે આત્માઓ નરકગતિમાં અનુભવવા પડે તેવા દુઃખના કારણભૂત પાપકર્મ બાંધે છે. અહીંથી મરીને જેઓ કાલ સૌકરિક કાળીઓ કસાઈ સુભૂમ બ્રહ્મદત્ત વિગેરે મરીને નરકે જવાના તે દ્રવ્ય નારકો કહેવાય. અથવા તો અહીંજ એવી જેલો કે નિવાસ સ્થાનો એવાં હોય કે જયાં રહેનારાઓને ભય, દુઃખ, ત્રાસ, ઉપદ્રવો ઘણા વેઠવા પડતા હોય. તે પણ દ્રવ્ય નારકો ગણાય છે.

ક્ષેત્રથી કેડે હાથ રાખી વૈશાખ સંસ્થાને ઉભા રહેલા પુરૂષાકૃતિ સમાન ૧૪ રાજલોકમાં તિર્ચ્છા- લોકની નીચેના ભાગમાં નીચે નીચે પહોળી એવી સાત નારકીઓ છે. તેમજ કાલ મહાકાલ રૌરવ મહારૌરવ અપ્રતિષ્ઠાનાદિ નામના ૮૪ લાખ પ્રમાણ નરકાવાસાઓ છે

કાલ નરક તેને કહેવાય કે જે નારકીની જેટલી સ્થિતિ ( આયુષ્ય કાળ ) હોય. ભાવ નરક જેઓ નારકીનું આયુષ્ય ભોગવી રહ્યા છે. તેમજ નરકીના દુઃખો અનુભવી રહ્યા છે. કહેવાની મતલબ એ કે નારકીમાં રહેલા જીવો નારકીનું આયુષ્ય અને અશાતા વેદનીય આદિ કર્મોના ઉદયથી ભોગવતા દુઃખો અશાતાએ બંને ભાવ નારક ગણી શકાય.

ત્યાં વેદના કેવા પ્રકારની હોય તે વેદનાનું યથાર્થ સ્વરૂપ તો અહીં તેવી ઉપમા આપવાલાયક પદાર્થો ન હોવાથી કેવળજ્ઞાનીઓ પણ સમજાવી ન શકે. છતાં દેવતાઓ પણ જે વેદનાનો પ્રતિકાર (શાંત કરવાનો ઉપાય) કરી શકતા નથી. તેવી તીવ્ર, ગાઢ, શીત અને ઉષ્ણ વેદના ઉત્પન્ન કરનાર નિરૂપમ એકાંત અશુભ સ્પર્શ, રસ, રૂપ અને ગંધવાળી પૃથ્વી હોય છે. પહેલી ત્રણ નારકીમાં ૧૫) પરમાધામીએ કરેલી મોગર, તલવાર, ભાલા, કરવત, કુંભિપાકાદિકથી વધતી વેદના અનુભવે છે. પોતે કરેલ પાપના ફળો શરણ રહિતપણે લાંબા કાળ સુધી ભોગવે છે. બાકીની ચાર નારકીમાં પરમાધામી ન હોય તો પણ તે ક્ષેત્રના પ્રભાવથી તથા માંહોમાંહે મારામારી કરી તીવ્ર વેદના અનુભવે છે.

અંબ નામના પરમાધાર્મિક દેવતા પોતાના ભવન માંથી ક્રીડા કરવા માટે નારકીમાં જઇને શરણ વગરના એવા નારકી જીવોને કુતરાની માફક શૂલ ખીલા વીગેરેના પ્રહાર કરી દોડાવે છે. અનાથ બિચારાને ઘાંચીના બળદ માફક ભમાવે છે. આકાશમાં ઉંચો ફેંકીને નીચે પાડે છે, પડયા પછી ઉપર ઘાણના માર મારે છે. ભાલાની

તીક્ષ્ણ અણીથી વીંધે છે. સાંડસાથી સજ્જડ પકડીને ઉંધા મુખે નીચે પાડે છે. વળી તલવાર ભાલાથી અતિશય હણેલા મુર્છા પામેલાને કરવત વડે ચીરે છે. અને શરીરના નાના ટુકડાઓ કરી નાંખે છે.

વળી શ્યામ નામના પરમાધામી દેવતાઓ ક્રુર પાપકર્મ કરનારના શરીરના અંગોઉપાંગોનું છેદન. વજ્રની કઠીણ ભૂમિવાળા ઉંડા કુવામાં ફેકવું. શૂલીથી વીંધવું. સોયથી નાસિકા કાનનું વીંધવું. તેમજ મજબુત દોરડા સાંકળથી બાંધવું. તથા તેવા પ્રકારની નેતરની સોટીના પ્રહારો કરવા વડે કરીને મારમારવા અફાળવા. વીંધવા, બાંધવા આદિક ઘણા પ્રકારની કદર્થના કરે છે. વળી શબલ નામના પરમાધામી (જલ્લાદો) ક્રીડાપરિણામ-વાળા ગાઢ હાસ્યમોહનીય કર્મના ઉદયથી કુતુહલપ્રિય દેવતાઓ નિઃાશ્રિત નારકીઓને હેરાનગતિ કેવી રીતે કરે છે તે બતાવે છે. આંતરડામાં રહેલા તથા હૃદયમાં રહેલા માંસખંડને પેટમાં રહેલા આંતરડાને બહાર ખેંચી કાઢે છે. અનેક પ્રકારની યાતનાઓ કરીને તીવ્ર વેદના ઉપજાવે છે. વળી રૌદ્ર નામને સાર્થક કરતા એવા નરક-પાલો રૌદ્રકર્મી અશુભ કર્મના ઉદયવાળા નારકીજીવોને જીવોને તરવાર ભાલા છરી બરછી શરીરમાં ભોંકી દે છે. તેમજ ઉપરૂદ્ર નામના પરમાધામીઓ નારકીજીવોના હાથ પગ મસ્તક સાથળો મરડી નાખે છે. તેમજ કરવતથી વહેરી નાખે છે કોઈ પણ દુઃખ આપવાનું બાકી રાખતા નથી. વળી કાળ નામના જલ્લાદ દેવતાઓ લાંબી ભઠ્ઠીઓ અગ્નિથી ભરેલી સગડીઓ ચૂલાઓ તેમજ લુહારની લોહ તપાવવાની કોઢમાં સખત તાપમાં શેકે છે. તેમજ લોઢાના મોટા તવામાં નાખી જીવતાં માછલાને ધાણી ચણા માફક ભુંજે, તેમ નારકોને ભુંજે છે—રાંધે છે. તેમજ મહાકાલ નામના પરમાધામીઓ ઝીણા ઝીણા માંસના ટુકડા કરી કદર્થના કરે છે. પીઠના માંસને છેદે છે. તેમજ પૂર્વભવમાં માંસ ખાનારા એવા નારકોને પોતાના શરીરમાંથી માંસ કાપી પરાણે ખવરાવે છે. વળી અસિ નામના પરમાધામીઓ હાથ પગ છાતી બાહુ મસ્તક પડખાં વિગેરેના અંગ ઉપાંગના ભાગને છેદે છે. અને અતિશય દુઃખ ઉપજાવે કરે છે વળી અસિપ્રધાન પત્રધનુ નામના નરકપાલો બીભત્સ તલવારની ધાર સરખા પાંદડાવાળા વૃક્ષોનું વન તૈયાર કરી ત્યાં છાયા માટે રાંકડા નારકીના જીવો આવે એટલે ઉપરથી પ્રચંડ વાયરાના જોસથી પાંદડાં પડતાની સાથે શરીર ચીરાઇ જાય છે, તેમજ કાન હોઠ નાક હાથ પગ દાંત સ્તન ગુદા સાથળ વિગેરેનું છેદન ભેદન કરી નાખે છે. વળી કુંભિ નામના નરકપાળો લોઢાની સાંકડા મુખવાળી કુંભિઓમાં તેમજ લોઢાના કડાયામાં અને લોઢી ઉપર નારકોને રાંધી નાખે છે. તેમજ તાલુકા નામના પરમાધામીઓ અશરણ એવા નારકોને તપેલી રેતીથી ભરેલા ભાજનમાં નાખી ચણા તડતડ ભુંજાય તેમ ભુંજે છે. સડક બનાવવા માટે અણીયાલી કાંકરી જેવી કાંકરી હોય તેના ઉપર આકા-શમાં ઉછાળી પટકાવે.

વળી વૈતરણી નામના નરકપાલો વૈતરણી નદી તૈયાર કરે. નદીમાં પરૂ લોહી વાળ હાડકાં વહેતા હોવાથી ભયંકર અને કલકલ કરતા જળ પ્રવાહમાં વળી ખારૂં ઉષ્ણ પાણી હોવાથી બિભત્સ દેખાવવાળી વૈતરણી નદીમાં નારકોને વહેવડાવે છે ખરસ્વર નામના પરમા ધામીઓ રાંકડા નારકી જીવોને કરવત વડે તેમજ વાંસલાથી પરશુથી કુહાડીથી ચીરવું. વેરવું કાપવું છોલવું ઇત્યાદિક દ્વારા ગાઢ વેદનાઓ આપે છે. વળી વજ્રમય ભીષણ કાંટાવાળા શામલી વૃક્ષ ઉપર રોકકળ કરી રહ્યા હોય તેમ ચડાવે ઉતારે, વળી ઉપરથી કાંટાથી છોલાતા શરીરે નીચે ખેંચી કાઢે મહાઘોષ નામના લોકપાળો ભવનપતિ દેવલોકના સુરાધમો જેમ સિંહનો શબ્દ સાંભળી નાસ ભાગ કરતાં મૃગલાઓ દોડી જતાં હોય તેને પીડા ઉપજાવવા માટે ચારે બાજુથી ઘેરી લઈ પકડી પાડી વધસ્થાને લઈ જવામાં આવે, તેમ નારકીઓને પણ આ દેવતાઓ વધસ્થાન તરફ ઘસડી જાય છે.

જે કોઈ અનેક જીવોના સંહાર આરંભ સમારંભ થાય તેવા કારખાનાઓ ચલાવે મોટા યુદ્ધો લડે મહા પરિગ્રહ મેળવે, પંચેન્દ્રિય જીવનો વધ કરે, માંસ ભક્ષણ

કરે એવીજ મહા પાપવાળી ક્રિયા કરે. ઉત્કટ રાગ દ્વેષ કરનાર અસંયમ પૂર્વકનું જીવન નભાવનાર પાપ કર્મના કારણભૂત ક્રિયાઓ આચરનાર જીવોને ભયો- ત્પાદક હિંસા જુઠ મોટી ચોરી આદિ મહાપાપ કર્મ કરનાર આત્માઓ તીવ્ર પાપના ઉદયવાળા' અત્યંત ભયાનક અતિશય અંધકારમય જ્યાં આગળ આંખથી તો કોઈ દેખી શકાયજ નહિં માત્ર અવધિ કે વિભંગ જ્ઞાનથી ધુંવડ દીવસે જેમ અતિમંદ મંદ દેખે તેમ દેખી શકે. તે પણ પરિમિત્ર ક્ષેત્ર જાણે અને દેખે એવી નારકીમાં ઉપરોક્ત પાપાચરણ કરનાર ઉપજે છે.

ભોગો ને ન છોડનાર આત્મા ખેરના અંગારાના અગ્નિ કરતાં અનંત ગુણ આકરા તાપવાળી નારકીમાં અનેક પ્રકારની વિડંબના ભોગવે છે. પરમાધામીઓ નારકની છાતી ઉપર ચડીને લોહીની ઉલટીઓ કરાવે છે. તેમજ કરવતથી શરીરના બે ટુકડા કરી નાખે છે. ધાણીમાં ઘાલને તલ માફક પીલીને આંતરડા બહાર કાઢે છે. તે વખતે અતિશય આક્રંદનના શબ્દોથી દિશામંડળ પણ પુરાઈ જાય છે. હાડકાનો સમુહ ઉંચો ઉછળે છે. ન સાંભળી શકાય તેવા શબ્દો કરતી ગાઢ અંધકાર અતિ દુર્ગંધી તેમજ ભેદાયેલા હાથ પગથી મિશ્રિત રૂધિર ચરબી છે જેમાં એવા દુર્ગમ પ્રવાહવાળી નદીમાં વહેવડાવે છે. નિર્દય । પૂર્વક ગીધોની ચાંચથી પીડા પમાડે છે. તપેલા દઢ સાણસાથી પકડીને જીભ બહાર ખેંચી કાઢે છે. કેટલાકને ઉંધે મસ્તક ઉંચે લટકાવી નીચે અગ્નિ સળગાવે છે. તીક્ષ્ણ અંકુ- શની અણી જેવા કાંટાવાળા વૃક્ષોમાં ચડાવી ઉતારી જર્જરિત અને ઉજરડાવાળું શરીર બનાવી તેમજ કાંટાની શય્યામાં સુવડાવીને ઉપરથી હથોડાના માર મારે છે. આંખના પલકારા જેટલું પણ જ્યા સુખ દુર્લભ છે.

જુદા જુદા પ્રાણીઓના વધ કરનારા જુઠું બોલનારા અને પાપાચરણ કરનારા આત્માઓ ભયંકર નારકીમાં ઝંપલાય છે. કેટલાક ધાઢા અધમાધમ આત્માઓ પ્રાણીઓને વધ કરે, અને વળી ધર્મશાસ્ત્રોના નામે હિંસામાં ધર્મ મનાવે. કહે છે કે વેદમાં કહેલી હિંસા હિંસાજ નથી. વળી રાજાને શિકાર કરવા રૂપ વિનોદ ક્રિયા તે તો રાજાનો ધર્મ છે. અથવા વેદમાં કહ્યું છે કે—"માંસના ભક્ષણ કરવામાં તથા મદિરાપાન વળી સ્ત્રીસંભોગ કરવામાં કશો બાધ નથી. કારણ કે પ્રાણીઓની તે પ્રવૃત્તિઓ છે. કોઈ નિવૃત્તિ-વિરતિ કરે તો મહફળ મળે." આવી વગર સમજણની વેદની પંકતિઓ આગળ કરી વાંદર પ્રકૃતિના જીવોને મદિરાપાન કરાવી વીંછી કરડાવી હેરાનગતિમાં મુકી દે છે.

ક્રૂરસિંહ અને કાળા નાગ માફક સ્વભાવથીજ હિંસા કરનારો કદાપી પણ ક્રોધાગ્નિથી બળતો શાંત થતો નથી. વળી પારધી શીકારી મચ્છી પકડનારાઓ તેમજ રાત દીવસ વધ-જીવ હિંસા પરિણતિવાળા કુરાત્માઓ અંતકાળે અંધકારમય દુર્ગંધી યાતનાવાળા નરક સ્થાનમાં ઉંધે મસ્તકે પડે છે.

તિર્યંચ અને મનુષ્ય ભવમાંથી મરી નારકીમાં ઉત્પન્ન થયેલ જીવો, અંતમુહૂર્ત કાળમાં રોમ વગરના પક્ષી જેવું શરીર ઉત્પન્ન કરે છે. પર્યાપ્તિ પૂર્ણ થયા બાદ અતિ ભયાનક પરમાધામીઓએ કરેલા શબ્દો સાંભળે છે. 'અરે મોગરથી હણી નાંખો ! તલવારથી છેદી નાંખો ! ભાલાઓ ભોંકો ! અગ્નિથી બાળો.' આવા ભયાનક સાંભળવાથી પણ ત્રાસ થાય તેવા શબ્દો કરીને ભયભ્રાન્ત બનેલા ચોતરફથી મુંઝાઈ ગયેલા, જેમ સિંહનો નાદ સાંભળી હરણીયાં ભય ભ્રાન્ત બને, તેમ હવે નિરાધાર અશરણ એવા આપણે કોનો આશરો કરવો ? એમ વિચારત વિચારતાં ચારે દિશામાં નાશી જવા પ્રયત્ન કરે છે. પણ જ્યાં જાય ત્યાં દુઃખ આગળ ઉભેલુંજ છે.

ભડકાવાળો ખેરનો અગ્નિ હોય તેની અંદર લાલ- ચોળ જગજગતા અંગારા હોય તેની સરખી તપેલી ભૂમીમાં એ નારકીના જીવોને પરાણે ચાલવું પડે છે. પછી દીનતાથી આક્રંદન કરે છે. (નારકીમાં બાદર અગ્નિકાય હોતો નથી તેથી જ્યાં અગ્નિ શબ્દ વાપર્યો હોય ત્યાં અગ્નિની જેવી ઉપમાવાળી વેદના સમજવી)

આ તો માત્ર દીગ્દર્શન કરાવેલ છે. નહીંતર નારકીની ઉષ્ણવેદના અહીંના અગ્નિ સાથે સરખાવી શકાય નહિં. ત્યાંની અને અહીંની ઉષ્ણ વેદનામાં મેરૂ ને સરસવ, સમુદ્ર ને બિન્દુ જેટલો આંતરો છે. મહા નગરના દાહાધિક તાપથી દાઝતા મોટી બુમો પાડતા નારકીની અંદર ઘણા લાંબા કાળ સુધી તીવ્ર વેદના ભોગવે છે. ઉત્કૃષ્ટથી સાગરોપમ અને ઓછામાં ઓછા દશ હજાર વર્ષ સુધીનું નારકીનું આયુષ્ય હોય છે. ખારવાળું ઉનું લોહી અને પરૂ જેવું દેખાતું ઉંદર બીલાડી અને સર્પના કલેવર જેવી દુર્ગંધવાળું તેમજ અસ્ત્રાની ધાર જેવું તીક્ષ્ણ સ્પર્શવાળુ પાણી જેમાં વહી રહેલ છે, એવી વેતરણી નદીમાં અંગારાવાળી તપેલી ભૂમિ છોડીને તૃષિત થયેલા નારકીઓ પાણી પીવા તથા ગરમીની શાંતિ માટે જાય છે. પરંતુ ત્યાં પણ અધિક વેદના ઉત્પન્ન થાય છે. બાણ ચાબુક પરોણી મારીને વેતરણી તરાવે છે. ઉકળતા દુર્ગંધી ખારા પાણીમાંથી બહાર કાઢીને તપેલા લાંબા અણીયાળા ખીલા શરીરમાં પેસી જાય તેવી નાવડીમાં પરમાધામીઓ બેસાડીને ગળામાં ખીલા ઠોકે છે. કેટલાક પરમાધામીઓ નારકીના ગળામાં મોટી પત્થરની શીલા બાંધીને દુર્ગંધી પાણીમાં ડુબાડી દે છે. વળી વેતરણી નદીમાંથી બહાર ખેંચી કાઢીને તપાવેલી જીર્ણી ધારવાળી અણીયાલી કાચના ભુકા સમાન રેતી સાથે તાવડામાં ચણા માફક ભુંજે છે, તેમજ શરીરમાંથી માંસ કાપી સોયામાં પરોવીને અગ્નિમાં પકાવે છે. રાત્રી ભોજન કરનારના મોમાં જીવતા કીડા ભરે છે.

નારકીમાં સૂર્યનું કે બીજું અજવાળું હોતુંજ નથી, ઘોર અંધારૂં જ હોય છે. જેમ એક ભેંસને સજ્જડ લોઢાની સાંકળથી ચારે પગે તેમજ ગળે બાંધીને ઉભી રાખી હોય મોં પાસે મીઠાનું મરચા અને ગરમ મસાલાનું ઉકળતું પાણીનું ભાજન ભરી રાખ્યું હોય તરસ લાગે ત્યારે આગળ મુકેલું ખારૂં પાણી એટલે અંદર સખ્ત ઉષ્ણ વેદના, બહારની પણ અપાર વેદના થાય. ત્યાંથી નાસી શકાય નહિં કોઇનું તે વખતે શરણ નથી. મહા વેદના ભોગવવી પડે. તેમ નારકીના જીવોને પણ પરમાધામીઓ ચારે બાજુ અગ્નિ સરખી વેદના ઉભી કરે અને ત્યાંથી ખસી ન શકે તે માટે એને મુસ્કે ટાઇટ બાંધી રાખે ખારા ઉકળતા પાણી થાય. ક્રુર કર્મી દયા વગરના પરમાધામીઓ કુહાડી વાંસલા લાવીને નારકીના જીવોના શરીર ફાડે છે છોલે છે તેમજ લાકડાનું પાટીયું રંદાથી સુંવાળું કરવાને માટે જેમ છોલે, તેમ નારકીના શરીર ઉપરની ચામડી હથીયારથી છોલે છે. ખાલ ઉતારે છે. નારક લોકના સ્વભાવને અંગે ચાહે તેટલા નારકીના શરીરોને અગ્નિ સરખા તાપમાં તપાવે, શેકે, રાંધે તોપણ બળી કે રાખોડો થતું નથી પણ જેનું વાણીથી વર્ણન ન થઇ શકે તેવી ગાઢ અસહ્ય વેદના અનુભવે છે. હિંસાદિક અઢાર પાપ સ્થાનક સેવનથી બાંધેલું પાપ જ્યારે નારકીના જીવને ઉદયમાં આવે છે તે વખતે બળવાનું છેદાવાનું ભેદાવાનું છોલવાનું ત્રિશૂલ ઉપર આરોપણ થવાનું, કુંભીમાં પકાવાનું કાંટાળી સામલી ઉપર આરોહણ થવાનું પરમાધામીએ કરેલું અને માંહોમાંહે લડી જકડીને ઉભું કરેલું દુઃખ એવું અનુભવે છે કે આંખના પલકારા જેટલો વખત પણ દુઃખમુક્ત બની શકતા નથી. નરકપાલો જ્યારે નારકોને કર્થના કરતા હોય ત્યારે નગરવધ માફક મહા ભયંકર હાહારવ આક્રંદન કરતાં નારકીઓ કરૂણાવાળા શબ્દો બોલે છે. હે માત! હે પિતા ઘણું દુઃખ થાય છે. હું અનાથ છું. તમારે શરણે આવ્યો છું. મને બચાવો મારૂં રક્ષણ કરો. આવા કરૂણ અને વિલાપવાળા શબ્દો સાંભળીને મિથ્યાત્વ હાસ્યરતિના ઉદયવાળા પરમાધામીને લગીર પણ દયા-કરૂણા આવતી નથી. પણ વધારે દુઃખી દેખીને વધારે આનંદ આવે છે. અને અનેક પ્રકારનું અશાતા-વેદની દુઃખ ઉભું કરે છે.

વળી પરમાધામીઓ નીચે મસ્તકે ઉભો કરીને બે પગો પકડીને શરીર ચીરી નાખે છે. વળી પૂર્વે કરેલા પાપો યાદ કરાવીને કહે છે કે તે વખતે પારકા શરીરનું માંસ ખાઇને આનંદ પામતો હતો. તથા તેનું લોહી અને મદિરા પીતી વખતે ભાન ન રહ્યું? તેમજ વેશ્યા પરસ્ત્રી ગમન કરતો હતો તે ભૂલી ગયો? શિકાર કરતો

હતો. અનેક મત્સ્યોને જાળમાં પકડીને મારી નાંખતો હતો. સત્તા અને અધિકારના મદમાં બીજાઓ પાસે સખત વેઠ કરાવતો હતો. વળી પારકા ધનમાલ ચોરી લુંટી પડાવીને સ્વાધીન કરતો હતો. અખુટ સંપત્તિ રિદ્ધિ-સત્તા મળવી છતાં સંતોષ રાખતો ન હતો. કર્માદાનના વેપાર કરવામાં પણ પાછી પાની કરતો ન હતો. રાત્રિભોજન અભક્ષ્ય ભક્ષણ કરતો હતો. બીજા ઉપર જુઠાં આળ ચડાવતો હતો. બીજાને દુઃખી દેખી આનંદ પામતો હતો. ખોટા ખોટા ધર્મ બતાવી જીવોને દુર્ગતિના ખાડામાં ગબડાવી દેતો હતો. બીનજરૂરી પાપ ન કરવાની પ્રતિજ્ઞા લેતો ન હતો. બીજો અનેક આરંભ સમારંભ કરી કર્મા દાનના વેપાર કરે, કારખાના ચલાવે, યુદ્ધો લડે, પાપો કરે તેના વખાણ કરતો હતો, તે તમામ શું તું અત્યારે ભૂલી જાય છે? એમ પૂર્વભવમાં કરેલા પાપો યાદ કરાવી કરાવીને તદનુરૂપ શિક્ષા પરમાધામીઓ કરે છે.

પરમાધામીઓ જ્યારે તે નારકીના જીવોને શિક્ષા કરે છે ત્યાંથી શિક્ષાથી બચવા માટે બીજા સ્થાને નાસી જાય છે, પરંતુ વિષ્ટા લોહી માંસથી ભરેલી ગટરથી પણ બીભત્સ અને દુર્ગંધી એવા સ્થાનમાં ઓચિંતા પડે છે. જ્યાં અશુચિસ્થાનમાં ઇયળ માફક લાંબો કાળ પસાર કરવો પડે છે. વળી એવા કૃમિઓ ત્યાં વિકુર્વે છે કે સતત વ્યથા ઉપજાવ્યાજ કરે. છઠ્ઠી સાતમી નારક પૃથ્વીમાં મોટી કાયાવાળા લાલ કુંથુઓ વિકુર્વીને માંહોમાંહે એક બીજા નારકીઓ હણ્યા કરે છે.

વળી પરમા ધામી અધમ દેવતાઓ પૂર્વના દુશ્ચરિતો સંભાળીને નાસિકા હોઠ કાન છેદી નાખે છે. તેમજ માંસ મદિરાની અભિલાષાવાળા જુઠું બોલનાર આળ મુકનાર મર્મ વાતો પ્રગટ કરનારની જીભ તીક્ષ્ણ હથીયારથી કાપી નાખે છે. અને લોહી રાત્રી દીવસ કાન, નાક, હોઠ, જીભમાંથી સતત વહ્યાજ કરે છે. એટલે લાંબો ઉંડો નિઃશ્વાસ મુકે છે. વળી કાપેલા સ્થાન ઉપર લાલચોળ તપાવેલા લોઢથી ડામ દે. ઉપર ક્ષાર નાખે એટલે લોહી અને પરૂ નીકળ્યાજ કરે.

વળી લોહી પરૂથી ભરેલી દુર્ગંધી કુંભિમાં અશરણ અને આર્તસ્વર કરતાં નારકોને નાખીને નીચે ચારે બાજુ અગ્નિ સળગાવીને રાંધે છે. વિરસ આક્રંદન કરતાં તૃષિત થયેલા જ્યારે પાણી પીવાની માંગણી કરે છે, ત્યારે કહે છે કે તને મદિરા પીવો બહુ ગમતો હતો કેમ? એમ કહીને તપેલું તાંબુ કે સીસાનો રસ મોંમાં રેડે છે.

આ મનુષ્ય ભવમાં પારકાની છેતરપીંડી કરવાવાળો ખરી રીતે પોતાના આત્માનેજ છેતરે છે. મચ્છીમાર પારધી કસાઇનો ધંધો કરી એક ભવના માનેલા અલ્પ સુખ માટે અનેક ભવોએ અંત ન આવે તેવા લાંબા કાળના દુઃખો વહોરે છે. વળી સુકૃતથી પરાઙ્મુખ બને છે. અને નરકમાં પણ પરસ્પર દુઃખોની ઉદીરણા કરે છે.

માંસ ખાવાવાળાને પોતાનુંજ માંસ ખવડાવે છે. મદિરાપાન કરનારને પોતાનુંજ લોહી કે સીસા તાંબાના ઉકળતા રસ પાય છે. જુઠું બોલનારની જીભ છેદી નાંખે છે. પૂર્વ જન્મમાં પારકી વસ્તુ ધન હરણ કરનારના અંગોપાંગનું હરણ કરે છે. વેશ્યા ગમન કે પરસ્ત્રી સંભોગ કરનારના વૃષણચ્છેદ કરે છે. તથા કાંટાળા ઝાડ સાથે બાથ ભીડાવે છે. તપાવેલી પુતળી સાથે આલિંગન દેવડાવે છે. એવીજ રીતે મહારંભી, મહા પરિગ્રહી, ક્રોધી, માની, માયી, લોભી, દ્વેષી, આત્માઓના જન્માંતરના પાપો યાદ કરાવી કરાવીને તેવા પ્રકારનું દુઃખ ઉત્પન્ન કરી પૂર્વ કર્મના વિપાકોનું ફળ ભોગવાવે છે. જ્યાં શબ્દ રૂપ રસ ગંધ કે સ્પર્શનું લગીર પણ સુખ હોતું નથી, તેવા નરકાગારમાં વાસ કરવો પડે છે. આયુષ્ય પણ નિકાચિત હોવાથી આપઘાત કરવા માંગે તો પણ મરી શકતા નથી.

જે માતા, પીતા, પુત્ર, સ્ત્રીઓ માટે ધન ઉપાર્જન કરવા પાપો હિંસાઓ કરી હતી, તે સ્નેહી માતા, પીતા, પુત્રાદિકના સ્નેહ વગરનો, મનોહર વિષય વગરનો કોહેલા જાનવરની દુર્ગંધથી અધિક દુર્ગંધીવાળા સ્થાનમાં શયન કરે છે.

માંસ, પેશી, પરૂ, આંતરડા હાડકાવાળું વીષ્ટામય દેખવાથી ચીતરી ચડે તેવા, વળી હાહારવ આક્રંદન રડારોળના શબ્દોથી ભયાનક એવા નરક સ્થાનમાં સાગરોપમો સુધીના આયુષ્યો ભોગવવા પડે છે.

કેટલાક પરમાધામીઓ હાથ પગ સજ્જડ બાંધી આંખે પાટા બાંધી પેટમાં હથીયાર ભોંકીને માંસ બહાર કાઢે છે. વળી કેટલાક શરીરની ચામડીમાંથી વાધરો બળાત્કારથી ખેંચે છે.

નીચેની ચાર નારકીઓમાં બીજા નારકીના જીવો બાહુને મૂળમાંથી છેદી નાંખે છે. તેમજ મોં ફાડીને મોટા પ્રમાણમાં તપેલા લોઢાના ગોળા ભરે છે. તપેલી ભૂમિ પર ચાલવાથી દાઝતા દીન સ્વરથી આક્રંદ કરનારા નારકોને ગળીયા બળદને જેમ આર ભોંકે, તેમ તપાવેલી અણીદાર પરોણી ભોંકે છે. વળી કેટલાકને ટુકડે ટુકડા કરી લોઢાના ખાણીયામાં ઉંધે મસ્તકે રાખી ખાંડે છે. કેટલાકને પગ સાથે બાંધી ઉંધે મસ્તકે લટકાવી ચાંડાલો પાસે કાગડા ગીધની વજ્ર જેવી ચાંચથી ભક્ષણ કરાવે છે. વળી શરીર હતા તેવા બની જાય છે ત્યાં ચાહે તેવા શરીરના ટુકડા કરવામાં આવે તો પણ જેમ ભાજનમાં પારો છુટો પડેલો હોય પરંતુ લગીર ભાજન હલાવે તો એક મેક બની જાય છે. અથવા નદીના પાણીમાં લાકડી મારી વિભાગ પાડીએ તો તરત મળી જાય તેમ નારકી જીવોના શરીરમાં પણ એવુંજ બને છે. મોટી સળગતી ચિતામાં પણ નાંખે તો ઘી માફક ઓગળી જાય, પણ પ્રાણથી વિયોગરૂપ મૃત્યુ કદાપી તે વેદનાથી થતું નથી. વળી હાથી, ઉંટ, ગધેડા, ઘોડા, બળદ, પાડા ને જેમ ઘણો ભાર ભરી ચલાવે, ન ચાલે તો અંકુશ આર કે ચાબુકથી શિક્ષા કરે તેમ નારકોના ઉપર ગજા ઉપરાંત ભાર ભરીને ચલાવરાવે. ન ચાલે તો મર્મ સ્થાનમાં આકરો માર મારે. પરાધીન બીચારાઓને કાંટા કાચના જેવી કાંકરાવાળી લોહી રૂધીરથી ખરડાયેલી ચીકણી બીહામણી જગો પર બળાત્કારે ચલાવે. એમ કરતાં મુર્છા પામે, રસ્તામાં પડી જાય તો શરીરના ટુકડા કરી નગરમાં બલી નાંખે તેમ એક ટુકડો પૂર્વમાં એક પશ્ચિમમાં એક ઉત્તરમાં એક દક્ષિણમાં ઉપર નીચે વિદિશામાં ફેંકે.

પૂર્વના વૈરી જન્માન્તર શત્રુ અપકારી કોપ સહિત મોટા મોટા મોગર કે સાંબેલા લઈને ગાઢ પ્રહારથી મર્દન કરે છે. શરણ વગરના તે પ્રહારથી જર્જરિત થઈ ગયું છે શરીર જેનું એવા લોહીનો ઉલટી કરતા ધરણી પર ઢળી પડે છે. વળી હાથ પગમાં લોઢાની બેડી, સાંકળ નાંખી ભુખ્યા રૌદ્ર નિર્ભય શીયાળ, વાઘ, સીંહ પાસે મુકે છે. જેથી બીચારાનું ભક્ષણ થઈ જાય છે. આવી રીતે ત્રણ નારકીમાં પરમા ધામીએ કરેલી, બીજીમાં પરસ્પર કરેલી બધામાં ક્ષેત્રના સ્વભાવથી થયેલી વેદના અતિ કટુક કડવો ખરાબમાં ખરાબ રસ છે. જ્યાં રૂપ પણ તદન બીભત્સ. જોવું પણ ન ગમે સ્પર્શ પણ દુઃસહ હોય એવા સ્થાનમાં નીરંતર ટળવળતા ઘણાં લાંબા કાળ સુધી પોતે કરેલા અશુભ પાપના ફળો ભોગવે છે. પહેલી રત્નપ્રભા નામની નારકીમાં ઉત્કૃષ્ટ સ્થિતિ એક સાગરોપમથી બીજીની ત્રણ, ત્રીજીની સાત, ચોથીની દશ, ધુમપ્રભા નામની પાંચમી નારકીની સ્થિતિ સત્તર, તમઃપ્રભાની બાવીશ, સાતમી તમઃતમઃપ્રભા નામની નારકોની ઉત્કૃષ્ટ સ્થિતિ (આયુષ્ય) તેત્રીસ સાગરોપમની છે.

સીતાનો જીવ જે ઈંદ્ર થયો છે તે નારકીમાં લક્ષ્મણનો જીવ જે દુઃખ ભોગવી રહ્યો છે તેને બચાવવા જાય છે પણ દુઃખમુક્ત કરી શકતો નથી. ઉલટાને વધારે દુઃખ થાય છે તેવીજ રીતે પૂર્વસ્નેહથી બળરામજી કૃષ્ણને પણ શરણ આપવા જાય છે પણ નિરૂપાય થઇ પાછા આવે છે.

જેને માટે આ લોકમાં પાપ કર્યું તેની સહાયતા વગરનો એકલોજ પાપ કર્મ ભોગવે છે. કોઇપણ દુઃખમાં ભાગ પડાવતું નથી.

**मयापरिजनस्यार्थे, कृतं कर्म सुदारुणम् ।**
**एकाकी ते न दह्येऽहं, गतास्तेफलभोगिनः ॥**

મેં સગા સ્નેહી માટે ભયંકર પાપ કર્યું આજે એકલો હું પીડા પામી રહ્યો છું ફળ ભોગવનારા તો મને એકલાને છોડીને ચાલી ગયા. સાતમી નારકીના અપ્રષ્ઠાન નામના નરકાવાસમાં જગતના જેટલા રોગો દુઃખો છે તે તમામ એકી સાથે ભોગવવા પડે તેવું પારાવાર દુઃખ હોય છે. અહીં તો લેશ માત્ર બતાવી શકાય છે નારકીઓમાં નીચેનીચેની નારકીમાં વધારે વધારે ખરાબ લેશ્યા પરિણામ શરીર વેદના વિક્રિયા હોય છે. પહેલી નરક કરતાં બીજીમાં વધારે અશુભ લેશ્યાદિક હોય તેના કરતાં ત્રીજીમાં અશુભ તમ હોય યાવત્ સાતમીએ અતિશય અશુભ હોય. કૃષ્ણ નીલ કાપોત આ ત્રણ લેશ્યાઓ તીવ્ર સંકલેશ અધ્યવસાયવાળી ચાલુ રહે છે

અશુભપરિણામઃ—દસ પ્રકારનો પુદ્ગલ પરિણામ અશુભ અને અશુભતર છે. ચારે બાજુ અતિશય અંધકાર હોય છે. નારકીમાં સ્પર્શ વીંછીના ડંખ તથા કવચ (જે શરીરે સ્પર્શ થાય તો આખા શરીરમાં અતિશય ખણુ આવ્યાજ કરે.) તથા અંગારાના સ્પર્શથી અનંત ગુણુ અનિષ્ટ હોય. રસ પણ ત્યાં રહેલા પુદ્ગલોનો લીંબડો કરીયાતું વીગેરેના સત્વના અશુભ સ્વાદથી પણ અતી અશુભ હોય. કુતરા બીલાડાં ઉંદર સર્પ હાથી ઘોડાના કોહાઈ ગયેલા સડી ગયેલા કલેવરની ગંધથી કેઇ ગુણો અશુભ ગંધ હોય. વર્ણ ત્રાસકારી રૂંવાટા વગરના અને પાંખ તુટી ગઇ હોય તેવા પક્ષીના આકારવાળા અતિકાળા હોય. આકાર દેખીને આપણને ઉદ્વેગ થાય. પિશાચ જેવો દેખાવ લાગે. ગતિ એટલે ચાલ ઉંટ અને ગધેડાથી પણ ખરાબ દેખાય તેવી હોય.

વેદનાઃ—પહેલી નરકમાં ઉષ્ણ વેદના. બીજીમાં તેથી વધારે ઉષ્ણ વેદના. ત્રીજીમાં અતિશય ઉત્કૃષ્ટ ઉષ્ણ ગરમીની વેદના. ચોથીમાં ઉષ્ણ શીત. પાંચમીમાં શીતોષ્ણ છઠ્ઠીમાં શીતતરા. સાતમીમાં ઉત્કૃષ્ટ શીત વેદના હોય તે આ પ્રમાણેઃ—

આસો મહીને જ્યારે ૧૬૦૦ સૂર્યના કિરણો તપે અગર ખરા ઉનાળાના બપોરે બાર વાગે પીત પ્રકૃતિવાળો હોય અને ચારે બાજુ અગ્નિ સળગાવી સુવાડે, તેને જે સૂર્ય તથા ચારે દીશાની ગરમી લાગે તેના કરતાં અનંતગુણી ગરમી નારકીમાં હોય. તે ગરમીની વેદના ત્યાં અનુભવવી પડે.

પોષ મહા મહીનામાં ઠંડો પવન વાતો હોય. શરીરે બરફ ફેરવવામાં આવે, શરીર ઉઘાડું હોય, બહાર ખુલ્લા મેદાનમાં નદી કીનારે ઉભા હોઇએ, અને કંઈપણ કપડા પહેર્યાં ન હોય, તેવે વખતે જેવી ઠંડી વાય તેના કરતાં નારકીની અંદર અનંતગુણી ઠંડીની વેદના હોય.

જો કોઈ ઉષ્ણ વેદનાવાળા નારકીના જીવને અહીં લાવી સળગતાં ખેરના અંગારામાં સુવડાવી દેતો ઉનાળામાં ઝાડની છાયા તળે, ઠંડો પવન આવતો હોય અને ઉંઘ આવી જાય તેમ નારકીનો જીવ પણ એ અંગારામાં શાંતિથી સુઇ જાય, એવું સુખ અનુભવે. એટલી ગરમી નારકીમાં હોય. એવીજ રીતે ઠંડીની વેદના નારકીમાં એટલી જબ્બર હોય કે, ઠંડીની વેદનાવાળી નારકીમાંથી ઉચકીને અહીં મહામહીનાની રાત્રે, ઠંડો પવન ફુંકાતો હોય દાંત કડકડ અવાજ કરતાં હોય શરીર ધ્રુજતું હોય અને બરફમાં લાવીને સુવડાવી દે તો નીરાંતે જાણે તાપણી કરી શરીર શેક કરતો હોય તેવુ નિદ્રા સુખ અનુભવે અર્થાત્ અનંતગુણી શીત વેદના નારકીમાં હોય.

સુખની ઇચ્છાથી ક્રીયા કરે પણ અશુભમાંજ પરિણમે અર્થાત્ છાયાની ઇચ્છાથી ઝાડ તળે જાય પરંતુ ઉપરથી તલવારની ધાર જેવા તીક્ષ્ણ ધારવાળાં પાંદડાં પડે એટલે અંગો કપાઇ જાય. ટુંકમાં ઉકળતા લોહ તાંબુ સીસાનો રસ મોંમા રેડે છે. લોહના તપેલા થાંભલા સાથે બાથ ભીડાવે છે. કાંટાળી ડાળીવાળા વૃક્ષ પર ચડાવીને એવી રીતે પાછો ખેંચે કે આખા શરીરમાં કાંટાઓ પેસી જાય અને લોહી નીકળે ઉજરડા પડે. માંહોમાંહે ઉંદર, બીલાડા, સાપ, ઘો, હાથી અને સીંહ પાડો અને આંખલો, વાંદરા અને વાઘના રૂપો કરીને લડાવે. અંકુશ ભાલા,

તલવાર, વજ્ર, છરી, મોગર–ઘાણી, હથોડા, કુહાડી વીગેરે હથીયારથી હણે. મારે, ટીપે, ભોંકે, ભાલામાં પરોવી ઉપર રાખે. નીચે પાડી પેટમાં ભાલા ભોંકી છાતી ઉપર પગથી દાબે. માથામાં છીણી રાખી ઉપર હથોડાથી ઠોકે. ઉંધો લટકાવી નીચેથી અગ્નિ સળગાવે. બાંધીને એના ઉપર સર્પો, વીંછી, સીંહ કાગડા છોડે, જેથી બીચારાના અંગો પાંગ ઉપર ડંખ દે, કરડીને ખાય. વાંસલા અને રંદાથી શરીરની ચામડી છોલે છે. તે ઉપર મીઠાના પાણી છાંટે છે. ઉકળતા તેલ છાંટે છે. તેમજ ઉકળતા તેલમાં તળે છે. કુંભીમાં ઘાલીને પકાવે છે. કરવતથી કાપે છે. અંગારમાં સુવડાવે છે, બળદ માફક ગાડામાં જોડી ખુબ ભાર ખેંચાવે છે. બરાબર ન ચાલે તો તીક્ષ્ણ આરવાળી પરોણી પીઠમાં ભોંકે છે.

વળી ખીલાવાળી શય્યામાં સુવડાવી ઉપરથી ઘાણના માર મારે છે. વાઘ, દીપડા, શીયાળ, કુર, બીલાડાં, નોળીયા, સાપ, ગીધ, ઘૂવડના રૂપો બનાવી તેની સામે ઉભો કરી કુરતાથી ભક્ષણ કરાવે છે. તપેલી રેતીમાં ચલાવે છે. તલવારની ધાર જેવા પાંદડાવાળા વૃક્ષોના વનમાં પ્રવેશ કરાવે કરાવે છે, નીચેથી પગ અને ઉપરથી પાંદડા પડે તો અંગો તરત કપાઈ જાય. શા માટે પરમાધામીઓ આ બીચારા નિરાધાર અશરણને આવી રીતે સંતાપ કરતા હશે ? બીચારા બીજાને દુઃખ આપી તેમાંજ આનંદ માનનારા હોય માંહોમાંહે વિરુદ્ધ રૂપ કરી લડતા નારકીને દેખી રાગ દ્વેષ અને મોહથી પરાભવ પામેલા પાપાનુબંધી પુન્યવાળા આત્માને અતિશય આનંદ ઉત્પન્ન થાય છે આવું દેખીને પરમાધામીઓ અટ્ટહાસ્ય કરે છે. ખડખડ હસે છે. વસ્ત્રો ઉંચા ઉછાળે છે. નાચે કુદે છે. મોટો સિંહનાદ કરે છે.

દેવલોકમાં બીજાં અનેક સુખના સાધનો હોવા છતાં, માયા નિયાણુ મીથ્યાત્વશલ્ય તીવ્ર કષાયના ઉદયે કરેલા વ્રત નિયમોની આલોચના ન કરી હોય. તેથી આવા હલકા દેવલોકમાં ઉત્પન્ન થાય છે, જ્યાં પાપાનુબંધી પુન્ય ભોગવે છે. અગર બાલતપસ્વીપણાથી પણ આવા દેવ થાય છે, જેથી પ્રીતિના કારણભૂત અનેક બીજા દેવલોકના વિષયો ભોગો છતાં, બીજાને દુઃખી દેખી આનંદ પામે છે

આવું નિરંતર અતિ તીવ્ર દુઃખ અનુભવતાં મરણની ઈચ્છા કરે તો પણ મરણ આવતું નથી. ત્યાં કોઇને કોઇનું શરણ નથી. તેમજ ત્યાંથી નાસી છુટાતું નથી. ત્યાંના સ્વભાવથી દાઝી ગયેલાં ફાડી નાખેલાં કપાઈ ભેદાઈ ગયેલાં કે ક્ષત થયેલાં શરીરો તરત રૂઝાઇ જાય છે. જેમ વહેતાં પાણીમાં કોઈ દંડ મારી પાણી જુદું કરે પણ તરત તે પાછું એક સરખું મળી જાય છે, તેમ અહીં પણ શરીરો તરત પારા માફક આખા રઈ જાય છે.

કયા જીવો નરકગતિનું આયુષ્ય બાંધે છે તે વિચારીએ.

મિથ્યાદષ્ટિ, વીતરાગ કેવળી ભગવંતે પ્રરૂપેલા શાસ્ત્રથી ઉલટી શ્રદ્ધાવાળો, પ્રભુ શાસનનો દ્વેષી, પ્રભુ માર્ગ અને પ્રવચન સંઘની અપભ્રાજના કરનાર ગોશાળો અને સંગમ સરખા જો કે સંગમ દેવતા હોવાથી નરકાયુ ન બાંધે પણ દુઃખ પરંપરાએ બાંધી શકે.

મહારંભી કાળીયા કસાઈ માફક ઘોર હિંસા કરનાર કસાઇયો, પારધીઓ, મચ્છીમારો, માંસાહારીઓ મોટા કારખાના ચલાવનારા, મોટી લડાઈઓ લડનારા કોણિક જેવા મહાપરિગ્રહી ધન ધાન્ય રૂપુ, સોનું દરેક જાતની ધાતુ, રત્નો, રાજ્યો, સ્ત્રી વિગેરેના મોટા પરિગ્રહને ધારણ કરી તેમાં અતિશય મમત્વ બુદ્ધિ રાખે. જેમકે સુભૂમ બ્રહ્મદત્ત ચક્રવર્તી, રાવણ, મમ્મણશેઠ, નંદરાજા વિગેરે.

પાપરૂચિવાળો રાત દિવસ પાપ કરવાની ઈચ્છાવાળો, સુકૃત કરવાની ઈચ્છા તો ન થાય પણ બીજા દાન પુન્ય કરતાં દેખી અંદરથી બળ્યા કરતો હોય.

તીવ્રક્રોધી, મહા ક્રોધ કરનાર, લગીર લગીર બાબતમાં મગજ ગુમાવનારો તથા વાઘ, સર્પો વિગેરે પ્રાણીઓ.

નિઃશીલ, પરસ્ત્રી લંપટી, પરનારીના બળાત્કારે શીલખંડન કરનાર તેમજ ચોર, ધાડ પાડનાર વિશ્વાસઘાત કરનાર રાત્રિભોજન અને અભક્ષ્ય ભક્ષણ કરનાર, રૌદ્ર પરિણામી, ખરાબ અશુભ ધ્યાન કરનાર, રૌદ્ર ધ્યાન ધરનાર, હિંસાનુબંધી ધ્યાન ચાલ્યાજ કરતું હોય જેમને તેવા બીલાડી, ગરોલી, તંદુલીયો, મત્સ્ય તેમજ બીજાની વસ્તુ ચોરવાની પડાવી લેવાની કે લુંટવાની ધારણાવાળાઓ આખો દીવસ અશુભ વિચારણાઓજ હિંસાદિકની ચાલતી હોય.

આવા જીવો અશુભ પરિણના લીધે અતિ ક્રુર અશુભ ધ્યાનમાં દાખલ થઇ નરકનું આયુષ્ય બાંધે છે. નરકમાં ઉત્પન્ન થાય છે. મહાદુઃખમાં લાંબા કાળ સુધી રીબાયા કરે છે. કોઇ દુઃખમાંથી બચાવતું નથી. વગર આંતરાએ દુઃખની પરંપરા એક પછી બીજી ઉભી થયાજ કરે છે.

કેટલાક લઘુકર્મી નારકો તથા વિધ શુભ સામગ્રી મેળવીને સમ્યકત્વરત્ન પણ પામી શકે છે. તેમજ કોઇક ક્ષાયિક સમ્યકત્વ સહિત અહીં આવેલ હોય તો જિનેશ્વરાદિકના ગુણની પ્રશંસા અનુમોદનાથી તેમજ પ્રભુના કલ્યાણક કાળે શાતાને અનુભવે છે. વળી કંઇક વિશુદ્ધ જ્ઞાનના યોગે સમ્યકત્વ પ્રાપ્ત થયા પછી પૂર્વના પાપનો પશ્ચાતાપ કરતાં ભગવાનના શાસનનો રાગ વધતાં તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરે. દરેક નારકીનો ભવ પ્રત્યયિક અવધિ અગર વિભંગ જ્ઞાન હોયજ.

પૂર્વે જણાવેલાં નારકીના દુઃખ વિશેષો સાંભળીને વિવેકી બુદ્ધિશાળી આત્મા કોઇપણ ત્રસ સ્થાવર જીવની હિંસા ન કરે. જુઠું ન બોલે વગર આપેલી વસ્તુ ગ્રહણ ન કરે. મૈથુન ન સેવે. પરિગ્રહનો ત્યાગ કરે સમ્યકત્વ દૃઢ કરે. તેમજ ક્રોધાદિક કષાયોને આધીન ન બને. એવીજ રીતે તીર્યંચ મનુષ્ય અને દેવગતિમાં પણ અનેક પ્રકારના પરાધીનતા જન્મ જરા મરણ ઇષ્ટ વિયોગ અનિષ્ટ સંયોગ આધિ વ્યાધિ ઉપાધિ તેમજ દેવલોકમાં પણ પર સંપત્તિ રિદ્ધિ દેખી ઇર્ષ્યા આદિના દુઃખો, મરણ કાળે પણ પોતાના વિમાન દેવી વીગેરે છોડીને અશુચી બીભત્સ દુર્ગંધી અંધારાસ્થાનમાં જન્મ લેવો પડશે, ઇત્યાદિક અનેક દુઃખોવાળો આ સંસાર સમજી સર્વ દુઃખથી રહિત સાદિ અનંત કાળનું પરમાનંદ સુખ માત્ર મોક્ષમાંજ છે એમ સમજી સંયમ અનુષ્ઠાનમાં રકત બની સર્વ કર્મનો ક્ષય કરી સિદ્ધિ સુખના ભાજન બનો એ જ અભિલાષા.

## શ્રી ભટેવા પાર્શ્વનાથનું સ્તવન

રચયિતા—( **કુમારશ્રમણ** )

( ધનવાન જીવન માને છે—એ રાગ )

પ્રભુ પાર્શ્વ ભટેવા પ્યારા છે, ભવિ જીવને મોહનગારા છે;
પ્રભુ નામ હૃદયમાં ધારી જો, કે કર્મો કેમ હણાવે છે.
નરસુખ પામે છે તે જગમાં જો, ભક્તિ વસાવે તન મનમાં;
ભવઅટવી ને દુઃખસાગરથી, વિશ્રાન્તિ એહ પામે છે.
પ્રભુ પાર્શ્વ ભટેવા પ્યારા છે.—૧

જગતમાં એ જિનજી જોતાં, પાપો પલમાં ભવનાં ખોતાં;
જે રાય રંક સરખા ગણતાં, એવા પ્રભુ પાર્શ્વ પ્યારા છે.
પ્રભુ પાર્શ્વ ભટેવા પ્યારા છે.—૨

હીરા જડિત પ્રતિમા જોતી, મોહરાયની રાણી બહુ રોતી;
એ **ચંદ્રપ્રભ** શિવરમણીને, પામી તે સુખ માને છે.
પ્રભુ પાર્શ્વ ભટેવા પ્યારા છે.—૩

### શ્રી આગમોદ્ધારક આચાર્યશ્રી આનન્દસાગરસૂરીશ્વરજી કૃત—

# મૈત્રી ભાવના સજઝાય

મૈત્રી મનમાં જે ધરે, બાંધે કરમ ન ઘોર; પરહિત બુદ્ધિ ધારતા, રાગદ્વેષ નહિ થોર. ॥૧॥
જે જગહિત મન ચિંતવે, તસ મન રાગ ન રોષ; ઈર્ષાવન દાવાનલો, હોવે ગુણગણ પોષ. ॥૨॥

(મુંઝ મા મુંઝ મા મોહમાં જીવ તું—એ રાગ)

મૈત્રી મન ભાવતો વૈર દવ વામતો, પામતો કર્મ ફલથી અચંબો,
ક્રોધવશ જે કર્યાં હનન જુઠ જે ભર્યાં, પારકાં કનક મણિ રત્ન લંબો. ૧
પરતણી કામિની પાપ ધન સામિણી પેખતાં ચિત્તમાં પ્રબલ મોહો.
લોભવશ ધમધમ્યો, શુદ્ધગુણ નવિ રમ્યો, વૈરની અગ્નિમાં સમિધ દોહો. ૨
યુગ્મિ ભવ હારિયો, વ્યસન સાત ભરીયો, યતિના સહસ જે નિરય સહેતો,
પૂર્વભવ સાલવી, કામિની ઓલવી, વાવિયું વૈર તસૂ પાક લહેતો. ૩
જનકદુહિતા હરી, વંશ નિજ ક્ષય કરી, રાવણે નરકમાં વાસ કીધો,
રામ ભ્રાતા હરી, દેખી ત્યાં થરથરી, વારતો ઇંદ્ર શમવાસ દીધો. ૪
પૂર્વ ભવરાણીને દોષ કોઈ જાણીને, વીર જીવે શયન વાસ વાર્યો,
વ્યંતરી ભવલહી દોષ શત સંગ્રહી, વેદના તીવ્રતર વીર ધાર્યો. ૫
વાવિયો વૈરનો વૃક્ષગુરૂ સ્વૈરનો, છેદ પામે ન જન્મે અનંતે,
એકનું વૈર હોય વ્યાપતું સકલ જોય, બીજ અંકૂર ન્યાયે વધંતે. ૬
હરિભવે ફાડિયો, સિંહ દરી કહાડિયો, બોલતો વીર ભવ નાવ દેખો,
કંબલ સંબલા, દેવ દો અતિબલા, વીરને કીધ સરિપાલ દેખો. ૭
પૂર્વભવ વૈરથી મોક્ષગતિ સામ્થી. હલિક તે પેખતે જાય ભાગી,
ગૌતમે બૂઝવ્યો, મોક્ષપથે ઠવ્યો, વારજો વૈરના બીજ જાગી. ૮
વીર અવસાનમાં બોધ દેવશર્મમાં, થાપવા મોકલ્યા ઇંદ્રભૂતી,
સિંહભવ શાંતિનો લાભ શુભ ભ્રાંતિનો, બોધિને અર્પતા આત્મભૂતી. ૯
જીવ સમ્યક્ત્વમાં સત્ત્વ શુભ તત્ત્વમાં, દેખતો વૈરજ્વાલા નિવારે,
ક્રોધ કંડૂતિએ ધર્મ નવિ સુખ દીએ, વારતો વિરહ સૂરિ ગ્રંથ સારે. ૧૦
પાંચ લક્ષણ વર્યો જીવ સમકિત ભર્યો, આદિમાં શમ ભર્યો સમયસારે,
શમ નવિ જો ધરે વૈર મનમાં ભરે, સાધુ તપસી ભમે ભવ અસારે. ૧૧
કુરૂટ ઉત્કુરૂટ પણ, સાધુ બે તપ રટણ, વૈરથી નરકમાં વાસ વેડે,
શાંતિ ગુણ સાગરૂ વીરરયણાગરૂ, દૃષ્ટિવિષ સાપ પણ હોડ વેડે. ૧૨
નયન અમી સીંચિયો, વૈર દવ મીંચીયો, કોટિકા સહસનું દુઃખ સહતો,
શાંતિ ધરી પક્ષમાં વીર જીન લક્ષમાં, દેવ ભવ આઠમે ભુવન લહેતો. ૧૩
ધર્મનું સાર એ સુજન ચિત્ત ધાર એ, ભાવના મૈત્રીની મોક્ષદાઇ,
જિન કહે કાલ દો પડિક્કમે તે પદો, સર્વ જીવ મૈત્રી નથી વૈર કાંઈ. ૧૪
વિશ્વ નથી વાલહો, શત્રુ વા જે લહો, સર્વ સંસારમાં હોય તેવો,
મિત્ર પતિ પુત્રમાં પત્ની સખી ભ્રાતમાં, નવનવો રંગ છે તે જ લેવો. ૧૫
જીવ શીખ સાંભલી વૈર દઇ આંબલી, આપ ભાવે સદા મગન થાજે,
બોધ સમતા રસી ચરણગુણ ઉલ્લસી, શાશ્વતાનન્દરસ ગાન ગાજે. ૧૬

# શ્રી સિદ્ધચક્ર

!!! વ....ન્દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशा
मोक्षाध्वालम्बनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत् ॥२॥


શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટ: ૨૫, ૨૭ ]

વર્ષ ૧૨ ] [ અંક ૬ ઠો.

વિક્રમ સં. ૨૦૦૨, વીર સં. ૨૪૭૨. તા. ૧૭-૩-૪૬ રવિવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨ાા આના

સકલ મન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજરાજેશ્વર—

શ્રી સિદ્ધચક્રેભ્યો નમો નમઃ

# "श्री सिद्धहेमचन्द्र-शब्दानुशासनम्"

## ( સંજ્ઞા-સન્ધિ-નામ-કારક પર્યન્તઃ પ્રથમો વિભાગઃ )

ઉપરના ગ્રન્થની સાહિત્યરસિકો લાંબા સમયથી એક સરખી રાહ જોઇ રહ્યા હતા. તે મહાન્ ગ્રન્થ છપાઇને બહાર પડી ચૂકયો છે.

**કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી**ની સર્વજ્ઞતાનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરાવતો, સુવર્ણસમ સૂત્રોથી શોભતો, આલ્હાદદાયક-ચન્દ્ર-કિરણ સમ સ્વોપજ્ઞ તત્ત્વ પ્રકાશિકાના વૃત્તિસ્થ-તત્ત્વોથી દીપતો, બંન્નેના ( સૂત્ર-વૃત્તિના ) પરમાર્થને આનન્દપૂર્વક પ્રતિપાદન કરાતી **પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર કૃત શ્રી આનન્દ બોધિની વૃત્તિથી** ઓપતો અને સંજ્ઞા-સન્ધિ-નામ-કારક યુક્ત છપાદ પર્યંતનો શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનનો પ્રથમ ભાગ બહાર પડી ચૂકયો છે તેની સાહિત્ય રસિકોએ નોંધ લેવી જરૂરી છે.

આ મહાન્ ગ્રન્થ દીર્ઘાયુષિ બને તે હેતુથી કોક્ષી લાયન-બ્રાન્ડ લેઝર પેપરમાં, ફુલ્સકેપ સાઇઝના વિશાળ આકારમાં, ૧૦૭ ફારમના દળદાર કદમાં, પાકા પુંઠાની સુંદર બાઇન્ડીંગની સુબદ્ધ અવસ્થામાં, તાડપત્રીયાદિ પ્રાચીન-અર્વાચીન રંગ બે રંગી સુંદર ચિત્રોથી સુશોભિત બનેલ આ મહાન્ ગ્રન્થ અભ્યાસિયો માટે અલંકાર સરખો તાકીદે ખરીદી લેવા યોગ્ય છે. કિંમત રૂ. ૩૦) ત્રીશ. તદુપરાંત આ ગ્રન્થમાં ૧૪ પરિશિષ્ટો, વિષયાનુક્રમ, શાસ્ત્ર પ્રસ્તાવના, ચિત્ર પરિચય, પ્રકાશિકા-નિવેદન, કલિકાલ-સર્વજ્ઞ-સંક્ષેપ વૃત્તાંત આદિ પ્રકરણોથી ભરપુર ગ્રન્થ દર્શનીય અને પઠન-પાઠન યોગ્ય જ્ઞાન ભંડારાદિ પુસ્તકાલયોમાં વસાવવા યોગ્ય છે.

મંગાવનારાએ નીચેના સરનામેથી મંગાવી લેવો.

અગાઉથી ડીપોઝીટ ભરનારાઓને રિવાજ મુજબ કમીશન બાદ કરતાં વી. પી. કરવામાં આવશે, પરન્તુ સરનામાની ફેરફારી હોય તો તુરત જણાવવું.

### ગ્રન્થ પ્રાપ્તિ સ્થાન.

૧. ઝવેરી પાનાચંદ રૂપચંદ, ૨૫/૨૭ ધનજીસ્ટ્રીટ મુંબાઇ નંબર ૨

૨. ઝવેરી જમનાદાસ મોનજી, બુલીયન એક્ષચેંઝ મુંબાઇ નં. ૨

૩. ઋષભદેવજી છગનીરામજીની પેઢી, ખારાકુવા (દેહરા ખિડકી) ઉજ્જૈન

૪. શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર, પાયધુની ગોડીજીની ચાલ મુંબાઇ નં. ૩

લી૦ પ્રકાશિકા,—

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,**

૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબાઈ.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વર્ષ ૧૨ ] ફાગણ. [ અંક ૧ ઠેઠ

# આગમોદ્ધારકની અમોઘદેશના.

દેશનાકારઃ—આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ, સ્થળ—સુરત.

[નોંધ—દેશના અવસરે દેશનાકારના વ્યાખ્યાનોનો સારભૂત સંચય પં. શ્રી હેમસાગરજી મહારાજે કરેલો છે. તે વ્યાખ્યાનો તેઓશ્રી પાસેથી મેળવી પ્રેસકોપી તૈયાર કરાવી અને વાંચકો સારી રીતે વાંચી શકે તે રીતિએ પન્યાસપ્રવર પૂ. શ્રી ચંદ્રસાગરજી મહારાજ પાસે. પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે. છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા માગીએ છીએ. લિ૦ તંત્રી.]

## જ્ઞાનપંચમી વ્યાખ્યાનનાં સારભૂત અવતરણો.

૧. તત્ત્વથી જુઠી ચીજને વ્યવહાર ભાષામાં સત્ય તરીકે વપરાય છે.

૨. જેનાથી સુંદર ગતિ, સુંદર સાધન, કિંમતિ રત્નો, કિર્તિ, ચક્રવર્તિપણું અને દેવપણું આદિ મેળવાય છે તે કારણને કેમ ભૂલાય છે?

૩. દેવાદારને ત્યાં જન્મેલા છોકરાએ વારસામાં દેવું, વેરઝેર અને નિર્ધનતા માટે ઉદ્યમ કર્યો ક્યારે?

૪. કોટિધ્વજને ત્યાં જન્મેલો છોકરો ક્રોડનો માલીક બન્યો તે ક્રોડ કમાયો ક્યારે?

૫. ચામડાની ચાલે ચાલનારને ધન-કંચન દેખાય છે પણ ધર્મ દેખાતો નથી.

૬. વિવેકની ચાલે ચાલનારનેજ ધર્મ દેખાય છે એ ભુલવા જેવું નથી.

૭. રૂપીયાભાર વજનવાળા રૂપીઆથી મણ અનાજ મળે તો રૂપીયો કિંમતિ ગણાય છે તો ધર્મની કિંમત શી?,

૮. મૃષાવાદનું વિરમણ વ્રત ન કરે તો પાપ કેમ લાગે છે?,

૯. વિજ્ઞાનની વિશિષ્ટતાઓને સમજ્યા વગર સંસારનો પાર પામી શકાતો નથી.

### તત્ત્વથી જૂઠી ચીજને વ્યવહાર સત્ય માને છે.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ શાંતિચન્દ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મરત્ન પ્રકરણ કરતાં થકાં પ્રથમ ધર્મ-રત્નની લાયકાત મેળવવી જોઇએ. અનાજ

પણ તેજ જમીન પર ઉગે છે કે જે ભૂમિ લાયક હોય. ઉખર જમીનમાં અનાજ ઉગતું નથી. વ્યવહારથી ઉખર જમીન અનાજ કે લીલોતરી માટે અયોગ્ય ગણાય; કદી સંવર્ત કે પુષ્કરાવર્તના મેઘથી ઘાસ ઉગી જાય, અને ભલે અનાજ ઉગે પણ વ્યવહારથી ઉખર જમીન ઉત્પત્તિ માટે લાયક ગણાય નહિં. તેમ અતિશય વાળાથી કોઇ એવા ગુણ-ગ્રાહી જીવો ધર્મ પામી જાય પણ વ્યવહારથી એમ કહી શકાય નહિં કે ગુણ રહિત જીવો ધર્મ પામે છે. આથી શાસ્ત્રોના વિધિ-વાકયોને પ્રજ્ઞાપનીય ભાષા કહે છે. વ્યવહાર ભાષાના ૧૨ ભેદો સત્ય પણ નહિં ને જુઠ પણ નહિં. આ વ્યવહાર ભાષા જેમકે કોઇ દરિદ્ર છે. તેનું નામ ધનપતિ હોય તો હે ધનપતિ અહીં આવો તો આપણે જુઠું બોલ્યા કે નહિં ? ભંડારી ગોત્ર હોય તો હે ભંડારી ? અહીં આવો. સત્તા એક પૈસાની નથી તેને આજ્ઞાપની અને આમંત્રણી વ્યવહાર ભાષા કહેવાય છે. એ ભાષામાં તત્વથી જુઠાપણું હોય પણ નામથી ધનપતિ કે ગોત્રથી ભંડારી હોય તેને ધનપતિ અથવા ભંડારી આવો કહેવાય તેમાં મૃષાવાદને સંબંધ નથી. જેમ તત્વથી સાચાપણું નથી અને વ્યવહારથી જુઠાપણું પણ તે ભાષામાં નથી. બે ભાષાઓ વ્યવહારથી માત્ર બોલવાની છે.- તે સાચી ને જુઠી પણ નથી, અર્થાત્ બોલનાર જુઠું બોલે છે તેમ કહી શકાય નહિં.

### જુઠું નહિ બોલવું તે મહાવ્રત છે.

શાસ્ત્રકારોએ મહાવ્રતમાં બીજો શબ્દ દાખલ કર્યો. સાચું બોલવું તે બીજા મહાવ્રતમાં ન રાખ્યું. પણ **મુસાવાયાઓ વેરમણં** રાખ્યું તે કરતાં **સચ્ચાવાયવયં** રાખી શકત. સત્યજ બોલવું તેમ ન રાખ્યું. કારણ સત્ય વાત બોલી દેવી તે સામાન્ય જીવોને અશકય છે. તેટલુંજ નહિં પણ જ્ઞાનીને તદ્દન અશકય છે. તીર્થંકરની દેશનામાં ક્રોડ દેવતા આવે તે બધાના વર્તન અને વિચારો તીર્થંકર-કેવળજ્ઞાની જાણે છે તો પણ બોલ્યા કરે નહિ. સત્ય-વાત, વ્રત, નિયમ રાખો તો સાચું છુપાવવું નહિં, અને જાહેર કરવું. તો ક્રોડાક્રોડ-દેવતા અને મનુષ્યનું જે જે જાણ્યું તે બધું બોલે તોજ વ્રત રહે. સત્ય વચન વ્રત નથી. સત્ય વચન વ્રત એ ભલભલાથી અશકય છે. સામાન્યને પણ તે વ્રત અશકય સત્યવ્રત ત્યારેજ રહે. જેટલાના વૃત્તાંત જાણતા હો તે બોલ્યાજ કરવા પડે. સત્ય વ્રત રાખવાવાળો હોય તો તે બેવકુફનો બાપ કહેવાય. કોઈ પુછવા આવ્યો કે આ વર્તનમાં કેમ છે ?, તો મોઢેથી શું બધું ભસી દેવું ?; પછી આલોયણને અંગે તમારૂં ચતુષ્કરણપણું કેમ કહેવાશે ?, જે વાત પોતાના બાપને ધણીને અને માને ન કહે તે તમને શાથી કરે છે ? વાત નહિં જાય તે મુદ્દાથી. નાનો બાળક બોલતો હોય કે આ કરવા લાયક છે, કારણ કે તેને વાતનો વિચાર નથી જે હોય તે બોલી દે છે. કારણ કે આલોયણમાં અહંકાર છોડી બાળક પેઠે જેવું હોય તેવું કહી દેવું તેમાં શરમને સ્થાન નથી. બીજી બાજુ વિચારીએ તો સત્યવ્રત એટલે દુનીયાને ગરદન મારવી. અમુક મનુષ્ય સાથે વાત થએલી હોય અને કહેવા જાઓ તો સામાનો જાન જાય. કોઇ બાઇએ સાસરા પર ખોરાકીની ફરીયાદી કરી. તે બાઇ પોણા સોળ હોય પણ તેના હાથમાં પુરાવો નથી. પણ મહારાજ પાસે આવીને બાઇએ આલોયણ લીધી. હવે મહારાજને કોર્ટમાં સાક્ષી પુરાવા બોલાવે તો મુનિ શું કહે ?, હું

કહી દઉં કે હું એ વાત સંબંધી કહેવા માંગતો નથી. ધરમને અંગે ધરમની રૂએ એ બાબત બોલી શકતો નથી. એ વાત કોરાણે મૂકો. હવે મૂળ વાત ઉપર આવો. **કોઇ દિવસ સાચું બોલવું તેવું વ્રત છેજ નહિં. જુઠું ન બોલવું તેવું વ્રત છે.** મૃષાવાદ વિરમણ વ્રત છે. મહાવ્રતધારીએ જુઠું ન બોલવું એ વ્રત છે પણ સાચું બોલવું તે વ્રત છેજ નહિં. સંભવિત નથી ને હોય તો બેવકુફના બાપ બનવાનું છે. સત્ય બોલીજ દેવું એ વ્રત છે નહિં. સંભવિત નથી અને ઉત્તમતા પણ નથી. ત્યારે જુઠું ન બોલવું તે મહાવ્રત છે. તે પણ સાપવાદ અર્થાત્ પ્રસંગે અપવાદવાળું છે. પહેલા બીજા ત્રીજા અને પાંચમા વ્રતોને અપવાદવાળા કહ્યા છે.

## મૃષાવાદ ટાળવાથી ફાયદો શું ?,

મૃષાવાદ ટાળવો શા માટે ?, પદાર્થનું જુઠું સ્વરૂપ કહેવાથી બીજા-આત્માના જ્ઞાન ગુણને ધોકો પહોંચે માટે મૃષાવાદ ટાળવું. આ દાભડી કાળી છે. મેં લાલ કહી મારી મરજી લાલ કહેવાની છે, માટે તમને લાલ કહેવાની હું ફરજ પાડતો નથી. મારે કેદી નથી બનવું. મને જૈન દર્શનનો ન માનતા પાપ કેવી રીતે લાગે ?, મારે લાલ કહેવી છે. મેં લાલ કેહી તેમાં પાપ કેવી રીતે લાગી ગયું ?, પાપ શી રીતે જુઠમાં લગાડો છો ?; કહો જે સ્વરૂપે હતી તે બીજાને ઉલટા રૂપે સમજાવવા માટે મેં વચન કહ્યું. કાળા પદાર્થને લાલ સમજાવવા માટે લાલ શબ્દ વાપર્યો. પદાર્થના સ્વરૂપને ઉલટી રીતે સમજાવવાનો પ્રયત્ન કર્યો. હું જગતનો ગુલામ નથી તો અમે શું તારા ગુલામ છીએ કે તું કહે તે સાંભળી લઇએ ?, કાળી ને લાલ કહી તે મને સંભળાવવા કહી. બોલવામાં ગુનેગારી છે. તારી માન્યતા તારા મનમાં રાખ. સાચું સાંભળવા આવ્યા ને જુઠું સંભળાવે તેથી વિશ્વાસઘાત થાય છે. વસ્તુ સ્વરૂપે વાત જુઠી છે. છતાં વસ્તુ સ્વરૂપે સાચી વાત સાંભળવા આવ્યો તેમાં તેં વસ્તુ સ્વરૂપે જુઠી જણાવી. એના આત્માના ગુણોને ખોટા કરવા પ્રયત્ન કર્યો. ભાવ પ્રાણુને ધક્કો પહોંચડાવવાનો પ્રયત્ન કર્યો. પોતે માને તો મનની બદ દાનત, પોતાના આત્માનું ખુન થયું. પોતે અફીણ ખાય તો તે મરી જવાની કોશીશનો ગુન્હો છે. તેમ બીજાને અફીણ ખવરાવે તો મારવાની કોશીષનો પણ ગુન્હો છે. તેવી રીતે સ્વ-પર ભાવ પ્રાણુનો નાશ કરવો. તે જૈન દર્શનમાં ગુન્હો છે. બીજાના ભાવપ્રાણુનો નાશ કરવો તે પણ ગુન્હો છે. અનંતા જ્ઞાનના નાશની કોશીષ તે જબરજસ્ત પાપ છે. જબરજસ્ત પાપના બચાવને અંગે જુઠું બોલવાની આજ્ઞા. તેટલા માટેજ મૂળસૂત્રકારે જણાવ્યું કે પારધી આવ્યો હોય અને પુછે કે મૃગલા દેખ્યા ?, તો પ્રથમ મૌન રહે. તેથી સર્યું તો ઠીક. કદી ન સર્યું તો પારધી કહે કે બોલ ગયા કે નહિં ?; તો શાસ્ત્રકાર સાફ કહી દે છે કે કહેનાર જાણે છે છતાં જાણુતો થકો પણ નથી જાણુતો એમ કહી દે. સ્યાદ્વાદ-સિદ્ધાંતને નહિં સમજનારા દ્રવ્ય પાપ સ્થાનકો અને ભાવ પાપ સ્થાનકના ફરકને સમજતા નથી. તે અર્થ બીજો કહે છે કે હું જાણું છું છતાં નથી જાણુતો એમ ન બોલે. આવા અર્થ કરનારા કેટલી પોતાની બેવકુફી કરે છે. મૌન પણે ઉપેક્ષા કરે તેથી બીજો પક્ષ કયો થયો ? મૌન રહે અથવા એટલે વિકલ્પાંતર. બીજો પક્ષ જુદો કયો

પાડયો. જાણતો થકો નથી જાણતો એમ બોલે ઇતિ શબ્દ ત્યાં પડયો છે. नो जाणांति वयेज्जा મૌનથી ઉલટા પણે બોલવું. જાણતો છતો હું નથી જાણતો એમ બોલે. પણ જે બીચારાને દ્રવ્ય પાપ સ્થાનક ગળે વળગ્યા છે અને ભાવ પાપ સ્થાનક ટાળવા છે તેઓને ઘરની પંચાત ટાલવા માટે અહીં પણ દ્રવ્ય પાપસ્થાનકનું એકાંતપણું કરવું પડે છે. પરન્તુ યાદ રાખવું કે ભાવ પાપસ્થાનકને અંગે સ્યાદ્વાદ નથી. દ્રવ્યને અંગે સ્યાદ્વાદ છે. ભાવ થકી હિંસા લાગી છે પણ દ્રવ્યથી વધારે હિંસા ન થાય. મૃષાવાદનો ત્યાગ દ્રવ્ય પ્રાણ હણાતા હોય તો અપવાદ વાળો છે. હવે ભાવ પ્રાણને અંગે જો જુઠું બોલે તો અપવાદમાં આવવાને વાંધો નથી. પણ વ્રત કયું ? અપવાદ કોરાણે મુકીએતો જુઠું ન બોલવું. સાચું બોલવું એ અશકય. प्रियं हितं पथ्यं વિશેષણ લગાડયું. તેથી આપોઆપ અપવાદ થઈ ગયો. એજ મૃષાવાદ-ત્યાગનો નિયમ રહ્યો. એક જાનવરના દ્રવ્યપ્રાણ બચાવવા ખાતર, અને એક કુળાચારની હિંસા રોકવા ખાતર મૃષાવાદ અપવાદનું સ્થાન છે. તેથી ભાવ પ્રાણ બચાવવા માટે બોલાય તો અપવાદના સ્થાનમાં છે.

**પ્રજ્ઞાપનીય ભાષાની ભવ્યતા.**

જુઠું બોલવાથી પાછા હઠવું અને આથીજ નિર્ધન છતાં ધનપતિ કહેવામાં વાંધો નહિ આવે. વ્યવહારભાષામાં ત્યાગ જુઠનો છે માટે વ્યવહારભાષા બોલવાની છુટ રહી. હે ભંડારી ?, હે ધનપતિ !, અહીં આવો આ બધું બોલવાની છુટ રહી. શામાં ? મૃષાવાદ વિરમણ વ્રત રાખ્યું. તેથી સત્યવ્રત રાખ્યું હોત તો ધનપતિ ભંડારી કહેવામાં વ્રત ત્રુટી જાત. તેમ આ ધર્મશાસ્ત્રની સ્થિતિ દેખી જે પ્રરૂપણા કરવી તે પણ વ્યવહાર ભાષા. પરદેશી રાજા કેશી ગણધરના સમાગમમાં આવ્યો ન હતો તે વખતે દરેક શ્રાવક, સાધુ અને સમ્યગ્દષ્ટિ શું કહેતા ?, કે આ પ્રદેશી રાજા દુર્ગતિનો જીવ છે, અને દુર્ગતિમાં હેરાન થશે. એ બધું કહેનારાઓના મોઢાંમાં રહ્યું. પ્રદેશી રાજાની પ્રથમ અવસ્થા દેખીને જે બોલ્યા હોય કે હેરાન થશે, અને પરમાધામી હેરાન કરશે. અને એતો દેવલોક ગયો ને બીજે ભવે મોક્ષે જશે તો તેનું નામ પ્રજ્ઞાપની ભાષા. જે વખતે જે કાર્ય કરતો હોય તે કાર્યના હિસાબે શાસ્ત્રના કહેલા ફળ કહેવાય તે ફળ બને કે ન બને. તો પણ તે કહેવાય અને તેથીજ પ્રજ્ઞાપનીય ભાષા કહેવાય છે. હવે મૃષાવાદ હોય તો તમારા હિસાબે તે નરકે જવો જોઇએ અને તમારા સત્યવ્રત ખાતર એ થવુંજ જોઇએ. કારણ પ્રજ્ઞાપનીય વ્યવહાર ભાષા છે. પ્રજ્ઞાપનીય ભાષા હોવાથી સ્વરૂપ કહ્યું તે ન બને તો કહેનાર મૃષાવાદી થતો નથી. તે કાર્યનું ફળ શાસ્ત્રકારે બતાવેલું હોવું જોઈએ. જેમ તમે કોઇને ચક્કર આવે અને તે અંગે સ્વરૂપ જાણ્યું તે માણસને ભ્રમિત ચક્કરવાળો કહો છો. હવે તે ઉતરતાં લથડી પડે તે સ્વાભાવિક છે તેથી તમે કહો છો, દ્વેષથી કહેતાં નથી. સંભવિત છે માટે કહું છું. સંભવિત ફળ કહી દીધું. હવે તે ઉતરતાં ઉતરતાં ન પડયા અને સીધા ઉતરી ગયા. તો હવે કહે કે તમે કહેતા હતા ને પડી જશો, માથું ફુટશે, અને તો કશું ન થયું તો તેથી તે શું જુઠો ન ગણાય ? ના, કારણ કે પ્રજ્ઞાપનીય ભાષા વ્યવહારમાં સત્ય ગણાઇ છે.

## કથનના પરમાર્થને સમજો.

જેમ ઉખર જમીનમાં અનાજ કે ઘાસ ન ઉગે તે વ્યવહાર તરીકેની ભાષા છે. પછી પુષ્કરાવર્ત કે સંવર્તનોય મેઘ વરસી જાય અને ઉગે તેમ અહીં અતિશયવાળા જ્ઞાનીથી કોઈ ગુણહીન ધર્મ પામી જાય તેમાં અડચણ નથી. ઉખરમાં વાવેલું નિષ્ફળ જાય તે સત્ય વાત કહેનારા છે. તેમ જેઓ ૨૧ ગુણથી સંસ્કારિત ન થાય, જેનું કુટુંબ ૩૫ ગુણથી સંસ્કારિત ન થાય તે આત્મા ધર્મ પામવાવાળો ન થાય તે કહેનાર જુઠો નથી. કારણ કે પ્રજ્ઞાપનીય ભાષા છે. વ્યવહારમાં ખાલી હાથે ખીલાફત ન ચાલે. તેવી રીતે ૨૧-૧૬-૧૧ ગુણવાલો ન હોય, ૩૫ માર્ગાનુસારિ ગુણોથી કુટુંબને સંસ્કારિત ન કરે તેવો મનુષ્ય 'હાથમાં કોડી નહીં ને ઉભી બજારે દોડી' તે કહેવામાં જુઠ નથી, અર્થાત્ પ્રજ્ઞાપનીય ભાષા છે. કોઇક તેવા દિવ્ય પ્રભાવથી મહા પુરૂષના સમાગમથી વિચિત્ર ક્ષયોપશમથી નિર્ગુણીને પણ કદી તેવા ગુણની પ્રાપ્તિ થઇ જાય તેથી ગુણ વગર ધર્મ થઇ જાય છે તેમ કહેવાને હકદાર નથી. તેટલા માટે ધર્મરત્નની યોગ્યતા માટે ૨૧ ગુણનું વર્ણન કર્યું. તેનું સ્વરૂપ દ્રષ્ટાંત સમજાવ્યું. છતાં એક વસ્તુ હૃદયમાં આવે તોજ ધર્મરત્ન પામી શકે. એક વસ્તુ ન આવી તો ૨૧ ગુણવાળો છતાં કાંઇ ન પામે. વરસાદ સારો વરસ્યો હોય અને કોઈ ઉપદ્રવ નથી પણ વાવ્યું ન હતું તો પાકે કયાંથી ?, કારતક મહિને ડાહ્યો થનારો ખેડુત શું કરે ?; તેમ ૨૧ ગુણે સંસ્કારિત કર્યો; ૩૫ ગુણે કુટુંબ સંસ્કારિત કર્યું, શ્રવણ કર્યું; પણ બીજ બળેલું હોય તો શું થાય ?; માટે બીજ સાબીત જોઇએ. શ્રવણ એ પણ કહેવાતું બીજ અને જ્ઞાન પણ કહેવાતું બીજ.

### વ્યવહારૂ વિજ્ઞાન-બીજ.

ખરેખર બીજ તો વિજ્ઞાન છે. વિજ્ઞાન એકે ધર્મ એવ રત્ન દુનીયામાં કીંમતીમાં કીંમતી ચીજ રત્ન. રત્નથી અધિક કિંમતી ચીજ જગતમાં નથી. ચિંતામણી દેવમણી એ રત્ન એટલે દુનીયામાં કીંમતી ચીજ માટે વપરાતો શબ્દ અહીં જેને લાગુ પડેલો હોય. કયાં ? ધર્મમાં જગતમાં કીંમતી ચીજ હોય તો ધર્મજ છે. જે વસ્તુ જેનાથી મલે તે વસ્તુ કીંમતી. રૂપીયાભાર વજનવાળા રૂપીયાથી મણ અનાજ આવે છે તો થોડાથી ઘણું મળે એવું દેખાય તો થોડાને કીંમતી ગણ્યો. જોઇતી ચીજ જેનાથી ઘણી મળે તે કીંમતી ગણ્યો. મહોરથી રૂપીયા ઘણા મળે તો મહોર કીંમતી ગણી. પણ જેનાથી ઘણા રત્નો મળે છે તેની કીંમત કેમ ભુલાય છે ?, એ રત્નો છે. મોતી મહોર રૂપીયાને ખાદ્ય વસ્તુને મેળવી આપનાર ચીજનું કીંમતીપણું કેમ ભુલ્યા છો ?, એક મહોરથી પંદર રૂપીઆ મલે તો મહોર કીંમતી. એક રત્નમાં સેંકડો મોતી મલે તો રત્ન કીંમતી. તો પછી રત્નને મેળવી આપનાર સોના રૂપા જોઇતી ચીજ મેળવી આપનાર એવી ચીજની કીંમત કોણ ભૂલે ? જેની દ્રષ્ટિ અટકી ગઇ છે તેજ ભૂલે. માટે ધર્મ એજ રત્ન તે રૂપ દ્રષ્ટિ ખોલો કે જેનાથી બધી ચીજો મેળવી શકો છો. કોટિ ધ્વજને ત્યાં જન્મ્યા શું લેણું હતું તે લેવા આવ્યા ?, તમને કોટિ ધ્વજના વારસદાર

કર્યા કોણે ?; રાજા રાણીએ કુંવરને ઓળખી માતા પીતાને કુંવરે પસંદ કર્યા નથી. વચમાં દલાલ કોણ છે ?, તમે શાસ્ત્ર દ્રષ્ટિએ ધરમ માનતા ખંચાતા હો તો દુનીયાદારીની દ્રષ્ટિથી તપાસી લ્યો. વચમાં કોણ છે ?, તમે દેવાદાર હોય તેને ઘેર છોકરો જન્મ્યો તેણે દેવું ક્યારે કર્યું હતું ? પોતે દેવું કર્યું નથી તો વારસામાં દેવું ક્યાંથી આવ્યું ?, વચમાં રહેલો કોઇક છે. જે કેટલાકને વારસામાં રિદ્ધિ સમૃદ્ધિ રાજ્ય આપે છે, અને કેટલાકને દેવું વિરોધ વૈર આપે છે. જેઓ આ રૂપીયા, મહોર, મોતી, ચાંદી, સોનું અને રાજ્ય કરતાં કીંમતી વસ્તુને ઓળખતા નથી, અગર માનતાં નથી; તે ચર્મચક્ષુના ધણી છે. ચામડેથી દેખાય તેજ માને અને દિવ્ય જ્ઞાનથી જણાય તે ન માને તેને કહેવો શું ? તે બિચારા જેઓ ખાન પાન મહોર મોતી રત્ન યાવત્ રાજ્યપાટ દેખનારા પણ કારણ નહિ દેખનારા. ચામડીના ચાલે ચાલ્યા છે, પણ વિવેકની ચાલે ચાલ્યા નથી. જ્યારે કારણ સમજે ત્યારે સાચું સાધન રૂપીઓ તે કરતાં મહોર તે કરતાં મોતી તે કરતાં રત્ન તે બધા કરતાં સાચું રત્ન કયું ?, ધર્મ-રત્ન. અહીંજ વિજ્ઞાન ભૂમિકામાં આવ્યો. એ ધર્મરત્ન.

## પરમાર્થ દ્રષ્ટિએ પણ વિજ્ઞાન એ બીજ છે

બધી ચીજને લાવનારી ખરી ચીજ છે. આ દુનીયાદારીથી આ વાત કરી. બાહ્યદ્રષ્ટિથી વિજ્ઞાન ભૂમિકામાં લગીર ઓછું છે. બાહ્ય પદાર્થને રસ્તે વિવેક દ્રષ્ટિમાં ગયો. પણ આત્મદ્રષ્ટિમાં ગયો નથી. ચર્મદ્રષ્ટિમાં ગયો, વિવેકમાં ગયો પણ હજુ સુધી આત્માના અવ્યાબાધ-અધ્રુવને અખત્યાર કરવો હોય તો ધર્મ એજ ઉત્તમોત્તમ છે. સાધન તરીકે નહિં, એથી રાજ્યરત્ન મળે તે તરીકે નહિં. અત્યાર સુધી વિવેકની વાટે વહેતા હતા. હવે આત્માના અવ્યાબાધમાં આવો. રત્ન એ જગતમાં ઉત્તમોત્તમ ચીજ. તેમ મારા આત્માનું જે સમ્યગ્ દર્શન જ્ઞાન ચારિત્ર સ્વરૂપ તેજ જગતમાં ઉત્કૃષ્ટ વસ્તુ કે રત્ન છે. હવે રત્ન એ રત્ન નહીં. રત્ન એ તો ધરમનો ગુલામ રત્ન ધરમથી મળનાર ચીજ. ધર્મની તાબેદાર ચીજ. માટે એ રત્નના તાબેદારના તાબેદાર થાવ આ બધું વાચ્ય અર્થ રાખીએ તો, માટે લક્ષણા કરો. સામાન્ય શબ્દાર્થમાં ધર્મ એજ રત્ન. ઐદંપર્યયમાં જઇએ તો ધર્મ એ ઉત્તમોત્તમ પદાર્થ. રત્ન શબ્દની લક્ષણા કરી ઉત્તમોત્તમ પદાર્થ કરો. કેવળ વાચ્યાર્થ રાખો તો અવ્યાબાધ ચીજ આપનાર ધર્મ, તેને પત્થર સાથે સરખાવો તો કેવું ગણાય ?; નહીંતર ભરત મહારાજને વિમાસવાનું હતુંજ નહિં. ધર્મ એ ઉપમેય વસ્તુ છે અને ધર્મનું ઉપમાન રત્ન છે. છ ખંડ દેનારૂં ચક્રવર્તીને છ ખંડ જીતવાને દોરનારૂં એવું ચક્રરત્ન. તેને રત્નજ કહ્યું છે. ત્યાં ઉપમાનનું કરૂં ?, કે ઉપમેયનું કરૂં ?; ચંદ્ર સરખું મોઢું. ચંદ્ર ઉપમાન ચીજ મોઢું ઉપમેય ચીજ ચંદ્ર સાક્ષાત્ હોય તો મોં ગૌણપણું પામે તેમ ધર્મરત્ન ગણે. રત્નનો અર્થ ખનીજ પદાર્થ વાચ્યાર્થ ગણે તો ઉપમાન સાક્ષાત્ થાય તો ઉપમેયની કીંમત કંઇ નથી. વાચ્યાર્થ ન લેતાં લક્ષ્યાર્થમાં લઇ જાવ. ઉત્તમોત્તમ પદાર્થ ધર્મ એ

જગતમાં ઉત્તમમાં ઉત્તમ પદાર્થ છે. ધર્મ જેવો ઉત્તમોત્તમ પદાર્થ એક પણ નથી. ત્યાં સુધી પહોંચવું તે કોના માટે? જે આત્માના અવ્યાબાધ અદ્દવ તરફ ગયા ન હોય અર્થાત્ તેવાને પણ તેટલી હદે ન ગયા હોય તેવાને તો રત્ન તરફ જેવો તમારો આદર છે તેવો ધર્મ તરફ આદર હોવોજ જોઈએ. વિજ્ઞાનની પરિપક્વ દશા હોય તે વખતે લક્ષ્યાર્થ. પ્રથમ પ્રવેશની અવસ્થામાં વાચ્યાર્થ રાખી પછી ધર્મ એજ ઉત્તમોત્તમ ચીજ છે. આમ વિજ્ઞાનની પ્રથમની ને આગળની ભૂમિકા પ્રાપ્ત થાય ત્યારે સમજવું કે આ આત્મા ધર્મરત્નનો અર્થી થયો. વાવેતર કરવા પૂર્વક ખેડાતી ને વાડ કરાતી જમીન જે ફળદ્રુપ થાય તેમ વાવેતર વગર ઉત્તમ ભૂમિ ફળદ્રુપ થઈ શક્તી નથી. ચાહે વાચ્યાર્થ કે લક્ષ્યાર્થ રાખીને જહત્ લક્ષણા પકડવાથી વાચ્યાર્થ છોડી દઇને લક્ષ્યાર્થ માનીએ તો ધર્મ એજ ઉત્તમોત્તમ છે. એ ભૂમિકામાં આવે તો ધર્મનો અર્થી થયો જાણવો. દરેક મનુષ્યે ધર્મના અર્થી થવું જોઇએ. ધર્મના અર્થી થયા વગરનાનું જીવન નિષ્ફળ છે. મનુષ્ય જન્મનું સાફલ્યપણું તેથીજ છે. હવે એવા અર્થીએ શું કરવું જોઇએ, તે અધિકાર અગ્રે વર્તમાન.

## શાન્તાક્રુઝમાં શ્રીકુંથુંનાથજીની વર્ષગાંઠ-નિમિતે બનાવેલ સ્તવન.

રચયિતા – પૂ. પંન્યાસજી પ્રવરશ્રીચન્દ્રસાગરજી ગણિવરના વિદ્વાન્ શિષ્ય રત્ન
**મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી.**

ઓ! જીવડા! જાજે પ્રભુના ગામમાં;
કહેજે તું કુંથુંજીના કાનમાં...ઓ! જીવડા૦-૧
પ્રજ્ઞોના મૂર્ધન્ય આપ બન્યા પણ;
છો તો શિવ-લક્ષ્મિના તાનમાં...ઓ! જીવડા૦-૨
તાન માન છોડી આમ કિંકરને જોશો;
સેવકની અર્જ લેશો ધ્યાનમાં...ઓ! જીવડા૦-૩
કુંજમાં ગુંજતાં ગાનો સુણ્યાં પણ;
મન તો મારૂં છે તારા ધ્યાનમાં...ઓ! જીવડા૦-૪
રૂપી-રમા દેખીને હું તો લલચાણો;
લેશો હવે સેવકને બાથમાં...ઓ! જીવડા૦-૫
સંસારે ભમી ભમી હું તો કંટાળ્યો;
રહેવું છે હવે તારા ધ્યાનમાં...ઓ! જીવડા૦-૬
અંગના દેવાંગનાને સાથે લઈ આવ્યા;
દેવો પણ તારા રહેઠાણમાં...ઓ! જીવડા૦-૭
દુખીયો સુખીયો ને વળી ભોમીયો નિશાળીયો;
બધા છે તારી વર્ષગાંઠમા...ઓ! જીવડા૦-૮
શાણપણું, મોટપણું, બાલપણું, વૃદ્ધપણું;
ફળ્યું છે તારા સનમાનમાં...ઓ! જીવડા૦-૯
શુક્લા ફાલ્ગુણની ત્રીજ જે સોહામણી;
રહેશે ચન્દ્રપ્રભને ધ્યાનમાં...ઓ! જીવડા૦-૧૦

# પ્રભુ શ્રી મહાવીરનો યતના-ધર્મ

**જૈન ગ્રન્થની પ્રાકૃત-કથાનું અવતરણ.**

અવતરણકાર—**પં. શ્રી હેમસાગરજી.**

(ગતાંકથી ચાલુ)

આ પ્રમાણે વિવિધ હેતુ યુક્તિથી ગુરુ મહારાજે જ્યારે સમજાવ્યો ત્યારે તે સુસઢ કહે છે કે હે ભગવંત! મારે મને પણ વિધિપૂર્વક આલોયણા આપો. ત્યારપછી ગુરુ મહારાજે આલોયણા પ્રાયશ્ચિત આપી. ત્યારપછી હંમેશાં સંયમજયણાદિ યુક્ત તીવ્ર તપસ્યા કરતો અને નિર્મળ ચારિત્ર પાળતો કેટલોક કાળ વિચરે છે. ફરી વળી સંયમમાં શિથિલ થઈ છઠ્ઠ અઠ્ઠમાદિ યાવત્ છ છ મહીના સુધીની લાંબી તપસ્યા કરતો હતો. પરંતુ સ્વચ્છંદતાથી શીતલ જલનો પરિભોગ કરતો હતો. ફરી વળી ગુરુ મહારાજે પ્રાયશ્ચિત લેવા જણાવ્યું પરંતુ મૂઢ બુદ્ધિવાળો ગુરુ મહારાજે આપેલું પ્રાયશ્ચિત કરતો નથી. પરંતુ પોતાની ઈચ્છા મુજબ સ્વચ્છંદતાથી આલોયણા કરે છે. પાપ આવવાના દ્વારો રોકતો નથી. સજ્ઝાય ભણવું ઇત્યાદિકમાં પ્રમાદી બની જાય છે. તેવીજ રીતે આવશ્યક ક્રિયા પડિલેહણાદિક તેમજ ચારિત્ર અને કરણ સિત્તરિમાં શિથિલ થઈ જાય છે. જે જે શુદ્ધિ નિમિત્તે ગુરૂ મહારાજ પ્રાયશ્ચિત આપે છે તે જરા કરતો નથી. પોતાને જે ઈચ્છામાં આવે તેજ કરે છે. તે ઉપરાંત હવે તો ગુરૂ મહારાજને ક્રોધથી કહે છે કે આટલું બધું દુષ્કર તપ હું કરૂં છું. તેનાથી પાપ શુદ્ધિ નથી થતી. શું આચાર્યોએ આપેલું પ્રાયશ્ચિત પાપની શુદ્ધિ કરનાર થાય. હું માસખમણ યા ચાર છ છ મહીનાની તીવ્ર તપસ્યાઓ કરૂં છું. શું એથી વધારે ગુરૂ મહારાજ પ્રાયશ્ચિત આપવાના છે ઈત્યાદિક ગમે તેમ પ્રલાપ કરતો હતો. ત્યારે ગુરૂ મહારાજે તેને પોતાના ગચ્છમાંથી દૂર કર્યો. હવે તદ્દન નિરંકુશ થયો અને ધર્મ રહિત થઈ ફરવા લાગ્યો. પૃથ્વી, પાણી, અગ્નિને કાર્ય હોય કે કાર્ય ન હોય તોપણ ગ્રહણ કરતો દુષ્કર તપ ચરણમાં નિરત એવા તેણે ઘણો કાળ પસાર કર્યો. સ્વચ્છંદતાથી દીક્ષા પાળી મરીને તે સુસઢ સૌધર્મ દેવલોકમાં ઇન્દ્ર સમાન ઋદ્ધિવાળો સામાનિક દેવતા થયો. ત્યાંથી ચ્યવી આજ ભરતક્ષેત્રમાં સુસઢનો જીવ વાસુદેવ થઈને સાતમી નારકીમાં જશે ત્યાંથી નીકળી હાથી થશે. મૈથુન ક્રિયામાં અતિ આસક્ત મરીને હે ગૌતમ! અનંતકાયમાં થશે. જયણા વગરનું અતિ દુષ્કર તપ અને ચરણ કરતો એવો સુસઢ અતિ ભયંકર એવા ભવસમુદ્રમાં ભમશે.

હવે ગૌતમ ગણધર મહારાજા પૂછે છે કે હે ભગવંત આટલું દુષ્કર તપ કરવા છતાં દુઃખથી સંતાપ પામતો તે શા કારણથી ભવમાં ભટકશે. ભગવાન કહે છે કે હે ગૌતમ! મૂલ ગુણરૂપ પાંચ મહાવ્રત અને પાંચ સમિતિ અને બેતાલીસ દોષ રહિત આહાર ગ્રહણ કરવા રૂપ ઉત્તર ગુણો તે રૂપ જયણા તેણે ન જાણી, તેમજ ગુરૂ મહારાજની આજ્ઞા ન ઉઠાવી; આથી ભવમાં ભ્રમણ કરશે. તે સુસઢે જેટલી તપસ્યા કરી તેથી હે ગૌતમ! આઠમા ભાગની જયણા સહિત કરી હોત તો મોક્ષ પામતે. વળી જો તે શીતળ જળ ન પીતો હોત તો અને જિનેશ્વરની આજ્ઞા પાળતો હોત તો આજ ભવમાં મોક્ષ જતે. વળી માસ બે માસ યાવત્ છ માસની તપસ્યા કરીને આતાપના કરતા એવા લૌકિક ઋષિઓ તીવ્ર તપ ચરણ આચરે છે. પરંતુ પ્રથમ દિવસના દીક્ષિત સાધુએ કરેલી તપસ્યાના લાખમાં ભાગમાં તે તપસ્યા આવતી નથી. કારણ કે ક્ષમા, ઈંદ્રિયદમન, જયણાથી રહિત તે તાપસાદિકનું તપ હોય છે.

જિનદીક્ષા ગ્રહણ કરીને જયણા રહિત તીવ્ર તપસ્યા કરનારા જીવો ખંડન કરનારા છે તેના કરતાં તો હે ગૌતમ! ગૃહસ્થો સારા છે. એવી રીતે વિશુદ્ધ જયણા રહિત તપ કરનાર ઉગ્ર વિહારી એવા સુસઢની દુર્ગતિ સાંભળી હે મહાનુભાવો! તમો ધર્મની ઇચ્છાવાળા હો તો જયણા આચરો.

**इति यतनाविषये छेदग्रंथोद्धृता सुसढकथा समाप्ता.**

પૂ. શ્રી આગમોદ્ધારક આચાર્યશ્રી
આનન્દસાગરસૂરીશ્વર કૃત—

# પ્રમોદ ભાવના-સજ્ઝાય.

ગુણધ્યાને ગુણ પામીએ, ધ્યાન વિના ગુણ શુન્ય;
પ્રમોદ ગુણિમાં ધારીયે, તો ગુણ-ગણ સહ પુન્ય-૧

ફલ વર્તનથી પામીયે, વર્તન-મૂલ વિચાર;
વિચાર હોય સંસ્કારથી, ભાવ કરે સંસ્કાર-૨

(આદર જીવ ક્ષમા ગુણ આદર—એ રાગ)

ભાવ પ્રમોદ ધરો ભવિ મનમાં જિમ ન ભમો ભવવનમાંરે;
કાલ અનાદિ વાસ નિગોદે, અક્ષર ભાગ અનંતોરે,
ધરતો ચેતના જિનવર દીઠો, નવિ તેનો હોય અંતોરે...૧

નિર્જરતો ઘનકર્મ અકામે, દીસે પગ પગ ચડતો રે;
અધ્યવસાય તથાવિધ સાધી, કર્મબંધે નવિ પડતો રે...૨

બાદર વિકલેંદ્રિયતા પામી, પંચેન્દ્રિયપણું પામે રે;
નરભવ આરજ ક્ષેત્ર ઉત્તમ કુલ, શાસ્ત્રશ્રવણ સુખ
ધામેરે......૩

ગુરૂ સંયોગે કરણી તરણી, ભવ જલધિ સુખ શરણી રે.
લવે મિથ્યાત્વી પણ સુખવરણી, માર્ગગામી નિસરણી રે...૪

દાન દયા ક્ષાંતિ તપ સંયમ, જિનપૂજા ગુરૂનમને રે;
સામાયિક પૌષધ પડિક્કમણે, શુભ મારગને ગમને રે...૫

પામે ભવિ સમકિત ગુણઠાણો, તેણે કિરિયારૂચિ નામો રે;
કરીયે અનુમોદન ગુણ કામો, લહીયે સુખના ધામો રે...૬

કાષ્ટ પત્થર ફલ ફુલપણામાં, જિનપડિમા જિનઘરમાં રે;
શુભ ઉપયોગ થયો જે દલનો, તે આરાધન ઘટમાં રે...૭

હોય જે માર્ગ તજીને કરણી, અનુમોદન પરિહરણી રે;
સમકિત સાધન જે શુભ શરણી, તે ગુણ રત્નની
ધરણી રે...૮

દશ દૃષ્ટાંતે નરભવ પામ્યો, સત્ય મારગ નવિ લાધ્યો રે;
પણ ગુણવંત ગુરૂ સંયોગે, સમકિત અદ્દભુત વાધ્યો રે...૯

જે વ્યવહાર કરે નહિ માર્ગનો, પણ જાણે ગુણ દોષો રે;
તે પણ જગમાં ઝવેરી કહિએ, સમકિત તિમ ગુણ
પોષો રે...૧૦

હોય તે આદ્યચતુષ્ય ક્ષયથી, આરાધે ભવ આઠરે;
શાશ્વત પદવી લાભે તેહને, નમીયે સહસને આઠરે...૧૧

સમોસરણમાં જિનવર બેસે, નમન કરી ધર્મ કથવા રે;
દેશવિરતિ પણ જિનવર દીધી, ભવજલ પાર ઉતરવારે...૧૨

માતપિતા-સુત દાર તજીને, રજત-કનક-મણિ-મોતી રે;
હિંસા-નૃત-ચોરી-સ્ત્રીસંગમ, નમીયે તે જિનજ્યોતિરે...૧૩

ઘાતિકરમક્ષયે કેવલ વરતા, કરતાં બોધ અકામો રે;
જીવાજીવ નવ તત્વ બતાવી, ભવિજન તારણ ધામોરે...૧૪

સકલ કર્મ ક્ષય-થી સિદ્ધ પહોંતા, સાદિઅનંત નિવાસો રે;
તે સિદ્ધ નિત્ય પ્રભાતે નમીયે, વરવા શમસુખ ભાસોરે...૧૫

ચારિત્ર પાળી હોય ગ્રૈવેયક, પણ નવિ જાવે મુક્તિ રે;
જીવ અભવ્ય તે કારણ ગુણનો, રાગ ન લેશ સદુક્તિરે...૧૬

જિનગુરુધર્મતણા ગુણ ભાવે, અવગુણ સતત ઉવેખેરે;
ક્ષણક્ષણ ગુણગણ ઉજ્વલ પામી, આનંદ વાસ તે
પેખેરે...૧૭

❖ ❖ ❖

# કારૂણ્ય ભાવના સજ્ઝાય.

(માયા કારમીરે માયા મ કરો ચતુર સુજાણ—એ રાગ)

કરૂણા ધારજો રે, કરૂણા સકલ ગુણોની ખાણ;
કરૂણા આદ્ય મહાવ્રત છાજે આદ્ય અણુવ્રત ઠાણ,
કરૂણાવિણ હિંસકપણું પામે, દુર્ગતિદુઃખનિદાન.
કરૂણા૦ ૧

ઇર્યાસમિતિ યોગે ચાલે, મુનિ પેખી શુભ ઠાણ;
જીવો આવે પગતલ હેઠે, જાયે સઘલા પ્રાણ. કરૂણા૦ ૨

શુભ ઉપયોગી મુનિવરને નહિ, બંધ દુરિત અવસાન;
કરૂણાબુદ્ધિ પ્રતિ રોમે રહી, કર્મ નિર્જરા ખાણ.
કરૂણા૦ ૩

શ્રાવક પણ કરૂણા ધરતો જે, વૃક્ષ વધે પચ્ચખાણ;
માટી ખોદે મૂલ વધે પણ, નહિ હિંસાલવવાન. કરૂણા૦ ૪

કરૂણા રહિત પ્રવૃત્તિ કરતાં, કોઇ મરે નહિ જાન;
તો પણ તે હિંસકમાં ગણીઉ, નહિ કરૂણા બલવાન.
કરૂણા૦ ૫

ભવ્ય થકી પણ જાયે ઓછ્યા, મુક્તિ અનંતા ઠાણ;
ભવ જલધિ પરપાર ન પામે, અભવ્ય નહિ જસ ગાન.
કરૂણા૦ ૬

સમકિતવંતો નર ઘર સયણે, કરી આરંભ વિધાન;
કરૂણા ભાવે શુભ લેશ્યાયે, લહે વૈમાનિક માન.
કરૂણા૦ ૭

કરૂણા ધરતો ધર્મ કથી પણ ધર્મ લહે સુવિધાન;
શ્રોતા સર્વને નહિ એકાંતે ધર્મ કહ્યો ભગવાન.
કરૂણા૦ ૮

અપરાધિ જનમાં ધર કરૂણા, જે સમકિત અહિઠાણ;
વીરપ્રભુ સંગમ કરૂણાએ, અશ્રુ નેત્ર મિલાણ.
કરૂણા૦ ૯

હીન દીન જનને જે દેખી નવિ કરૂણા દિલ ભાણ;
તેહને ઘટ નવિ ધર્મ વસ્યો છે, ભાખ્યો જિન ભગવાન.
કરૂણા૦ ૧૦

કૂપ વાવિ સર દ્રહ ન નિષેધે, ધરિ કરૂણા અહિનાણ;
દાન સંવચ્છરી જિનવર આપે, ધરતા જે ત્રણ જ્ઞાન.
કરૂણા૦ ૧૧

અધમ ઉદ્ધારણ તનમન વર્ત્તે, ધન ખરચે અસમાન;
કુમાર નૃપ જગડુ પરદેશી, સંભવ વૃત સુવાન.
કરૂણા૦ ૧૨

સંપ્રતિરાજ કરે પ્રતિગામે, દીન અનાથ વિહાણ;
દેશ અનારય જીનઘર કરતો, કરૂણા ભાવ સુભાણ.
કરૂણા૦ ૧૩

શ્રુત શિક્ષા ધરી મનમાં સુયણા, કરજો અભયનું દાન;
અનુકંપા ધરજો ભવિ કરજો, ધર્મે દઢતા ભાન.
કરૂણા૦ ૧૪

મેઘરથે પારેવો રાખ્યો, ગોશાલો જીન ભાણ;
વૈશ્યાયન તેજોલેશ્યાથી, ધરી કરૂણા અમિલાણ.
કરૂણા૦ ૧૫

બ્રહ્મદત્ત સુભુમાદિક નરપતિ, કરૂણાવિણ દુઃખખાણ;
પેખી આતમસમા પર જીવો, ધારો કરૂણા શાન.
કરૂણા૦ ૧૬

દ્રવ્ય ભાવ અનુકંપા ધરતા, ભવ ભવ સુખનું નિધાન;
સત્ત્વસાર બહુરિદ્ધિ પામી, લો આનન્દ અમાન.
કરૂણા૦ ૧૭

## માધ્યસ્થ ભાવના સજ્ઝાય.

(હિંસા મ કરજો કોઇની રે—એ રાગ)

ગુણવંતા મન ધારજોરે, માધ્યસ્થગુણ મણિખાણ;
કરૂણા મુદિતા મિત્રતારે, હોવે ન જ્યાં સુખ ઠાણ. ૧
ભવિકા ધરજો મધ્યસ્થભાવ, જેહથી શિવપૂર પાવરે,
ભવિકા૦ એ આંકણી.

કાલ અનાદિથી આતમારે, કર્મ બલે ગુણહીન;
પામ્યોને સમકિત ઠાણુનેરે, રખડયો ચઉગતી દિનરે.
ભવિકા ૨

સંયમ પદ વીતરાગતારે, નહિ સ્વપ્ને પણ સિદ્ધ;
કર્મપ્રભાવ તે ધારતોરે, ગુણી માધ્યસ્થે લીન.
ભવિકા૦ ૩

જિનવર સરિખા સારથીરે, પામ્યો વાર અનંત;
કર્મવિવર નવિ પામિયોરે, જીવ લહ્યો ગુણવંતરે.
ભવિકા૦ ૪

માનથી નિજગુણ નાશતોરે, છોડે ભાવ મધ્યસ્થ;
પર પરિભવ કર બોલતોરે, વચન અવાચ્ય અસ્વસ્થરે.
ભવિકા૦ ૫

કલ્પ્યો વીર જિનેશ્વરેરે, ભવ મરીચિ નવ વેષ;
ઋષભપ્રભુ નવિ વારિયોરે, જાણી કર્મનો રેશરે.
ભાવિકા૦ ૬

વચન વદે ગુણ ધારીને રે, સંતતભાવ પ્રસન્ન;
દેખી જિનગુણ શૂન્યતારે, થાય મધ્યસ્થ પ્રપન્નરે.
ભવિકા૦૭

કેવલીપણું નિજ ભાખતો રે, વીરને કહે છદ્મસ્થ,
ગૌતમ પ્રશ્ન ન છોડવે રે, તેહ જમાલી અવસ્થ રે.
ભવિકા૦ ૮

લબ્ધિધરા દેવ દેવિઓરે, વળી જિનવર શુભ દીખ;
મધ્યસ્થ ભાવ વિમલ ધરીરે, ન દે તેહને શીખ.
ભવિકા૦ ૯

ગોશાલો મુનિ યુગ્મને રે, બાલી જિનપર તેજ;
નાંખે તેહથી વીરજી રે, ખટમાસિ લોહિ હેજ.
ભવિકા૦ ૧૦

વીર જીનેશ્વર સાહિબોરે, સહિ સુરનર ઉપસર્ગ;
કર્મબંધન થતું દેખીનેરે, અનુપાયે રહે મધ્યસ્થ.
ભવિકા૦ ૧૧

જગ નાશન રક્ષણ ક્ષમોરે, બલ ધરતો મહાવીર;
ધારે મધ્યસ્થ ભાવનેરે, કોણ અવર જીવ ધીર.
ભવિકા૦ ૧૨

સનત્કુમાર નરેશ્વરરે, ધરતો ભાવ મધ્યસ્થ;
વિધ-વિધ વેદના વેદતોરે, નહિ ઔષધ ઉત્કંઠ રે.
ભવિકા૦ ૧૩

જીવ જુદા કર્મ જુજૂઆરે, સમજી જીવ વૃત્તાન્ત;
દેખી ભવિ મન ધારજોરે, ભાવ મધ્યસ્થ એકાન્ત.
ભવિકા૦ ૧૪

સુખ દુઃખકારી સમાગમેરે, નવિ મનમાં રતિ શેષ;
ધરીયે વરીએ સામ્યતારે, જેહથી આનન્દ પોષ રે.
ભવિકા૦ ૧૫

# સુધા-સાગર.

૧. અનાદિકાલથી દુઃખથીજ દબાઇ રહેલા આ આત્માને અભૂત પૂર્વ સુખ આપવા આ સંસારમાં કેવલ શ્રીજિનેશ્વર દેવોજ સમર્થ છે.

૨. વચનની શાહુકારી તો સહુને ગમે છે. કિંમત વર્તનની શાહુકારીની છે.

૩. જીવ હિંસાથી બચવા માટે પોતાના પ્રાણુની પરવા નહિ કરીને જૈન મુનિરાજ કડવી તુંબડીનું શાક આનંદપૂર્વક આરોગી ગયા.

૪. ઉત્કૃષ્ટ તપશ્ચર્યાથી કર્મ માત્રને ભસ્મીભૂત કરી કેવળજ્ઞાન, કેવળદર્શન, મેળવી જગતને એકાંત કલ્યાણપ્રદ ધર્મોપદેશ કરવાનો અધિકાર શ્રી તીર્થંકર મહારાજાએ સ્વયં સંપ્રાપ્ત કર્યો છે.

૫. મૈત્રી પ્રમોદ કારૂણ્ય અને માધ્યસ્થ આ ચાર પ્રકારની ભાવના અખિલ જગતને લાગુ પડે છે.

૬. શાસનના વિરોધી સિવાયનાઓ સાથે મૈત્રી ભાવના એવું મંતવ્ય શાસ્ત્રકારનું નથી. શાસ્ત્રકારનો સ્પષ્ટતયા ફરમાવે છે કે ચૌદ રાજલોકમાં એક પણ જીવ મૈત્રી ભાવથી વંચિત રહેવો જોઇએ નહિ.

# દેશના-સારાંશ.

[ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ **આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી**ની અમોઘ દેશનામાંથી સારભૂત પ્રસંગોને સારાંશરૂપે તારવનાર **પં. શ્રીહેમસાગરજી** છે. અને વાંચકોને તે પ્રસંગો સારી રીતે સમજી શકાય તે સારૂ **પંન્યાસપ્રવર શ્રી ચંદ્રસાગરજી ગણિવર** પાસે વિષયવાર પેરેગ્રાફ પડાવીને સુધારા-વધારા સાથે અત્ર અપાય છે. લિં૦ **તંત્રી** ]

## ભવ શબ્દનો પરમાર્થ

**શ્રી** ધર્મરત્ન પ્રકરણ નામના મહા ગ્રંથમાં **શ્રી શાંતિસૂરીશ્વરજી** મહારાજે મૂળ ગાથામાં જણાવ્યું હતું કે '**भवजलहिम्मि अपारे**' તેમાં 'ભવ' શબ્દ કેમ જણાવ્યો ! **भवन्ति अस्मिन् प्राणिनः इति भवः** । નામ પાડીને ચીજ ઓળખાવવી હોય તો ચાહે તે નામ પાડો. નામ થાપનાર જે અપેક્ષાએ નામ થાપે તે અપેક્ષાએ તેનો વ્યવહાર કરી શકે છે. હિન્દુઓ ગણિત અગર પાઠમાં अ. ब. क. ड. લખે છે અજાણ્યા ક્યાં ઘસડાયા ? એ. બી. સી. ડી. કોની માતૃકા ? હિન્દીની કે અંગ્રેજીની ? કહેવું પડશે કે અંગ્રેજોની. હિન્દુને અ. આ. ઇ. અગર ક. ખ. ગ. ઘ. હોય કે અ. બ. ક. ડ. હોય ? જૈનપણાની વાત તો દૂર રહો પણ હિન્દુ તરીકે પણ તે સંજ્ઞાથી વ્યવહાર કરવો ન જોઇએ, કારણ કે તે અંગ્રેજની માતૃકાનું અનુકરણ છે. અર્થ વગરના અને અર્થવાળા બે પ્રકારના નામો હોય છે. અર્થવાળા નામોનો ઉપયોગ કરવો, જેથી શ્રોતાઓને શબ્દ દ્વારાએ પણ અર્થ માલમ પડે. કલાલ (દારૂવાળો) ને ત્યાં ઉંચો ગરાસીયો ગયો, નવો ઘરાક છે. ભાઇ ! મારે દારૂ લેવો છે, માટે વાનગી આપ. કલાલ (દારૂનો વેપારી) હસવા લાગ્યો. ગરાસીયો પણ તે જોઇ હસવા લાગ્યો. ગરાસીયાને મનમાં દુઃખ થયું, છતાં કલાલ હસ્યાજ કરે છે. હવે કલાલ કહે છે કે ઠાકર ! વાનગી તની દેવાય કે જે માલ છુપો હોય ? જાહેર માલની વાનગી (નમુનો) ન હોય. કોઇક માલ એવો છે કે પચીસ ડગલે પડેલો છે. કોઇક પચાસ ડગલે, કોઇક ૭૫ ડગલે, કોઇક ૧૦૦ ડગલે માલ પડેલો છે. ૨૫, ૫૦, ૭૫, ૧૦૦ ડગલે મુર્છા પમાડનાર માલમાંથી કયો જોઇએ છે ? તેવી રીતે કર્મરૂપી કલાલને ત્યાંથી મોહ મદીરામાં મસ્ત થયેલા સામેજ દેખાય છે પછી વાનગી શી ?

એમ શાસ્ત્રકારો કહે છે કે શબ્દોમાંજ એનો ભાવાર્થ આવી જાય. શબ્દદ્વારા કેટલાક અર્થ સમજાય તેથી વ્યાખ્યાના ભેદમાં સંહિતા નામનો ભેદ કહેલો છે. વ્યાખ્યાના છ ભેદો જણાવતાં સૂત્રનું ઉચ્ચારણ કરવું તે પણ વ્યાખ્યા. સૂત્રોચ્ચારણ વ્યાખ્યા કેમ ? સૂત્રોમાં જે શબ્દો હોય છે તે શબ્દો પ્રાયઃ સાંકેતિક અર્થવાળા નહીં, પણ વ્યુત્પત્તિ અર્થવાળા હોય છે. તેથી શબ્દ સાંભળવા માત્રથી અર્થ આવી જાય માટે સંહિતા પણ સમજાવટનો ભેદ છે. તેથી ભવ શબ્દ કહેલ છે. ભવ શબ્દ સાંભળવાથી તેના ગુણો સ્વરૂપ માલમ પડે. ભવ થવું એ શબ્દ પ્રસિદ્ધ છે. જીવો જેમાં જન્મે તેનું નામ ભવ. તેજ વાત જણાવે છે કે ભવ એટલે જન્મ

થવો. જીવોનું જનમવાનું કયાં થાય? શા કારણથી થાય? તે સમજવું જોઇએ.

ચારે ગતિમાં જીવો જન્મે છે. ચાર ગતિ સિવાય જીવને જનમવાનું બીજું કોઇ સ્થાન નથી. સર્વ કાળ, સર્વ ક્ષેત્ર, સર્વ ભાવને અંગે ચાર ગતિમાં જનમવાનું છે જેમાં, નારકી-તિર્યંચ મનુષ્ય અને દેવતાપણે જેમાં જનમવું થાય તે ભવ.

હવે ચાર ગતિમાં કોઈ પૂછે કે નારકી ગતિને પ્રથમ કેમ લીધી? ઉંચું પદ પ્રથમ બોલાય. 'રાજા પ્રધાન શેઠ વાણોતર આવ્યા.' એમ 'બોલાય પણ પ્રધાન રાજા કે વાણોતર શેઠ આવ્યા' એમ ન બોલાય. તેમ બોલે તો વિવેક વગરનો ગણાય. તેમ અહીં નારકી આદિ બોલતા શું વિવેક સાચવવાનો નહિ?

તારી શંકા સાચી, પણ સહેજ વિચાર કર. બે વસ્તુ કહેવી હોય ત્યારે મુખ્ય ગૌણ કહેવાય. પરન્તુ ઘણી વસ્તુ કહેવાની હોય ત્યારે મુખ્ય ગૌણનો નિયમ ન રહે. જીવોને પાપથી ઉગારી ઉંચે રસ્તે ચડાવી મોક્ષમાં સ્થાપન કરવા તો પાપથી બચાવવા માટે નારકીના દુઃખો સમજાવવામાં આવશે તોજ પાપથી મુક્ત થશે. પાપના ફળો ખ્યાલમાં લાવી પછી તિર્યંચ, મનુષ્ય, દેવતા એ ક્રમે જણાવ્યા. એ ચાર ગતિ રૂપે જીવોની ઉત્પત્તિ જણાવી, તે ચાર ગતિરૂપ ભવ અગર સંસાર છે.

પ્રાણીઓ પોત પોતાના કર્માનુસાર જન્મે એવું કોઇ સ્થાન તે ભવ ન સમજે વ્યાકરણ, અને ન સમજે તે અભિધેય. બેવાઓ બોલી નાંખે કે સમ્યક્સાર છે તે સંસાર. એમ અજ્ઞાનથી બોલનારાએ સમજવાની જરૂર છે કે સમ્ ઉપસર્ગ છે તે તો હંમેશાં ધાતુ સાથે જોડાય છે. શબ્દોની સાથે જોડાતો નથી. સં ઉપસર્ગી નામની સાથે સમાસ ન પામે. સૃ=ધાતુએ સરકવું, ખસવું, ભટકવું અત્યંત સરકવું વિગેરે ૧૪ અર્થમાં આવેલો છે. ૧૪ રાજલોકમાં તમામ સ્થાનો અશાશ્વતાં છે. સર્વાર્થસિદ્ધનું સ્થાન પણ અશાશ્વતું. જેને સરકવાનું કે લપસવાનું સ્થાન ગણીએ એવો સંસાર. ભવ કહો, સંસાર કહો તે ચાર ગતિરૂપ છે.

## સંસાર સમુદ્ર

આ સંસાર—ભવ તેને જળધિ કેમ કહ્યો? પાણી જેમાં ધારણ કરાય તે જલધિ. તો સંસાર અને જલધિ તેનો સંબંધ શી રીતે? તે માટે કહે છે કેઃ—જન્મ જરા મરણ જડ એટલે જન્માદિને પાણી રૂપે ગણો તો સંસારને જલધિ રૂપે ગણી શકાય કારણ કે डलयोरभेदमिति। ड અને लનો અભેદ વૈયાકરણો સ્વીકારે છે. તેથી જન્મ-જરા-મરણ આધિ વ્યાધિ ઉપાધિરૂપ જડ, તે જલ રૂપજ છે. અર્થાત્ સંસાર સમુદ્ર જેવો છે.

આવા ભયંકર પાર વિનાના સંસાર સમુદ્રમાં આપણે વહી રહ્યા છીએ. અનાદિ કાળથી તણાઇ રહ્યા છીએ. અહીં શિષ્ય શંકા કરે છે કે હમો જન્મ્યા છીએ. માતાનું દુધ પીધું છે, ધૂળમાં આળોટયા છીએ, જન્માવસ્થા, દુધ પીવાની અવસ્થા, ઘોડીયાની અવસ્થા યાદ નથી. આતો આ જન્મની વાતનો ખ્યાલ આવતો નથી એટલુંજ નહિં પણ નવ મહીના સુધી ગંધાતી માતાની કુક્ષીમાં ઉંધે મસ્તકે લટકયા, તે ખ્યાલ પણ આપણને આવી શકતો નથો. તો પછી ગયા ભવની કે તેથી આગલા ભવની કે અનાદિની વાત હમારે શી રીતે ખ્યાલમાં લાવવી.

## બીજાંકુર ન્યાયે સંસાર.

ભેંસ આગળ ભાગવત વાંચવામાં તત્વ ન નીકળે, તેમ આ ભવ કે ગયો ભવ ન જાણનાર પાસે અનાદિની વાતો કરે તેમાં તત્વ શો રીતે નીકળે? આવી વાતો કરનારા શ્રોતાઓને સમાધાન આવે છે. એક દાણો હાથમાં લઇએ? હવે તમને પૂછીએ કે આ દાણો કોણે વાવ્યો?, કોણે લણ્યો!; કયા ખેડુતે કયા કોઠારમાંથી લાવી કયા ખેતરમાં કયે દીવસે વાવ્યો? એ બધું આપણે ભલે ન જાણીએ છતાં બીજ અંકુર વગર અને અંકુર અગાઉના બીજ વગર ન હોય. તેમ બીજાંકુરની પરંપરા અનાદિથી છે. એની શક્તિના વિચારમાં બીજથી અંકુર અને અંકુરથી બીજ અનાદિથી પરંપરા ચાલુજ છે. નહીંતર અંકુર વગર બીજ થાય છે, અને બીજ વગર અંકુર થાય છે તેમ માનવું પડશે. જેમ બીજ અંકુરની પરસ્પર અવસ્થા સમજવા માટે અનાદિથી ઉત્પત્તિ માનવી પડે છે. તેમ જન્મ પ્રત્યક્ષ છે. તો જન્મ કર્મ સિવાય બને નહિં. કર્મ પહેલાના જન્મ સિવાય બને નહિં. બીજાંકુર ન્યાયે જન્મ કર્મની પરંપરા અનાદિની માનવીજ પડે છે.

ઉપરોક્ત નિયમાનુસાર આ જીવ અનાદિથી સંસાર સમુદ્રમાં વહી રહેલો છે. એમ વહેતાં વહેતાં દુર્લભ મનુષ્ય ભવ અનાયાસે મળી ગયો. યાવત્ પૂર્વનાં પુણ્ય કર્મથી ઉત્તમ કૂળ ક્ષેત્રે શરીર ઇત્યાદિક ફ્લો પણ મળી ગયા. આ દુર્લભ વસ્તુઓ સિદ્ધ થઇ ગઇ.

## મનુષ્ય ભવપ્રતિ દુર્લક્ષ.

હવે સાધ્ય ચીજને અંગે વધારે ઉપદેશની જરૂર છે. ધર્મ રત્નની પ્રાપ્તિ હજુ સાધ્ય છે. ગુણરૂપી વૈભવ હોય તોજ ધર્મ રત્ન મેળવી શકાય. તુચ્છ વૈભવવાળા રત્ન ખરીદી ન શકે. તો પછી ચિંતામણી રત્ન તો કયાંથી ખરીદી શકે? માટે ગુણ વૈભવની પ્રથમ જરૂર.

શ્રીમંત ઝવેરીના પુત્રને ઝવેરાત જન્મથી સ્હેજે મળી ગયું છે. તેને ઝવેરાત મેળવવાની મુશ્કેલીની ખબર પડતી નથી. એક વખત અકબર બાદશાહે બીરબલને પુછયું કે આ ભીખારી આટલો બધો દુર્બલ કેમ છે?, 'સાબ ઉસ્કું ખાનેકું નહીં મીલતા હે,' બાદશાહ કહે કે બેવકુફ હે. 'ખાનેકા ન મીલે તો ખાજાકા ભુકા ખાવે, મગર ભુખ્યા કયું રહેવે!' ખાજાનો ભુકો ભીખારીને મળવો કેટલો મુશ્કેલ તે પાદશાહને ખબર ન પડે. પાદશાહને અખંડ ખાજુ પીરસાય, ભુકો ન પીરસાય. રાજાને ખાજુ મળવું સહેલું છે ભીખારીને તેનો ભૂકો પણ મુશ્કેલ છે. તેવી રીતે આપણને મનુષ્યપણું મળી ગયું એટલે તેની કીંમત નથી. તેની મુશ્કેલી ધ્યાનમાં નથી. જગત તરફ દૃષ્ટિ રાજા કરે તો દુનીયામાં ગરીબને લોટ મેળવવો મુશ્કેલ તો ખાજાની શી વાત? આપણે મનુષ્યપણું પામ્યા એટલે હવે દુર્લક્ષ થઈ ગયું છે પણ જગતમાં મનુષ્યપણું દુર્લભ છે. આપણે પાદશાહના ખાજાના ભૂકા જેવી મનુષ્યપણાની વસ્તુ સમજેલા છીએ. પાદશાહ દુનીયા તરફ નજર કરે ત્યારે માલમ પડે કે જગતને આટો મળવો કેટલો મુશ્કેલ છે? ઝાડના જેટલાં પાંદડાં તે આપણા જેવા જીવો છે. ગાય, ભેંસ, પાડા, બળદ, હાથી, ઘોડા, કીડી, મંકોડી બધા આપણા જેવાજ જીવો છે.

તેથી તેમાં જીવત્વ માનીએ છીએ. તેમને મનુષ્યપણું ન મળ્યું અને આપણને મળ્યું. તેનું કારણ શું? શંકા કરી કે છોકરાને એકડો શીખવો મુશ્કેલ પણ એક વખત એકડો શીખી ગયો પછી એકડો લખવો મુશ્કેલ નથી. તેમ એક વખત મનુષ્યપણું મળી ગયું હવે બીજી વખત મનુષ્યપણું મેળવવામાં મુશ્કેલી નહીં પડે. આમ શંકાકારને શાસ્ત્રકાર પ્રત્યુત્તર આપતા જણાવે છે કે–મળેલું મનુષ્યપણું નિરર્થક ગુમાવ્યું અને સદુપયોગ જો ન કર્યો તો ફેર રખડી જશો. બીજી કોઇ ગતિમાં મોક્ષ નથી મળવાનો દેવગતિ સુખ ભોગવવાને અંગે ઉત્તમ ગણાય છે, છતાં તે ગતિમાં મોક્ષ તો નથીજ.

## ડાહ્યા અને ગાંડાનો ફરક.

અહીં એમ ન માનશો કે મનુષ્યો ધર્મ પ્રરૂપનારા તેથી પોતાની સત્તા જમાવી. જેમ બ્રાહ્મણો શાસ્ત્રો બનાવનાર તો બ્રાહ્મણને આપો તોજ પુન્ય થાય. બ્રાહ્મણોનો લાગો ગર્ભથી મરણ સુધી. રાજાનો લાગો જન્મ્યા પછી. અરે મર્યા પછી પણ શ્રાદ્ધના નામે પણ બ્રાહ્મણોનો લાગો. તમે પણ મનુષ્યજ ગ્રંથકાર તેથી મનુષ્ય ગતિને આટલી ઉંચી સ્થિતિએ મેલી દીધી. નારકી તિર્યંચ ગતિ મોક્ષ ન મેળવી શકે તે માની લઇએ. નારકી તીવ્ર પાપો ભોગવવાનું સ્થાન કેદમાં રહેલ સ્વતંત્ર ન હોય. તેમ નારકીનાજીવો કર્મ રાજાની ભયંકર કેદમાં રહેલા છે, તે શિક્ષા પાત્ર છે. તેથી તે મોક્ષ ન મેળવે. તિર્યંચો વિવેક રહિત હોવાથી તેમને પણ મોક્ષ ન હોય. તે વસ્તુ માની લઇએ, પરંતુ દેવગતિમાં દેવતાઓ ઉત્પન્ન થતાંની સાથે ત્રણ જ્ઞાનવાળા હોય છે. મનુષ્યને ભાગે જન્મતા સાથે ત્રણ જ્ઞાન નથી હોતા. મનુષ્યની પુન્ય પ્રકૃતિ કરતાં દેવતાની પુન્ય પ્રકૃતિ કેઇ ગણી હોય છે. આવા દેવતાઓ મોક્ષ માટે લાયક ન ગણ્યા તે વાત મગજમાં ઉતરતી નથી.

આમ શ્રોતાએ પ્રશ્ન કર્યો ત્યારે શાસ્ત્રકારે જણાવ્યું કે જગતમાં લાખ અને કરોડ વચ્ચે આંતરૂં કેટલું? બારીક દૃષ્ટિએ એક પાઇનુંજ ૯૯૯૯૯૯૯–૧૫–૧૧. રૂ. આ. પઈ આમાં એકજ પાઇ ભળે તો ક્રોડ થઇ જાય. બે બાજુની સંખ્યા મોટી હોય પણ એને મળવાનું સ્થાન નાનુંજ હોય. તેમ ડાહ્યા અને ગાંડા વચ્ચે આંતરો કેટલો? ડાહ્યાનો વર્ગ કેટલો ઉંચો? ગાંડાનો વર્ગ કેટલો નીચો? બંને વચ્ચે લાંબો ફરક નથી. લાખ અને ક્રોડ વચ્ચે ૧) પઈનોજ ફરક. તેમ ડાહ્યા અને ગાંડા વચ્ચે ફરક આટલો કે વિચારને વિચારથી ગળે તે ડાહ્યો. અને વિચાર સાથે પ્રવૃત્તિ કરે, વિચાર ઉપર બીજો વિચાર ન કરે ને સીધી પ્રવૃત્તિ કરે તે ગાંડો. અહીં દેવતાને અંગે 'દેવાનાં વાંછાનાં' દેવતાઓ ઇચ્છાઓ કરે કે તરત કામ થાય. હવે વિચાર ઉપર બીજો વિચાર કરવાનો વખતજ કયાં રહ્યો? દેવતાને ઇચ્છા અને કાર્ય વચ્ચે કાળનો આંતરો નથી. તેવો આંતરો માત્ર મનુષ્યનેજ મળે. અને તેથી મનુષ્યો ડાહ્યા અને દેવો ગાંડા છે એમ કહી શકાય.

# પ્રશ્નપિયૂષ-પયોનિધિઃ

આગમોદ્ધારક પૂ. આચાર્યદેવેશશ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ દેશના દેવાના-અવસરમાં વિષયની વધુ છણાવટ માટે ઉઠાવેલ પ્રશ્નરૂપ પિયૂષ-બિંદુઓ અને સમાધાન રૂપ સુધા-બિંદુઓનો સંચય અત્ર (આ કોલમમાં) આપવામાં આવશે.

સંચયકારઃ—પૂ. પં. ચંદ્રસાગરજી ગણિવર.

પ્રશ્ન—૭૯. ભરત ચક્રવર્તિને છ ખંડ જીતવા માટે આરંભ કરવો પડયો તેવી રીતે ચક્રવર્તિ તીર્થંકર ભગવન્તોને પણ આરંભાદિ કરવા પડયા હશે કે કેમ?

સમાધાન—તીર્થંકર સિવાયના ચક્રવર્તિઓને સમરંભ સમારંભ આરંભ લડાઈ વિગેરે કરવું પડે છે પરન્તુ તીર્થંકરો દેવોને છ ખંડ જીતવાનો વિચાર થાય એટલે દુશ્મનો પગમાં પડે છે અને દેવો હાજર થઈ જાય છે અર્થાત્ બીજાને હણવા માટેનો અવસર તીર્થંકર ભગવન્તોને આવતોજ નથી.

પ્રશ્ન—૮૦. જિનેશ્વર દેવના શાસનમાં શિષ્ય બન્યા વગરનાંને ગુરૂ બનવાનો હક નથી એ વાત સાચી છે?

સમાધાન—હા.

પ્રશ્ન—૮૧, જો એ વાત સાચી હોય તો જિનેશ્વરો પોતે શિષ્ય બન્યા વગર જગદ્ગુરૂ કેમ કહેવાય છે?

સમાધાન—ગુરૂતત્ત્વને અંગે આ નિયમ છે. આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ બનેલાઓએ નિયમિત પોતે શિષ્ય થઇને બીજાને ગુરૂ કરીને પછીજ ગુરૂ તરીકે શાસનમાં ગુરૂપદને શોભાવી શકે છે. પરન્તુ તીર્થંકરો માટે આ નિયમ નથી. દેવાધિદેવમાં તો ઉત્કૃષ્ટ કોટીપણાનું ગુરૂત્વ છે પરન્તુ ગુરૂતત્વની બધી અર્થાને નિયમિત આચરવાનું તેમને માટે નિયમિત નથી.

પ્રશ્ન—૮૨. અરિહંતાદિ ચાર શરણને ચિત્તમાં ધારણ કરવા કહો છો પરન્તુ તેનું શરણ કર્યા છતાં મોતથી તે બચાવતા નથી તો પછી શરણ કરવાથી શું?

સમાધાન—જુઓ લીલાછમ ઝાડોને દાવાનળે બાળી નાંખ્યા છતાં પાણી નાંખે શું વળે એવું કહેનારને સમજવું જોઈએ કે બળ્યું એટલું બળ્યું પણ નવું બળતું અટકી જાય એ પાણીનો ઓછો લાભ નથી. તેવી રીતે એક વખત આયુષ્ય સમાપ્તિ સાથે મરણ થયું તે થયું પણ ચાર શરણથી મરણની પરંપરાને સમજીને ચેતી જાય તો શરણ સાર્થક થાય છે.

પ્રશ્ન—૮૩. મોતને રોકનાર અરિહંતાદિકો કેમ કહેવાય?

સમાધાન—નિર્માણ થયેલ ચાલુ ભવના મોતને રોકતું નથી પરન્તુ નવીન મોતની પરંપરા રોકનાર ચાર શરણ છે.

પ્રશ્ન—૮૪. આખું જગત્ મોતથી ડરે છે તો પછી સમ્યક્ત્વી અને મિથ્યાત્વીમાં ફરક શો?

સમાધાન—સમ્યક્ત્વી જીવ મોતથી ડરતો નથી પરન્તુ જન્મથી ડરે છે. કારણકે જન્મ સાથે મોત સંકળાયેલું છે એટલે જન્મ થયો કે તુરત મરવાનું તો માથે લખેલું છે. અર્થાત્ જન્મ સાથે મરણ અનિવાર્ય છે પરન્તુ મરણ સાથે જન્મ બંધાયેલ નથી. માટે જન્મ ન થાય તેવી તૈયારી કરવી જરૂરીની છે.

પ્રશ્ન—૮૫. જન્મ મરણની યાતના ભોગવી છતાં કંટાળ્યા નથી પરન્તુ મરણ સુધારવાનો વિધિ જૈન શાસનમાં છે?

સમાધાન—હા, મરણ સુધારવા માટે અનશનાદિ વ્રત, ચાર શરણ, દુષ્કૃતની નિન્દા અને સુકૃતની અનુમોદના પણ છે.

પ્રશ્ન—૮૬. મરણ સુધારવા માટેનો જેવો વિધિ છે તેવાં જન્મ માટે વિધિ છે?

સમાધાન—ના, જન્મ સુધારવા માટે તો જન્મ યોગ્ય કર્મ બંધન બાંધતા પહેલાં સાવધાન થતાં શીખો અને તેથીજ જન્મેલાને મરવું પડે છે એ અનિવાર્ય છે.

પ્રશ્ન—૮૭. શું મરણ આદરપાત્ર છે.

સમાધાન—હા, મરણ હજી પણ જૈન શાસનમાં આદરપાત્ર છે -પરન્તુ જન્મ તો કોઈપણ રીતે આદરપાત્ર નથી.

પ્રશ્ન—૮૮. મૃત્યુનો ભય વિશ્વ વ્યાપક છે પણ જન્મનો ભય કેમ વ્યાપક નથી?

સમાધાન—તેવા પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થયું નથી.

૧૯૪. પ્રાસંગિક લાભમાં લાલચુ બનેલા નોકરો શેઠને નુકશાન કરે, અધિકારીઓ અધિકારને લજવે, એટલુંજ નહિ પણ નીતિ–ન્યાય અને આબરૂને દેશવટો દે તેમાં નવાઇ નથી.

૧૯૫. જાતિ અંધ જીવો દયા પાત્ર છે જ્યારે મિથ્યાત્વી જીવો ઠપકા પાત્ર છે. કારણ કે ચક્ષુ વગરના જીવો પદાર્થ દેખતા નથી, જ્યારે મિથ્યાત્વી જીવો દેખાતાં પદાર્થોને ઉલટા રૂપે દેખે છે અને બોલે છે.

૧૯૬. જૈન શાસનમાં મિથ્યાત્વીને આંધળો અને અભવ્યને એક આંખે કાણો સ્વીકારેલો છે.

૧૯૭. અભવ્ય આત્માને ધર્મ આરાધનનું ફળ દેવલોકની સાહ્યબી દેખાય છે. અને તેથીજ આગળ કર્મ નિર્જરા, કેવળ જ્ઞાન પ્રાપ્તિના પુનીત પ્રસંગો અને મોક્ષનું અવ્યાબાધ સુખ દેખવામાં નજર રોકાઇ ગઇ છે તેથી તે કાણો છે.

૧૯૮. યોગ્ય પાત્રતા આવ્યા વગર સારી બીજ સુંદર ફળ નીપજાવી શકતી નથી.

૧૯૯. વીતરાગની વાણી એક સરખી હોવા છતાં વરસાદની જેમ જુદાં જુદાં ફળ નીપજાવે છે.

૨૦૦. જેમ વરસાદ એક સરખો છતાં ઉખર ભૂમિમાં તેનું પાણી નકામું જાય છે, કાળી જમીનમાં વવાયેલા બીજને પ્રફુલ્લ કરે છે, સમુદ્રમાં પડે તો ખારૂં થાય છે, સર્પના મોંમાં ઝેર રૂપે પરિણમે છે, ગંગાના પ્રવાહમાં પવિત્ર બને છે અને સ્વાતિ–નક્ષત્રના યોગ સાથે છીપમાં પડે તો હજારોની કિંમતવાળું મોતી બને છે તેમ વીતરાગની વાણી ઉત્તમ પાત્રાદિમાં ઉત્તમાદિ ફળ નિપજાવે એ નિઃશંક વસ્તુ છે.

૨૦૧. ૬૯ કોડાકોડી કર્મના વિસર્જન થયા વગર વીતરાગની વાણીનો એક અક્ષર કાનમાં પડતો નથી.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રી. પ્રેસ–ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

(લેખકઃ—સુધાવર્ષી.)

૧૮૪. જવા બેઠેલું આયુષ્ય રોકાતું નથી, બાંધેલા, આયુષ્યમાં એક ક્ષણ વધતો નથી, અને બાંધેલા આયુષ્યને તૂટવાના સેંકડો પ્રસંગો મોજુદ છે; છતાં રહી સહી જીંદગીનો સદુપયોગ કરાતો નથી.

૧૮૫. જગતમાં તમારો કોઇ શત્રુ નથી શત્રુ હોય તો એકજ કર્મ છે એ ધ્યાનમાં રાખો.

૧૮૬. વૈરને-વિરોધને વિસાર્યા વગર સમ્યકત્વનું સ્પર્શન થવું અશકય છે.

૧૮૭. શરીર પરાયું, ઇંદ્રિયો પરાયી, વિષયો પરાયાં, વિકારો પરાયાં અને ભોગ-ઉપભોગના સાધનો પરાયાં હોવા છતાં પરાયા માલ ઉપર તાગડધિન્ના કરનારાઓની આંખ ઉઘડતી નથી એજ ખેદનો વિષય છે !!!

૧૮૮. માનવ જીવનની શોભા અને મોજ માણુવા પરાયો માલ લાવ્યા છો, અને વાપરી રહ્યા છો; પરન્તુ અવસરે દઈ દેવો પડશે એ ભુલવા જેવું નથી.

૧૮૯. શરીર ઉપરનો સોજો એ શારીરિક સાચી તંદુરસ્તી નથી, તેવી રીતે વિનાશિ સંપત્તિઓએ સાચી સંપત્તિ નથી.

૧૯૦. ઔદારિક વર્ગણારૂપ દુકાનની માલીકી તમારી નથી એ યાદ રાખો.

૧૯૧. પરાયા માલને પોતાનો માલ કહેવો એ ગુન્હો છે તેવી રીતે પુદ્ગલોને પોતાના કહેવા, માનવા અને મનાવવા માટે આકાશ પાતાળ એક કરવાં એ કર્મબંધ બાંધવા રૂપ ગુન્હો છે.

૧૯૨. પ્રાસંગિક લાભમાં લેવાયેલાઓને પ્રાપ્ય લાભના પરમાર્થ સમજાતાં નથી.

૧૯૩. ખેડુતને ઘાસ પ્રાસંગિક છે અને અન્ન પ્રાપ્ય છે, તેમ તમારે તમારાં માનવ જીવનમાં પ્રાપ્ય શું છે? તે સમજો.

(વધુ માટે ટાંઇટલ પેજ ૩ જુઓ)

# શ્રી સિદ્ધચક્ર

!!! વ....ન્દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशा
मोक्षाध्वालम्बनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ॥२॥


શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટઃ ૨૫, ૨૭ ]

વર્ષ ૧૨ ] [ અંક ૭ ઠો.

વિક્રમ સં. ૨૦૦૨, વીર સં. ૨૪૭૨. તા. ૧૭-૪-૪૬ બુધવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨।। આના

સકલ મન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજરાજેશ્વર—
શ્રી સિદ્ધચક્રેભ્યો નમો નમ:

# "શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનમ્"

( સંજ્ઞા-સન્ધિ-નામ કારક પર્યન્ત: પ્રથમો વિભાગ: )

ઉપરના ગ્રન્થની સાહિત્યરસિકો લાંબા સમયથી એક સરખી રાહ જોઇ રહ્યા હતા, તે મહાન્ ગ્રન્થ છપાઇને બહાર પડી ચૂકયો છે.

**કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી**ની સર્વજ્ઞતાનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરાવતો, સુવર્ણસમ સૂત્રોથી શોભતો, આલ્હાદદાયક-ચન્દ્ર-કિરણ સમ સ્વોપજ્ઞ તત્ત્વ પ્રકાશિકાના વૃત્તસ્થ-તત્ત્વોથી દીપતો, બંનેના (સૂત્ર-વૃત્તિના) પરમાર્થને આનન્દપૂર્વક પ્રતિપાદન કરાતી **પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર કૃત શ્રી આનન્દ બોધિની વૃત્તિથી** ઓપતો અને સંજ્ઞા-સન્ધિ-નામ-કારક યુક્ત છપાદ પર્યંતનો શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનનો પ્રથમ ભાગ બહાર પડી ચૂકયો છે તેની સાહિત્ય રસિકોએ નોંધ લેવી જરૂરી છે.

આ મહાન્ ગ્રન્થ દીર્ઘાયુષિ બને તે હેતુથી ક્રોક્લી લાયન-બ્રાન્ડ લેઝર પેપરમાં, ફુલ્સકેપ સાઇઝના વિશાળ આકારમાં, ૧૦૭ ફારમના દળદાર કદમાં, પાકા પુંઠાની સુંદર બાઇન્ડીંગની સુબદ્ધ અવસ્થામાં, તાડપત્રીયાદિ પ્રાચીન-અર્વાચીન રંગ બે રંગી સુંદર ચિત્રોથી સુશોભિત બનેલ આ મહાન્ ગ્રન્થ અભ્યાસિયો માટે અલંકાર સરખો તાકીદે ખરીદી લેવા યોગ્ય છે. કિંમત રૂ. ૩૦) ત્રીશ. તદુપરાંત આ ગ્રન્થમાં ૧૪ પરિશિષ્ટો, વિષયાનુક્રમ, શાસ્ત્ર પ્રસ્તાવના, ચિત્ર પરિચય, પ્રકાશિકા-નિવેદન, કલિકાલ-સર્વજ્ઞ-સંક્ષેપ વૃત્તાંત આદિ પ્રકરણોથી ભરપુર ગ્રન્થ દર્શનીય અને પઠન-પાઠન યોગ્ય જ્ઞાન ભંડારાદિ પુસ્તકાલયોમાં વસાવવા યોગ્ય છે.

મંગાવનારાએ નીચેના સરનામેથી મંગાવી લેવો.

અગાઉથી ડીપોઝીટ ભરનારાઓને રિવાજ મુજબ કમીશન બાદ કરતાં વી. પી. કરવામાં આવશે, પરન્તુ સરનામાની ફેરફારી હોય તો તુરત જણાવવું.

## ગ્રન્થ પ્રાપ્તિ સ્થાન.

૧. **ઝવેરી પાનાચંદ રૂપચંદ**, ૨૫/૨૭ ધનજીસ્ટ્રીટ **મુંબાઇ** નંબર ૩
૨. **ઝવેરી જમનાદાસ મોનજી**, બુલીયન એક્ષચેંઝ **મુંબાઇ** નં. ૨
૩. **ઋષભદેવજી છગનીરામજીની પેઢી**, ખારાકુવા (દેહરા ખિડકી) ઉજ્જૈન
૪. **શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**, પાયધુની ગૌડીજીની ચાલ **મુંબાઇ** નં. ૩

લી૦ પ્રકાશિકા,—

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,**

**૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબાઈ.**



મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબાઈ.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વર્ષ ૧૨ ] ચૈત્ર. [ અંક ૭ મો.


# આગમોદ્ધારકની અમોઘદેશના.

દેશનાકારઃ—આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ. સ્થળ—સુરત.

[નોંધ—દેશના અવસરે દેશનાકારના વ્યાખ્યાનોનો સારભૂત સંચય પં. શ્રી હેમસાગરજી મહારાજે કરેલો છે. તે વ્યાખ્યાનો તેઓશ્રી પાસેથી મેળવી પ્રેસકોપી તૈયાર કરાવી અને વાંચકો સારી રીતે વાંચી શકે તે રીતિએ પન્યાસપ્રવર પૂ. શ્રી ચંદ્રસાગરજી મહારાજ પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે. છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદ્દલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ૦ તંત્રી.]

**વ્યાખ્યાનનાં સારભૂત અવતરણો.**

**૧. તત્ત્વગવેષક શ્રોતાઓ તત્ત્વને ભૂલતા નથી.**

**૨. રસના રસિક શ્રોતાઓ પસંદ પડેલા રસ અવસરેજ તલ્લીન થાય છે.**

**૩. તત્વગવેષક શ્રોતાઓનો અને રસ ગવેષક શ્રેતાઓનો માર્ગ નિરાળો છે.**

**૪. તીર્થંકર ભગવન્તોની દેશના વગર ઘોર અંધારૂં.**

**૫. આશ્રવ-બંધ અને પાપના કારણો અને સંવર નિર્જરા પુણ્યના કારણોને તીર્થંકરોએ કર્યાં નથી.**

**૬. અંધારામાં ચોર અને મ્હેમાન સરખા છે. તેવી રીતે અજ્ઞાનરૂપ અંધકારમાં પુણ્ય-પાપનો તફાવત જણાતો નથી.**

**૭. સડક અને શહેરના સ્થાને અનુક્રમે અરિહંતો અને સિદ્ધો છે.**

**૮. શહેર અને શહેરનો રસ્તો કાપવા માટે સાધનરૂપ વાહનની જરૂરીયાત.**

**૯. ઝાંખા દીવાથી ઝગમગતો દીવો થઇ શકે છે. તેવી રીતે ક્ષાયોપશમિક જીવોના અવલંબને ક્ષાયિક ભાવ પામી શકાય છે.**

## શ્રોતાના બે પ્રકાર તત્ત્વગવેષક અને રસગવેષક.

શાસ્ત્રકાર મહારાજા વિજયરત્ન-શેખરસૂરીશ્વરજી ભવ્ય પ્રાણીઓના ઉપગારને કરતાં થકાં શ્રીપાલ ચરિત્રને બનાવતાં કહે છે કે-તત્ત્વ સુશ્રુષાવાળા કોને ગણવા અને રસ સુશ્રુષાવાળા કોને ગણવા ? આખી કથામાં ઉપાદેય તત્વ કયું ? તેની ઉપરજ ધ્યાન આપો. કલકત્તે જવા નિકળ્યા છીએ

રસ્તામાં ઘણા સ્ટેશન આવે અને દરેક સ્ટેશન વટાવવું પડે પણ કલકત્તાનું લક્ષ્ય તમે ચૂકો નહિં. તેમ કથામાં અર્થની કામની તથા રાજ્યની કથા થાય. દેશ કથા, ભક્ત કથા, સ્ત્રી કથા પણ થાય બધું કથામાં હોય પણ બધું વચલા સ્ટેશન જેવું ગણે. ટટ્ટાર થવાનું કલકત્તાના સ્ટેશને. તેમ બીજી બધી કથા ચાલે તેમાં ઉદાસીન ભાવ, જ્યાં તત્વ આવે ત્યાંજ લક્ષ્ય. તત્ત્વની ધારણા કરીને સાંભળનારા તે તત્વ જીજ્ઞાસાવાળા અને બાકીના પ્રાયઃ રસ જીજ્ઞાસાવાળા હોય છે. તમારી જોડે ગાડીમાં નાનો ભાઇ બેઠો હોય તેને કલકત્તા જેટલું તત્વ ન હોય પણ તેને વચલા સ્ટેશન પર થતી ધમાલ વિગેરે જોવામાં તત્વ હોય. વચમાં આવતી અર્થાદિકની કથામાં લીન થઇ જવા લાગે ત્યારે સમજવું કે આ રસ કથાવાળો છે. તે માટે હરિભદ્રસૂરિ કહે છે કે તે ધર્મ કથા હોય તો પણ દુનીયાદારીનુંજ દ્રષ્ટાંત આપીને સ્થીર કરાય છે. રાજા મહારાજાને બાહ્ય સુખ દેખે છતાં તેનું મગજ અધર રહે છે. રાતે સુતાં પણ વિચારોના વમળમાં વહ્યા કરે તેથી તે રાજાઓ પાસે કથકો રાખે છે. કથકો કથાજ કહેનારા, નાના બચ્ચાને ઉંઘાડવા માટે માતા અને બ્હેનો હાલરીયા ગાય અગર વાતો કરે તેમાં તત્વ ઊંઘાડવાનું છે. રાજા ઊંઘ લાવવા માટેજ બારોટ વિગેરે કથકો રાખે છે. એટલે બીજા વિચારો ન આવતાં વાતમાં મગજ જાય અને ઉંઘી જાય છે. તેથીજ આપણે કહીએ છીએ કે 'શયત સુણે જેમ ભૂપ' તેમાં રાજાને તત્વ કેટલું? માત્ર ઊંઘવું તે છે. તેમ જે તત્વ ઉપર ધ્યાન ન આપે આગળ પાછળ રસની કથા અર્થની કામની કામની દેશની સ્ત્રીની કથા પર ધ્યાન રહી જાય તો તેવાને ધર્મ કથા રહેતી નથી પણ રસ કથા થઇ જાય છે. શ્રીપાલના ચરિત્રમાં નવપદ ઉપર ધ્યાન આપે તો તત્વકથાના સાંભળનાર ગણાય. માટે ઉપાદેય તત્વ સહેજે મળી જાય માટે નવપદનું વિવેચન શરૂ કર્યું.

## તીર્થંકરોની દેશનાના પ્રકાશ વગર ઘોર અંધારૂં.

રાતે અંધારૂં હોય તે વખતે જે પણ ચીજ કાર્ય કરવું હોય ત્યાં પહેલાં દીવાની જરૂર. ચોર આવ્યો સાંભળે અગર મહેમાન આવ્યો સાંભળે તો પ્રથમ કાર્ય કયું કરે? દીવો કરે. જેમ પ્રથમ ઉદ્યોતની જરૂર છે. તેમ તેના (દિવા) વગર ચોરને કાઢવો તે અંધારૂં ઉલેચવા જેવું છે. આ તો ચોરને તમે મેમાન જાણ્યો પછી પણ એ જગો પર મહેમાન છે કે ચોર છે. તે જાણવાનું સાધન કયું? અજવાળું. અંધારૂં ઘોર હોવાથી ચોર કે પરોણાનો પત્તો નથી. તેમ આ જીવને પણ જ્યાંસુધી તીર્થંકર મહારાજ ન થયા, તેમણે દેશના ન દીધી શાસન પ્રવર્તાવ્યું નહિ ત્યાંસુધી જોડે પડેલા પુન્ય પાપ એ આત્મા જોડે પડેલા હતા, અને તેવી રીતે પુન્ય પાપના અને નિર્જરા તથા સંવરના કારણો જોડેજ પડેલા હતા, ભવને મોક્ષના કારણો જોડેજ પડેલા હતા છતાં અજ્ઞાનના અંધારામાં કંઇ સુઝે નહિ આ વાતમાં એક રહસ્ય ધ્યાનમાં રાખવાની જરૂર છે કે ધર્મ-અધર્મ તીર્થંકરોએ કર્યો નથી. આશ્રવ સંવર નિર્જરા ભવના કારણો કે મોક્ષના કારણો તીર્થંકરોએ કર્યા નથી. ત્યારે કોણે કર્યા? તો કે અનાદિના છે. તીર્થંકરે કેવળજ્ઞાન થયા પછી કાયદો કર્યો હોય કે હવેથી

હિંસા કરે તો પાપ લાગશે તેમ તીર્થંકરે કર્યું નથી. તીર્થંકર પહેલાં પાપ લાગતું નહતું તેમ છેજ નહિ. હવે હિંસા ન કરે તેને હિંસાના પાપ ન લાગે તેમ તેમણે કાયદો કર્યો નથી તીર્થંકરના કહેવાથી, કેવળ-જ્ઞાનથી, અને તેમના હુકમથી હિંસાદિકમાં કર્મ લાગ્યા હોય અને ત્યાગથી કર્મ છુટી જતાં હોય તેમ બન્યું નથી. દીવાએ ચોર કે પરોણાને આણ્યા નથી. દીવાએ માત્ર ઓળખાવ્યા. અર્થાત્ ચોર અને મેમાનને દીવાએ ઓળખાવ્યા છે. એમ તીર્થંકરોએ જગતમાં થતું પાપ પુન્ય આશ્રવ બંધ સંવર નિર્જરા સંસારના કારણો મોક્ષના કારણો માત્ર ઓળખાવ્યા છે. આ વાત આપણામાં પ્રસિદ્ધ ~~છે. લક્ષ્ય દઇએ~~ તો એ વાત પ્રસિદ્ધ છે. **'जीणपण्णत्तं तत्तं,' 'केवलिकहिओ सुहावओ धम्मो'** જીનેશ્વરોએ પ્રરૂપ્યો ધર્મ. જીનેશ્વરે બનાવ્યું નથી એમણે અધર્મને ધર્મ ને ધર્મને અધર્મ બનાવ્યો હોય તેમ કરેલું નથી. એમણે જગતમાં જે જીવોનું બની રહ્યું હતું તે બતાવ્યું છે. આથી જીનેશ્વરને ચંદ્ર સમાન, દીવા સમાન, સૂર્ય સમાન માનીએ છીએ. કડીયા, સુથાર, કુંભાર તરીકે માનતાજ નથી. કડીયાદિ પદાર્થ ખડો કરે છે. બીજા લોકો કર્તા પરમેશ્વરને માને તે ભલે કડીયા, સુથાર, મોચી, કુંભાર તરીકે માને. આપણે તે તરીકે માનવાની જરૂર પડતી નથી. માત્ર દીવો જે વસ્તુ જે રૂપે હોય તેને તે રૂપે જણાવી દે. તેમ જીનેશ્વર મહારાજા આશ્રવને આશ્રવરૂપે ને નિર્જરાને નિર્જરારૂપે જણાવે છે. પણ કહેવું પડે કે દીવાએ ચોરને જણાવ્યો, ત્યારેજ ચોરને ભગાડી શકયા ને તીજોરીનું રક્ષણ કરી શકયા. અજવાળું ન હોય ને ચોર ન ઓળખાય તો શું થાય ? તેમ આપણા આત્માએ ઉદ્યમ કરી પાપ ખસેડવાનું છે, પુન્ય લાવવાનું છે, કર્મ રોકવાનું છે; તોડવાનું છે. એટલુંજ નહિં પણ કર્મ ખપાવીને મોક્ષ મેળવવાનું છે. જેમ દીવાનું આલંબન દરેકમાં જોઈએ તેમ આપણા પાપને તીર્થંકરો હઠાવવાના નથી, તીર્થંકરો આવતા કર્મ રોકવા વચમાં આવવાના નથી, હાથ પકડી મોક્ષે લઇ જવાના નથી પણ તીર્થંકરોનો ઉપદેશરૂપ આલંબન છે. દીવો ચોરને અંગે જેમ કંઇ કરતો નથી પણ માલનો બચાવ ચોરનું ભગાડવું તે દીવાને આભારી છે, તેમ જે પાપથી બચીએ અને સંવરમાં પ્રવર્તીએ, મોક્ષ તરફ આગળ વધતા જઇએ તો તે બધું તીર્થંકર રૂપ દીવાનોજ પ્રતાપ છે.

## સિદ્ધપદની ઉપેક્ષા અસ્થાને છે.

આટલા માટે નવ પદમાં પ્રથમ અરિહંત પદ નક્કી કર્યું. તીજોરી ન હોય તેમાં માલ ન હોય પછી દીવો કર્યો ચોરને ભગાડયો તેમાં શું વળ્યું ? દીવાની મહેનત અને ઉજાગરો બધા નકામાં છે. તેમ સિદ્ધપણું ન હોય અને આત્માને સર્વથા કર્મનો ક્ષય થતોજ નથી, વીતરાગપણું ટકતું નથી, આવી સ્થીતિ હોય તો તીર્થંકરનો કયો ઉપકાર ? તીર્થંકરનો ઉપકાર તો કર્મરૂપી ચોર ખસેડયાની બહાદૂરી ઉપર છે. અર્થાત્ તીજોરીમાં સિદ્ધરૂપી માલ હોય તે ઉપર તીર્થંકર મલ્યા, દેશના સાંભળી, શાસન મલ્યું, દાનાદિકમાં તેમના કહ્યા મુજબ પ્રવર્ત્યા. આ ઉપરથી એકવાત માની કે મોક્ષ નથી તો ઠગાયા. સિદ્ધને ન માન્યા ને અરિહંત ને માન્યા તો ઠગાયા. મોક્ષના માર્ગ માટે અરિહંત માન્યા છે છતાં મોક્ષ ચીજ ન હોય તો ઠગાયા. આથી અભવ્યને હંમેશા ઠગાયા

માન્યા છે. ભલે અરિહંતની ઋદ્ધિ, જશ, દેવતાની સેવાને દેખી એક વખત અરિહંત માનનારો થાય પણ સિદ્ધ ન માને તો અરિહંતને માનનાર છતાં ઠગાય છે. અરિહંતને માનતા મોક્ષ સિવાય બીજું સાધ્ય રહેતો મિથ્યાત્વ. તમને તરસ-ભૂખ લાગી છે. ભીલ મલ્યો અને તેને કહો કે પાણી આપ. એક પ્યાલા પાણી પેટે આ તને મોતીની પોટલી આપું. એક રોટલાના ટુકડા અને પાણી પેટે લાખનું મોતી દઇ દો છો. સમજો છો છતાં કેમ દો છો ? કે મારો બીજો રસ્તો નથી. આ માણસને ઝવેરી પણામાંથી બાતલ નહીં કરીએ. અર્ધા પૈસાની ચીજ લઇ લાખ રૂપીઆનું મોતી દઇ દે તેને મૂર્ખ કેમ ન કહેવો ? આ લાખના મોતીને લાખના મોતી તરીકે સમજે છે તેથી લાખની ચીજને પૈસા પેટે દઇ દે છે. આપત્તિ વખતે લૌકિક પદાર્થ માટે તેમની લૌકિક દેવાદિની સેવા કરે છતાં દેવાધિદેવની વાસ્તવિક કિંમત મગજમાં રહેતો સમ્યકત્વ ન જાય. ઝવેરી ઝવેરીપણાથી ગયો નથી પણ લાખનું મોતી ગયું. પણ મોક્ષની ક્રિયા પુદ્ગલ ખાતામાં દઇ દીધી તેટલું નુકશાન થયું પણ જેમને મોતીની કીંમત નથી એણે પાણી પેટે મોતી આપ્યું છતાં તેને મૂરખ કહીએ. કારણ કે હૃદયમાં બળતરા નથી કે લાખનું આપી દેવુ પડે છે. તેમ જીનેશ્વરને મોક્ષ માટેજ માનવાના છે તે ભૂલે તો સમ્યકત્વથી ગયો. સંવર નિર્જરાની મોક્ષની પ્રાપ્તિ કરાવનાર એજ છે. પૌદ્ગલિક પદાર્થ માટે તીર્થંકરની સેવા કરે અને સર્વજ્ઞના સ્વરૂપને ભૂલે તો મિથ્યાત્વમાંજ જાય. અભવ્યને અને મિથ્યાત્વીઓને પણ ભાવ ક્રિયાથી ઠગાએલા માન્યા શાથી ? સિદ્ધપદની ધારણામાં ખામી રહી તેથી. આથી જીનેશ્વરની આરાધના કરનારાઓએ સિદ્ધપદ તરફ લક્ષ્ય રાખવાની જરૂર છે. આથી બીજું સિદ્ધપદ મૂકયું.

## વહાનની જોગવાઇ કરનારા આચાર્યો.

અહીંથી ચંદ્ર મંગળનો ગ્રહ નજીક છે. જવાને ઉત્કંઠાવાળા છીએ, કેમ અટકયા છીએ ? પહોંચવાનું સાધન નથી. અરિહંતે મોક્ષનો માર્ગ અને સિદ્ધપણું દેખાડયું તેના ધ્યેયવાળા થયા પણ બે પગે લુલાને વાહન નથી. સામું શહેર સારૂં છે. સડક ચોકખી છે. પણ લુલાને શી રીતે સડકે થઇ ગામ પહોંચવું ? શહેરની શોભા અને સડક સાધનતારૂપ વાહન હોય તોજ લુલીયાને સડક અને શહેર કામનું નથી. આપણે પણ લુલા છીએ. ચારિત્રરૂપી બે પગ ખવાઇ ગએલા છે. જ્ઞાનરૂપી ચક્ષુનું તેજ પણ ખવાઇ ગએલું છે. તેવા જ્ઞાનવાલા અને આવા પાંગળાને જીનેશ્વરે શાસનરૂપી સડક બતાવી, અને મોક્ષરૂપ નગર બતાવ્યું. આ બધું જોઇને શું પાંગળાએ બળવું ?, જેમ જેમ શહેરની શોભાનું વર્ણન કરે તેમ તેમ પાંગળાને બળતરા વધારે. ધણીના ગુણ જેમ જેમ સાંભળે તેમ તેમ વિધવા બાઇ વધારે રૂવે. અહીં વિચારીએ તો ચારિત્ર અને જ્ઞાનરૂપી પગ આંખ વગરના જીવો જીનેશ્વરનું શાશન સિદ્ધના સુખ સાંભળે તેમાં રોવાનું મેળવે. એનું રોવું મટાડે કોણ ? ગાડીવાળો અર્થાત્ વાહનવાળો તેમ જીનેશ્વર મહારાજે મોક્ષની સડક કરી. શાસન એટલે મોક્ષની સડક, માર્ગ એટલે મોક્ષના સાધનો, અને તે સડકે સિદ્ધશિલા શહેર જવાય છે એ બતાવ્યું. આ જીવ એવો પ્રમાદી છે કે ઘડી થાય એટલે એની હૃદયરૂપી ધજા બીજે ફરકી.

પવનમાં જેમ ધ્વજા ફરકે તેમ આ ફરકવાવાળો તો તેને જ્ઞાન અને ક્રિયામાં આંધળો તથા પાંગળો ન કહેવો તો કેવો કહેવો? સંસાર ખારો સાંભળે છતાં જ્યાં સ્ત્રી છોકરાને દેખ્યા ત્યાં જ્ઞાનમાં પાંગળો અને એ પગે લુલીયો. જ્ઞાનમાં તત્કાળ પરિણતિ બગડી જાય અને ક્રિયામાં ધ્વજાની પેઠે ક્ષણે ક્ષણે ચળ વિચળ થાય અને પગ ગળેલા દોરડા જેવા હોય તેવાને સડક અને શહેર સાંભળીને બળતરા થાય કે બીજું કંઇ થાય?, આપણે જ્ઞાનમાં તદ્દન ખસી ગએલા અને ક્રિયામાં પૂરા પ્રમાદમાં ભરાએલા છીએ, માટે મોક્ષનો માર્ગ લાંબો. મોક્ષના સુખ સાંભલીએ અને માર્ગ લાંબો સાંભળીએ તો બળતરા થાય. એ બધું ટાળનાર હોય તો એકજ છે. કે જેઓ આચાર્યપદે સ્થિત છે. આટલા માટે અરિહંત મોક્ષ પ્રકાશક પ્રથમ પદે, સાધ્ય તરીકે સિદ્ધ મહારાજ બીજા પદે તેમ ત્રીજા પદે આચાર્ય બીરાજમાન કર્યા છે. મોક્ષ એ શહેર તરીકે અને અરિહંતનું શાસન સડક તરીકે છે. પરન્તુ નિકળનારને કયા ઉપર પ્રથમ લક્ષ્ય આપવું પડે? તો સડક ઉપર પ્રથમ લક્ષ્ય દેવું પડે છે. સડક કરતાં શહેર કીંમતી છે. તેમ અરિહંત કરતાં સિદ્ધ કીંમતી છે. પણ અહીં સિદ્ધ કરતાં અરહિંત ઉપર પહેલું લક્ષ્ય આપવું પડે છે. વાહનની તજવીજ સડકને કીનારે મળે તેમ આ વાહન કયાં? જીનેશ્વરના શાસન આગળ. ઘરના ઓરડામાં મોટર ન મળે તેમ સ્ત્રી ધન કુટુંબમાં મોક્ષ, માર્ગ કે વાહન નહિં મળે માટે સડકના નાકે આવો. જીનેશ્વર શાસનના મોખરે તમે ખડા રહો તો તમને લઇ જનારા વાહનરૂપે આચાર્યો ઉભા છે. શાસનને અંગે આચાર્યપદની કિંમત કેટલી? શહેર કે સડક સુખ કયારે દે? વાહન મળે તો આ જીવને પ્રેરણા કરનાર વારંવાર ઉપદેશ કરનાર ઉત્સાહ વધારનાર આચાર્ય ન મળે તો શાસન અને સિદ્ધપણું એ બન્ને નકામા છે. લુલીયાને બેએ બાળનારા છે. જો આચાર્ય ન મલ્યા હોય તો અરિહંતે કહેલો માર્ગ ને સિદ્ધપણું એ બે બળતરા કરાવનાર થાય.

## અનુપમ સાધન સ્વરૂપ આચાર્યભાવન્તો

ગણધર મહારાજે આપણને કેટલો ઉપગાર કર્યો?, અંગોના પૂર્વોની અને શાસ્ત્રોની રચના ન કરી હોત અને સાધુને સત્પ્રવર્તનમાં ન ચલાવ્યા હતે તો અરિહંતે મોક્ષમાર્ગ બતાવ્યો હોય કે સિદ્ધપણું સમજાવ્યું હોય તો પણ આપણા માટે કામ ન આવત. ગણધર મહારાજે શાસ્ત્ર ગુંથી આપણને પ્રમાદ ટાળી માર્ગમાં પ્રવર્તાવ્યા એ બે પગ આચાર્યે આપ્યા. તીર્થંકરે આંખો આપી આંખોથી સુંદર દેખ્યા છતાં પગ ન મલ્યા હોય તો દાવાનળમાં સપડાએલો પાંગળો કઇ દશામાં હોય? તે નિકળવાનો રસ્તો દેખે છે. બહારની મોજ પોતે જાણે છે. છતાં તે પાંગળાનું થાય શું? જો આચાર્ય ન હોય તો અરિહંતનો ઉપદેશ સાંભળી સિદ્ધનું સુખ સાંભલીએ તો બળી મરી જઇએ. નાનું રેંકડા જેવું સાધન મલી જાય તો લુલો આંખનો વધારે આભાર માને કે રેંકડાનું વધારે આભારીપણું માને? ખરેખર બચાવ્યો રેંકડાએ. તેમ જીનેશ્વર આગળ અને સિદ્ધ આગળ આચાર્ય ભગવન્તો કંઇ ગણુતરીમાં નથી, છતાં આપણને બચાવનાર કેવળ 'સૂરીશ્વરજી મહારાજ છે. આથી ત્રીજા પદમાં શાસ્ત્રકારોએ અરિહંતના સમાન આરાધવાના

કહ્યા. આચાર્યાદિક ત્રણ પરમેષ્ઠિ કેમ ? આંખ લુલાને ઉપગારી છતાં તેને નાનો બળદ અને નાનું ગાડું પણ ઉપગારી છે. તેમ આચાર્યો જો ન મલ્યા હોત તો તીર્થંકરો થયા ન થયા સરખું થતે. ગણધરોએ પૂર્વની રચના કરી ન હોત તો તીર્થંકરો થયા કબુલ સિદ્ધ કબુલ પણ ગણધર રૂપી આચાર્યોની પરંપરા ચાલી ન હોત તો. શાસન ચાલુ ન રહ્યું હોત. અર્થાત્ અરિહંત સિદ્ધ થયા ન થયા સરખુંજ હતું. હવે કહી શકશો કે स्वयं दरिद्रा परमेश्वरीकर्तुं न समर्थो भवेत्। પોતે દરિદ્ર બીજાને શું શ્રીમંત કરે ? પોતે દરિદ્ર બીજાને શ્રીમંત કરી શકે નહિં. તો અરિહંત તેરમે ગુણઠાણે ગએલા છે તેથી બીજાને તેરમા સુધી લાવે તે સ્વાભાવિક છે. સિદ્ધ મોક્ષ સુધી લાવે તેમાં નવાઇ નથી. પણ આચાર્ય ભાઇ તે તો અમારા જેવા લંગડા ભાઇ એ છઠ્ઠે સાતમેથી આગળ વધ્યા નથી. કેવળજ્ઞાન કે મોક્ષ પામ્યા નથી. આચાર્યના આરાધનથી કેવળજ્ઞાન કે મોક્ષ કંઇપણ થાય તે વાતજ ખોટી છે. આચાર્યો બધા કેવળ જ્ઞાનવાળા હોય તેવો નિયમ નથી અને જે છે તે તો અમારા જેવા લુલીયા લંગડા છદ્મસ્થ સરાગી છે. છતાં મોક્ષનો રસ્તો તેજ બતાવે છે. સામાન્ય દુનીયાનું દૃષ્ટાંત લ્યો. ઝાંખે દીવે પણ કોડાયામાં રહેલ રૂની વાટ અને તેલ બાળે. દીવો ઝગઝગતો સળગે કે નહિં ? નવો દીવો સાધનવાળો હોય તો છદ્મસ્થ એવા આચાર્યના આલંબને જીનેશ્વરના આલંબન નહિં લેવાવાળો પોતાના આત્માને કેવળી બનાવે છે. શાસ્ત્રોમાં સાંભળીએ છીએ કે ગૌતમ સ્વામીના અવલંબને છદ્મસ્થપણામાં દીક્ષા આપાને પચાસ હજાર કેવળી થયા. સર્વજ્ઞ વીતરાગપણું નથી છતાં સ્વરૂપની અપેક્ષાએ લુલીયા મહારાજ એમની પાસે દીક્ષા લેનારાઓ ૫૦ હજાર કેવળી થયા. કહો કુવામાં નહતું ને હવાડામાં આવ્યું કયાંથી ? ત્યાં દીવાનું દૃષ્ટાંત ધ્યાનમાં રાખવું. કુવા અને હવાડામાં કુવાની ચીજ તેજ હવાડામાં આવે છે. ચીજનું આવવું થાય ત્યાં મૂળ સ્થાનમાં હોય તોજ ઉત્તર સ્થાનમાં આવે. વડનું બીજ નાનું ને વડ કેવડો ? આટલા બીજમાંથી આવડું ઝાડ શું ? ઝાડની સ્થીતિ બીજા પુદ્ગલો એકઠા થવાથી થાય છે.

## ઝાંખા દીવાથી ઝગમગતો દીવો થઈ શકે છે.

ઝાંખા દીવાથી તેજસ્વી દીવો થાય તેમાં કારણો સ્વતંત્ર છે. તેમ ગુરૂની ભાવનાની તીવ્રતા કરતાં જો શિષ્યમાં-દીક્ષિત થનારમાં અધ્યવસાયની પવિત્રતા થઇ જાયે તો ઝાંખા દીવા સમાન આચાર્યથી ઝગઝગતા કેવળ જ્ઞાનવાળા પણ શિષ્યો થઇ શકે છે. સિંહગીરિ આકાશ લબ્ધિવાળા નહીં, ભદ્રગુપ્તસૂરિ આકાશ લબ્ધિવાળા કે વૈક્રિય લબ્ધિવાળા નહીં છતાં વજ્રસ્વામી તેમના આલંબને વધેલા છતાં તેમના શિષ્ય આકાશગામિની અને વૈક્રિય લબ્ધિવાળા થયા.

આચાર્ય છદ્મસ્થ સરાગી હોય તો પણ તેમને ત્રીજે પદે મોક્ષના હેતુ તરીકે આરાધવાની જરૂર છે. કોડીયું દીવેટ તેલથી ઝાંખા દીવાના આલંબને દીવો થયો, પણ ટોપલો રૂ હોય ઘણું તેલ હોય તેનો પ્રકાશ કેટલો થાય ? તેમ ઉત્તમ જીવો ઉત્તમ પરિણતિવાલા છતાં આચાર્યનું આલંબન ન લે તો ટોપલા રૂની માફક એમને એમ પડયા રહે માટે આચાર્યની જરૂર સરાગી છદ્મસ્થ છતાં આચાર્યની આરાધનાની જરૂર માલમ પડશે. આથી નિન્હવોને અવિરતિ મિથ્યા-

દ્રષ્ટિને આરાધન કરવામાં અડચણ શું ? ઓલઇ ગએલો દીવો કેટલા દીવા પ્રગટ કરે ? ઝાંખાથી સેંકડો થશે. મિથ્યાદ્રષ્ટિ અવિરતિ આચાર્ય નામ ધારી હોય તો ઓલાઇ ગએલા દીવા સમાન છે. તેમ સરાગી છદ્મસ્થ આચાર્યો ઝાંખા દીવા સમાન છે. સળગતી દીવેટ છે ત્યાંસુધી બીજા દીવા કરાય છે. તેમ આમાં દીપક નામનું સમ્યકત્વ માનીએ છીએ. અભવ્ય-પણે માલમ પડેલા જીવથી કોઇ સમ્યકત્વ પામ્યો નથી મોક્ષ પામ્યો નથી. અભવ્ય તરીકે માલમ પડયો હોય તેનાથી પરંપરા ચાલે નહીં. ચાલુમાં આવો અવિરતિ મિથ્યાદ્રષ્ટિ જીવો આલંબન તરીકે શાસનમાં ચાલી શકે નહિં. સરાગ છદ્મસ્થ જીવો ચાલે આનું કારણ શું ? આ તો તમે બચાવ કરો છો. જો સરાગ છદ્મસ્થપણું મોક્ષમાર્ગમાં બાધક છે તો અહીં પણ બાધક છે કે નહિ ? શંકા વ્યાજબી કરી છે પણ એકજ વાત ધ્યાનમાં લેવાની છે. પુલ ઉપર રહેલો મુસાફર અને અથાગ પાણીમાં તરનારો નીચે નદીમાં ડૂબતાને શું કરે ? જેને જેનું આલંબન તે તે સ્થાને હોવું જોઇએ. મોક્ષે જવાનું આલંબન મોક્ષના માર્ગમાં જોઇએ. મોક્ષના માર્ગની બહાર રહેલો આલંબન બને નહિં. અહીં વિરતિ અને સમ્યત્વ આવ્યા વગર મોક્ષનું પગથીયું નથી. અવિરતિ સમકિત દ્રષ્ટિ પૂલ ઉપર રહેલો લંગડો છે તે સાઇકલ ઉપરથી પડેલાને ટેકો દઇ શકે છે. જેને સ્થાનની અંદર આવવા તરીકે ભલે વીતરાગપણું નથી. તે આલંબન લાયક થઇ શકે છે. માટે આ યુક્તિથી અને ગૌતમ સ્વામીના દ્રષ્ટાંતથી કેઇ ભવ્યાત્માઓએ તીર્થંકરોના સમાગમ નહીં છતાં તીર્થંકર નામકર્મ બાંધ્યા છે. અવિરતિ મિથ્યાત્વના ખાડામાં રહેલો આલંબનીય નથી. અરિહંતે કરેલો ઉપગાર સિદ્ધપદની આરાધના ભુલીયાને ત્યારેજ સફળ થાય કે જ્યારે આચાર્યરૂપી ગાડી મલે. આપણા આત્માના આ ભવને સુધારનાર પ્રબળ સાધન હોય તો તે આચાર્યજ છે. અહીં રત્નશેખરસૂરિ કહે છે કે જીવોની બુદ્ધિ એકજ છે કે ૨૪ કલાક સંસાર ચક્રની રમતમાં રસિક. આ વાતમાં બધા એકજ મત છે, અને આ મતમાં ભેદજ નથી. સુખ જોઇએ આ મત-બહાર કોઇ નથી. રસોડું ખરે બપોરે એક મત કરે છે. સુખ એકજ મત દરેક વખતે રાખે છે, ખરે બપોરે એકમત છતાં ખાવા લાયક ન ખાય ને પથરાને બટકા ભરે તો શું થાય ? દાંત ભાંગે ને પેટ ખાલી. તેમ સંસાર ચક્રમાં એકજ મત છે. સુખ સુખને સુખ. તેમાં સુખના સાધનો લ્યો તો ઠીક પણ તે ન લેતાં દુઃખના સાધનો લ્યો તો પેટ ભૂખ્યું રહે ને પથરા દાંત ભાંગે તેમ આચાર્ય સુખનું સાધન. જો આચાર્યનું શરણું ન લેતો પરિણામ શું ? અહીં મોક્ષ દૂર રહે ને દુર્ગતિમાં રખડવાનું થાય ? પણ મનમાં ઠસી ગયું તે ન ખસે. શાસ્ત્રકારોએ ચોકખા શબ્દોમાં જણાવ્યું કે કુટુંબાદિક રખડાવનાર છે, છતાં ઈંદ્રિયોએ સુખ જણાવ્યું તે પ્રત્યક્ષ સુખ દેખું છું. કેવળજ્ઞાનીનું કહેલું સુખ કબુલાતું નથી. ચામડાને વળગી રહીએ છીએ. જીવતાને મરેલો માનવો તે મૂર્ખાની દશા. તેમ કેવળજ્ઞાનીનું માનીએ તો ચામડાનું માનવું ખોટું પડે. કેવળ-જ્ઞાનીઓએ આત્માને માટે કહ્યું તે ભલે ખોટું થાય પણ ચામડાનું ખોટું ન પડવું જોઇએ. આપણે ઈંદ્રિયોના ભરોસે કેવળીના વચન માનવા તૈયાર થતા નથી. તને સુખ પુરા પાડનાર

સુખની જડ કઇ ? માબાપે શરીર માલ મીલકત સ્ત્રી આબરૂ બધા સુખના સાધનો માબાપ આપે છે. જે તને તારા પિતા માતા સુખ દે છે તે સુખ માન પણ તેથી તો તે સુખ દેતા નથી. પિતાને જંજાળ હોય તેથી કદાચ સુખ ન દે પણ માતા તો ખડીજ છે. આ છોકરાને સુખ આપવા માટે ઓફીસના કલાર્ક તરીકે છે પણ તે સુખ માતા કે પિતા દઈ શકતા નથી. માતા પિતા એ તને સામગ્રી દેશે. સામગ્રી સંબન્ધિ રક્ષણના સાધનો દેવાની માતા પિતાની તાકાત નથી. અંતરંગ શત્રુને તાબે ન થવું વ્યસનમાં ન પડવું તેથી રક્ષણ કરનાર કોણ ? આચાર્યો. માતા પિતાથી એ બાંહેધરી નથી લેવાતી. દુર્વ્યસનની જડ માતા પિતાએ ઘાલી હોય છે. તને શરીર વચન વિચારની કેળવણીની સાથે સાથે સંસારના સંબંધને પણ અવિહડ પોષણ આપ્યું. પોષણ કરવાની જડ કુટુંબીઓએ ઘાલી છે. આ સડો કાઢે કોણ ? વ્યસનનો સડો કાઢે કોણ ? દુનીયાદારીની દ્રષ્ટિએ વ્યસનનો અને દુરાચારનો સડો કાઢનાર માતા-પિતા કહેવાય છે, પણ સંસારની લાગેલી આગને બુઝવે કોણ ? આચાર્યો. બુઝવનારા ન મળે તો માબાપ તરફથી ચંગારીવાળી ગાંસડીનું દાન મલ્યું છે તેમાં તમે સાથે સળગી મરવાના. આચાર્ય બુઝવનારા છે. માટે આચાર્ય સ્વાર્થ બુદ્ધિ ટાળીને મોક્ષ માર્ગ તરફ દોરે છે. માટે માબાપ તરફથી જે સુખ શાન્તિ આનંદ મળે છે તે સુખાદિ માતા પિતા દઇ શકતા નથી. જે આચાર્ય મહારાજના ચરણ કમળો સુખ દે છે તે માતા પિતા દઇ શકતા નથી. માતા પીતા દુર્ગતિ રોકી શકતા નથી અને સદ્ગતિ આપી શકે છે. આચાર્યનું તો પૂજન હંમેશાં કરવુંજ જોઇએ. જે આચાર્યની પૂજામાં લીન થયો આરાધનાર થયો માનનાર થયો તે જલદી મોક્ષ સુખ પામી શકે છે. ત્રણ પદ કહ્યા, હવે ઉપાધ્યાય પદ ચોથું અગ્રે કહેવામાં આવશે.

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

રચયિતાઃ—પૂ. પન્યાસ પ્રવર **શ્રી ચન્દ્રસાગરજી** ગણિવરના વિદ્વાન્ શિષ્યરત્ન મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી.

( દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે-એ રાગ )

પાપ પડલ દૂરે ગયાં રે, ભેટયા આદિ જિણંદ,
યુગલાધર્મ નિવારકોરે, મારૂ દેવાનો નંદ ભવિકજન;
નમીયે આદિ જિણંદ.
જીમ લહીયે સુખ અભંગ—ભવિકજન ॥૧॥

જગ વિશરામી સાહિબો રે, અક્ષયપદ દાતાર,
સુરનર જસ સેવા કરે રે, માંગે પ્રભુ આધાર,
ભવિકજન ॥૨॥

તીર્થ નહિ કોઈ એ સમું રે, એમ ભાંખે અરિહંત,
પાપી અનંત મુકિત વર્યા રે, સિદ્ધગિરિ મહિમાવંત.
ભવિકજન ॥૩॥

કલિકાલે કલ્પવેલડી રે, પામ્યો હું પ્રભુ આજ,
હવે નહીં છોડું નાથજી રે, આવ્યો મુક્તિને કાજ.
ભવિકજન ॥૪॥

ઓગણીશે નવાણુંએ રે, માઘ પંચમી શુકલ જાણ
**આનંદથી મેં ભેટીઆ રે, ચંદ્રપ્રભ જિન જાણ.**
ભવિકજન ॥૫॥

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

( લેખકઃ—સુધાવર્ષી. )

૨૦૨. ચક્રરત્નનાજોરે મેળવેલી જીત ચક્રવર્તિઓ માટે અશાશ્વતી છે. પરન્તુ આરાધકો સિદ્ધચક્ર-રત્ન દ્વારાએ જે જીત મેળવે છે તે જીત શાશ્વતી છે.

૨૦૩. કઠિણ કર્મને ચૂરનારી ચીજ શ્રી સિદ્ધ ચક્ર છે.

૨૦૪. તારનારી ચીજો ચાર છે. દર્શન-જ્ઞાન ચારિત્ર અને તપો ધર્મ.

૨૦૫. શ્રદ્ધા અને સમજ અર્થાત્ દર્શન-જ્ઞાન મળ્યા છતાં ચારિત્ર-તપ આવીને ઉભાં રહ્યા એટલે જીવ ચકાવે ચઢે છે, અર્થાત્ તે બે માંથી ઉત્તીર્ણ થવું મુશ્કેલ છે.

૨૦૬. શ્રદ્ધા પૂર્વક સમજવું જેટલું સહેલું છે તેના કરતાંયે વર્તવું એ કઠીનમાં કઠીન માર્ગ છે.

૨૦૭. માન્યતા થયા પછી શ્રાવકપણું ૨ થી ૯ પલ્યોપમે આવે છે જ અને ચારિત્ર તો સંખ્યાતા સાગરોપમે આવે છે તેથી નિરૂદ્યમી બનવા જેવું નથી.

૨૦૮. આજના કહેવાતા જ્ઞાનિયોને ચારિત્ર અને ચારિત્રની વાતો સાંભળવી પણ ગમતી નથી એવાઓ જૈન શાસનની માન્યતાના હિસાબે તો અજ્ઞાનિયોજ છે.

૨૦૯. ચારિત્ર પદ અને તપો ધર્મની સેવનામાં રંગાયેલા અર્થાત્ ઓતપ્રોત બનેલાઓ પામવા લાયક ચીજને પામે છે.

૨૧૦. સાતપદને આરાધવા એ જંગલને જીતવા બરોબર છે અને ચારિત્ર અને તપ એ બે પદ આરાધવા એ ખજાના સાથે રાજધાની જીતવા બરોબર છે.

૨૧૧. અણધારિ આપત્તિઓને ખડી કરનાર અને ધારેલી ધારણાને ધૂળમાં મેળવનારી ચીજ પાપ છે.

૨૧૨. સ્મરણ બહારની સંપત્તિઓને સન્મુખ કરનાર અને બગડેલી બાજીને સુધારનારી ચીજ પુણ્ય છે.

૨૧૩. પુણ્ય-પાપની પરવા રાખીને વર્તનારાઓ જ ઇહલોક અને પરલોક સુધારી શકે છે.

૨૧૪. વિભાવ દશાના વિલાસિયોને વીતરાગ પ્રણીત ધર્મ સમજાતો નથી.

૨૧૫. વિભાવદશાએ ભયંકરમાં ભયંકર રાજ રોગથી પણ વધુ વિકાળ વ્યાધિ છે એ ભૂલવા જેવું નથી.

૨૧૬. વિચારથી પતન અને વર્તનથી પતન એ બંન્ને દશાઓ અલગ છે.

૨૧૭. વર્તનથી પતન પામનારો પામર વીતરાગ પ્રણીત વિચારને વળગી રહે તો અવસરે પણ કલ્યાણની પ્રરંપરા સાધે છે.

૨૧૮. વર્તનથી પતન પામનાર નંદીષેણે વીત રાગ પ્રણીત વિચારના અવલંબને હજારોને તાર્યા છે.

૨૧૯. 'રજોહરણને તરછોડનારો ખેડુત મૂકીને ગયો. એ વાત ઉપર અટ્ટહાસ્ય કરનારા

ઓએ ભગવાન્‌નો ભવ્ય ઉપદેશ વિચારવા જેવો છે.

૨૨૦ વિચારથી પતન પામનારની દશાને અતીન્દ્રિય જ્ઞાનિઓ અને વિવેકિયોજ વિચારી શકે છે.

૨૨૧ કર્મની કારમી ગુંચવણમાં ગુંચાઇ ગયેલાઓ વર્તનથી ભ્રષ્ટ થાય અગર વિચારથી ભ્રષ્ટ થાય તેવાઓની નિન્દા નહિં કરતાં દયા ખાતાં શીખો.

૨૨૨. વર્તમાનના ધનવાનને દેખીને સુખી છે કે દુઃખી એ નિર્ણય કરવા પહેલાં વીતરાગ કથિત કથનને યાદ કરો.

૨૨૩. આજના કહેવાતા ધનવાનો પણ જો દેવ ગુરૂ ધર્મની ઉપાસનાથી વંચિત હોય તો તે વર્તમાનનો કહેવાતો ધનિક સુખી પણ ભવિશ્યમાં અવશ્ય મેવ દુઃખીજ છે.

૨૨૪. પ્રબળ પુણ્યથી મેળવેલા સાધનો દ્વારા પાપના પોટલાં બાંધનારા ધનિકોનો ભાવિકાળ દુઃખદાયી છે માટે તેવાઓની દયા ખાતાં શીખો.

૨૨૫. સુખીપણું અને દુઃખી પણું માપવું હોયતો સર્વજ્ઞ કથિત વચનને વિચારતાં શીખો.

૨૨૬. વીતરાગ પ્રણીત વચનની વિશાળ ફુટપટ્ટીથી જગતના જીવોના સુખ દુઃખ મપાય છે.

૨૨૭. વર્તમાનમાં કહેવાતો સુખી ભવિષ્યમાં કેમ દુઃખી થાય છે, અને વર્તમાનમાં કહેવાતો દુઃખી ભવિશ્યમાં સુખી કેમ થાય છે એ કોયડો ઉકેલીને પુણ્ય પંથે વિચરવું એમાંજ માનવ જીવનની સાફલ્યતા છે.

૨૨૮. મેળવેલ સાધનો દ્વારા સંવર નિર્જરા અને પુણ્ય પ્રાપ્ત કરવાં તે પ્રાપ્ત સાધનોનો સદુપયોગ કર્યો કહેવાય છે.

૨૨૯. મેળવેલ સાધનો દ્વારા આશ્રવ બંધ અને પાપના પોટલાં બાંધવાં તે પ્રાપ્ત સાધનોનો દુરૂપયોગ કર્યો કહેવાય છે.

૨૩૦. એક ચક્રવર્તી ચક્રવર્તિપણાના સાધન મોજુદ છતાં કૈવલ્ય જ્ઞાન મેળવી મોક્ષે જાય છે અને એક ચક્રવર્તિ મરીને સાતમી નરકના અપ્રતિષ્ઠાન નરકાવાસમાં ૩૩ સાગરોપમનું દુઃખ ભોગવવા ચાલ્યો જાય છે.

૨૩૧. આ સ્થળે સાધન સંપત્તિઓ સમાન છતાં મમતાનો કાળો કેર અને સમતાના સામાં ફળ શ્રોતાને સમજાતાં નથી એજ ખેદનો વિષય છે.

૨૩૨. જીવન ભરની મમતાએ ભવો ભવ માર ખવરાવ્યો અને ખવરાવશે એ વાત જૈન શાસનમાં અતિ પ્રસિદ્ધ છે છતાં વિવેકિયોના વિવેક નેત્ર ઉઘડતાં નથી.

૨૩૩. જીવન ભરની મમતા મહાન્ મુશ્કેલી ખડી કરે છે અને ક્ષણ ભરની સમતા અનંત અવ્યાબાધ સુખ શાંન્તિ અને આનંદ સમર્પે છે છતાં મમતાની મુંઝવણ મુકાતી નથી.

૨૩૪. ચક્રવર્તિયો ચક્રવર્તીપણામાં મમતાના પ્રભાવે નરકના અતિથીયો બને છે અને નિર્મમત્વપણાને લીધે મોક્ષ અને સ્વર્ગમાં મ્હાલે છે. છતાં મમતાની માયા મૂકાતી નથી.

૨૩૫. મરણ અવસરે અર્થ–કામની સર્વ સામગ્રીઓ મુકવી પડે છે તો મુકવા જેવી છે એમ સમજીને મુકવામાં મુંઝાઓ છો કેમ ?

॥ સકલમન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજરાજેશ્વર-શ્રીસિદ્ધચક્રેભ્યો નમો નમઃ ॥
॥ સકલમનોવાંચ્છિતપૂરકઃ શ્રીશંખેશ્વર-પાર્શ્વનાથો વિજયતેતમામ્ ॥
। સર્વમંગલશિરોમણિ-શ્રીદ્વાદશ તપોધર્માનુરક્તેભ્યો નમઃ ।

# 卐 શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય. 卐

**નોંધઃ**—આ શરૂ થતાં ગ્રન્થમાં માનવ જીવનની દુર્લભતા, માનવ જીવનને સફળ કરવાના સહકારિ સંયોગો, ધર્મ પુરૂષાર્થની અનિવાર્ય જરૂર અને સેવન, ધર્મના ચાર પ્રકારમાં તપો ધર્મની વિશિષ્ટતા, સકળ તપોધર્મમાં શ્રી વર્દ્ધમાન-તપોધર્મની વિશિષ્ટતા આદિ અનેકવિધ પ્રકરણોના પૂર્વાપર સંબંધ ઉત્પત્તિ યુક્તિ-શંકા સમાધાન-પૂર્વક પુનિત પ્રકરણોનો અત્ર પ્રારંભ કરાય છે. આ 'શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય' નામના નાનકડા ગ્રન્થના પુનિત પ્રકરણોનું પરશીલન કરીને શ્રી વર્દ્ધમાન તપોધર્મનું સેવન કરનારાઓ ઉત્તરોત્તર શ્રેષ્ઠ-સંપદાઓને કઇ રીતે પામ્યા છે, વર્તમાનમાં કઈ રીતે પામે છે, અને પામશે; તેનું અત્ર દિગ્દર્શન કરાવાય છે.

---

**લેખકઃ**—શ્રીસર્વજ્ઞકથિત-સ્યાદ્વાદમુદ્રામુદ્રિત-જૈન-શાસનના પરમ રહસ્યભૂત શ્રીનવપદ-પિયૂષપાનોદ્યતભવ્યભાવોદ્-બોધસૂર્યોદય-શ્રીસિદ્ધચક્ર-નવપદારાધક સમાજ શ્રીવર્દ્ધમાનતપોધર્મવર્ધક-સંસ્થાસંસ્થાપક-શ્રીવર્દ્ધમાન-તપોનિષ્ણાત શ્રીસિદ્ધચક્રારાધન-તીર્થોદ્ધારક-પંન્યાસપ્રવર **શ્રીચન્દ્રસાગરગણીન્દ્ર.**

[ શ્રી સિદ્ધક્ષેત્રના શાશ્વત ધામમાં શાસનમાન્ય વિદુષી સાધ્વીશ્રી તિલકશ્રીજી મહારાજજીની શ્રીવર્દ્ધમાન તપોધર્માનુરક્તા પરમવિનીત પ્રશિષ્યા સાધ્વીશ્રી **તીર્થશ્રીજી**ના પુર્ણાહુતી પામતાં શ્રી વર્દ્ધમાન તપોધર્મની આરાધના નિમિત્તે ( શ્રીવર્દ્ધમાન તપોધર્મની ૧૦૦ મી ઓળીના પારણા નિમિત્તે ) આલેખન કરાયેલ 'શ્રીવર્દ્ધમાન તપો મહાત્મ્ય' નામનો અનુપમ ગ્રન્થરત્નમ્ વિ. સં, ૨૦૦૨ ફા. સુ. ૮ રવીવારે પારણાના દિવસે ભેટ અપાયેલ છે. છપાયેલ ગ્રન્થની પ્રથમ આવૃત્તિ પૂર્ણ થતાં આ માસિકના વાંચક વૃંદો તે ગ્રન્થના વાંચનનો લાભ લઇ શકે તે હેતુથી અત્ર અપાય છે. **તંત્રી.** ]

## માનવજીવનની દુર્લભતા.

જન્મ-જરા-આધિ-વ્યાધિ-ઉપાધિ અને મરણાદિ અનેકવિધ અતિગહન ગુંચોથી ગુંચાયલો આ ચાતુર્ગતિક સંસાર છે. આજની ભોગોલિક દૃષ્ટિએ દૃષ્ટિગોચર થતાં મર્યાદિત વિસ્તારવાળા અરબી સમુદ્ર, બ્લેક સી ( કાળો સમુદ્ર) અને પેસેફિક મહાસાગરાદિ દરિયાઓનો અને શાસ્ત્ર સુપ્રસિદ્ધ લવણસમુદ્ર-સ્વયમ્ભૂરમણ-સમુદ્ર વિગેરેનો પાર પામવો જેટલો મુસ્કેલ લાગે છે તેના કરતાં પણ અત્યંત વિસ્તારવાળો આ સંસાર-મહાસાગરનો પાર પામવો તે અત્યંત મુસ્કેલીનું કામ છે.

આ સંસારસમુદ્રનો પાર પામવા માટે મનુષ્યભવ મહાન્ નૌકા સમાન છે. "કિંમતી સાધનની પ્રાપ્તિ અત્યંત દુર્લભ હોય છે" એ કથનાનુસાર મનુષ્યપણું પ્રાપ્ત થવું અત્યંત દુર્લભ છે.

કરોડોની કમાણી ( આવક ) થી ઉભરાતી રિસાયતોના રાજ્યસિંહાસનો પર આવી ચઢેલા નવીન રાજકુમારોને, અને સૂના પડેલા સિંહાસનોના સત્તાધીશ બનેલા શાણા રાજવીઓને રાજ્યપ્રાપ્તિની દુર્લભતા; અને લક્ષ્મીના લાડમાં પૂરા મદોન્મત્ત બનેલા ક્રોડાધિપતિઓને ઘેર જન્મેલા સંતાનોને ધનપ્રાપ્તિની દુર્લભતા જેમ

સમજાતી નથી, તેજ પ્રમાણે ચોરાશી લાખ જીવાયોનિમાં અનંતાકાળ સુધી ભમતાં ભમતાં "નદીગોળપાષાણુ"ના ન્યાયે સ્વાભાવિક મનુષ્યજીવન પામેલા જીવોને પણ મનુષ્યપણાની દુર્લભતા સમજાતી નથી, એ માનવજીવન જીવનારાઓ માટે અત્યંત ખેદનો વિષય છે!

## યથેચ્છ પ્રલાપિઓના પ્રલાપોનો સચોટ જવાબ.

માનવજીવનની દુર્લભતા મૂંગે મોઢે સ્વીકારવા છતાં યથેચ્છ-જીવન જીવનારાઓને અને તદ્વિષયક પ્રલાપોના પોકાર ઉઠાવનારાઓને ક્ષણભર સમજવાની જરૂર છે. ખાવાપીવા માટે, પહેરવા-ઓઢવા માટે, રંગરાગ ઉડાવવા માટે, મનમાની મોજમઝા માણવા માટે, પાંચ ઇંદ્રિયોના ત્રેવીસ વિષયો અને તેના બસો ને બાવન વિકારોમાં વિકારી બની વિલાસી જીવન જીવવા માટે, સુંદર સ્ત્રિયોના સમાગમ કરવા માટે, કુટુંબ પરિવાર વધારવા માટે, નાટક સીનેમા જોવા માટે અને સાતે વ્યસનો સેવવા માટેજ આ અત્યંત દુર્લભ માનવ જીવન મળેલું છે; એમ માનનારાઓને સ્પષ્ટ રીતે જણાવી દેવામાં આવે છે કે-કોઇપણ શાસ્ત્રકારોએ ઉપર કહેલાં સર્વ પ્રસંગોની પતાવટ માટે માનવજીવનની દુર્લભતાના યશોગાન ગાયાંજ નથી.

તદુપરાંત સ્થાવર જંગમ મિલ્કતોના હચમચી ગયેલા પાયાઓને સંગીન અને સુદૃઢ બનાવવા માટે અને કામની કારમી વાસનાઓના કારમા પ્રબંધનો આર્થિક યોજનાના અટપટા ઉકેલને ઉકેલવા માટે કોઇ પણ મહર્ષિએ આ માનવજીવનની દુર્લભતા વર્તમાનકાળમાં સ્વીકારી નથી, ભૂતકાળમાં પણ સ્વીકારી નહોતી અને ભવિષ્યકાળમાં સ્વીકારશે પણ નહિ, એ શાશ્વત સત્ય સદાય સ્વીકારવા લાયક છે અને રહેશે.

## નિઃસંદેહાત્મક નિર્મળ નિર્ણય.

પુદ્ગલોના સમૂહવાળા વિવિધ પ્રસંગોમાં ખેંચાતી ઇંદ્રિયોને આધીન બનીને, વિષયોના ઉપભોગથી આનંદિત જીવન-જીવનારાઓના જીવનને વિષય-વિકારોથી દૂર કરી નીરસ બનાવોને; રસદાયક જીવન જીવવા માટે તમે કયો રસ્તો બતાવો છે? શાસ્ત્રકારોના કથનને સમજીને જીવનમાં ઉતારવા માટે ઉપર પ્રમાણેનો પ્રશ્ન કરનાર જીજ્ઞાસુને ઉત્તર આપતાં શાસ્ત્રકારો જણાવે છે કે-'સ્વપરકલ્યાણની ત્રિવિધ-માનસિક, વાચિક અને કાયિક-પ્રવૃત્તિઓમા ઓતપ્રોત થવા માટેજ આ માનવજીવન છે.' મારૂં અને જગતના બધા જીવોનું કલ્યાણ કઈ રીતિએ થય એવા માનસિક વિચારોથી જીવનને વિશાળ બનાવવું. હિત, મિત અને પ્રિય શબ્દપ્રયોગોથી વાચિક જીવન વ્યવસ્થાપૂર્વક જીવવું, અને કાયાની પ્રવૃત્તિને એવી કલ્યાણકારી બનાવવી કે જેથી કરીને જગતના કોઇ પણ પ્રાણીને લેશ પણ દુઃખનો અનુભવ ન થાય. આવી રીતે જીવન જીવવાને માટેજ આ માનવજીવનની દુર્લભતા જણાવેલી હોવાથી **"સ્વપરના કલ્યાણાર્થે આ માનવ જીવન મળ્યું છે" એવા નિઃસંદેહાત્મ નિર્મળ નિર્ણયને દરેક મુમુક્ષુએ પોતાના હૃદયપટ પર સર્વદા સર્વત્ર અંકિત કરવો જરૂરીનો છે.**

(અપૂર્ણ.)

# સમાલોચના.

(૧)

શ્રી જયાનંદ ચરિત્રના નામે નીચે મુજબ શ્લોક રજુ કરવામાં આવ્યો છેઃ—

तद्बलाच्च लभन्ते ते, यावद्ग्रैवेयकं गतिम् ।
न लब्धीः काश्चिचक्रचाद्या, आमौषध्यादिका अपि ॥

આ શ્લોકને અંગે નીચે મુજબ વિચારણા થાય તેનો ખુલાસો હોવો જોઇએ.

૧. तद्बलात् પદનો અર્થ "સમ્યક્ક્રિયાના બલથી" એમ કરવામાં આવ્યો છે. તો જે અભવ્ય મોક્ષની શ્રદ્ધા કોઇપણ કાલે ધરાવતો નથી તે અભવ્ય જે ધાર્મિક ક્રિયા કરે તેને નવા મતના હિસાબે વિષાનુષ્ઠાન ને ગરાનુષ્ઠાન ન કહેતાં સત્ક્રિયા કહેવાય ખરી ?

૨. નવા મતે પણ માનેલી અભવ્યની સત્ક્રિયાનો સાધુ મહાત્માઓએ ઉપદેશ કરેલો હોય છે અને તેથી અભવ્યને પણ યથાવિધિ ઉપદેશાર્હ ગણેલા છે એમ ખરૂં ? (અર્થાત્ તેવો ઉપદેશ કરનારા પાપોપદેશજ કરનારા છે એ નવા મતનું કથન ખોટું ઠરતું નથી ?

૩. तद्बलात्‌ની આગળ કહેલો જે 'च'કાર છે તે નહિ કહેલી વાતને સૂચવનાર છે કે કેમ ? અને જો તેમ હોય તો મુક્તિ અદ્વેષને કારણ તરીકે નહિં જણાવવામાં શું ભૂલ થઇ નથી ? અને જો ઉક્ત સમુચ્ચયમાં હોય તો તે બીજો પણ હેતુ જણાવાયો નથી તેનું કેમ ?

૪. ત્રીજા પદમાં જે "न" કાર કહેવામાં આવ્યો છે તે નકાર માત્ર ખોટો અને કલ્પિતજ ઉમેરેલો છે. કેમકે તે પ્રતોમાં નથી અને જોઇએ પણ નહિં.

૫. काश्चिच् પદ જે મેલવામાં આવ્યું છે તે પ્રતમાં દકાર છતાં ચકાર કરીને મૂકવામાં આવ્યું છે તે ખોટું અને કલ્પિત છે એમ નહિ ?

૬. આમૌષધિ નામની કોઇપણ સંસ્કૃત ગ્રન્થકારે લબ્ધિ કહી નથી છતાં આ નવા મતના નાયકે સંસ્કૃતમાં आमौषधि કહી છે.

૭. આમાં લબ્ધિ શબ્દ નિષેધમાં જોડેલો છે અને પાછો વિધાનમાં જોડવો પડે છે એ શું રીતિ વિરૂદ્ધ નથી ?

૮. चक्रचाद्या પદની આગળ काश्चित् પદ પહેલાં જોડીને ચક્રવર્તિપણાદિની કેટલીક લબ્ધિઓને નથી પામતા એમ જણાવ્યા પછી સર્વ લબ્ધિનો નિષેધ ન કહેલો હોવાથી ને માત્ર કેટલીકજ લબ્ધિનો નિષેધ કહેલો હોવાથી આમર્શ ઔષધ્યાદિ લબ્ધિઓ હોય છે એમ જણાવવાની જરૂર ખરી ?

૯. જો આમર્શ ઔષધ્યાદિક લબ્ધિઓ પામે છે. એમ જણાવવું હોત તો ત્યાં પણ काश्चित् એટલે કેટલીક આમર્શ ઔષધિ આદિ લબ્ધિઓ એમ જણાવવાની જરૂર નથી ? હવે ખરી રીતે તે શ્લોક નીચે પ્રમાણેઃ—

तद्बलाच्च लभन्ते ते, यावद् ग्रैवेयकं गतिम् ।
लब्धीः काश्चिदचक्रचाद्यामर्शौषध्यादिका अपि ॥

એનો અર્થ આ પ્રમાણે કરવો જોઇએઃ—

તે અભવ્ય જીવો પણ દૃષ્ટ અને અદૃષ્ટ સુખના કારણ તરીકે ધર્મને જાણીને ધર્મમાં પ્રવૃત્તિ કરે છે. માટે તેઓ પણ યથાવિધિ ઉપદેશને લાયક છે. (એટલે તે ઉપદેશથી મળે એવી) ધર્મની સત્ક્રિયાના બળથી અને મુક્તિના અદ્વેષથી તે અભવ્યો ગ્રૈવેયક સુધીની દેવગતિને

પામે છે, અને ચક્રવર્તિઆદિપણા સિવાયની આમર્શ-ઔષધ્યાદિ કેટલીક લબ્ધિઓ પણ પામે છે.

તા. ક. શાસન દેવતા તેઓને સદ્બુદ્ધિ આપે અને તેથી તે નવામતના નાયક આગ્રહ પૂર્વકનું અજ્ઞાન છોડીને શુદ્ધ અને સાચો અર્થ કરે. (જૈનપ્રવચન.)

(૨)

૧. આચાર્ય ભગવાન્ હરિભદ્ર સૂરિજી, શ્રી નેમિચંદ્ર સૂરિજી વિગેરે ધુરંધર આચાર્યોએ સૌભાગ્ય, કીર્તિ વિગેરે આ લોકના ફલો માટે સૌભાગ્ય કલ્પ વૃક્ષ વિગેરે અનેક તપો કહ્યાં છે કે નહિં ? અને જો કહ્યાં હોય તો નવામતના નાયક તે બધા આચાર્યોને પાપોપદેશજ કરનારા છે એમ કહે છે કે કેમ ?

૨. અંબા, રોહિણી આદિ દુનિયાદારીના દેવતાઓને ઉદ્દેશીને કરાતો તપ અને તે તપ કરવાનું કથન એ બન્ને વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન તથા પાપોપદેશજ છે કે કેમ ?

૨. અંબા, રોહિણી આદિ દુનિયાદારીના દેવતાઓને ઉદ્દેશીને કરાતો તપ અને તે તપ કરવાનું કથન એ બન્ને વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન તથા પાપોપદેશજ છે કે કેમ ?

૩. સાધુપણાનો, દેશવિરતિનો અને સમ્યક્ત્વનો ઉપદેશ સાંભલ્યા છતાં તે ત્રણેમાંથી એકકે વસ્તુ નહિં ગ્રહણ કરનારને પણ મદ્ય માંસાદિની વિરતિ કરવાનો ઉપદેશ આપવો એમ શાસ્ત્રકારો કહે છે તો તે શું પાપોપદેશજ છે ? અને તેવા તે જીવો તે મદ્યાદિકની વિરતિ કરે તે શું વિષાનુષ્ઠાન, ગરાનુષ્ઠાન છે ?

૪. ભગવાન્ મહાવીર મહારાજની પર્ષદામાં કાલિક સૌકરિક (કાલીઓ કસાઇ) આવતો હતો કે કેમ ? અને ભગવાન્ મહાવીર મહારાજનો ઉપદેશ તે શ્રવણ કરતો હતો એમ ખરૂં ? એટલે તે ઉપદેશને પણ નવો મત પાપોપદેશજ કહેશે કે ?

૫. કાલીઓ કસાઇ કે જે અભવ્ય તરીકે જાહેર થયો હતો તેને પણ પાડા ન મારવા જોઇએ એમ કહેવાયું હતું કે નહિ ? અને તે કથન પાપોપદેશ ગણો છો કે કેમ ?

૬. સિદ્ધાર્થ વ્યન્તરે શૂલપાણિ જક્ષને ઇન્દ્ર જાણશે તો ત્હારૂં સ્થાન નાશ કરશે એવો લૌકિક ડર બતાવીને ઉપસર્ગ કરવામાંથી રોકયો તે પાપોપદેશનુંજ કામ છે ને ?

૭. આચાર્ય ભગવાન્ હરિભદ્રસૂરિજી શ્રી ધર્મ બિન્દુ પ્રકરણમાં સમ્યક્ત્વ નહિં પામેલા જીવોની આગળ પણ અહિંસાદિ સાધારણ ગુણોની પ્રશંસા કરવાનું કહે છે તે પણ પાપોપદેશજ ગણવો ને ?

૮. જે જીવને મોક્ષને જણાવનાર શાસ્ત્રો સાંભળવાની અરૂચિ ન હોય તેવાઓ આ લોક અને પરલોકની અપેક્ષાએ પણ ધર્મ કરવાને લાયક છે અને તેવાઓને પણ ધર્મ ઉપદેશ કરવો તે પણ વ્યાખ્યાતાની ફરજ છે એમ શ્રી ઉપાધ્યાયજી કહે છે તે શું નવા મતના નાયકને માન્ય નથી ?

૯. નવા મતના નાયકની આગળજ કોઇ અભવ્ય, દૂરભવ્ય કે મિથ્યાદષ્ટિ જીવ આવ્યો હોય તો શું તેને હિંસા, જુઠ, ચોરી, પરસ્ત્રી ગમન, વિગેરેનો ત્યાગ કરવા માટેનો તેઓ ઉપદેશ નહિંજ આપે ? અથવા તેવો મનુષ્ય

તે તે પચ્ચકખાણ માંગે તો તે પ્રતિજ્ઞા નહિં જ કરાવે? અને જો કરાવશે તો નવા મતના નાયકની પાપોપદેશમય અવસ્થા થશે કે કેમ?

(જૈન પ્રવચન!)

(૩)

૧. નવમા ગ્રૈવેયકની દેવગતીને પામી શકે એવું ચારિત્ર કૈવલિકાલમાંજ હોય કે કેવલીના વિરહ કાલમાં હોય?

૨. ભગવાન તીર્થંકર મહારાજની ચક્રવર્તિઓએ કરેલી પૂજાને દેખીને તે પૂજા વિગેરેની અભિલાષાથી અભવ્યો ચારિત્ર લે છે. તો પછી તે અભવ્યોને થયેલાં દ્રવ્ય ચારિત્રો ભગવાન્ કેવલિ અને તીર્થંકર મહારાજાએ છોડાવ્યાં છે? ન છોડાવે તેથી વિષાનુષ્ઠાનની અનુમોદના ભગવાન્ કેવલિ અને તીર્થંકર મહારાજને લાગે કે નહિં?

૩. ભગવાન્ હરિભદ્રસૂરિજી દ્રવ્યથી પણ ભગવાન જીનેશ્વરની આજ્ઞાને પાળનાર ગણાવે છે. અને તેની અવિકલ-સંપૂર્ણ પાલનતાને લીધેજ નવમા ગ્રૈવેયક સુધી અભવ્યો પણ જાય છે એમ ફરમાવે છે કે?

૪. અભવ્ય જીવો પણ જીવાદિક આઠ તત્ત્વો તો જીનેશ્વરોના વચનથી માને છે. એમ ખરૂંને?

૫. દેવલોકની પ્રાપ્તિ પણ તપ સંયમથી થાય છે માટે હું સંયમ તપ કરૂં એવી ધારણાવાળો અભવ્ય ઉપદેશથી થાય કે સ્વભાવથી થાય?

૬. વિષાનુષ્ઠાન અને ગરાનુષ્ઠાનમાં વિષપણું અને ગરપણું છોડવા લાયક છે કે તેનું અનુષ્ઠાન છોડવા લાયક છે?

૭. ભગવાન જીનેશ્વર મહારાજે નિરૂપણ કરેલ નવે તત્ત્વની શ્રદ્ધાવાળો જે આ લોક કે પરલોકના ફલની અપેક્ષાએ તપ આદિ કરે તે દ્રવ્ય તપ કહેવાય કે વિષાનુષ્ઠાન ગરાનુષ્ઠાન કહેવાય?

૮. શ્રી આચારાંગજીમાં આહાર આદિને માટે પણ તપ કરનાર સમ્યગ્દૃષ્ટિ હોય છે એમ કહ્યું છે ખરૂં કે?

૯. જયવિયરાયમાં **इह फल सिद्धी** એ પદથી આ લોકનાજ ઇષ્ટ ફલ માંગ્યા છે એમ ખરૂં કે?

૧૦. અંગારમર્દક અભવ્ય આચાર્ય કે જેને જીવાદી તત્ત્વની શ્રદ્ધા ન્હોતી તેને શિષ્યોએ માત્ર ગુરૂ તરીકે છોડી દીધો છે કે તેનો મુનિપણાનો વેષ લઇ ગૃહસ્થપણે કર્યો છે? તમારે હિસાબે તો તેને મુનિ વેષ લઇને ગૃહસ્થ ન કર્યો તે ખોટું છે ને?

૧૧. દ્રવ્ય ક્રિયાવાળાની ખોટી ધારણા છોડાવવાની હોય કે દ્રવ્ય ક્રિયા છોડવવાની હોય?

(જૈન પ્રવચન)

# પ્રશ્નપિયૂષ-પયોનિધિઃ

આગમોદ્ધારક પૂ. આચાર્યદેવેશશ્રી આનંદસાગરસૂરીશ્વરજીએ દેશના દેવાના-અવસરમાં વિષયની વધુ છણવટ માટે ઉઠાવેલ પ્રશ્નરૂપ પિયૂષ-બિંદુઓ અને સમાધાન રૂપ સુધા-બિંદુઓનો સંચય અત્ર (આ કોલમમાં) આપવામાં આવે છે. તંત્રી.

સંચયકારઃ—પૂ. પં. ચંદ્રસાગરજી ગણિવર.

પ્રશ્ન—૮૯. 'કદાચ અભવ્ય તો નહિં હોઉં? આવી શંકા કરનાર અભવ્ય કે ભવ્ય?'

સમાધાન—તે ભવ્ય છે.

પ્રશ્ન—૯૦. ઠીક આવી શંકા કરવા માત્રથી ભવ્ય કેમ?

સમાધાન—જે જીવ ભવ્ય ન હોય તેને હું ભવ્ય હોઇશ કે અભવ્ય? એવી શંકા થતી નથી. કારણ કે શાસ્ત્રકારોએ નિયમ બાંધ્યો કે ભવ્ય-અભવ્યની શંકા ભવ્યને થાય છે તે માટે વિસ્તારપૂર્વક સમજો. જુઓ બે વસ્તુઓ જાણ્યા માન્યા સિવાય બેમાંથી એકની ભયાનકતા કે ભદ્રંકરતા લાગતી નથી. હવે એક ચીજ (ભવ્યપણું) ભદ્રંકર છે અને બીજી ચીજ (અભવ્યપણું) ભયંકર છે તેને જાણ્યા સિવાય આ પ્રશ્ન (હું ભવ્ય છું કે અભવ્ય) ઉઠતો નથી. દ્રષ્ટાંત તરીકે જેમ સાપ અને દોરડું છે. બંન્ને વસ્તુઓ જાણવામાં આવે પછી બંન્ને માનવામાં આવે. આવો સાપ અને આવું દોરડું એ સંસ્કાર સ્થીર થયા પછી સાપના આકારમાં પડેલ દોરડાને પકડતાં પકડનાર ગભરાય છે. આથી સાપ છે કે રજ્જુ એ પ્રશ્નના ભીતરમાં ભય પામવાનું અને નિર્ભય રહેવાનું જ્ઞાન છે તેવી રીતે ભવ્ય-અભવ્યના પ્રશ્નને પણ સમજી શકાય છે. અર્થાત્ જેણે સાપનું ભયંકરપણું જાણ્યું નથી તેને તો સાક્ષાત્ સર્પ દેખીને પણ કુંદકો મારવાનું મન થતું નથી, તો પછી દોરડાને દેખીને પ્રશ્ન થવાનો અવકાશજ નથી. આ ઉપરથી સંસારની રખડપટ્ટીથી છુટવા માટે મોક્ષનો ઉદ્યમ કરવોજ જોઇએ. મોક્ષે જવાને યોગ્ય ભવ્ય હોય અને જે લાયક ન હોય તે અભવ્ય. અને અભવ્યપણામાં સંસારમાં **पुनरपि जन्म पुनरपि मरणं** આદિ ભયંકરતા લાગી ત્યારે તો હું ભવ્ય છું કે અભવ્ય એ પ્રશ્નને અવકાશ છે.

પ્રશ્ન—૯૧. રખેને હું અભવ્ય હોઉં? આ શંકા શંકાકારને હૃદયમાંથી ઉઠે તો ભવ્ય પણ બોલતા શીખેલ બાળક પાસે બોલાવીએ તો તે ભવ્ય છે એ નિર્ણય થાય ખરો?

સમાધાન—ભવ્યપણાને અને અભવ્યપણાને જાણ્યા માન્યા સિવાયના કાંઇ બાળક પાસે જબરજસ્તીથી બોલાયેલ શબ્દોમા ભવ્યપણાના નિર્ણયમાં ભવ્ય છે એમ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી.

પ્રશ્ન—૯૨. અભવ્યપણાની શંકા કરનારને જરૂર મોક્ષની માન્યતા અને મેળવવાનું મન હોય ખરૂં?

સમાધાન—હા.

પોતાની સ્વભૂજોપાર્જીત ન્યાયસંપન્ન વિશાલ ઋદ્ધિને 'જે તે પ્રસંગ પામીને પણ' આત્મનિસ્તારક સાત ક્ષેત્રોમાં યોજી દેવાનું તેઓશ્રીને પુણ્યવ્યસન હતું. નામના આદિની ભાવનાથી સદંતર પર એવા તેઓશ્રીએ પૂ. મુનિવરોની વૈયાવચ્ચ તથા અનુકંપા આદિમાં પ્રચ્છન્નપણે હજારો રૂપીઆ વાવીને એક આદર્શ મુંગા સમાજ સેવકની નામના મેળવી છે. તેઓશ્રીએ રૂ ૬૫૦૦૦) ના સદ્વ્યયે શ્રી જામનગર મુકામે શ્રીલક્ષ્મીઆશ્રમ બંધાવેલ છે. તેમજ તેમાં શ્રી જૈનાનંદ જ્ઞાનમંદિરની પણ સ્થાપના કરેલ છે. શ્રી સૌભાગ્યપંચમી તથા નવપદજી મહારાજની ઓળીના તપની. વિધિવિધાન પૂર્વક પૂર્ણ કરેલી આરાધનાની ખુશાલીમાં કરેલ ભવ્ય ઉદ્યાપન મહોત્સવમાં તેઓશ્રીએ ૮૦૦૦૦)નો સદ્વ્યય કર્યો છે. શ્રી રળીયાતબાઈ વર્દ્ધમાન તપ આયંબિલ ખાતામાં રૂ. ૨૦૦૦૦) શેઠશ્રી ધારશીભાઈ ભોજનાલયમાં, રૂ. ૩૦૦૦૦) શ્રી વર્દ્ધમાન જૈનાગમ મંદિરના મુખ્ય વિશાલકાય જીનભવનમાં રૂ. સવા લાખ. શ્રી નવપદ લક્ષ્મી નિવાસ ઉજ્જૈનમાં રૂ. ૯૦૦૦, માલવક્ષેત્રમાં માંડવગઢ-મક્ષીજી વિ૦ તીર્થની યાત્રા પ્રસંગે જીર્ણોદ્ધાર અને સાધારણ ખાતા વિગેરેમાં રૂ. ૧૫૦૦૦) શ્રી સિદ્ધાચળજી, ગીરનારજી આદિ તીર્થોના કાઢેલ સંઘના અર્ધા ફાળામાં રૂ. પોણી બે લાખ, આગમનાં પુસ્તકો છપાવવા આદિમાં-સિદ્ધહેમ વ્યાકરણ આનંદ બોધિની આદિ છપાવવામાં પર્વતિથિ નિર્ણય પુસ્તક છપાવવામાં 'શ્રી સિદ્ધચક્ર પાક્ષિક, શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ અને શ્રી શાસન સુધારક પત્ર' આદિના નિર્વાહ અર્થે છૂટે હાથે હજારોની રકમ વાવીને તેઓશ્રીએ પોતાના આત્માને કૃતકૃત્ય કરેલ છે. આ સિવાય દેવ દ્રવ્ય આદિની ઉપજ અર્થે દર વર્ષે હજારોનું ઘી બોલવા સ્વરૂપ તેઓશ્રીનો ઘણોજ ધર્મ વ્યવસાય સમાજની દૃષ્ટિ સન્મુખ આજે પણ ખડોજ છે. કોઈપણ અર્થી સાધર્મીને પાછો નહિ વાળવો વિ૦ તેઓશ્રીના ગુણોનું અત્ર કેટલુંક બ્યાન થઈ શકે ? આ રીતે ઉદાર એવાજ ગંભીર આ પુણ્યવંત ધર્માત્માને મરણાંત સમયે પણ જે અસાધારણ શાંતિ અને રોમાંચક સમાધિ રહેવા પામી તેનો યશ આપણે તેઓશ્રીની જીવનભરની આવી અનેક પુણ્ય લેશ્યાનેજ આપી શકીએ.

આ ધર્મનિષ્ઠ યુગલે જગાવેલ ધર્મ જ્યોતના તેજના તેજોદ્વેષી બનેલ દૈવ-દેવતાએજ જાણે તે યુગલને વિખુટું પાડી દેવું ધાર્યું ન હોય, તેમ તા. ૩૦-૩ ૪૬ ને શનિવારના રોજ રાત્રિના બે વાગે અંધેરી મુકામે આવેલ (જે બંગલામાં ઉક્ત શેઠશ્રીએ હજારોના સદ્વ્યયે પોતાનું એક મનોહર ઘર દહેરાસર બંધાવેલ છે તે) બંગલામાં ત્રણ માસથી ટાઈફોડ અને પાછળથી કમળો આદિ વ્યાધિના કરૂણ ભોગ બનેલ શેઠશ્રી ચુનીલાલભાઈના પુણ્યાત્માને-"સ્વજન સ્નેહી વર્ગના ચોમેર વીંટાઈ વળેલા બહોળા જુથદ્વારા 'અશ્રુવેરતી આંખે અને વીલામુખે' એકધારે અપાતા નવકાર મહામંત્રના જાપને, અંતિમપળે પણ અતિ સૌમ્યભાવે ઝીલતા શેઠશ્રી ચુનીલાલભાઈના પુણ્યાત્માને" આ ક્રૂર દૈવે શેઠશ્રીના પુણ્યદેહમાંથી એકાએક ઉચાપત કર્યો ! આ પળે પાસે બેસીને શેઠશ્રીની અંતિમ જીવન પળોને ટગર ટગર નીહાળી રહેલ નગરશેઠ શ્રી પોપટલાલભાઈની એ જમણી ભૂજાને એ રીતે એકાએક ઝુંટવી લીધી ! તેઓશ્રીનાં વૃદ્ધ માતુશ્રી સંતોકબાઈના પરમવાત્સલ્યભીનાં કમલ કોમલ હૈયામાં એકાએક વજ્રપાત કર્યો ! સુશ્રાવિકા ચંચળબ્હેનનું એ પુણ્યછત્ર અચાનક ઝડપી લઈને એ ધર્મી યુગલને વીખી-પીખી નાખી ચંચળબ્હેનને નાથવિહોણા-નિરાધાર કરી મૂકયા ! સમાજનું એ આગેવાન, શાંતિપ્રિય અને ધર્મનિષ્ઠ નરરત્ન અતિ ઝડપે હરી લીધું ! તેઓશ્રીના આમ અચાનક સ્વર્ગમનના સત્વર પ્રસરી ગયેલ ખેદજનક સમાચારથી જગતના ખૂણે ખૂણે શોકની છાયા ફરી વળી અનેક ગામોના શ્રી સંઘો અને સંસ્થાઓએ તેઓશ્રીના કુટુંબને ઉંડો દિલાસો આપનારા ઠરાવો પાઠવ્યા. શ્રાવિકા ચંચળબ્હેન ઉપર સેંકડો સ્વજન સંબંધીઓ તરફથી દિલાસો પાઠવતા તારો અને પત્રોનો ઢગ આવી પડયો ! તેઓશ્રીના માનમાં મુંબઈ શેર બજાર અને સોના ચાંદી બજાર ધડાધડ બંધ થયાં !

શેઠશ્રી ચુનીલાલભાઈ, સમાજની અનેક સંસ્થાઓ અને ખાતાંઓના મુંગા તેમજ પબ્લીક, ઉત્સાહી અને પ્રેરક આગેવાન હતા, તેમ અમારી આ સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિના પણ તેઓશ્રી માનદ ટ્રેઝરર (ખજાનચી) હતા. અમારા આ પત્રના પ્રકાશનમાં તેઓશ્રીનો તન-મન અને ધનથી અજોડ ફાળો હતો. તેઓશ્રીના સ્વર્ગગમનથી સમાજે જેમ પોતાનું એક અમુલ્ય જવાહિર ગુમાવ્યું છે, તેમ અમારી સમિતિએ પણ પોતાનો પ્રાણાધાર ગુમાવેલ છે ! આ વિષે અત્ર અમો સ્વર્ગસ્થશ્રીના આત્માને શાંતિ ઇચ્છવાથી વિશેષ કાંઈજ કરી શકવા અશકત હોવાથી તેઓશ્રીનાં પુણ્ય આત્માની શાંતિ ઈચ્છીએ છીએ અને માતુશ્રી સંતોકબાઈને, નગરશેઠ શ્રી પોપટલાલભાઈને તથા સુશ્રાવિકા ચંચળબ્હેન આદિ કુટુંબ વર્ગને તેઓના વિરહનો પડેલ કારમો ઘા સહન કરવાની શાસનદેવ તાકાત સમર્પો, એવી શાસનદેવ પ્રતિ પ્રાર્થના કરવા પૂર્વક તેઓશ્રીને ઉંડો દિલાસો પાઠવીએ છીએ.

તંત્રી.

# ધર્મવીર સંઘવી શેઠશ્રી ચુનીલાલભાઈનું ખેદજનક અવસાન !

શ્રી જૈન સંઘના અગ્રગણ્ય દાનવીર સુવિખ્યાત શ્રેષ્ઠીવર્યશ્રી ચુનીલાલ લક્ષ્મીચંદના શુભ નામ અને ભગીરથ કામોથી સમાજનો એકએક આત્મા સુપરિચિત છે. તેઓશ્રી અનેક ભવ્ય જીનપ્રાસાદોથી સુશોભિત અને જૈન વસ્તિથી ભરપુર એવાશ્રી જામનગર શહેરના સુવિખ્યાત શ્રાવક કુટુંબ શેઠશ્રી ધારશીભાઈ દેવરાજના સુપુત્ર સ્વ. શ્રેષ્ઠીવર્યશ્રી લક્ષ્મીચંદભાઈના ધર્મનિષ્ઠ સુપુત્ર હતા. તેઓશ્રી બાલ્યકાળથીજ ધર્મ પરાયણ-સદાચાર પરાયણ-ઉદારચિત્ત-પરમભક્તિનિર્ત અને આ બાલવૃદ્ધ જોડે સમહેતાળ પ્રકૃતિના અતિ ઓછા બોલા સત્યવક્તા હતા.

જૈન સમાજમાં અગ્રગણ્ય ગણાતા અને જામનગરના નગરશેઠ તરીકેના માનદ હોદ્દાથી વિભૂષિત દાનવીર શ્રેષ્ઠિવર્ય શ્રી પોપટલાલ ધારશીભાઈની અનેક ધર્મસેવાઓને તેઓશ્રીએ પોતાના પવિત્રઅંતરમાં વણી લીધી હતી. ડગલે અને પગલે આવી પડતાં ધર્મનાં અને પુણ્યનાં કાર્યોમાં તેઓશ્રીનો ફાળો વગર યાચનાએ પણ મોખરે શોભતો, એ એમની ધર્મપ્રિયતાનું આદર્શ પ્રતિક હતું.

શેઠશ્રી પોપટલાલભાઈના અનુકરણ પંથેજ સમસ્ત જીવન નિર્વહનાર એ શેઠશ્રી ચુનીલાલભાઈની તે તે પ્રકારની પુણ્યવાસનાઓ રૂપી અંકુરાઓને જ્ઞાનજળે સીંચીને નવપલ્લવિત બનાવનાર અને એ નવપલ્લવિતતાને આ જીવન અવ્યાબાધિતા સમર્પનાર પુણ્ય શ્લોક પૂજ્યપદ આગમોદ્ધારક આચાર્ય દેવેશશ્રી આનંદસાગર-સૂરીશ્વરજી મહારાજ સાહેબશ્રીને તેઓશ્રીએ આ જીવનને માટે પરમગુરૂ તરીકે સ્થાપેલ હતા. જીવનમંત્ર તરીકેજ અપનાવેલ હતા.

પૂ. આગમોદ્ધારક આચાર્ય મહારાજશ્રીના તારક સદુપદેશને પામીને પૂ. આચાર્ય દેવેશશ્રીના વચને વચનનું પાલન કરવામાં એકતાન એવા આ ધર્માત્મા શ્રેષ્ઠીવર શ્રી ચુનીલાલભાઈએ ગૃહસ્થીને માટે વ્યવહારિક દૃષ્ટિએ અગીઆરમા પ્રાણ સમા લેખાતા ધન વૈભવનું-'પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય દેવેશશ્રીએ જે જે દિશાઓનો નિર્દેશ કરેલ તે તે દિશામાં ધનપિપાસુઓ મુગ્ધ બને એ રીતે' જીંદગીભરને માટે છૂટે હથે લાખોની સંખ્યામાં એકધારૂં વાવેતર કરેલ છે. તરણતારણ ત્રિલોકનાથ પરમાત્મા શ્રી જિનેશ્વરભગવંતની પૂજા-દર્શન-ગુરૂવંદન વૈયાવચ્ચ અને સદ્‌ગુરૂપ્રવેશોત્સવાદિ આત્મનિસ્તારક ધર્મકૃત્યો તેઓશ્રીનાં પવિત્રજીવનમાં નિત્ય નિયમ રૂપે વણાઈ ગયેલાં હતાં. તેઓશ્રી મુંબઈ શેરબજારના અને સોના ચાંદીના મહાન્ અને પ્રતિષ્ઠિત વેપારી હોવાથીજ વિશિષ્ટ હતા એમ નહિં, પણ તેવા જીવન પર્યંત અખંડ આબરૂ ભેર ટકાવેલ બહોળા વ્યવસાય અને પ્રાણપ્રિય પ્રતિષ્ઠાને માટે તેઓશ્રીને દિવસના ચોવીશને બદલે પચ્ચીશ કલાક ઓછાં પડતા હોવા છતાં. તેવી પ્રવૃત્તિવાળા જીવનમાંથી પણ તેઓશ્રી, પોતાના આત્માના નિસ્તાર માટેની-શાસ્ત્રશ્રવણ. સમાયિક અને પ્રતિ-ક્રમણ આદિની પુણ્ય ઘડીઓ તો હંમેશને માટે ચુંટી કાઢનાર તરીકે વિશિષ્ટ હતા. શ્રીમંતાવસ્થામાં પણ શ્રી નવપદજી મહારાજની ઓળીનું આરાધન-પર્વતિથિએ તપોનુષ્ઠાન આદિનું સેવન વિગેરે ધર્માનૂષ્ઠાનો નહિ ચૂકનાર ધર્મવીર તરીકે વિશિષ્ટ હતા. તેઓશ્રી, એવા પણ પુણ્ય પ્રકર્ષને ધરાવતા હતા કે પોતાને ગૃહદેવી પણ પોતાની સમસ્ત પુણ્ય પ્રવૃત્તિમાં ઉત્તેજક તરીકે પ્રાપ્ત થયા હતાં! અર્થાત્-જેમ તેઓશ્રીને ધર્મજીવન પ્રિય હતું તેમ પોતાને પ્રાપ્ત સહચારિણી-સદ્‌ગૃહિણી-સદ્‌ગુણી સુશ્રાવિકા ચંચળબ્હેનને પણ ધર્મી જીવનજ પ્રિય હતું! અને તે ત્યાં સુધી કે-પોતાના પતિદેવની લાખ રૂપીયાના સદ્‌વ્યયની શુભેચ્છાને સવાઈ-દોઢી કે-ડબલ પણુ બનાવી દે, અને સ્વદારાસંતોષવ્રત આદિની શુભ ભાવનાને ચતુર્થવ્રત સ્વીકારવાની ટોચે પહોંચાડીને પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવેશશ્રીના પુનિત હસ્તે ચતુર્થવ્રતનો પણ સ્વીકાર કરવાની ઉચ્ચ કક્ષાએ પહોંચાડે. આ ઉગ્ર સ્વીકારમાં આડે આવતી પોતાની લઘુવય કે સંતતિના અભાવ આદિની આપ્ત સલાહોને પણ એ શ્રાવિકારત્ન; તૃણની માફક ફેંકી દઈને ચતુર્થવ્રતનો સજોડે સ્વીકાર કરવા કરાવવા વડે પોતાનો અને પોતાના પતિદેવનો અર્ધ સંસાર, અતિ ધૈર્યથી-અતિ ચાતુર્યથી-અતિ કુનેહથી-અતિધર્મબુદ્ધિથી ત્વરિતપણેજ કાપી નખાવી કૃતકૃત્ય બને બનાવે! કેવું ઉદાહરણીય ધર્મયુગલ? કેવું પંચમકાળે પણ ચોથા આરાની વાનગી ચખાડતું ધર્મી યુગલ? જંગમ તીર્થસ્વરૂપ પરમ ભદ્રિકમાતા સંતોકબ્હેન અને આજીવન પિતા તુલ્ય માનેલા કાકા નગરશેઠશ્રી પોપટલાલભાઈની કઠીન પણ આજ્ઞાનું બહુમાન દર્શાવવાપૂર્વક વિનયભેર પાલન કરવાની તેઓશ્રીની સર્વસહા નીતિએ, માતપિતાને પ્રતિકુળ રહેતા અનેક આત્માને માત-પિતાને અનુકુળ બની જવાના મુંગા બોધ પાઠો પીરસ્યા છે.

(વધુ માટે ટાઇટલ પેજ ૩ જુઓ)

# શ્રી સિદ્ધચક્ર

!!! વ....ન્દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशा
मोक्षाध्यालम्बनाः श्रद्धतिमतिचरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ।२॥


શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટ: ૨૫, ૨૭ ]

વર્ષ ૧૨ ] [ અંક ૮ મો.

વિક્રમ સં. ૨૦૦૨, વીર સં. ૨૪૭૨. તા. ૧૭-૫-૪૬ શુક્રવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨।। આના

સકલ મન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજરાજેશ્વર—

શ્રી સિદ્ધચક્રેભ્યો નમો નમ:

# "श्री सिद्धहेमचन्द्र-शब्दानुशासनम्"

## ( સંજ્ઞા-સન્ધિ-નામ-કારક પર્યન્તઃ પ્રથમો વિભાગ: )

ઉપરના ગ્રન્થની સાહિત્યરસિકો લાંબા સમયથી એક સરખી રાહ જોઇ રહ્યા હતા, તે મહાન્ ગ્રન્થ છપાઇને બહાર પડી ચૂકયો છે.

**કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીની** સર્વજ્ઞતાનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરાવતો, સુવર્ણસમ સૂત્રોથી શોભતો, આલ્હાદદાયક-ચન્દ્ર-કિરણ સમ સ્વોપજ્ઞ તત્ત્વ પ્રકાશિકાના વૃત્તિસ્થ-તત્ત્વોથી દીપતો, બંન્નેના ( સૂત્ર-વૃત્તિના ) પરમાર્થને આનન્દપૂર્વક પ્રતિપાદન કરાતી **પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર કૃત શ્રી આનન્દ બોધિની વૃત્તિથી** ઓપતો અને સંજ્ઞા-સન્ધિ-નામ-કારક યુક્ત છપાદ પર્યંતનો શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનનો પ્રથમ ભાગ બહાર પડી ચૂકયો છે તેની સાહિત્ય રસિકોએ નોંધ લેવી જરૂરી છે.

આ મહાન્ ગ્રન્થ દીર્ઘાયુષિ બને તે હેતુથી ક્રોક્ષ્લી લાયન-બ્રાન્ડ લેઝર પેપરમાં, ફુલ્સકેપ સાઇઝના વિશાળ આકારમાં, ૧૦૭ ફારમના દળદાર કદમાં, પાકા પુંઠાની સુંદર બાઇન્ડીંગની સુબદ્ધ અવસ્થામાં, તાડપત્રીયાદિ પ્રાચીન-અર્વાચીન રંગ બે રંગી સુંદર ચિત્રોથી સુશોભિત બનેલ આ મહાન્ ગ્રન્થ અભ્યાસિયો માટે અલંકાર સરખો તાકીદે ખરીદી લેવા યોગ્ય છે. કિંમત રૂ. ૩૦) ત્રીશ. તદુપરાંત આ ગ્રન્થમાં ૧૪ પરિશિષ્ટો, વિષયાનુક્રમ, શાસ્ત્ર પ્રસ્તાવના, ચિત્ર પરિચય, પ્રકાશિકા-નિવેદન, કલિકાલ-સર્વજ્ઞ-સંક્ષેપ વૃત્તાંત આદિ પ્રકરણોથી ભરપુર ગ્રન્થ દર્શનીય અને પઠન-પાઠન યોગ્ય જ્ઞાન ભંડારાદિ પુસ્તકાલયોમાં વસાવવા યોગ્ય છે.

મંગાવનારાએ નીચેના સરનામેથી મંગાવી લેવો.

અગાઉથી ડીપોઝીટ ભરનારાઓને રિવાજ મુજબ કમીશન બાદ કરતાં વી. પી. કરવામાં આવશે, પરન્તુ સરનામાની ફેરફારી હોય તો તુરત જણાવવું.

### ગ્રન્થ પ્રાપ્તિ સ્થાન.

૧. **ઝવેરી પાનાચંદ રૂપચંદ,** ૨૫/૨૭ ધનજીસ્ટ્રીટ **મુંબાઇ** નંબર ૩

૨. **ઝવેરી જમનાદાસ મોનજી,** બુલીયન એક્ષચેંઝ **મુંબાઇ** નં. ૨

૩. **ઋષભદેવજી છગનીરામજીની પેઢી,** ખારાકુવા (દેહરા ખિડકી) ઉજ્જૈન (માલવા)

૪. **શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર,** પાયધુની ગૌડીજીની ચાલ મુંબાઇ નં. ૩

લી૦ પ્રકાશિકા,—

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,**

**૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબાઈ.**

મુદ્રક : **મુલચંદ કસનદાસ કાપડીયા** "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : **શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી,** શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વર્ષ ૧૨ ] વૈશાખ [ અંક ૮ મો.


# આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ—આગમોદ્ધારક શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ. સ્થળ—સુરત.

[નોંધ—દેશના અવસરે દેશનાકારના વ્યાખ્યાનોનો સારભૂત સંચય પં. શ્રી હેમસાગરજી મહારાજે કરેલો છે. તે વ્યાખ્યાનો તેઓશ્રી પાસેથી મેળવી પ્રેસકોપી તૈયાર કરાવી અને વાંચકો સારી રીતે વાંચી શકે તે રીતિએ પન્યાસપ્રવર પૂ. શ્રી ચંદ્રસાગરજી મહારાજ પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે. છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઈપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ૦ તંત્રી.]

## વ્યાખ્યાનનાં સારભૂત અવતરણો.

૧. ચઉ ફરસી પુદ્‌ગલ ગ્રહણ કરવાની શક્તિ શ્રોત્રમાં છે કારણ ચઉફરસી પુદ્‌ગલ ગ્રહણ કરવા માટે ચાર ઇન્દ્રિયો જડ છે.

૨. ભાષાની અપેક્ષાએ આર્ય વિભાગ.

૩. જગતના સર્વ જીવો સમજી શકે તેવી ભાષા બોલનારને જગત્‌ ગુરૂ થવાનો હક.

૪. જગત્‌ને તત્વનો ઉપદેશ દેનાર તીર્થંકરોજ જગત્‌ ગુરૂ થઈ શકે છે.

૫. સર્વદેશી ભાષાથી મિશ્રિત તે અર્ધ-માગધી.

૬. હેય-ઉપાદેયના નિશ્ચયવાળું જ્ઞાન જેને થાય તેને વિજ્ઞાન થયું સમજવું, અર્થાત્‌ તે જીવ વિજ્ઞાન ભુમિને સ્પર્શવાવાળો છે.

૭. મુખ્યાર્થ-લક્ષ્યાર્થ સમજ્યા વગર ધર્મરત્ન સમજાશે નહિ.

૮. લક્ષ્યાર્થ વ્યાખ્યા એ ધર્મ એ રત્નજ છે એમ કહેવામાં પણ કહેનારને મુંઝવણ છે.

૯. ધર્મ એ ઉત્તમોઉત્તમ ચીજ છે. એ ત્યાગીઓ માટે લક્ષ્યાર્થ છે.

૧૦. ધનને અગીઆરમો પ્રાણ ગણનાર માટે ધર્મરત્નનો મુખ્યાર્થ લેવો જરૂરી છે.

૧૧. 'ધર્મે ધનબુદ્ધિ' આ પદના પરમાર્થને સમજાવનાર શ્રી હરિભદ્રસૂરીશ્વર.

## શ્રોત્ર ઇન્દ્રિયની વિશિષ્ટતા.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્‌ શાંતિચંદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણિઓના ઉપગારને માટે ધર્મ રત્ન પ્રકરણની રચના કરતાં થકાં

શ્રાવકને લાયક ૨૧ ગુણ તેનું સ્વરૂપ અને તે તે સ્વરૂપ તે યથાર્થ પ્રતિપાર્જન કરનારા દ્રષ્ટાંતદ્વારા સમગ્ર અધિકાર આગળ જણાવી ગયા છે. તેથી શ્રવણ અને જ્ઞાનભૂમિકા એ બે ભૂમિકા સહેજે પ્રાપ્ત થઇ શકે છે એ આપણે સમજી ગયા. સંજ્ઞી પંચેદ્રિય મનુષ્ય શ્રોત્ર લબ્ધિવાળો હોય અને એકેન્દ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચઉરેન્દ્રિય શ્રોત્ર લબ્ધિ વગરના હોય છે. તેમ સંજ્ઞી હોય અને શ્રોત્ર લબ્ધિ વગરનો હોય તેમ બની શકતું નથી. મનની શક્તિ શ્રોત્ર મળ્યા પછીજ મળવાવાળી ચીજ છે. તેથી સંજ્ઞિ અને અસંજ્ઞિના ભેદો પંચેન્દ્રિયમાંજ પાડવામાં આવે છે. એકેન્દ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચારેંદ્રિયમાં સંજ્ઞી અને અસંજ્ઞિના ભેદ પાડવામાં આવતા નથી. કારણ જેને સંજ્ઞિપણું પ્રાપ્ત થાય તેને પાંચ ઇંદ્રિયની શકિત હોય છે. એજ વાત આપણે પર્યાપ્તિને અંગે વિચારીએ અને પ્રાણોનો અંગે વિચારીએ તો સમજાય તેવી છે. મનની પર્યાપ્તિ સમગ્ર ઈંદ્રિયની પ્રર્યાપ્તિ પછીજ છે. આથી જે જે સંજ્ઞિ અને પંચેંદ્રિય થયા તે સર્વને શ્રોત્ર ઈંદ્રિયની લબ્ધિ જરૂર હોય. જો શ્રોત્રની લબ્ધિ છે. તો શ્રોત્રની શકિત જબરજસ્ત હોય છે. ચારે ઇંદ્રિયો માત્ર અષ્ટ સ્પર્શી પુદ્ગલોને ગ્રહણ કરે છે. અષ્ટ સ્પર્શી પુદ્ગલ સિવાયના સ્પર્શ, રસ, ગંધ કે રૂપને સ્પર્શન, રસન, ઘ્રાણ ચક્ષુ ઇન્દ્રિયો લઇ શકતા નથી. ચઉસ્પર્શીમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ રહેલા છે, પણ ઇંદ્રિયો અષ્ટ સ્પર્શીપણે પરિણમાવે અને ગ્રહણ કરે છે. અષ્ટ સ્પર્શીપણે પુદ્ગલોને પરિણમ્યા હોય તેવાના રસ, ગંધ રૂપ સ્પર્શને લેવાની તાકાત નથી. ચારે ઇંદ્રિયો અષ્ટ સ્પર્શી વિષયોને લે છે. ત્યારે શ્રોત્ર ચઉસ્પર્શી પુદ્ગલોને લે છે. ચઉસ્પર્શી પુદ્ગલો જે છે તે ગ્રહણ કરવાની તાકાત માત્ર શ્રોત્ર ઇંદ્રિયની છે. તૈજસથી આગળના બધા પુદ્ગલો ચઉસ્પર્શી છે. તો શ્રોત્ર ઇંદ્રિયની એટલી નિપુણતા છે. તેનો ક્ષયોપશમ એટલો જબરજસ્ત છે કે જેથી ચઉફરસી પુદ્ગલોને વિષયતામાં લઇ શકે છે; પરન્તુ તેટલી નિપુણતા ચક્ષુ આદિ ચારની ઇન્દ્રિયોની નથી. તત્ત્વાર્થમાં ઉભય અવધારણ લઇએ છીએ. **रुपिणः पुद्गलाः** એ સૂત્રમાં ઉભયાવધારણા લેવાય છે. રૂપીજ પુદ્ગલો છે ને પુદ્ગલો રૂપીજ છે. માટે રૂપી પુદ્ગલોજ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયમાં રૂપ નથી. રૂપ પુદ્ગલાસ્તિકાયમાંજ છે. એક પણ પુદ્ગલ રૂપાદિ વગરનું નથી. રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગરનું કોઇ પુદ્ગલ જગતભરમાં નથી. ઉભય અવધારણ થયું. આથી જે શબ્દના પુદ્ગલો રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગરના નથી પણ ફરસ આઠ નહિં પણ ચાર ચઉફરસીમાં રહેલા રસ, ગંધ, રૂપ, શબ્દને રસના ઘ્રાણાદિ ઈંદ્રિયો ફરસી શક્તી નથી. તેથી રૂપી પુદ્ગલો એક પ્રદેશે અનંતા લાગેલા છે. છતાં તે પુદ્ગલો ચઉફરસી હોવાથી તેનું રૂપ, રસ, ગંધ કે સ્પર્શ તે કોઇ ઈંદ્રિયના વિષયમાં આવતા નથી. કર્મ પુદ્ગલોમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ છે. છતાં ચક્ષુ, ઘ્રાણ, જીભ્હા સ્પર્શ પારખી શક્તી નથી. કારણ કે, ચઉફરસીને ગ્રહણ કરવા માટે ચાર ઇંદ્રિયો જડ છે.

## ભાષાની અપેક્ષાએ આર્ય—વિભાગ.

શ્રોત્ર ઇંદ્રિય ભાષા વર્ગણાના ચાર ફરસી પુદ્ગલોને ગ્રહણ કરે છે. શ્રોત્ર ઇંદ્રિયનું નિપુણપણું છે, તેથી આર્યો અને મ્લેચ્છો તેનો

વિભાગ ભાષાને અંગે રાખ્યા છે. વ્યાકરણુ કારોએ મ્લેચ્છ શબ્દ નગ્નપણુામાં ચોરી જારીમાં નથી રાખ્યો પરન્તુ 'અવ્યક્ત ભાષણે' અર્થાત્ અવ્યકત બોલવું તેમાં છે. મ્લેચ્છો અવ્યક્ત બોલનારા તેથી વ્યક્ત બોલવામા આર્યોનો વિભાગ. વ્યક્ત ભાષાવાળા તેજ આર્યો આ વાત લક્ષમાં લેશો ત્યારે ભાષા સંબંધિ આર્યની વ્યાખ્યા આપતા સાડી પચીસક્ષેત્રનો વિભાગ કર્યો છે. જે દર્શનમાં આર્યનો વિભાગ સમ્યકત્વની અપેક્ષાએ હતો. એટલુંજ નહિં પણુ જ્ઞાનની અપેક્ષાએ, ચારિત્રની અપેક્ષાએ, જે વિભાગો હતા તેમ ભાષાને અંગે પણુ વિભાગો હતાં. માગધી, બ્રાહ્મી, લીપિ પ્રવર્તે છે. તે ભાષા આર્યો માટેની છે. અને તેથીજ આર્યોનો અને મ્લેચ્છોનો વિભાગ પાડયો છે. ભાષાની અપેક્ષાએ જ્યાં જ્યાં અર્ધ માગધી ભાષા પ્રવર્તે ત્યાં ત્યાં ભાષા રૂપે આર્યપણું. આપણુા લોકો માગધીને અંગે ચક્કર ખાય છે. કહે છે કે મગધ દેશની ભાષા તે માગધી. પણુ માગધીભાષા બોલનારા માગધો એટલે રાજાના મંગળ પાઠકો. બિરૂદાવલી બોલનારા, રાજાના ઇતિહાસ રાખનારા, તેમની જે ભાષા તે માગધી. માગધો તેની ભાષા તે માગધી—અર્ધ માગધી, જે સમગ્ર સાડા પચીસ દેશની તે માગધી.

### જગદ્‌ગુરૂ કોઈ થઇ શકે ?

તે ભાષા આર્યની હોવાથી તીર્થંકરની દેશના અર્ધ માગધીમાં પ્રવર્તતી હતી, તેથી તેમને જગદ્ ગુરૂ થવાનો હક છે. હું નેમચંદ ભાઇનો માસ્તર પણુ તેની ભાષા હું ન સમજું તે મારી ભાષા ન સમજે, તો માસ્તર કયા રૂપનો ? જગતની સામાન્ય ભાષા જે ન સમજી શકે તે જગતગુરૂ કેવી રીતે બની શકે ? સંસ્કૃત ભાષામાં બોલનારા, ઉપદેશ આપનારા, શાસ્ત્ર કથન કરનારા, તે વિદ્વાનના ગુરૂ, તે જગતના ગુરૂ નહિં. કેટલાક વિદ્વાન સિવાય બીજાઓની ભાષા સમજે નહિં. તો તે જગતગુરૂ કેમ બનવાના. અહીં જગતગુરૂપણું એવી ચીજ છે કે જે તીર્યંચો પણુ પોતાની ભાષામાં તેમના વચનો સમજે છે. 'मेनिरे भगवद् गीरं'. જીનેશ્વરની વાણી દેવતા દેવતાઈ ભાષા તરીકે, મનુષ્યો મનુષ્યની ભાષા તરીકે અનાર્યો અનાર્યોની ભાષા તરીકે તિર્યંચો તિર્યંચોની ભાષા તરીકે તીર્થંકરનું વકતવ્ય તમામ સમજે છે. બધાને સમજવામાં આવી શકે તેવી ભાષા ન બોલે તો બધાનો ગુરૂ કેવી રીતે બની શકે ? કુતરીને પણુ જગત્ ગુરૂ નામ પાડીએ ને તે કહી બોલાવીએ તો તે આવે છે. જગતને તત્ત્વનો ઉપદેશ દીધા વગર જગતનું ગુરૂપણું આવી શકતું નથી અત્યારે તો વાત વાતમાં જેને તેને જગત્ ગુરૂ પદની વ્યવસ્થા કરીએ છીએ. જગત્ ગુરૂ કોણુ બની શકે. જગતને તત્ત્વનો ઉપદેશ આપી શકે તે જગતની ભાષામાં તત્ત્વ સમજાવે તે. હવે જગતની ભાષા તપાસીએ તીર્થંકરને અતિશયથી ચાહે તે હોય પણુ ગણુધર વિગેરે અતિશયવાળા નથી. ગણુધરો અતિશયવાળા નથી તો તેમને જગતની ભાષામાં રચના કરવી પડે તેથી તીર્થંકરોને જગતની ભાષામાં સમજણુ પડે તેમ બોલવું પડે છે. ૧૮ દેશી ભાષામાં મીશ્રીત હોય તે અર્ધ-માગધી, અઢાર દેશની ભાષા સમજવાવાળા તે બધાને અર્ધમાગધી ભાષાએ સમજાય. ૧૮ દેશ બરાબર સમજી શકે તે અર્ધમાગધી ભાષા.

### દેવતાની ભાષા પણુ અર્ધમાગધી.

દેવતાની ભાષા તે સંસ્કૃત ભાષા છે અને

તેને ગીર્વાણુ ભાષા કહેવાય છે. તે કદાગ્રહ સહિત જુઠું છે. દેવતાની આરાધના બાળ, યુવાન, વૃદ્ધને કરવાનો હક છે. દેવતાઓ તુષ્ટ થાય તો બાળ, યુવાન, વૃદ્ધ બધા ઉપર તુષ્ટમાન થાય છે. દેવતાને તુષ્ટમાન થવાનું બધાને હોય તેમજ દેવતાને મનુષ્ય સાથે વ્યવહાર હોય તો મનુષ્યની સામાન્ય ભાષા તેજ દેવતાની ભાષા જોઇશે, નહીંતર દેવતા આવ્યો અને બોલ્યો કે **वृणुष्व वरम्** છોકરાઓએ શી માગણી કરવી? છોકરો સમજવાનો શું? પંડિત ને વિદ્યાર્થી બંન્ને સાથે મુસાફરી ગયા છે. પંડિત કુવામાં લપસી પડયા. ત્યારે વિદ્યાર્થીએ બૂમ પાડી કે- **धावत धावत लोकाः। मम गुरु कूपे पतितः** આમાં શું થવાનું? જેમ વિદ્યાર્થીએ કહેલું **धावत** આવાકય કેવળ તેના મોંમાં રહ્યું પણ ગુરૂને બચાવનાર ન થયું. તેમ બાળ, વૃદ્ધ, ગ્લાન, સ્ત્રી, પુરૂષને બધાને દેવતાનો સ્નેહ ઇષ્ટ હોય તો તે બધાની ભાષા, તે દેવતાની માનવી પડે. માટે આર્યો અને દેવો સ્પષ્ટ ભાષા બોલનારા હોય છે.

## સ્વાભાવિક પ્રાપ્ત થતી બે ભૂમિકાઓ.

શ્રોત્ર ઇંદ્રિયની નિપુણતા હોવાથી ચઉ-સ્પર્શી પુદ્ગલોને ગ્રહણ કરી શકે છે. આર્યો પોત પોતાની ભાષામાં બોલે છે તેથી આ બે ભૂમિકા શ્રવણ અને જ્ઞાનભૂમિ પ્રાપ્ત થવી મુશ્કેલ નથી. ભાષા વર્ગણાના પુદ્ગલો એવી શકિતવાલા છે કે જેટલા સ્વરૂપે હોય તે સ્વરૂપે બીજાને પણ ભાવિત કરી શકે છે. સમશ્રેણિએ રહેલો શુદ્ધ સ્વરૂપે સાંભળે. બીજી શ્રેણિએ રહેલા શુદ્ધ સ્વરૂપે સાંભળે નહિં. જેટલું મોં પહોળું થાય તેટલી સમશ્રેણિ મીશ્ર લે છે. કેટલાક કાઢેલા અને કેટલાક પરિણમેલા, બે ભેગા મળી લેવામાં આવે છે. ધર્મના અધિ-કારીઓ અગર ધર્મનો પ્રતિબોધ દેનારા તે સ્થાનની પ્રચલિત ભાષા બોલે અને ભાષાના પુદ્ગલો ભાવુક હોવાથી તે શ્રોત્રની નિપુણતા હોવાથી શ્રવણ અને જ્ઞાન એ બે ભૂમિકા સહેજે પ્રાપ્ત થાય તેમાં નવાઇ નથી. મુશ્કેલી શ્રવણ ને જ્ઞાનમાં નથી.

## વિજ્ઞાન ભૂમિનો નિર્ણય.

મુશ્કેલી વિજ્ઞાન ભૂમિકાની પ્રાપ્તિમાં છે. મોક્ષ વિષયક બુદ્ધિ તેજ સમ્યક્જ્ઞાન. જૈન-દર્શનકાર જ્ઞાન સમ્યકત્વ સહિતનો સમજ કહે છે. मोक्षे धिः ज्ञानं મોક્ષ વિષયક જે બુદ્ધિ તેનુંજ નામ જ્ઞાન. અન્યત્ર વિજ્ઞાનં, કયાં શાલ્પ શાસ્ત્ર વિષયક જે બુદ્ધિ તે વિજ્ઞાન, આમ કોશકારોએ શિલ્પને શાસ્ત્રના જ્ઞાનને વિજ્ઞાન કહ્યું છે. જે કોષકારોએ શિલ્પ એટલે કારીગરી તેને વિજ્ઞાન કહેલું છે. તેવું રૂઢ વિજ્ઞાન અહીં લેવાનું નથી. અહીં શ્રવણ પછી જ્ઞાન ભૂમિકા કહી ગયા છીએ. અહીં વિજ્ઞાન કયું લેવું? જે વિજ્ઞાન લેવું છે તેજ મુશ્કેલીનું છે. હેય-ઉપાદેયના નિશ્ચયવાળું જે જ્ઞાન તે વિજ્ઞાન તેથીજ કહે છે કે ૨૧ ગુણનું. સ્વરૂપ દ્રષ્ટાંત સાંભલી શ્રવણ ને જ્ઞાન એ બે સહેજે પ્રાપ્ત થઇ જાય પણ વિજ્ઞાન નામની ત્રીજી ભૂમિકા પ્રાપ્ત કરવાની જરૂર છે. તે કયા રૂપે જણાવે છે. અહીં અધિકાર ધર્મનો છે. ૨૧ ગુણ ધર્મની લાયકાત માટે કહ્યા છે. આ શ્રવણને જ્ઞાન ધર્મને અંગે ગણાવ્યું. જ્ઞાન ધર્મને અંગે થયું તો ત્રીજું વિજ્ઞાન ધર્મને અંગે કરવાની જરૂર છે. તેથી આ ગ્રંથનું નામ ધર્મરત્ન. આથી ધર્મરત્નનો અર્થી થવો જોઇએ.

## મુખ્યાર્થ લક્ષ્યાર્થના ફરક સમજો.

એમાં કાલે બે વાત લક્ષ્યાર્થ મુખ્યાર્થની કહી ગયા છીએ. રત્ન શબ્દ મુખ્યાર્થને તેમજ લક્ષ્યાર્થને પકડે છે. આ બે અર્થ સમજો. તાપી નદીને કાંઠે એક ઝુંપડી હોય. તેમાં બાવો રહેતો હોય તે ફરતો ફરતો તમારે ત્યાં આવ્યો. બાવાજી કયાં રહો છો? તે કહે કે તાપીમાં. તાપી શબ્દનો મુખ્ય અર્થ તાપીનો પ્રવાહ. એ મુખ્ય અર્થ. બાવાજી પ્રવાહમાં તો રહેતા નથી. મુખ્યાર્થનો બાધ આવ્યો. જ્યાં મુખ્યાર્થનો બાધ હોય ત્યાં લક્ષણા કરવી પડે. તાપી શબ્દથી તાપી નદી ન લેતાં તાપીનો કાંઠો લેવો પડયો એ કયા મુદ્દાએ? મુખ્ય અર્થ પ્રવાહ રૂપે હતો, તેનો સંબંધ કાંઠો હતો, અહીં તાપી શબ્દથી તાપીનો કાંઠો લીધો. તાપી નદી લઇએ તો મુખ્યાર્થ. કાંઠો અર્થ લેવાય તો લક્ષ્યાર્થ. આ બેને અંગે વિચાર કરવો પડે. એમ અહીં ધર્મ-રત્ન એ જગોપર રત્ન શબ્દ મુખ્યાર્થમાં લેવો કે લક્ષ્યાર્થમાં લેવો? લક્ષ્યાર્થ જ્યારે મુખ્યાર્થનો બાધ આવે ત્યારે લેવાય. રત્ન શબ્દનો મુખ્ય અર્થ લેવામાં બાધ આવતો હોય તોજ લક્ષ્યાર્થ લેવો પડે. બાધ ન આવે તો લક્ષ્યાર્થ અર્થ ન લેવાય. તાપીમાં પાણી રૂપ મુખ્યાર્થને બાધ ન આવે તેમ. धर्म एव रत्नं "ધર્મ એજ રત્ન' આવો અર્થ કરતાં મુખ્ય રત્ન પદાર્થનો બાધ કયો આવ્યો? દુનીયાએ રત્નને રત્ન ગણ્યું. આણે ધર્મને રત્ન ગણ્યું આમાં બાધ કયો આવ્યો કે લક્ષણા કરવી? વાત ખરી પ્રથમ જ્ઞાનીને પુછીએ કે રત્ન, અન્ન, કંચન, હેય કે ઉપાદેય? હીરા, મણી, મુગીયા, પન્ના એ બધા છાંડવા લાયક કે આદરણીય? જ્ઞાની શું કહેશે? જ્યારે છાંડવા લાયક ચીજ હોય તો धर्म एव रत्नं धर्मो रत्न मेव કહેવાથી ધર્મની છાંડવા લાયક સ્થિતિ ધર્મ રત્ન હોય, તો એ પણ છાંડવા લાયક થાય. ધર્મ શબ્દ મુખ્યાર્થમાં લઇએ તો છાંડવા લાયક થાય તો કહેવું પડશે કે ઉપમાન ઉપમેયમાં સર્વ અંશે સાદ્રશ્ય હોતું નથી. "ચંદ્ર સરખું મુખ" તો તે દહાડે દહાડે ક્ષય વૃદ્ધિ થાય છે. તેમ મુખ ક્ષય વૃદ્ધિ થતું નથી. કેવળ ચંદ્રમામાં રહેલી સૌમ્યતા માત્ર લેવાય છે. સકલંકપણું, ક્ષયવૃદ્ધિપણુ, આકાશમાં ભમવાપણું વિગેરે સાથે સરખાવતાં નથી. તો બધા ધર્મ ઉપમામાંથી લેવાતા નથી. તેમ રત્નનું હેયપણું અમે નહીં લહીએ પણ અહીં રત્નને અંગે જડપણાનો ડૂબવાપણાનો ગુણ નહીં લઇએ તો કયો ગુણ લેવો છે? મોંઢાનો અને ચંદ્રનો સમધર્મ સૌમ્યતા છે. તેમ ધર્મનો અને રત્નનો સમધર્મ કયો? કારણ સમધર્મ કીંમતીપણું છે. રત્નનું કીંમતીપણું તેમ.

## ધર્મ રત્નની લક્ષ્યાર્થ વ્યાખ્યામાં મુંઝવણ.

ધર્મનું કીંમતીપણું, ખરેખર એ દશા થઇ રત્ન જે ઉપમાન તે અધિક કીંમતી ધર્મ ઉપમેય તે ઓછું કીંમતી. ચંદ્ર વધારે સૌમ્યતાવાળો, મુખ ઓછી સૌમ્યતાવાળું કીંમતીપણાને અંગે ધરમની ધૂળ ઉડી ગઇ અર્થાત્ ઓછી કિંમત ગણી. જે શ્રાવકને પણ ઘેર બેઠા ભાવના ભાવવાની તે કહેવાનો વખત ન રહ્યો. કેટલાક શ્રાવકને પાછલી રાત્રે નિદ્રા ઉડી જાય તો નથી ઉઠાતું, અને નથી ઉંઘાતું તેવી વખતે ભાવનામાં પ્રવેશ કરે છે અને સાધુપણું કયારે લઇશ તેવી ભાવના ભાવે છે.

त्यक्तः संगः जीर्णवासो मलक्लिन्नकलेवरः ।
भजन् माधुकरीं वृत्ति मुनिचर्या कदाश्रये ॥१॥

આ શ્લોકના ભાવાર્થને શ્રાવક શું ગણે? આ લગવાટ કાઢવા માટે આ મંત્રભૂત લગવાટ કાઢવા માટે મેલા યંત્ર તેમ આ લગવાટ કાઢવા માટે વિચારે કે આ લગવાટ બધો છોડી દઈ જુના, તુટેલા, ફુટેલા, વસ્ત્રવાળો થઊં. ભલે તેવા કપડાં હોય, પણ શરીર તો સ્વચ્છ રાખવું ને? નાવામાં ધર્મ છે એમ બ્રાહ્મણો માને છે. તો પૂજા માટે નાહીએ છીએ તે ધર્મ પૂજા માન્યો. પૂજા માટે નાહીએ છીએ તે સ્નાન ધર્મ નહિં. જીર્ણ વસ્ત્રવાળો મેલે મલીન શરીર જેનું છે એવો પાપી પેટ નહીં છોડે. પાપી પેટને પાપે નહીં પોષું, પાપી પેટને પાપે પોષવું એ નહીં કરૂં. પણ ભમરા માટે કોઈ બગીચા ઝાડ વાવતું નથી. પણ ભમરા પોતાનો નિર્વાહ ફુલોથી કરે છે. તેમ મારે માટે નહીં કરેલું. પોતા માટે કરેલું તે વઇ વૃત્તિ કરનારો મુનિપણાનો હું ક્યારે યોગ કરીશ?

शत्रौ मित्रे तृणे स्त्रैणे स्वर्णे मणौ मृदि ।
निर्विशेषमनस्कायः कदा भविष्याम्यहं ॥१॥

ચાહે સામો શત્રુ હોય કે મિત્ર હોય. પૂર્વ અવસ્થાનો મિત્ર હોય કે શત્રુ હોય, એક બાજુ ખેતરનો ચાડીયો હોય ને એક બાજુ મનોહર સ્ત્રી ઉભી હોય તે બેમાં કંઇ ફરક નહીં એક બાજુ સોનાનો ઢગલો હોય કે પથરાનો ઢગલો હોય તેમાં ફરક નહિં. મોક્ષમાં ને સંસારમાં તે બન્નેમાં ફરક ન સમજે આવી સ્થિતિવાળો બન્નેમાં ફરક નહીં ગણવાવાળો નિર્વિશેષ બુદ્ધિવાળો ક્યારે થઇશ? આથી રત્ન અજ્ઞાની માટે કીંમતી ગણાવ્યું પરન્તુ જ્ઞાની વૈરાગી માટે રત્નની કીંમત નથી તો ધર્મરત્ન કેમ બોલ્યા? અહીં લક્ષણા કરવાની જરૂર રહી. રત્ન શબ્દનો અર્થ કરતી વખતે દુનીયામાં ઢેફાના ભાઇ રત્નને છોડી દીધા. લક્ષણા ઉત્તમોત્તમમાં કરી ધર્મ ઉત્તમોત્તમ છે. ને ધર્મ ઉત્તમોત્તમજ છે.

### મુખ્યાર્થ-લક્ષ્યાર્થની વાસ્તવિક વ્યવસ્થા.

હવે કહેશો કે લક્ષણા કરવી હતી તો પહેલેથી ઉત્તમોત્તમ કહેવું હતું ને? બાવાજીએ કાંઠે કેમ ન કહ્યું? તાપીમાં ઝુંપડી કેમ કહી? તાપીનો કાંઠો, નર્મદાનો કાંઠો ભરૂચ સુરત તાપીને કાંઠે. સુરત જેટલામાં રહ્યું છે તે બધાને કાંઠો ગણ્યો માટે અહીં રત્ન-શબ્દ મુખ્યાર્થમાં ટકી શકતો નથી. ઉત્તમોત્તમમાં લઇ જવો છે. કેટલાક જીવો રત્નના મુખ્યાર્થથી અધિકારી છે. ને કેટલાક રત્નના લક્ષ્યાર્થથી અધિકારી છે. ધર્મ-રત્નાર્થી જેટલા જીવો પરિગ્રહમાં આસકત છે. પરિગ્રહને છોડી શક્યા નથી. પરિગ્રહ નથી છુટતો મારી પાસે ચિંતામણી છે તેની મમતા તેજ વોસરાવવામાં નડે છે. આમ જે પરિગ્રહમાં આસક્ત છે. લીન છે. પરિગ્રહ એ અગીઆરમો પ્રાણ ગણનારા લીન રહેલા આસકત થએલા તેવા માટે રત્ન શબ્દ મુખ્ય અર્થવાલો છે. જેવું મન રત્નમાં ચોંટે છે. તેવું ધર્મમાં ચોંટાડવું જોઇએ. હરિભદ્રસૂરિ ધર્મબિન્દુમાં ગુરૂએ કેવો ઉપદેશ કરવો તો કે धर्मे धन बुद्धिः ધર્મને કેવી રીતે ચહાવો. જેવી રીતે ધનની ચાહના છે. તેવી ચાહના ધર્મની કરવી. જુઓ

ભય પણ ટળતો નથી. સ્વપ્નમાં ધન ચોરાય તો તીજોરી ખોલી તપાસ કરવી પડે છે. તેવું કાળજું ધર્મ ઉપર ચોંટાડો ધર્મમાં ધનની બુદ્ધિ આ કોને અંગે ઉપદેશ કર્યો? જે ગૃહસ્થો પરિગ્રહમાં આસકત તેવા માટે આ ઉપદેશ કર્યો. જે ધનને કચરો સમજે તેને તે ઉપદેશ નહીં. તે માટે પ્રથમ શય્યંભવસૂરિએ **ધમ્મો મંગલ-મુક્કિટ્ઠં** કહી દીધું. ત્યાં ધર્મને રત્ન ન કહ્યું. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ પદાર્થ ધર્મ લીધો એને તો રત્નમાં હેયબુદ્ધિ છે. જ્યારે રત્નમાં ઉત્તમતાની બુદ્ધિ નથી ત્યાં કર્મની નિર્જરા કરાવનાર ધર્મ છે. આથી ત્યાગી પુરૂષોને અંગે લક્ષ્યાર્થ લેવો પડે. પરિગ્રહવાળા માટે વાચ્યાર્થ મુખ્યાર્થ લેવો પડે. આથી ધર્મ રત્નાર્થી ગૃહસ્થોને અંગે મુખ્યાર્થવાળો. સાધુ માટે લક્ષ્યાર્થ કરવો પડે. ચિંતામણી રત્ન હોય તેનું કાચમાં પ્રતિબિંબ પડી શકે છે. ને જાણી શકો છો. જોઈ શકો છો પણ કંઇ પાકે નહિં. તેમ ધર્મ રત્નને જાણો કે જુઓ તેથી કંઇ વળે નહિં. માટે ધર્મ રત્નનો અર્થી હોવો જોઇએ. હવે તેનો અર્થી કોણ તે વિષે શાસ્ત્રકાર જે બતાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

# નવા મતવાલાઓને ખુલ્લી ચેલેંજ.

નવા મતવાલાઓ તરફથી ગ્રન્થમાલાના ૩૧ મા ગ્રન્થાંક તરીકે શ્રી દેવવંદનમાળા નામનું પુસ્તક બહાર પાડવામાં આવ્યું છે. જેના પાંચમા પાને નીચે પ્રમાણે લખાણ છેઃ—

"શ્રી ભગવતીજી સૂત્રમાં આવતો એક પ્રશ્નોત્તર આ વસ્તુ ઉપર સુન્દર પ્રકાશ પાડે છે. ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામિજીનો પ્રશ્ન છે અને ચરમ તીર્થપતિ શ્રી મહાવીર દેવનો ઉત્તર છે. પ્રશ્ન એવો છે કે "ભગવન્! બીજ આદિ પાંચ પર્વ તિથિઓએ કરેલા ધર્માનુષ્ઠાનનું ફલ શું?" આ પ્રશ્નનો ઉત્તર એવો છે કે "ગૌતમ! બીજ આદિ પાંચ પર્વ તિથિઓએ કરેલા ધર્માનુષ્ઠાનનું બહુ ફળ થાય છે. કારણ કે પ્રાયઃ કરીને જીવો તે દિવસોએ પરભવના આયુષ્કર્મને સમ્યક્ પ્રકારે ઉપાર્જે છે."

ઉપરના લખાણમાં શ્રી ભગવતીજી સૂત્ર સાક્ષી તરીકે લેવામાં આવેલું છે તો નવા મતનો કોઇપણ નાયક અને કોઈપણ તેને અનુસરતો મનુષ્ય જવાબ આપે કે એ બીજ આદિ પાંચ પર્વ તિથિની આરાધના સંબંધી પ્રશ્નોત્તર શ્રી ભગવતીજી સૂત્રના કેટલામા શતકે, કેટલામા ઉદ્દેશે અને કેટલામા પાને છે.

તા. કઃ—સકલ જૈન સમાજને હમો ઘણી વખત ચેતવી ગએલા છીએ કે નવો મત શાસ્ત્રને ખોટાં, અપ્રમાણ અને અસિદ્ધ માને છે. અને સૂત્રનાં નામો તો અભવ્ય જીવોના ઉપદેશની માફક શાસ્ત્રાનુસારી જૈનોને ફસાવવાને માટે આપે છે. તેમાં પણ તેમના ગુરૂઓ અને તેમના અનુસરનારાઓ હવે તો સૂત્રોના અને શાસ્ત્રોના પાઠોમાં નવું ઘાલી જુનું ખસેડીને ઘણીજ જગો પર લખે છે તો તેમાં આ ઉપર જણાવેલ આ ભગવતીજી નામનો તદ્દન ખોટો ઉમેરો કરીને તે નવા મતવાલાઓએ ભવ્ય આત્માઓને ખોટા સૂત્રના નામે ડુબાડવાનો ધંધો કરેલો છે. છતાં ઉપર જણાવ્યા પ્રમાણે ભગવતીજી સૂત્રમાંથી શતક, ઉદ્દેશો, અને પ્રશ્નોતર કાઢી દે તો મને આ વિષયમાં માફી માંગવાની કોઈપણ જાતની અડચણ આવે તેમ નથી.

લી૦ ક્ષેમંકરસાગરજી.

# આરાધન પચ્ચીસી.

( રચયિતાઃ—**કુમાર શ્રમણ.** )

અવસર મરણનો જાણીને, ધરે ન ખેદ લગાર,
મરણ સમાધિ ઇચ્છતો, ઉલસિત ચિત્ત અપાર...૨

સમ્યગ્-દષ્ટિ તે સમે, ચિન્તવતો મન એમ,
કૃત્રિમ સગપણ આ બધું, આમાં નહિ મને પ્રેમ...૨

અરિહંત, સિદ્ધ ને સાધુનું, વળી કેવલી ભાષિત ધર્મ,
સ્મરણ ચાર એ શરણનું, કરૂં હું છેદવા કર્મ...૩

દુષ્કૃત જે જે બહુ કર્યાં, તે તે નિન્દું આજ,
સુકૃત જે કાંઈ મેં કર્યાં, સમરૂ મુક્તિને કાજ...૪

ખમું ખમાવું-મને ખમો, સર્વ જીવ નિકાય,
મુજને વેર કોઇ પ્રતિ, નથી મન-વચ-કાય......૫

સમ્યગ્-દષ્ટિ જીવના, અરિ મોહાદિક આઠ,
આઠ કર્મને વર્ગણા, આ સેનાનો ઠાઠ.........૬

મરણ સમય સેના સહિત, આવે શત્રુ આઠ,
લલચાવી આ જીવને, ઘડે ફાવતો ઘાટ......૭

પણ, બાજી આ કર્મની, જાણીને મતિવન્ત,
કાયર મટી ધીરજ ધરી, ચિન્તવતો ગુણવન્ત...૮

નર-નારીના રૂપમાં, હાડ ચામને માંસ,
એમાં હું મોહ્યો સદા, જેમાં દુર્ગન્ધ ખાસ......૯

મારૂં મારૂં મેં કર્યું, મારૂં જગમાં ન કોય;
ચન્દ્રપ્રભ ! પરિવારનો, આ મેળો દિન દોય......૧૦

વિનાશી પુદ્ગલ દશા, ક્ષણભંગુર સ્વભાવ,
હું તો અવિનાશી, અમર. શુદ્ધ સદા સ્થિર-ભાવ...૧૧

ભમતો ભવમાં પ્રાણીઓ, બાંધે બહુવિધ બન્ધ,
રાગ-દ્વેષ પરિણામથી, કરે અનેક સમ્બન્ધ......૧૨

પ્રેમ-વેર તે કારણે, દેખી પરસ્પર હોય,
સ્નેહ-ક્લેશ તેથી વધે, ભવ ભવ માંહિ સોય...૧૩

ચિન્તવતો મન એણીપરે, બોલાવે પરિવાર,
અન્તે હિત-શિક્ષા કહે, એણી પરે વચન ઉદાર...૧૪

અટવીમાં એક તરૂ વિષે, સન્ધ્યા સમયે સુજાણ;
વન-પંખી આવી મળે, કરવા ત્યાં રહેઠાણ......૧૫

રાત્રે ત્યાં વાસો વસે, પંખીનો સમુદાય,
પ્રભાત કાળે તે બધા, ત્યાંથી તે વિખરાય......૧૬

એણી પરે આ સંસારમાં, સકલ કુટુમ્બ પરિવાર,
તે માટે મુજ ઉપરે, રાગ ન ધરો લગાર......૧૭

હું તો ચેતન દ્રવ્ય છું, અલખ અગોચર રૂપ,
આ તો પુદ્ગલ પિંડ છે, ભરમ જાળ ભવકૂપ......૧૮

હું તો અતિથિ એક છું, આવ્યો તુમ ઘર આમ,
હવે દેશ મારે જવું, જ્યાં છે સુખનું ધામ......૧૯

જન્મ જરા મૃત્યુ નથી, નથી રાજની આણ,
જ્યાં છે સુખ તે શાશ્વતાં, મ્હારો દેશ તે જાણ...૨૦

જન તેને બહુવિધ કહે, મહોદય, મુક્તિ, મોક્ષ,
બ્રહ્મ, સિદ્ધિ, અપવર્ગ જે, એ અભિધાન પ્રત્યક્ષ...૨૧

છેલ્લી આ મુજ વિનતિ, ધરજો કુટુમ્બી ! ધ્યાન,
આત્માની પિછાણમાં, મૂર્તિ આપશે શાન......૨૨

પરમ પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર પ્રધાન,
પ્રેમે તેને પૂજ-જો, ગાજો તેના માન......૨૩

મોહ તજી સમતા ભજી, જાણી જગત સ્વરૂપ,
પુદ્ગલ રાગ કરશો નહિ, પડશો નહિ ભવકૂપ......૨૪

પછી કુટુમ્બ તન-ધન-બધું, છાંડી છેલ્લી વાર,
કરતો આતમ ચિન્તના, કરે તે અણસણ સાર...૨૫

# દેશના—સારાંશ.

[ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીની અમોઘ-દેશનામાંથી સારભૂત પ્રસંગોને દેશના—સારાંશ રૂપે તારવનાર પં. શ્રી હેમસાગરજી છે. અને તે સારાંશને વાંચકો સારી રીતે વાંચી શકે તે હેતુથી પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરજી ગણિવર પાસે વિષયવાર પેરેગ્રાફાદિ પડાવીને સુધારા-વધારા સાથે અત્ર અપાય છે. લિ૦ તંત્રી ]

## દુર્ભાગીને ઘેર ચિન્તામણી.

શાસ્ત્રીય નિયમ એવો છે કે ક્ષાયોપશમિક ભાવમાંથી ક્ષાયિક ભાવમાં જઈ શકે. ક્ષાયોપશમિક વખતે સંકલ્પો વિકલ્પો અતિચારો થવાના. પાપના વિચારોને દુર્ગતિ કે ચારિત્રમલીનતાના ભયથી રોકે તોજ સદ્દગતિ થાય. દેવતાને વિચાર આવ્યા પછી પ્રવૃત્તિ રોકવી મુશ્કેલ થાય. પારસમણીને લોઢું અડકે તો સોનું થાય. ચાંદી અડે તો સોનું ન થાય. ચાંદીનો સોનાપણે થવાનો સ્વભાવ નથી. રસથી તાંબુ સોનું થાય. તેમ દેવતાઓનો સ્વભાવજ એવો છે કે વિરતિના પરિણામજ ન થાય. દેવલોકમાં ઉત્કૃષ્ટ પુન્ય ભોગવવા ગયા છે તેથી ત્યાં દેવોને વિષયો તરફ ઉદાસીન ભાવ આવી શકતો નથી. તો પછી તે દેવતાઓ વૈરાગ્ય કે ચારિત્રમાં શી રીતે આવી શકે ? ક્ષાયોપશમિક ભાવ ટકાવવાને અંગે દેવતાઓને ચારિત્રની પ્રાપ્તિ ન થાય તેથી દેવતાઓને મોક્ષ નથી, અને મનુષ્યનેજ મોક્ષ છે. એક વખત દેખેલ રસ્તે ફરી વખત જવું મુશ્કેલ નથી. આમ કોઈ સમજી લેતા હોય તો દુર્ભાગી જીવો પશુ પાલક જેવા હોય તેની પાસે ચિંતામણિ ભટકી શકે નહિ અને ફેર મળી શકે નહિ. તેમ દુર્ભાગી આત્માને ચિંતામણી રત્ન જેવું મનુષ્યપણું ટકી શકે નહિં. હવે તે પશુપાળ કોણ ? અને ચિંતામણી રત્ન તેની પાસે કેમ ન ટક્યું ?, તે વિચારીએ.

## શીયલ અને સંતોષ ગુણનો સાક્ષાત્કાર.

હસ્તિનાગપુર નામનું મોટું શહેર છે. તે શહેરમાં સર્વશ્રેષ્ઠિશિરોમણિ એવો નાગદત્ત નામનો શેઠ હતો. તે શેઠને ગુણીયલશીલ અને સંતોષ ગુણવાળી પત્ની હતી. જે સ્ત્રીમાં શીલ પરિપક્વ છે તે સ્ત્રી સ્ત્રીવેદને ધારણ કરવા છતાં જગતમાં પૂજ્ય બને છે. સંતોષવાળી સ્ત્રી શીલ ટકાવી શકે છે. શીલ અને સંતોષ સ્ત્રીને અંગે આભૂષણ રૂપે શોભાકારી છે. એ બે ગુણો આ લોક અને પરલોકમાં પણ ઉપયોગી છે સંતોષને લાવનાર, ટકાવનાર અને પોષનાર હોય તો શીલગુણ છે. સદ્દગુણી સ્ત્રીઓ ઘણે ભાગે સંતતિ વગરની હોય છતાં અત્યંત બુદ્ધિશાળી અને સંતોષી હોય છે. અલ્પાયુ, દરિદ્રતા, વ્યાધિ કે નિઃસંતાનતા આચારમાંથી ગુણીયલ સ્ત્રીઓને કોઈકની તો તેને ખામી હોય છે. દરિદ્રતા આદિ હોય એટલે પોતાની વિદ્યાને પ્રફુલ્લ ન કરી શકે અર્થાત્ ફેલાવી ન શકે. ભાગ્યશાળીઓના છોકરા કોઇકજ ભાગ્યશાળી હોય. ચક્રવર્તિના પુત્ર કોઈપણ ચક્રવર્તિ નજ થાય. દેવતાની પાછળ કાળા કોયલાજ હોય અર્થાત્ દેવતા મરીને દેવતા થતો નથી

દીવાથી દીવો જાગતો રહે તેમ કોઇક ભાગ્યશાળી હોય તેનો વંશ જાગતા રહે અહીં નાગદેવ શેઠ વસુંધરા શેઠાણી આટલા ઉત્તમ હોય પણ પુત્ર વગરના હોય તો તેથી દુનિયા નહિ આ બે કુવાની છાયા કુવામાં સમાણી. તેની ઉત્તમતાનો વારસો કોઇને દેખવાનો ન રહે. પણ તેમ તો નથી. એ નાગદેવ શેઠને એક પુત્ર છે. અને તેનું નામ જયદેવ છે.

## દહેરૂં કે દીકરો ?

દુનીયાદારીમાં સંતતિ આગળ આગળ મીંડા મુકતી જવાની છે. તમોને વધારેમાં વધારે પાંચ કે સાત પેઢીના નામો યાદ હશે. એથી આગળની પેઢીના નામો કોઇને યાદ નહીં હશે. પોતાના વડવાને અંગે આગળ મીંડા મુકતા જાય છે. બે ચાર પાંચ પેઢી સુધી યાદ રાખે. પુત્રને અંગે નામ રાખવાનું રાખી એ પણ સંતતિ તો આગળ મીંડા મુકતીજ જવાની. જે ધર્મનું કાર્ય છે તે કાર્ય એવું છે કે જેમાં મીંડુ મેલવાનું નથી. વિમળશાહ જેવા બાહોશ પહેલા કોઈ થયા નહિં હોય! વિમળશાહને આજે બધા શાથી યાદ કરે છે! 'દેહરૂં કે દીકરો એ બેમાંથી એક વસ્તુ મળશે' એમ જ્યારે દેવતાએ કહ્યું, ત્યારે વિમળશાહે કહ્યું કે દેરૂં ન થાય

તો મારે દીકરો ન જોઇએ. અહીં વિચારજો ! આપણે તો 'ઘરના છોકરા ઘંટી ચાટે અને ઉપાધ્યાયને આટો' આવા શબ્દો બોલી નાખીએ છીએ, પણ આસ્તિકના મુખમાં આવા શબ્દો ન શોભે

**પુણીયો શ્રાવક.**

આપણે તો પેટે પાટા બાંધી સાધર્મિકભક્તિ કરનારા શ્રાવકો આપણાથી એવા શબ્દો બોલાયજ નહીં. પુણીયા શેઠ શાથી પંકાયા ? સાડાબાર દોકડા એટલે માત્ર બે આનાની પુંજી. રૂની પુણી બે આનાની લાવી સુતર કાંતીને તેના મજુરીના બે આના મેળવે, તેમાંથી દરરોજ એક સાધર્મિકને જમાડે. એક દીવસ પોતે ઉપવાસ કરે બીજે દીવસે પુણીયા શેઠની સ્ત્રી ઉપવાસ કરે. પરંતુ સાધર્મિકને દરરોજ બોલાવીને આદરપૂર્વક ભક્તિ કરે. આ સ્થિતિ પુણીયા શ્રાવકની શ્રેણીક મહારાજાએ જ્યારે સાંભળી, ત્યારે બઝારમાં વેપારીઓને કહેવરાવ્યું કે પુણીયા શ્રાવકને માટે પુણીનો ભાવ ઓછો રાખવો ને તે સુતર વેચવા આવે તો વધારે ભાવ આપવો છતાં પુણીયો શ્રાવક એ લાભ લેતો નથી. ચાલુ બઝાર ભાવેજ લે વેચ કરે છે. મફતનું ન જોઇએ. દરરો ની કમાઈ માત્ર સાડાબાર દોકડાજ. તેમાં અર્ધી કમાણી દરરોજ સાધર્મિક ભક્તિમાં. માટે આપણે તો પેટે પાટા બાંધી સાધર્મિકભક્તિ કરનારા. તેનાથી ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો એવા શબ્દો બોલાયજ નહિં. આપણે પણ દુનીયાના શબ્દો બોલવાથી ટેવાઈ ગયા છીએ. સંતાન અને ચૈત્યની પસંદગીમાં ચૈત્યની પસંદગી કરી.

**પુત્ર પ્રાપ્તિનાં પરિણામ.**

પુત્રોમાં પણ બે વાત હોય. કાંતો કુળનો શણગાર નહીંતર છેવટે કુળનો અંગાર. વિનયવાળો પુત્ર હોય તો કુળનો શણગાર થવાનો. બાપે બત્રીશ ખત્તા ખાઇને બત્રીશ લક્ષણ મેળવ્યા હોય. વિનયવાળો પુત્ર ૩૨ ખત્તા ખાધા વગર ૩૨ લક્ષણ મેળવી શકે. તેમ આ શેઠને વિનય તેમજ ઉજવળ બુદ્ધિવાળો પુત્ર છે. ગધેડીને ૧૦ પુત્ર પુત્રી છતાં જીંદગી સુધી ભાર વહેવોજ પડે છે. તેમ ગૃહસ્થોમાં પણ પુત્રો તરફથી શાંતિ નિશ્ચિંતપણું ન થાય તો જાનવરના વછેરામાં અને મનુષ્યોનાં પુત્રોમાં ફરક કયો ? જાનવર માટે પાંજરા પોળો છે. મનુષ્યો માટે તેમ નથી. જાનવર નકામા થાય તો પાંજરાપોળે મૂકી દઇએ. આપણે તો જીંદગીના છેડા સુધી ઘરની ચિન્તા કરવાની અને મેલી જા ને વિસરજાનો જાપ જપવાનો. રાજીનામું દેવાની સ્થિતિ હજુ નથી આવી ?

રાજીનામું અને રજા એ બેનો ફરક સમજો. શેઠ રાખવા માંગે અને આપણે રહેવું નથી ત્યારે રાજીનામું આપ્યું ગણાય. રજા એને કહેવાય કે આપણે રહેવા માગીએ ને શેઠ રાખવા માગતા નથી. તેમ કુટુંબ રાખવા માગે અને આપણે રહેવું નથી. તો રાજીનામું દઇ કુટુંબ છોડતા શીખો. રજા દેશે અને છેવટે છોડવું પડશે તો તે કરતાં શા માટે જાતે રજા લઇને નીકળી ન પડવું ? બેમાંથી એક પ્રકારે કુટુંબ તો છોડવુંજ પડશે. પુત્રો એનું નામ કે માબાપોને રજા દઇને જવાનો વખત ન લાવે. મનુષ્યપણાની સંતતિ ડહાપણવાળી હોય. જાનવરમાં પણ પોત પોતાના બચ્ચાં પર દરેકને પ્યાર છે. પરંતુ મનુષ્યપણામાં વિવેક સાથે ડહાપણ વસવું જોઇએ છોડવું છે. છુટવાનું છે તો રાજીનામું કેમ ન આપવું ? પુત્ર ભાર ઉતારનાર બને. હવે જયદેવ પુત્ર પિતાનો ભાર ઉતારનાર છે કે ગધેડાના પુત્ર માફક ભાર વહેવડાવનાર છે તે સમજવું જોઇએ.

**ચિન્તામણિ રત્નની શોધમાં.**

તે જયદેવ પુત્ર અતિશય ડહાપણવાળો હોવાથી પોતે ઝવેરાત-રત્નની પરીક્ષા કરવાની કળા શીખે છે. ઝવેરાતની પરીક્ષા કરવાની કળા બે મહીનામાં શીખી ન જવાય. બાર વરસ સુધી શીખવાનું ચાલુ રાખ્યું. એટલો બધો રત્ન-પરીક્ષામાં કાબેલ બની ગયો કે ગમે તેવા રત્નની પરીક્ષા ઉંડાણથી કરી શકતો. યાવત્ ચિંતામણી રત્નના પણ લક્ષણો તેના જાણવામાં આવી ગયા. ચિંતામણીરત્ન તેજ કહેવાય કે જેનું તેજ બધા રત્નો કરતાં ચઢીયાતું હોય. ઉપર કે અંદર મેલ ડાઘ ન હોય. સર્વ પ્રકારે નિર્મળ હોય રેખા પણ જેમાં ન હોય. એટલુંજ નહિં પણ પાસે એ રત્ન ગયું તેનું ધાર્યું કામ કરી આપે. ચિંતામણીનું લક્ષણ જાણ્યા પછી બાકીના રત્નોને પત્થર સમાન ગણવા લાગ્યો. હવે જયદેવ ચિંતામણીરત્નમાંજ લયલીન બન્યો. બીજા રત્નનો વેપાર કરતો નથી. ચિંતામણી રત્ન વગર પ્રયત્ને ન મળે. તલમાં તેલ છે પણ ઉદ્યમ ન કરે તો તેલ ન નીકળે ભરેલા ભાજને પણ ભૂખ હઠાવી ન શકે.

તેમ ચિંતામણી હોય તો લઈએ એમ બેસી રહી વાતો કર્યા કરે તેથી હાથમાં ન આવી જાય. તેથી તે મેળવવા માટે આખા નગરમાં બધે ઝવેરીને ત્યાં ફરી વળ્યો. દુકાને દુકાને માલ જોઈ લીધો. ઘેરે ઘેર ફરી વળ્યો. લગીરપણ કંટાળો લાવ્યા વગર આખા નગરમાં ફરી વળ્યો. છતાં પણ મળ્યું નહિં. હવે માતાપિતાને કહે છે કે બહુ તપાસ કરી પણ ચિંતામણી રત્ન મળતું નથી જે મનુષ્ય નવીન ચીજ મેળવવા ઈચ્છા રાખે, તેને કંટાળા સાથે સગાઈ ન પાલવે તેથી વિચાર કર્યો કે હું પરદેશ જઉં. માતપિતાને પોતાને પરદેશ જવાનો વિચાર જણાવ્યો. એટલે એકનો એક વિનયવાળો પુત્ર તેને પરદેશ કેમ મોકલાય. એટલે કહ્યું કે ઘેરબેઠા ટુકડો મળે તો બહાર ન જવું. વિગેરે કહી સમજાવે છે, છતાં પુત્ર માનતો નથી. એટલે કહે છે કે ચિંતામણી વસ્તુજ જગતમાં નથી. એમ કહી ઇષુકારના પુત્રની માફક ભરમાવે છે. તે કુમારને માતપિતા કેવા ભરમાવે છે તે વિચારીએ.

**પુત્રોને ભરમાવનારાઓ.**

એક ઈષુકાર નામનો પુરોહિત છે. તેને એક સ્ત્રી છે. સંતાન વગરના જીવન પસાર કરે છે. અને અફસોસ કરે છે એક બાજુ બે દેવતાઓએ તીર્થંકર ભગવાનને પ્રશ્ન કર્યો કે કયાં ઉપજીશું? ઈષુકાર પુરોહિતને ઘેર. હમને ધર્મ પ્રાપ્તિ સુલભ છે કે દુર્લભ? જવાબમાં કહ્યું કે ધર્મ તમને દુર્લભ થશે. બંને દેવતાઓ ધર્મની આટલી તીવ્ર ઈચ્છાવાળા છે. દુર્લભ સાંભળી નિરુત્સાહી ન બન્યા. નિષ્ફળતાને બ્હાને નિરુત્સાહી હોય તો ઉદ્યમ છોડે. અહીં તીર્થંકર સરખા કહે છે કે બોધિ દુર્લભ છતાં વિચારે છે. અહીં કાયર હોય તો શું થાય? હવે તે બે દેવતાઓ સાધુરૂપ લઈને પુરોહિતને ત્યાં આવ્યા. ધર્મ સંભળાવ્યો. હમને સંતાન થશે કે નહિ? એમ પ્રશ્ન કર્યો. પ્રત્યુતરમાં કહ્યું કે છોકરા થશે પણ દીક્ષા લેશે. તે દીક્ષા લે તો તમારે વિઘ્નરૂપે આડા ન આવવું. હવે શો ઉત્તર આપે? લાજે શરમે કહ્યું કે તે કાર્યમાં અમે આડા નહીં આવીએ. બંને દેવો ચાલી ગયા. ચ્યવીને અહીંજ પુરોહિતને ત્યાં બંને જન્મ્યા. હવે પુરોહિત અને પુરોહિતની સ્ત્રી વિચાર કરે છે. દીક્ષાની આડા ન આવવું. અને સંતાન સાચવવાને બંને કાર્ય ચોક્કસાઈ પુર્વક કરવાં. હવે શું કરવું? છોકરા જ્યાં સમજણા થાય કે 'બાવો આવ્યો લઈ જશે' તેવા સંસ્કારો પડાય છે તેનો અર્થ શો? એવાજ સંસ્કાર પુરોહિતે તે છોકરામાં નાંખ્યા કે બાવાઓ અર્થાત્ સાધુઓ છોકરાઓને ભરમાવીને લઈ જાય છે. અને મારી નાંખીને ખાઈ જાય છે. સાધુના પરિચયમાંજ ન આવવા દેવા. આવા વેષવાળા છોકરાઓને ઉપાડી જાય છે. એવી ભડક છોકરામાં નાંખી. હવે જ્યાં સાધુને દેખે ત્યાંથી દોટ મુકી બંને છોકરા ભાગી જાય. પરંતુ કોઇક વખતે સાધુને દેશના દેતા દેખ્યા ત્યારે માતા પીતાને કહ્યું કે, હમે તો સાધુને દેશના દેતા દેખ્યા, પણ મારતા ન દેખ્યા. પુરોહિતે દેખ્યું કે આ ફાંસો તો કપાઈ ગયો અર્થાત્ ભરમ ભાંગી ગયો છે. હવે અહીં બીજો ફાંસો નહીં ચાલે. પછી પુરોહિત નવો તુકકો ઉભો કરે છે. કે. અહીં હવા પાણી ઠીક નથી માટે જંગલમાં રહેવા જઇએ. જ્યાં સાધન આગમન ન થાય તેવા સ્થાનમાં રહેવા ગયા. શા માટે? દીક્ષાનું કહે તો ના ન કહેવાય. પણ દીક્ષાને રસ્તે નથી ચઢવા દેવા. રણના કીનારે બહાર રહ્યા. હવે ભવિતવ્યતા યોગે જંગલમાં સાધુઓ ભૂલા પડી ગયા. માર્ગમાં ગોકુળમાંથી દહીં છાશ વહોરીને આગળ જાય છે. ત્યાં છોકરાઓએ સાધુને દેખ્યા, અને ભય પામ્યા. હવે તો સપડાયા નજીક મોટું ઝાડ હતું. તેના ઉપર બંને છોકરાઓ ચઢી ગયા. અને ઝાડ ઉપર સંતાઈ ગયા. હવે સાધુઓ પણ વૃક્ષ નજીક આવી તે ઝાડની નીચે દહીં, છાશ વાપરવા બેસે છે. સાધુઓએ ચારે દિશામાં દ્રષ્ટિ કરી કોઇ ન દેખાયા. હવે ઉપરથી છોકરાઓ પાત્રામાં માત્ર આહાર પાણી દેખે છે. માબાપે આપણને આમ કેમ કહ્યું હશે. આ સાધુઓ તો માત્ર આહારજ વાપરે છે. એમ વિચારતાં વિચારતાં જાતિસ્મરણ જ્ઞાન થયું અને નિર્ણય થયો કે બાપે ફસાવાનો આ રસ્તો કર્યો છે. ખરેખર સાધુ મહાત્માઓ તો આપણા પરમ ઉપકારી છે. માબાપે પુત્ર સ્નેહથી ભરમાવ્યા છે. બધી હકીકત માબાપને જણાવી. પછી માતાપિતા પુરોહિત રાજા વિગેરેએ દીક્ષા લીધી. આમ અવળું સમજાવી ભરમાવી માતાપિતા જયદેવને ચિંતામણી રત્ન માટે પરદેશ જવાની ના કહે છે. હવે જયદેવે શું કરવું? અર્થાત જયદેવ કેવી બાજી ગોઠવે છે વિચારીએ.

॥ સકલમન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજરાજેશ્વર-શ્રીસિદ્ધચક્રેભ્યો નમો નમઃ ॥

॥ સકલમનોવાંચ્છિતપૂરકઃ શ્રીશંખેશ્વર-પાર્શ્વનાથો વિજયતેતમામ્ ॥

। સર્વમંગલશિરોમણિ-શ્રીદ્વાદશતપોધર્માનુરક્તેભ્યો નમઃ ।

# શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય.

**નોંધ:**—આ શરૂ થતા ગ્રન્થમાં માનવ જીવનની દુર્લભતા, માનવ જીવનને સફળ કરવાના સહકારિ સંયોગો, ધર્મ પુરૂષાર્થની અનિવાર્ય જરૂર અને સેવન, ધર્મના ચાર પ્રકારમાં તપોધર્મની વિશિષ્ટતા, સકળ તપોધર્મમાં શ્રી વર્દ્ધમાન-તપોધર્મની વિશિષ્ટતા આદિ અનેકવિધ પ્રકરણોના પૂર્વાપર સંબંધ ઉત્પત્તિ યુક્તિ-શંકા સમાધાન-પૂર્વક પુનિત પ્રકરણોનો અત્ર પ્રારંભ કરાય છે. આ 'શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય' નામના નાનકડા ગ્રન્થના પુનિત પ્રકરણોનું પરિશીલન કરીને શ્રી વર્દ્ધમાન તપોધર્મનું સેવન કરનારાઓ ઉત્તરોત્તર શ્રેષ્ઠ-સંપદાઓને કઇ રીતે પામ્યા છે, વર્તમાનમાં કઈ રીતે પામે છે, અને પામશે; તેનું અત્ર દિગ્દર્શન કરાવાય છે.

---

**લેખક:**—શ્રીસર્વજ્ઞકથિત-સ્યાદ્વાદમુદ્રામુદ્રિત-જૈન-શાસનના પરમ રહસ્યભૂત શ્રીનવપદ-પિયૂષપાનોદ્યતભવ્યભાવોદ્-બોધસૂર્યોદય-શ્રીસિદ્ધચક્ર-નવપદારાધક સમાજ શ્રીવર્દ્ધમાનતપોધર્મવર્ધક-સંસ્થાસંસ્થાપક-શ્રીવર્દ્ધમાન-તપોનિષ્ણાત શ્રીસિદ્ધચક્રારાધન-તીર્થોદ્ધારક-પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરગણીન્દ્ર.

[ શ્રી સિદ્ધક્ષેત્રના શાશ્વત ધામમાં શાસનમાન્ય વિદુષી સાધ્વીશ્રી તિલકશ્રીજી મહારાજજીની શ્રીવર્દ્ધમાન તપોધર્માનુરક્તા પરમવિનીત પ્રશિષ્યા સાધ્વીશ્રી **તીર્થશ્રીજી**ના પુર્ણાહુતી પામતા શ્રી વર્દ્ધમાન તપોધર્મની આરાધના નિમિત્તે ( શ્રીવર્દ્ધમાન તપોધર્મની ૧૦૦ મી ઓળીના પારણા નિમિત્તે ) આલેખન કરાયેલ 'શ્રીવર્દ્ધમાન તપો મહાત્મ્ય' નામનો અનુપમ ગ્રન્થરત્ન વિ. સં. ૨૦૦૨ ફા. સુ. ૮ રવિવારે પારણાના દિવસે ભેટ અપાયેલ છે. છપાયેલ ગ્રન્થની પ્રથમ આવૃત્તિ પૂર્ણ થતાં આ માસિકના વાંચક વૃંદો તે ગ્રન્થના વાંચનનો લાભ લઇ શકે તે હેતુથી અત્ર અપાય છે. **તંત્રી.** ] [ લેખાંક ૨ જો ]

### માનવ જીવનને સફળ કરવામાં સાચી દુર્લભતા

સ્વપરકલ્યાણના અર્થી આત્માઓને મનુષ્ય-પણું મેળવવું એ જેટલું દુર્લભ છે તેટલું અગર તેથી પણ વિશેષ દુર્લભ તો પ્રાપ્ત થયેલ મનુષ્યપણાને સફળ કરવાનું છે.

મનુષ્યપણું મેળવ્યા માત્રથી ધારેલી ધારણાઓ, વિચારેલી વિચારણાઓ, આરંભેલી આશાઓ, મનઃકલ્પિત મનોરથો વારંવાર ઇચ્છેલી ઇચ્છાઓ પૂર્વે સફળ થઇ નથી, હમણાં સફળ થતી નથી અને ભવિષ્યમાં સફળ થશે પણ નહિ માનવ જીવનની પ્રાપ્તિ પછી માનવ જીવનને સફળ કરવા માટેના સાનુકૂળ સંયોગોનો સહકાર પણ અત્યંત જરૂરી છે.

ભવાંતરથી મનુષ્યપણાનું અલ્પાયુષ્ય બાંધીને મનુષ્યપણામાં આવતાં ગર્ભાવસ્થામાં, જન્મીને તુરતજ અથવા તો ચાર પાંચ વર્ષની ઉમરમાંજ મરી જનાર જીવે મનુષ્યપણું તો પ્રાપ્ત કર્યું પરંતુ તેને સફળ કરવાના સાનુકૂળ સંયોગોની પ્રાપ્તિની દુર્લભતાએ કરીને મનુષ્યપણું પ્રાપ્ત કરવા છતાં મનુષ્યપણામાં મળી શકતા અનેક લાભોમાંથી એક પણ લાભ તે જીવ મેળવી શક્યો નહિ હોવાથી તેનો મનુષ્યભવ નિરર્થક ગયોજ કહી શકાય. માનવજીવનને પ્રાપ્ત કર્યા પછી પણ માનવજીવનને સફળ કરવામાં સાચી દુર્લભતા છે. તેથીજ માનવ જીવનને સફળ બનાવનાર સહકારી સંયોગોને વિચારીએ.

## મનુષ્યપણું સફળ કરવામાં મળવો જોઇતો સાનુકૂળ સંયોગોનો સહકાર.

મનુષ્યપણાને[1] પ્રાપ્ત કરનાર જીવનું આયુષ્ય લાંબુ હોય તેટલા માત્રથી મનુષ્ય જીવન સફળ થઇ શકે એવો પણ કાંઇ નિયમ નથી. કારણ મનુષ્યપણું અને લાંબું આયુષ્ય હોવા છતાં તેની સાથે અનાર્યદેશ, અધમ જાતિ, અધમ કુળ, ઇંદ્રિયોની હીનતા અને રોગી શરીર વિગેરેની પણ પ્રાપ્તિ થઇ જાય તો તે પ્રતિકૂળ સાધનોના સહકારથી અધમ કાર્યોનું આચરણ કરીને જગતના જીવોનો ધિક્કાર મેળવીને અંતે અધમ ગતિ જનારો થાય છે.

તેથીજ માનવજીવનને સફળ કરવાના સાધનોમાં લાંબા[2] આયુષ્યની સાથે શાસ્ત્રકારોએ આર્યદેશ,[3] ઉત્તમ જાતિ,[4] ઉત્તમ કુળ,[5] પાંચે ઇંદ્રિયોની,[6] પૂર્ણતા અને પટુતા, નીરોગી શરીર,[7] સન્માર્ગ-દર્શક વડીલો,[8] અને સદુપદેશક ગુરુવર્યો,[9] તેઓશ્રીના વચનોની વિનયપૂર્વકની ઉપાસના,[10] ધર્મોપદેશાદિકનું શ્રવણ[11], પઠન[12], પાઠન અને પરિશીલન[13], તથા તેના પરિણામે વિવેકનો[14], વધારો અને તેના પરિણામે હેય અને ઉપાદેય વિભાગમાં કરાતી યથાશક્તિ નિવૃત્તિ[15], અને પ્રવૃત્તિ[16], અને તેના પરિણામે આવી પડનારાં વિઘ્નોની સમજણ[17], તથા તેને નિવારણ કરવાનું બુદ્ધિકૌશલ્ય[18], ધૈર્ય[19], અને સામર્થ્ય[20] શરૂ કરેલા સત્કાર્યની સિદ્ધિ માટે અપૂર્વ શ્રદ્ધા-બળ[21], અને વીર્યબળ[22], શ્રદ્ધાબળ અને વીર્યબળના વધતા વેગથી પ્રાપ્ત કરેલી સત્કાર્યની સિદ્ધિનું[23] યોગ્ય આત્માઓને પ્રેમપૂર્વક પ્રદાન[24], સત્કાર્ય સિદ્ધિ-પ્રદાનની પુનિત પરંપરાઓના પુનિત-પ્રબંધો વિગેરે પુણ્યની પૂરી જોગવાઇ એ અનુક્રમે પ્રાપ્ત થાય છે. પૂર્વે જણાવેલા પ્રબળ પુણ્યના પ્રભાવે ચતુર્વિંશતિ પ્રશસ્ય-સંયોગો મનુષ્યપણાને પામેલો જીવજ પોતાના માનવજીવનને વધારેમાં વધારે સાફલ્ય બનાવી શકે છે, અર્થાત્ તે સંયોગોના સહકારથી માનવજીવનની સફળતાને પ્રાપ્ત કરી શકે છે. અન્યથા પૂર્વે કોઇએ માનવજીવન સફળ કર્યું નથી, વર્તમાનમાં કોઈ સફળ કરતો હોય એવું જણાતું નથી અને ભવિષ્યમાં કોઈ સફળ કરશે એવી કલ્પના પણ થઇ શક્તી નથી.

માનવજીવનને સફળ કરવામાં સાનુકૂળ સંજોગોનો સહકાર અત્યંત જરૂરનો છે. આ કથનને પૂર્વાચાર્યોએ ધર્મકથાનુયોગમાં સારી રીતે સમજાવ્યું છે. દૃષ્ટાન્ત તરીકે શાસનમાન્ય શ્રી રત્નશેખરસૂરિજીએ પ્રાકૃત-શ્રીપાલ-ચરિત્રની શરૂઆતમાં શ્રી મહાવીર પ્રભુના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજીની દેશનામાં અને તે ચારિત્રની અંતમાં શ્રી અજિતસેન મુનિપ્રવરની દેશનાના પ્રસંગમાં આ પ્રસંગને અત્યંત મહત્વ આપ્યું છે.—

" दुलहं लहिऊण माणुसं जंमं खित्तकुलाइपहाणं ।
दुल्लहो माणुसो भवो " ઇત્યાદિ ગાથા ૧૬-૧૭.

" लद्धंमि माणुसे जम्मे दुल्लहं खित्तमारिअं "
ઇત્યાદિ ગાથા ૧૦૭૫ થી ૧૦૮૫.

॥ સિરિસિરિવાલકહા ॥

**ભાવાર્થ[2]**—હે મહાનુભાવો! પૂર્વે કરેલા પુણ્યથી દુર્લભ મનુષ્ય જન્મ પામીને પણ આર્યક્ષેત્ર અને ઉત્તમ કુલ [3]આદિ સામગ્રીઓ પામવી દુર્લભ છે. પૂર્વના પુણ્યથી તે પણ કદાચ પામી જવાય તો પણ પછી પાંચ પ્રકારના

---

૧ सिरिसिरिवाल कहा पृ. २। २ पृ. १२१. १२२। ૩ આદિ શબ્દથી ઉત્તમ જાતિ, દીર્ઘ આયુષ્ય, નિરોગી શરીર અને પંચેંદ્રિયોની પટુતા વિગેરે.

પ્રમાદને છોડીને સદ્ધર્મ-કર્મમાં ઉદ્યમવંત થવાનું તો અત્યંત દુર્લભ છે. ગાથા ૧૬-૧૭.

હે મહાનુભાવો ! અનેક ભવોની પરંપરામાં દશ દૃષ્ટાન્તોએ કરીને અત્યંત દુર્લભ એવો આ મનુષ્ય જન્મ પામવોજ દુર્લભ છે. ત્યારપછી અનુક્રમે આર્યક્ષેત્ર, ઉત્તમ જાતિ, ઉત્તમ કુલ, પરિપૂર્ણ પંચેંદ્રિયપણું, નીરોગીપણું, દીર્ઘ આયુષ્ય, સદ્ગુરૂનો સંયોગ, સદ્ગુરૂનું દર્શન અને સેવન, સિદ્ધાન્તશ્રવણ, તત્ત્વબુદ્ધિ, તત્ત્વરૂચિ અને રૂચિ અનુસારે તત્ત્વબોધ અને તદનુસાર વર્તન-પાલન અને પરિપાલન પામવાનું, (શિવમહેલના પુણ્ય સોપાનો) ઉત્તરોત્તર પ્રાપ્ત કરવા તે એક એકથી અત્યંત દુર્લભ છે. ઉપર જણાવેલાં તેરે તેર દુર્લભ સ્થાનકો પુણ્યશાળી જીવોને નિર્વિઘ્નતાએ પ્રાપ્ત થઇ શકે છે. ઉપરના તેર સ્થાનકોમાંથી જે જીવને જેટલાં સ્થાનકો ઓછાં મળે તેટલી તે જીવની પુણ્યાઇ ઓછી સમજવી. એ દરેક સ્થાનકોની કેટલી બધી દુર્લભતા છે તે સમજવાને માટે પ્રાપ્ત થયેલા સ્થાનક પછીના તે [1]સ્થાનક પ્રાપ્ત થવામાં આવી પડતાં વિઘ્નો અને વિઘ્નકારક પ્રસંગોને સમજવાની ઘણીજ જરૂર છે. સમજવાના અભિલાષીઓએ ઉત્પત્તિ પૂર્વક ગાથાક્રમ અને પદો વિચારવાથી માલૂમ પડશે.

## વિચારોનું વર્ગીકરણ.

મનુષ્ય માત્રના હૃદય મંદિરમાં અહોનિશ ઉઠતી ઊર્મિઓ, વૃદ્ધિ પામતા વિચારો, અસંખ્ય અભિલાષાઓ, મનઃકલ્પિત મનોરથો, વિવેક શૂન્ય વાંછાઓ, ઉભરાતી ઇચ્છાઓ અને કરોડો કલ્પનાઓનું વર્ગીકરણ કરીએ તો તેના ઓછામાં ઓછા ચાર વિભાગો થઇ શકે છે. એ ચાર વિભાગોમાંજ માનવજીવન જીવનારાઓના સમગ્ર સંકેતો સમાઇ શકે છે. એ ચાર વિભાગો તે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચાર પુરૂષાર્થો છે. પુરૂષ માત્રના અભિલાષો એ ચાર પુરૂષાર્થોમાં સમાઇ જાય છે એમ વીતરાગશાસનમાન્ય-સિદ્ધાન્તના અભ્યાસી વિદ્વજ્જનોમાં સુપ્રસિદ્ધ છે.

કોઇપણ સ્થળે કોઇપણ સંયોગોમાં કોઇપણ ક્ષણે કોઇપણ રીતિએ આવિર્ભાવ થએલા અભિલાષાદિને શાંત મગજ રાખીને ચોકસાઇથી તપાસવામાં આવે તો તે અભિલાષાદિને ઉપર જણાવેલા પુરૂષાર્થના ચાર વિભાગ પૈકીના કોઇપણ વિભાગમાં દાખલ કરવોજ પડશે. આ પ્રસંગ-સમજથી સિદ્ધ થાય છે કે આ સંસારના જીવ માત્રના અભિલાષાદિ ચાર પુરૂષાર્થમાં અંતર્ગતજ છે.

## ચાર પ્રકારના પુરૂષાર્થોમાં જવાબદાર તો ધર્મ પુરૂષાર્થજ છે.

બારીકાઇથી તપાસતાં જણાય છે કે આ ચાર પુરૂષાર્થોમાં પ્રધાનપણું તો ધર્મપુરૂષાર્થનું જ છે; કેમકે એ ધર્મપુરૂષાર્થથી જ બાકીના ત્રણ પુરૂષાર્થોની સિદ્ધિ થઇ શકે છે. ધર્મ પુરૂષાર્થના પ્રધાનપણાને જણાવતાં ચૌદશો ચુમ્માલીશ ગ્રન્થના પ્રણેતા પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ શ્રીમાન્ હરિભદ્રસૂરિજી પોતાના ધર્મબિન્દુ પ્રકરણમાં જણાવે છે કે—

"धनदो धनार्थिनां प्रोक्तः, कामिनां सर्वकामदः।
धर्म एवाऽपवर्गस्य, पारम्पर्येण साधकः ॥ २ ॥"

॥ धर्मबिन्दुः ॥

---

[1] મનુષ્યપણું મળ્યા પછી મહાપુણ્યના ઉદયવાળાનેજ લાંબું આયુષ્ય મળેલું હોય છે. લાંબા આયુષ્યના સ્થાનકને પામેલો પુણ્યની પૂરી જોગવાઈવાળો હોય તોજ શ્રવણાદિ યોગ્ય પાંચે ઇન્દ્રિયોની પૂર્ણતા અને તે તે ઇન્દ્રિયો પોતાના વિષયમાં કાર્યસિદ્ધિ કરે તેવી પટુતા મેળવી શકે છે.

ભાવાર્થ:—ધનના અર્થિઓને ધન દેવાવાળો, ( કામ–અભિલાષ ) ઈંદ્રિયોના વિષયોના અભિલાષવાળાઓને દરેક વિષયોની પ્રાપ્તિ કરાવનારો અને પરંપરાએ છેવટ મોક્ષને પ્રાપ્ત કરાવનારો પણ ધર્મ પુરૂષાર્થજ છે.

આ ઉપરથી સમજી શકાય છે કે–અર્થ અને કામ પુરૂષાર્થને અનુક્રમે પ્રાપ્ત કરાવવામાં, ટકાવવામાં, વધારો કરાવવામાં, ભોગવવામાં, ભોગવતાં પણ ખૂટે નહિ તેવા બનાવવામાં, ઉત્તરોત્તર વિશેષપણે દેવસંપત્તિઓ–માનવ સંપત્તિઓની પ્રાપ્તિ વિગેરે કરાવીને પરંપરાએ અક્ષય–અવ્યાબાધ સુખરૂપ મોક્ષ પુરૂષાર્થને સિદ્ધ કરાવનાર પણ ધર્મ પુરૂષાર્થજ છે. ચારે પુરૂષાર્થમાં ધર્મ પુરૂષાર્થનું પ્રધાનપણું છે તે યોગ્યજ છે.

ઉપર જણાવ્યા પ્રમાણે ધર્મપુરૂષાર્થના પ્રધાનપણાને જાણીને સહકારિસંયોગોની સાથે માનવજીવનનો સદુપયોગ કરવાની ઇચ્છાવાળાઓએ સૌથી પહેલાં જવાબદાર અને જોખમદાર એવા આ ધર્મપુરૂષાર્થની પ્રાપ્તિના ધોરી રાજમાર્ગમાં જીવન સમર્પણ કરવું એજ સર્વથા સર્વદા–સર્વત્ર શ્રેયસ્કર છે.

ધર્મ અને મોક્ષ પુરૂષાર્થથી દૂર ભાગનારા જીવોને ઉદ્દેશીને વિના સંકોચે કહેવું પડે છે કે અર્થ અને કામની અભિનવ અને કમનીય કામનાઓની પરિપૂર્ણતા માટે પણ ધર્મની આરાધના એ જરૂરી વિષય છે. મનુષ્યભવમાં આવેલા જીવના જન્મથી આરંભીને મરણ પર્યંતના કાળમાં સુખ, શાંતિ અને આનંદની લ્હેજત લેનારાઓએ ધર્મની આરાધનાથી લેશ પણ વંચિત થવું એ ઉભયલોકના સુખ–શાંતિ અને આનંદથી ઠગાવા જેવું છે.

ત્રિકાલાબાધિત, અવિચ્છિન્ન પ્રભાવવાળા, સ્યાદ્વાદ મુદ્રાથી મુદ્રાંકિત, રાગદ્વેષાદિ દુષ્ટ દુશ્મનોથી સદાય અજિત એવા આપ્તપુરૂષોથી ઉપદેશાયલા અને ઇહલોક પરલોકમાં સદાય સર્વથા સુખકર એવા ધર્મની આરાધના કરવામાં માનવજીવનને ઓતપ્રોત બનાવી દેવામાંજ સફલતા છે.

## ધર્મ પુરુષાર્થની વાસ્તવિક ઉપાસના.

ધર્મ પુરૂષાર્થની આટલી જવાબદારી અને જોખમદારી સમજ્યા પછી ધર્મની આરાધના કરવાની ઇચ્છાવાળાઓને શંકા થશે કે–કોઈ ઠેકાણે દાન–શિયળ–તપ અને ભાવ એમ [1]ચાર પ્રકારના ધર્મ કહ્યા છે. અને કોઇ ઠેકાણે જ્ઞાન–દર્શન અને ચારિત્ર એમ [2]ત્રણ પ્રકાર કહ્યા છે, તો એ બન્ને પ્રકારના વચનોમાંથી અમારે કયા પ્રકારના ધર્મની આરાધના કરવી ?

ધર્મની વ્યાખ્યામાં ધર્મનું સ્વરૂપ અને ધર્મનું ફળ પણ ભિન્ન ભિન્ન રીતિએ પ્રદર્શિત કરેલું છે. પરિણતિધર્મ અને પ્રવૃત્તિધર્મનું સ્વરૂપ પણ અલગ–અલગ રીતિએ શ્રવણગોચર થાય છે, માટે ધર્મ પુરૂષાર્થના પુનિત પૂજકોએ કયા ધર્મની આરાધના કરવી જોઇએ ? આ પ્રશ્નની પરંપરાના સમાધાનમાં પ્રવૃત્તિધર્મમાં કે પરિણતિધર્મમાં આગળ વધનારાઓએ ધર્મના સ્વરૂપને યથાર્થ રીતિએ સમજીને તથા ધર્મના ફળને લક્ષ્યમાં રાખીને ધર્મમાં પ્રવૃત્તિ કરનારાઓએ પોતાની પરિણતિને ધર્મમય બનાવવી એ જ ધર્મની વાસ્તવિક ઉપાસના છે.

ધર્મનું સ્વરૂપ, ધર્મનું ફળ, ધર્મનું પ્રવર્તન અને ધર્મમય પરિણતિ એ ચારેને સમજવાની જરૂર છે.

ધર્મના સ્વરૂપને સમજ્યા વગર ધર્મનું સંપૂર્ણ ફળ જે મોક્ષ તે ધર્મપ્રવૃત્તિદ્વારાએ

૧. જુઓ શ્રી યોગશાસ્ત્ર–दुर्गतिप्रपतज्जन्तु० । ૨. જુઓ શ્રી તત્ત્વાર્થાધિગમ સૂ૦ ૧.

મેળવી શકતો નથી. કારણ કે ધર્મના સ્વરૂપનો અજાણ ધર્મપ્રવૃત્તિરૂપ પારાવારમાં પ્રવેશ કરે તો પણ અંતિમ સાધ્યસિદ્ધિને અનુકૂળની પરિણુતિ બનાવી શકતો નથી, માટે અનુક્રમે સ્વરૂપ, ફળ, પ્રવૃત્તિ અને પરિણુતિને સમજી લઇએ.

## ધર્મના ફળમાં એકતા હોવા છતાં પણ સ્વરૂપમાં ભેદ.

સુવર્ણ અને પિત્તળ, સાચો હીરો અને ઇમીટેશન હીરો, મોતી અને કલ્ચરના સ્વરૂપને નહિ સમજનારો લેવા જાય સુવર્ણ અને લઇ આવે પીત્તળ, લેવા જાય સાચો હીરો અને લઇ આવે કાચનો ટુકડો, લેવા જાય પાણીદાર મોતી અને લઇ આવે મીણીયું મોતી, આ બધું શાથી થાય છે? જવાબમાં કહેવું પડશે કે-લેનારે-ખરીદ કરનારે સુવર્ણ-હીરા અને મોતીના સ્વરૂપનો નિર્ણય કર્યો નથી. હીરાની કિંમતરૂપ ફળ તરફ દોડનારા, હીરો હીરો બોલનારા, ચવ અને રતિના હિસાબ ગણનારા અને હીરાના ભાવને જોરશોરથી બોલનારાઓ પણ અસલી હીરાને બદલે નકલી હીરો કેમ લે છે? જવાબમાં કહેવું પડશે કે—તેઓ સાચા હીરાનું સ્વરૂપ સમજ્યા જ નથી. તેવી રીતે ધર્મના ફળની દોડધામ કરનારને, ધર્મ ધર્મ બોલનારને, ધર્મના ફળની જાહેરાત કરનારાઓને પણ લાભને બદલે નુકશાનની પરંપરાઓ અનુભવવી પડે છે.

સ્વરૂપ તરફ નજર રાખે, સ્વરૂપની તપાસ કરે, સ્વરૂપને ઓળખે, નકલી અસલીના ભેળસેળમાં પણ સ્વરૂપને સમજનારો અસલીને પરખે, એવાઓને સ્વરૂપની સાચી સમજને લીધે ફળ હાથમાં આવીને ઊભું રહે છે, માટેજ સ્વરૂપને સમજવાની અનિવાર્ય આવશ્યકતા છે અને તેથીજ ધર્મના વાસ્તવિક ફળને પ્રાપ્ત કરવાની ઉમેદવારી રાખનારે ધર્મનું સ્વરૂપ સમજવુંજ જોઇએ.

ફળરૂપ કિંમત મેળવવાની તાલાવેલીમાં પડેલાઓ પદાર્થનું સારૂં અને ખોટું સ્વરૂપ ન સમજે તો ફળ મળવું તો દૂર રહ્યું પણ ઉલટી હાંસી થાય છે. જેમ પિત્તળ લઇને વેચવા જનારો તોલાના પંચોતેર અને પંચાશી રૂપીયાની માંગણી કરે, ઇમીટેશન વેચનારો સાચા હીરાના રતિ કે ચવના ભાવ જણાવે અને માંગે, અને જર્મન સીલ્વરના વાસણોને વેચનારો ચાંદીનો ભાવ માંગે તો ધક્કાજ ખાય અને જન સમાજમાં હાંસીને પાત્ર થાય. તેવી રીતે ધર્મ-અધર્મના યથાર્થ સ્વરૂપને સમજ્યા વગર ધર્મની કિંમત અર્થાત્ ધર્મનું વાસ્તવિક ફળ પ્રાપ્ત કરવાની ઉમેદ રાખનારાઓ જૈન શાસનમાં હાંસીને પાત્ર બને તેમાં કાંઈ નવાઇ નથી.

'ધર્મ દુર્ગતિને રોકનાર છે અને સદ્દગતિને મેળવી આપનાર છે' એવા સિદ્ધાન્તની બાબતમાં ફળ પ્રદર્શનમાં તો બધાં દર્શનકારો એક સરખાં છે; પરંતુ ધર્મના સ્વરૂપને પ્રતિપાદન કરવામાં જૈનેતર દર્શનો ભીંત ભૂલ્યા છે તેથી તે તે દર્શનના અનુયાયીઓ અર્થાત્ કહેવાતા ધર્મીઓ ધર્મદ્વારાએ મેળવવા લાયક યથાર્થ ફળ મેળવી શકતાજ નથી.

'અભ્યુદયનો નાશ કરે, આત્મવિકાસને રોકે, શુભ કાર્યમાં અંતરાય કરે અને દેવલોકના દ્વાર બંધ કરે તેજ ધર્મ કહેવાય.' એવી વ્યાખ્યા કોઇ દર્શનકારે કરીજ નથી એટલે સ્પષ્ટ થયું કે ધર્મની કિંમત કે ફળમાં ભિન્નતા નથી. પણ ધર્મના સ્વરૂપની માન્યતામાંજ મોટો ફરક છે માટે ધર્મના સ્વરૂપને સૌથી પહેલાં સમજવું એ આવશ્યક છે.

( અપૂર્ણ )

૨૪૩, પંદર વર્ષે પરણનાર પુત્રી પતિના ઘર તરફ પગ માંડે છે. ત્યારપછી જીવન ભરમાં પિયર અને ઘરના ફરકને ભુલતી નથી છતાં જીંદગીભર સુધી ધર્મક્રિયા કરનારાઓને સંસાર સંયમના ફરક સમજાતાં નથી એજ ખેદનો વિષય છે.

૨૪૪. 'પરણેલી પુત્રીનો વર્તાવ પિયર અને ઘર તરફ કેવો હોય છે' એ સમજવાવાળાઓ સમ્યકત્વની કરણીમાં સાચો સ્વાદ લઇ શકે છે.

૨૪૫. ભોગ પ્રત્યેની અભિરૂચી વધવાથી ભોગના સાધનો અને ભોગી આત્માઓ પ્રત્યે ખૂબ ખૂબ આદર ધરાવનારાઓને ત્યાગ-ત્યાગી અને ત્યાગના સાધનની કિંમત સમજાતી નથી.

૨૪૬. ભોગ ભોગી અને ભોગના સાધન પ્રત્યે તો આદર એજ અવિરતિની અકળામણ છે અને ત્યાગ ત્યાગી અને ત્યાગના સાધન પ્રત્યેનો આદર એજ વિરતિનો રાજમાર્ગ છે.

૨૪૭. અવિરતિની અટપટી અકળામણમાં અકળાઇ ગયેલાઓને વિરતિધરોની વિશાળ કાર્યવાહી સમજાતી નથી.

૨૪૮. પચીસ-પચાસ-સાઠ સીતેર વર્ષના ભાંગ્યા તૂટયા જીવન માટે આકાશ પાતાળ એક કરો છો. પરન્તુ હજુ આવતા ભવોના અસંખ્ય વર્ષો માટે નિરૂદ્યમી કેમ છો ?

૨૪૯. સૂવામાં, ઉઠવામાં, ન્હાવામાં, ધોવામાં, શરીરની ટાપટીપમાં, કપડાના શણગારમાં, ખાવામાં પીવામાં, પહેરવામાં, ઓઢવામાં, હરવા ફરવામાં, વેપારમાં અને સગાંઓના સંબંધ સમાલવામાં કલાકોના કલાકો વીતાવો છો કારણ કે ભોગની તીવ્ર અભિ-રૂચિના આ આંદોલનો છે.

૨૫૦. ભોગની તીવ્ર અભિરૂચિના આંદોલનમાં અટવાયેલાઓએ સંવર નિર્જરા અને પુણ્ય કમાણીના પરમાર્થને પીછાણ્યા નથી.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી-

( લેખકઃ—સુધાવર્ષી. )

૨૩૬. કવીનાઈન અને કડુ કરીયાતાના સંસ્કાર મગજમાં એટલા બધા સ્થીર થયા છે કે એ પાંચ વર્ષના ગાળે પણ તે સંસ્કાર ભૂલાતા નથી.

૨૩૭. કવીનાઇનાદિના કડવાં અને આપુસ કેરી આદિના મીઠા સંસ્કારો ભૂલાતા નથી. પરન્તુ ધર્મના સંસ્કારોનું સ્મરણ સ્હેજે ભૂલાય છે તેનું વાસ્તવિક કારણ વિચારતાં શીખો.

૨૩૮. સાંભળવામાં, સમજવામાં, બોલવામાં, સમજાવવામાં, સંભળાવવામાં અને હજારો જનમેદિની સમક્ષ કહી દઇએ કે પાપ ડૂબાડનાર છે અને પુણ્ય તારનાર છે છતાં તે સંસ્કારો કેમ થતા નથી તેનું ચિન્તવન કરો.

૨૩૯. ઇન્દ્રિયોને અનુકૂળ સંસ્કાર અને પ્રતિકૂળ સંસ્કારના સાક્ષાત્કાર અવસરે હૃદયને જવાબ આપવામાં મુંઝવણ થતી નથી અને વીતરાગ પ્રણીત નિર્ણીત સિદ્ધાંતોને હૃદય સ્પર્શી જવાબ આપવામાં મુંઝવણ કેમ થાય છે? તેનો વિચાર કર્યો છે ખરો?

૨૪૦. કડવાશ અને મીઠાશના સંસ્કારો દશ વર્ષે નહિ ભૂલનારાઓ વાત વાતમાં વાચિક-કાયિક પ્રવૃત્તિઓમાં ઉલટું પરિવર્તન કેમ કરે એ વિચારવા જેવું છે.

૨૪૧. ઇન્દ્રિયોએ પ્રતિકુળ પદાર્થ પ્રત્યે અરૂચી-અપ્રીતિ અને દ્વેષ કેળવ્યાં છે તેના કોડમે હિસ્સે આત્માએ આત્મ હાનિકારક પદાર્થ પ્રત્યે અરૂચી આદિ કેળવ્યાંજ નથી.

૨૪૨. મીઠાશવાળા પદાર્થ પ્રત્યે રૂચી-પ્રીતિ અને રાગ કેળવનારાઓએ આત્મ હિતકર પદાર્થ પ્રત્યે વધુ વધુ રૂચિ આદિ કેળવવાની જરૂર છે.

( વધુ માટે ટાઈટલ પેજ ૩ જુઓ )

# શ્રી સિદ્ધચક્ર

!!! વ....ન્દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः
सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः
आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशा
मोक्षाध्वालम्बनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।
चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ।२॥


શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટ: ૨૫, ૨૭ ]

વર્ષ ૧૨ ] [ અંક ૯ મો.

વિક્રમ સં. ૨૦૦૨, વીર સં. ૨૪૭૨. તા. ૧૭-૬-૪૬ સોમવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨॥ આના

સકલ મન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજરાજેશ્વર—

શ્રી સિદ્ધચક્રેભ્યો નમો નમઃ

# "શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનમ્"

## ( સંજ્ઞા-સન્ધિ-નામ-કારક પર્યન્તઃ પ્રથમો વિભાગઃ )

ઉપરના ગ્રન્થની સાહિત્યરસિકો લાંબા સમયથી એક સરખી રાહ જોઇ રહ્યા હતા, તે મહાન્ ગ્રન્થ છપાઇને બહાર પડી ચૂકયો છે.

**કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી**ની સર્વજ્ઞતાનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરાવતો, સુવર્ણસમ સૂત્રોથી શોભતો, આલ્હાદદાયક-ચન્દ્ર-કિરણ સમ સ્વોપજ્ઞ તત્ત્વ પ્રકાશિકાના વૃત્તિસ્થ-તત્ત્વોથી દીપતો, બંન્નેના ( સૂત્ર-વૃત્તિના ) પરમાર્થને આનન્દપૂર્વક પ્રતિપાદન કરાતી **પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર કૃત શ્રી આનન્દ બોધિની વૃત્તિથી** ઓપતો અને સંજ્ઞા-સન્ધિ-નામ-કારક યુક્ત છપાદ પર્યંતનો શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનનો પ્રથમ ભાગ બહાર પડી ચૂકયો છે તેની સાહિત્ય રસિકોએ નોંધ લેવી જરૂરી છે.

આ મહાન્ ગ્રન્થ દીર્ઘાયુષિ બને તે હેતુથી ક્રાઉન્ડ્રી લાયન-બ્રાન્ડ લેઝર પેપરમાં, ફુલ્સકેપ સાઇઝના વિશાળ આકારમાં, ૧૦૭ ફારમના દળદાર કદમાં, પાકા પુંઠાની સુંદર બાઇન્ડીંગની સુબદ્ધ અવસ્થામાં, તાડપત્રીયાદિ પ્રાચીન-અર્વાચીન રંગ બે રંગી સુંદર ચિત્રોથી સુશોભિત બનેલ આ મહાન્ ગ્રન્થ અભ્યાસિયો માટે અલંકાર સરખો તાકીદે ખરીદી લેવા યોગ્ય છે. કિંમત રૂ. ૩૦) ત્રીશ. તદુપરાંત આ ગ્રન્થમાં ૧૪ પરિશિષ્ટો, વિષયાનુક્રમ, શાસ્ત્ર પ્રસ્તાવના, ચિત્ર પરિચય, પ્રકાશિકા-નિવેદન, કલિકાલ-સર્વજ્ઞ સંક્ષેપ વૃત્તાંત આદિ પ્રકરણોથી ભરપુર ગ્રન્થ દર્શનીય અને પઠન-પાઠન યોગ્ય જ્ઞાન ભંડારાદિ પુસ્તકાલયોમાં વસાવવા યોગ્ય છે.

મંગાવનારાએ નીચેના સરનામેથી મંગાવી લેવો.

અગાઉથી ડીપોઝીટ ભરનારાઓને રિવાજ મુજબ કમીશન બાદ કરતાં વી. પી. કરવામાં આવશે, પરન્તુ સરનામાની ફેરફારી હોય તો તુરત જણાવવું.

### ગ્રન્થ પ્રાપ્તિ સ્થાન.

૧. **ઝવેરી પાનાચંદ રૂપચંદ,** ૨૫/૨૭ ધનજીસ્ટ્રીટ મુંબાઇ નંબર ૩

૨. **ઝવેરી જમનાદાસ મોનજી,** બુલીયન એક્ષચેંઝ મુંબાઇ નં. ૨

૩. **ઋષભદેવજી છગનીરામજીની પેઢી,** ખારાકુવા (દેહરા ખિડકી) ઉજ્જૈન (માલવા)

૪. **શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર,** પાયધુની ગૌડીજીની ચાલ મુંબાઇ નં. ૩

લી૦ પ્રકાશિકા,—

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,**

૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબાઈ.

મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વર્ષ ૧૨ ] જેઠ [ અંક ૯ મો.


# આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ—આગમોદ્ધારક **શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.** સ્થળ-અમદાવાદ મુકામે દાનવીર શ્રેષ્ઠિવર્યશ્રી મોહનલાલ છોટાલાલે ચપળ લક્ષ્મીનો સદ્વ્યય કરી સ્થીર કરવાના શુભ મનોરથોથી શાસન પ્રભાવનાના કાર્યો પૈકી શ્રી ઉદ્યાપન પ્રસંગે આપેલ દેશનાનો સારભૂત સંચય અત્રે **સંચયકારઃ પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરે** કરેલ તે અત્ર અપાય છે. છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ છપાયેલ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ.

તંત્રી.

**"स्वस्थवृत्तेः प्रशान्तस्य, तद्धेयत्वादि निश्चयम्।**
**तत्त्वसंवेदनं सम्यक्, यथाशक्ति फलप्रदम्" ॥६॥**

**દેશનાના સારભૂત અવતરણો.**

**૧. સંયમ સાધનાની સુંદર જોગવાઈ જૈન શાસનમાં છે.**

**૨. સ્વ-પર તારકો આચાર્યો અને ઉપાધ્યાયો છે.**

**૩. પરતારક પરોપકાર પરાયણ તીર્થંકર ભગવન્તના વચનની સેવા કરો.**

**૪. સાધ્ય સિદ્ધિરૂપ મોક્ષના વધામણા રૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થયા વગર તીર્થંકરો દેશના દેતા નથી.**

**૫. તીર્થંકર નામ—કર્મના બે ફળ ૧ પૂજ્યતા અને ૨ તીર્થ પ્રવૃત્તિ.**

**૬. શબ્દ પ્રીતિ અને પદાર્થ પ્રીતિના ફરક સમજ્યા વગર સાધ્ય સિદ્ધિનો રાજમાર્ગ સમજાતો નથી.**

**૭. વ્યવહારિક જ્ઞાનને જૈન શાસન અગ્રપદે સ્વીકારતું નથી.**

**૮. સમ્યગ્ પદ વિનાના સૂત્રોનો સમન્વય.**

**૯. શ્રુતજ્ઞાનના શ્રવણ-પઠન-પાઠનથી ફળરૂપે ઉત્પન્ન થતા ભેદોનું વિસ્તૃત-સ્વરૂપ.**

## અપૂર્વ સાધન

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ હરીભદ્રસૂરીશ્વરજી મહારાજા નવમા જ્ઞાનાષ્ટકની રચના કરતાં જણાવે છે કે, જૈન શાસને જ્ઞાનને જ્ઞાન તરીકે અગ્રપદ આપ્યુંજ નથી. પરન્તુ અમોઘ ફળ રૂપ મોક્ષના સાધન તરીકે જ્ઞાનને અગ્રપદ આપ્યું છે. કર્મ તોડવા માટે જ્ઞાનને અગ્રપદ આપ્યું છે. કાંટાવાળી જમીન દેખવામાં આંખ એ સાધન છે તેવી રીતે પાપની પ્રવૃત્તિને સમજવામાં જ્ઞાન એ સાધન છે એટલુંજ નહિ

પણ સમજીને તે પાપથી કેમ બચવું એ માટે જ્ઞાનની અતિ આવશ્યકતા છે.

મતિ-શ્રુત અવધિ એ ત્રણ જ્ઞાન સાથે જન્મેલ ભગવંતો, જ્ઞાનના પ્રબળ પ્રભાવે સ્વયંબુદ્ધ તીર્થંકરો ગ્રહસ્થાશ્રમ છોડી, દીક્ષા લે છે. દીક્ષા અવસરે ચોથું મનઃ પર્યવ પ્રગટ થાય છે. ચાર જ્ઞાનના માલીક ભગવંતો દીક્ષા દિનથી ઘોર તપસ્યા તપીને, પરિસહ ઉપસર્ગોને સહીને, ઘન ઘાતી તોડીને કેવળજ્ઞાન પામે છે. એટલુંજ નહિં પણ સાધ્ય સિદ્ધિના વધામણા રૂપ કેવળજ્ઞાન પામી જગત્‌ને સંયમ માર્ગે વાળવા શાસનની સ્થાપના કરે છે. શાસન એટલે સંયમ-ત્યાગ, સંયમ રંગમાં રંગાયેલા આચાર્યો અને ઉપાધ્યાયો સ્વ-પર તારક છે. અર્થાત્ પોતે તરે છે અને સમાગમમાં આવનારાઓને તારે છે. તીર્થંકરો પર તારક છે, કારણ કે સાધ્ય સિદ્ધિરૂપ મોક્ષના વધામણારૂપ કેવળજ્ઞાન થયેલું છે. અને નિયમા મોક્ષે જવાના છે. પરન્તુ કેવળ પરોપકાર પરાયણ તીર્થંકરો સકળ જગતને શાસનદ્વારાએ તારવા કટીબદ્ધ થયેલા છે. પરાર્થ-સર્વોત્કૃષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થયા વગર સ્વાર્થ સિદ્ધિ થતી નથી, તેથીજ તીર્થંકરો તીર્થની પ્રવૃત્તિ કેવળજ્ઞાન પછી કરે છે. તીર્થંકર નામ કર્મના બે ફળ ૧ પૂજ્યતા અને ૨ તીર્થપ્રવૃત્તિ દશમાં દેવલોકથી ચ્યવીને માતાની કુક્ષીમાં આવનારા મહાવીર મહારાજાની પૂજ્યતા શરૂ થઇ. ગર્ભમાં આવ્યા તેને ચ્યવન કલ્યાણુક માન્યું. અને ઇન્દ્રાદિ દેવોએ પૂજાના મહોત્સવ કર્યા તેથી ગર્ભની શરૂઆતથી પૂજ્યતાની પ્રસિદ્ધિ થઇ. પૂજ્યતા રૂપ પ્રથમ ફળની શરૂઆત ગર્ભથી હોવા છતાં તીર્થંકર નામ કર્મના વાસ્તવિક ફળ રૂપે તીર્થ પ્રવૃત્તિ તો કેવળજ્ઞાન પછી. આજ વાતને સ્પષ્ટ કરતાં ચૌદ પૂર્વધર ભગવન્ત ભદ્રબાહુ સ્વામિ આવશ્યક નિર્યુક્તિમાં જણાવે છે કે—**अगिलाए धम्मदेसणाए।** છદ્મસ્થપણામાં તીર્થંકરો ઉપદેશ કેમ દે નહિ ? આ પ્રશ્નના સમાધાનમાં સમજવું જોઇએ કે બીજાના કહેવાનું કહેવું થાય. તેથીજ કેવળજ્ઞાન પછી દેશનાદિ દે. આ સ્થળે સમજવાની ખાસ જરૂરીયાત છે કે અખતરાં કરીને કોઇએ ફળ મેળવ્યાં હોય, અને ફળ પ્રાપ્તિ કરનારના કથનના હિસાબે ફળનું સ્વરૂપ કહેવું તથા દેખાડવું હોય તે જુદી વાત છે, પરંતુ સ્વયમેવ અખતરો કરી, કષ્ટ વેઠીને ફળ મેળવ્યું હોય તેવાઓ ફળનું સ્વરૂપ કહે અને દેખાડે તે અદ્વીતીય અપૂર્વ વાત છે. અપૂર્વ જ્ઞાન સાધન પ્રાપ્ત થયા છતાં સંયમ વગર સાધ્ય સિદ્ધિ અને સાધ્ય સિદ્ધિના વધામણા સેંકડો કોષ દૂર છે. આ પ્રસંગમાં પ્રત્યક્ષ દ્રષ્ટાન્ત રૂપે તીર્થંકરો છે. તેથી અપૂર્વ સાધન જ્ઞાનના પ્રબળ પ્રભાવે કેવળજ્ઞાન રૂપ અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત થઈ.

## શબ્દ પ્રીતિ અને પદાર્થ પ્રીતિ.

જગત્‌માં શબ્દ પ્રીતિ તરફ દોડનારા સેંકડો છે. પરન્તુ પદાર્થ પ્રીતિ તરફ ધસનારા તદ્દન અલ્પ સંખ્યામાં છે. શબ્દ પ્રીતિ અને પદાર્થ પ્રીતિનો ફરક સમજવાની જરૂર છે. સંપ શબ્દ સૌને ગમે છે. તમારા ઘરમાં સંપ છે. એ સાંભળવો સારો લાગે છે. પરન્તુ સંપ ટકે કેમ ? તેનું સ્વરૂપ સમજ્યા નથી. અર્થાત્ સંપ રૂપ પદાર્થ સમજ્યા નથી. સંપ શબ્દની પ્રીતિવાળો સંપ આવે કેમ અને સંપ કુસંપમાં ન પલટાય તેની ફીકર કરતો નથી. પરન્તુ સંપને સુરક્ષિત સાચવવા માટે સંપના ત્રણ

પાયા સમજવાની જરૂર છે. ૧. ગુન્હો કરવો નહિ, ૨. ગુન્હાની ગાંઠ બાંધવી નહિ, ૩. ગુન્હેગાર ઉપર ઉપકાર કરવાનો અવસર આવે તો ચૂકવો નહિ. અર્થાત્ બીજી રીતિએ સમજીએ તો બીજાની કશુરમાં આવવું નહિ એટલે કશુર કરવી નહિ, કશુરની માફ એટલે કશુરની ગાંઠ બાંધવી નહિ અને ગુન્હા રૂપ અપકારને ઉપકારમાં ફેરવી લેવો. શબ્દ પ્રીતિ અને અર્થ પ્રીતિ ઉપર બાદશાહ અને બીરબલનું વૃત્તાંત સમજવા જેવું છે. બાદશાહ બીરબલકુ પૂછે છે કે હે ! બીરબલ ! બનીયા માતા ( શરીરે જાડા અને ચિન્તા વગરના ) કેમ દેખાય છે ? બીરબલ કહે ખુદાવિંદ ! બનીયા ગમ ખાય છે. બાદશાહ કહે મેં ખા શકું કે નહિ ? બીરબલ કહે ખુદાવિંદ બનીયા ગમ ખાનેકા પદાર્થકું સમજ શકતા હે. આપ ગમ શબ્દ શ્રવણ કરી શકતા હો મગર અવસર પર ગમ ખા શકોગે નહિ. બીરબલે ગમ ખાવા સંબંધમાં વાત માંડીને વિસ્તારથી કીધી એટલે બાદશાહ સમજી ગયો કે બનીયા અવસર પર ગમ ખાઇ ગુસ્સો દબાવી શકે છે, કારણ કે તેના પરમાર્થને તે સમજી શકે છે. તેવી રીતે જ્ઞાન શબ્દની પ્રીતિ જગતને છે પણ જ્ઞાન પદાર્થની પ્રાપ્તિમાં ભલભલાને પણ મુંઝવણ થાય છે. જ્ઞાનીનો વિનય સેવવો, જ્ઞાન મેળવવું, મેળવીને જ્ઞાનને ટકાવવું, ધારવું, વધારવું અને અવસરે તેનો સદુપયોગ કરવો એ બધું જ્ઞાન પદાર્થની પ્રીતિવાળોજ કરી શકે છે.

## સમ્યગ્ પદની વ્યવસ્થા.

જગતના વ્યવહારિક જ્ઞાનમાં જ્ઞાન અજ્ઞાનના ભેદ પાડયા નથી, છતાં દુનિયાદારીના નુકશાનને અનુભવનારાઓ જ્ઞાન અને અજ્ઞાનનો ભેદ તે અવસરે માને છે. સૂત્રોમાં **ज्ञान क्रियाभ्याम् मोक्षः** એ ભાવની પંક્તિ આવે છે. તે સ્થળે સમ્યક્જ્ઞાન કે મિથ્યાજ્ઞાન જણાવ્યું નથી, તો શું દરેક જ્ઞાન અને દરેક ક્રિયાથી મોક્ષ થઇ જવાનો ? સમાધાનમાં સમજવું જોઇએ કે તે સૂત્ર જૈન દર્શનની શ્રદ્ધાવાળા માટે છે. આ ઉપરથી જ્ઞાન ક્રિયાથી મોક્ષ એ વચન આવીને ઉભું રહે ત્યાં સમ્યક્જ્ઞાન અને સમ્યક્ ક્રિયા સમજીજ લેવી. પરન્તુ જે સ્થળે સમ્યક્ પ્રયોગ કર્યો હોય ત્યાં સમજવું જરૂરીનું છે કે તે સ્થળે જૈન-જૈનેતર સર્વપર્ષદ્ માન્ય તે સૂત્ર રચના છે. દૃષ્ટાન્ત તરીકે **सम्यग्दर्शन ज्ञान चारित्राणि मोक्षमार्गः** એ પ્રથમ સૂત્રની રચના તત્ત્વાર્થ ગ્રંથની આદિમાં કરી. કારણ કે તે ગ્રન્થનો અભ્યાસ જૈન દર્શનની શ્રદ્ધાવાળો કે શ્રદ્ધા વગરનો ભણે તો તે સ્થળે તે જણાવવાની જરૂર પડે તેથી તે સ્થળે સમ્યગ્ પ્રયોગ કરેલ છે. સૂત્રનું પાઠન-પાઠન શ્રદ્ધા રંગથી રંગાયેલા શ્રમણ ભગવન્તો માટે છે તેથી તે સ્થળે નિર્દેશન કર્યો હોય તો સમજી લેવાની જરૂર છે.

## બોલવા સમજવામાં ફરક.

અનુયોગદ્વારના અંતમાં પણ **ज्ञानक्रियाभ्याम् मोक्षः** આ સૂત્રનો ભાવ આવે છે. કોઇપણ સ્થળે જ્ઞાનાષ્ટકમાં જણાવેલ ત્રણ વિભાગ આવતા નથી. પરન્તુ આ ત્રણ વિભાગ માર્ગ પ્રતિપન્નવાળા માટે છે. વિષય પ્રતિભાસ જ્ઞાન પ્રથમ તે પણ જૈન કુળવાળા માટેજ છે, પણ તે પામીને આગળ વધવાની જરૂર છે. જુઓ આશ્રવના ૪૨ ભેદો ઇન્દ્રિય, કષાયાદિ ગણી ગયા પછી બોલ્યા કરીએ ત્યાંસુધી શબ્દ પ્રીતિ છે. અર્થાત્ વિષય પ્રતિભાસ જ્ઞાન થયું. પરંતુ

આશ્રવ પદાર્થની પ્રીતિ નથી અર્થાત્ ઇન્દ્રિય-કષાયથી થતા આશ્રવની ગભરામણ નથી. અચરે અચરે રામ બોલનાર પોપટને રામની મૂર્તિ ઉપર વિષ્ટા કરતાં અહંકાર નથી, તેવી રીતે આશ્રવના ભેદ બોલનાર અને ગણાવનારને આશ્રવની ભયંકરતા અને જવાબદારી, જોખમદારી સમજવાની જરૂર છે. અને તેથી સમજણના અભાવમાં અરેકાર આવતા નથી. નિશાળે ભણનાર નિશાળીઆને હિસાબ ગણતાં આવડે છે પરંતુ હિસાબની લેવડ દેવડમાં જોખમદારી જવાબદારી સમજયોજ નથી, તેવી રીતે આશ્રવ સંવરના ભેદો બોલનાર, સમજનારને નિશાળીઆ જેવી હાલત ન શોભે. પ્રકરણ કર્મ ગ્રન્થાદિ ભણનારને પદાર્થની પ્રીતિ થાય ત્યારે આત્માની જવાબદારી અને જોખમદારી સમજે છે. અને એ સમજ આવે ત્યારે આત્મ પારણુતિ જ્ઞાન થાય. જૈનકુલમાં જન્મેલો આત્મા ઉપાશ્રયમાંજ અને દેરામાંજ આયુષ્ય (બીજા ભવનું) બાંધતો નથી. માટે આશ્રવની હેયતાનો અને સંવરની ઉપાદેયતાનો વિચાર ચોવીશ કલાક કર્યા કરો. બજારમાં ક્રાઈસીસ (નાણાની ભીડ) આવે ત્યારે ઇજ્જતદાર વેપારી ગભરાય છે તેવી રીતે આત્માની હાલત હાલ ચોવીશ કલાક ક્રાઇસીસ જેવી છે માટે દુર્ગતિથી ડરનારા જીવે જરૂર ગભરાવા જેવું છે.

## વિષય પ્રતિભાસાદિ ત્રણ ભેદ.

આ ઉપરથી ફળરૂપે પરિણામ પામતા ત્રણ ભેદો જણાવાય છે. ચાલુ વિષયમાં જ્ઞાનના ત્રણ ભેદોમાં ૧. વિષય પ્રતિભાસ, ૨. આત્મપરિણુતિ અને ત્રીજું તત્ત્વ સંવેદન જ્ઞાન જણાવે છે. આ સ્થળે સાંભળનારને શંકા થાય કે મતિ શ્રુત અવધિ મનઃ પર્યવ અને કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાન છે અને તેના ૫૧ ભેદો છે તે પૈકી કાંઇપણ ભેદ ઉપરમાં આવતો નથી તો તે ભેદ કયાંથી લાવ્યા ? આ શંકાના સમાધાનમાં સમજવું કે પાંચે આવરણ ખસવાથી પ્રગટ થતા—ઉત્પન્ન થતા એ પાંચ ભેદો છે. અને તે પાંચનો વિસ્તારથી સ્વરૂપે ૫૧ ભેદ છે. જયારે આ ત્રણ ભેદો પરિણુતિના છે. અને વ્યાખ્યાનાદિ શ્રવણ કર્યા પછી ફળરૂપે પરિણામ પામતાં આ ત્રણ ભેદ છે. શ્રવણ કરતા પદાર્થની ઓળખાણ થાય પણ હેય ઉપાદેયના નિર્ણયરૂપ સુધારો ન થાય તે **વિષય પ્રતિભાસ જ્ઞાન** પદાર્થની ઓળખ સાથે તે પદાર્થ આત્માને કેટલો હિતકર અને કેટલો હાનિકર છે એ વિચારણા સાથે આત્મ સાથે વ્હેંચણ કરે તે **આત્મપરિણુ વિજ્ઞાન**. અને ત્રીજા **તત્ત્વ સંવેદન**માં હેય-ઉપાદેયના નિશ્ચયપૂર્વક યથાશકિત પ્રવર્તન હોય છે. પ્રથમ વિષયપ્રતિભાસમાં હેય-ઉપાદેયની વિચારણા વગર માત્ર પદાર્થની ઓળખ. બીજા આત્મપરિણુતિ જ્ઞાનમાં વર્તન વગર હેય ઉપાદેયની વિચારણા રૂપ પરિણુતિ અને ત્રીજા હેય ઉપાદેયના નિશ્ચયપૂર્વક પ્રવર્તન હોય તો તત્વ સંવેદન સમજવું. આ ત્રણે ભેદમાં પ્રથમ ભેદ અને બીજા ભેદને અંશે યુક્તિ યુકત શંકા-સમાધાન દાખલા દૃષ્ટાન્તપૂર્વક સમજી ગયા. હવે ત્રીજા ભેદમાં પ્રવર્તનશીલ થયેલા આત્માઓ કાર્ય સિદ્ધિમાં કઇ રીતે આગળ વધે છે તે અગ્રે વર્તમાન.

# જૈન જનતાને માહિતી અર્થે—

**શ્રી તામ્રપત્ર આગમમંદિર (સુરત)ની રૂપરેખા.**

શ્રી શત્રુંજય ગિરિરાજની તળેટીમાં વિરાજતા શ્રી વર્ધમાન જૈન આગમ મંદિરમાં શ્રી પીસ્તાલીસ આગમોરૂપ પ્રવચન જેમ શિલાઓ ઉપર કોતરાવવામાં આવેલ છે તેમ તેજ આગમ પ્રવચન તામ્રપત્રમાં પણ કોતરાવવામાં આવેલ છે. આ તામ્રપત્રમાં આરૂઢ કરેલા શ્રી જિનાગમોને જૈનોની વિશાળ વસતિવાળા એક જૈનપુરી જેવા શહેરમાં વિશાલ જિનભવન બંધાવીને તે શ્રી જિનમંદિરમાં ગોઠવવાની છેલ્લા કેટલાક સમયથી વિચારણા ચાલી રહી હતી. આ સંજોગમાં **પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબનું** તાજેતરમાં સુરત મુકામે પધારવાનું સદ્‌ભાગ્ય શ્રી સુરત સંઘને પ્રાપ્ત થયું. તે પરમોપકારી પુણ્ય પુરૂષનો અમૃતોપદેશ પામીને શ્રી સંઘે તેવું ભવ્ય જિનભવન સુરતમાંજ બંધાવવા માટે સં. ૨૦૦૨ના વૈશાખ સુદ ૧૧ ને શનિવાર તા. ૧૧-૫-૧૯૪૬ ના પુણ્ય દિને સુરત ગોપીપુરા શેઠ નેમચંદ મેલાપચંદની વાડીમાં 'શ્રી આગમોદ્ધારક સંસ્થા' નામની પુણ્ય સંસ્થાની ભારે આડંબરપૂર્વક સ્થાપના કરી છે. તે મંદિરમાં ભોંયરૂં અને બે મજલા રચવાનો વિચાર રાખેલ છે. ભોંયરૂં અને બે મજલા, એ ત્રણે સ્થાને ત્રણ ત્રણ ગભારા, બીજી દેરીઓ, તેમજ પહેલે મજલે તે ઉપરાંત બે સમવસરણ અને તામ્રપત્ર વિગેરેની સુશોભિત રચના કરવી એવો નિર્ણય કરવામાં આવેલ છે. તિર્છાલોકના શાશ્વત ચૈત્યોમાં એકસો વીસ પ્રતિમા હોય છે, તેને અનુલક્ષીને આ જિન ભવનમાં એકસો વીસ પ્રતિમાજી મહારાજ બીરાજમાન કરવાના છે. તેમાં સાત પ્રતિમાજી મહારાજ ઓચ્છવ વખતે શ્રી સંઘની બોલી માટે રાખવામાં આવેલા છે. બાકીના એકસો તેર પ્રતિમાજી મહારાજ હાલ નોંધવામાં આવશે. તેના ઇંચ પ્રમાણ અને રકમની સમજ નીચે મુજબ.—

## પ્રતિમાજી મહારાજ અને રકમની વિગત

| | |
|---|---|
| ફણાસહિત શામળા પ્રતિમાજી બે, ઇંચ ૨૭ | રૂ. ૩૧૦૧) |
| શામળા પ્રતિમાજી બે, ઇંચ ૧૯, | રૂ. ૨૩૦૧) |
| સફેદ પ્રતિમાજી આઠ, ઇંચ ૨૧, | રૂ. ૨૫૦૧) |
| ,, ,, ચોવીશ, ઇંચ ૧૭, | રૂ. ૨૧૦૧) |
| ,, ,, સીતોત્તેર, ઇંચ ૧૩, | રૂ. ૧૫૦૧) |

મંદિરની દિવાલો ઉપર તામ્રપત્રના આગમો સુરક્ષિત રીતિએ ફીટ કરવાનું રાખેલ છે. પ્રતિમાજી ભરાવનારનું એકેક પુણ્ય નામ તે ગોખલાની નીચે અને આખો ગોખલો લેનારનું પુણ્ય નામ ગોખલા ઉપર આવશે. પ્રતિમાજી પધરાવવા, પૂજા અને નામ લખાય એ ત્રણ લાભ પ્રતિમાજી લેનારને મળશે. બાકીની ઓચ્છવ વખતે ઉછામણી થશે. બે ગભારા, બે સમવસરણ અપાઇ ગયા છે, તેમાંના અને બીજા કેટલાક ગોખલાઓમાંના મળી ઇંચ ૨૧ ના પ્રતિમાજી નં. ૨ ઇંચ ૧૭ ના નં. ૬ તથા ઇંચ ૧૩ ના નં. ૩૦ અપાઇ ગયા છે.

તામ્રપત્રોનાં આગમો લેનારનાં પુણ્ય નામો તે તે આગમ જ્યાં પુરૂં થાય ત્યાં તે તે પત્રાંમાં આવશે.

**નીચેના તામ્રપત્ર આગમો આપવાના બાકી છે.**

૪૦૦૦) ભગવતીજી ભાગ ૧ લો
૪૦૦૦) ,, ભાગ ૨ જો
૪૦૦૦) ,, ભાગ ૩ જો
૩૮૪૪) જ્ઞાતાજી સૂત્ર
૬૦૦) ઉપાશક દશાંગ સૂત્ર
૩૪૮૦) જીવાભિગમ સૂત્ર
૧૮૦૦) સૂર્યપ્રજ્ઞપ્તિ
૩૩૦૦) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ
૧૮૬૦) જીતકલ્પ સૂત્ર
૧૮૪૦) પંચકલ્પ સૂત્ર
૩૪૨૫) મહાનિશીથ સૂત્ર

[ આ સંસ્થાના નિભાવ માટે સ્થાપેલ ગુપ્ત ભંડાર ( કે જેમાંથી પ્રથમ દિવસેજ રૂ. ૭૫૨૩૧ાાા ની ઉદાર રકમ સંસ્થાને પ્રાપ્ત થઇ હતી તેને) પુષ્ટ કરવા તરફ ગુપ્ત દાનાર્થી પુણ્યવંતોએ હજુ પણ સુંદર લક્ષ રાખેલ છે અને રાખશે. કારણ કે ગુપ્તદાનની સર્વશ્રેષ્ઠતા સમજનાર સૌ કોઇ જૈન બંધુઓના ખ્યાલમાં આવી ગયેલ છે કે, મંદિરના ભવિષ્યનો પણ દરેક વહીવટી ખર્ચ તે સાધારણ રકમ ઉપરજ નિર્ભર છે. ગુપ્ત ભંડારની રકમ વધીને ૮૩૦૦૦) ત્યાશી હજારે પહોંચી છે.]

શેષ પ્રતિમાજીઓ વિગેરે જે કોઈ સ્થળના જે કોઇ ભાઇ બ્હેનોએ નોંધાવવાના હોય તેઓએ નીચે જણાવેલા સ્થળે તુરત પત્ર વહેવાર વિગેરે શરૂ કરી દેવું કે જેથી અત્યારથીજ ઘણી માંગણી હોવાને અંગે પાછળથી પસ્તાવાનું ન બને.

પત્ર વહેવારનું સ્થળઃ—
**શ્રી આગમોદ્ધારક સંસ્થા**
ગોપીપુરા, સુરત.

પ્રતિમાજી વિગેરે નોંધાવવા અને નાણાં ભરવાનું સ્થળ.
**ઝવેરી શાન્તિચંદ્ર છગનલાલ** તથા
**ઝવેરી મોતીચંદ ગુલાબચંદ**
ઠે૦ ગોપીપુરા, કાજીનું મેદાન—સુરત.

# સમાલોચના

૧. ચૌદશ પૂનમનો છઠ કરવો હોય તેને તેરશે ચૌદશનો છઠ કરવો અને બીજી પૂનમે ઉપવાસ કરવો. આવું કોઇપણ શાસ્ત્રમાં અને કોઈપણ પરંપરામાં છેજ નહિ. હોય તો વીર (?) શાસનના લેખકે તેવો પાઠ અને પૂરાવો જાહેર કરવો. (પૂરાવા વગરની તેની લખેલી વાત શાસ્ત્ર કે તેને અનુસરતી પરંપરાને માનવાવાળો મનુષ્ય તો નજ માને. માત્ર તેને અનુસરનારો અંધશ્રદ્ધાળુજ માને.)

૨. પ્રમાણ આપ્યા વગર છઠના અભિગ્રહની જગો પર ત્રણ ઉપવાસ ગોઠવવાનું અને ચૌદશની જગો પર તેરશે ગોઠવવાનું લખવું તે ઉત્થાપક નવા મતવાળાનેજ શોભે.

૩. પૂનાના વૈદ્યનું લખાણ થયાં આજ ત્રણ ત્રણ વર્ષ થવા આવ્યાં છતાં હજુસુધી નવા મતના નાયકના મુરબ્બી અને તેને અનુસરનારાઓને વીર (?) શાસનના પંચાંગોમાં છેકછાક કરવાની અને છેકછાક કરીને પોતાને અનુસરનારાઓને તે લખી મોકલવાની જરૂરત પડત નહિ. વીર (?) શાસનદ્વારા કઢાતું પંચાંગ નથી તો શાસ્ત્ર કે તેને અનુસરતી પરંપરા મુજબનું તેમજ નથી તો લાલચ આપીને ફોડેલા પૂનાના વૈદ્યે કરેલા લખાણને પણ અનુસરતું. એ હકીકત હવે તો જૈન સમાજમાં દીવા જેવી જાહેર થયેલી છે. શાસનપક્ષે તો તે વૈદ્યની અપ્રમાણિકતા પહેલેથીજ જાહેર કરીને તે લખાણ પહેલેથીજ કચરાની ટોપલીમાં નાંખી દેવાનું જાહેર કરેલુંજ છે.

વીર (?) શાસન.

• • •

૧. " तं सच्चं निस्संकं " એમ લખવામાં 'तमेव' એવો શાસ્ત્રીય પાઠ ન લખવાનું કારણ શું ? વળી એ વાકય સમ્યગ્દર્શનના સ્વરૂપ તરીકે છે કે કાંક્ષામોહનીયથી બચવા માટે છે?

૨. "૯૭૨૦૦ યોજન મેરૂ ઉંચો" આ વાકય લખનારે બાલ અબલા જેટલો પણ બોધ મેળવવાની જરૂરત હતી. કેમકે આ વાત કોઇપણ જગોપર શાસ્ત્રમાં નથી. શાસ્ત્રમાં તો મેરૂ જમીનથી ૯૯૦૦૦ યોજન ઉંચો કહેલો છે.

૩. "૧૦૦૦ યોજન પ્રમાણ અધોલોકમાં" આમ લખનાર મનુષ્ય સમભૂતળ, લોકમધ્ય અધોલોકની શરૂઆતના ફરકને ન સમજે અને લેખક બને તે નવામતની ઉત્થાપક ટોળીમાંજ ચાલે.

૪. उद्गम શબ્દનો અર્થ સમજનારો મનુષ્ય હંમેશા આકાશમાં ચંદ્ર સૂર્ય ઉગતાજ છે, એવું લખી શકે ખરો ?

૫. ક્ષયોપશમ સમકિતમાં અનંતાનુબંધી ક્રોધાદિકનો ક્ષય અને દર્શન મોહનીયનો ઉપશમ થાય છે. એવું કહેનારો સમ્યક્ત્વના ભેદોને શીખવા નીશાળે બેઠા પહેલાંજ લેખક બની બેસે છે તે ઠીક નથી.

૬. "મોહનીય કર્મ ખપાવીને જીવ કષ્ટવાળો થયો થકો તેરમા ગુણસ્થાનકને પામીને શાન્ત થાય છે" આવું લખનાર મનુષ્ય કર્મ ખપાવ્યાના પરિશ્રમનો વિસામો બારમે છે તે પણ સમજી શકેલ નથી.

૭. "વચનના પરમાણુઓને ખપાવવા માટે" આવું લખનાર મનુષ્ય પરમાણુથી ભાષા વર્ગણાની શરૂઆત છે કે-સ્કંધ પરિણતિમાં પણ ઘણે દૂર ગયા પછી ભાષા વર્ગણાની શરૂઆત છે,

એ પણ સમજી શકેલ નથી. જેમ ઔદારિક આદિનાં બંધન અને સંઘાત હોય છે તેમ ભાષાણુના બંધન અને સંઘાત હોય છે, તેવી માન્યતા તો એ ઉત્થાપક પંથી લેખકજ ધરાવી શકે.

૮. "પરમાણુઓની આઠ પ્રકારની વર્ગણા" આવું લખવા તો તેજ તૈયાર થાય કે-જેણે કર્મગ્રન્થ, કર્મપ્રકૃતિ, આવશ્યક, આચારાંગ વિગેરે વર્ગણાને નિરૂપણ કરનારા શાસ્ત્રો જોયા કે સાંભળ્યા પણ ન હોય. કોઇપણ શાસ્ત્રમાં આઠ પ્રકારના પરમાણુઓ કે તેની વર્ગણાઓ હોય તો તેની જાહેરાત તે નવા મતવાળાએ કરવી જોઇએ.

૯. શ્રુત કેવલીનું વચન કેવલીની જેમ કહ્યું, આવું લખનાર મનુષ્ય સામાન્ય વચન અને પ્રરૂપણ વચનનો ભેદજ સમજેલ નથી.

ફાગણ ચૈત્રનું "કલ્યાણ"

**કનકવિજય પિતા (?) સુબુદ્ધિવિજય.**

**તા. ક:**—સમાલોચના ઉપરથી એમ નહિં સમજવું કે સમાલોચનાવાળા કલ્યાણના આ અંકનું તેટલુંજ લખાણ શાસ્ત્રથી વિરૂદ્ધ છે. તેજ અંકના બીજા લખાણો અને બીજા પણ અંકોના બીજાં પણ લખાણો વિરૂદ્ધ છે. અને તે પણ સુધરે એ હેતુથીજ કંઇ કંઇ અંશે આ એકજ અંકના અને એકજ લેખકના લેખકની સમાલોચના કરવામાં આવે છે.

# પ્રેમમાં અન્ધ.

( રચયિતાઃ-કુમાર શ્રમણ. )

( રકત ટપટતી સો સો જોડી—એ રાગ. )

પ્રેમ પંખીડું પંકજ પડમાં, પ્રીતિ પેખી પેસે,
પણ પંકજની પરિમલ લેતાં, પહેલા પૂછવું પડશે.
પંકજ પ્રીતિ પાપ ભરી, લેશે પલમાં પ્રાણ હરી. ૧

એ પંકજ તો પંકે જન્મ્યું, ત્યાગે નવ કદી જાતિ;
સન્ધ્યા થાતાં મધુકર ભાઇની, બીડી દાબે છાતી.
પંકજ પ્રીતિ પાપ ભરી, લેશે પલમાં પ્રાણ હરી. ૨

પુષ્કર ઉપર મધુકર મરતો, સરોજ તરણિ ઉપરે;
તરણિ ઉષા પાછળ ઘેલો, ઉષા ધરણી ઉપરે.
પંકજ પ્રીતિ પાપ ભરી, લેશે પલમાં પ્રાણ હરી ૩

[1]શાન્તિ [2]કાન્તિ [3]રૂપ ને [4]બળમાં, ઘેલાં નીરખી થાતાં;
નવયૌવનની મસ્તીમાં સૌ, ડાહ્યા ઘેલા જણાતાં.
પંકજ પ્રીતિ પાપ ભરી, લેશે પલમાં પ્રાણ હરી ૪

મૃગ-જલ જેવી પ્રેમની માયા, યોગી તેને ત્યાગે;
મૂર્ખ મૃગ-જન પણ નવ જાણે, ફરી ફરી તેને માગે.
પંકજ પ્રીતિ પાપ ભરી, લેશે પલમાં પ્રાણ હરી ૫

---

૧ કમળની શાન્તિ. ૨ સૂર્યની કાન્તિ. ૩ ઉષાનું રૂપ. ૪ ધરણીનું બળ.

# સીનેમા સ્ક્રીનનો એક અવાજે સજ્જડ વિરોધ.

શાહ મ્હેતા પ્રૉડ્કશન તરફથી થોડા વખતથી શ્રી સીનેમા સ્ક્રીનની યોજનાદ્વારા જૈન સમાજમાં પરમ આદર્શ મહાત્માએ તરીકે સુપ્રસિદ્ધ શ્રી ભરત મહારાજા અને શ્રીપાલ મહારાજ તેમજ મહાસતી શ્રીમતી મયણાસુંદરીજી જેવા પવિત્ર અને આરાધ્ય મહાત્માઓનાં ચલચિત્રો બનાવીને ફીલ્મો ઉતારવાની યોજના વિચારાઈ હતી.

આ વાત બહાર આવતાની સાથે દિલ દુભાવાના યોગે જૈન સમાજ એકદમ ખળભળી ઉઠયો હતો. તે યોજનાને ધર્મની હાંસી રૂપે લેખીને અનેક સ્થળેથી તેનો વિરોધ ઉઠયો હતો. અમારી સમાજે આ યોજનાનો પૂ. આચાર્ય મહારાજાએ આદિ પૂ. મુનિવરોનો પણ સામુદાયિક વિરોધ કરવા માટે ગત ચૈત્ર સુદ ત્રીજના રોજ એક પત્રિકા છપાવીને સમુદાયમાં મોટા અને આગેવાન ગણાતા પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ઉપર અભિપ્રાય અર્થે રવાના કરવામાં આવી હતી. જે પત્રિકા નીચે પ્રમાણે હતી.

## વિનંતિ પત્ર—

પૂજ્ય આચાર્ય મહારાજાએ, પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે, પૂજ્ય પન્યાસજી મહારાજે, પૂજ્ય ગણિવર મહારાજે અને પૂજ્ય મુનિ મહારાજાઓની સેવામાં સન્માનપૂર્વક વિજ્ઞપ્તિ કે-આપણા જૈન શાસનમાં આરાધ્ય અને અગ્રગણ્ય ગણાતા શ્રી શ્રીપાલ મહારાજા અને શ્રી ભરતચક્રવર્તી જેવાનાં ચલચિત્રો બનાવી ફીલ્મો ઉતરાવાય તે શ્રી દેશવિરતિ ધર્મ આરાધક સમાજના મત પ્રમાણે ઉચિત નથી. એટલુંજ નહિ પણ બંધ કરવા લાયક લાગે છે. આ બાબતમાં શાસન ધુરંધરો તરફથી વિરોધ દર્શાવનારા કેટલાંક છૂટાં-છૂટાં લખાણો પેપરમાં પ્રસિદ્ધ થયાં છે. પરંતુ અમોને એવી સૂચના થઈ છે કે-તમારી સંસ્થાએ આપણી સમાજના પૂજ્ય આચાર્ય મહારાજે આદિની સહીએ લઇને સામુદાયિક વિરોધ જાહેર કરે માટે આપશ્રીને હમારી નમ્ર વિનંતિ છે કે—આપના તરફથી તે ફિલ્મોનો વિરોધ દર્શાવતો પત્ર હમોને નીચેના શીરનામે મોકલી આપવા કૃપા કરશોજી. એજ વિનંતિ—

લી સેવક—

**મોતીચંદ ગુલાબચંદ ઝવેરી**ના વંદન.
પ્રમુખ શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજ.

**ચંદુલાલ નગીનદાસ જરીવાળા**
**ઝવેરચંદ પન્નાજી**—બુહારી.
**ચીમનલાલ મગનલાલ**, અમદાવાદ
**રાયચંદ ગુલાબચંદ અચ્છારી**ના વંદન.
માનદ મંત્રીઓ,—

**દેશવિરતિ ધર્મારાધક સમાજ.**

સુરત-સંવત ૨૦૦૨ના ચૈત્ર સુદ ૩ ગુરૂવાર

**પત્ર મોકલવાનું શીરનામું—**
શા. ચંદુલાલ નગીનદાસ જરીવાળા,-**સુરત.**
ઠે. મહીધરપુરા, વાણીઆશેરી.
જનાનંદ પ્રીં. પ્રેસ દરીયા મહેલ,-**સુરત.**

આ મુજબ પત્રિકાએ પૂજ્ય આગેવાન મુનિરાજે ઉપર રવાના કરવા પછી આજ સુધીમાં તે સીનેમા સ્ક્રીનમાં આરાધ્ય આત્માઓનાં ચલચિત્રો બનાવીને ફીલ્મો ઉતરાવવાની યોજના પ્રતિ સજ્જડ વિરોધ દાખવનારા જે પૂ. આચાર્યાદિ પૂજ્ય મુનિવરોના તથા તેઓશ્રીની પ્રેરણાથી અનેક ગામોના શ્રી

સંઘોના અમારા ઉપર વિસ્તારથી વિરોધ દર્શક પત્રો જે જે ગામેથી આવ્યા છે. તે બધુંજ લખાણ અત્ર વિસ્તારના ભયે પ્રગટ કરવું મુલતવી રાખીને માત્ર એઓશ્રીનાં સ્થાન સહિત માનદ નામોજ આ નીચે જાહેર કરીએ છીએ.

પૂ. આચાર્ય મ. શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી બોટાદ, પૂ આ. મ. શ્રી વિજયકલ્યાણસૂરીશ્વરજી સુરત, પૂ. આચાર્ય મ. શ્રી વિજય સુરેન્દ્રસૂરીશ્વરજી ડેલાવાળા અમદાવાદ. પૂ. આ મ. શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી અમદાવાદ, પૂ. આ. મ. શ્રી વિજય ન્યાયસૂરીશ્વરજી અમદાવાદ, પૂજ્ય આ. મ. શ્રી વિજય કુમુદસૂરીશ્વરજી ચાણસ્મા, પૂ. આચાર્ય મ. શ્રી જિનરિદ્ધિસૂરીશ્વરજી બોરીવલી, પૂ. આ. મ. શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મુંબાઈ, પૂ. આ. શ્રી વિજયલાભસૂરીશ્વરજી તડકેશ્વર, પૂ. આ. મ. શ્રી વિજય ભક્તિસૂરીશ્વરજી શેરીસા, પૂ. આ. મ. શ્રી વિજય ઉમંગસૂરીશ્વરજી શેરીસા, પૂ. આ. મ. શ્રી વિજય ઉદયસૂરીશ્વરજી ધ્રોળ, પૂ. આચાર્યશ્રી વિજય લલિતસૂરીશ્વરજી વરકાણા ધ્રોળ, શ્રી જૈન સંઘ, ડુંગરપુર જૈન સંઘ, વીરમગામ જૈન સંઘ, કરેડા જૈન સંઘ બુહારી, જૈન સંઘ વડસમા, જૈન સંઘ, પૂ. ઉપા શ્રી ધર્મવિજયજી વડસમા, મીયાંગામ જૈન સંઘ, પૂ. પં. શ્રી તીર્થવિજયજી મીયાંગામ, શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજ કરેડા, પૂ. પં. શ્રી પુણ્યવિમળજી ડુંગરપુર, પૂ. પં. શ્રી દાનવિજયજી પાલીતાણા, પૂ. પં. શ્રી ભાનુવિજયજી પાલીતાણા પૂ પં. શ્રી ચંદ્રસાગરજી ઘાટકોપર, પૂ પં. શ્રી મંગળવિજયજી ફાલના, પૂ. પં. શ્રી નેમવિજયજી વડોદરા, શ્રી સંઘ વડોદરા, પૂ. પં. શ્રી કીર્તિમુનિજી મહુધા, પૂ પં. શ્રી હીરમુનિજી વીરમગામ, પૂ. પં. શ્રી અવદાતવિજયજી ભાવનગર, પૂ. પ્ર. શ્રી ચંદ્રવિજયજી વિરમગામ. પૂ. મુનિશ્રી કેસરવિજયજી ભાવનગર, પૂ મુનિશ્રી જયવિજયજી (આ. શ્રી નીતિ સૂ૦) ઘોરાજી, પૂ મુનિશ્રી વર્દ્ધમાનસાગરજી અમદાવાદ, પૂ. મુનિશ્રી દર્શનવિજયજી (ત્રિપુટી) રાધનપુર, પૂ. મુનિશ્રી આનંદવિજયજી પાલીતાણા, પૂ. મુનિશ્રી લબ્ધિસાગરજી લુણાવાડા, પૂ. મુનિશ્રી ત્રૈલોક્યસાગરજી રતલામ, પૂ મુનિશ્રી કેસરવિજયજી પાલીતાણા, પૂ. મુનિશ્રી જશવિજયજી પાલીતાણા પૂ. મુનિશ્રી દેવવિમળજી વિજાપુર, પૂ મુનિશ્રી હંસસાગરજી સુરત, પૂ. મુનિશ્રી કનકવિજયજી (આ-શ્રી રામચંદ્રસૂરિજીના) માંડવી, પૂ. મુનિશ્રી લલિતસાગરજી રતલામ, પૂ મુનિશ્રી ચંદનસાગરજી સુરત, દેવેન્દ્ર જૈન સેવા મંડળ આબુરોડ, પૂ મુનિશ્રી સુબોધવિજયજી પાલીતાણા, પૂ. મુનિશ્રી હેમતવિજયજી પાલીતાણા, પૂ. મુનિશ્રી યશોભદ્રવિજયજી (આ. મ. શ્રી વિજય નેમિસૂરિજીના), પૂ. મુનિશ્રી પ્રેમવિજયજી પાલીતાણા, પૂ. મુનિશ્રી કર્પુરવિજયજી કાશીવાળા, મુલાહારા, પૂ. મુનિશ્રી ભુવનવિજયજી બિકાનેર.

આ સિવાય બીજા પણ પૂ. અનેક આચાર્ય મહારાજાઓ તથા પૂ. મુનિવરો આદિનો વ્યક્તિગત વિરોધ તો પારાવાર આવેલ છે. જેની અમોએ અત્ર ખાસ નોંધ લીધી નથી. હજુ પણ ઘણા વિરોધો આવવા સંભવ છે. સીનેમા સ્ક્રીનના ધડવૈયાઓએ પોતે આદરેલા દુઃખ કાર્યપ્રતિ 'પોતાના પૂજ્ય પુરૂષોના પૂજ્યભાવને લઇને' આ સમાજભરના પૂજ્ય પુરૂષો જે હાર્દિક વિરોધ દેખાડી રહેલા છે તે ઉપરથી જેવા પૂજ્ય પુરૂષોનાં તૈલચિત્રો બનાવીને તેની ફીલ્મો ઉતારવાના થતા દુઃખદાયી કૃત્ય તરફ આંખોએ સમાજ કેવી કચવાટની નજરે જોઈ રહેલ છે, તે બાબત ખુબ ધ્યાનમાં લઇને પોતે આરંભેલું કાર્ય, ધર્મ, બુદ્ધિ લાવીને તુરતજ તજી દે અને સમાજને શાન્તિ આપે એજ અંતિમ શુભેચ્છા પૂ આ. મ. આદિનાં નામો પર્યાય ખ્યાલના—અભાવે યથાક્રમ ન લખાયા હોય તે બદલ ક્ષમા યાચીએ છીએ.

લી૦ સેવકો,—

**મોતીચંદ ગુલાબચંદ ઝવેરી**, દેશવિરતિ ધર્મારાધક સમાજના પ્રમુખ.
**ચંદુલાલ નગીનદાસ જરીવાળા** „ „ „ માનદમંત્રી,

॥ સકલમન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજરાજેશ્વર-શ્રીસિદ્ધચક્રેભ્યો નમો નમઃ ॥
॥ સકલમનોવાંચ્છિતપૂરકઃ શ્રીશંખેશ્વર-પાર્શ્વનાથો વિજયતેતમામ્ ॥
। સર્વમંગલશિરોમણિ-શ્રીદ્વાદશતપોધર્માનુરક્તેભ્યો નમઃ ।

# 卐 શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય. 卐

**નોંધ:**—આ શરૂ થતા ગ્રન્થમાં માનવજીવનની દુર્લભતા, માનવજીવનને સફળ કરવાના સહકારિ સંયોગો, ધર્મ પુરૂષાર્થની અનિવાર્ય જરૂર અને સેવન, ધર્મના ચાર પ્રકારમાં તપોધર્મની વિશિષ્ટતા, સકળ તપોધર્મમાં શ્રી વર્દ્ધમાન-તપોધર્મની વિશિષ્ટતા આદિ અનેકવિધ પ્રકરણોના પૂર્વાપર સંબંધ ઉત્પત્તિ યુક્તિ-શંકા સમાધાન-પૂર્વક પુનિત પ્રકરણોનો અત્ર પ્રારંભ કરાય છે. આ 'શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય' નામના નાનકડા ગ્રન્થના પુનિત પ્રકરણોનું પરિશીલન કરીને શ્રી વર્દ્ધમાન તપોધર્મનું સેવન કરનારાઓ ઉત્તરોત્તર શ્રેષ્ઠ-સંપદાઓને કઇ રીતે પામ્યા છે, વર્તમાનમાં કઈ રીતે પામે છે, અને પામશે; તેનું અત્ર દિગ્દર્શન કરાવાય છે.

---

**લેખકઃ**—શ્રીસર્વજ્ઞકથિત-સ્યાદ્વાદમુદ્રામુદ્રિત-જૈન-શાસનના પરમ રહસ્યભૂત શ્રીનવપદ-પિયૂષપાનોદ્યતભવ્યભાવોદ્ભ-બોધસૂર્યોદય-શ્રીસિદ્ધચક્ર-નવપદારાધક સમાજ શ્રીવર્દ્ધમાનતપોધર્મવર્ધક-સંસ્થાસંસ્થાપક-શ્રીવર્દ્ધમાન-તપોનિષ્ણાત શ્રીસિદ્ધચક્રારાધન-તીર્થોદ્ધારક-પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરગણીન્દ્ર.

[ શ્રી સિદ્ધક્ષેત્રના શાશ્વત ધામમાં શાસનમાન્ય વિદુષી સાધ્વીશ્રી તિલકશ્રીજી મહારાજજીની શ્રીવર્દ્ધમાન તપોધર્માનુરક્તા પરમવિનીત પ્રશિષ્યા સાધ્વીશ્રી **તીર્થશ્રીજી**ના પુર્ણાહુતી પામતા શ્રી વર્દ્ધમાન તપોધર્મની આરાધના નિમિત્તે ( શ્રીવર્દ્ધમાન તપોધર્મની ૧૦૦ મી ઓળીના પારણા નિમિત્તે ) આલેખન કરાયેલ 'શ્રીવર્દ્ધમાન તપો મહાત્મ્ય' નામનો અનુપમ ગ્રન્થરત્ન વિ. સં. ૨૦૦૨ ફા. સુ. ૮ રવિવારે પારણાના દિવસે ભેટ અપાયેલ છે. છપાયેલ ગ્રન્થની પ્રથમ આવૃત્તિ પૂર્ણ થતાં આ માસિકના વાંચક વૃંદો તે ગ્રન્થના વાંચનનો લાભ લઇ શકે તે હેતુથી અત્ર અપાય છે. તંત્રી. ] [ લેખાંક ૩ જો ]

## ધર્મનું સાચું સ્વરૂપ.

ધર્મનું સાચું સ્વરૂપ પ્રતિપાદન કરનાર ચૌદશો ચુંમાલીસ ગ્રંથના પ્રણેતા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ધર્મ કોને કહેવાય તે બાબત ધર્મબિન્દુ પ્રકરણમાં આ પ્રમાણે જણાવે છે કેઃ

> वचनाद्यनुष्ठानमविरुद्धाद्यथोदिनम् ।
> मैत्र्यादिभावसंयुक्तं तद्धर्म इति कीर्त्यते ॥३॥
> धर्मबिन्दुः ॥

**ભાવાર્થ**—પરસ્પર વિરોધ ન આવે એવા સર્વજ્ઞકથિત અવિરુદ્ધ વચનને અનુસરતું અને મૈત્રી આદિ ચાર ભાવનાથી ભાવિત થયેલું અનુષ્ઠાન તે ધર્મ કહેવાય છે.

આ સ્થળે કોઈ કહેશે કે-તમે તો 'સર્વજ્ઞ કથિત' કહીને દુનિયાના બીજા બધા દર્શનકારોથી જૂદોજ વાડો જમાવ્યો. તેના સમાધાનમાં જણાવવાનું કે-અવિરૂદ્ધ વચનને બોલનાર સર્વજ્ઞજ હોઇ શકે, ગમે તે વક્તાનું વચન લઇએ તો અવિરુદ્ધ-વચન આવી શકે નહિ; કારણ કે સર્વજ્ઞ સિવાયના સઘળા આત્માઓ રાગ, દ્વેષ, અજ્ઞાનાદિ દોષોને આધીન હોવાથી ત્રિકાલાબાધિત-અવિરૂદ્ધ-વચન બોલી શકતાજ નથી. આથી સ્પષ્ટ થયું કે અવિરૂદ્ધ વચન

બોલનારા ત્રિલોકનાથ ભગવંત સર્વજ્ઞોજ હોય છે, અને તેઓનાજ વચનો અવિરૂદ્ધ હોઇ શકે છે.

તે સર્વજ્ઞના વચનને અનુસારે વર્તનારાઓના માનસિક, વાચિક અને કાયિક પ્રવર્તનને ધર્મ સમજી લેનારાઓને ઉદ્દેશીને પ્રાતઃસ્મરણીય પૂ. સૂરીશ્વરજીએ ટકોરપૂર્વક જણાવી દીધું છે કે–કોઇપણ પ્રવર્તનને અનુસરનારો આત્મા ચાર ભાવનાથી ભાવિત હોય તોજ તે સ્થળે સર્વજ્ઞ કથિત ધર્મ છે એમ સમજવું, અર્થાત્ ઉપરોક્ત શ્લોકના ઉપર જણાવેલા ભાવાર્થને અનુસરતું અનુષ્ઠાનજ ધર્મ છે.

આ ઉપરથી ધર્મિ–આત્માઓને પોતાના જીવનમાં ધર્મ છે કે કેમ ?; મારા વિચારો અને મારૂં વર્તન ધર્મમય છે કે કેમ ?, મારી કરણી ધર્મમય છે કે અધર્મમય ?; આ પ્રસંગોને જો તપાસવા હોય તો પોતાનો આત્મા ચાર ભાવનાઓથી ઓતપ્રોત થયેલો છે કે નહિ ?, તથા માનસિક મનોરથો, વાચિક વાકયપ્રયોગો અને કાયિક કરણીઓ સર્વજ્ઞકથિત શાસ્ત્રાનુસાર છે કે નહિ ?; જો આ બન્ને પ્રશ્નોનું સમાધાન ઉપર જણાવ્યા શ્લોકના રહસ્ય પ્રમાણે બરાબર બંધબેસતું હોય તો જાણવું કે મારો આત્મા ધર્મથી વાસિત થયેલો છે; અને મારા ત્રિકરણ યોગનું પ્રવર્તન ધર્મમય છે એ નિઃસંદેહ સત્યમાં સર્વદા સર્વથા શંકાને સ્થાનજ નથી.

સુપાત્રદાનમાં અને અભયદાનમાં પ્રવર્તમાન થયેલા દાનવીરોએ, શીયલ આદિ સદાચારનું સેવન કરનાર શીયલવંતોએ, અનેકવિધ તપોવિધાનનું સેવન કરનાર તપસ્વિઓએ, જિનમંદિર, જિનમૂર્ત્તિ, જીર્ણોદ્ધાર, દેવદ્રવ્યાદિ અનેકવિધ દર્શન પ્રકારનું સેવન કરનારાઓએ, જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનના સાધનોને વધારનારા તથા રક્ષણ કરનારાઓએ, ચારિત્ર–ચારિત્રિયાએ અને ચારિત્રના સર્વ સાધનોને સાધનારાએ ઉપર જણાવેલા ધર્મના સ્વરૂપને ખ્યાલમાં રાખીનેજ ઉદ્યમવંત થવાથી લાભ પ્રાપ્ત થઇ શકે તેમાં શંકા રાખવા જેવુંજ નથી; અન્યથા નહિ. કેવળ જ્ઞાનિઓના અવિરોધી વચનને અનુસારે ચાર ભાવનાવાળું જે પ્રવર્તન તેજ યથાર્થ ધર્મ છે એમ જાણવું.

## મૈત્રીભાવનાનું સ્વરૂપ.

પૂર્વના પ્રકરણમાં મૈત્ર્યાદિ ચાર ભાવનાથી ભાવિત થયેલા આત્માને સર્વજ્ઞકથિત ધર્મ પરિણત થયેલો છે એમ જણાવ્યું છે. તેથીજ ધર્મનું સ્વરૂપ સમજનારાઓએ મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ ભાવનાનું હાર્દિક સ્વરૂપ સમજવું જોઇએ. કે જેથી કરીને ચારે ભાવનાથી ભાવિત થયેલ પ્રસંગો સમજી શકે અને સમજણ પૂર્વક તે તે ભાવનાઓને અનુસરીને ધર્મ-સેવનનો સુંદર લાભ પ્રાપ્ત કરી શકે.

મૈત્ર્યાદિ–ભાવનામાં ઓતપ્રોત થવું એજ સમ્યક્ત્વનો સાચો રંગ છે. સમ્યક્ત્વમાં ઓતપ્રોત થયાની પ્રતીતિ માટે ચારે ભાવનાઓને અનુક્રમે વિચારીએ.

પહેલી મૈત્રી ભાવનાને સમજવા માટે એક સામાન્ય પ્રસંગને ઘટાવીએ–જે મનુષ્યને જીવન-ભરમાં એકાદ વાર પણ વીંછી ન કરડયો હોય તે વીંછી કરડેલા બીજા માણસને પૂછીને જાણી શકશે કે–વીંછીના ડંખની અસહ્ય વેદનાઓ તે માણસને તે અવસરે એવી કારમી થાય છે કે જેથી કરીને બૂમરાણ કરી મૂકે છે અને કહે છે કે–"આવી વેદના કોઈ દુશ્મનને પણ થશો

નહિ.” વળી તે વેદનાના પ્રસંગે માલમિલ્કતમાં, વહેપાર ધંધામાં, કુટુંબ પરિવારમાં કે ખાવા પીવામાં લવલેશ ચિત્ત લાગતું નથી અને સઘળી જંજાળોને વીંછીની વેદના અનુભવનાર ભૂલી જાય છે. કોઇપણ વિષયમાં તેનું મન ચોંટતું નથી, એવી વીંછીના ડંખની વેદના હોય છે, જો કે તેની ઇચ્છાઓ, મનોરથો, આશાઓ, વિચારો અને તરંગો નાશ પામ્યાં નથી. પરંતુ વીંછીના ડંખની વેદનાની મુખ્યતામાં તે બધાં ગૌણ થઇ જવાથી આપણાથી જણાતાં નથી. આ દ્દષ્ટાંત મુજબ કુટિલ કાળા કર્મરૂપ વીંછીના ડંખથી ડંખાયલા સર્વે સંસારી જીવોની દશા કેવી હોય તે વાંચકને શાંતિપૂર્વક વિચારવાથી સમજવામાં આવશે.

આ સ્થળે કોઇ શંકા કરે કે-વીંછીના ડંખમાં તો ચેતના જાગૃત રહે છે અને નિદ્રા દૂર ભાગી જાય છે, પરંતુ કર્મના ડંખમાં તો તેમ થતું જણાતું નથી? તેના સમાધાનમાં જણાવવાનું કે-કલોરોફોર્મ સુંઘાડેલા મનુષ્યના કોઇપણ અંગોપાંગને કાપવામાં આવે તો તે વખતે તેને વેદના થતી નથી એમ જણાય છે; પરંતુ કલોરોફોર્મ ઉતરી ગયા પછી તેને વેદના થતી આપણે જોઇએ છીએ તેથી તે વાઢકાપની ક્રિયા વેદનાનો વિષય નથી એમ કહી શકાય નહિ. તેમ મિથ્યાત્વરૂપ કલોરોફોર્મ ભરપુર ચઢેલું હોવાથી કર્મરૂપ વીંછીના ડંખો સમજાતાં નથી.

આ ઉપરથી ગમે તેવો વિરોધી ધનમાલ લુંટનાર હોય, હરકોઇ પ્રકારે નુકશાન કરનાર હોય, માથાનો કાપનાર હોય, કે દરિયામાં ડૂબાડી મારનાર હોય, તેવા શત્રુને પણ કર્મરૂપ વીંછી કરડશો નહિ એવો વિચાર આવવો તેનુંજ નામ મૈત્રીભાવના છે.

સ્વાર્થપરાયણ મૈત્રીમાં મુંઝાયેલા મિત્રોના મૈત્રીને અહીં સ્થાન નથી. વિશ્વપ્રેમની વાતો કરનારાઓ અને વિશ્વ ઉદ્ધારના વિચારને જોરશોરથી અપનાવનારા પણ જૈનશાસનમાન્ય મૈત્રી ભાવનાથી હજી સુધી ભીંજાયા નથી. જગતના બધા મનુષ્યો સારી રીતે કમાણી કરી શકે, પેટ પૂરતું અનાજ મેળવી શકે, આશ્રિત કુટુંબાદિકના નિભાવના સાધનો મેળવી શકે, પહેરવા પૂરતા વસ્ત્રો મેળવી શકે અને રહેવાનું સ્થાન મેળવી શકે-આ બધા પ્રસંગોને વિશ્વોદ્ધારના અંગો કહેવામાં આવે છે છતાં એ પ્રસંગોના બ્હાના તળે અંશે પણ સ્વાર્થ સાધવાની વૃત્તિ ન હોય તોજ તે મૈત્રી ભાવનાની સન્મુખ છે એમ માની શકાય, છતાં જૈનશાસન તો વર્તમાનમાં સુખી દેખાતો આત્મા ભવિષ્યમાં પણ દુઃખી ન થાય તો સારૂં, તો જીવ તેવો કર્મબંધ ન કરે, વર્તમાનમાં દેખાતાં દુઃખીને પણ કર્મના ફળ ભોગવવાનું ન બને; એટલુંજ નહીં પણ આખું જગત સાચું સુખ, સાચી શાંતિ અને સાચા આનંદની સાચી મોજ માણવા કર્મબંધનથી છૂટી જાય એવો વિચાર આવવો તેનેજ મૈત્રીભાવના કહે છે.

આ ચારે ભાવનાઓના સ્વરૂપને સમજાવવા માટે સકલશાસ્ત્રપારાવારપારીણ શબ્દાવતાર કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી પોતાના યોગશાસ્ત્રના ત્રીજા સર્ગના ૧૧૮ થી ૧૨૧ સુધીના ચાર શ્લોકમાં જણાવે છે કે—

“मा कार्षीत्कोऽपि पापानि, मा च भूत्कोऽपि दुःखितः ।
मुच्यतां जगदप्येषा, मतिर्मैत्री निगद्यते” ॥११८॥१॥

શબ્દાર્થ—[1]કોઈપણ જીવ પાપ ન કરો, [2]કોઇપણ જીવ દુઃખી ન થાઓ અને આ[3] આખું જગત કર્મથી મુકાઇ જાઓ–આ પ્રકારની જે બુદ્ધિ–ભાવના વિચારણા તે [4]મૈત્રી ભાવના કહેવાય છે.

"अपास्ताशेषदोषाणां, वस्तुतत्त्वावलोकिनाम् ।
गुणेषु पक्षपातो यः, स प्रमोदः प्रकीर्त्तितः" ॥११९॥२॥

શબ્દાર્થ—હિંસા, મૃષા, સ્તેય, અબ્રહ્માદિ સમસ્ત દોષોને દૂર કરનારા અને યથાવસ્થિત વસ્તુતત્વ રહસ્યને સમ્પૂર્ણતયા દેખનારાઓના શમ–દમ–ગાંભીર્યાદિક ગુણો, ગુણિજનો અને ગુણની પ્રાપ્તિ–રક્ષણના સગ્રગ સાધનો પ્રત્યે પક્ષપાત સ્તવના–વંદન–સત્કાર બહુમાનાદિ કરવારૂપ–ગુણાનુરાગરૂપ જે ભાવ તે પ્રમોદભાવ અથવા પ્રમોદ ભાવના કહેવાય છે.

"दीनेष्वार्त्तेषु भीतेषु, याचमानेषु जीवितम् ।
प्रतीकारपरा बुद्धिः, कारुण्यमभिधीयते" ॥१२०॥३॥

શબ્દાર્થ—દીન દયામણા જેવા કંગાલોને, આધિ, વ્યાધિ અને અનેકવિધ ઉપાધિથી પીડાયેલાઓને, સાત પ્રકારના ભયથી ભયભીત થયેલાઓને, મોતના પંજામાં સપડાયેલાઓને અગર સપડાય તેવા સંયોગોમાં આવી ગયેલાઓને અને જીવન જીવવાની આશા મૂકી દઇને ફક્ત જીવવાનીજ માગણી કરનારાઓને તે તે ભયમાંથી અગર દુઃખોથી મુકત કરવા માટે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ જેની જેની જરૂર જણાય તે તે આપવામાં સર્વ પ્રકારે મદદ કરવા–કરાવવાની જે ઉત્કંઠતા તેનું નામ કરૂણા ભાવના છે અર્થાત્ દેશકાળની અપેક્ષાએ અન્ન–પાન–વસ્ત્ર–સ્થાન–ઔષધાદિ અને ભવિષ્યમાં દુઃખી ન થાય તે માટે હિતોપદેશ આપી–અપાવીને ઉન્માર્ગમાંથી મુકત કરી સન્માર્ગમાં સ્થાપવા કટિબદ્ધ થવું તેનુંજ નામ કરૂણા ભાવના કહેવાય છે.

"क्रूरकर्मसु निःशङ्कं, देवतागुरुनिन्दिषु ।
आत्मशंसिषु योपेक्षा, तन्माध्यस्थ्यमुदीरितम्" ॥१२१॥४॥

શબ્દાર્થ—ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, કૃત્યાકૃત્ય અને ગમ્યાગમ્ય વિગેરે ઇહલૌકિક તથા પારલૌકિક કાર્યમાં વિવેક વગરના, ક્રૂર–નિંદનીય કાર્યો શંકા રહિતપણે કરનારા, નિઃશંકપણે દેવ–ગુરૂ–ધર્મ અને ધર્મી સજ્જનોની નિંદા કરનારા અને દોષના દરિયા છતાં નિર્દોષતાના દેખાવ કરી આત્મપ્રશંસા કરનારા જીવો પ્રત્યે ધર્મદેશના કે હિતશિક્ષા દેવા જતાં લાભને બદલે હાનિજ થવાનો સંભવ જણાતો હોય તે સ્થળે ઉપેક્ષાભાવ રાખવો તેનું નામ માધ્યસ્થ્ય ભાવના કહેવાય છે.

આ ચારે ભાવનાના ભાવ રહસ્યને યુકિત–પ્રયુકિતપૂર્વક અને દાખલા–દષ્ટાંતથી આગળના

---

૧. પ્રથમ વાકયથી પાપ કરી, કર્મ બંધન કરી ભવિષ્યમાં દુઃખી ન થાઓ એ રહસ્ય છે. ૨. પૂર્વે બાંધેલા કર્મના ઉદયમાં રિબાતા જીવ પ્રત્યે કરૂણાભાવ એ બીજા વાકયનું રહસ્ય છે. ૩. સુખી–દુઃખી અને સુખ–દુઃખથી મિશ્રિત જીવોથી ભરપુર જગતજીવો પુર્વ–વર્તમાન કર્મથી છૂટી જાઓ એ ત્રીજા વાકયનું રહસ્ય છે. ૪. આ ત્રણે વાકયરૂપ ત્રિવેણીનો સંગમ તે મૈત્રીભાવ છે.

પેરેગ્રાફમાં સમજાવવાનું હોવાથી આ ઠેકાણે માત્ર શ્લોકસ્થ પદોનો શબ્દાર્થજ આપેલો છે.

આ ચારે ભાવનાઓમાં શી શી વિશિષ્ટતાઓ છે, પરસ્પરમાં તફાવત અને તરતમતા શી શી છે અને એનાથી ભાવિત થયેલા આત્માઓજ ધર્મને-પામી શકે છે, ટકાવી શકે છે, વધારી શકે છે અને છેવટે ધર્મનું સર્વશ્રેષ્ઠ ફળ જે મોક્ષ તેને પણ મેળવી શકે છે, આ બધું આપણે આગળના ભાવનાઓના સ્વરૂપવાળા પ્રકરણમાં વિસ્તારપૂર્વક વિચારીશું.

આ ચાર ભાવનાઓના અભાવમાં કોઈપણ જીવને સમ્યક્ત્વ સંભવતું નથી. કહેવાતા ધર્મીઓ ધર્મને કેવી રીતે તિલાંજલિ આપે છે અને અપાવે છે તે બધું સમજવા માટેજ ભાવનાના રહસ્યને વાંચન, મનન અને પરિશીલનપૂર્વક સમજવું જરૂરી છે. પૂર્વે જણાવેલી આવી ચાર ભાવનાથી ભાવિત થયેલો આત્મા ધર્મ-મહેલની સીઢીના પ્રથમ પગથિયે પહોંચેલો ગણી શકાય છે. ત્યારપછી એ ભાવનાઓને જેમ જેમ પુષ્ટ કરતો જાય છે તેમ તેમ તે ધર્મમાં આગળ વધતો જાય છે.

## પ્રમોદ ભાવનાનું સ્વરૂપ

કર્મરૂપ વીંછીના ડંખથી સર્વથા સર્વત્ર સર્વદા જગતના સમગ્ર જીવો બચી જાઓ એવી જે ભાવના તે મૈત્રી ભાવના વિચારી ગયા. હવે પ્રમોદ ભાવનાનું રહસ્ય પ્રેમપૂર્વક વિચારવાની જરૂર છે.

દુઃખમાં ઘેરાયલાને જેમ દુઃખનો મટાડનારો મળે અને પોતાનું દુઃખ મટે એવો વિચાર આવ્યા કરે છે તેમ કર્મરૂપ વીંછીના ડંખથી દુઃખિત થયેલા જીવને પોતાની વેદના શી રીતે ટળે, તે વેદનાને ટાળવાને કોણ સમર્થ છે તે બાબતના વિચાર આવ્યા કરે છે. વેદના દૂર કરનારને દૂરથી આવતો દેખીને આનંદ પામે છે, અને તેના પગમાં પડીને પોતાની વેદના દૂર કરવાની વિનંતિ કરે છે. ચપટી ધૂળથીજ વીંછી ઉતારે કે વીંછી ઉતાર્યો હોય તો પણ તે ઉતારનાર ઉપર અનહદ પ્રેમ ધારણ કરે છે. વીંછી ઉતારનારો જ્યારે ગણુગણુ શબ્દ કરતો હોય ત્યારે જેમ એકચિત્તે તેની સામું જોઇ રહે છે તેવીજ રીતે કર્મરૂપ વીંછીની વેદનાને હરનારા દેવાધિદેવ તીર્થંકરો, તીર્થંકરપ્રણીત શાસનના સંચાલક ગુરૂવર્યો, વેદનાના જડમૂળથી નાશના ઉપાયરૂપ ધર્મોપદેશ દેનારા અને ધર્મા-રાધનમાં તત્પર રહેનારા જીવો પ્રત્યે પૂર્ણ બહુમાન બતાવે છે. ધર્મના સર્વ સાધનો અને ધાર્મિક વિચારો-વર્તનો ઉપર પણ તે અત્યંત આનંદિત થાય તેમાં નવાઇજ નથી. !!!

વીંછીની વેદના સમજનારને ઉપરના બધા પ્રસંગોમાં જેવો આનંદ થાય છે તેવોજ આનંદ કર્મની કારમી વેદનાઓને સમજનારને પણ થાય છે. જેઓ કર્મકાંટાને જોઇ શકયા છે, કર્મની ભયંકરતા પિછાણી શકયા છે અને કર્મની કારમી વેદનાઓ વર્તમાનમાં તથા ભવિષ્યમાં આ જીવને કેવી મુંઝવણ કરે છે અને કરાવશે તે બધું સમજનારને જરૂર આનંદ થાય છે; પરંતુ છ મહિનાના બાળકને વેદનાનો અનુભવ છે. પણ વેદનાને દૂર કરનારાઓને તથા વેદનાને દૂર કરવાના સાધનોને સમજી શકતો ન હોવાથી આનંદ પામી શકતો નથી તેવીજ રીતે કર્મવેદનાદિ દૂર કરનારાઓ સંબંધમાં સમજી શકાય તેવી બીના છે.

આ ઉપરથી કર્મની કારમી વેદનાથી દુઃખી થયેલા જીવોની વેદના દૂર કરવા માટે જેઓએ જીવન સમર્પણ કર્યું છે અને કરે છે તે સર્વ કાળના સર્વક્ષેત્રના સર્વ અવસ્થાના જિનેશ્વરો, આચાર્યો, ઉપાધ્યાયો, સાધુભગવંતો અને સમ્યક્ત્વધારી શ્રાવક-શ્રાવિકા તથા દેવ-દેવીઓ પ્રત્યે બહુમાન રાખતાં શિખવું જોઇએ. આ બધાં કર્મકૃત વેદનાને દૂર કરવામાં ઓછાવત્તા પ્રમાણમાં મદદગાર છે એ નિર્ણીત સિદ્ધાંતમાં શંકા રાખવા જેવું નથી.

વિશેષમાં સમજવું જરૂરનું છે કે-કોઇને શારીરિક સંપત્તિ સારી હોય તો આર્થિક સંપત્તિની અકળામણ હોય, કોઇને આર્થિક સંયોગોની અનુકૂળતા હોય તો શારીરિક સંપત્તિમાં પ્રતિકૂળતા હોય, શરીરે સુખી દેખાતો હોય અને ધન-ધાન્યની રોજ ને રોજ મૂંઝવણ થતી હોય, શરીર, ધન અને ધાન્ય સંબંધી કશી ચિંતા ન હોય ત્યારે તે ધન-ધાન્યને ભોગવનારનીજ અછત હોય, કદાચ કુટુંબ કબીલાનો વિસ્તાર સારો હોય ત્યારે તે બધાના પેટ ભરવાના સાધનોનીજ ગેરહાજરી હોય, શરીર, ઇંદ્રિયો અને વિષયના સાધનોની પરિપૂર્ણતા હોય ત્યારે ધર્મનું નામ-નિશાન પણ ન હોય, આવી આવી અનેકવિધ વિચિત્રતાઓ નિહાળીને કર્મરૂપ વીંછીના ડંખથી ડંખિત થયેલા આત્માઓ એક સરખી વેદના અનુભવતા નથી એ બનવાજોગ છે, પરંતુ સંસારમાં આવા આવા પ્રસંગોમાં સામાને સુખી જોઇને પોતાની મૈત્રી ભાવનાના પગથિયારૂપ વિચારણાને ભૂલીને ભૂલભૂલામણીમાં ભૂલો પડે છે. તે સુખી કેમ ?, અગર હું દુઃખી છું તો તે પણ દુઃખી થવોજ જોઇએ, અગર તેના સુખના સાધનો કયારે ઘટે ?, શી રીતે ઘટે ?, તેને એવી કઈ મૂંઝવણમાં મૂકી દઉં કે તે દુઃખી થાય ?, આવી આવી અટપટી અનેક વિધ વિચારણાઓમાં મૈત્રી ભાવનાના મહાન પગથીયા ઉપરથી ખસેલાઓને પ્રમોદ ભાવનાના પૂર ઓસરતાં જાય છે. અને છેવટે પ્રમોદ ભાવના પલાયન કરી જાય છે માટે અવશ્યમેવ સાવધાન થવાની જરૂર છે.

વર્તમાનમાં તે સુખી દેખાય છે, તો તેણે પૂર્વભવમાં અગર વર્તમાનમાં કર્મ-વીંછીની વેદનાના ઉતારનારનો પ્રસંગ સેવ્યો હશે. અગર તેના કથન પ્રમાણે વર્ત્યો હશે, તેથી તે સુખી દેખાય છે. હું પણ તેવા મહાપુરૂષનો સમાગમ મેળવું અને તેમના કથન પ્રમાણે વર્તું તો સુખી થાઉં. તેનાથી અધિક સુખી થવાને ઇર્ષા, આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં રિબાવાના વિચારો કરવા કરતાં હજી વધારે વેદના ટાળવાના સ્પર્ધા, ધર્મધ્યાનાદિ ઉપાયોની સેવના કરૂં તો વધારે સુખી થાઉં એજ પ્રમોદ ભાવનાને પુષ્ટ કરવાનો પુનિત માર્ગ છે.

આ ઉપરથી કર્મની કારમી વેદના ટાળવા માટેનો ઉપદેશ દેનારાઓ, વેદના ટાળવાના ઉપાયો, ઉપાયોને ઓછાવત્તા પ્રમાણમાં સેવનારાઓ, નહિ સેવનારાઓને વારંવાર પ્રેરણા કરીને સેવન કરાવનારાઓ, સેવન કરતાં કરતાં ઓછાવત્તા અંશે ફળ મેળવનારાઓ વિગેરે એ બધાઓ પ્રત્યે અનુમોદન ભાવને ભાવનારોજ પ્રમોદ ભાવનાનું પૂરૂં રહસ્ય સમજ્યો છે એમ માનવું અસ્થાને નથી.

## કારુણ્ય ભાવનાનું સ્વરૂપ

જગતના તમામ જીવોને કર્મની કુટીલ વેદના ભોગવવી પડે છે. તે વેદના હું દૂર કરૂં, તે વેદના તાત્કાલિક દૂર કરૂં, એવા દુઃખ દૂર કરવા માટે એવા સંજોગ સાધનો તેઓને તેઓને સમર્પણ કરૂં, સર્વની વેદના દૂર કરવામાં

મારાં સઘળાં તન, મન, ધન સમર્પણ કરૂં, દુઃખી જીવોના દુઃખ દૂર કરવા મારી બનતી શક્તિએ ઉદ્યમ કરૂં, તેને કર્મની કુટીલ વેદનાઓને દૂર કરવા મારી સાધન સામગ્રી–શકિતમો વિકાસ કરૂં, આવાં આવાં મનોરથોને અને આવા પ્રસંગોને લગભગ અનુસરતાં અનેકવિધ વિચારોને કારૂણ્ય ભાવના કહેવાય છે.

મૈત્રી ભાવના અને પ્રમોદ ભાવનામાં પુરેપૂરાં ભાવિત થનારા આત્માઓજ કારૂણ્યના કોમલ તરંગોને ઝીલી શકે છે. કારૂણ્ય ભાવનાથી ભાવિત થયેલા આત્માઓને જૈન-શાસનની નીતિ-રીતિ અને શાસ્ત્ર મર્યાદાઓ લક્ષ્યમાં રાખવાની જરૂર છે; કારણ કે મતિકલ્પનાના જોરે કારૂણ્ય ભાવનાથી ભાવિત થયેલાઓને હાથે મહાઅનર્થ થવા સંભવ છે. તેથીજ ડગલે પગલે કારૂણ્ય ભાવનાના ભાવિતોને જૈન શાસ્ત્રની નીતિરીતિનો આશ્રય સર્વદા નજર સન્મુખ રાખવો ઘટે છે.

કેટલીકવાર અતિ કરૂણાને લીધે કરવા જઇએ સીધું અને થઈ જાય અવળું. વ્યકિત, પદાર્થ, ક્ષેત્ર અને અવસર ઓળખીને કરૂણા ભાવનાનો અમલ કરવો જોઇએ. જગતમાં કેટલાક જીવો કર્મવેદનામાં એવાં ફસાયાં હોય અને શુદ્ધ બુદ્ધિથી મદદ કરવા જનારો કર્મ ઓછા કરવા માટે મહેનત કરતો હોય છતાં તે મન્દ બુદ્ધિવાળો બિચારો મદદ કરનારો જીવ કર્મ ઓછા કરવાને બદલે તે દુઃખીને વધુ ને વધુ કર્મના કારમા કારાગારમાં ઉતારી દે છે. આ જગ્યાએ અંકગણિતનો એક કોયડો સમજવા જેવો છે. કેટલાક અંકનો ગુણાકાર કરીએ તો ફલ ગુણાકારનું આવે નહિ, અર્થાત્ ગુણને બદલે હાનિ થાય. દષ્ટાંત તરીકે ૧૦૦૦ એક હજારને ०। એ ગુણીએ તો ૨૫૦ આવે. કર્યો ગુણાકાર અને ફલ આવ્યું ભાગાકારનું. આના કરતાં તો હજારને ચારે ભાંગ્યા હોત તો ૨૫૦ અઢીસો ભાંગાકાર આવત. આ ઉપરથી અપૂર્ણાંકનો ગુણાકાર એ ભાંગાકારનો ભાઇ છે. તેવી રીતે કરવા જાઓ ગુણ અને થઇ જાય હાનિ. કારૂણ્ય ભાવના–ભાવિત આત્માઓથી લાભને બદલે નુકશાન ન થવું જોઇએ તે ખાસ લક્ષ્યમાં રાખવા જેવું છે. કારૂણ્ય ભાવના દ્વારાએ લાભને બદલે નુકશાન થતું હોય અને થતાં નુકશાનને સમજી જવાય તો અર્થી આત્માએ મૌન ધારણ કરી ઉપેક્ષા અગર માધ્યસ્થ ભાવનામાં આવી જવું, પરંતુ કારૂણ્ય ભાવનાદ્વારાએ હાનિ તો થવી નજ જોઇએ એ ધ્યાનમાં રાખવું.

જુઓ, એક બંગલામાં એક કુવો છે. કુવામાંથી કોષદ્વારા પાણી કઢાય છે. કુવાનું પાણી ઉપરના થાળામાં પડે છે. ઘરનો નોકર છોકરાને રમાડવા લઈ ગયો અને બંને જણ કુવા ઉપરના થાળામાં બેઠા. રમતાં રમતાં છોકરો થાળાના કિનારે પહોંચ્યો અને નીચું વળીને કુવામાં દેખવા જાય છે. નોકરની નજર તે તરફ નથી. બંગલામાંથી ઘરનો માલીક દેખે છે કે છોકરાએ કુવામાં જોયું કે તુરત પડયો; પરંતુ તે અવસરે માલીક ઉપરથી બૂમ મારતો નથી, નોકરને ઠપકો આપતો નથી; અને ઉતાવળો ઉપરથી ઉતરી છોકરાને તુરત પકડી લીધો. છોકરો બૂમ મારી રડવા લાગ્યો. આ અવસરે ઉપરથી બૂમ પાડી હોત અને નોકરને ઠપકો દીધો હોત તો છોકરો નજર ચૂકથી કુવામાં પડી જાત અને પોતાનો જાન ગુમાવે તેમાં નવાઇ નથી. કહેવું પડશે કે આ અવસરે ઘરના માલીકનું ડહાપણ, સમયસૂચકતા, ગાંભીર્યતા, અને ચાલાકીભરી ચુપકીદી બાલકને બચાવનારાં થયાં; પરંતુ તેથી વિરૂદ્ધ વર્તનારનો આશય શુદ્ધ હોવા છતાં પણ લાભને બદલે જરૂર નુકશાન મેળવે તેમાં નવાઇ નથી. તેવી રીતે કારૂણ્ય ભાવનામાં સમયસૂચકતાદિ પ્રસંગો સાવધાનીથી અને નુફાનુકશાનની નજરે નિહાળવાં અને કરવાં એ જરૂરીનો વિષય છે. (અપૂર્ણ)

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી–

( લેખકઃ—સુધાવર્ષી. )

૨૫૧. કદાગ્રહની કારમી કુટેવથી ટેવાયેલા કદાગ્રહીઓને સ્વ–પરહિત સમજાતું નથી

૨૫૨. કદાગ્રહી કદાગ્રહનું ભયંકર પરિણામ સમજી શકતો નથી એ કદાગ્રહીઓ માટે કરૂણ વિષય છે

૨૫૩. લડાઇ, દુકાળ આદિ પ્રસંગો એ પાંચે વર્ષે દેખાવ દે છે તે અવસરે પદાર્થની સોંઘવારી મોંઘવારીમાં પલટાય છે. પરન્તુ વિષયાધીન આત્માઓને ફુરસદની મોંઘવારીનો મહાન્ દુષ્કાળ ડગલે પગલે નજરે ચઢે છે. અર્થાત્ જીવનભરમાં સુકાળની સામી લ્હેજત લઈ શકતાં નથી.

૨૫૪. કદાગ્રહના વ્યસની આત્માઓ મિથ્યા અભિમાનમાં ઉભરાતા નજરે ચઢે તેમાં નવાઇ નથી.

૨૫૫. મિથ્યાભિમાનીઓને ક્ષુદ્ર સ્વાર્થની સિદ્ધિ માટે નિર્માલ્ય જીવન જીવનારાઓની પણ પ્રશંસા કરવી પડે તેમાં નવાઇ નથી.

૨૫૬. જૂઠી પ્રશંસાના પૂરમાં તણાયેલો ત્યાગી અવસર આવે ત્યાગને પણ દેશવટો દે છે.

૨૫૭. મિથ્યા અભિમાનીઓનું મિથ્યાભિમાન વિચાર વચન અને વર્તનમાં સ્પષ્ટપણે દેખાયા વગર રહેતું નથી.

૨૫૮. મિથ્યાભિમાનમાં અંધ થયેલાઓ ગુણી–ગુણ અને ગુણ પ્રાપ્તિના સાધનોને પણ દેખી શક્તા નથી એ ખેદનો વિષય છે.

૨૫૯. વફાદારીના બ્હાના તળે ક્ષણિક સ્વાર્થની સીધી કે આડકતરી રમત રમવી એ ભયંકર હાનિકારક છે.

૨૬૦. વફાદારીના સ્વાંગ સજીને ક્ષણિક સ્વાર્થની સિદ્ધિ કરવા નીકળેલાઓએ વફાદારીના પરમાર્થને પિછાણ્યો નથી એટલુંજ નહિં પણ વફાદારીના બ્હાના નીચે દ્રોહની સિદ્ધિ કરી રહ્યા છે.

૨૬૧. પારકાના અછતા દોષો દેખવાને આતુર બનેલાઓ સ્વ–પર હિત સાધી શકતાજ નથી.

૨૬૨. પારકાના દોષો દેખવાને અનિમેષપણે આંખોની પાંપણ નહિ હલાવનારાઓ, પારકાના દોષો શ્રવણ કરવાને આતુર બનેલાઓ અને પારકાના દોષો બોલવાને જીભ્હાને નિરંકુશપણે વર્તાવનારાઓ શાસ્ત્રીય સિદ્ધાન્ત પ્રત્યે બેદરકાર રહી પાપના પુંજ ખડકી રહ્યા છે એજ દયાજનક વિષય છે.

૨૬૩. પારકાના અછતા દોષોને અસત્કલ્પનાએ ઉપજાવી કાઢવાને જેઓનું હૈયું ઉત્સુક બન્યું છે તેવાઓના હૈયામાંથી આત્મ–કલ્યાણના પૂર ઓસરી ગયા છે !!!

૨૬૪. પૌદ્ગલિક પદાર્થની નકલી જીતના નગારાં વગાડનારને શાશ્વતી જીતના જય નિશાન અને જયનાદ સાંભળી શકાતાં નથી.

# શ્રી સિદ્ધચક્ર

!!! વ....ન્દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને–

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः,

सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः ।

आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशा—

मोक्षाध्वालम्बनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा ।

चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ॥२॥


શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટઃ ૨૫, ૨૭ ]

વર્ષ ૧૨ ] [ અંક ૧૦ મો.

વિક્રમ સં. ૨૦૦૨, વીર સં. ૨૪૭૨. તા. ૧૭-૭-૪૬ બુધવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨॥ આના

सकल मन्त्र-तन्त्र-यन्त्राधिराजराजेश्वर—

श्री सिद्धचक्रेभ्यो नमो नमः

# "श्री सिद्धहेमचन्द्र-शब्दानुशासनम्"

## (संज्ञा-सन्धि-नाम कारक पर्यन्तः प्रथमो विभागः)

ઉપરના ગ્રન્થની સાહિત્યરસિકો લાંબા સમયથી એક સરખી રાહ જોઇ રહ્યા હતા, તે મહાન્ ગ્રન્થ છપાઇને બહાર પડી ચૂકયો છે.

**કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી**ની સર્વજ્ઞતાનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરાવતો, સુવર્ણસમ સૂત્રોથી શોભતો, આહ્લાદદાયક-ચન્દ્ર-કિરણ સમ સ્વોપજ્ઞ તત્ત્વ પ્રકાશિકાના વૃત્તિસ્થ-તત્ત્વોથી દીપતો, બંન્નેના (સૂત્ર-વૃત્તિના) પરમાર્થને આનન્દપૂર્વક પ્રતિપાદન કરાતી **પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્રકૃત-શ્રી આનન્દ-બોધિની વૃત્તિથી** ઓપતો અને સંજ્ઞા-સન્ધિ-નામ-કારક યુક્ત છપાદ પર્યંતનો શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનનો પ્રથમ ભાગ બહાર પડી ચૂકયો છે તેની સાહિત્ય રસિકોએ નોંધ લેવી જરૂરી છે.

આ મહાન્ ગ્રન્થ દીર્ઘાયુષિ બને તે હેતુથી ક્રોક્ષ્લી લાયન-બ્રાન્ડ લેઝર પેપરમાં, ફુલ્સકેપ સાઇઝના વિશાળ આકારમાં, ૧૦૭ ફારમના દળદાર કદમાં, પાકા પુંઠાની સુંદર બાઈન્ડીંગની સુબદ્ધ અવસ્થામાં, તાડપત્રીયાદિ પ્રાચીન-અર્વાચીન રંગ બે રંગી સુંદર ચિત્રોથી સુશોભિત બનેલ આ મહાન્ ગ્રન્થ અભ્યાસિયો માટે અલંકાર સરખો તાકીદે ખરીદી લેવા યોગ્ય છે. કિંમત રૂ. ૩૦) ત્રીશ. તદુપરાંત આ ગ્રન્થમાં ૧૪ પરિશિષ્ટો, વિષયાનુક્રમ, શાસ્ત્ર પ્રસ્તાવના, ચિત્ર પરિચય, પ્રકાશિકા-નિવેદન, કલિકાલ-સર્વજ્ઞ-સંક્ષેપ વૃત્તાંત આદિ પ્રકરણોથી ભરપુર ગ્રન્થ દર્શનીય અને પઠન-પાઠન યોગ્ય જ્ઞાન ભંડારાદિ પુસ્તકાલયોમાં વસાવવા યોગ્ય છે.

મંગાવનારાએ નીચેના સરનામેથી મંગાવી લેવો.

અગાઉથી ડીપોઝીટ ભરનારાઓને રિવાજ મુજબ કમીશન બાદ કરતાં વી. પી. કરવામાં આવશે, પરન્તુ સરનામાની ફેરફારી હોય તો તુરત જણાવવું.

### ગ્રન્થ પ્રાપ્તિ સ્થાન.

૧. **ઝવેરી પાનાચંદ રૂપચંદ**, ૨૫/૨૭ ધનજીસ્ટ્રીટ મુંબાઇ નંબર ૩
૨. **ઝવેરી જમનાદાસ મોનજી**, બુલીયન એક્ષચેંઝ મુંબાઇ નં. ૨
૩. **ઋષભદેવજી છગનીરામજીની પેઢી**, ખારાકુવા (દેહરા ખિડકી) ઉજ્જૈન (માલવા)
૪. **શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**, પાયધુની ગૌડીજીની ચાલ મુંબાઇ નં. ૩

લી૦ પ્રકાશિકા,—

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,**

૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબાઈ.



મુદ્રક : મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક : શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઇ.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વર્ષ ૧૨ ]　　　આષાઢ　　　[ અંક ૧૦ મો.


# આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ—આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.

સ્થળ-બારડોલી મુકામે આપેલ દેશનાનો સારભૂત સંચય પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરના કવિવર્ય શિષ્ય મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીના શિષ્ય મુનિશ્રી ચન્દ્રવર્મસાગરજીએ કરેલો છે. તે વાંચકો સારી રીતે વાંચી અને સમજી શકે તે હેતુથી પૂ. પં. પ્રવરશ્રીજી પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે; છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. તંત્રી.

वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम ।
मैत्र्यादिभावसंयुक्तः तद्धर्म इति कीर्त्यते ॥१॥

દેશનાના સારભૂત અવતરણો—

૧. સર્વ અવસ્થામાં સુખની એક સરખી ઈચ્છા.

૨. સુખની માન્યતામાં વિચાર ભેદજ નથી.

૩. જીવની માન્યતાવાળાએ સરવાળા બાદબાકી એક સરખા રાખવા જોઇએ.

૪. જમા ઉધારમાં સરવાળા, બાદબાકી, ગુણાકાર; અને ભાગાકાર શાહુકારને ત્યાં એક સરખા.

૫. સોનાનો ભાવ મા'રા તા'રા ઉપર નથી, તેમજ જીવની માન્યતા મારા તારા ઉપર નથી.

૬. નિકાશના પ્રતિબંધવાળી ચીજનો સંગ્રહ કરનારાઓને સાદી શિખામણ.

૭. 'મેળવ્યું એ મુકવા માટે છે' આ માન્યતામાં આસ્તિક-નાસ્તિક એક સરખા છે.

૮. નિકાશના પ્રતિબંધ વગરની ચીજ પુણ્ય-નશીબ-ધર્મ છે.

૯. આર્યપ્રદેશ કહેવો કોને ?

૧૦. પુણ્ય નહિ માનનારા હરામખોરના હરામખોર છે.

૧૧. સાધર્મિક કહેવરાવનારે સાધર્મિક થતાં શીખવું જોઇએ.

**૧૨. વફાદારીની અનિવાર્ય જરૂર.**

**૧૩. ધર્મની કરણી કર્યા વગરના દેવો અને ગુરૂઓને જૈન શાસનમાં સ્થાન નથી.**

**૧૪. જગત્‌માં જે ચીજો મળતી નથી તે ચીજો ધર્મથી મળે છે.**

## સુખ સમ્બન્ધે એક સરખી માન્યતા.

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય શ્રીમાન્ હરીભદ્રસૂરીશ્વરજી મહારાજા આગળ સૂચવી ગયા કે આ જગતમા **मुण्डे मुण्डे मतिर्भिन्ना** અર્થાત દરેકે દરેક ખોપરીએ ખોપરીએ વિચાર ભેદ, બુદ્ધિ ભેદ હોઇ શકે છે. પરન્તુ સકળ ગતિના જીવોમાં સકળ જીવોના ભેદોમાં એક ચીજમાં બે મત નથી. કોઈપણ જીવના ભેદમાં, કોઇપણ અવસ્થામાં અર્થાત્ બાલ્યકાળમાં, યુવાવસ્થામાં, વૃદ્ધાવસ્થામાં, કોઇપણ વ્યકિતમાં આ ભેદ નથી, કયો ભેદ ?; સુખ ન જોઇએ એ ઇચ્છા વગરનો જીવજ નથી.

સુખની માન્યતાના સમાન ભાવને જણાવતાં જેઓ કહેતા હતા ને શ્લોકમાં આ રીતે કલિકાળ ભગવાન્ હેમચન્દ્રસૂરીશ્વરજીને સુધારો કરવાની જરૂર પડી તે બીના આપણે આગળ વિચારશું. જુઓ એક પંડિને શિષ્યને કીધું કે બેટા પઢોએ. 'માતૃવત્ પરદારેષુ' આ સૂત્ર સાથે શિષ્યને ભણાવી દીધું કે બીજી સ્ત્રીઓ પ્રત્યે માતાની જેમ વર્તાવ રાખવો. તે શિષ્ય તે સૂત્ર શીખીને માતાની સાથે લાડ-ગેલ કરનારો પુત્ર બીજી સ્ત્રીઓ સાથે વર્તાવ કરવા ગયો અને માર ખાધો. પંડિતજીએ કીધું કે આ સૂત્રથી ખાસ સમજનેકા ભૂલ ગયા. જૈસી માતા પ્રત્યે વિકારી દ્રષ્ટિ હતી નથી વૈસા વર્તાવ પરસ્ત્રીયો પ્રત્યે રાખવો. દૂસરે દીન દૂસરા સૂત્ર શીખવાયા. બેટા પઢીએ. પરદ્રવ્યેષુ લોષ્ઠવત્ પરધનમાં ઢેફા જૈસી બુદ્ધિ રખના. યહ સૂત્ર શીખીને શરાફની દુકાને ચઢયો અને રૂપીઆ-પૈસાની ઢગલીઓ રસ્તા ઉપર ફેંકવા લાગ્યો. દુકાનના માણસોએ મળીને ખુબ માર માર્યો. ગુરૂજીએ કીધું સૂત્ર-ભાવ યહ નહીં હે, કિન્તુ માટી ઢેફા ઉપર લોભ દ્રષ્ટિ હોતી નહિ હે વૈસા વર્તાવ દૂસરા ધન દેખકર રખના. તીસરે દીન '**आत्मवत् सर्व भूतेषु**' યહ સૂત્ર શીખવાયા. પોતાના આત્માની જેમ બીજાને ગણવો. પોતે જમ્યો હોય તો બીજાને જમેલો જાણવો. પોતે ધનવાન્ હોય તો દરેકને ધનવાન્ ગણવા, પોતે વિદ્વાન્ હોય તો બીજાને વિદ્વાન્ ગણવા આ સૂત્રથી અનર્થ થતો દેખીને કલિકાલ-સર્વજ્ઞે શ્લોક રચના કરી ભાવાર્થને બંધ બેસતો કર્યો. શું સુધારો કર્યો ? દરેક વાતમાં આ સૂત્રના શબ્દાર્થ લેવો નહિ. પણ સુખ દુઃખ પ્રિયાપ્રિયે એ વાકયને જોડીને આત્મવત્ સર્વ ભૂતેષુને વિચારવાથી સૂત્રનો ભાવાર્થ સાર્થક થશે. સુખ મને વહાલું છે તેવું દરેકને વહાલું છે. દુઃખ મને ગમતું નથી તેમ જગતને દુઃખ અળખામણું છે. આ ઉપરથી જગતના જીવ માત્રને સુખ પ્રિયકારી છે અને દુઃખ અપ્રિયકારી છે.

## દરેક સ્થળે સરવાળા બાદબાકી એક સરખા ગણો.

મારા આત્માને જેવું સુખ વહાલું છે તેવું જ બીજા આત્માને વહાલું છે. જીવ માત્રને સુખ વહાલું છે અને દુઃખ અળખામણું છે. ચોપડામાં જમા બાજુમાં અને ઉધાર બાજુમાં સરવાળો, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર કરવા પડે તો એક સરખી રીતે કરે. શાહુકારને

એવું કોઇપણ સ્થળ નથી કે જમાની અને ઉધારની રકમના સરવાળા જુદી રીતે કરવા કારણ કે જૂદી રીતે કરે તો બેઇમાન. તેવી રીતે તમારા જીવને સુખી માનો છો તેજ રીતિએ બીજાને જીવને જીવજ માનતા નથી. કાળીઆ જોડે ધોળીઓ બાંધ્યો તો 'સાન નહિ પણ વા ' આવે. તેવી રીતે તમને કોઇ પુછે કે તમે કોણ? તો તમે કહેશો કે અમે જૈન? ઠીક પુછશે કે જીવ કહેવાય કોને? તમે કહેશો કે હાલે ચાલે તે જીવ. શું થયું તમે ત્રસ જીવોને જીવ માન્યા અને સ્થાવર જીવોની અર્થાત્ પૃથ્વી અપ્ તેઉ-વાઉ વનસ્પતિ જીવની કિંમત જીવપણાની ભૂલી ગયા. કારણ કે મિથ્યાદર્શનીના સમાગમમાં તેનો રંગ તમને લાગી ગયો. અર્થાત્ મિથ્યાત્વીઓ સાથે બેસવું, ઉઠવું, બોલવું, ચાલવું થયું તેથી આ પાશ લાગી ગયો. આ ઉપરથી મને દુઃખ થાય તે છકાયના જીવોને થાય આ સરવાળો મગજમાંથી ખશી ગયો. આ તો અમારા સોનાના ભાવ ૨૪ રૂપીઆ તોલાનો અને તમારા સોનાનો તોલા એકનો ભાવ એક આને તોલો ગણ્યો. સોનાનો ભાવ મારા તારા ઉપર ચોકશીને ત્યાં ન હોય, તેવી રીતે મારા જીવને સુખ જોઇએ દુઃખ થવું ન જોઇએ અને બીજા જીવો છેદાય, ભેદાય, રંધાય, દમાય તો આપણને અંકાર નહિં. સમજવું જોઇએ કે આપણા આત્મા જેવી કિમત જગતના જીવ માત્રની ગણી નથી. વ્યાપારની દરેક લેવડદેવડમાં સરવાળા બાદબાકી ગુણાકારાદિ સરખા હોય તો ઇમાનદારી. કશ તાપ છેદથી ઉતીર્ણ થયેલાં સોનાની કિંમત એક સરખી તેવી રીતે ચેતનાવંત જીવમાન્યો એટલે સુખદુઃખનો વ્યવહાર પણ એક સરખોજ હોવો જોઇએ.

## નિકાશના પ્રતિબંધવાળી ચીજોનો સંગ્રહ.

ચેતનાવન્ત જીવ માનીને સુખ દુઃખનો વ્યવહાર પોતાના આત્માની જેમ કરવો. પરન્તુ સુખ કહેવું કોને?, અર્થાત્ જગત કેવા સુખને ચ્હાય છે?, સમાધાનમાં (૧) દુઃખ વગરનું, (૨) મળ્યા પછી ચાલ્યું જાય નહિ તેવું અને (૩) સમ્પૂર્ણ (મળ્યા પછી ઈચ્છા થાયજ નહિ). જુઓ જીવ માત્રને સુખની પ્રીતિ છે અને દુઃખની અપ્રીતિ છે. છતાં આટલો દીર્ઘકાળ સુખ ભોગવ્યું હવે થોડા મહિના દુઃખ આવે તો સારૂં એવી ઇચ્છા કોઇ કરતું નથી. આટલા વર્ષ પછી દુઃખ આવે એવી ઇચ્છામાત્ર થતીજ નથી. હવે વિચારો કંચન કામિની, કાયા અને કુટુમ્બ આ ચાર સાધનોથી સુખી છું એમ માનવા મનાવવા તૈયાર થાઓ છો, અને ત્રણ વિશેષણવાળું સુખ મેળવવા મથો છો પરન્તુ સુખના અર્થીને ખબર નથી કે આ સાધન દ્વારાએ સુખ મળશે કે દુઃખ ડોકીયાં કરશે. જે સાધનો દ્વારા સુખી થવા મથો છો તે સાધનો દુઃખથી ભરપૂર છે, મળ્યા પછી મૂકવા પડશે. જર્મનીમાં સ્થાવર જંગમ મીલ્કતો વધારનારા યાહુદીઓને ખબર નહોતી કે હીટલરની સત્તાના અમલમાં બધું મુકાને જવું પડશે. જર્મની છોડીને જતી વખત બધું મુકવું પડશે એવું યાહુદીઓ જાણતા હોતતો સ્થાવર જંગમ મીલ્કત વધારત નહિ. અજાણ યાહુદીઓ ફસાઇ ગયા પરન્તુ તમે જાણી જોઇને કેમ ફસાઓ છો? કારણકે નિકાશનો સજ્જડ પ્રતિબંધવાળા પ્રદેશમાં જન્મ્યા છો છતાં જાણી જોઇને નિકાશના પ્રતિબંધવાળી ચીજો તે ભેગી કરવા પાગલ કેમ બન્યા છો?

## પ્રતિબંધવગરની ચીજ પુણ્ય-નશીબ, ધર્મ.

આસ્તિક અને નાસ્તિકો વચ્ચે પુણ્ય-પાપ, સ્વર્ગ-મોક્ષ વિગેરે પદાર્થમાં મતભેદ છે, પણ 'મેળવ્યું એ મુકવા માટે છે' એ સિદ્ધાન્તમાં મતભેદ નથી. આપણી દશાનો વિચાર કરો કે આ જન્મમાં આ સ્થિતિએ રહ્યા છીએ કે જવાના અવસરે બધું મુકીને જવાનું છે. મુકવા અવસરે બીનશરતીએ મુકવું પડશે. જે પદાર્થોનો આકરામાં આકરો પ્રતિબંધ હોય ત્યારે પરદેશી ચલણની કિંમત વધે છે. જે દેશના રાજા મહારાજાઓને સમજાય છે કે આ રાજગાદી ઉપરથી અણધાર્યા ઉઠવું પડશે. વાયસરાય કે હિન્દી પ્રધાનના તાર ટેલીફોન કે કાગળ આવ્યા કે તરત ઉઠવું પડશે. આવી ધારણાવાળા રાજા રાજવીઓ પરદેશમાં સ્થાવરાદિ મિલ્કતો વસાવે છે. રાજા મહારાજાને તો ગાદી છોડવાના સમાચાર, નોટીસ પણ આવે છે, પણ આપણે તો વગર નોટીસે છોડવું પડશે. માટે પરદેશમાં નિકાશના પ્રતિબંધ વગરની ચીજનો સંગ્રહ કરો. પ્રતિબંધ વગરની ચીજ કઇ ?, પુણ્ય. સભામાંથી એક ભાઇ પુછે છે કે પુણ્ય એકલું કેમ ?, પાપ કેમ નહિ ?; સમાધાનમાં સમજવું કે પાપનો પ્રતિબંધ નથી છતાં લઇ જવા લાયકની ચીજ નથી. બધી ચીજ સાથે તેનો પ્રતિબંધ થઇ ગયો હોત તો જીવને ભવાંતરમાં મુંઝવણ ન થાત. આ ઉપરથી પરદેશ-ભવાન્તર માટે નિકાશના પ્રતિબંધ વગરની ચીજ પુણ્ય નશીબ-ધર્મ છે.

## જુઠા શબ્દોના શ્રવણમાં ફરક.

નસીબ-પુણ્યની ઉત્પત્તિ ધર્મની આરાધનાથી છે. આર્ય-અનાર્યના વિભાગો પૂર્વકાળમાં જૂદી જૂદી રીતે વર્ણન કર્યા છે. ભગવાન્ ઋષભદેવના સમયમાં હકાર-મકાર અને ધિક્કારની નીતિ પ્રવર્ત્તી હતી. તેથી તે નીતિને અનુસરીને આર્ય અનાર્યનો વિભાગ હતો. પ્રભુ મહાવીર મહારાજાના સમયમાં જે ક્ષેત્રમાં તીર્થંકરો, ગણધરો, ચક્રવર્તીઓ થાય તે દેશમાં રહેનારને આર્ય કહેવાતા હતા. પરંતુ ભદ્રબાહુ સ્વામિના સમયમાં ધર્મના વિચાર વર્તન અને ધર્મ શબ્દ શ્રવણ થાય તે આર્ય દેશ તે સિવાયનો અનાર્ય પ્રદેશ નકી થયું.

ધર્મ એક એવી ચીજ છે કે ધર્મ નહિ કરનારને ધર્મના દ્વેષીને અને ધર્મ રહિત મનુષ્યને ધર્મી શબ્દ સાંભળવો સારો લાગે છે. આ ઉપરથી એ પણ નક્કી છે કે સારી લાગતી ચીજના જૂઠા શબ્દો પણ સારા લાગે છે, અને ખરાબ લાગતી ચીજના જૂઠા શબ્દો પણ ખરાબ લાગે છે. જુઓ લોટ માંગવા નીકળેલ બ્રાહ્મણ આશીર્વાદ આપે છે કે સાત છોકરાની મા થજે, ધનના અખુટ ભંડાર ભરો, પુત્ર પરિવાર વાડીગાડી વધો, આ શબ્દોને બોલનારો સત્યવાદી નથી, વચનસિદ્ધ નથી છતાં ધન પુત્ર પરિવારની વૃદ્ધિ પસંદ છે તો જૂઠા શબ્દો પણ કાનને મધુર લાગે છે. વાતવાતમાં કોઇ કહે કે 'તારૂં નખોદ જાય' તે બોલવાથી નખોદ જતું નથી પણ સાંભળતાં દુઃખ થાય છે. કારણકે ખરાબ ગણેલી ચીજનો ખોટો શબ્દ પણ શ્રવણને અમધુકર લાગે છે.

## પુણ્ય નહિ માનનારા હરામખોર.

ધર્મ નહિ કરનારાઓ કેટલાક એમ કહે છે કે પુણ્ય નશીબ કે ધર્મ જેવી ચીજ નથી. આવું બોલનારો હરામખોરનો આગેવાન છે. વગર મહેનતે મેળવેલી ચીજના માલીક થવું. એ ભયંકર હરામખોરી છે. તારા બાપે રાત દિવસ મહેનત કરી પેટે પાટા બાંધી લાખ ભેગા કર્યા. હવે તે લાખનો તું માલીક થયો તે હરામખોર ખરો કે નહિ. તું કહી શકે છે કે ભવાન્તરમાં પુણ્ય કરી મહેનત કરી છે તો પુણ્ય માનવું પડ્યું. અને ન માને તો તારી હરામખોરી સાબીત થાય છે. પિતાની પ્રાર્થનાથી, માતાના મનોરથથી કે તારી ઇચ્છાથી તું આ કુળમાં આવ્યો નથી, માતાની કુક્ષિમાં રહ્યો નથી. રાખનાર નશીબ કે પુણ્ય વગર આવી શકાતું નથી અને તેથીજ પિતા-માતા અને પુત્ર તરીકે તું એ ત્રણે જણ પોત પોતાના પુણ્યની વિચારણા તારા જન્મ વખતે કરે છે. પુણ્ય અને પાપ નહિ માને તો લાકડે માંકડું વળગી ગયું માનવું પડશે. એક પુત્રને જન્મતાંની સાથે કરોડોનો વારસો, સેંકડો કુટુંબીઓ અને લોકની ખમાખમા અને વાહવાહ વારસામાં મેળવે છે. જ્યારે ગામમાં બીજા જન્મ પામનારા પુત્રને વારસામાં દેવું, કલેશ કંકાશ અને વેર ઝેર મળે છે. આ બન્ને બાજુ વિચારતાં એ નક્કી થાય છે કે પુણ્ય-પાપ વગર જગતની વ્યવસ્થાનું સ્પષ્ટીકરણ થતુંજ નથી.

## સાધર્મિક થતાં શીખો.

પુણ્ય-પાપ માનવું નથી, નશીબ માનવું નથી, ધર્મ માનવો નથી, ધર્મ કરનારાને તોડવા છે એવાઓ પણ ધર્મ ન કરે છતાં ધર્મી કહેવરાવે છે. જૂઓ એક સટોરીઆએ બજારમાં રૂપીઆ ખોયા. હવે રૂપીઆ વલણમાં જોઇશે તો શું કહેશે ? હું તમારો સાધર્મિ છું માટે મને બચાવો. આ વાત સાંભળી તમે દો પાછો સટ્ટામાં જઇ ગુમાવે. પણ દેનારે તપાસ કરવી જોઇએ કે સામાયિક પ્રતિક્રમણ પૂજા કરે છે કે નહિ.' દેવ-ગુરૂ ધર્મની આરાધના ઓછીવતી કરે પણ માન્યતા ચોકખી છે કે નહિ ? માન્યતા ન હોય તો પછી સાધર્મિક નહિં પણ હરામખોર. 'વર્તમાન કાલીન સાધુઓ સાધર્મિક માટે કંઈ ઉપદેશ દેતા નથી.' આવું બોલનારને કહેજો કે પુણીઆ શ્રાવકના દૃષ્ટાન્ત સાધુઓ આપે છે. સાડાબાર દોકડાની કમાણીમાં સ્વામિવાત્સલ્ય રોજનો ચાલુ હતો. આતો સામાયક પ્રતિક્રમણમાં કાંકરીઓ ફેંકવી છે, દેવ ગુરૂ ધર્મને નિંદવા છે; પરન્તુ પેટ પોષણ કરવું હોય અને સંસારમાં આગળ વધવું હોય તો સાધાર્મિક કહીને આગળ આવવું છે આવા લોકો હરામખોરના હરામખોર છે. ધર્મને હૃદયમાં માન્યતા રૂપે વસાવ્યા વગર સાધાર્મિક બનવું એ લુંટવાનો ધંધો છે. પૈસા મેળવવા, બૈરી મેળવવા, સંસારની કળા કૌશલ્ય અને વિજ્ઞાન શીખવા પુરતાં સાધર્મિક થવું છે. પરન્તુ આભારનો છાંટો ન હોય તો તે ક્ષમ્ય છે પરન્તુ વફાદારી અને માન્યતા બહુમાન પૂર્વકની ન હોય તો તે સાધાર્મિક બનવા યોગ્ય નથી.

## વફાદારીની અનિવાર્ય જરૂર.

જિનેશ્વર ભગવાન્‌ના શાસનમાં બતાવેલ અનુષ્ઠાનો અને ક્રિયા એ શકિતને આધીન છે,

પણ માન્યતા રૂપ વફાદારી તો હોવીજ જોઇએ. વફાદારી એ બિનશરતી છે. પ્રાંતિક વહીવટ કરનારા પ્રધાનોને પણ તાજને વફાદાર રહેવાના સોગન લેવાની જરૂર પડે છે, તો જૈન શાસનને વફાદાર રહેવાની પૂર્ણ પ્રતિજ્ઞા હોવીજ જોઇએ. વફાદારી વગર સાધર્મિકપણું શોભતું નથી. બીજા દર્શનકારોના દેવોએ પૂર્વભવમાં ધર્મ કર્યો નથી, જે ભવમાં દેવ બન્યા તે ભવમાં કર્યો નથી છતાં ધર્મ જગત્ સન્મુખ કેમ કહે છે? તો કહેવું પડશે કે જગત્માં ધર્મ એ કિંમતિ મનાયો છે તેથી કહેવો પડે છે.

સભામાંથી એક ભાઇએ પુછયું કે બીજા દર્શનમાં પણ ધર્મના આચરણો દેખાય છે. ઓછા વત્તા રૂપે દેખાય છે તો પછી તે મહાપુરૂષો ખરા કે નહિ? સમાધાનમાં સમજવું કે ધર્મની કિંમત ગણીને કે આત્મકલ્યાણના માટે આજના કહેવાતા મહાપુરૂષો કંઇ સહન કરતાં નથી. કોઇ નાત જાત માટે, કોઇ દેશ માટે, કોઇ માનેલ રિદ્ધસિદ્ધિ માટે સહન કરે છે તે ધર્મ કહેવાયજ નહિ. કારણકે દુનિયાના દેખાવ પુરતો ધર્મ બોલવો છે. જૈનેતરો દુનિયાના દબાબથી દેવ-ગુરૂ-ધર્મને માને છે પણ તેના વચનોમાં વિચાર-અને વર્તનમાં ડગલે પગલે વિષય કષાયાદિ નજરે ચઢે છે. બ્રીટીશ શહેનશાહતમાં કોઈપણ હોદ્દા ઉપર આવનારને પ્રથમ તાજની વફાદારીની સોગન વિધિ કરવી પડે છે. તેવી રીતે જૈન શાસન સાધર્મિક પદે સ્થિત થનારને શાસન-દેવ-ગુરૂ-ધર્મને વફાદાર રહેવુંજ પડશે. વફાદારીમાં આવનારને ધર્મ આચારમાં છે કે વિચારમાં ?, વિચાર યુક્ત ધર્મ કેવો હોય ?; અને આચાર યુક્ત ધર્મ કેવો હોય ? તે અગ્રે વર્તમાન.

## શ્રી શાન્તિનાથનું સ્તવન.

(કબતક બોલો છિ કે રહોગી, હો મેરી આશા—એ રાગ.)

પ્રભુગુણ ગાવું ભક્તિ જગાવું, યે મેરી આશા;
મેરે હ્રદયમેં ઝલકે પ્રભુગુણ શાન્તિ જિન વાસા. યે૦ ૧

હમને કયા દેખા શાસનમેં, એક જગત ઉપકાર;
હમને કયા દેખા શાસનમેં, એક અનુપમ જ્ઞાન.
શાન્તિ જિનજી અબ મુજકો હે દર્શનકી આશા;
મેરે હ્રદયમેં ઝલકે પ્રભુગુણ શાન્તિ જિન વાસા. યે૦ ૨

તુમભી જગાવો આતમકો પ્રભુદર્શન જાતે જાતે;
દર્શનકા જબ આનંદ હોવે તબ ભક્તિમેં માતે.
મોક્ષ દીલાવો ચંદ્રપ્રભ કો સાગરકી આશા,
મેરે હ્રદયમેં ઝલકે પ્રભુગુણ શાન્તિ જિન વાસા. યે૦ ૩

# સંજ્ઞાનું સ્વરૂપ.

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય સોમપ્રભસૂરિ ભવ્ય જીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતાં થકાં દરેક શ્રોતાને જણાવે છે કે તમે તમારી પૂર્વ વર્તમાન અને ભવિષ્યની સ્થિતિનો (ત્રણેનો) વિચાર કરો. સમજુ મનુષ્ય જીંદગીનું ભૂત વર્તમાન અને આગમી કાળ વિચાર્યા વગર સમજણવાળો ગણી શકાય નહિ. હવે એ ત્રણુ કાળની જે સમજણુ તેને અંગે દુનિયાદારીવાળા સમજ શક્તિ ગણે છે. પણુ શાસ્ત્રકારો એટલા માત્રથી સમજ શકિત ગણુતાં નથી. શાસ્ત્રકાર તેવાને પણુ વિચાર શૂન્ય કહે છે. જગતમાં વિચાર શૂન્ય તેજ કહેવાય જે ભૂતકાળના સંસ્કાર ન રાખી શકતા હોય, જે ભવિષ્યનો વિચાર ન કરી શકતા હોય, તેમને વિચાર શૂન્ય કહેવાય છે. જગતે જીંદગી પૂરતું તત્વ ગણ્યું છે.

જીંદગીના ભૂત ભવિષ્યના વિચાર ન હોય તો વિચાર વગરનો આમ જગતે માન્યું છે. ત્યારે શાસ્ત્રકાર જેમનો માર્ગ લોકોત્તર છે. વિચારવાળો વગરનો તે બધી વાત લૈકિક એટલે સામાન્ય લોકોએ ગણેલી પણુ ધર્મ શરૂ કયાં થાય? લૈકિક દૃષ્ટિમાંથી નીકળે ત્યાં ધર્મ શરૂ થાય. લૈકિક દૃષ્ટિમાંથી જીવ નીકળ્યો ન હોય ત્યાંસુધી ધર્મની શરૂઆત થએલી ગણાય નહિં. જો કે ધર્મની ક્રિયા વ્યવહાર કરે પઠન કરે મનન કરે તો પણુ જ્યાંસુધી લૈકિક દ્રષ્ટિ ગઇ ન હોય ત્યાંસુધી ધર્મનું પગથીયું આવે નહિં, આથી લોકોએ પોતાની દ્રષ્ટિએ જેમાં સમજણુ માની હતી જે વસ્તુ માની હતી. તે સમજણુ દેખી ત્યાં સમજણુવાળા કહી દીધા.

ગઇ જીંદગીનો અનુભવ ખ્યાલમાં હોય, થએલી ભૂલ ફરી ન કરે. આટલી કોટડીમાં બેઠા હોઇએ, ઝાંખો દિવો હોય તો બધે અજવાળું કહીએ છીએ. આજકાલના સુધરેલા નાની ઓરડી હોય, સભા ભરે હોલ ચીકાર ભરાઇ ગયો હતો. સંખ્યા કેટલી હતી. તેમ આ જગતે આ જન્મનો હોલ લીધો. આ જન્મના હોલની અપેક્ષાએ જીંદગીની પહેલાની ભૂલો ધ્યાનમાં હોય હવે વિચારવાળો થયો, એમ કહી દીધું. એ સુધારકોનો, હોલ ભરાયો તેમ જગતમાં વિચારવાળા પણું આવી ગયું, પણુ ધણી મરે તેની ફીકર કરે એવો કયો મનુષ્ય કરે? અને જો કોઇ પણુ જગોપર તેવું હોય કોળીને અંગે બન્યું કે જીવડો તો ગયો પણુ રંગડો તો રહ્યો. કોળી પરણી ઘેર આવે છે, વચમાં નદી આવી; બાયડીને પગે રંગ છે. એ રંગ બગડી જાય છે વીમાસણુમાં પડયા નદીમાં ઉતરીએ તો રંગ બગડી જાય તો શું કરવું? તારા પગને કાંખમાં લઇ લઉં. સલાહ બેઠી, પગ લાધા માથું લટકતું રહ્યું, પાણી ભરાયું મુંઝાઇ, શ્વાસ રોકાયો ફીકર નહીં રંગ નહીં બગડે મોટો પટ વચમાં મુંઝાઇને મરી ગઇ બહાર નીકળ્યો, બાયડીને મેલી. અરે જીવ ગયો, પણુ જીવડો ગયો પણુ રંગડો રહ્યો.

જેમ કોળીએ જીવડા ગયાની ફીકર ન કરી રંગડો રહ્યો એટલે બસ છે. તેમ લૈકિક રીતિ એવી છે કે ધણી મરી જાય તેની ફીકર

નથી. પણ આ ઘર ટકવું જોઇએ. ઘરને અડચણ ન આવવી જોઇએ. ધણીનો વિચાર ન કરે ને ઘરનો વિચાર કરે, આવી શૂન્ય દ્રષ્ટિવાળા કોળીના ભાઇ કે બીજા કોઇ ? ધણી મરે તેની ફીકર નહીં પણ ઘર ન પડવું જોઇએ. ધણીના ભોગે ઘરનું રક્ષણ થવું જોઇએ તેવી લોકની નીતિ છે. તેથી લોકો ઘરના વિચારવાળાને સમજણવાળા ગણે છે, ઘરનું બગાડે તેવા લોકો ઘરના લોકને ગમે નહિં.

લૌકિક નીતિએ ઘરનું રક્ષણ કરવા માંગે ધણીની ચિંતા વિચાર નહીં વિચાર માત્ર ઘરનો. જ્યારે લોકોત્તર દ્રષ્ટિએ શું કરે ? કે ઘરની ભલે બેદરકારી હોય ઘરને રહેવા પુરતું સાધન માનવું. ખરેખર ધણીનો વિચાર કરવો તે લોકોત્તર દ્રષ્ટિ ઘરનો વિચાર કરે, અને ધણીનો વિચાર ન કરે તે લૌકિક દ્રષ્ટિ. ઘરના સ્થાન પરત્વે માત્ર વિચાર અને ધણીનો મુખ્ય વિચાર ત્યારે લોકોત્તર દ્રષ્ટિ. આપણે મકાનને રહેવા પુરતું માંગીએ શોખ શોભાના રૂપમાં લેવા ન માંગીએ તે વખત મકાન માત્ર જેમાં આપત્તિ ન પડે. આપત્તિ ટળી જાય આપત્તિના બચાવ પુરતું માત્ર ખરચ જેને શોભા આબરૂ શોખ માટે મકાન ન રાખવું હોય. માત્ર આપત્તિથી બચવું તે પુરતું મકાન રાખવું હોય તો આપત્તિથી બચવાનું થાય તેટલા પુરતુંજ ખરચ કરે. ત્યારે લોકોત્તર દ્રષ્ટિ થાય ત્યારે કુટુંબ કબીલો મકાનનાં આંગણાંએ ગણીને જે ચાલે ત્યારે લોકોત્તર દ્રષ્ટિમાં આવ્યો ગણાય. લોકોત્તર દ્રષ્ટિ આવવી કેટલી મુશ્કેલ ? ટકવી, વધવી, દૂર રહી પણ આવવી કેટલી મૂશ્કેલ, આપણે મહાજન મારા મારા માથા પર ખીલી મારી ખસે નહિં.

વાત પ્રસિદ્ધ છે તે કહેવાની જરૂર નથી. ઉપનય સમજવાની જરૂર છે. આ જીવ લોકોત્તર દ્રષ્ટિના નામે ધર્મને સારો ગણે છે. ગુરૂને તારક ગણે છે. જીનેશ્વર દેવને ત્રણ લોકના નાથ ગણે છે. એ સર્વ છતાં એક વાત લક્ષ્યમાં લેજો. ખીલી મારી ખસે નહીં. પ્રાચિનકાળમાં શાસ્ત્રની અપેક્ષાએ એ હતું કે સર્વ જગતના જીવને તારવાની તીવ્ર બુદ્ધિ થાય ત્યારે તરો એ બુદ્ધિ સમ્યક્ત્વની સાથે આવે 'તારૂં', કોઈપણ ભોગે તારૂં ' આ બુદ્ધિએ તીર્થંકર નામ ગોત્ર થતું. જગતના તમામ જીવો તરે એ બુદ્ધિ સમ્યક્ત્વની સાથે એ ઉપરથી એક પણ જીવ તરતો હોય તેને બળાત્કારે રોકીએ તો સમ્યક્ત્વ ન રહે તે સ્હેજે સમજાશે. ભવાંતરે પામી ન શકે તે પણ સમજાશે. સમ્યક્ત્વની ભાવના કઈ ? આખું જગત તરે એ ભાવના સમ્યક્ત્વની તો પછી બીજા તરે ને મારો ડુબે એ ભાવના કોની ? સમ્યક્ત્વની ભાવના આખું જગત કર્મ રહીત થઇ મોક્ષે જાય. હવે બીજા તરો ને મારાં ડુબો એ ભાવના કયાંની ? મિથ્યાત્વની નહીં. પણ દ્રોહી મીથ્યાત્વીની, વિશ્વાસઘાતવાળા મીથ્યાત્વીની તમે જાહેર કર્યું કે હું એનો હિતેશ્વરી એણે જાહેર કર્યું કે એ મારા હિતેશ્વરીએ જગો પર અહિત તમે આચર્યું, એને માયા મમતા છોડે. આવો તમે વિચાર કરો છો તે આખા જગતનું અહિત વિચારવાનો વખત થયો. ઉદ્ધાર થાય તો સારૂં. અહિત ગણો તો તમે ભરોસાદારનું અહિત કર્યું. તમારો ગણાતો એ તો પરસ્પર હિત બુદ્ધિવાળા હતા ને ? માયા મમતાથી છુટવું તેજ હિત છતાં તમારી અપેક્ષાએ હિત કર્યું ? પછી હીતની વ્યાખ્યા જુદી કરવી હોય તો વાત જુદી. ઘરના છોકરાનું નામ પાડી દે તેમાં કોણ

ના પાડે તેમ કલ્પિત હિત માની લ્યો તેમાં કોઇ ના ન પાડે. બાકી ખરી વ્યાખ્યા એક સરખીજ હોય. તમારા ઘરનું સોનું જેટલા ટચનું નીકળ્યું તેવું બીજાના ઘરનું સોનું નીકળે તો તેટલાજ ટચનું કહેવું પડે. ઘરનું સો ટચનું બીજાનું અઠ્ઠાણું ટચનું કહેવું તે સીધી વ્યાખ્યા ન ગણાય.

તીર્થંકરનો જીવ એ તો જગતના હિતને કરવા માટે તૈયાર અને સમકતી જીવ જગતના હિતને વિચારવા તૈયાર. તીર્થંકરનો જીવ કરવા કટી બદ્ધ, એમ ન હોય તો રૂષભદેવજીએ ઘેર આગ કેમ લગાડી ? પહેલ વહેલ આગ લગાડી હોય તો ભગવાન રૂષભદેવજીએ પહેલે ધડાકે અઠ્ઠાણું પુત્રોને દિક્ષા આપી. તમે તો કહો કે ભગવાન ભૂલ્યા કે બેસવાની ડાળ ભાંગી.

એક બે નહીં પણ અઠ્ઠાણું નવ્વાણુંની દીક્ષા દેવામાં ભૂલ કરી. જે જે રાજા મહારાજાઓએ કુમાર અને રાણી સહિત દીક્ષા લીધી તેમણે વિશ્વાસઘાતી મિથ્યાત્વીની અપેક્ષાએ ભુલ કરી. સમકીતવાળાની અપેક્ષાએ પહેલી શરૂઆત પોતાના ઘેરથી હોય. ઘેરથી શરૂ કરે તેજ સખાવત. તો પછી લોકોત્તર દ્રષ્ટિ થાય. સમ્યક્ત્વ થાય જૈન ધર્મ પ્રાપ્ત થાય ત્યારે ત્યાગ ધર્મની શરૂઆત ઘેરથી થવી જોઇએ.

કૃષ્ણનું દૃષ્ટાંત ઘણી વખત સાંભળ્યું છે. કન્યા શા માટે આવે છે ? વર વરવા. માતા શા માટે મોકલે છે ? વર વરવા. કન્યા પ્રશ્નનો ઉત્તર શું સમજીને દે છે ? વર વરવા માટે રાણી કે દાસી થવું છે. તે શું ઉત્તર દે છે. શું સમજીને ઉત્તર દે છે. એકજ વસ્તુ સમજે છે, કે મને કોઇ સારા મોટા રાજા સાથે પરણાવે તેવું રાણીપણું. બાળક પોતાનાં હિતને ન સમજે ને દવાને કડવી માની ઢોળવા માંગે તો માબાપે બાળક થવું કોઈ પ્રકારે વ્યાજબી નથી. એજ વાત કૃષ્ણ મહારાજા વિચારે છે. કે આ તો બચ્ચું છે, એટલે તમે કહો એજ. એ સમજે શું ? કબુલ કરીએ છીએ કે બાળક સમજે શું ?

તમારી દ્રષ્ટિએ કબુલીએ કે નથી સમજતો પણ અણુસમજુ બાળકને સમજણને રસ્તે લઇ જવાની ફરજ કોની ? રસ્તાનો અજાણ્યો મનુષ્ય કોઇ જગો પર મુસાફરને પુછે કે ફલાણા ગામનો રસ્તો કયો ? મુસાફર અણજાણ્યો પુછે છે. તે વખત કોઇ મનુષ્ય ગલીનો રસ્તો બતાવે કે બરોબર વસ્ત્ર લુંચન કરી શકું એવો રસ્તો બતાવે મુસાફર અજાણ્યો હોવાથી એ ભરોસે કુટાય. પાછળથી વસ્ત્રલુંચન કરી લે આમાં લુચ્ચો કોણ ?

અવળો રસ્તો બતાવે તે લુચ્ચો કે મુસાફર લુચ્ચો ? બાળક શું સમજે તેનો લાભ તમે લ્યો છો. એ બિચારો હીનભાગી કે જન્મ સાથે જ્ઞાન પામ્યો નથી, કે તમારૂં કહ્યું માને છે, તમે વસ્ત્ર લુંચન કરનારની ટોળીના છો. તમે કહેશો કે અમે તો મીલકત વારસો આપીએ છીએ. અમે કયાં લુંટીએ છીએ, એજ છોકરો ગોદે દીધો હોય તો ઘર વારસો આપો ખરા કે ? ખોળે આપી દીધો. કેમ શાને અંગે આપો છો ?

છોકરાના અંગે નથી આપતા નામ રાખે તેના અંગે આપો છો. તેવી રીતે પારકો છોકરો ખોળે રાખો પછી બધી મીલકત વારસો આપો છો હકદાર ગણો છો બન્ને બાજુથી તપાસો.

હક શાનો આપો છો? તમારા નામનો આપો છો? એવા અણુસમજુ બાળકને મોહના ફાંસામાં ફસાવો છો તે તમારી નામદારીને માટે. નામદારીમાં કંઇક તત્વ હોય તો તમારી દશ પેઢીવાળાનું નામ તો લો તમે ડુબાડયું તમારા વડવાનું નામ સમ્યગ્દ્રષ્ટિ જીવ સર્વ જગતને તરવાનો વિચાર કરે.

તીર્થંકર મહારાજનો જીવ તારવાનો વિચાર કરે. જેઓ પોતાના સ્વાર્થ ખાતર પોતાની નામદારીની ખાતર અહિતમાં હિત બુદ્ધિ ધરાવી અહિતમાં જોડે પછી સમ્યગ્ દર્શનનું સ્વપ્ન કયાં? વિચારો કે સમ્યગદ્રષ્ટિરૂપી ચંદન પાસે રહેલાને પહેલી સુગંધ આપે, પણ દૂર રહેલાને મળે કે ન મળે. જગતમાં એવો પદાર્થ નથી કે પાસે દુર્ગંધ આપે ને છેટે સુગંધી આપે સિવાય કે પાપી આત્મા. ચાહે જેટલો ડુબી જાય ભવોભવ રખડે તે જાણે છે પણ મારૂં નામ રહેવું જોઇએ. તે અંગે દેવ તરણ તારણ ગુરૂ ભવોદધિ તારક ધર્મ ઉત્તમમાં ઉત્તમ પણ એ બધું મારો ખીલો ન ખસે ત્યાં સુધી. મોહના ઉદયમાં જે કરે છે તે કરતી વખત કઇ પરિણુતીમાં ગયો?

જો ફલાણા ઘેર આમ રહ્યા. નેમનાથજી આગળ જાંબુવતી, ગાંધારી, પદ્માવતી બોલવા લાગી હતી કે રૂષભદેવજી સંસારના સુખ વીલસ્યા. અને મોક્ષે ગયા તારૂં ધરમનું કાર્ય કરવામાં મદદગાર થશે માટે તું પરણ. આ બધું કહેવાયું હતું તે કયા મુદ્દાએ હિતને તોડવાના મુદ્દાએ હીત આચરવાના મુદ્દાએ નહીં.

દેવ દ્રવ્ય ખાય હું તે ખરાબ માનું છું તો સમકિત ટકે. દર્શન મોહનીયનું રૂપ ન પકડાઇ જાય તો ચારિત્ર મોહનીય. જેમ દેવ દ્રવ્ય ભક્ષણે સંયમી ચાતુર્થવ્રત ભંગને ખરાબ ગણે તો બચી ન જાય. દર્શન મોહનીયથી જે અવિવેક તે તો ત્યાં ન આવે. રામચંદ્ર જેવા સમર્થ સીતાના દિક્ષાના અંગે લવારો કર્યો પણ પણ મારે એ ઉચીત નહીં. કાર્ય ખરાબ જાણી કરૂં છું. તેથી બીજામાં જેમ છુટ મળી જાય છે તે છુટો બધામાં નથી મળતી. દર્શન મોહનીયના પ્રસંગમાં એ છુટ નહીં મળે.

કૃષ્ણ મહારાજ સમ્યક્ત્વ દઢ રાખનારા છોકરી વર વરવા માટે આવી. માએ વર વરવા મોકલી છે પણ અજાણ્યું બાળક શું સમજે એ ન્યાય લાગુ કરી બળાત્કારે પણ હિતમાં જોડવા. અજાણ્યા મુસાફરને લુંટી લેવો નહીં, પણ ચાર ડગલા ચાલીને બતાવવો. તો બાળક સમજે શું? તે એક વખત કબુલ કરીએ પણ તેથી તમારા હાથે બમણી ફરજ. સમજતો નથી એટલે બમણી ફરજ. અજાણ્યા મુસાફરને રસ્તો બતાવવો પડે ને કુતરાથી બચાવવો પણ પડે.

હવે હીત કયું? જે વસ્તુને તમે અહિત માનો છો તેને હિત કહી જોડો છો. તો આત્માની સ્થિતિ કેવી રાખી તો સમ્યગ્દ્રષ્ટિ જગત માત્ર તરી જાય તેવી બુદ્ધિ રાખે. જ્યારે જીનેશ્વરનો જીવ જગત માત્રને તારૂં એવી બુદ્ધિ રાખે તે જગો પર આપણે મહાજન મારા માથા પર ખીલી મારી ખસે નહીં.

આજકાલ છોકરાનાં ધર્મગુરૂ માબાપ

પડિક્કમણુની ચોપડી લાવી આપી. માબાપે કહેરે ઉપાશ્રયે જતાં કર્યા. માબાપ પણ માબાપની રમત કઈ? અમારા કુંડાળામાં રહી તમે ચાહે તે કરો. દેવ ગુરૂ ધર્મ ખરા પણ ત્રણે કરતાં મારૂં કુંડાળું ખરૂં. બળાત્કાર કરે તો મહા મોહનીયમાં જાય. આપણી સ્થિતિ વિચારો આપણે ઘર પહેલે નંબર અને ધણી બીજે નંબર. આપણી દ્રષ્ટિ લોકોત્તર શી રીતે ગણવી? ત્યાં લૌકિક દ્રષ્ટિ છે. તો લોકોત્તર દ્રષ્ટિ કયાં?

ધણીનો નંબર પહેલો ને ઘરનો નંબર બીજો. શરીરાદિ બીજા નંબરમાં ધણી બચી જાય તો ઘર કાલે પડતું હોય તો આજ પડે. જગતમાં ઘર પડતું હોય તો કૂદી નીકળી જાઓ છો કે પાટડે હાથ દો છો? ઘર ધણી માટે શરીર કુટુંબ કબીલો આહાર ઇંદ્રિયો જીવન બધું ઘર તરીકે. આત્મા ધણી તરીકે આત્માના બચાવ માટે આ આના બચાવ માટે આત્મા નહીં. આ તમો વિચારો કે હું કોના બચાવ માટે કોને રાખું છું. ફીકર ઘરના નાશની છે કે ધણીના નાશની?

આથી શાસ્ત્રકારે કહ્યું કે જેઓ ઘરનો વિચાર કરે ને ધણીનો વિચાર ન કરે તે વિચાર શૂન્ય એટલે અસંજ્ઞી. જીંદગીના ભૂત ભવિષ્યનો વિચાર કર્યો એટલે ઘરનો વિચાર કર્યો એટલે તે અસંજ્ઞી. મનવાળાને સંજ્ઞી કહેવાયતો આને અસંજ્ઞી કેમ કહ્યો?

શાસ્ત્રકારે સંજ્ઞા ત્રણ પ્રકારે કહી છે ચાલુ વિષયની સંજ્ઞા જેને હેતુવાદોપદેશિકા સંજ્ઞા કહીએ છીએ. કીડી પણ મીઠાશ હોય તો ત્યાં દોડી જાય છે, તેથી તે ચાલુ સંજ્ઞી હેતુવાદોપદેશિકી. જીંદગીની ભૂત ભવિષ્યની સંજ્ઞા દીર્ઘકાલિકી સંજ્ઞા તાત્વીક સંજ્ઞા નથી. દ્રષ્ટિવાદોપદેશિ સંજ્ઞાએ સંજ્ઞી હોય તેજ સંજ્ઞી દ્રષ્ટિવાદનો ઉપદેશ કર્યો?

આ ઘરને ધણીનો વિવેક. ઘરને ધણી કર્યા એટલોજ વિવેક. એ વિવેક આવે તો ધણી કયારનો આવ્યો છે, કયારે જવાનો તે માટે મકાન તૈયાર છે કે નહીં. આ વિચાર ધણીનો વિચાર કરે તેને આવે. એકલા ઘરના વિચારવાળા દ્રષ્ટિવાદોપદેશીકી સંજ્ઞાએ અસંજ્ઞી. જે ધણીનો વિચાર કરે તે શાસ્ત્રની અપેક્ષાએ વિચારવાળા. આથી શાસ્ત્રકાર કહે છે કે ઘર અને ધણી બેનો વિચાર કરો. આ ઘર કઇ મીલકત માંથી લીધેલું છે?

અવિભક્ત મીલકતમાંથી લીધેલું ઘર એ પણ અવિભક્ત મીલકત કહેવાય. તે લેનારની મીલકત નહીં તેમ આ ઘર લીધું તે કોની મીલકતે?

ઘરની મીલકતે નથી મળ્યું, ધણીની મીલકતે મળ્યું છે. માટે આ ઘરનો ઉપયોગ ધણીના હીત માટે થવો જોઇએ. તેનો ઉપયોગ બીજો કોઇ કરે તો ગુન્હેગાર ખરોકે નહીં? ધણીના મીલકતે મળેલો આત્માની પુન્યાઇએ મળેલું મકાન આત્માના હીત માટે કરો છો કે શરીરાદિ માટે કરો છો. આત્માની મીલ્કતથી વસાવેલું ઘર એનો ઉપયોગ શામાં થાય છે તે તપાસી લ્યો. આત્માના હીત માટે કેટલો ઉપયોગ થાય છે? ને પરભાર્યા માટે ઉપયોગ કેટલો થાય છે. એટલે માલમ પડશે કે તમે શાહુકારીમાં છો કે બીજી લાઇનમાં છો? ધરમ માટે અળખામણો છોકરો. અળખામણા છોકરાને ખોરાક પોષાક રોળડાવીને દેવા પડે. વહાલા

છોકરાને લાવીને આપવા પડે. ધરમ દેવગુરૂ આત્મ કલ્યાણનો માર્ગ. એ બધા અળખામણા છોકરા. રોવડાવીને દેવાના. અળખામણો એક પૈસો લે તો હીસાબ લેવાય, વહાલો છોકરો રૂપીયો લે તો કંઇ નહીં.

ધરમમાં એક વખત પૈસા ખરચ્યા તો જીંદગી સુધી ગાવ. વરસે દહાડે ઘરમાં રૂા. ૧૦૦૦૦ ખરચો તેને કેટલા ગાવ છો? અને ઉપધાનાદિ એક વખત કર્યા તેને કેટલું ગાવ છો? આને માટે કંઈ થાય તો ઉંચા નીચા થઇએ. નામે ચઢાવીએ. વારંવાર ગણાવીએ, વિચારો ઘરમાં છોકરાને મીલ્કત ઓછી આપી તેનો અફસોસ. પારકો લગીર લઈ જાય તેનો અફસોસ. અહીં મેળવી લેજો. આત્માનું પુન્ય, જીંદગી, આયુષ્ય પારકો કેટલું લઇ જાય છે ને ઘરનાને કેટલું મળે છે?

મળ્યાનો અફસોસ ન કરશો. છોકરાને મીલ્કત દઇ રોનાર કોણ? તો આત્માના કલ્યાણ માટે જે કાર્ય થાય તેને કડવું કેમ ગણાય છે? આ ઘર કોણે મેળવી દીધું તેનો ઉપયોગ કેમ કરવો જોઇએ?, એ વિચારજ આવ્યો નથી. આ માટે જીનેંદ્ર પૂજા જે વિચારવાળા હોય તે સમજે છે. આ ઘરનો ઉપયોગ આત્મા માટે કરનારો અને પરભારાને માટે ન કરનારો મહા પુરૂષ હોય તો આ જીનેશ્વર. પરભારા પાસે પરવારતા મટીએ એ માટે હંમેશાં તેમની નીશાળમાં જવાનું છે. આપણે પહેલી જીનેંદ્ર પૂજા જેઓએ પોતાના હાથે પોતાના કુટુંબોને તાર્યા. જાદવ-કુળના લાખો મોક્ષે ગયા. તે મોકલનાર ભગવાન નેમનાથજી. તમારી અપેક્ષાએ નેમનાથજીએ ભુલ કરી કે જાદવ કુળમાં જનમ્યા ને જાદવકુળના ઉદ્ધાર્યા.

દીક્ષાના માંડવા કેટલે ઘેર જોવા? એ વસ્તુને ત્યાગને ધર્મને મમતા છોડાવી તેને હજી સ્વરૂપે માન્યું નથી. સ્વરૂપે માન્યું હોય તો ખરેખર ધ્યેયજ આ એ ધ્યેયવાળો જીનેશ્વરની પૂજા કરી શકે. બાકી નાના બચ્ચા હીરાને હાથમાં પકડે છે પણ ચાટે છે. દાગીનો નથી બનાવતા. દાગીનો કિંમત સમજે તે બનાવે. તેમ તીર્થંકર ભગવાન ત્યાગની મુદ્રાએ મોહાદિક છોડવાની બુદ્ધિએ ન માનીએ તો હીરો હાથમાં આવ્યો પણ કામ ચુંર્ગવામાં કામ લાગે છે. દાગીનામાં કામ ન લાગે. જીનેશ્વરો વિષયોને પોષનારા નથી, અર્થાત્ આરંભ પરિગ્રહાદિકનું નિકંદન કરનારા છે. હવે પૂજો છો શા માટે? તમારા આરંભાદિક જોઇએ છીએ?, એને હિત માનો છો તો પૂજો છો શા માટે?

નાનો છોકરો હીરો ચૂસે ને પેટમાં જાય તો હીરો ને છોકરો બે ગયા. તેમ તમે જીનેશ્વરને આરંભાદિક માનીને પૂજ્યા તો દેવતત્વ ને આત્મા બંને ગયા. જીનેશ્વર ઉદ્ધારક પણ ત્યાગ બુદ્ધિએ પૂજે. તેમાં ચારિત્રની ઇચ્છા ન હોય ચારિત્રના કારણ તરીકે ભગવાનને ન માને તેવાની પૂજાને દ્રવ્ય પૂજા પણ કહેવી નહીં.

હરિભદ્રસૂરિએ કહ્યું છે, આ તમને ઘર મળ્યું છે. તે ઘરથી શું કરવાનું? આ ત્યાગ મુદ્રાના દર્શન સેવા આરાધન કરી ત્યાગ તરફ પ્રવર્તન કરતાં શીખવાનું આ બધું છતાં હીરાની કીંમત બતાવે ઝવેરી. હીરો પોતે કીંમત નહીં બતાવે. તેમ દેવનો ઉપકાર દેવ પોતે નહીં કહે હું તમારો આટલો ઉપકારી એમ જીનેશ્વર નહીં કહે. હીરો નહીં બોલે પણ ઝવેરી તો બોલશે.

તેમ તીર્થંકરનો ઉપકાર ધર્મ સ્થિતિ ઉત્તમતા એ બધું ગુરૂ મહારાજ બતાવશે. માટે ગુરૂની સેવા આથી દહેરા સુધી શાશન ન માન્યું, નહીંતર દેવલોકમાં પણ શાશન માનત. છઠે આરે પણ શાશ્વતા દહેરાનો નાશ થવાનો નથી, તો શાશન કેમ ન માન્યું ? દહેરાને અંગે શાશન ન રાખ્યું. શાશન ત્યાગીની ઉત્પત્તિ, સ્થિતિ, હયાતી, અને વૃદ્ધિના આધારે શાશન. તેથી મહાવીરની પહેલી દેશના શાશન વગરની નીષ્ફળ ત્યાગી સંસ્થા સ્થપાઈ નહીં.

ગુરૂ ઉપર શાશનનો કેટલો મદાર છે. તે સમજાશે હવે એ વાત ધ્યાનમાં રાખજો કે ઘર સ્થાવર મિલ્કત એ ખાઉકણુ મિલ્કત તેને રંગાવવાનું લીંપાવવાનું જોઇએ. આ ઘર પણ ખાઉકણુ ઘર. ઘરનું રીપેરીંગ કરતાં તારી મીલ્કત ચાલી ન જાય તેવી રીપેરીંગ ન કરતો. તે આ ઘરનું એવું પોષણ ન કરતો જેથી તારી મિલ્કત ચાલી જાય. આ શરીરના પોષણ માટે દયાની દ્રષ્ટિ ન ઉડાડતો. તેથી સત્ત્વાનુકંપા-દયા. દયા સર્વથા ન પાળી શકાય તો ખરાબીથી મેળવેલું એને પણ સારામાં વાવજે.

તે માટે શુભ-પાત્ર-દાનં. જે માયાથો મમતાથી લોભથી આરંભથી તું દ્રવ્ય ઉપાર્જન કરે તેનું પાપ ભોગવવું પડશે. પણ તેમાંથી કંઇક શુભ પાત્રે વાવજે. શુભ પાત્ર ચળકતું મોટું હોય તે ન ગણજે પણ ગુણ દેખે ત્યાં રાગ ધરજે. રૂષભ, અજીત શાશન શબ્દ ન રાખ્યો. શબ્દ જૈન શાશન રાખ્યો. જીન નામ ગુણ નિષ્પન્ન છે.

વ્યક્તિને અવકાશ નથી, વ્યક્તિ ઉપર રાગ ધરવો પણ દ્રષ્ટિ ક્યાં ? હીરા પર રાગ ધરવો પણ દ્રષ્ટિ તેજ તરફ. તેજ હીરો અગ્નિમાં પડયો તો તેજ ચાલ્યું જાય ને કોલસો થાય તો એજ કટકો ફેંકી દ્યો. તેમ પાત્ર ગણો ગુરૂ ગણો દેવ ગણો તે બધાને અંગે વ્યક્તિ રાગમાં ન દોરાઇશ ? વ્યકિત તરફ રાગ કરવો પણ દ્રષ્ટિ ગુણ તરફ. ગુણનો રાગ ધરવો છે ને ઉંડાં ઉતરવું નથી. માટે શાસ્ત્રો શ્રવણ કરો. શાસ્ત્ર સાંભળો તો ગુણ પાત્ર માલમ પડે. ગુરૂપર રાગ થાય. આ છ વાસ્તુ એજ ઘરનું ભાડું. આત્મા ભાડું લઇ શકે તો આ છ વસ્તુ દ્વારાએ આ થોડી મુદ્દતનું ભાડું. વૃક્ષ પરથી ફળ ચુંટી લઇએ એ ફાયદો ગણાય. આ સમજી છ ફળ માટે જે મહેનત કરશે તે આ ભવ પરભવ કલ્યાણ માંગલિક માળા પામી મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

॥ સકલમન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજરાજેશ્વર-શ્રીસિદ્ધચક્રેભ્યો નમો નમઃ ॥
॥ સકલમનોવાંચ્છિતપૂરકઃ શ્રીશંખેશ્વર-પાર્શ્વનાથો વિજયતેતમામ્ ॥
। સર્વમંગલશિરોમણિ-શ્રીદ્વાદશતપોધર્માનુરક્તેભ્યો નમઃ ।

# શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય.

**નોંધ:**—આ શરૂ થતા ગ્રન્થમાં માનવ જીવનની દુર્લભતા, માનવ જીવનને સફળ કરવાના સહકારિ સંયોગો, ધર્મ પુરૂષાર્થની અનિવાર્ય જરૂર અને સેવન, ધર્મના ચાર પ્રકારમાં તપોધર્મની વિશિષ્ટતા, સકળ તપોધર્મમાં શ્રી વર્દ્ધમાન-તપોધર્મની વિશિષ્ટતા આદિ અનેકવિધ પ્રકરણોના પૂર્વાપર સંબંધ ઉત્પત્તિ યુક્તિ-શંકા-સમાધાન-પૂર્વક પુનિત પ્રકરણોનો અત્ર પ્રારંભ કરાય છે. આ 'શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય' નામના નાનકડા ગ્રન્થના પુનિત પ્રકરણોનું પરિશીલન કરીને શ્રી વર્દ્ધમાન તપોધર્મનુ સેવન કરનારાઓ ઉત્તરોત્તર શ્રેષ્ઠ-સંપદાઓને કઇ રીતે પામ્યા છે, વર્તમાનમાં કઈ રીતે પામે છે, અને પામશે; તેનું અત્ર દિગ્દર્શન કરાવાય છે.

---

**લેખક:**—શ્રીસર્વજ્ઞકથિત-સ્યાદ્વાદમુદ્રામુદ્રિત-જૈન-શાસનના પરમ રહસ્યભૂત શ્રીનવપદ-પિયૂષપાનોદ્યતભવ્યભાવોદ્-બોધસૂર્યોદય-શ્રીસિદ્ધચક્ર-નવપદારાધક સમાજ શ્રીવર્દ્ધમાનતપોધર્મવર્ધક-સંસ્થાસંસ્થાપક-શ્રીવર્દ્ધમાન-તપોનિષ્ણાત શ્રીસિદ્ધચક્રારાધન-તીર્થોદ્ધારક-પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરગણીન્દ્ર.

[ શ્રી સિદ્ધક્ષેત્રના શાશ્વત ધામમાં શાસનમાન્ય વિદુષી સાધ્વીશ્રી તિલકશ્રીજી મહારાજજીની શ્રીવર્દ્ધમાન તપોધર્માનુરક્તા પરમવિનીત પ્રશિષ્યા સાધ્વીશ્રી **તીર્થશ્રીજી**ના પુર્ણાહુતી પામતા શ્રી વર્દ્ધમાન તપોધર્મની આરાધના નિમિત્તે ( શ્રીવર્દ્ધમાન તપોધર્મની ૧૦૦ મી ઓળીના પારણા નિમિત્તે ) આલેખન કરાયેલ 'શ્રીવર્દ્ધમાન તપો મહાત્મ્ય' નામનો અનુપંમ ગ્રન્થરત્ન વિ. સં, ૨૦૦૨ ફા. સુ. ૮ રવિવારે પારણાના દિવસે ભેટ અપાયેલ છે. છપાયેલ ગ્રન્થની પ્રથમ આવૃત્તિ પૂર્ણ થતાં આ માસિકના વાંચક વૃંદો તે ગ્રન્થના વાંચનનો લાભ લઇ શકે તે હેતુથી અત્ર અપાય છે. તંત્રી.] [ લેખાંક ૪ થો ]

### માધ્યસ્થ ભાવનાનું રહસ્ય.

પાપવાસનામાં રક્ત, પાપ કાર્યોમાં ચકચૂર, ભારે કર્મી જીવો કે જેને "આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા ?" આવી ઉક્તિઓનું અવલંબન લેનારા, અને ધર્મી આત્માઓ ધર્મ અને ધર્મના સાધનની વાતોમાં કકળી ઉઠનારા આત્માઓ કે જેને ધર્મોપદેશ દેવા જતાં ધર્મને ધતિંગ કહે, હિતશિક્ષા દેવા જાઓ તો ન સંભળાવવાનું સંભળાવી દે. તેવાઓ પ્રત્યે ઉપેક્ષા ભાવ રાખવો તેનું નામ માધ્યસ્થ ભાવના છે. દેવ-ગુરૂ-ધર્મની નિંદા કરનારા, અપમાન કરનારા, દેવ ધર્મના સ્થાન પ્રત્યે કાળો કેર વર્તાવનારાઓ પ્રત્યે ઉપેક્ષાભાવ રાખવો ઉચિત છે, પરંતુ તેને દુઃખી કરવો, મારવો, કુટવો અને તે હેરાન થાય તો રાજી થવું અને 'સારૂં છે' એમ કહેવું તથા વિચારવું-આ ભાવના ધર્મી આત્માને શોભી શકતીજ નથી.

ખાવા પીવામાં, ફરવા ફરવામાં હમેશાં ગુલતાન રહે અને કંટાળો આવેજ નહિં, મગજ કંટાળે નહિ. રાજ્યોના વિજય-પરાજયોની કથા કરતાં થાકે નહિ. દેશની ભૂત-ભાવિ-વર્તમાન સ્થિતિમાં ઉંડા ઉતરી અમુક દેશ સારો અને અમુક દેશ ખરાબ કહેવામાં યુક્તિ પ્રયુક્તિઓથી લેશભર પાછો હઠે નહિ. સ્ત્રીઓના લાવણ્ય-રૂપ-રંગ અને અવયવોની અથથી ઇતિ સુધીની વાતો કરતાં ધરાય નહિ; પરંતુ જ્યાં ધર્મનું નામ આવીને ઉભું રહે તો ધતીંગ કહે, ધર્મીનું નામ

આવે તો ઢોંગી કહે. અને ગુરૂનું નામ આવે તો પેટ ભરવાની દુકાન ચલાવનારા પેટભરા કહીને દેવ-ગુરૂ ધર્મને ઉતારી પાડવામાં પાછો હઠેજ નહિ. આવા આત્માઓ પ્રત્યે કરૂણાભાવ પૂર્વકનો ઉપેક્ષાભાવ રાખવોજ ઉચિત છે. દેવ-ગુરૂ-ધર્મ, ધર્મી કે ધર્મના સાધનની વાત એક ક્ષણભર છેડવામાં આવે તો તુરત મગજ ખસી જાય અર્થાત્ બધી વાતમાં ડાહ્યો પરંતુ ધર્મની વાતમાં પૂરેપૂરો પાગલ હોય. તેવાઓ પ્રત્યે ઉપેક્ષા ભાવ-માધ્યસ્થ ભાવ રાખવો ઘટે છે. આ સ્થળે ધર્મ પ્રત્યે જાણે વૈરભાવ કેળવ્યો ન હોય તેવું તેનું મગજ હોય છે. આ સ્થળે એક નાનું દૃષ્ટાંત ધ્યાનમાં લેવા જેવું છે.

એક વિદ્યાનન્દ નામનો વિદ્યાર્થી કોલેજમાં ભણીને એમ. એ. ની પરીક્ષામાં પાસ થયો. આ વિદ્યાર્થીને સ્ત્રી સંબંધી નવ નવીન કથાઓ નોવેલો સાંભળીને અણગમો થયેલો. પ્રસંગો પણ એવા જોવામાં આવે કે સ્ત્રી પ્રત્યેનો અણગમો વધતો રહે. મિત્રોની વચમાં સ્ત્રીની વાત નીકલે અગર સ્ત્રી સંબંધી વાત આવે તો બધાને યુક્તિ પ્રયુક્તિથી હરાવી દે. મિત્રો ચીડાવવા માટે સ્ત્રી સંબંધી શબ્દ બોલે તો વિદ્યાનંદ પોતાના નામને અસાર્થક બનાવીને કલેશની હોળી સળગાવી દેતો, અને મગજ ખોઇ નાંખતો હતો. એક વખત મગજે ગરમી ચઢી ગઇ અને સ્ત્રી સંબંધી લવારા કરવા લાગ્યો. લવારા કરતાં કરતાં ગાંડો થઇ ગયો. પાગલખાનામાં (મેડહાઉસમાં) મૂકયો. સારવાર કરનાર માણસને ભલામણ કરી કે તેના હૉલમાં નર્સ આવી શકે નહિ, અગર સ્ત્રી પણ આવે નહિ તેવો બંદોબસ્ત રાખવો. કદાચ બંદોબસ્ત રાખવા છતાં સ્ત્રી આવે તો ઠકલી ઉઠે અને સ્ત્રી બહાર જાય નહિ ત્યાંસુધી તે વિદ્યાનંદને શાંતિજ ન થાય. સ્ત્રી અર્થાત્ સ્ત્રીનું નામ, આકાર ખડો થાય કે ગાંડપણ ઉછળવા માંડે. મેડહાઉસનો માણસ તેની સુંદર સારવાર કરતો પરંતુ ગાંડપણ શામાં છે તે સારી રીતે સમજતો હતો. કઇ કઇ વાતોમાં તે ડાહ્યો રહે છે અને કઇ વાત આવીને ઉભી રહે છે એટલે વિદ્યાનન્દ મટી અવિદ્યાનન્દ થાય છે, તે તેના ધ્યાન બહાર નહોતું. મહિનાઓના મહિના સુધી તે વિદ્યાનન્દ સારી રીતે ખાય-પીયે, હરેફરે અને સ્ત્રી સંબંધી પ્રસંગ છેડનારના અભાવમાં ડાહ્યા જેવો થઇ ગયો. છેવટે વિચાર આવ્યો કે-મને અહિં રોકી કેમ રાખ્યો છે?, તુરત વિચાર કરીને મનમાં સમજી ગયો કે ડોકટરનો છોકરો અને હું સાથે પાસ થયા છીએ હું પહેલે નંબરે અને ડોકટરનો છોકરો બીજા નંબરે પાસ થયો છે, તેથી આ પ્રપંચ ડોકટરે ખેલ્યો છે. તુરત કલેકટરને અરજી કરી કે ડોકટરે મને મેડહાઉસમાં નકામો રાખ્યો છે. રાખવાનું કારણ ફકત એ છે કે-હું પહેલે નંબરે પાસ થયો છું અને ડાકટરનો છોકરો બીજા નંબરે પાસ થયો છે, એવું અરજીમાં જણાવ્યું. અને સાથે સાથે મને 'ગાંડો ગાંડો' કહીને મેડહાઉસમાં રાખવાથી મને મલતી સ્કોલરશીપ બંધ થઈ છે અને તે ડોકટરના છોકરાને મલે છે તે ડોકટરનો મુદ્દો ધ્યાનમાં રાખી મને મહેરબાની કરી મેડ હાઉસમાંથી છુટો કરશો એવી મારી નમ્ર અરજી છે. આવું મુદ્દાનું લખાણ અરજીમાં લખ્યું. આ અરજી વાંચી કલેકટર ગુસ્સે થયા. નિર્દોષ માણસને ગાંડો કહી આમ હેરાન કરવાથી શું વળે? વિગેરે. વિચાર કરતાં કરતાં કલેકટર મેડ હાઉસમાં આવ્યાં. કલેકટરે વિદ્યાનન્દને પૂછયું અરજી તમે કરી છે? વિદ્યાનન્દે કહ્યું—જી હા. અને વાતચીત થતાં તુરત અરજીની બીના કહી બતાવી. કલેકટર આશ્ચર્ય પામ્યો. ડોકટરે વિચાર્યું કે હવે કરવું શું? નાડ પારખવાનું કામ ડોકટરે આજદિન સુધી નથી કર્યું તેવું સારવાર કરનારે કર્યું હતું. આ અવસરે સારવાર કરનાર આવ્યો અને કહ્યું કેમ વિદ્યાનન્દ? તમે જરા આઘા, ખસો, એક બાઇ સાહેબને કામ છે કારણ કે ડોકટર સાથે તે બાઈને વાત કરવી છે. આ શબ્દ કાને પડયા અને

એવું મગજ ખસ્યું કે સારવાર કરનારને, ડોકટરને અને કલેકટરને ઉધડા લઈ લીધા ને વિદ્યાનન્દ કહેવા લાગ્યો કે-હરામખોરો, સ્ત્રીઓનો તમને છંદ લાગ્યો છે. જે સ્થલે વિદ્યાનન્દ હોય ત્યાં સ્ત્રીની શું હોલી સળગાવવી છે. : વિગેરે વિગેરે ન બોલવાના શબ્દો બોલ્યો. કલેકટરને ખાત્રી થઇ કે સ્ત્રી સંબંધમાં આ પાગલ છે.

આવા વિદ્યાનન્દ નામના કેટલાએ હશે કે જે દેવ—ગુરૂ—ધર્મની વાત સાંભલતાં કકલી ઉઠે. ધન-માલ-મિલકત-ગાડી-વાડી-લાડીની વાત કરો તો ડાહ્યા ડમરા, પણ જ્યાં દેવ—ગુરૂ અને ધર્મનું નામ આવે એટલે મગજનો ટેમ્પરેચર વધી જાય. બધું ભૂલી જાય અને મગજ ખસી જાય. અને નવાજૂની કરી બેસે. દેવ-ગુરૂ-ધર્મની વાતમાં વાહ્યાત કહેનારા વિદ્યાનન્દો પાસે ચૂપ રહેવું એજ સીધો અને સત્ય માર્ગ છે. કેવલ નુકશાનના પ્રસંગમાં મૌન રહેવું તેનું નામ માધ્યસ્થભાવ. આ કથા ઉપરથી દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે દ્વેષ કેળવવાવાળા, વૈરવૃતિ જગાવવવાળાઓ પ્રત્યે ઉદાસીન ભાવ-ઉપેક્ષા ભાવ જરૂરી છે. ડુબતાને તારવો એ આપણી ફરજ છે પરંતુ તારનારે એવો હાથ ન ફેરવવો કે ડુબનાર તરવાને બદલે વધુ ડુબી જાય. માધ્યસ્થ ભાવનામાં ભાવિત થયેલાએ આ ઉપરથી અનિષ્ટ હુમલા થવા દેવા અને જોયા કરવું એ અર્થ નથી, પરંતુ ધર્મી આત્માઓની ફરજ છે કે હલ્લા તો રોકવા જ. પણ તે બીજાને તારવાની બુદ્ધિથી હલ્લાઓ રોકવા; બીજો ડુબવા ન પામે એ સાચવવાનું હોય છે અને તે અવસરે માધ્યસ્થ ભાવના રાખવાની છે. આપણા પ્રયત્નથી જો તે વધારે ડુબશે એવું લાગે તો તે પ્રયત્ન શુદ્ધ હોવા છતાં પણ છોડી દેવો એજ હિતાવહ છે. માધ્યસ્થ ભાવનાથી ભાવિત થયેલાઓ કરી શકે તો તારવાનાં શકય પ્રયત્નો કરવા જરૂરી છે. પણ તેમ ન થાય તો મૈત્રી અને કારૂણ્ય ભાવના પર પાણી ફરી વળે છે. તપેલી લોખંડની પાંચ શેરી ઉપર નાંખેલું પાણી નકામું જાય છે અર્થાત્ પાણી નાંખ્યાથી કંઇ ફાયદો થતો નથી પણ ઉપરથી વધુ ગરમી નીકલે છે. પાણીનો મૂલ સ્વભાવ અગ્નિને ઓલવે, ગરમ પાણી પણ અગ્નિને ઓલવી નાંખે તેવી રીતે શાસ્ત્રના કઠોર, તીવ્ર વચનો મિથ્યાત્વ અવિરતિ કષાયના દાવાનલને ઓલવી નાંખે ત્યાંજ નાંખવાની ફરજ છે. પરંતુ નકામા જાય એમ લાગે તો ઉપેક્ષા ભાવ ધારણ કરવો.

અભવ્ય, દુર્ભવ્ય અને મહામિથ્યાત્વી જીવોને શાસ્ત્રના હિતકારી વચનો પણ સારા લાગતા નથી એટલુંજ નહિ પણ જેમ જેમ સાંભળતા જાય તેમ તેમ લવારો અને બકવાટ વધે છે. તે અવસરે વિવેકી આત્માઓએ માધ્યસ્થ ભાવના ભાવવી જરૂરી છે. ગોશાલો પ્રભુ મહાવીરનો તિરસ્કાર કરે છે. પ્રભુ મહાવીર બધા સાધુઓને ઉત્તર પ્રત્યુત્તર આપવા મનાઇ કરે છે. આ અવસરે ભગવાને સાધુઓને ''સર્વ સામગ્રી અને શકિત સાથે'' તૈયાર રહેવાનું જણાવ્યું નથી. ગોશાલાના પ્રસંગમાં પ્રભુ મહાવીર સમગ્ર શકિતઓરૂપી શસ્ત્ર ઉતારી નાંખવાની ભલામણ કરે છે. પોતાના ઉપકારી તીર્થંકરનું અપમાન સહન કરવાનું પ્રભુ મહાવીર શીખવે છે. પ્રભુ સર્વજ્ઞ છે તેથી આમ કહ્યું કારણ કે સત્ય સ્થિતિ (વર્તમાન-ભાવિની સ્થિતિ) સમજી શકયા છે. તીર્થંકરોના વખતે પણ જે સાધનો સફલીભૂત થવાના નથી તે સ્થલે સાધુઓને રોકવા. એજ મધ્યસ્થ ભાવના છે તેવો ઉપદેશ ભગવાન્ મહાવીર આપે છે. આ ઉપરથી માધ્યસ્થ ભાવનાનો સદુપયોગ કરતાં શીખવું જરૂરી છે.

[ ચાલુ ]

૨૭૫. નિર્ગુણ-આત્માઓ ગુણના ભંડાર-ગુણવાન્ આત્માઓને પોતાના સરખા ગણાવવા તૈયાર થાય તો સમજવું જોઇએ કે સમ્યક્ત્વનો રંગ હૃદયમાંથી ઉડી ગયો છે.

૨૭૬. સંયોગોની જડમાં પુણ્ય પડેલું છે એવા આત્માઓનો વાંકો વાળ કરનાર જગત્માં કોઇ નથી.

૨૭૭. સંયોગોની જડમાં પાપ ઉભરાય છે તો હજારો ખુશામત ખોરોની હાજરી છતાં ધારેલી ધારણાઓ ધૂળમાં મળી જતાં વાર લાગવાની નથી.

૨૭૮. વર્તમાન વિજ્ઞાનની વિશાળતા સ્વાર્થ-સિદ્ધિઓ માટે નિર્માણ થયેલી છે.

૨૭૯. આધુનિક વિજ્ઞાનવાદની વિશાળતામાં ઉપકારક ભાવનાનો લવલેશ નજરે પડતો નથી.

૨૮૦. જીવલેણ દવાઓ, રસાયણિક શોધો, ટોરપીડો, મશીનગનો, ઝેરી ગેસો, ઝેરી પાઉડરો અને એટમબોમ્બોની શોધ પાછળ જગત્ને ઉપકાર કરવાની વાતો તો બાજુપર રહી પણ અપકાર તો ડગલે પગલે આજની જનતા અનુભવી રહી છે.

૨૮૧. શાસનની મલીનતા થાય તેવી પ્રવૃત્તિ મન-વચન-કાયાથી કરવી જોઇએ નહિ.

૨૮૨. શાસનની મલીનતા ટાળવા માટે તન-મન-ધન અને સત્તાદિના જોરે પણ સર્વ પ્રયત્ન કરવાની જરૂર છે.

૨૮૩. શાસનની મલીનતા કરવા જેવું એક પણ પાપ નથી, અને શાસનની પ્રભાવના કરવા જેવું એક પણ પ્રકૃષ્ટ પુણ્ય નથી.

૨૮૪. અજ્ઞાની આત્માઓએ શાસન સેવાના બ્હાને આજદીન સુધી શાસનની મલીનતા કરવામાં બાકી રાખી નથી.

૨૮૫. ભાવના એકજ જીવનું કલ્યાણ કરી શકે છે, જ્યારે પ્રભાવના અનેક જીવોને કલ્યાણ-સન્મુખ કરી શકે છે એ એકજ અક્ષરમાં ચમત્કાર છે.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

(લેખક:—સુધાવર્ષી.)

૨૬૫. ઉપકાર કરવાના પરિણામ ઉત્પન્ન થયા પછી પણ જૈન શાસનના હિસાબેજ ઉપકાર-પ્રવૃત્તિ કરવા પ્રયત્નશીલ બનો.

૨૬૬. ઉપકારના બ્હાના તળે અપકાર ન થાય તે માટે ખાસ લક્ષ્ય રાખવાની જરૂર છે.

૨૬૭. ઉપકાર કરવાની વૃત્તિ છતાં અજ્ઞાનના સદ્ભાવમાં અપકાર થઈ જાય છે એ ભૂલવા જેવું નથી.

૨૬૮. પોતાના આત્મા માટે ઉપકારક નહિં પણ આત્મગુણની વિઘાતક પ્રવૃત્તિ સ્વપ્ને પણ પણ આદરવા જેવી નથી.

૨૬૯. સાચી ઉપકારક પરિણતિ અને પ્રવૃત્તિ એ સર્વદા-સર્વત્ર-સર્વથા સ્વ-પર લાભદાયિજ હોય છે.

૨૭૦. ક્ષુદ્ર આત્માઓ હિતબુદ્ધિના નામે દંભ સેવે છે, પરન્તુ ખરેખર હૃદયમાં નિન્દાની રસિકતા પૂર જોસમાં રમતી હોય છે.

૨૭૧. ઉદારતા અને વિવેકિતા વગર ગંભીરતા આવવી એ મુશ્કેલમાં મુશ્કેલ છે.

૨૭૨. અધિકાર-શૂન્ય-આત્માઓ હિત બુદ્ધિના નામે પરિણામ જોવાની તાકાતના અભાવમાં સ્વ-પરનું અહિતજ કરે છે.

૨૭૩. ગંભીર આત્માઓ દોષિત આત્માઓનું અહિત થાય તેવી રીતે દોષનું ઉચ્ચારણ કરતાંજ નથી.

૨૭૪. દોષિત છતાં દોષ છુપાવવાની અને નિર્દોષ બનવાની તાલાવેલી ભવભીરૂ આત્માઓને હોતી નથી.

[વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૩ જો.]

# શ્રી સિદ્ધચક્ર

!!! વ....ન્દ....ન....હો.... !!!

## શ્રી સિદ્ધચક્રને—

अर्हन्तः प्रातिहार्यैः सुरनरनिकरैरर्चनीयाः शिवाढ्याः,

सिद्धाः निष्कर्मकिट्टा जनिमृतिरहिताः सर्ववेदिप्रगल्भाः।

आचार्या धर्मधुर्याः श्रुतगणपटवो वाचकाः सन्मुनीशा—

मोक्षाध्वालम्बनाः श्रद्धतिमतिश्चरणैः सत्तपोभिः पुनन्तु ॥१॥

जिनेशितुश्चक्रभृतो वासुदेवस्य वा यथा।

चक्रं तथेदं श्रीसिद्धचक्रं शासनकार्यकृत ॥२॥


શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, મુંબઈ.

[ ધનજીસ્ટ્રીટ: ૨૫, ૨૭ ]

વર્ષ ૧૨ ] [ અંક ૧૧ મો.

વિક્રમ સં. ૨૦૦૨, વીર સં. ૨૪૭૨. તા. ૧૭-૮-૪૬ શનીવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૨॥ આના

સકલ મન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજરાજેશ્વર—

શ્રી સિદ્ધચક્રેભ્યો નમો નમ:

# "શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનમ્"

## (સંજ્ઞા-સન્ધિ-નામ કારક પર્યન્તઃ પ્રથમો વિભાગઃ)

ઉપરના ગ્રન્થની સાહિત્યરસિકો લાંબા સમયથી એક સરખી રાહ જોઇ રહ્યા હતા, તે મહાન્ ગ્રન્થ છપાઇને બહાર પડી ચૂકયો છે.

**કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી**ની સર્વજ્ઞતાનો સંપૂર્ણ સાક્ષાત્કાર કરાવતો, સુવર્ણસમ સૂત્રોથી શોભતો, આલ્હાદદાયક-ચન્દ્ર-કિરણ સમ સ્વોપજ્ઞ તત્ત્વ પ્રકાશિકાના વૃત્તિસ્થ-તત્ત્વોથી દીપતો, બંન્નેના (સૂત્ર-વૃત્તિના) પરમાર્થને આનન્દપૂર્વક પ્રતિપાદન કરાતી **પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્ર-સાગરજી ગણીન્દ્રકૃત-શ્રી આનન્દ-બોધિની વૃત્તિથી** ઓપતો અને સંજ્ઞા-સન્ધિ-નામ-કારક યુક્ત છપાદ પર્યંતનો શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનનો પ્રથમ ભાગ બહાર પડી ચૂકયો છે તેની સાહિત્ય રસિકોએ નોંધ લેવી જરૂરી છે.

આ મહાન્ ગ્રન્થ દીર્ઘાયુષિ બને તે હેતુથી ક્રોક્ષી લાયન-બ્રાન્ડ લેઝર પેપરમાં, ફુલ્સકેપ સાઇઝના વિશાળ આકારમાં, ૧૦૭ ફારમના દળદાર કદમાં, પાકા પુંઠાની સુંદર બાઇન્ડીંગની સુબદ્ધ અવસ્થામાં, તાડપત્રીયાદિ પ્રાચીન-અર્વાચીન રંગ બે રંગી સુંદર ચિત્રોથી સુશોભિત બનેલ આ મહાન્ ગ્રન્થ અભ્યાસિયો માટે અલંકાર સરખો તાકીદે ખરીદી લેવા યોગ્ય છે. કિંમત રૂ. ૩૦) ત્રીશ. તદુપરાંત આ ગ્રન્થમાં ૧૪ પરિશિષ્ટો, વિષયાનુક્રમ, શાસ્ત્ર પ્રસ્તાવના, ચિત્ર પરિચય, પ્રકાશિકા-નિવેદન, કલિકાલ-સર્વજ્ઞ-સંક્ષેપ વૃત્તાંત આદિ પ્રકરણોથી ભરપુર ગ્રન્થ દર્શનીય અને પઠન-પાઠન યોગ્ય જ્ઞાન ભંડારાદિ પુસ્તકાલયોમાં વસાવવા યોગ્ય છે.

મંગાવનારાએ નીચેના સરનામેથી મંગાવી લેવો.

અગાઉથી ડીપોઝીટ ભરનારાઓને રિવાજ મુજબ કમીશન બાદ કરતાં વી. પી. કરવામાં આવશે, પરન્તુ સરનામાની ફેરફારી હોય તો તુરત જણાવવું.

### ગ્રન્થ પ્રાપ્તિ સ્થાન.

૧. **ઝવેરી પાનાચંદ રૂપચંદ**, ૨૫/૨૭ ધનજીસ્ટ્રીટ **મુંબાઇ** નંબર ૩

૨. **ઝવેરી જમનાદાસ મોનજી**, બુલીયન એક્ષચેંઝ **મુંબાઇ** નં. ૨

૩. **ઋષભદેવજી છગનીરામજીની પેઢી**, ખારાકુવા (દેહરા ખિડકી) ઉજ્જૈન (માલવા)

૪. **શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર**, પાયધુની ગોડીજીની ચાલ **મુંબાઇ** નં. ૩

૫. **નેમિચંદ તારાચંદ**, ૪૦૭ કોટન એકસચેંજ કાલબાદેવી રોડ **મુંબાઇ** નં. ૨

લી૦ પ્રકાશિકા,—

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,**

**૨૫-૨૭, ધનજી સ્ટ્રીટ, મુંબાઈ.**



મુદ્રક : મુળચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.

પ્રકાશક : **શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી,** શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભૂલેશ્વર, મુંબઈ.

# શ્રી સિદ્ધચક્ર

તંત્રીઃ—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વર્ષ ૧૨ ] શ્રાવણ [ અંક ૧૧ મો.


## આગમોદ્ધારકની અમોઘ-દેશના.

દેશનાકારઃ--આગમોદ્ધારક આચાર્યદેવેશ **શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ.**

સ્થળ-બારડોલી મુકામે આપેલ દેશનાનો સારભૂત સંચય **પૂ. પં. પ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણિવરના કવિવર્ય શિષ્ય મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજીના શિષ્ય મુનિશ્રી** ચન્દ્રવર્મસાગરજીએ કરેલો છે, તે વાંચકો સારી રીતે વાંચી અને સમજી શકે તે હેતુથી પૂ. પં. પ્રવરશ્રીજી પાસે પેરેગ્રાફ વિગેરે સુધારા વધારા સાથે તૈયાર કરાવી અત્રે અપાય છે; છતાં દેશનાકારના આશય વિરૂદ્ધ કોઇપણ શબ્દાદિ બદલ તેઓશ્રીની ક્ષમા યાચીએ છીએ. લિ. તંત્રી.

वचनाद्यदनुष्ठानमविरुद्धाद्यथोदितम् ।
मैत्र्यादिभावसंयुक्तः तद्धर्म इति कीर्त्यते ॥१॥

દેશનાના સારભૂત-અવતરણો.

૧. નિકાશનો સજ્જડ પ્રતિબંધ નહિ સમજનારને સાદી હિત-શીક્ષા.

૨. ભાવિ-પ્રસ્થાનની તૈયારી કરી રહેલાઓને ચેતવણી.

૩. અસલી-નકલી-ધર્મની યુકિત પુરસ્સર ઓળખ.

૪. જૈનેતર દર્શન માન્ય ઈશ્વરોની પુરવાર થયેલ શક્તિ હીનતા.

૫. નકલી ધર્મના પ્રચારકો અસલીના આકારને પણ અનુસર્યાજ નથી.

૬. વીતરાગતા વગર સર્વજ્ઞ થવાનો ઈજારો જૈનદર્શનને માન્ય નથી.

૭. વીતરાગતા આવ્યા પછી સર્વજ્ઞતા આવે છે એ સમજતાં શીખો.

૮. વિચાર-આચારના અનુભવને સમજતાં શીખો.

૯. જૈન દર્શન માન્ય સદ્વિચારોનું સામ્રાજ્ય.

### નિકાશનો પ્રતિબંધ

શાસ્ત્રકાર મહારાજા આચાર્ય ભગવાન્ શ્રીમાન્ હરીભદ્રસૂરીશ્વરજી મહારાજા આગળ સૂચવી ગયા કે આ સંસારની નિકાશના પ્રતિબંધ વગરની ચીજ હોય તો ફકત ધર્મ છે. અને કંચન-કાયા-કામિની અને કુટુંબ વિગેરે નાશવંત

છે. આ ચાર ઊપરજ નિકાશનો સજ્જડ પ્રતિબંધ છે. તમોએ કરોડો-લાખોની કમાણી કરી હોય પણ મરણ પામીને અહીંથી જતી વેળા નિકાશનો પ્રતિબંધ છે.

**ભાવિ પ્રસ્થાન.**

તમારે બારડોલીમાં કોઇ બહારગામથી આવેલ હોય પણ તેને જતી વખત વળાવા માટે જાઓ છો. જગતમાં નિયમ છે કે જ્યાં જવું હોય અને મહુર્ત આવી ગયું હોય તો પ્રથમ પ્રસ્થાન કરવાનું કરે છે, અને એ મુજબ ભાવિ આયુષ્ય માટે જગતના જીવો પ્રસ્થાન કરે છે.

નરકમાં જવા માટે જમીન બંગલા વાડી મીલો વિગેરે બંધાવવા અને ચલાવવાની ધમાલ કરો છો. તિર્યંચ ગતિમાં જવા માટે મેના, પોપટ, બિલાડા, કુતરા વિગેરે જીવોને પાલન-પોષણ કરો છો. મનુષ્ય-ગતિમાં જવા માટે દયા-સરળતા વિગેરે ઉચ્ચ કાર્યો કરો છો. દેવ ગતિમાં જવા માટે મંદિર, મૂર્તિ, શિખર, ધ્વજદંડ વિગેરે ધાર્મિક કાર્યો કરો છો.

**સ્વાર્થી ભાગીદાર.**

પછી વિચાર કરીએ કે દ્રવ્ય તો જડ છે. નથી એમાં શકિત અને નથી એમાં વળાવા આવવાનો પણ સ્વભાવ. કેમકે સ્થાવર-જંગમ દ્રવ્ય જડ છે. પણ બાયડી-છોકરા-છૈયાં-સગાં સંબંધિ વિગેરે તો ચેતન છે ને. છતાં તે પણ ખડકી સુધીજ વળાવવા આવે છે.

આપણને તેમના પ્રત્યે રાગ થયો. અને તેમના પ્રત્યે પ્રેમ થયો. પણ આખર કુટુમ્બીઓ પોતાની આબરૂ સાચવવા ખાતર બધાની સાથે શ્મશાન સુધીનાજ ભાગીદાર છે.

હવે વિચાર કરવા જેવું છે કે એના સુખે સુખ અને એના દુઃખે દુઃખમાં બાયડી પણ ભાગીદાર નથી. સર્વ કુટુમ્બીઓ સુખમાં ભાગીદાર છે, પણ દુઃખમાં ભાગીદાર નથી. એટલુંજ નહિં પણ આત્મા સાથે પાપ અને પુણ્ય (નસીબ) માં પણ તેઓ ભાગીદાર નથી, જવું છે એ વાત ચોક્કસ છે, અને ભાગીદારો બધા અહિંજ રહી જવાના છે એ પણ ચોક્કસ છે.

**અસલી નકલીની ઓળખ.**

એટલાજ માટે શાસ્ત્રકાર મહારાજા કહે છે કે આ આત્માનો આધાર કોણ? એકજ ધર્મ આત્મા માટે સઘળી ચીજો બીન જવાબદાર છે. અર્થાત્ આત્મા નિરાધાર અને નિર્નાથ છે. આલંબન કોણ? એકજ ધર્મ છે. માટે ધર્મની ઉપાસના કરો.

આ કારણથી સમસ્ત ભારતવર્ષના આર્ય માત્રે ધર્મને કિંમતી ગણેલો છે. કિંમત વગરના પદાર્થની કોઇ નકલ કરનાર નથી. જેમ તાં ા પીત્તળ લોઢું વિ૦ પદાર્થોની નકલ થતી નથી. કિંમતી ચીજ હોય તો તેનીજ નકલ હોય છે. જગતમાં ધર્મ એ કિંમતિ છે, અને તેના લીધે ધર્મની નકલ જગતમાં બહુ છે. નકલી વસ્તુ કરનાર પણ નામ શું રાખે? તો અસલીનુંજ નામ રાખે છે. નકલમાં અક્કલની જરૂર નહિં.

એ લોકો જે ધર્મ કરે છે તે નકલી છે. અને તમો જે ધર્મ કરો છો તે અસલી ધર્મ છે. પણ અસલી એ છે કે આ છે?, નકલી એ છે કે આ છે?; એમ કોણ કહે?; જેણે જેણે આત્મા જોયો નથી, આત્માનું જ્ઞાન જાણ્યું નથી, અને આત્માના ગુણો કયા છે?

ગુણોને દબાવનાર કોણ? વિગેરે જેણે જાણ્યાજ નથી તે આત્મા એવો શબ્દ બોલી શકે છે કેમ?; સ્પર્શન-રસના ઇન્દ્રિયથી આત્મા જણાતો નથી. નાસિકા અને ચક્ષુથી ગંધ કે રૂપદ્વારા જણાયો છે? નથી. આથી આત્મા મનથી ઓળખીયે પણ આત્મા જણાતો નથી.

## અસલી સ્વરૂપની વિચારણા અને નિર્ણય.

આત્મા જણાય શાથી? તો કે આત્માનું અસલી સ્વરૂપ કેવળ જ્ઞાન દ્વારા જણાય છે. પણ કેવળજ્ઞાન ન પામેલા હોય તો તે અરૂપી આત્માને જાણી શકતાજ નથી. તેના ગુણને અને ગુણને ઢાંકનાર પદાર્થને પણ જાણી શકતા નથી. અરે મહાનુભાવ ભીંત જોઇ શકે તેજ માણસ ચિત્રામણ પણ જોઇ શકે છે. અને જે ભીંત ન જોઇ શકે તો તે માણસ ચિત્રામણ કેવી રીતે જોઈ શકે?, ચક્ષુ (આંખ) વગરનો માણસ ભીંત ન જાણે અને ચિત્રામણ ન જાણે તો તેનો રંગ કેવી રીતે જાણી શકે?, તેવીજ રીતે ઇતર દર્શનકારો આત્માને ન જાણે તો પછી તેના ગુણ આવરણ વગેરે શી રીતે જાણી શકે? અહીં પણ તેવી રીતે કેવળજ્ઞાન વગર આત્મા અને આત્માના ગુણ પણ ન જાણી શકે. અને તેથીજ ધર્મ અસલી છે કે નકલી તેના ફરક કેવળજ્ઞાનદ્વારા જાણી શકાય છે.

આત્મા શબ્દ વાપરવા માટે, જીવ શબ્દ વાપરવા માટે, ચેતન શબ્દ વાપરવા માટે કેવળજ્ઞાનની જરૂર છે. તે જ્ઞાન વીતરાગ સર્વજ્ઞ ભગવંતોમાં છે. માટે જેને કેવળજ્ઞાન થયું નથી અને સંપુર્ણ જ્ઞાન થયું નથી તો તેઓ આત્મા-આવરણ-ગુણ વિગેરે કેવી રીતે જાણે?,

બધાઓ પોતાના પરમેશ્વરને સંપૂર્ણ જ્ઞાનવાલા માને છે. જેવી રીતે જૈન પોતાના પરમેશ્વરને સર્વજ્ઞ અને જ્ઞાનવાલા કહે છે. તેવી રીતે બીજાઓના બધા ઇશ્વરો સર્વજ્ઞ કેમ નહિં? કારણ કે વૈષ્ણવો વિષ્ણુને સર્વજ્ઞ માને છે, શૈવો શિવને સર્વજ્ઞ માને છે, મુસલમાનો મહમદને સર્વજ્ઞ માને છે, ખ્રિસ્તીઓ ઇસુને સર્વજ્ઞ માને છે, પરંતુ વીતરાગ દશા વગર સર્વજ્ઞપણું સંભવતું નથી. કારણ કે તે બધા રાગ-દ્વેષની જંજાલમાં રાત દિવસથી ગુંચાયેલાં છે. પણ રાગ-દ્વેષની જંજાળથી નિકળેલા અને જંજાળથી નિકળવાનાં ચિહ્નોથી રહિત હોય તે સર્વજ્ઞ હોઇ શકે છે. તેથીજ प्रशमरस-निमग्नं दृष्टियुग्मं पसन्नं वदन-कमलमङ्कः कामिनीसङ्गशून्यः इत्यादि। શ્લોકના ભાવને અનુસરતું જીવન જીવ્યા વગર સર્વજ્ઞપણું દૂર છે.

કેટલાક નાટકીયાઓએ હરિશ્ચન્દ્રનો વેષ ભજવ્યો. તે સમય રાજાએ કહ્યું કે (ઉદયપુરના રાજાએ કહ્યું કે) અહીં બનેલા હરિશ્ચન્દ્રે મને આવીને નમસ્કાર કરવો. ત્યારે તે નાટકીયાએ કહ્યું કે આવેશમાં નહીં અવાય, અર્થાત્ હરિશ્ચન્દ્ર ઉદયપુરના રાણાને નહિં નમે. વેશ ભજવતા આવડવો જોઇએ. પણ આ જૈનેતરના નામધારી ઈશ્વરોને વેષ ભજવતા પણ આવડતો નથી. અર્થાત્ નાટકીયાઓ વેષ લે તો ભજવે પણ બરાબર. અને જૈનેતરને તો વેષ ભજવતા પણ ન આવડે. સંસાર મોહજાલ છે, ભયંકર દુઃખ રૂપ છે, તેને અનુસરતી મુદ્રા-વેષ પણ રાખતા આવડતો નથી. મૂર્તિઓ સાથે સ્ત્રી, હથિયાર વિગેરે રાખીને રાગ-દ્વેષ અને ક્રોધની જાહેરાત કરીને આકાર પણ બનાવતાં ન આવડયો. તમારી સાથે કોણે જબરજસ્તી કરી હતી કે રાગાદિને અનુસરતી મૂર્તિ બનાવજો. ઈશ્વરના

ભાવને અનુકૂલ મૂર્તિ તો કરવી હતી. તમોને આ રીતે ક્રોધ, માન, માયા, લોભ વિગેરે પ્રગટ જણાય એવું કરજો એમ કોણે કહ્યું ? હું તમોને પુછું છું કે એક સજ્જન માણસ બાયડી સાથે નાગો ફરે એ ચાલે, બાયડીને સાથે રાખે એ ચાલે પણ તે જોડે નજ બેસાડે, હથિયાર તો પાસે રાખે પણ બાયડી તો પાસે ન રાખે છતાં દુર્જન શિરોમણી જૈનેતરોમાં કહેવાતા ઇશ્વરો વિષ્ણુ અને શંકર, પાર્વતી, લક્ષ્મી વિગેરે સાથે રાખેલા છે.

હવે આપણે મૂળ વાત પર આવીયે કે આકાર ન લઇ શકયા. નકલ કાઢનારાઓ પણ અસલી પદાર્થનો આકાર રાખે છે. એને તો આકાર પણ ન લીધો. હવે એ વીતરાગ થવાનો દાવો કેમ કરે ? અને જો વીતરાગ પણાનો દાવો ન કરી શકે તો પછી સર્વજ્ઞનો દાવો કેમ કરે ? શકિત વગરનો દાવો કેમ ?

## શકિતહીન બિલાડો.

કોઇ ગામમાં એક ભીલ આવ્યો અને સાથે એક બિલાડો વેચવા સારૂ લાવ્યો. અને ગામમાં બધા માણસોને કહે કે આ બિલાડો સો રૂપીયામાં વેચવો છે. હવે બધા માણસો આ વાત સાંભળી આશ્ચર્ય પામ્યા. કેમકે એક બિલાડાની કિંમત આટલી બધી કેમ ? તે માણસોમાંથી એક માણસ પૂછે છે કે આ બિલાડાની કિંમત આટલી બધી કેમ ? ત્યારે ભીલ બોલે છે કે મારો બિલાડો રહે ત્યાં બાર ગાઉમાં ઉંદર ન આવે. ઠીક ભાઇ............પણ આ બિલાડાનાં કાન કાપેલા છે કેમ ? અરે ભાઇ એના કાન તો ઉંદરડો કાપી ગયો છે, આથી બધા માણસો સમજ્યા કે આ શકિતહીન બિલાડો છે.

એવી રીતે તમારા સર્વજ્ઞ શકિત રહીત છે. હે ભગવાન જૈનેતર ઇશ્વરો તમારો આકાર પણ કરતાં ન શિખ્યા. મોઢાનો આકાર કરવો તે ન આવડયો. આકાર પણ ખરાબ અને સાથે સ્ત્રી વિગેરે પણ રાખવી. હવે તેમને સર્વજ્ઞ કેવી રીતે કહેવાય ?

જે સર્વજ્ઞ હોય તેમનોજ કહેલો ધર્મ અસલી હોય છે. આત્મા કર્મ તેમજ બંધન, પુણ્ય બંધન, અને પાપ બંધન વિગેરે જાણીને કહેલોજ ધર્મ અસલી છે. અને નકલ કરનારાઓને નકલ કરતાં પણ આવડી નહિ.

## સર્વજ્ઞાતાનો નિર્ણય.

સર્વથા જગતમાં નિયમ છે કે અહિં સામા ઘરમાં અગ્નિ હોય તો કેવી રીતે માલમ પડે ? તો કે સામા ઘરમાંથી ધુમાડો દેખીને નિશ્ચય કરવામાં આવે કે સામેના ઘરમાં ચુલો ચાલુ છે. એ શા ઉપરથી માલમ પડે ? તો કે ધુમાડાના આધારથી માલમ પડે છે. એવી રીતે વીતરાગપણાની મૂર્તિ હોય તોજ સર્વજ્ઞ છે ? એમ કહી શકાય છે. રાગદ્વેષાદિ ગયા વગર વીતરાગતા આવતી નથી, અને વીતરાગતા વગર સર્વજ્ઞપણું પ્રાપ્ત થતુંજ નથી.

તીર્થંકરોના ચરિત્ર અને વાકયો વિગેરે વિચારો તો વીતરાગતા ડગલે પગલે જણાશે. જ્યાં વીતરાગતા ત્યાંજ સર્વજ્ઞતા, એમ ખરો કહેનાર કોણ ? તો કે જાણીને બોલે તે. જેવી રીતે નાનો છોકરો સ્લેટ પર લીટા કરે અને બોલે કે હું અંગ્રેજી લખું છું ? તો તેના કહેવા માત્રથી કંઇ અંગ્રેજી ભાષાનું લખાણ ન કહેવાય. તેવી રીતે બોલવા માત્રથી વીતરાગતા કે સર્વજ્ઞતા ન આવે.

## અનુભવની સાદી સમજ.

હવે આપણે મૂળ વાત પર આવીયે કે સર્વજ્ઞે કથન કરેલો એવો ધર્મ આપણા આત્મામાં થયો છે એ જાણવું શાથી? અરે પારકા ઘરમાં હીરો આવ્યો એ જાણ્યું શાથી? ધર્મ આવાને કહે છે, આવો હોય તો ધર્મ થયો કહેવાય છે. એ ખરૂં પણ એમને કહેલો ધર્મ મને થયો છે કે કેમ? તે જાણવો શી રીતે? જેમ સ્ત્રીઓ ચોખા ચુલા પર રાંધવા મુકે પછી કાચા છે કે પાકા છે? તે માલમ ન થાય તો તેમાં સ્ત્રી પણ મૂર્ખ શિરોમણિ ગણાય છે.

આત્માને થતો ધર્મ તમે જાણી શકો તોજ ધર્મમાં આગળ વધી શકો. અને નહિ જાણી શકો તો ધર્મ થાય છે કે અધર્મ એની પણ ગમ પડે નહિ. જેમ તમે લેવા જાઓ ધર્મ અને આવી જાય અધર્મ, ધર્મ શી ચીજ? સામાન્ય રીતે કહીયે તો ધર્મ એ એક જાતનું વ્યસન છે. સેંકડો વર્ષો સુધી ધર્મને અધર્મ માનીને કરે જાઓ તો શું ધર્મ થાય? જેમ સોનાની પરીક્ષા થાય છે એવીજ રીતે ધર્મની પણ પરીક્ષા થાય છે. પણ કુધર્મ વલગી જાય પછી છુટવો મુશ્કેલ છે. ધર્મની પરીક્ષા કેવી રીતે કરવી? ધર્મ એ કાંટે તોલ્યો ન જાય પણ ધર્મની પરીક્ષા અંદરની આત્માની બુદ્ધિ દ્વારા થાય છે. જેમ તારા આત્માને થતાં સુખ દુઃખ બીજાના આત્માને થાય અને બીજાનાં આત્માને થતાં સુખ-દુઃખનો અનુભવ તારા આત્માને થાય એ વાત અનુભવ સિવાય તારી પાસે સુખ-દુઃખ જાણવાનો બીજો રસ્તો નહિં. હવે તમે પ્રશ્ન કરશો કે અનુભવ એટલે શું? અનુભવ બે પ્રકારે છે. એક આચાર દ્વારા થતો અનુભવ અને બીજો વિચાર દ્વારા થતા અનુભવ તે ધર્મ છે. સભામાંથી એક ભાઇએ પુછયું કે બેમાંથી સારો કયો? તો સમાધાનમાં સમજવું કે જેમ હીરાલાલભાઇને પુછવામાં આવે કે તમારી ડાબી આંખ કિંમતી છે કે જમણી આંખ કિંમતી છે? તો તેનો ઉત્તર શો હશે? તો કે બન્ને આંખો કિંમતી છે. અથવા રથનાં બે પૈડા હોય છે તેમાં કયા પૈડાના આધારે રથ ચાલે છે. તો કે ઉત્તરમાં કહેવું પડશે કે બન્ને પૈડાનાં આધારે ચાલે છે. તેવી રીતે અહિં પણ ધર્મ કરનાર પુરૂષને આચાર અને વિચાર બન્ને હોવા જોઇએ આચાર અને વિચાર બન્ને સુંદર હોવા જોઇએ તોજ ધર્મ થાય. આચાર અને વિચારની જેટલી ઓછાશ તેટલો ધર્મ ઓછો થયો સમજવો, પણ આચાર અને વિચાર જેટલો વધારે હોય તેટલો ધર્મ વધારે થયો સમજવો.

## વિચાર અનુભવનું રહસ્ય

મૈત્રી ભાવનાવાલાઓ વિચાર કરે છે કે આ જગતમાંનાં પૃથ્વીકાય-અપ્કાય-તેઉકાય-વાઉકાય-વનસ્પતિ અને ત્રસકાય વિગેરે છ કાયના જીવો અર્થાત મનુષ્ય-નારકો-તીર્યંચ અને દેવ આ ચાર ગતિમાં કોઈ પણ જીવ પાપ કરનાર ન થાઓ. તો પછી ધર્મી અને અધર્મી બંને સરખા કરી દીધા. પાપ કરનાર ન થાઓ એ બનવું અશકય છે તો પછી આ ભાવનાને—વિચારને અવકાશ કેમ? સમાધાનમાં સમજવું જોઇએ કે—જેવી રીતે તમારા કુટુંબમાં કોઇ

માંદો થયો અને વૈદ્ય, ડાકટર, હકીમ વિ૦ આવ્યા અને નાડ તપાસીને કહે છે કે પા કલાક પછી આ જીવ રહેવાનો નથી તો પણ કુટુંબના સર્વને શું વિચાર થાય? તો કે આ જીવે તો સારૂં. તેવી રીતે આ જગતમાં ભવ્ય અને અભવ્ય બધાને માટે મૈત્રી ભાવના વાલો સદ્‌વિચાર શિરોમણિ આજ વિચાર કરે કે બધા જીવ પાપ કરનાર ન થાઓ.

ઘણી વખત બુદ્ધિની ખામીને લીધે કહીએ છીએ કે પાપ કરનાર ન થાઓ પરંતુ કરેલા ગુન્હાનું ફળ ભોગવવું જોઇએ. અને બીજાને દુઃખ ભોગવતાં જોઇ અરેકાર ન થાય તો સમજવું કે મૈત્રી ભાવનામાં ખામી છે.

જેમકે પાપમાં પ્રથમના બંધાએલા ગુન્હેગારને સજા થાય તો ઠીક એ પણ ન થવું જોઇએ. કારણ કે દયા કોના પર કરશો? દુઃખી પર કે, સુખી પર? કારણ કે સુખી પર દયાને અવકાશ નથી. દયા તો દુઃખી પરજ થાય. માટે પૂર્વના પાપ કરનારાઓ ઉપર પણ રહેમ, દયા અને મહેરબાની કરો. હાલના પાપીઓની જે ગુન્હેગારી છે તે પહેલાંના ભવની સજા છે. સજા દેખીને અરરૂ કરે, પણ સજા થાય એવું ઇચ્છુંજ નહિ તોજ મૈત્રીનો વિષય. પાપ કર્યું હોય તો અથવા પાપ કર્મથી બાંધેલો હોય છતાં તપસ્યા કરીને પાપનું નાશ કરે પણ નવા પાપ કર્મ બાંધતા અટકાવવા એજ મૈત્રી ભાવના છે.

દુઃખી કોણ થાય? પહેલાં ભવમાં પાપ કરવાથી દુઃખી થાય છે. એજ સજા છે કર્મરાજાની સજા આ જ છે. પાપ કર્યું હોય તો તપસ્યાદિ દ્વારાએ તોડી નાંખે પણ નવા પાપ ન બાંધે એવો સમય ન આવે કે દુઃખી થાય. આખું જગત્ પાપથી મુક્ત થાઓ, અરે મોક્ષ પણ પામો. હવે તમો પ્રશ્ન કરશો કે ખોટી વાત છે? કારણ કે આખું જગત્ મોક્ષે જવાનું નથી અને મોક્ષમાં નજ જાય. આ વાત ખરી છે, છતાં ઉત્તરમાં પ્રથમનું દ્રષ્ટાંત ફરી વિચારો! દાખલા તરીકે રોગી માણસ આપણાં ઘરમાં હોય અને સર્જન ડાકટર, વૈદ્ય અને હકીમ આવે અને કહે કે હમણાંજ ઊપડી જશે છતાં મરણ પથારી પર પડેલા હોય તો પણ તમારી ઇચ્છા જીવતો રહે એવી હોય છે. આ સદ્‌વિચારનું સામ્રાજ્ય છે.

એવી રીતે જગત્‌ના જીવ માત્રની હિતની વૃદ્ધિના વિચારો, પછી ગુણની વૃદ્ધિનાં વિચારો અને ગુણવાનની ભકિત. ગુણોને વધારવા માટે ગુણવાનોની હ્રદયથી અનુમોદના તે પ્રમોદ ભાવના છે. ગુણવાનનો આદર–સત્કાર–સન્માન અને બહુમાન હું કરૂં, એ કરવા હ્રદય તરસે ત્યારે પ્રમોદ ભાવના. દુઃખીયાના દુઃખ ટાળવા કમ્મર કસવી તે કારૂણ્ય ભાવના. અને દેવ-ગુરૂ ધર્મના કટ્ટર વિરોધિયોં પર વૈર વૃત્તિ ન રાખતાં માધ્યસ્થ ભાવ રાખવો જેવી રીતે કે ખાને કૌ સ્વાદ દુસરે કો ખિલાવું જબ. તમારા ઘરમાં દુધપાક કર્યો અને પડોસમાં કહો કે દુધપાક સારો થયો છે, વાહ ભાઇ વાહ!

તમારા ઘરનો દુધપાક બીજાને ખવરાવો

ત્યારે તેનો સ્વાદ તમે લીધો કહેવાય. માટે બીજાનાં દુઃખ ટાળીને તમારા સુખના અવસરે હાશ કરો તો ચાલે પણ બીજાને હાશ! અને આરામ કર્યા પછી. જેમકે “સો ઊંદર મારી ને બીલી હજ કરને કો ગઇ” આપણે સુધરવું નથી, બીજાનું સુધારવું નથી, બીજાની ફીકર કરવી નથી, ગુણવાનો તરફ ભકિત આદર–સન્માન સત્કાર અને બહુમાન ઊઠતો નથી તો સમજવું કે વિચાર ધર્મ ઘણોજ વેગળો છે.

સાચો પ્રયત્ન હોય તો જરૂર ઊદ્યમ કરે અને ઊપરના સુંદર વિચારો સ્થિર કરે. સાચા પ્રયત્નને મુકીને જે માણુસ નિષ્ફળતા પોતાના માટે વહોરી લે છે તેના જેવો મૂર્ખ કોણ? જગતનાં દરેક ગુણી જનોની સેવા દુર્જન અને વૈરી એવા દુઃખોને પણ સુખી કરવાનો વિચાર. આવો વિચાર હોય પછી આચાર કહેવો કોને? તે સમજીએ. જેમકે વિમાનીયો જે સંકેત કરે તેવીજ રીતે તોપચી નિશાન ધ્યાનમાં રાખીને તોપ છોડે છે.

શાસ્ત્રકારોએ કહ્યા પ્રમાણે આચાર સેવવો–કરવો તેમાં જ કલ્યાણ છે. અને શાસ્ત્રકારોનાં કહ્યા પ્રમાણે ન કરવો તેમાં કલ્યાણ નથી. દેશની ચલવલમાં અને આઝાદિમાં પણ નેતાઓ કહે તેમ કરવું. તેવી રીતે કર્મ સંગ્રામની જીતમાં તીર્થંકરો કહે તેમજ કરવું. વિચારો અને વર્તન કઇ રીતે સેવવું તે સાંભળ્યા છતાં તેની સ્થિતી કયાં ઊતરે?

શાસ્ત્રકારના કથન પર વિચાર ન રાખે અને પછી વ્યક્તિ પ્રત્યે કુળ પ્રત્યે જાતિ પ્રત્યે દેશ પ્રત્યે વિગેરે પર જાય તો તો પરિણામ વિપરિત આવે તેમ અહીં પણ જાણવું શાસ્ત્રકારને આધારે વિચાર વર્તન શરૂ કરવા અને શાસ્ત્રથી ઊલટું ન જવું એજ શ્રેયસ્કર છે વિચારના અનુભવમાં ઝીલવાવાળાને સર્વજ્ઞકથિત વર્તન કેવા પ્રકારનું હોય તે અગ્રે વર્તમાન.

# મુગ્ધાવબોધ ઔક્તિક

(લેઃ-પ્રો. હીરાલાલ ર. કાપડિયા, એમ. એ.)

આ દેવસુન્દરસૂરિના શિષ્ય કુલમંડનસૂરિની કૃતિ છે. એની રચના વિ. સં. ૧૩૯૪માં થઈ છે એટલે એ હિસાબે કાતન્ત્ર વ્યાકરણનું શિક્ષણ ગુજરાતી ભાષા દ્વારા આપવા માટે 'શ્રીમાલી' વંશના સંગ્રામ-સિંહે જે બાલશિક્ષા વિ. સં. ૧૩૩૬ માં રચી છે તેના પછીનો એટલે કે આ દિશામાં આ બીજો પ્રયાસ છે. ઇ. સ. ૧૮૮૯ માં સ્વ. હરિલાલ હ. ધ્રુવે 'મુગ્ધાવબોધઔક્તિક' એ નામે આકૃતિ સંપાદિત કરી છપાવી છે[1] ત્યાં એમણે આ કૃતિને ' A Grammer for Beginners of the Gujarati Language ગૂજરાતી ભાષાનું આરંભના અભ્યાસીઓનું વ્યાકરણ" તરીકે ઓળખાવી છે. ખરુ નામ मुग्धावबोधम्-औक्तिकम्- છે, નહિ કે मुग्धावबोधक+मौक्तिक. બીજી ભૂલ તે એનો અપાયલો પરિચય છે, કેમકે આ કંઈ ગુજરાતી ભાષાનું વ્યાકરણ નથી. એ તો ચૌદમા સૈકાની જૂની ગુજરાતીમાં લખાયેલી સમજુતીપૂર્વકનું સંસ્કૃતનું પ્રાથમિક વ્યાકરણ છે.

મુગ્ધાવબોધ ઔક્તિકમાં વિભક્તિવિચાર, કૃદંત-વિચાર, ઉક્તિભેદ અને શબ્દસંગ્રહ જે આવે છે તેટલા પૂરતો વિભાગ **પ્રાચીન ગૂજરાતી ગદ્ય-સંદર્ભ**માં પૃ. ૧૭૨-૧૮૦ માં છપાયો છે. આની પછી "ઔક્તિક પદાનિ" એવા શીર્ષકપૂર્વક જે લખાણ પૃ. ૧૮૧-૨૦૪ માં અપાયું છે અને જેના અંતમાં 'ઉક્તિપદાનિ સમાપ્તાનિ' એવો ઉલ્લેખ છે તે મુગ્ધાવબોધ ઔક્તિકથી ભિન્ન કોઈ કૃતિ હોય એમ મને લાગે છે. આ સંબંધમાં છેવટનો નિર્ણય કરવાનું સુગમ સાધન આનું મુદ્રિત પુસ્તક છે, પણ હજી સુધી એ મને કોઈ સ્થળે જોવા મળ્યું નથી.

હાથપોથીઓ-મુગ્ધાવબોધ ઔક્તિકનો જે ઉપર સૂચવ્યા મુજબનો વિભાગ છપાયો છે તે ત્રણ હાથપોથીઓ ઉપરથી તૈયાર કરાયો છે, પણ તે હાથ-પોથીઓ કઈ છે તેનો એમાં કે અન્યત્ર કશો નિર્દેશ નથી. આથી જે હાથપોથીઓ વિષે હું માહિતી મેળવી શકયો છે તેનો હવે હું ઉલ્લેખ કરું છું.

(૧) મુગ્ધાવબોધ ઔક્તિકને અંગે સ્વ. ડૉ. ભાંડારકરે ઈ. સ. ૧૮૮૩-૮૪ના પોતાના હેવાલ (પૃ. ૧૬)માં એવો નિર્દેશ કર્યો છે કે એ thesaurus છે. એની હાથપોથી અમદાવાદના ડહેલાના ઉપાશ્રયના ભંડારના ૪૭માં દાબડામાં છે અને એ ૧૮ પાનાંની પ્રત છે. વિશેષમાં દરેક પાના ઉપર ૧૯ લીટીઓ છે, અને દરેક લીટીમાં સરેરાશ ૫૪ અક્ષરો છે.[2] આ હાથપોથી વિ. સં. ૧૫૧૭ માં લખાયેલી છે.[3]

(૨) લીંબડીના ભંડારમાં બે હાથપોથીઓ છે. બંનેનાં પાનાંની સંખ્યા છની છે. એકનો ભંડારનો અંક ૬૯૪ છે તો બીજાનો ૯૧૮ છે. "લીંબડીના જૈન જ્ઞાનભંડારની હસ્તલિખિત પ્રતિઓનું સૂચીપત્ર"ના ૧૧૯ મા પૃષ્ઠમાં આ બંને હાથપોથીઓનો ચાલુ ક્રમાંક ૨૦૬૯ અને ૨૦૭૦ નોંધાયેલો છે.

(૩) પાટણના પો(ફો)ફલિયા વાડાના સંઘભંડા-રમાં ત્રણ હાથપોથીઓ છે. એમ જિનરત્નકોશમાં ઉલ્લેખ છે. "પત્તનસ્થપ્રાચ્યજૈનભાંડાગારીયગ્રન્થ-સૂચી" માં ૨૬૧મા પૃષ્ઠમાં મુગ્ધબોધવ્યાકરણની તાડપત્રીય પ્રતિનો ઉલ્લેખ છે. શું આ વ્યાકરણ તે જ મુગ્ધાવબોધ ઔક્તિક છે?

(૪) સ્વ. કાંતિવિજયજીના છાણીના ભંડારમાં એક હાથપોથી છે એનો ક્રમાંક ૧૦૧૧ છે.

---

૧ પં. લાલચન્દ ભ. ગાંધીએ ભરતબાહુ-બલિરાસની પ્રસ્તાવના (પૃ ૪૧) માં એમ કહ્યું છે કે "સન્ ૧૮૮૯માં સ્વીડનમાં ભરાયેલી ઓરિયન્ટલ કૉન્ફરન્સ દ્વારા પ્રથમ" પ્રકાશિત થયું.

૨ આ હિસાબે આનો ગ્રંથાગ્ર ૧૧૫૪ શ્લોક જેટલો છે.

૩ આમ આ અતિપ્રાચીન પ્રત છે.

"મુગ્ધાવબોધ ઔક્તિક" એ નામનો સ્વ **કેશવલાલ હ. ધ્રુવ**નો લેખ ઈ. સ. ૧૮૮૮ના "ગુજરાત શાળાપત્ર"માં છપાયો હતો. એ ઇ. સ. ૧૯૪૧માં એમના અન્ય લેખોની સાથે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તરફથી પ્રસિદ્ધ થયેલ **સાહિત્ય અને વિવેચન** (ભા. ૨, પૃ. ૫૧–૭૮) માં છપાયેલ છે. એના ૫૫માં પૃષ્ઠમાં નીચે મુજબ ઉલ્લેખ છે.—

"ઔક્તિનાં છેલ્લાં છ પ્રકરણ કેવળ સંસ્કૃતમાં છે. પહેલા, બીજા અને સાતમા આઠમાં પ્રકરણમાં સૂત્ર અને કારિકા સંસ્કૃતમાં છે, અને વિવેચન પ્રાકૃતમાં છે. ત્રીજું, ચોથું, પાંચમું, છઠ્ઠું અને નવમું એ પાંચ પ્રકરણો તો કેવળ પ્રાકૃતમાં છે. આ રીતે નિબંધનો અર્ધ ઉપરાંત ભાગ પ્રાકૃતમાં એટલે જુની ગુજરાતીમાં લખાયલો છે."

"નામની વિભક્તિ આદિના ઉદાહરણમાં સર્વ જિન સાધારણ સ્તોત્ર આપ્યું છે. તે તો જયાનંદનું છે"–પૃ. ૫૫

"સંસ્કૃત ઉક્તિ એટલે બોલવાની રીત વિષે, મુગ્ધાવબોધ ઔક્તિમાં, નિયમો આપ્યા છે એથી અથવા તો પાધરી અને વાંકુડી યાને કર્તા, કર્મ અને ભાવિ ઉક્તિનું એમાં મુખ્યત્વે વિવેચન કરાયું છે એથી એને ઔક્તિક નામ અપાયું છે. આ સંસ્કૃત ભાષાના વ્યાકરણને લગતો નાનો સરખો નિબન્ધ છે. કેવળ સંસ્કૃતદ્વારા જે મુગ્ધ જનોને વ્યાકરણ શીખવું અઘરું પડે તેને માટે ખાસ કરીને આમાં ઠેકાણે ઠેકાણે જુની ગુજરાતીમાં સમજુતી અપાઇ છે. 'વ્યાકરણના સંપ્રદાય પ્રમાણે ઉક્તિઓનો પ્રાકૃતમાં સંગ્રહ' કરવાનો પોતાનો વિચાર છે એમ કહી ગ્રંથકાર આ ગ્રંથ શરૂ કરે છે."

**સર જ્યોર્જ ગ્રિઅર્સન**ના Linguistic Survey of India નામક ગ્રન્થના નવમા વિભાગમાંના ગુજરાતી સંબંધી અધિકારમાં જે ચોથું પરિશિષ્ટ છે. એનો ગુજરાતી અનુવાદ "જુની ગુજરાતીનું વ્યાકરણ" એવા શીર્ષક પૂર્વક શ્રી **કેશવરામ કા. શાસ્ત્રી**એ કર્યો છે અને તે "માનસી" (વ. ૫) માં ગ્રંથાંક ૧ અને ૩ એમ બે કટકે છપાયો છે.

**મુગ્ધાવબોધ ઔક્તિને સર ગ્રિઅર્સને** Old Gujarati Grammar કહ્યું છે એટલે એ ઉપરથી શ્રી **કેશવરામે** આ નામ યોજ્યું છે.

**ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ** જે વિવિધ સાધનો ઉપરથી રચાયું છે તેમાંનું એક તે મુગ્ધાવબોધ ઔક્તિ છે એમ "જોયેલાં પુસ્તકોની યાદી" જોતાં જણાય છે.

આ પ્રમાણે મેં અહીં **મુગ્ધાવબોધ ઔક્તિક**ની આછી રૂપરેખા આલેખી છે. એમ છતાં એ દ્વારા પણ આ પુસ્તકનું મહત્ત્વ સમજાયું હશે. આનન્દની વાત એ છે કે એક સુપ્રસિદ્ધ અજૈન સંસ્થા મારી પાસે આનું સંપાદન કરાવવા ઇચ્છે છે, એ માટે મારે પ્રાચીન અને વિશ્વસનીય હાથપ્રતોની જરૂર છે એ વાત નીકળતા એ પૂરી પાડવા આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રી**આનન્દસાગરસૂરિ**જીના વિદ્વાન્ વિનેય પં. શ્રી **ચન્દ્રસાગરજી**ગણિવર તૈયાર થયા છે. એટલે હવે યોગ્ય હાથપ્રતો મળતાં આ કામ હાથ ધરાશે.

## શ્રી નેમનાથનું સ્તવન.

**રચયિતાઃ–પૂ. પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણિવરના પરમ વિનેય કવિવર શ્રી ચન્દ્રપ્રભસાગરજી.**

( મારા પ્રેમી પંખીડાં કોઈ આવજો હો રાજ–એ રાગ.)

મારા પ્રભુનાં પંખીડાં કોઇ આવજો હો રાજ.
ત્યાં છે અમારા નેમજી.
કોઈ સાથે આવે તો તેડી લાવજો હો રાજ. ત્યાં છે૦ ૧

અંતરો.

સૌરીપુરીમાં જનમીયા, સમુદ્રવિજય ઘરમાંય;
શિવાદેવીના લાડલા, શોભે ત્રિભુવન માંય;
મને મોક્ષ મારગડો દેખાડો હો રાજ. ત્યાં છે૦ ૨

અંતરો.

તોરણથી પાછા વળ્યા, સુણી પશુ પુકાર;
જઇ ગિરનાર પ્રભુ વસ્યા, આવી રાજુલ નાર;
મને વ્હાલા નેમ તમે સાંભળો હો રાજ. ત્યાં છે૦ ૩

અંતરો.

કેશર ઘસી ઘનસારશું, પુજી પ્રભુના પાય;
પ્રભુની આંગી રચાવશું, લઇશું પ્રભુની સહાય;
અમે નેમની પૂજા ભણાવીશું હો રાજ. ત્યાં છે૦ ૪

અંતરો.

**આનન્દ**થી આ વિનતિ, ધરજો પ્રભુજી ધ્યાન;
**ચન્દ્ર**ને સ્વીકારજો, જેમ રાખે અસિ મ્યાન;
**ચન્દ્રપ્રભ**ની આ છે વિનતિ હો રાજ. ત્યાં છે૦ ૫

# દેશના-સારાંશ.

[ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્ય દેવેશ-**શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીની** અમોઘ દેશનામાંથી સારભૂત પ્રસંગોને સારાંશરૂપે તારવનાર **પં. હેમસાગરજી** છે અને વાંચકોને તે પ્રસંગો સારી રીતે સમજી શકાય તે સારૂં **પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણિવર** પાસે વિષયવાર પેરેગ્રાફ પડાવીને સુધારા-વધારા સાથે અત્ર અપાય છે. અમારા ચાલુ વર્ષના અંક-૮ માંના પૃ. ૧૫૭ થી ૧૫૯ સુધીનું જે લખાણ આવેલ છે, તે પછીનો અનુસન્ધાન વિષય ચાલુ કરાય છે. લિં **તંત્રી.** ]

**૧. ઉમ્મર લાયક પુત્રો હિતની વાતો સમજવા જરૂર ઉદ્યમી હોય છે.**

**૨. સમજદાર પુત્રોને અવળે રસ્તે ચઢાવનાર માતા-પિતા.**

**૩. પુત્રના નિશ્ચયને ઢીલો કરનારા માતા-પિતાના દાવપેચ.**

**૪. દૃઢ-નિશ્ચયવાળા પહાડ જેવા વિઘ્નોને પરમાણુ જેવા બનાવે છે.**

**૫. 'હીરો ઘોઘે જઈ પાછો ફર્યો' તે ઉક્તિનું રહસ્ય.**

**૬. નિશ્ચયને અનુસરતા પ્રયત્નમાં ફળ ન મળે તો પારાવાર ક્લેશ.**

**૭. નીચે પડેલી ચીજ જેટલા જોરથી પડે છે તેટલાજ જોરથી ઉછળે છે.**

**૮. પ્રાપ્ત કરવા લાયક ચીજનું યથાર્થ ફળ ન મળ્યું હોય છતાં તે માટેનો ફરી ઉદ્યમ અલૌકિક હોય છે.**

**૯. સજ્જનનો સમાગમ એજ માર્ગ-દર્શક છે.**

## પુત્રના નિશ્ચયને ઢીલો કરનારા માતા-પિતા.

ડાહ્યો છોકરો પરદેશ જવા માટે તૈયાર થાય. ડાહ્યો દીકરો દેશાવર ભોગવે. ગાંધા રંગો અને અક્કલ વગરનો છોકરો ૬૦ વરસનો થાય તો પણ માબાપના મોહમાંથી બહાર ન નીકળે. પાકેલો જીવ ઇંડામાં ન રહે. તેમ જયદેવ માબાપને છોડી પરદેશ જવા માટે તૈયાર થયો. સ્વાર્થી માબાપો ભવિષ્યને ન જુએ. માસ્તરે છોકરાને માર્યો હોય તો સ્નેહઘેલા માત-પિતાઓ માસ્તરને ગુન્હેગાર ગણે. માસ્તરને ઠપકો આપવા જાય. મોહ એવી ચીજ છે કે પડલ લાવી દે, અને સત્ય સ્વરૂપ સુઝવા દેતી નથી. તેમ અહીં જયદેવ આટલો સમૃદ્ધિશાળી પુત્ર છુટો પડે તે માતા પીતાને ગમતું નથી. વસુંધરા શેઠાણી તથા નાગદેવ પિતા બંને પુત્રને કહે છે કે હે પુત્ર! અમુક શેઠ કહેતા હતા કે તું ડાહ્યો છે અને શાણો છે, એમ કહીને પરદેશ જતાંને રોકવાની જાળ પાથરે છે. અરે નિર્મળ બુદ્ધિવાળા પુત્ર! તું બધી રીતે ડાહ્યો છું, પણ તું ચિન્તામણિની બાબતમાં ચૂક્યો. બધી બાબતમાં તું ડાહ્યો પણ ચિંતા-મણિમાં ભૂલ્યો.

પદાર્થના સ્વરૂપને અંગે અન્ય મતવાળાઓ ન સમજ્યા ત્યાં ઇશ્વરને આગળ ધરે છે. એવી રીતે ઝવેરીઓએ કોઇ જબરજસ્ત મોટો ઝવેરી ગણાઇ ન જાય તેથી ચિન્તામણિની કલ્પના ઉભી કરી છે. ઝવેરીઓને બધા રત્નો મળી જાય તેથી એક એવું રત્ન કલ્પી રાખ્યું કે મારી પાસે રત્ન છે તે બીજા પાસે નથી. બીજા ઝવેરી અભિમાનમાં આવી જાય તે વાત ઉડાવવા માટે ચિન્તામણિની વાત કલ્પેલી છે.

શેઠીયાનું અભિમાન ગાળવા માટે ચિન્તામણિની વાત ગોઠવી છે. આ ગામમાં એ રત્ન નથી. જેમ આ ગામમાં એ રત્ન ન મળ્યું, તેમ બીજા શહેરમાં પણ એ રત્ન મળવાનું જ નથી. બીજા શહેર ગામો તો શું પણ ત્રણ જગતમાં એ વસ્તુજ નથી તો મળશે કયાંથી? માટે પરદેશ જવાની વાત ન કર, અને અહીંજ વેપાર કર. આપણા ગામમાં કિર્તિ મેળવ પછી દેશાવર જાય તો પણ લોકો કિર્તિ ગાય. લોકો કહેશે કે આ તો ભાગી ગયો. અહીં વેપાર ખેડીને બહાર જઇશ તો વેપાર ખેડવા ગયો છે તેમ લોકો કહેશે. નાના છોકરાને સાત પુછડીયા ઉંદરની વાતો કરે છે તેમ લોકોના કહેવા ઉપર આધાર ન રાખવો. લોકો ગમે તેમ કહે પણ આપણે તો તત્ત્વ વિચારવું. લોકોના કહેવાથો વસ્તુનું પરાવર્તન ન કરવું. અહીંથી ન જવા દેવા માટે ચિન્તામણીને કલ્પનામાં લગાડયું ને બીજો વેપાર કરવા કહ્યું. અને નિર્મળ લક્ષ્મીથી ભરેલું તારૂં ભવન થઈ જશે, માટે બહાર જવાની વાત છોડી દે.

## ચિન્તામણિની શોધમાં.

આવી રીતે સમજાવવા છતાં જયદેવ વસ્તુ સમજતો હોવાથી માબાપ માત્ર મોહથી અહીં વેપાર કરવાનું કહે છે, અને બહાર ન જવા દેવા માટે આટલો આગ્રહ કરે છે. જયદેવનો ચિન્તામણિ રત્ન મેળવવાનો દ્રઢ નિશ્ચય મજબુત છે. ફલોન્મુખ નિશ્ચય કર્યો છે, એવા દ્રઢ નિશ્ચયવાળાને પહાડ જેવા વિઘ્નો પણ પરમાણુ જેવા લાગે છે. હવે માબાપે વાર્યો છતાં જયદેવ ચિન્તામણિ રત્નની શોધ કરવા ઘેરથી નીકળી પડે છે. પહાડોમાં મુસાફરી કઠણ છે, છતાં જયદેવ પહાડમાં ચિન્તામણિની સંભાવના ધારી પર્વતે પર્વત રખડે છે. પહાડમાં ગયો પણ ચિન્તામણિ ન મળે. સ્વાભાવિક ઉપર આવી ગયો હોય તોજ પહાડમાંથી મળે. ત્યાં ન મળ્યો એટલે પૂર્વકાળમાં કોઇ નગરમાં આવ્યો હોય તેમ ધારી નગરોમાં ફર્યો. તો પણ ચિન્તામણિ ન મળ્યું. કેટલીક વખત ભૂતકાળમાં દટાએલી વસ્તુમાં મળી આવે, તુટી ગયેલા નગરોમાં અને ઉજ્જડ વેરાન થઇ ગયેલા શહેરોમાં દાટેલા હોય અગર દટાઇ ગયા હોય તો મળી આવે; તેમ ધારી તેવા સ્થાને જળ માર્ગે સ્થળ માર્ગે જયાં વેપારીઓ આવજા કરતાં હોય તેવા સ્થાને બધા બંદરી સ્થાને દરીયાના કાંઠે કાંઠે પણ ફર્યો. ચિન્તામણિ માટે દરેક જગોએ ફર્યો. પણ ફર્યાથી શું વળે? 'હીરો ઘોઘે ગયો ને ડેલે હાથ દઇ પાછો ફર્યો.' એવું ન થાય માટે કથા સમજો. ભાવનગરમાં એક શેઠ મુનિમ સાથે વાત કરે છે કે આવતી કાલે હીરાને ઘોઘે મોકલવો પડશે. આ વાત દૂર ઉભેલા હીરાએ સાંભળી. વિચાર કર્યો કે વહેલો ઠંડકમાં ઘોઘે જઇ આવું. મોડો જઇશ તો બપોરના તડકો ખાવો પડશે. એમ ધારી કામ પુછયા વગર સવારે વહેલો ઘોઘે જવા માટે નીકળી પડયો. અહીં શેઠ મુનિમ હીરાની શોધ કરે છે. એટલામાં હીરો પાછો આવી પહોંચ્યો. અરે કયાં ગયો હતો?, અરે હું ઘોઘે વહેલો જઇ આવ્યો. શું કરી આવ્યો? અરે હું ગયો ત્યારે તો દરવાજો બંધ હતો, એટલે ડેલીએ હાથ દઇને પાછો ચાલ્યો આવ્યો. અરે શું કરવા મોકલવાનો હતો તે તો પુછવું હતું? તેમ હીરા માફક ફેરો ખાવા જયદેવ નીકળ્યો ન હતો.

ચિન્તામણી ખોળવામાં તીવ્ર મન લાગેલું હોવાથી એકજ ધ્યેય. કેટલાક શેઠીયાના છોકરા દશ હજાર ૧૦૦૦૦) રૂપિયા લઇને વેપાર કરવા જાય, અને લ્હેર કરીને પૈસા પુરા કરીને

પાછા ફરે તેમ આ જયદેવ મોજમજા નથી કરતો પણ આપત્તિનો સામનો કરી આગળ વધે છે. બધે રખડયો પણ કોઇ જગોએ ચિન્તામણિ મળતું નથી. છતાં મનનો ઉત્સાહ તુટી ન ગયો. નદી તળાવ અમુક પ્રમાણમાંજ પાણી સંઘરી શકે નહીંતર બાંધેલા બંધો તુટી જાય. જયદેવ આટલો ફર્યો કલેશ સહન કર્યો છતાં ફળ ન દેખાયું. તો પણ ઉત્સાહ ન તુટયો. શોધ માટે કરેલો કલેશ નિષ્ફળ જાય એટલે મગજપર સેંકડો ગુણી અસર કરે. જે કલેશનું ફળ મળે તો કલેશનું દુઃખ હીસાબમાં નથી રહેતું, પણ ફળ ન મળે તો સેંકડો ગુણી અસર મગજ પર થાય છે. હવે માબાપે ભરમાવવા કહેલી કલ્પનાની વાત મોટું રૂપ પકડે. ખરેખર માતા પિતાજી કહેતા હતા તે વાત સાચી તો નહીં હોય ? ન જવા દેવા માટે કહેલા વાકયોએ અહીં ઘોંચો ઘાલ્યો. કે ચિન્તામણિ વસ્તુ શું જગતમાં હશેજ નહિં ? ભાગ્યશાળીને કાંટો વાગે તો નીકળી જાય, અને નિર્ભાગીને કાંટો વાગે તો પાકે કે અંદર સડો પેદા થાય, યાવત જીંદગીનો પણ અંત લાવનાર થાય. અહીં જયદેવ ભાગ્યશાળી છે. તેને પિતાજીએ કહેલા વાકયો અસર કરે છે, પણ તરત નીકળી જાય છે. ભલે મને તે રત્ન ન મળ્યું પણ વસ્તુ તો છેજ. ચિન્તામણિનું લક્ષણ રત્નશાસ્ત્રમાં છે. શાસ્ત્રકારોએ કહેલી વાત ખોટી ન હોય, આમ કાંટો નીકળી ગયો. ભાગ્યશાળીને આપત્તિકાળ લાંબો વખત ન રહે. નીચે પડેલો દડો જેટલા જોરથી પડયો હોય તેથી ડબલ ઉછળે છે. તેમ આથડેલો મનુષ્ય જબરજસ્ત ઉદ્યમ કરે.

જે રૂશીયા જાપાન સાથે લડવામાં છ મહીના ન ટકયું, તે હારીને તૈયાર થયું ત્યારે જર્મની સામે ચાર વરસ ટક્કર લીધી, અને જર્મનીને હરાવ્યું. પહેલવહેલો ઉદ્યમ કરતાં અથડાયો હોય ત્યારપછીનો તે ચીજ માટે તો ઉદ્યમ વિચિત્રજ હોય છે. હવે જયદેવ અત્યંત વેગથી ચારે બાજુ મુસાફરી કરવા લાગ્યો. ઘણી ઘણી મણિની ખાણોમાં પ્રવાસ કરે છે. પૃચ્છા કરે છે એમ આગળ આગળ મુસાફરી લંબાવેજ રાખે છે.

**સજ્જનનો સમાગમ તને ચિન્તામણિના દર્શન.**

એમ કરતાં કોઇક વૃદ્ધ પુરૂષનો સમાગમ થયો. બધી હકીકત જણાવી એટલે એ વૃદ્ધે જયદેવને કહ્યું કે અહીં નજીકમાં મણિવતી નામની ખાણ છે. પરંપરાથી એમ કહેવાય છે કે ત્યાં ચિન્તામણિ છે પણ જે ભાગ્યશાળી હોય તેજ ત્યાં ચિન્તામણિ પામે. જયારે આ વાત સાંભળી ત્યારે જેમ નાનું બાળક ત્રીજે માળે હોય અને નીચેથી સાંકળ ખખડે કે મા આવી લાગે કે માને ઝંખતો હોય છે ત્યારે અવાજ માત્રથી સાંન્તવન થાય. તેમ આ વૃદ્ધનું વાકય સાંભળી જયદેવને આનંદનો પાર ન રહ્યો તે ખાણમાં ગયો ત્યાં ઘણાં રત્નો દેખે છે. સતત ખોળ કરવાની ચાલુ રાખી. એટલામાં એક રબારીનો ભેટો થયો. તેના હાથમાં એક ગોળ પત્થર છે. તે પત્થર જયદેવની નજરે પડયો. તપાસ કરી તો શાસ્ત્રમાં ચિન્તામણિ રત્નનું લક્ષણ જેવું કહેલું છે તેવાજ લક્ષણ વાળો આ પત્થર હતો. રબારીને તો તે પત્થરજ હતો. હવે રબારીના હાથમાં તે રત્ન છે, પોતે તે કેવી રીતે માગે અગર કઇ રીતે લે ? નિતિનું ઉલ્લંઘન કરવું નથી. ચિન્તામણિ માટે પોતે ઘેરથી બાપથી આડો થઇને નીકળ્યો છે. પોતે તેનો અર્થી છે. તે પારકા પાસે છે. આવો અર્થી પોતાની ઇષ્ટ વસ્તુ રબારી જેવાના પારકા હાથમાં દેખે છે છતાં નિતિનું આલંબન રાખી હવે શું કરે છે તે જોઇએ.　　　　(ચાલુ)

॥ સકલમન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજરાજેશ્વર-શ્રીસિદ્ધચક્રેભ્યો નમો નમઃ ॥

॥ સકલમનોવાઞ્છિતપૂરકઃ શ્રીશંખેશ્વર-પાર્શ્વનાથો વિજયતેતમામ્ ॥

। સર્વમઙ્ગલશિરોમણિ-શ્રીદ્વાદશતપોધર્માનુરકતેભ્યો નમઃ ।

# 卐 શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય. 卐

**નોંધઃ**—આ શરૂ થતા ગ્રન્થમાં માનવ જીવનની દુર્લભતા, માનવ જીવનને સફળ કરવાના સહકારિ સંયોગો, ધર્મ પુરૂષાર્થની અનિવાર્ય જરૂર અને સેવન, ધર્મના ચાર પ્રકારમાં તપોધર્મની વિશિષ્ટતા, સકળ તપોધર્મમાં શ્રી વર્દ્ધમાન-તપોધર્મની વિશિષ્ટતા આદિ અનેકવિધ પ્રકરણોના પૂર્વાપર સંબંધ ઉત્પત્તિ યુક્તિ-શંકા-સમાધાન-પૂર્વક પુનિત પ્રકરણોનો અત્ર પ્રારંભ કરાય છે. આ 'શ્રી વર્દ્ધમાન-તપો મહાત્મ્ય' નામના નાનકડા ગ્રન્થના પુનિત પ્રકરણોનું પરિશીલન કરીને શ્રી વર્દ્ધમાન તપોધર્મનું સેવન કરનારાઓ ઉત્તરોત્તર શ્રેષ્ઠ-સંપદાઓને કઇ રીતે પામ્યા છે, વર્તમાનમાં કઈ રીતે પામે છે, અને પામશે; તેનું અત્ર દિગ્દર્શન કરાવાય છે.

---

**લેખકઃ**—શ્રીસર્વજ્ઞકથિત-સ્યાદ્વાદમુદ્રામુદ્રિત-જૈન-શાસનના પરમ રહસ્યભૂત શ્રીનવપદ-પિયૂષપાનોદ્યતભવ્યભાવોદ્-બોધસૂર્યોદય-શ્રીસિદ્ધચક્ર-નવપદારાધક સમાજ શ્રીવર્દ્ધમાનતપોધર્મવર્ધક-સંસ્થાસંસ્થાપક-શ્રીવર્દ્ધમાન-તપોનિષ્ણાત શ્રીસિદ્ધચક્રારાધન-તીર્થોદ્ધારક-પંન્યાસપ્રવર **શ્રીચન્દ્રસાગરગણીન્દ્ર.**

[ શ્રી સિદ્ધક્ષેત્રના શાશ્વત ધામમાં શાસનમાન્ય વિદુષી સાધ્વીશ્રી તિલકશ્રીજી મહારાજજીની શ્રીવર્દ્ધમાન તપોધર્માનુરક્તા પરમવિનીત પ્રશિષ્યા સાધ્વીશ્રી **તીર્થશ્રીજી**ના પુર્ણાહુતી પામતા શ્રી વર્દ્ધમાન તપોધર્મની આરાધના નિમિત્તે ( શ્રીવર્દ્ધમાન તપોધર્મની ૧૦૦ મી ઓળીના પારણા નિમિત્તે ) આલેખન કરાયેલ 'શ્રીવર્દ્ધમાન તપો મહાત્મ્ય' નામનો અનુપમ ગ્રન્થરત્ન વિ. સં, ૨૦૦૨ ફા. સુ. ૮ રવિવારે પારણાના દિવસે ભેટ અપાયેલ છે. છપાયેલ ગ્રન્થની પ્રથમ આવૃત્તિ પૂર્ણ થતાં આ માસિકના વાંચક વૃન્દો તે ગ્રન્થના વાંચનનો લાભ લઇ શકે તે હેતુથી અત્ર અપાય છે. તંત્રી. ] [ લેખાંક ૫ મો ]

## ભાવનાઓનો સદુપયોગ.

વિરોધી ગમે તે બોલે તો આપણે ચૂપ રહેવું એ માધ્યસ્થ ભાવનાનું સ્વરૂપ નથી, પરંતુ તમારાથી રોકી શકાય, ખમાવી શકાય, તમારૂં તથા તમારા સ્વધર્મીઓનું, તમારા દેવ-ગુરૂ ધર્મનું, તમારાં સર્વ ધર્મસાધનોનું રક્ષણ થાય તેવું બધું તન-મન-ધનથી કરવું એ જરૂરી છે. 'उभयतः रज्जूपाशबन्धनम्' આ કહેવત અનુસારે બન્ને બાજુ દોરડાનું પાશબંધન થઇ ગયું તો તે અવસરે શું કરવું ? કારણ કે માધ્યસ્થ ભાવનાના તત્ત્વસ્વરૂપને વિચારીએ તો ચૂપ રહેવું એ જ શ્રેય છે. અર્થાત્ "**मौनं सर्वार्थसाधनम्**" અને બીજી બાજુ પ્રયત્ન કરવાનું પણ કહો છો, તે બન્ને સાથે કેમ બને ? બન્ને વાત સાથે જ બને તેવી રીતે વિચારવાની જરૂર છે. કારણ કે બની શકે ત્યાં સુધી સ્વ-ધર્મીઓના બચાવ માટે, વિરતિના રક્ષણ માટે, તન-મન-ધનથી કારૂણ્ય તથા પ્રમોદ ભાવનાનું સેવન કરો અને ફાયદો નજ થાય એમ લાગે અર્થાત્ તારવા જતાં ડુબી જશે એમ લાગે તો મૌન રહો તે માધ્યસ્થ ભાવના. આ ઉપરથી ઉદ્યમ ક્યાં કરવો ? કેવી રીતે કરવો ? અને ક્યાં સુધી કરવો ? તેનો નિર્ણય ઉપરની બીના લક્ષ્ય પૂર્વક વાંચવાથી સમજશો. મૈત્રી, કારૂણ્ય

અને પ્રમોદ ભાવનામાં તત્પર થયેલ જીવોએ યોગ્ય વ્યકિત-યોગ્ય સ્થાન દેખીને લાભ મલે ત્યાં સુધી તે ભાવનામાં ઓતપ્રોત બની આગલ વધવું અને લાભને બદલે નુકશાન દેખાય એટલે રક્ષણની દિવાલરૂપ માધ્યસ્થ ભાવનાને આધીન બનવું એ જ શ્રેયસ્કર છે. આત્માએ ભાવનાઓનું સ્વરૂપ અને ભાવનાઓનો સદુપયોગ ધ્યાનમાં લઈ યોગ્ય સ્થાને અવસરે તે ભાવનાઓથી ભાવિત થઇ લાભ લેવા તત્પર રહેવું જરૂરી છે.

'ધર્મનું સાચું સ્વરૂપ' નામના પ્રકરણમાં ધર્મનું યથાર્થ સ્વરૂપ બતાવનાર 'વચનાદ્ય૦' એ શ્લોક વિચારી ગયા. એ શ્લોકમાં 'મૈત્ર્યાદિભાવ સંયુકત' એ વિશેષણની વિશિષ્ટતા સમજવા માટે મૈત્રી આદિ ચાર ભાવનાઓને વિસ્તારપૂર્વક સમજી ગયા. ચાલુ પ્રકરણમાં ભાવનાઓના સદુપયોગ માટે વ્યક્તિ-સ્થાન-અવસરનું પણ અવલોકન કરી ગયા. ભાવનાઓની ઉત્પત્તિ-ટકાવ-વૃદ્ધિ અને ફળની પરંપરા એ શ્રદ્ધા-સમજ ઉપર નિર્ભર છે. શ્રદ્ધા-સમજના જોરે ભાવનાઓનો સદુપયોગ થાય છે. શ્રદ્ધા-સમજના અભાવમાં ભાવનાઓનો દુરૂપયોગ થાય છે. સમજની સાચી ગેરહાજરીમાં પણ શ્રદ્ધાના પ્રબળ પ્રભાવે ભાવનાઓના ભવ્ય સદુપયોગો નજરે પડે છે. સમજના અભાવમાં અને શ્રદ્ધાના સદ્ભાવનો મૈત્ર્યાદિ ભાવનાયુકત અનુષ્ઠાનોનું સેવન નજરે નિહાળીએ છીએ, અને ફળપ્રાપ્તિ પણ દેખીએ છીએ. આથી ચાર ભાવનાઓ સાથે શ્રદ્ધાનો સીધો કે આડકતરો સંબંધ કેવો છે? ભાવનાઓ સાથે શ્રદ્ધાનું સાચું સામ્રાજ્ય કેવી રીતે પ્રવર્તે છે? સમજની ગેરહાજરીમાં શ્રદ્ધાની ઉત્પત્તિ, ટકાવ અને વૃદ્ધિ કોને આભારી છે?; આ બધાં અને આવા પ્રસંગને અનુસરતાં પ્રશ્નોની પૂરી છણુવટપૂર્વક હવેના પ્રકરણોનું પ્રેમપૂર્વક નિરીક્ષણ કરીએ.

## સમજણ વગરનું સદ્વર્તન

કેવલ ભાવનાઓ ભાવવી અને કરવું કંઈ નહિં તો તે ભાવનાઓ વંધ્યાના મનોરથની માફક ફલદાયક બનતી નથી. ભાવના-ભાવિત આત્માઓએ સર્વજ્ઞકથિત અનુષ્ઠાન પ્રવર્તનમાં યથાશકિત ઉધમ કરવોજ જરૂરી છે. સમજપૂર્વકની સુંદર ભાવનાઓથી ભાવિત થવાય નહિં ત્યાં સુધી સર્વજ્ઞકથિત અનુષ્ઠાન-પ્રવર્તન કે ક્રિયા કરવીજ નહિં. આવા વિચારો રાખનારા સર્વજ્ઞકથિત વાતોથી વંચિત રહે છે. સમજણ વગરની ક્રિયા કરનારાઓને સમજણના ઠેકેદારો કહે છે કે જિંદગી સુધી દરરોજ પોપટ રામ રામ બોલે તો ફાયદો શું? સમજણ વગરની ગોખણ-પટ્ટીથી વળે શું? આવા ઉપરા ઉપરી પ્રશ્નો કરીને ક્રિયા કરનારને મુંઝવણમાં નાંખી દે છે. આવા પ્રસંગમાં સમજણ સાથેનું સદ્વર્તન તો જરૂર લાભ આપે છે તેમાં નવાઇ નથી, પરંતુ સમજણ વગરનું સદ્વર્તન પણ સમજણવાળાની નિશ્રાએ રહીને કરેલું હોવાથી લાભદાયી નિવડે છે. આથીજ શાસ્ત્રકારોએ "पढमो गीयत्थो बीओ गीयत्थनिस्सिओ" સૂત્ર-અર્થ રહસ્યમાં ઉત્તીર્ણ થયેલાઓનો અર્થાત્ સંસારથી પાર ઉતારવા માટે ગીતાર્થનો પ્રથમ માર્ગ છે, અને બીજો ગીતાર્થની નિશ્રાએ રહેનારાઓનો માર્ગ. ગીતાર્થની નિશ્રાએ રહેનારા અગીતાર્થો પણ ગીતાર્થની જેમ માર્ગની સેવાનો સુંદર લાભ પામે છે. શાખથી ઢાંકેલો અગ્નિ તમે જોયો

નથી અને જાણ્યો પણ નથી, તેના અવગુણ કે ગુણને પિછાણ્યા નથી છતાં ભૂલથી પગ મૂકો તો દાઝો કે નહિ? ઝેરના અવગુણને નહિ જાણનારા ખાય તો પરિણામ શું આવે? બન્ને પ્રશ્નના જવાબમાં અનુક્રમે દાઝીએ અને મરીએ. બાલકને ગલથુથી અપાય છે. ગલથુથીના ગુણ અવગુણ નહિ જાણનાર બાલકનું શરીર હૃષ્ટપુષ્ટ થાય છે કે નહિં? રેલ્વે ગાડી અને મોટર કેવી રીતે બની, કેવી રીતે ચાલે અને કેવી રીતે ઉભી રહે તેનું બિલકુલ જ્ઞાન ન હોય તો બેસનારાઓ સહીસલામત સ્થાને પહોંચે ખરા કે નહિ?

આ પ્રશ્નોના સમાધાનમાં સમજણનો અભાવ છતાં વર્તન કરનારને લાભ મલે છે. તેવી રીતે સમજણ વગરની વીતરાગકથિત ક્રિયાઓ કરવાથી અને નહિ કરવાથી અનુક્રમે લાભ અને નુકશાન જરૂર મલે છે તેમાં નવાઈ નથી. બાલકને સમજણ ન આવે ત્યાંસુધી ગલથુથી નહિ આપવી, મુસાફરને સમજણ ન આવે ત્યાંસુધી ગાડીમાં બેસવું નહિ, સોનું ઝવેરાત ન સમજાય ત્યાંસુધી પહેરવાનું નહિ, આવાં આવાં અનેકવિધ વ્યવહારોને સમજણ વગર અપનાવવામાં આવે છે તો પછી જૈન શાસનમાં સમજણ વગરની ક્રિયા કરે તો અવશ્યમેવ લાભ મેળવે તેમાં શંકાને સ્થાનજ નથી. આથી સ્પષ્ટ થયું છે કે જ્ઞાન-સમજણ અગર હેય-ઉપાદેયનું વિશુદ્ધ વિજ્ઞાન થયા વગરની ક્રિયા કે વર્તન કરવું એ નકામું છે માન્યતા ભૂલ ભરેલી છે. અલબત અણુસમજુ ક્રિયારૂચિ-જીવ સમજદારનો આશ્રિત હોવો જોઇએ.

સમજણ પૂર્વકના સંસારના વ્યવહારો નભી શકતા નથી અને નભાવી શકાતા નથી; પરંતુ સમજણવાળા માતા-પિતાના વિશ્વાસે સેંકડો બાલકો પોતાના જીવન લગભગ પગભર બનાવીને માનવ જીવનની ઉન્નતિના પંથે વિહરી રહ્યા છે, પૂર્વે રહ્યા હતા અને રહેશે એ નગ્ન સત્ય સ્વીકાર્યા વગર કોઇથી પણ રહેવાય તેમ નથી.

આ સિદ્ધાન્તની વિરૂદ્ધ વર્તવાવાલાઓ અર્થાત્ સમજણ વગર કોઈપણ કાર્ય-ક્રિયા કે વર્તન કરવું નહિ તો દવાની સમજ વગર દરદીનું શું થશે? પાણી અને દૂધના ભેદને સમજ્યા વગર બાલકનું શું થશે? માટે પ્રાથમિક અવસ્થામાં લગભગ બધાં નાનામોટાઓ માટે આ એક જ સદ્‌વર્તનમાં આગલ વધવાનો ધોરી રાજમાર્ગ છે. કયો ધોરી રાજમાર્ગ? તો સમાધાનમાં સમજવું કે "સમજણ આવે તો જ કરૂ" આ ભરોસે ભૂલનારાઓ સદ્‌વર્તનના આ લાભથી વંચિત થાય છે, પણ સમજણની યોગ્ય અવસ્થા ન થાય ત્યાં સુધી સમજણમાં પાવરધા બનેલા હિતકારીઓની નિશ્રાએ રહી સદ્‌વર્તનમાં આગલ વધવું એ સાચો ધોરી રાજમાર્ગ છે. દાન-શિયલ-તપ કે ભાવનાની પ્રવૃતિઓ અગર સમ્યગ્-દર્શન-જ્ઞાન-ચારિત્ર સંબંધીના અનુષ્ઠાનો કે પરિણામની પૂરી સમજ વગર પણ સર્વજ્ઞકથિત કથનાનુસાર કરનારા અણુસમજુ અસંખ્ય આત્મા તે તે કાર્યમાં નિષ્ણાત બનેલાઓને ભરોસે રહી અનુપમ સત્ય પામી ગયા છે, પામે છે અને પામશે તે નિર્વિવાદ સિદ્ધાંત છે. સમજણવગરનું સદ્‌વર્તન, સમજદારોની નિશ્રાએ પણ સદાય લાભદાયી છે.

## સમજ વગરનાં સદ્વર્તનની ઊંડાણમાં રહેલી સાચી સમજ.

સમજણ વગરનું સદ્વર્તન પણ લાભદાયિક છે, એટલે સમજવા પ્રયત્ન કરવો જ નહિં એમ સમજવું નહિં, અર્થાત્ સમજવાનો ઉદ્યમ ચાલુ રાખીને પણ સદ્વર્તન કર્યા જ કરવું. જ્ઞાનની અપેક્ષા રાખ્યાં વગર ક્રિયા ફલ દે છે તો પછી જ્ઞાની અને જ્ઞાનની આવશ્યકતા શી છે? દૂધનો સ્વભાવ જ ગુણ કરવાનો છે તો પછી દૂધ પીધું કે શરીરમાં તુષ્ટિપુષ્ટિ વધી આવું કહેનારાઓને સમજવાની જરૂર છે કે કયું દૂધ ગુણકારી છે અને કયું અહિતકારી છે? પીવરાવનારને તે સમજવાની જરૂર પડે છે, અને તેથી જ પીનાર પોતાનું જીવન સહીસલામત જીવી શકે છે. અર્થાત્ પીનાર અણુસમજુ છે છતાં પીવરાવનાર સમજદાર છે. એટલે પીનાર–પીવરાવનારને તપાસીએ તો બેમાંથી એક તો જરૂર સમજદાર જોઈએ જ; નહિં તો બન્ને અણુસમજુ ભેગા થયા હોય અને ગાય ભેંસના દૂધના બદલે આકડા–થોરીયાનું દૂધ પી જાય કે પાઇ દે તો લાભને બદલે જરૂર નુકશાન થાય. આથી જ પીનાર ન સમજતો હોય અને પીવરાવનાર સમજતો હોય છતાં ક્રમે ક્રમે પીનારે સમજવું જ જોઈએ. અને તે સમજ્યો હશે અને પીવરાવનાર પરલોક પહોંચી ગયો હશે તો પણ ભવિષ્યમાં પોતાના બાલબચ્ચાંનું રક્ષણ સુંદર રીતે કરી શકશે.

ડગલે અને પગલે તમને જ્ઞાન વગરની ક્રિયાનો અનુભવ અને અમલ થાય છે. ક્ષણે ક્ષણે પણ એવી કેટલીક ક્રિયાઓ તમારે કરવી પડે છે, કે જેનું તમને લેશ પણ ભાન નથી. જ્યારે સંસારમાં સમજ વગરની સહસ્ર ક્રિયાઓ કરો છો, અનુભવો છો અને ઇન્કાર કરતાં નથી છતાં ધાર્મિક અનુષ્ઠાનમાં તમને કેમ મૂંઝવણ થાય છે? ધર્મની વાત આવે ત્યારે પત્થરા મારવા છે, અને ઘરની–સંસારની વાત આવે તો પ્રશ્નને અવકાશ જ નહિં, આવો ન્યાય ક્યાંથી શીખ્યા? બાલ્યકાલમાં રહેલો બાલક અગર યુવાવસ્થામાં રહેલ યુવાન અગર યુવતી પોતાના હિતાહિતને ન સમજે છતાં તેના સમજુ માતા–પિતા અને વડીલો, તેને હિતકર વસ્તુ બતાવે છે, અને સન્માર્ગે યોજે છે. વિશ્વાસુ એવા એ બાલક, યુવાન અને યુવતીઓ ઉન્નતિ-પંથમાં અમોઘ લાભ લઇ શકે છે, તેવી રીતે શ્રી જિનેશ્વર ભગવન્તના કથનાનુસાર શાસનના સાચા સમજદાર આચાર્ય, ઉપાધ્યાય અને શ્રમણ ભગવન્તોના હાથમાં તમારૂં જીવન સોંપતા કેમ અચકાવો છો?

જ્યાંસુધી આ આત્મા સર્વજ્ઞકથિત આત્મોન્નતિના સાચા માર્ગનો મુસાફર નથી બનતો ત્યાંસુધી પચાસ, સાઠ અને સીત્તેર વર્ષના જૈન મનુષ્યો પણ જૈન શાસનમાં બાલક છે. અને તેથીજ તેને માર્ગદર્શકની અવશ્યમેવ જરૂર છે. જિનેશ્વર ભગવન્તો માર્ગ સ્થાપી ગયા છે અને સન્માર્ગનું સંચાલન શ્રમણ ભગવંતો કરી રહ્યા છે. ફક્ત આપણે તો તેઓની નિશ્રાએ રહી માર્ગને અનુસરણ કરવાનું છે. અણુસમજથી પણ તે માર્ગને અનુસરશો તો પણ કહેવાતા અણુસમજુઓના દરેકે દરેક સદ્વર્તનમાં સર્વજ્ઞની સાચી સમજના મૂલ ઊંડાણમાં રહેલા છે, માટે ન જાણો છતાં અવશ્યમેવ દાન, શિયળ અને તપધર્મનાં અનુષ્ઠાનોને આદરતા શીખો.

(ચાલુ)

૨૯૬. દરિયામાં ડૂબાડનાર અને જીવલેણ-આળ તહોમત મૂકનાર ધવળને ગરદન મારવાની સજા થાય છે છતાં સજ્જન શિરોમણિ શ્રીપાળ બચાવની તરફેણ કરે છે અને બચાવે છે, કારણ કે મૈત્રી-કારૂણ્ય ભાવનાથી ભીંજાયેલા ભવ્યાત્માઓનું જીવન આવુંજ હોય !!!

૨૯૭. માતાને સંભારતો નથી, મયણાને સંભારતો નથી, તરતની પરણેલ બે સ્ત્રીઓને સંભારતો નથી, અઢીસો વહાણ અને હાથમાં આવેલ લક્ષ્મીનું શું થશે તે સ્મરણ કરતો નથી; એવો શ્રીપાળ દરિયામાં પડતાં પડતાં નવપદના ધ્યાનમાં લીન થાય છે માટેજ ધાર્મિક સંસ્કારની સુદૃઢતા કેળવતાં શીખો.

૨૯૮. દરિયામાં ડૂબાડનાર સન્મુખ આવીને ઉભો રહે, નજરાણું ભેટ ધરે અને શ્રીપાળ તામ્બૂલ દે છતાં ડૂબાડનાર ધવળ પ્રત્યે લેશભર અણગમો કે અપ્રીતિ ન થાય એજ ધર્મ રંગમાં રંગાયેલા શ્રીપાળની સજ્જનતાની બલિહારી છે !

૨૯૯. નવપદની આરાધના કરનારાઓએ નવપદના આરાધક શ્રીપાળના ( જીવનના ) સુંદર પ્રસંગોને પચાવતાં શીખવું જોઇએ.

૩૦૦. વ્યવહારની અવગણના કરનારને નિશ્ચય-માર્ગનો પરમાર્થ જીવનના અંત સુધી સમજાતો નથી.

૩૦૧. નિશ્ચયને હૃદયમાં સ્થીર કરીને વ્યવહારને અનુસરનારાઓ યથાર્થ રીતિએ બંન્નેનો લાભ ઉઠાવી શકે છે.

૩૦૨. કાંટા-અગ્નિ અને સર્પના મોં ઉપર પગ મુકનારાઓ જેટલે અંશે કમકમી ઉઠે છે તેના કોડમા હિસ્સે પાપ ને પાપ-તરીકે દુઃખદાયક માન્યુંજ નથી.

૩૦૩. જે અન્ન ભૂખ અવસરે કામ લાગે નહિ, બીજાની ભૂખ દૂર કરવામાં મદદગાર બને નહિ અને નવીન અન્નની ઉત્પત્તિમાં બી તરીકે પણ ખપ લાગે નહિ તે અન્નને અન્ન કહેવું અસ્થાને છે, તેવી રીતે જે જ્ઞાનદ્વારાએ સાધ્ય સિદ્ધિ થાય નહિ તેવા જ્ઞાનને જ્ઞાન કહેવું તે પણ અસ્થાને છે.

૩૦૪. આંખમાં પડેલા કણને કાઢયા વગર આત્માથી જંપીને બેસાતું નથી તેમ આત્માએ અવગુણ કાઢવા તત્પર થવુંજ જોઇએ.

૩૦૫. પ્રાપ્ત થયેલ સાધનોનો દુરૂપયોગ કરી પાપનાં પોટલાં બાંધનારાઓને સદુપયોગ જીવનનાં અંત સુધી સમજાતો નથી.

# આગમોદ્ધારકની ઉપાસનામાંથી—

(લેખકઃ—સુધાવર્ષી.)

૨૮૬. પાપમય પ્રવૃત્તિઓના પૂરમાં તણાતાં પ્રાણિઓને પુણ્ય-પાપ સમજાતાં નથી.

૨૮૭. પાપમય પ્રવૃત્તિઓના પ્રબળ વેગને રોકનાર પ્રત્યાખ્યાન=પચ્ચખાણાદિનું પુરૂં સેવન કરવાંની જરૂર છે.

૨૮૮. પ્રવૃત્તિ અને નિવૃત્તિના લાભ-નુકશાન સમજ્યા વગરના જીવો ઈચ્છિત ફળને પામી શકતા નથી.

૨૮૯. પાપમાં પુરા ડૂબેલાઓને તારનારજ એક જૈન-શાસન છે.

૨૯૦. સંસારના પાપમય ધંધામાં પાવરધા અને પ્રવીણ બનેલાઓ ધર્મ ધાર્મિક અનુષ્ઠાનોમાં નિષ્ણાતજ છે એ માનવું ભૂલ ભરેલું છે.

૨૯૧. આત્માનું અસ્તિત્વ સ્વીકાર્યા છતાં આત્મ-કલ્યાણની વાતો સાંભળવી ગમતી નથી તો સમજવું જોઈએ કે હજુ પણ આત્માનું અસ્તિત્વનો યથાર્થ સ્વીકાર થયોજ નથી.

૨૯૨. આત્માનું નિત્યપણું સ્વીકારનારાઓએ ભાવિ-જીવન જીવવા માટેનો ભગીરથ-પ્રયત્ન કરવોજ જોઈએ.

૨૯૩. વર્તમાન જીંદગીના પાંચ-પચીસ વર્ષ ગાળવા માટે અનેક વિધ વિચારો અને વ્યવસાયમાં જીવન પસાર કરનારાઓને ભાવિ-જીવન માટે ઘડીભરની ફુરસદ નથી તો સમજવું જોઈએ કે હજુ સુધી યથાર્થ રીતિએ આત્માનું અસ્તિત્વ અને આત્માનું નિત્યત્વ સ્વીકારાયું નથી.

૨૯૪. આત્મ-કલ્યાણ કરનારાઓએ સમજવું જોઈએ કે આત્માને જે ગમે છે તે પુદ્ગળને ગમતું નથી કારણ કે બન્નેના માર્ગ જૂદા છે.

૨૯૫. આજના કહેવાતા કંકાસોમાં કહેવાતા ધર્મિઓ પણ સળગતા પૂળા મૂકે છે, અર્થાત મૈત્રી આદિ ભાવનાના પૂર ઓસરી ગયા છે તેનું દિગ્દર્શન કરાવે છે.

[વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જો.]